# શ્રી સંઘપતિ ચરિત્ર



મહામાત્ય શ્રી વસ્તુપાળ

- પ્રકાશક -

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર

રાવબહાદુર શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી. ગ્રંથમાળા નં. ૧

॥ श्री उदयप्रभसूरिकृतः ॥

# શ્રી સંઘપતિ ચરિત્ર.

( अपरनाम धर्माभ्युदय महाकाव्यम् )

જેમાં

( શ્રી શત્રુંજય તીર્થનો પ્રભાવ, તેની ઉત્પત્તિ, શ્રી શત્રુંજય તીર્થ માહાત્મ્ય, તીર્થયાત્રા વિધિવર્ણન, પ્રભાવનાધર્મનું સ્વરૂપ, શ્રીઆદિનાથ, શ્રીનેમનાથ ભગવાનોના ચરિત્રો, શ્રીભરતચક્રવર્તી, શ્રીકૃષ્ણવાસુદેવ, શ્રીજંબૂસ્વામીના વૃત્તાંતો, તપસ્વી યુગબાહુની કથા, મહામાત્ય વસ્તુપાળે શ્રીશત્રુંજય તીર્થનો સંઘ કાઢી કરેલી અપૂર્વ દેવભક્તિ વગેરેનું સુંદર જાણવા લાયક વર્ણન, સાથે છ ઋતુઓ અને બીજી અંતર્ગત કથાઓ તથા બીજી અનેક જાણવા લાયક રસપ્રદ હકીકતો, અને વિષયો આવેલા છે. )

અનુવાદક : પંડિત જગજીવનદાસ પોપટલાલ શાહ.

પ્રસિદ્ધ કર્ત્તા,

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

વીર સંવત ૨૪૭૩ આત્મ સંવત ૫૧ સંવત ૨૦૦૩

કિંમત ૬-૮-૦

શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા નંબર ૮૩

:- પ્રકાશક :
ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.
ઑન. સેક્રેટરી,
શ્રી જૈન આત્માનંદ સભા (તરફથી)
ભાવનગર.

# श्री संघ माहात्म्य.

व्याप्ताशेषहरिचतुर्मुखतया तन्वन्नदीनां स्थितिं,
स स्तुत्यः पुरुषोतमैकवसतिः श्रीसंघरत्नाकरः ।

यं संसेव्य घनाघना इव जिनाधाराल धर्मामृतै,
र्विश्वाश्वासन हेतवः कति न तेऽभूवन् भविष्यन्तिवा १

અર્થ:—સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવિકાઓવડે દિગંતમાં વ્યાપેલી દયારૂપી નદીઓને વિશાળ બનાવતા તીર્થંકર મહારાજની ઉત્પત્તિના અદ્વિતીય સ્થાનરૂપ શ્રી સંઘરૂપી સમુદ્ર વખાણવા લાયક છે. જેને આશ્રીને ધારાબદ્ધ ધર્મોપદેશામૃતથી વિશ્વને શાંતિના કારણરૂપ મેઘરાજો સમાન શ્રી કેવળી ભગવંતો ભૂતકાળમાં ઘણા થયા છે અને ભવિષ્ય કાળમાં પણ અનંતા થશે

## ન્યાયામ્ભોનિધિ શ્રી ૧૦૦૮ શ્રી વિજયાનન્દસૂરિ.

( પ્રસિદ્ધનામ શ્રીઆત્મારામજી મહારાજ. )




શ્રી મહોદય પ્રેસ—ભાવનગર.

# પ્ર-સ્તા-વ-ના

સાહિત્ય મનુષ્યને માનવતા શિખવે છે, એટલું જ નહિં પરંતુ જૈન ઇતિહાસ અને કથા-સાહિત્યનું બરાબર અધ્યયન કરવામાં આવે, તેમાં આવેલા દૈવી પુરુષોના જીવનનું અનુકરણ કરે, કે ગુણોનો આદર કરે તો મનુષ્ય સંસ્કારી બને છે. સંસ્કાર જીવનનું ઘડતર ઘડે છે જેથી તે પ્રગતિના માર્ગે લઇ જઈ, ધર્મબુદ્ધિ જાગ્રત કરી આદર્શ મનુષ્ય બનાવે છે.

ભારતવર્ષના સર્વ દર્શનોમાં જૈન સાહિત્યનું ઉચ્ચ સ્થાન છે અને તેની વિવિધ પ્રકારે પૂર્વાચાર્ય મહારાજાઓએ રચના કરી જન સમાજ ઉપર મહદ્ ઉપકાર કર્યો છે. સાહિત્યકાર જૈન વિદ્વાન આચાર્યોએ પ્રાચીન કાળમાં તત્સમયની પ્રાકૃત ભાષામાં, અમુક વખત પછી જરૂરિયાત લાગતાં સંસ્કૃત ભાષામાં અને પંદરમા સૈકા લગભગ ગુજરાતી ભાષામાં પોતાના સમયમાં પોતે જ્યાં જ્યાં વિચરતા હોય ત્યાં ત્યાં તે પ્રાંતોની ગ્રામ્ય ભાષાને પ્રાધાન્ય આપી સાહિત્યરચના કરી છે.

શ્રી પૂર્વાચાર્યોએ તત્વજ્ઞાન, કર્મસ્વરૂપ, ક્રિયાકાંડ, ઇતિહાસ, ચરિત્રો, કથાઓ, નાટક, શિલ્પ, વ્યાકરણ, ન્યાય, કાવ્યો, વૈદક અને જ્યોતિષ વગેરે વિવિધ પ્રકારના સાહિત્યના ગ્રંથો લખ્યા છે, એટલું જ નહિં પરંતુ જૈનેતર વિદ્વાનોએ રચેલા કેટલાક સાહિત્ય ગ્રંથો ઉપર સુંદર ટીકાઓ લખી જૈન સાહિત્યનું સ્થાન અદ્વિતીય રીતે શોભાવ્યું છે.

જૈન દર્શનના વિવિધ સાહિત્યના લેખકો, ત્યાગી, બ્રહ્મચારી, સંયમી અને દરેક પ્રાણી આત્મકલ્યાણ સાધી પરમાત્મપદ કેમ પ્રાપ્ત કરે, તેવી પરમાર્થવૃત્તિથી સાહિત્યની રચના કરેલી હોવાથી દરેક કૃતિઓ સત્ય અને પ્રમાણિક છે.

સાહિત્ય વિવિધ પ્રકારના છે, તેમાં જૈન દર્શનમાં કથાનુયોગ અને ઇતિહાસ સાહિત્ય પ્રતિભાશાળી અને પરસ્પર સંબંધ રાખતા પણ છે.

મનુષ્યે જીવન કેમ જીવવું ? આદર્શ મનુષ્ય બની પોતાનું અને પરનું કલ્યાણ કેમ સાધવું તેના બોધપાઠો તેમાંથી મળી શકે છે.

અવલોકન કરતાં જણાય છે કે ઇતિહાસ અને ચરિત્રોમાં એકલા મહાન અને સત્ત્વશાળી પુરુષોના ચરિત્રો હોતાં નથી, પરંતુ તે સાથે તે વખતના રાજ્યવ્યવસ્થા, વાણિજ્ય, વ્યવહાર-ધર્મનીતિ, ચારિત્ર, વિવેક તેમજ લૌકિક અને લોકોત્તર ધર્મના શિક્ષણપાઠો પણ તેમાંથી

પ્રાપ્ત થાય છે; કે જે ઉપરથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે મનુષ્યો પોતાનું અને જન-સેવાનું કર્તવ્ય જાણી આત્મકલ્યાણ કેમ સાધવું તેનું જ્ઞાન પ્રાપ્ત કરી, તેમાંથી જાણવા, આદરવા, ત્યાગવા લાયક શું શું છે ? તે જાણી આદરી ત્યાગી સત્ત્વશાળી પુરુષ બને છે.

કોઇ પણ દર્શન, સમાજ, જ્ઞાતિ કે દેશનો ઉદય કે અસ્ત કેમ થયો તે પણ ઇતિહાસ, અને કથાનુયોગ પૂરું પાડે છે.

ભૂતકાળના ઇતિહાસ અને મહાન પુરુષોના ચરિત્રોનો મનનપૂર્વક અભ્યાસ કરવાથી માનવ જાતિની સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિ તે તે વખતે કેવી હતી, કેવાં કેવાં સાધનોવડે કયા કયા મહાન પુરુષો, નરરત્નો, વીરનરો, દાનવીરો પોતાની સુવાસ જગતમાં પાથરી કેવા કેવા ઉત્તમ કાર્યોવડે સ્વપરકલ્યાણ કરી, અમર નામના મેળવી, સુવર્ણ અક્ષરે તેઓના પવિત્ર નામો શાસ્ત્રોમાં લખાયા અને સદ્‌ગતિ કે છેવટ મોક્ષ પ્રાપ્ત કરી મનુષ્યને માર્ગદર્શક બન્યા તે પણ ઇતિહાસ અને કથા જ બતાવી શકે છે.

ભૂતકાળમાં થયેલાં આપણા પૂજ્ય પુરુષોના પૂર્વભવો અને વર્તમાન ભવોના વૃત્તાંતો વાંચતાં તેઓ જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરેની આરાધના કરી પૂજ્ય પુરુષો કેમ બન્યા ? તે પણ તમામ ચરિત્રો બતાવી શકે છે, જેથી દરેક મનુષ્યે પોતાના ભૂતકાલીન નરપુંગવ પુરુષોના ચરિત્રો અને તેના લગતા ઇતિહાસનું અધ્યયન કરવું અવશ્ય જરૂરી છે. વળી ગુજરાતના ઇતિહાસના સાધનો જેટલાં જૈન સાહિત્યમાંથી મળી શકશે, તેટલા અન્ય રચિત સાહિત્યમાંથી ભાગ્યે જ મળી શકશે તેમ જૈનેતર સાક્ષરો પણ માને છે.

પ્રાચીન કાળમાં પ્રથમ લેખનપધ્ધતિ નહોતી પરંતુ તે વખતના મહાન પુરુષોને જ્ઞાન બધું કંઠસ્થ હતું, પરંતુ ઉતરતા કાળબળે જ્ઞાનશક્તિ ઓછી થતાં આગમો વગેરે ( ચારે અનુયોગ ), તાડપત્ર, ભોજપત્ર, કાષ્ઠપાટી અને છેવટે કાગળો પર સ્વહસ્તે વિસ્તારપૂર્વક લખાતાં પુસ્તકારૂઢ થયું; ત્યારપછીના પણ પડતા કાળે અનાર્યોના આક્રમણથી કે આપણી બેદરકારીથી તેમાંથી પણ ઓછું થતાં થતાં જે જે પ્રકારનું સાહિત્ય જેટલા જેટલા પ્રમાણમાં હાલ જે જે સ્થળોએ રહેલ છે, તે પણ અપૂર્વ હોઇ તેનો ઉદ્ધાર થાય અને દરેક પ્રાંતોની લોકભોગ્ય ભાષામાં લખાય, પ્રકાશન થાય અને તે ઉપરથી જૈન દર્શનનો સંકલનાપૂર્વક ઇતિહાસ તૈયાર થાય તો જૈન દર્શન, સનાતન, અનાદિ અને વિશાળ તેમજ ઉદાર કેટલું છે તે સત્યસ્વરૂપે બહાર આવતાં સર્વમાન્ય થઈ પડયા વગર રહે નહિં.

વ્યવહાર અને ધર્મમાર્ગો સાથે અન્ય અનેક વિષયોથી ભરપૂર એવા ઉત્તમોત્તમ તીર્થંકર ભગવંતો અને ઉત્તમ પુરુષોના અનેક ચરિત્રો જૈન કથા અને ઇતિહાસસાહિત્યમાં મૂળ પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં જૈન મહાત્માઓએ રચેલાં ઘણાં છે; તેવા સુંદર ગ્રંથો સરલ, રોચક અને સાદી ગુજરાતી ભાષામાં પ્રકટ કરવામાં આવે તો જનસમૂહને તે ઉપકારક થતાં, તેના પઠનપાઠનથી આત્મિક લાભ પણ અવશ્ય પ્રાપ્ત કરી શકે, તેવા હેતુથી ઘણા વર્ષોથી આ સભાએ શ્રી તીર્થંકર પ્રભુ અને અન્ય આદર્શ પુરુષોના ચરિત્રો પૂર્વાચાર્યોકૃત મૂળ ગ્રંથો, તેમજ બાલજીવો પણ આત્મિક લાભ મેળવી શકે તેવા હેતુથી સુંદર, રોચક, સરલ ગુજરાતી ભાષામાં સુંદર શૈલીવડે વિસ્તારપૂર્વક પ્રગટ કરવાની શરૂઆત કરી છે, અને તેવા ગ્રંથો

**પ્રગટ થતાં તે તે વખતે તે તે આવકારદાયક એટલા બધા થયા છે કે તે માટે અનેક પ્રશંસાના પત્રો આવેલા છે અને જૈન તેમજ જૈનેતર વિદ્વાનો તરફથી સારો આદર મળ્યો છે, તેમજ આવા સુંદર ગ્રંથો વિશેષ વિશેષ પ્રગટ કરવા વાચકો તરફથી સૂચના થયા કરે છે.**

**આ ગ્રંથ પણ તેવો જ જૈન કથા અને ઇતિહાસ સાહિત્યનો છે, આ ગ્રંથ સંસ્કૃત ભાષામાં શ્રી ઉદયપ્રભસૂરિ મહારાજે રચેલો છે. તેમાં મહામંત્રી વસ્તુપાળે વિધિપુરઃસર શ્રી સંઘસહિત શ્રી શત્રુંજય તથા રૈવતગિરિ તીર્થયાત્રા કરી છે તેનું વર્ણન, તીર્થઉત્પત્તિ અને માહાત્મ્યના વર્ણન સાથે અનેક મહાપુરુષોના રસિક, સુંદર ચરિત્રો આપી આ ગ્રંથની અનુપમ રચના કરી છે, તેનો આ અનુવાદ છે, તેનો ટૂંક પરિચય જે વાંચતાં વાચકને સંપૂર્ણ ગ્રંથ વાંચવાની જિજ્ઞાસા ઉત્પન્ન થતાં આત્મિક આનંદ પણ મેળવી શકે છે.**

# ગ્રં થ પ રિ ચ ય.

**ગ્રંથ પ્રયોજન—**

આ ગ્રંથનો પરિચય આપતાં પહેલાં આ ગ્રંથકર્ત્તા આચાર્યદેવને આ ગ્રંથ લખવાનું શું પ્રયોજન (કારણ) ઉત્પન્ન થયું તે પ્રથમ જણાવવું યોગ્ય લાગે છે.

આ અપૂર્વ ગ્રંથના કર્તા જેમને શ્રી સરસ્વતીદેવી સાક્ષાત્ વરેલ હતી, એવા અસાધારણ વિદ્વત્તાવાળા આચાર્યશ્રી **ઉદયપ્રભસૂરિ**ને એક દિવસ રાત્રિના મધ્યભાગે **કપર્દી**યક્ષ તેમજ **અંબિકા**દેવીએ આવી ગદ્ગદ્વાણીથી કહ્યું કે—ભૂતકાળમાં જગતને વિષે સેંકડો સંઘપતિ થઈ ગયા છે, કેટલાય વિદ્યમાન છે અને ભવિષ્યમાં થશે પરંતુ શ્રી વસ્તુપાળ જેવો સંઘપતિ કોઇપણ સ્થળે નજરે જોવાતો નથી; કારણ કે અનુપમ પ્રકારની તીર્થયાત્રા કરતાં વસ્તુપાળે વિશ્વને સંતાપદાયક કલિકાલને જીત્યો છે તો હે ! શ્રીમાન ઉદયપ્રભસૂરિ મહારાજ ! અમૃત કરતાં પણ વિશેષ મીઠાશવાળા શ્લોકોવડે તેમના ચરિત્રની રચના કરો ! આ પ્રમાણે કહી બન્ને દેવતાઓ ચાલ્યા ગયા બાદ પ્રાતઃકાળમાં શ્રી ઉદયપ્રભસૂરિએ પોતાના ગુરુ શ્રી **વિજયસેનસૂરિ** મહારાજને વિનયપૂર્વક વંદન કરીને ઉપરોક્ત હકીકત જણાવી. ગુરુનો આદેશ મેળવી શ્રી વસ્તુપાળે સંઘસહિત જે તીર્થયાત્રા કરી છે તેની મુખ્યતા લઈ વાણીના રસરૂપ આ અપૂર્વ ગ્રંથની રચના કરી છે.

આ ગ્રંથ ઉપર મંત્રી વસ્તુપાળને અનન્ય પ્રેમ હતો. મંત્રી વસ્તુપાળે પોતાના જીવનમાં અનેક પ્રકારના ધાર્મિક કૃત્યો કર્યાં છે, તેમાં શ્રી **શત્રુંજય** અને **ગિરનારજી**ની સંઘ સાથે **સંઘપતિ**નું બિરુદ મેળવીને તીર્થયાત્રા વિધિપુરઃસર, સમારોહપૂર્વક અપૂર્વ કરેલ છે, તે તેમના જીવનનું મહત્વનું કાર્ય ગણાય છે. શાસનદેવો, ગ્રંથકર્ત્તા, સમકાલીન જૈન જૈનેતર વિદ્વાનો અને અન્ય સાહિત્યકારો પણ તેમ માને છે. આ તીર્થયાત્રાના વર્ણન સાથે મહાન પ્રભાવશાળી પુરુષોની જે જે કથાઓ આપેલી છે તે સર્વના પઠનપાઠનથી તેમાંથી અનેક નવીનવી હકીકતો જાણવા જેવી આ ગ્રંથમાંથી મળી શકે છે.

શ્રી વસ્તુપાળે સંઘ સહિત તેર વખત તીર્થયાત્રા કર્યાની હકીકત અન્ય ગ્રંથો પરથી જણાય છે; પરંતુ તે તમામ યાત્રાઓમાં જે યાત્રા સંઘ સહિત સંવત ૧૨૭૭માં કરેલી છે તેવી અપૂર્વ યાત્રા આ કાળમાં હજી સુધી કોઇએ કરી નથી, તેથી જ સમકાલીન જૈન, જૈનેતર વિદ્વાન મહાપુરુષોએ તેને **મહાયાત્રા**નું નામ આપ્યું છે.

આ ગ્રંથની રચના ગ્રંથકર્ત્તા મહારાજે સંવત ૧૨૯૦ની સાલમાં ચૈત્ર શુદ ૧૧ ખંભાત શહેરમાં કરી છે. વળી મંત્રી વસ્તુપાળના કુળગુરુ શ્રી વિજયસેનસૂરિ અને તેમના વિદ્વાન સુશિષ્યો આ ગ્રંથના કર્ત્તા શ્રી ઉદયપ્રભસૂરિ વગેરે આ મહાયાત્રામાં સાથે જ હતા. વળી કુળગુરુના ઉપદેશનું શ્રવણ કરી તેમજ શાસનદેવોએ ગ્રંથકર્ત્તાને આ ગ્રંથ રચવા પ્રેરણા કરી છે, જેથી આ ગ્રંથની સત્યતા અને પ્રામાણિકતા માટે શંકાને જરા પણ સ્થાન નથી. તે સંબંધમાં ગ્રંથોનો પરસ્પર સંબંધ તપાસતા આ મહાયાત્રા સં. ૧૨૭૭ની કરેલી છે, તેમજ જણાય છે. તેનો સંક્ષિપ્ત પરિચય આપતાં પહેલાં જે શાસનપ્રભાવક પુરુષના જીવનનાં અનેક સત્કાર્યો અને ગુણોની દેવતાઓ અને વિદ્વાન પુરુષોએ પણ પ્રશંસા કરેલી છે, તે મહામંત્રી વસ્તુપાલના જીવનની ધર્મકાર્યોની મનન કરવા યોગ્ય અને આદરણીય કેટલીક હકીકતો જે આ ગ્રંથમાં નથી, તેવી અન્ય ગ્રંથોમાંથી મેળવી મંત્રીશ્વરનો વિશેષ પરિચય કરાવવા આપવી આવશ્યક લાગે છે.

**મંત્રીશ્વર વસ્તુપાળ** એ **ધ**વલકપુર(ધોળકા)ના **વી**રધવળ રાજાના મહામાત્ય અને જ્ઞાતિએ પોરવાડ વણિક હતા. તેઓ યુદ્ધકળામાં સંપૂર્ણ નિષ્ણાત હતા. કુમારપાળ મહારાજા જૈનધર્મના પરમ અનુયાયી જેમ હતા, તેમ–અમાત્ય ગૃહસ્થ તરીકે મંત્રી વસ્તુપાળ તેવા જ ધર્મશ્રદ્ધાળુ, ક્રિયારુચિવંત, બાર વ્રતધારી, શુદ્ધ શ્રાવક હતા. પંચમી, વીશસ્થાનક અને ચતુર્દશી વગેરે તપો નિરતિચારપણે શ્રદ્ધાપૂર્વક પૂર્ણ કર્યાં હતાં. વસ્તુપાળ જગત્ ઉદ્ધારક, શાસનપ્રભાવક, પરોપકારી, દિવ્યકીર્તિ–કાંતિવાળા, હરિશ્ચંદ્ર જેવા સત્યવાદી, ન્યાયમાં શ્રી રામચંદ્રજી જેવા અને બુદ્ધિમાં અભયકુમાર જેવા હતા, તેમ અન્ય ગ્રંથકારો પણ જણાવે છે. તેઓ શૂરવીર, કર્તવ્યપરાયણ, રાજ્યકાર્યોમાં મુત્સદ્દી, દાનેશ્વરી, પ્રજાવત્સલ, પરધર્મસહિષ્ણુ આદિ અનેક ગુણો સાથે મહાકવિ અને વિદ્વાન હતા. જેને માટે પ્રશંસા કરતા ઉપદેશતરંગિણી ગ્રંથના કર્ત્તા **શ્રી રત્નમંદિરગણિ** કહે છે કે,

**श्रीवस्तुपाल तव भालतले जिनाज्ञा, वाणी मुखे हृदि कृपा करपल्लवश्रीः ।**
**देहे द्युतिर्विलसतीति रुषेव कीर्त्तिः, पैतामहं सपदि धाम जगाम नाम ॥**

"હે વસ્તુપાળ! **તમારા ભાલમાં જિનાજ્ઞા, મુખમાં સરસ્વતી, હૃદયમાં દયા, હાથમાં લક્ષ્મી અને શરીરમાં કાન્તિ વિલાસ કરી રહેલ** હોવાથી તમારી કીર્તિ બ્રહ્મલોક સુધી પહોંચી છે."

મંત્રી વસ્તુપાળનું ગૃહસ્થ જીવન રાજ્યના મુખ્ય સચિવ હોવાથી રાજ્યકાર્યમાં નિરંતર મચ્યા રહેવા છતાં, ધર્મ ઉપર તેમનો અનન્ય પ્રેમ હતો. આ સંસારની અસારતાનું ભાન તેમને (જીવનની શરુઆતથી જ) કુટુંબ સંસ્કાર અને ત્યાગી મહાપુરુષોના સમાગમથી થયું હતું. મનુષ્ય જન્મનું સાર્થક અને આત્મકલ્યાણ, ધર્મમાર્ગનું નિરંતર સેવન કરવામાં જ છે તેમ તેઓ હૃદયપૂર્વક માનતા હોવાથી ધર્મશાસ્ત્રનું શ્રવણ, મનન વગેરે વ્યવસાય તેમનો નિરંતરનો હોઈ આચાર્યમહારાજનો ઉપદેશ આત્મામાં સદાકાળ રમણ કરતો હતો.

તેઓ રાજ્યના મુખ્ય અમાત્ય હોવા છતાં તેમની ધર્મપિપાસા સર્વથા જાગ્રત રહેતી હતી. કુળગુરુઓદ્વારા નિરંતર મળતા અમૃતમય ઉપદેશથી જીવનમાં તેમણે કરેલાં અનેક પુણ્યકાર્યોવડે તેઓ શાસન પ્રભાવક કહેવાયા છે. તેમના જીવનના અનેક કાર્યોમાંથી વાંચકોને ખાસ મનન કરવા યોગ્ય અને અનુકરણીય પરોપકાર અને દાનધર્મના કાર્યો વિશેષ જાણવા જેવા છે, જે તેમના ચરિત્ર અને તેને લગતા અન્ય ગ્રંથોમાંથી નીચે પ્રમાણે લીધેલ છે.

**મંત્રી** વસ્તુપાળના આખા જીવનમાં દાન, શીલ, તપ, વિવેક, વિનય અને સહનશીલતા વગેરે **ગુણો**ની સુવાસ પ્રસરી રહેલ હતી એટલું જ નહિ પણ શ્રી વસ્તુપાળમાં દાનગુણ તો અસાધારણ સુપ્રસિદ્ધ હતો. વળી ધર્મ અને યશરૂપી તેનું શરીર હતું. ફક્ત મંત્રી વસ્તુપાળે જૈનોના નહિ પરંતુ અન્ય ધર્મના ધાર્મિક અને પ્રજા ઉપયોગી કાર્યોમાં પણ સુકૃતની લક્ષ્મીનો ઉદારતાપૂર્વક વ્યય કર્યો છે. વસ્તુપાળનું પૂર્વ પુણ્ય એટલું પ્રબળ હતું કે પગલે પગલે તેમને નિધાન પ્રગટ થતું હતું. અને સર્વ દ્રવ્ય ન્યાયથી ઉપાર્જન કરેલું હતું. સરસ્વતી અને લક્ષ્મી બન્ને દેવીઓ તેમને પ્રસન્ન હતી, જેથી પોતાનું અને પરનું ઉભયનું આત્મકલ્યાણ સાધ્યું હતું.

મંત્રી વસ્તુપાળે અઢાર કરોડ છન્નું લાખ રૂપીઆ શ્રી શત્રુંજય મહાતીર્થમાં, બાર કરોડ એંશી લાખ રૂપીઆ શ્રી ગિરનારજી તીર્થમાં, બાર કરોડ ત્રેપન લાખ રૂપીઆ શ્રી આબુજી તીર્થક્ષેત્રમાં દેવભક્તિ અર્થે મંદિરો બંધાવી પ્રતિષ્ઠા વગેરેમાં વ્યય કર્યો હતો. ચૌદ કરોડ રૂપીઆ ખરચી ત્રણ જ્ઞાનભંડારો કરાવી જ્ઞાનભક્તિ કરી હતી. સવાલાખ રૂપીઆ જિનમૂર્તિના નિર્માણમાં, નવસો ચોરાશી પૌષધશાળા કરાવી, કેટલાએક સમોસવરણની રચનામાં, કેટલુંક જૈનમંદિરોના જીર્ણોદ્ધારમાં અને નવા જૈનમંદિર બંધાવવામાં નિરંતર સમાનધર્મી શ્રાવક–શ્રાવિકાના ઉદ્ધાર માટે, કેટલીક વેદશાળાઓ બનાવવામાં, કેટલીએક દાનશાળાઓ, મઠો, શિવમંદિરો, તળાવો, સરોવરો, વાવો–નવાણો, કિલ્લાઓ, મસ્જીદો, વગેરેમાં મળીને તીર્થકલ્પ ગ્રંથના કર્ત્તા મહાપુરુષના લખવા પ્રમાણે મહામંત્રી વસ્તુપાળે સર્વ મળી ૩૦૦૮૪૧૮૦૦૦ ત્રણ અબજ, ચોરાશી લાખ અને અઢાર હજાર રૂપીઆનો સુકૃતની મળેલી લક્ષ્મીનો સદ્વ્યય કરી આત્મકલ્યાણ સાધ્યું હતું. કોઇપણ દીનદુઃખી. આર્ત્ત અને ગુણાધિકોના ઉદ્ધાર માટે મંત્રીજી રોજ દશ હજાર દ્રમ્મ ખરચતા હતા. લોકોત્તર દાનગુણવડે અને સર્વધર્મના કાર્યોમાં દ્રવ્યનો સદ્વ્યય કરવાથી રાજા–પ્રજામાં તેઓ વિશેષ સન્માનનીય બની ઉભયના અત્યંત પ્રીતિપાત્ર બની પોતાનું મનુષ્યજીવન ધન્ય બનાવ્યું હતું. અને ભાવિમાં પણ જલ્દી મોક્ષ પ્રાપ્ત કરી અનંતતા, અમરતા પ્રાપ્ત કરવાના છે.

મંત્રી વસ્તુપાલના જીવનના બધા ધાર્મિક કાર્યો **ધર્મ**ના **અ**ભ્યુદય કરનાર હોઈ આ ગ્રંથનું મૂળ નામ **ધર્માભ્યુદય મહાકાવ્ય** અને પોતાના ધન્ય જીવનમાં સંઘ સહિત અપૂર્વ યાત્રા વિધિવિધાનપૂર્વક કરી શ્રી સંઘપતિનું બિરુદ મેળવેલ હોવાથી અપરનામ **શ્રી સંઘપતિ ચરિત્ર** શ્રી **ઉદયપ્રભસૂરિ** મહારાજે આપેલ યથાર્થ છે.

મહામંત્રી વસ્તુપાળ મહાકવિ, સાહિત્યકાર, અને ધુરંધર વિદ્વાન પણ હતા. તેમણે **ન**રનારાયણનંદ મહાકાવ્ય, **આ**દિનાથ સ્તોત્ર, **રૈ**વતકમંડન શ્રી **ને**મિનાથ સ્તવન, **અં**બિકા સ્તોત્ર, **વ**સ્તુપાળ સુકૃત્ય, **આ**રાધના કાવ્ય વગેરે પોતે રચેલા છે. (આ ગ્રંથની તાડપત્રીય હસ્તલિખિત પ્રત હાલ ખંભાતના ભંડારમાં છે, જેના ઉપરથી જ આ ગ્રંથનું પ્રકાશન મૂળ ગ્રંથ તરીકે પ્રગટ થવાના દરમ્યાન આ અનુવાદ કરાવી હાલ શ્રી સંઘપતિ ચરિત્ર ગ્રંથ આ સભાએ પ્રકટ કર્યો છે.)

મંત્રી વસ્તુપાળની અસાધારણ શૂરવીરતા, દાનવીરતા અને વિદ્વત્તાની તેમજ કરેલાં અનેક પરોપકારી કાર્યોને લઇને તેમના માનવ જીવનની પ્રશંસા, સ્તુતિ અને પ્રશસ્તિરૂપે શ્રી ઉદયપ્રભાચાર્યની જેમ શ્રી **ન**રચંદ્રસૂરિ, **ન**રેન્દ્રપ્રભસૂરિ, **અ**રીસિંહસૂરિ **જ**યસિંહસૂરિ, **સો**મેશ્વર ભટ્ટ વગેરે જૈન તેમજ જૈનેતર વિદ્વાન પુરુષોએ ઘણા કાવ્યોથી કરી છે, તેટલું જ નહિં પરંતુ [1]સુકૃત સંકીર્ત્તન, ઉપદેશતરંગિણી, વસંત વિલાસ, [2]કીર્તિકૌમુદી, સુકૃતસાગર વગેરે ગ્રંથોમાં પણ જોવાય છે.

---

૧–૨. આ બંને ગ્રંથો મૂળ આ સભા તરફથી પ્રગટ કરવામાં આવેલ છે.

મંત્રીશ્વર વસ્તુપાળનો પુણ્ય પ્રભાવે વૈભવ જેમ પ્રશંસાપાત્ર હતો તેમ સાધનો પણ નીચે પ્રમાણે રાખતા હતા.

૧૮૦૦ અઢારસો સુભટ અંગરક્ષકો, ૧૪૦૦ સામાન્ય રજપુત લડવૈયા, ૫૦૦૦ નામી ઘોડા, ૨૦૦૦ પવનવેગી ઘોડા, ૩૦૦ દૂધ દેનારી ગાયો, ૨૦૦૦ બળદો, હજારો ઊંટો, હજારો દૂધ આપનાર ભેંસો, ૧૦,૦૦૦ નોકર ચાકરો, ૩૦૦ હાથીઓ (રાજા તરફથી ભેટ મળેલા) સાથે ચાર કરોડ અશરફી અને આઠ કરોડ મુદ્રા રોકડ હંમેશાં પોતાના ભંડારમાં રાખતા હતા. તેઓ કોઈ પણ દીન, દુઃખી કે રોગીને જોઈ તેને પોતાના કુટુંબવત્ ગણીને તેના ઉદ્ધારમાં પૂરતો લક્ષ્મીનો નિરંતર વ્યય કરતા હતા.

સંઘ લઈ તેમજ કુટુંબ સાથે બાર વખત તીર્થયાત્રા કરી હતી અને તેરમી વખતે યાત્રા કરવા જતાં રસ્તામાં સ્વર્ગવાસ થયો હતો. આટલી હકીકત મંત્રીશ્વર વસ્તુપાળના પરિચય માટે આપી હવે આ ગ્રંથનો સારાંશ આપીએ છીએ. ગ્રન્થકર્ત્તા શ્રીમાન્ ઉદયપ્રભસૂરિ મહારાજે ૫૦૪૧ શ્લોકપ્રમાણમાં તેની રચના જુદા જુદા છંદોમાં મહાકાવ્યરૂપે અલંકારિક, અર્થગાંભીર્ય અને સુંદર રીતે સંસ્કૃત ભાષામાં કરી છે.

આ ગ્રંથમાં પંદર સર્ગો ( પ્રકરણો ) આપેલા છે; પ્રથમ સર્ગમાં તીર્થયાત્રા વિધિનું વર્ણન, બીજામાં **શ્રી ઋષભદેવ પ્રભુના** પૂર્વભવો, ત્રીજામાં પ્રભુનો જન્મ, દીક્ષા, કેવળજ્ઞાનોત્પત્તિ, ચોથામાં **ભરતચક્રીનો** દિગ્વિજય અને **બાહુબલિની** દીક્ષા, પાંચમામાં શ્રી ઋષભપ્રભુનું મોક્ષગમન, છઠ્ઠામાં **ભરતચક્રવર્ત્તીનું** નિર્વાણ, સાતમા સર્ગમાં **શ્રી શત્રુંજય** મહાત્મ્ય વર્ણન એ સર્ગોની પરસ્પર સંકલના એવી છે કે શ્રી ઋષભદેવ પ્રભુના ચરિત્રમાં જ તેનો સમાવેશ થાય છે. આઠમા સર્ગમાં કેવલી ભગવંત જંબૂસ્વામીનું ચરિત્ર, નવમા સર્ગમાં મહાતપસ્વી શ્રી યુગબાહુનું કથાનક, દશમા સર્ગમાં **શ્રી નેમિનાથ** ભગવાનના પૂર્વભવોનું વર્ણન, દશમામાં **શ્રી વસુદેવ** યાત્રાવર્ણન, નળદમયંતીનો વૃત્તાંત, બારમામાં **કૃષ્ણવાસુદેવ** રાજ્ય વર્ણન, શ્રી નેમિનાથ પ્રભુનો જન્મ, તેરમામાં **શ્રી કૃષ્ણ**વિજય, પ્રદ્યુમ્નની કથા, ચૌદમામાં પરમાત્મા **શ્રી નેમિનાથ**ની દીક્ષા, **ગજસુકુમાલ**નું વૃત્તાંત, **ઢંઢણઋષિ**ની કથા અને શ્રી નેમિનાથ પ્રભુનું શ્રી રૈવતાચલ પર્વત ઉપર થયેલ નિર્વાણ, દશમા સર્ગથી ચૌદમા સર્ગ સુધીના સર્ગોમાં બીજી અંતર્ગત કથાઓ સહિત સર્વ શ્રી નેમિનાથ ભગવાનના ચરિત્ર સાથે સંકળાયેલ સંબંધ ધરાવનાર સર્વ વૃત્તાંતો છે. પંદરમા સર્ગમાં શાસનનાયક મંત્રી શ્રી વસ્તુપાળે કરેલ સંઘયાત્રાનું વર્ણન છે. સાથે દરેક સર્ગોમાં અંતર્ગત બીજી પણ કથાઓ છે. છેવટે ગ્રંથકાર મહારાજે પ્રશસ્તિ આપીને ગ્રંથ પૂર્ણ કર્યો છે.

દરેક સર્ગની નીચે છેવટે ગ્રન્થકર્ત્તા આચાર્ય મહારાજે વસ્તુપાળની પ્રશંસાના સુંદર શ્લોકો આપેલા હોવાથી તેનો અનુવાદ પણ દરેક સર્ગો નીચે આપેલો છે. આ ગ્રન્થના દરેક સર્ગોની શરૂઆતમાં તે તે સર્ગોમાં શું શું વર્ણન છે તે શરૂઆતમાં આપેલું છે. હવે સર્ગ પરિચય આપીયે છીએ.

સર્ગ ૧ લો.—તીર્થયાત્રા વિધિ વર્ણન ( પાને ૧–૬. )

ગ્રન્થકાર આચાર્ય ભગવાન **શ્રી ઉદયપ્રભસૂરિજી** મહારાજ આ સર્ગમાં કુળગુરુ શ્રી **વિજયસેનસૂરીશ્વરે** મંત્રી વસ્તુપાળને સંભળાવ્યા પ્રમાણે તીર્થયાત્રા વિધિ જણાવે છે.

**પ્રથમ** મંગળાચરણમાં શ્રી **ઋ**ષભદેવ પ્રભુ, શ્રી **શાં**તિનાથ મહારાજ, શ્રી **ને**મિનાથ જિનેશ્વર, શ્રી **પાર્શ્વ**નાથ ભગવાન અને **મ**હાવીર પરમાત્મા એ પાંચે જિનેશ્વરની ભાવનાપૂર્વક ગુણોવડે સ્તવના કરી, સરસ્વતી દેવીની સ્તુતિ કરે છે.

ત્યારબાદ શ્રીમહાવીર પ્રભુ ને શ્રી ગૌતમસ્વામીને વંદન કરી પોતાના પૂર્વપુરુષો **શ્રી હરિભદ્રસૂરિ,** શ્રી **સિદ્ધ**સેન દિવાકર, **શ્રી હેમચન્દ્રસૂરિ,** શ્રી **ન**રચન્દ્ર મુનિ અને છેવટે પોતાના ગુરુદેવ શ્રી **વિજય-સેનસૂરિ**ની વિદ્વત્તા, સંયમ અને જ્ઞાનતેજ વગેરેની પ્રશંસા કરી પોતાના **પૂર્વપુરુષોને** જણાવે છે.

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાવડે દયારૂપી નદીઓને વિશાળ બનાવતો શ્રી તીર્થંકર ભગવાનના અદ્વિતીય સ્થાનરૂપ **શ્રીસંઘરૂપી સમુદ્ર** ધર્મોપદેશરૂપી અમૃતવડે વિશ્વને શાંતિના કારણરૂપ મેઘરાજા સમાન છે, આવું **શ્રી સંઘનું** અનુપમ માહાત્મ્ય મંગળાચરણરૂપે જણાવે છે.

**શ્રી વસ્તુપાળ મંત્રીશ્વરના મહાત્મ્યનું** વર્ણન કરતાં શ્રી સૂરિજી મહારાજ કહે છે કે–ગુરુમહારાજના આશીર્વાદના અસીમ ફળરૂપ, મોક્ષપ્રાપ્તિના તૈયાર ઔષધ, કીર્ત્તિરૂપી અમૃતને વરસાવવામાં ચન્દ્રસમાન, સાક્ષાત્ પુણ્યના રાશિરૂપ, અપૂર્વ શક્તિશાળી **શ્રી વસ્તુપાળ સંઘપતિ** જયવંત વર્તે છે કે જેના અખંડિત ઐશ્વર્યને ઈન્દ્ર પણ સ્તવે છે.

**અ**ણહીલપુર પાટણમાં **ચં**ડપ નામના ગૃહસ્થને **ચં**ડપ્રસાદ નામનો પુત્ર હતો, તેના **સોમ** નામના પુત્રને **આસરાજ** નામનો પુત્ર હતો, તેની ધર્મપત્ની શ્રી **કુમારદેવી**ની કુક્ષીમાં **શ્રી વસ્તુપાળ** જન્મ્યા હતા, તેમને *લૂણીગ, **મ**લ્લદેવ અને **તે**જપાળ નામના બીજા ત્રણ ભાઈઓ હતા. ચારે બંધુઓ પુણ્યશાળી હોવા છતાં, વસ્તુપાળનું પૂર્વકૃત પુણ્ય અસાધારણ હતું, જેથી તેમના સદ્‌ગુણોનું વર્ણન કરતાં ગ્રન્થકર્ત્તા સૂરિજી મહારાજ કહે છે કે–**વિ**ભૂતિ–ઐશ્વર્ય **વિ**ક્રમ–પરાક્રમ, **વિ**દ્યા, **વિ**દગ્ધતા–પાંડિત્ય, **વિ**ત્ત–સંપત્તિ, **વિ**તરણ–દાન અને **વિ**વેક એ સાત પ્રકારના **વિ**થી સંપૂર્ણ–ગુણો યુક્ત વસ્તુપાળ મંત્રીશ્વર હોવા છતાં કદાપિ વિકારને વશ થયા નથી.

દરેક ગૃહસ્થીઓને **કુળગુરુઓ** હોય છે, તેમ વસ્તુપાળના કુળગુરુઓ શ્રી **નાગેન્દ્ર** ગચ્છમાં થયેલાં શ્રી **મહેન્દ્રસૂરિ** હતા, તેમની પાટે શ્રી **શાન્તિસૂરિ,** તેમની પરંપરાએ **આ**નંદસૂરિ અને **અ**મરસૂરિ થયા, ત્યારબાદ શ્રી **હ**રિભદ્રસૂરિ અને ભાવરોગીઓના વ્યાધિને નિવારનાર ધન્વંતરી સમાન શ્રી **વિજયસેનસૂરીશ્વર** વસ્તુપાળના **કુળગુરુ** હતા.

મંત્રીશ્વર વસ્તુપાળ નિરંતર રાજકારભારમાં મચ્યા રહેતાં હોવા છતાં, તેમની ધર્મપિપાસા નિરંતર જાગ્રત રહેતી હતી; જેથી એક દિવસ મંત્રીશ્વરે વિજયસેનસૂરીશ્વર સમક્ષ જઈ વંદન કરી વિજ્ઞપ્તિ-પૂર્વક જણાવ્યું કે–મનુષ્યજન્મરૂપી વૃક્ષ એક હોવા છતાં કોઈને ફળ વિનાનો, કોઈને વિષ સમાન, કોઈને કિંપાકફળરૂપ અને કોઈને કલ્પવૃક્ષ સમાન દેખાય છે તેનું શું કારણ ? તે કૃપા કરી જણાવો. આચાર્ય મહારાજ કહે છે કે–હે મંત્રી વસ્તુપાળ ! અનંત પુણ્યની રાશી એકઠી થયે મનુષ્ય જન્મ પમાય છે, તે જન્મમાં જે કોઈ કંઈપણ સુકૃત્ય કરતા નથી તેમને ફળ વિનાનો, જે તમોગુણી પ્રાણીઓ પાપાનુબંધીપાપના ઉપાર્જન કરનાર કસાઈ, શિકારી હિંસક વગેરેને આ ભવ અને પરભવ દુઃખદાયી નિવડે છે; અને જે રજોતમોગુણી પ્રાણીઓથી જે પાપાનુબંધીપુણ્ય ઉપાર્જન કરાયું છે તેને પ્રથમ

---

* લૂણીગ લઘુ વયમાં ગુજરી ગયો હતો.

સુખ અને પછી છેવટે નરકગતિ ઉત્પન્ન કરાવનારૂં છે; માત્ર પુણ્યાનુબંધીપુણ્ય ઉપાર્જન કરનાર જ આ ભવ તથા પરભવમાં (ઇચ્છિત ફળદાયક) કલ્પવૃક્ષ સમાન થાય છે. શ્રી વસ્તુપાળ મંત્રીએ પુણ્યાનુબંધી પુણ્યના કારણો પૂછતાં ગુરુમહારાજ આગમાનુસાર જણાવે છે કે–પંડિત પુરુષોએ પુણ્યાનુબંધી પુણ્યના દાન, શીલ, તપ અને ભાવના ચાર પ્રકાર કહેલા છે, જેમાં **ભાવને** અગ્રપદ આપેલું છે કારણ કે તે વડે બાકી ત્રણ પ્રકારો ફલિભૂત થાય છે. એ સાંભળી મંત્રીશ્વર વસ્તુપાળે કહ્યું કે, રાજ્ય ખટપટથી મલિન થયેલા અમારા હૃદયમાં આવી ઉચ્ચ ભાવના કેમ સંભવે? એમ શ્રી વસ્તુપાળે જણાવતાં ગુરુમહારાજ રાજ્યકારભારને દૂષણ નહિં આપવા ઉપદેશે છે કે, આ રાજ્યકારભાર હલકી મનોવૃત્તિવાળા, સ્ત્રીલંપટ, લાંચ રૂશ્વત લેનારા, નિર્દય, પરદ્રોહી અને પોતાના સ્વાર્થ માટે પરને–પ્રજાને પીડા ઊપજાવનાર વગેરે અનેક દૂષણોવાળા આ ભવ પરભવમાં કષ્ટની પરંપરાના કારણભૂત થાય છે, ત્યારે બીજી બાજુ પવિત્ર કાર્ય કરનારા, પરોપકારી, સ્વજીવન ધન્ય કરનાર, ન્યાયી, સુયશની આકાંક્ષાવાળા પવિત્ર યશ અને ધર્મમાં એકનિષ્ઠાવાળા વગેરે ગુણો ધરાવનારા રાજ્યામાત્યોને–રાજ્યસેવકોને તો આ રાજ્ય કારભાર આ ભવ તથા પરભવમાં આત્મશ્રેય માટે જ થાય છે; એટલે રાજ્યકારભાર નરકમાં જ લઈ જનાર છે અને સ્વ-પરકલ્યાણ સાધક બની અનુક્રમે મોક્ષ માર્ગે પણ લઈ જનાર છે; તેમજ પોતાનું અને ઘણા પ્રાણીઓનો ઉદ્ધાર અને કલ્યાણના નિમિત્ત પણ આ રાજ્યકારભાર પણ બને છે. આ ઉપરથી મહામાત્ય વસ્તુપાળને ધર્મગુરુનો ઉપદેશ શ્રવણ કરવાની જિજ્ઞાસા કેટલી ઉત્તમ અને તીવ્ર હતી તે જણાય છે. (પા. ૧થી પા. ૪)

હવે આચાર્ય મહારાજ વિશેષમાં જણાવે છે કે–ઉપર જણાવેલ ભાવના કરતાં પણ **પ્રભાવનાધર્મ** વિશેષ ફલદાયી છે. અલૌકિક તીર્થંકરભાષિત, ક્ષુદ્ર પ્રાણીઓને મુશ્કેલીથી આચરવા લાયક, તીર્થંકરપણાની પ્રાપ્તિમાં અનન્ય કારણભૂત, આ પ્રભાવના ધર્મ છે, વળી પાપરૂપી અંધકારનો નાશ કરવામાં જ્યારે બીજા પ્રાયશ્ચિત્તો અસમર્થ નિવડે છે ત્યારે કઠીનમાં કઠીન પાપોનો નાશ આ **પ્રભાવનાધર્મ** કરે છે. ભાવનાથી જ્યારે પોતાનું કલ્યાણ સધાય છે ત્યારે પ્રભાવનાધર્મ સ્વપરકલ્યાણ કરી શકે છે; જેથી ભાવના કરતાં પ્રભાવના વિશેષ ઉત્તમ છે. પ્રખર બુદ્ધિમાન રાજાઓથી પ્રણામ કરાયેલ, સમર્થ પુરુષો શ્રી તીર્થંકર શાસનની પ્રભાવના કરે છે. **અઠ્ઠાઈ મહોત્સવ, રથયાત્રા** અને સંઘસહિત **તીર્થયાત્રા** એમ ત્રણ પ્રકારનો પ્રભાવનાધર્મ ઉત્તમ મુનિવરોએ કહેલ છે. આ પ્રભાવનાધર્મ સંતપુરુષોને બન્ને પ્રકારની લક્ષ્મીને વિસ્તારે છે. સંઘસહિત શ્રદ્ધાપૂર્વક અને વિધિપુરઃસર તીર્થયાત્રા કરવી તેને જ ઉત્તમ મુનિવરોએ પ્રભાવનાનું વખાણવા યોગ્ય અંગ કહ્યું છે. તે તીર્થયાત્રા અખૂટ સુખ આપનારી બને છે. દાન, શીલ, તપ, ભાવ અને પ્રભાવનાથી પ્રગટેલો પુણ્યસમૂહ તો પૃથ્વી પર ચોતરફ સંપત્તિ અને યશ વગેરેને વિસ્તારે છે.

હવે સંઘ સહિત તીર્થયાત્રા કરવાની ઇચ્છાવાળા ભવ્યાત્માઓએ આગમમાં ફરમાવ્યા મુજબ તે ક્રિયા કેવી વિધિ–અનુષ્ઠાનપૂર્વક કરવી તે આચાર્ય ભગવાન જણાવે છે.

ઉચ્ચ ગોત્રી, રાજ્યમાન્ય, ન્યાયસંપન્ન વૈભવવાળા, દાની, લોકપ્રિય, જન્મ, જીવન અને દ્રવ્યની ઉત્કૃષ્ટ ફળની ચાહનાવાળા, શ્રદ્ધાળુ અને પવિત્ર બુદ્ધિશાળી મનુષ્યે પ્રથમ પર્વ–તિથિના દિવસે ગુરુ પાસે જઈ વિનંતિ કરવી કે–તીર્થયાત્રા કરવાવડે દુર્લભ મનુષ્યજન્મ, ઉચ્ચકૂળ અને સાધન–સામગ્રીને હું સફળ કરવા ઇચ્છું છું. ગુરુમહારાજ કહે છે કે–તીર્થંકરને પણ પૂજનિક શ્રી સંઘ તારો સ્વામી થાય તો તે **સંઘપતિ**ની લક્ષ્મી–પદવી તને અર્પશે. જગતનું કલ્યાણ કરનાર સંઘપતિપણું પ્રાણીને આ સંસારમાં પ્રાપ્ત થવું મુશ્કેલ છે. ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જન કર્યું હોય, ભવિષ્યમાં જેમનું કલ્યાણ થવાનું હોય,

એવા પુરુષોની બુદ્ધિ તીર્થયાત્રામાં ઉત્સાહિત બને છે, એમ જાણી પ્રસન્ન ચિત્તવાળો તે પુરુષ તીર્થયાત્રા માટે દિવસ નક્કી કરાવે, પછી બહુ જ માનપૂર્વક સાધર્મી બંધુઓને યાત્રા નિમિત્તે પધારવા કંકોત્રી મોકલે અને દરેક પ્રકારની વિપુલ સાધન-સામગ્રીની તૈયારીવડે નક્કી થયેલ શુભ મુહૂર્તે, દેવાધિદેવનું સ્નાત્ર, અંગરચના, પૂજા કરી, બલિ બાકુલવડે દશ દિક્પાળને બલિદાન આપી, ગુરુએ વાસક્ષેપદ્વારા આપેલ સંઘપતિ પદવડે અલંકૃત થયેલ સુગંધી દ્રવ્યો વડે પૂજાએલ મંત્રાધિષ્ઠિત થયેલ મોટા મહોત્સવપૂર્વક પ્રભુજીને રથમાં બિરાજમાન કરી, ગુરુદેવોને આગળ કરી, શ્રીસંઘ સાથે ચૈત્યવંદન કરી, કાઉસગ્ગ ધ્યાનવડે **કપર્દીયક્ષ** અને **અંબિકાદેવી** વગેરેને સાનિધ્યમાં રાખી, વિઘ્નો હરનારા મંત્રોચ્ચાર સહિત, જય જય શબ્દો અને વાજિંત્રોના નાદવડે આકાશમંડળને ભરી દેતો, પુષ્કળ દાનવડે ભિક્ષુઓને સંતોષતો, પ્રણામ કરી પ્રથમ નગર બહારની સુંદર જગ્યામાં પડાવ નાંખે અને ધનના અર્થીને ધન, વાહનના ઇચ્છુકને વાહન, તેમજ ભાટ ચારણોને અન્ન વસ્ત્ર તથા જેને જે જે જરુરીયાત હોય તેને તે તે વસ્તુઓ આપી-સંતોષી, આગળ ચાલે, તેમજ માર્ગમાં આવતા મંદિરોને પૂજતો, દીન પુરુષોને દાન આપતો, વગેરેવડે કૃતાર્થ થતો તીર્થક્ષેત્રોએ આવી, ફૂલ સુગંધી પદાર્થોથી વાસિત, તીર્થજળ ભરી, શ્રીસંઘ તેમજ દેવોનું પૂજન કરતો, તીર્થંકર ભગવાનના જન્મસ્નાત્ર મહોત્સવ કરે, કેશર, કસ્તૂરી જેવા ઉત્તમ દ્રવ્યોથી વિલેપન કરે, સોના વગેરેના અલંકારો, પુષ્પમાળા, સુગંધી દ્રવ્યો યુક્ત ધૂપ, દીપ, નૃત્ય, ચામર અને કર્પૂર વગેરેથી આરતી કરી, દેવાધિદેવને નમન કરી, પછી સંઘપતિ ભોજન કરે. ત્યારબાદ ભંડાર માટે દેવદ્રવ્યની પુષ્ટિ કરે. ગરીબ વર્ગ ઉપર અનુકંપા લાવી દેવાધિદેવની શ્રદ્ધા, ભાવનાપૂર્વક ઉલ્લાસ સાથે સ્તુતિ કરે. પછી સાથે આવેલા યાત્રિક સમુદાયનો સત્કાર કરતો તે સંઘપતિ પાછો સ્વસ્થાને મોટા મહોત્સવપૂર્વક રથયાત્રા કરી, જિનબિંબને ઘરે લાવી, સાધર્મિક બંધુઓ, મિત્રો, બંધુઓ વગેરે નાગરિક જનોને ભોજનાદિથી સંતોષ પમાડી, શ્રી સંઘની પૂજા કરે. આગમમાં દર્શાવ્યા પ્રમાણે તીર્થયાત્રામાં ૧ બ્રહ્મચર્યનું પાલન, ૨ પરોપકાર કરવો, ૩ યથાશક્તિ તપ કરવો, ૪ દીન-અનાથ જનો પ્રત્યે દયા લાવવી-પવિત્ર મનથી આ ચારે પ્રકારના લક્ષણવાળી તીર્થયાત્રા પુણ્યાનુબંધિપુણ્યને ઇચ્છતાં જે મનુષ્ય કરે છે, તેને સૌભાગ્યરૂપી **સંઘપતિની લક્ષ્મી** આપોઆપ વરે છે. ( જે હકીકત પાના ૪ થી ૬ છે).

આ સર્ગમાં બતાવેલ વિધિ પ્રમાણે તીર્થયાત્રા કરતાં સ્વપરહિત કેટલું સધાય છે? લોકકલ્યાણ પણ કેટલું બને છે? તે મનનપૂર્વક વાંચતા ઘડીભર ભવ્યાત્માઓને તેવી રીતે તીર્થયાત્રા કરવાનું મન થઈ જાય છે અને આત્મિક આનંદ અનુભવે છે.

ઉપર પ્રમાણે આ સર્ગમાં તીર્થયાત્રાવિધિવર્ણનનો અધિકાર બતાવેલો છે.

આ ગ્રંથનું નામ શ્રી સંઘપતિ ( મંત્રી વસ્તુપાળનું ) ચરિત્ર છે છતાં તેમાં તેમના ચરિત્રનું સહજ વર્ણન હોવા ઉપરાંત મંત્રી વસ્તુપાળે સંઘ સહિત કરેલ શ્રી શત્રુંજય અને રૈવતકગિરિની યાત્રા જેને મહાયાત્રા કહેવામાં આવે છે તેનું યથાસ્થિત વર્ણન છે. મંત્રી વસ્તુપાળની તીર્થયાત્રાનું વર્ણન કરવા માટેનો આ ગ્રંથ રચવાનો ઉદ્દેશ હોવા સાથે બીજા જે જે મહાન પવિત્ર પુરુષો થઈ ગયા છે, તેમના સુંદર ચરિત્રો સાથે આપી એક અનુપમ ગ્રંથની રચના **શ્રી ઉદયપ્રભસૂરિ**એ કરી છે.

પ્રથમ સર્ગમાં શ્રી વિજયસેનસૂરિ મહારાજે મંત્રી વસ્તુપાળને શ્રી સંઘ સહિત તીર્થયાત્રા કેવી વિધિ-વિધાનથી થઈ શકે તેનું વર્ણન ઉપર મુજબ પ્રથમ સર્ગમાં આપવામાં આવેલ છે અને તે સર્ગનો

સંકલનાપૂર્વકનો સંબંધ પાંચમા, સાતમા અને પંદરમા સર્ગ સાથે છે. પાંચમા સર્ગમાં શત્રુંજય તીર્થની આ કાળમાં ઉત્પત્તિ કેમ થઇ ? સાતમા સર્ગમાં આ સર્વ શ્રેષ્ઠ તીર્થનો મહિમા, માહાત્મ્યનું વર્ણન અને પંદરમા સર્ગમાં આચાર્યમહારાજ શ્રી વિજયસેનસૂરિના ઉપદેશદ્વારા ઉત્સાહિત થયેલ મહામંત્રીશ્વર વસ્તુપાળ શ્રી સંઘ સહિત પરમ પવિત્ર શ્રી શત્રુંજય અને રૈવતગિરિની તીર્થયાત્રા શ્રદ્ધાપૂર્વક, વિધિપુર:સર અપૂર્વ ભક્તિપૂર્વક કરે છે તેનું વર્ણન ગ્રંથકર્તા મહાપુરુષે આપેલું છે. એટલે પ્રથમ, પાંચમો, સાતમો અને પંદરમા સર્ગ એ ચારે સર્ગોની પરસ્પર સંબંધ રાખતી સર્વ હકીકત જાણવા જેવી હોવાથી એ ચારે સર્ગોનો પરિચય સંપૂર્ણ આપ્યો છે. સિવાયના સર્ગોમાં આદર્શ ઉત્તમ નરોના ચરિત્રો સંક્ષિપ્તમાં આવેલા છે, તેનો માત્ર સારાંશ ટૂંકમાં આપીશું. શ્રી શત્રુંજય તીર્થની પ્રભાવકતા, પવિત્રતા, સર્વશ્રેષ્ઠતા તે શાશ્વતો હોવાથી અનાદિકાળથી છે અને તેનો મહિમા–માહાત્મ્ય પણ સર્વ કરતાં અધિકાધિક છે. આ ચોવીશીના પ્રથમ જિનેશ્વર આદીશ્વર ભગવાન શ્રી શત્રુંજયગિરિ પર પ્રથમ પધાર્યા, તેની ઉત્પત્તિ આ કાળમાં તેઓશ્રીથી થઈ, તેનો મહિમા–માહાત્મ્ય પણ તેમના ઉપદેશદ્વારા આ કાળના પ્રાણીઓને જાણવામાં આવ્યું છે, જેથી આ પવિત્ર ગિરિની યાત્રા માટે શ્રદ્ધા ઉત્પન્ન કરનારું છે. બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા એ પાંચ સર્ગોમાં શ્રી **ઋષભપ્રભુનું** ચરિત્ર ઘણું જ સંક્ષિપ્તમાં આપેલું છે પરંતુ વિસ્તારપૂર્વક શ્રી **અમરચંદ સૂરિકૃત** શ્રી ઋષભદેવ પ્રભુનું ચરિત્ર **આ સભા** તરફથી પ્રકટ થયેલ છે. જિજ્ઞાસુઓને તે ચરિત્ર ખાસ વાંચવા ભલામણ કરીએ છીએ જેથી અહિં તેનો ટૂંકો સાર આપીએ છીયે.

**સર્ગ બીજો** ( પા. ૭ થી પા ૨૭ સુધી )

તીર્થંકર ભગવાનને આગલા જે ભવમાં સમકિતપ્રાપ્તિ થઈ હોય ત્યાંથી મોક્ષ જતાં સુધી ભવોની ગણત્રી શાસ્ત્રમાં કહેલી છે, તેથી પ્રભુના થયેલ તેર ભવમાંથી બાર ભવનું વર્ણન આ બીજા સર્ગમાં આવેલું છે.

**ધનસાર્થવાહ** (પ્રથમ ભવ) શ્રી **ધર્મઘોષસૂરિના** ઉપદેશથી સમકિતની પ્રાપ્તિ થઈ છે જેથી ધનસાર્થવાહના ભવનું વર્ણન આ સર્ગમાં છે. સમકિતની પ્રાપ્તિ થવા માટે ધર્મઘોષસૂરિએ "પવિત્ર પુરુષે ઉપદેશેલો મહાત્મા પુરુષોનો માર્ગ જે પ્રાણ અને ધનથી પણ બીજાઓને પ્રેમ ઉપજાવવા માટે છે" એમ ઉપદેશ કરતાં તે ઉપર શ્રી **અભયંકરનૃપનું** અદ્ભૂત વૃત્તાંત સૂરિમહારાજ ધનસાર્થવાહને જણાવે છે. આ અભયંકર નૃપના ચરિત્રમાં વિદ્યાધરયોગી સાથે એક કુમારિકાને અંગે પોતાના પ્રાણની આહુતિ આપી પરોપકારપરાયણ તે નૃપનો થયેલો સંવાદ તેના સત્ત્વશાળીપણાને સૂચવે છે અને યોગીનો વિવાદ–બકવાદ તેના હિંસકપણાને બતાવે છે તે વાંચવા જેવું છે. ( પા. ૧૦ થી પા ૨૦ )

શ્રી આદિનાથ પ્રભુનો ધનસાર્થવાહ પ્રથમ ભવ છે, તે સાથે ગણતાં મોક્ષ જતાં સુધી ૮ ભવ મનુષ્ય અને યુગલિકના તેમજ ચાર ભવ દેવલોકના મળી બાર ભવો જે થયા તે હકીકત આ સર્ગમાં છે.

અગિયારમા ભવમાં વજ્રનાભ નામના મુનિવર થયાં જ્યાં વીસ સ્થાનક તપનું આરાધન કરી તીર્થંકરનામકર્મનું ઉપાર્જન કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં બારમા ભવે ઉપજ્યા ત્યાં સુધીનો અધિકાર આ સર્ગમાં આપ્યો છે. ( પા. ૨૧ થી પા. ૨૭)

**સર્ગ ત્રીજો** (પા. ૨૮ થી પા. ૪૩ )

સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી ચવી સાતમા કુલકર નાભિરાજાને ઘેર મારુદેવી માતાના ગર્ભમાં ચૌદ મહાસ્વપ્નથી સૂચિત શ્રી ઋષભદેવ પ્રભુ આવ્યા; યથાકાળે જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાનોત્પત્તિ—આ

ચાર કલ્યાણકનું વર્ણન આ સર્ગમાં આપવામાં આવેલું છે. તેમાં સાત કુલકરોની ઉત્પત્તિ, ત્રણ પ્રકારની નીતિ, પ્રભુનો દેવોએ કરેલ જન્મમહોત્સવ, વંશસ્થાપના, નામકરણ, પ્રભુનો રાજ્યાભિષેક થતાં પ્રથમ નરેન્દ્રનું થવું, યુગલિક ધર્મનું નિવારણ કરી વ્યવહાર ધર્મ બતાવવો, અન્નનું પકવવું, કુંભકાર વગેરે શિલ્પીવર્ગોની સ્થાપના, કળાઓ, ગણિત, લિપિ વગેરેનું શિક્ષણ, યથાવસરે ચારિત્રગ્રહણ, પારણે ભિક્ષાનો અભાવ થતાં એક વર્ષે શ્રેયાંસકુમારે પ્રભુને ઇક્ષુરસ વહોરાવી કરાવેલું પારણું, તેથી થયેલ અક્ષય તૃતીયા તપની ઉત્પત્તિ, કેવળજ્ઞાનઉત્પત્તિ, પ્રભુની ઋદ્ધિ જોવા જતાં માતા મરુદેવીને થયેલ કેવળજ્ઞાન અને મોક્ષ, પ્રભુની પ્રથમ દેશના અને ચતુર્વિધ સંઘની સ્થાપના વગેરે વર્ણનો આવેલા છે.

**સર્ગ ચોથો** ( પા. ૪૮ થી પા. ૬૮ )

આ સર્ગમાં **ભરત** ચક્રવર્તીનો દિગ્વિજય અને **બાહુબલિની** દીક્ષા સંબંધી વિવેચન છે.

ભરત મહારાજાને ચૌદ રત્નની ઉત્પત્તિ થતાં ૭ ખંડનું સાધવું, અઠ્ઠાણું ભાઈઓએ પ્રભુ પાસે ગ્રહણ કરેલ ચારિત્ર, બાહુબલિએ ભરત ચક્રવર્તીની આજ્ઞા નહિં સ્વીકારેલ હોવાથી આયુદ્ધશાળામાં ચક્રરત્નનો અપ્રવેશ, તે માટે બાહુબલિ પાસે દૂતને મોકલેલ છતાં તેમનું કહેણ નહિં માનતા ચક્રીનું બાહુબલિને આજ્ઞા મનાવવા બહુલી દેશ પ્રતિ પ્રયાણ, બાહુબલિ સાથે યુદ્ધ, અતુલ બલી બાહુબલિથી પ્રથમ ભરતનો પરાજય, ચક્રરત્ન તેના ઉપર મૂકતાં મળેલી નિષ્ફળતા, ભરતને મારવા જતાં બાહુબલિને થયેલ વૈરાગ્ય-દીક્ષા, ભરતની તેમના પ્રત્યેની ક્ષમાયાચના વિગેરે હકીકતો છે.

**સર્ગ પાંચમો** (પા. ૬૯ થી પા. ૭૬ )

**ઋષભસ્વામીનું નિર્વાણ**—આ સર્ગમાં પ્રથમ ૭ ઋતુઓનું વર્ણન, બાહુબલિને કેવળજ્ઞાનપ્રાપ્તિ, પરમાત્માનું અષ્ટાપદ પર્વત ઉપર આગમન, રાજપિંડનો નિષેધ, અવગ્રહાદિનું સ્વરૂપ, વેદોની ઉત્પત્તિ, ત્રિદંડી મરિચીનું વૃત્તાંત, શ્રી શત્રુંજય તીર્થની ઉત્પત્તિ, **પુંડરીક** ગણધરાદિકનું મોક્ષગમન, પ્રભુનું ફરી અષ્ટાપદે આગમન અને શ્રી ઋષભ પ્રભુનું નિર્વાણ આ સર્ગમાં જણાવેલ છે. સાથે શ્રી શત્રુંજયની ઉત્પત્તિનું વર્ણન છે તે નીચે આપીએ છીએ.

લોકોના દુષ્કર્મોરૂપી શત્રુઓના નાશ માટે પોતાના પવિત્ર ચરણોથી પૃથ્વીને પાવન કરતા પરમાત્મા શ્રી **ઋષભપ્રભુ** શ્રી **શત્રુંજયગિરિ**એ પ્રથમ આવી પહોંચ્યા. પરમાત્માની સાથે અત્યંત ઉત્સુક **પુંડરીકા**દિ મુનિવરોએ પ્રભુ સાથે પર્વત ઉપર આરોહણ કર્યું. ચારે પ્રકારના દેવો (ભવનપતિ, વૈમાનિક, વ્યંતર અને જ્યોતિષી) પરમાત્માની સેવા માટે આવ્યા. પર્વતના શિખર ઉપર તે દેવોએ રત્ન, સુવર્ણ અને રૂપા એમ ત્રણ ગઢની રચના કરી. ત્યારબાદ સમવસરણમાં પ્રભુ બિરાજમાન થતાં ભવ્ય પ્રાણીઓને અમૃતરૂપી વાણીવડે દેશના આપવી શરૂ કરી.

"વૃક્ષમાં કલ્પવૃક્ષ, સાગરમાં સ્વયંભૂરમણ સમુદ્ર અને જ્યોતિષ દેવોમાં સૂર્ય શ્રેષ્ઠ છે તેમ પર્વતમાં આ શત્રુંજયગિરિ પ્રશંસાપાત્ર છે, જ્યાં સંસારસાગરના તરંગો જલદી નાશ પામી જાય છે. આ શત્રુંજય પર્વત ઉપર ચડનાર પુરુષોને સુંદર મોક્ષલક્ષ્મી, શુક્લધ્યાનરૂપી પ્રકાશના બ્હાનાથી ટેકો આપે છે. આ ગિરિવરનો પ્રભાવ ગર્ભહત્યા, બ્રહ્મહત્યા, વગેરે મહાપાતકોને પણ નષ્ટ કરે છે. અહિં ઘાતકી પ્રાણીઓનું મન મૃદુ (નમ્ર) બની જાય છે, જેથી **હે પુંડરીક!** મુક્તિને ચાહનાર મુનિવરોની સાથે તમે આ જ પર્વત પર રહો." તે પ્રમાણે પ્રભુની આજ્ઞા સ્વીકારી, પરમાત્માના ચરણોમાં નમી મુનિહંસો સાથે પુંડરીક ગણધર તે ગિરિવર પર રહે છે. પ્રભુ ત્યાંથી અન્યત્ર વિહાર કરે છે. અહિં પુંડરીક

ગણધર મહારાજે વૈરાગ્યવાસિત વાણીવડે સાથેના મુનિવરોને કહ્યું કે–"તપલક્ષ્મીરૂપી દૂતિદ્વારા **મુક્તિરૂપી સ્ત્રીના** અંગને ચાહનારા માટે ખરેખર અપૂર્વ એવો આ પર્વત કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે **સ્થાનરૂપ છે** જેથી શુક્લધ્યાન ધરો."

આ પ્રમાણેની પુંડરીકસ્વામીની વૈરાગ્યવાહિની વાણીવડે આલોચના કરતા, સકળ જંતુને ખમાવતા અનંત જ્ઞાનવાળા, અનશન સ્વીકારેલા, શુક્લધ્યાનથી સમસ્ત પાપોને ધોઇ નાંખનારા ક્ષપકશ્રેણી પર આરૂઢ થયેલા, એક માસના અણસણ બાદ **ચૈત્ર શુદિ પૂર્ણિમાએ** સૌથી પ્રથમ પુંડરીકસ્વામી ને પછી અન્ય મુનિવરોને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું અને પછી પાંચ કરોડ મુનિવરો સાથે મોક્ષમાં પધાર્યા. ત્યારબાદ દેવોએ આવી તેઓનો નિર્વાણ મહોત્સવ કર્યો, અને અતિ તુષ્ટ થયેલા શ્રી ભરતમહારાજે સુંદર રત્નમય ઊંચું ચૈત્ય બનાવી તેમાં પુંડરીકસ્વામી સહિત શ્રી આદિજિનની મૂર્તિની સ્થાપના કરી.

આ પવિત્ર તીર્થ પ્રાયઃશાશ્વતું હોવા છતાં આ ચોવીશીમાં પ્રથમ આદિનાથ ભગવાન પ્રથમ પધાર્યા તેમજ પુંડરીકાદિ સાધુઓના મોક્ષના કારણભૂત બનવાથી પ્રથમ તીર્થ બન્યું–ઉત્પત્તિ થઈ.

પ્રથમ જિનેશ્વર પ્રભુ આ તીર્થની પવિત્રતા, અપૂર્વતા, સર્વશ્રેષ્ઠતા અને ઉત્પત્તિ જણાવી ગયા છે, જેથી દરેક તીર્થો કરતાં શ્રી શત્રુંજયગિરિ વિશેષ મહિમાવાળો હોવાથી આત્મા સાથે જોડાયેલા દુષ્કર્મોનો નાશ આ તીર્થની ભક્તિ, ઉપાસના, શ્રદ્ધાપૂર્વક કરનાર મનુષ્ય જલ્દી મોક્ષ પ્રાપ્ત કરે છે. આ ગિરિપર અનેક તીર્થંકરો, કેવલીઓ, ગણધરો, પવિત્ર પુરુષોની સ્પર્શનાથી પરમપવિત્ર થયેલો હોવાથી અનેક પ્રાણીઓ મોક્ષે ગયાના શાસ્ત્રોના દૃષ્ટાંતોથી તે સિદ્ધ થાય છે.

### **સર્ગ છઠ્ઠો** (પા. ૭૭ થી પા. ૮૧ સુધી.) **ભરતનું નિર્વાણ.**

આ સર્ગમાં પ્રભુનો નિર્વાણ મહોત્સવ દેવ અને મનુષ્યે ભક્તિપૂર્વક કર્યો, બાદ ભરતમહારાજે તે સ્થળે **સિંહનિષદ્યા** નામનો પ્રાસાદ બનાવી ચોવીશ જિનેશ્વરોની સ્વસ્વદેહપ્રમાણ લાંછન યુક્ત મૂર્તિઓની સ્થાપના કરી, તેમજ પોતાના ભાઈઓની પણ રત્નમય પ્રતિમાઓ સ્થાપી અને પોતાની પણ સેવાપરાયણ મૂર્તિ બનાવી પૂજા, સ્તુતિ વગેરે પ્રકારે ભક્તિ કરી. પ્રભુના નિર્વાણથી ભરત મહારાજને થયેલ શોકનું તેમના અમાત્યે એ નિવારણ કર્યું, પછી ભરત મહારાજને અરિસા ભવનમાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, છેવટે મોક્ષગમન થાય છે. વગેરે વૃત્તાંતો આ સર્ગમાં છે.

### **સર્ગ સાતમો** (પા. ૮૨ થી પા. ૮૬ સુધી.) **શ્રી શત્રુંજય મહાત્મ્ય વર્ણન.**

શ્રી શત્રુંજય તીર્થનું આ કાળમાં અનુપમ માહાત્મ્ય શી રીતે થયું તેનું વર્ણન હવે આ સર્ગમાં આપવામાં આવે છે. કોઇ મનુષ્ય તીર્થમાહાત્મ્ય જાણી શ્રદ્ધાપૂર્વક અને વિધિવિધાન સહિત યાત્રા કરે તો કઠીનમાં કઠીન કર્મોનો નાશ થતાં જલ્દી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

આચાર્ય મહારાજ મંત્રી વસ્તુપાળને કહે છે કે–હે વસ્તુપાળ ! શ્રી ઋષભદેવ પરમાત્માએ વિશ્વ-પરોપકારને માટે શ્રી શત્રુંજય ગિરિને સર્વ તીર્થોને વિષે શ્રેષ્ઠ દર્શાવ્યો છે. હે મંત્રીશ્વર ! તે ગિરિનો અદ્ભુત પ્રભાવ છે. જેને કહેવાને માટે બૃહસ્પતિની શ્રેષ્ઠ વાણી પણ શક્તિમાન નથી. તે ગિરિવરની યાત્રાની ઇચ્છા માત્રથી પ્રાણીઓ વગર પ્રયાસે શીઘ્ર સમકિત પ્રાપ્ત કરે છે, તેને જોવા માત્રથી પુણ્ય લક્ષ્મી આધીન બને છે, અને સ્પર્શવાથી સહેજે મોક્ષલક્ષ્મી પ્રાપ્ત થાય છે. આ રીતે ગુરુમહારાજ આ તીર્થનો મહિમા–પ્રભાવ જણાવી આ તીર્થના રક્ષક યક્ષ **કપર્દી**નું વૃત્તાંત જણાવે છે.

આ તીર્થની તલાટીમાં પાદલિપ્તસૂરિથી સ્થાપાયેલ **પાલીતાણા** નામના નગરમાં ચોરી, ક્રૂરતા, **જુગાર**, અસત્ય અને મદિરાદિ વ્યસનોમાં આસક્ત **કપર્દી** નામનો મુખી (પટેલ) રહેતો હતો. તેને પાપસમૂહથી પૂર્ણ એવી **અનઘા** નામની ઉગ્ર સ્વભાવવાલી સ્ત્રી હતી. એક દિવસ મદ્યપાનથી ચકચૂર બનેલ, હસ્તમાં મદ્યપાત્રને ધારણ કરતા ખાટલા ઉપર બેઠેલ કપર્દી પોતાના આંગણે આવેલ બે મુનિવરો જોઇ, ભૃકુટી નમાવવા માત્રથી નમસ્કાર કરી બન્ને મુનિવરોને દહિં, દૂધ, છાશ વગેરે જેની જરૂર હોય તે પૂછે છે અને તમારું દર્શન મારા માટે ખરેખર નવીન છે. એમ જણાવે છે પછી કપર્દીએ મુનિઓને આવવાનું કારણ પૂછતાં તેને મુનિવરો જણાવે છે કે–અમારા ગુરુ યાત્રાર્થે હમણાં અહીં આવેલ છે, અને વળી વર્ષાકાળ પણ આવી પહોંચ્યો છે જેથી અમારા ગુરુને ચાતુર્માસ કરવા ઉપાશ્રય જોવે છે તે માટે અમો તમારી પાસે આવ્યા છીએ. કપર્દીએ કહ્યું કે આ મારું સ્થાન ઉપદ્રવ રહિત હોવાથી ભલે તમે ગ્રહણ કરો, પરંતુ તમારે મને અહિં રહો ત્યાં સુધી બીલકુલ ઉપદેશ આપવો નહિં. 'ભલે' તેમ કહી તે મુનિવરો ગુરુ સહિત તેના સ્થાનમાં રહે છે. સ્વાધ્યાયમાં લીન એવા તે મુનિવરો વર્ષાકાલ વિતતા તરત જ તે ગામમાંથી ચાલી નીકળતા પોતાની પાછળ આવેલ કપર્દીને મુનિવરોએ કહ્યું કે–તેં અમોને વસતિસ્થાન આપી અમારા ઉપર સર્વથા ઉપકાર કર્યો છે, છતાં અમો પ્રત્યુપકાર કરી શક્યા નથી તો પણ હમણા તારી આજ્ઞા હોય તો તને કંઈ ઉપદેશ આપી અમો અનૃણી થઇએ. કપર્દી કહે છે કે–મને નાનો પણ કોઈ નિયમ ન આપવો પરંતુ ઉત્તમ પ્રભાવવાળો કોઈ મંત્ર હોય તો તે સંભળાવો. કોઈ પણ પ્રકારે દુષ્ટ કર્મો ઓછા થવાના હોય, ભાવિ સારું થવાનું હોય તો તેવા મનુષ્યને તેવી ઇચ્છા થાય છે. પછી મુનિવરોએ કપર્દીના અંતઃકરણમાં પરમેષ્ઠી (નવકાર) મંત્રનું સ્થાપન કરી કહ્યું કે તારે સૂતા, ખાતા, પીતા, પ્રથમ આ અદ્ભુત મંત્રનું સ્મરણ કરવું, કારણ કે આ નમસ્કાર મંત્રનો પ્રભાવ મહાન્ છે. આ મંત્ર કલ્પવૃક્ષ છે જ્યાં ચિંતામણિ રત્નની જરૂર પડતી નથી જેના ચિત્તમાં આ પંચપરમેષ્ઠી નમસ્કાર વસે છે તેના કદિ નાશ ન થઇ શકે તેવા કઠિન પાપો તો દૂરથી નાશી જાય છે. વળી આ શત્રુંજય ગિરિવર ઉપર યુગાદિ જિનેશ્વર શ્રી ઋષભદેવને હંમેશાં સવાર સાંજ નમસ્કાર કરવો. ગિરિવરોમાં શ્રેષ્ઠ આ વિમલગિરિ પર્વત છે જ્યાં જગતના ગુરુ પરમાત્મા પોતે રહ્યા હતા. સમસ્ત જગતના આંતરિક મળોનો નાશ કરવાથી તેનું **વિમલગિરિવર** અને વિશ્વના આંતરિક શત્રુઓનો જય કરવાથી **શત્રુંજય** તેવું બીજું નામ પ્રખ્યાત છે. આ ગિરિવરનું ભાવપૂર્વક સેવન કરનાર મોક્ષલક્ષ્મી સ્વયં આવી મળે છે, કારણ કે આ ગિરિવર પર ગણધરોમાં શ્રેષ્ઠ **પુંડરીક** ગણધર પાંચ કરોડ મુનિવરો સાથે **ચૈત્રી પુનમે** મોક્ષ મેળવેલ છે. **દશ કરોડ** મુનિવરો સાથે **દ્રાવિડ** અને **વારિખિલ્લ, દશ કરોડ મુનિ**ઓ સાથે, **નમિ** અને **વિનમિ, બે કરોડ** મુનિરાજ સાથે, **વાલિમુનિ,** આદર્શ મહાન પુરુષ **રામચંદ્રજી, ભરત** અને **થાવચ્ચા** પુત્ર, શોક રહિત, **શુકમુનિ બે હજાર** મુનિઓ સાથે, **પાંચસે સાધુ**ઓ સાથે **શેલકમુનિ, કુંતા** અને **પાંચ પાંડવો** સાડા ત્રણ કરોડ મુનિવરો સાથે, પ્રદ્યુમ્નાદિ કુમારો, અતિમુક્તક મુનિવરના ઉપદેશથી નારદ મુનિ અહિં મોક્ષે ગયા છે. વળી શ્રી **નેમિનાથ** બાવીશમા જિનેશ્વર સિવાય તેવીશ તીર્થંકર ભગવાનોએ પોતાના પવિત્ર ચરણથી આ તીર્થને પાવન કરેલ છે. અહિં જન્મેલા તિર્યંચો પણ ધન્યવાદને પાત્ર છે, તેની ઉપાસના કરવાની ભાવનાવાલાને પણ અમો વિશેષ ધન્યવાદને પાત્ર માનીયે છીએ.

આ પ્રમાણે નમસ્કાર મંત્રનો અપૂર્વ મહિમા અને શત્રુંજયગિરિની પવિત્રતા અને માહાત્મ્ય તે મુનિવરો કપર્દીને સંભળાવી વિહાર કરી ગયા.

એક દિવસ ઉગ્ર ક્રોધવાળી, કપર્દીની સ્ત્રીએ કપર્દીને કાઢી મૂક્યો, જેથી તે બહાર નીકળી શ્રી શત્રુંજયની તળેટીએ ગયો, ત્યાં વિસામો લેવા વડલાના ઝાડ નીચે બેસી થોડીવાર પછી નમસ્કારમંત્રનું સ્મરણ કરી સાથે લાવેલ મદ્યપાન પાત્રમાંથી મદ્ય પીવા જતાં તે પાત્રમાં ઝેર પડેલું જોયું. તે તપાસ કરતાં ઊંચે જોતાં તે વૃક્ષ ઉપર ગીધ પક્ષીને પકડેલા સર્પનું ભક્ષણ કરતા જોયું. પછી તે મદિરાનો ત્યાગ કરી પર્વત ઉપર ચઢ્યો. ત્યાં ત્રણ ભુવનના સ્વામી શ્રી આદિનાથ ભગવાનના દર્શનથી પોતાને થયેલ સંતાપ શાંત થયો. બાદ હર્ષિત થઈ પ્રભુને ફરી નમસ્કાર કરી ઉત્તર ભાગ તરફ ગયો. ત્યાં ઊભો રહી પરમાત્માના ચૈત્યને ફરી જોઈ નમસ્કાર મંત્રનું સ્મરણ કરી કપર્દીએ અણશણ લીધું. પછી તે તીર્થના પ્રભાવ, શુભ ભાવનાથી મરણ પામી પરભવને વિષે અખંડ પ્રભાવિક યક્ષ થયો. પછી અવધિજ્ઞાનથી પોતાના પૂર્વભવને જોતો તે ગિરિવર પર વેગપૂર્વક આવ્યો, ત્યાં પ્રભુની પૂજા કરી, પરમાત્માની પ્રાર્થના કરી, ઉપકારક ગુરુ પાસે આવી, ગુરુને નમસ્કાર કરી પોતાને પ્રાપ્ત થયેલ યક્ષપણાની સુખ-સંપત્તિ આપના ઉપદેશને આભારી છે, વગેરે શબ્દોમાં ગુરુપ્રશંસા કરતાં ગુરુમહારાજે જણાવ્યું કે—તારે અહીં રહીને પરમાત્માની આરાધના કરનાર પ્રાણીઓના પાપસમૂહને દૂર કરવા તેમજ તારે અહિં રહી પ્રભુની ઉપાસના કરવી. ગુરુનો તે આદેશ સમજી કપર્દી યક્ષ આ તીર્થ ઉપર ત્યારથી લોકોના કષ્ટને નાશ પમાડતો રહેવા લાગ્યો.

અહિં કપર્દીની સ્ત્રી અનઘા બીજાઓની નિંદાથી બ્હીતી અતિ દુષ્ટ હોવા છતાં પોતાના પાપથી સંતાપ પામતી, તે શત્રુંજયના શિખર ઉપર ચડી પરમાત્માને નમસ્કાર કરી તેણે અણશણ સ્વીકાર્યું, બાદ મૃત્યુ પામી, તીર્થના માહાત્મ્યવડે હસ્તીના રૂપને ધારણ કરનાર દેવ બની કપર્દી યક્ષના વાહન-રૂપ થયો. હસ્તીના વાહનવાળા કપર્દીના ડાબા હાથમાં ચક્ચકિત પાશ અને જમણા હાથમાં પ્રકાશિત અંકુશ, તેમજ નીચે બંને હાથ પૈકી એકમાં વરદ અને બીજામાં બીજોરૂં ધારણ કરનાર આ યક્ષ શત્રુંજયના શિખર ઉપર સ્થાપન કરાવવામાં આવતાં લોકોની પૂજાને પાત્ર બન્યો છે. (પા. ૮૨ થી પા.૮૫)

હવે આ તીર્થનું વિશેષ માહાત્મ્ય જણાવતાં ગ્રંથકાર આચાર્યશ્રી શત્રુંજયના થયેલા ઉદ્ધારનું વર્ણન કરે છે.

પ્રથમ આ તીર્થ ઉપર **ભરત** મહારાજે ચૈત્ય બનાવ્યું હતું, સમય જતાં જીર્ણ થતાં ઘણા રાજાઓએ જીર્ણોદ્ધાર કર્યો છે. **સગર** ચક્રવર્તીએ તે ચૈત્યને નૂતન કરાવ્યું. પછી **શ્રી રામચંદ્રજીએ** તે ચૈત્યનો જીર્ણોદ્ધાર કરાવ્યો, બાદ પાંડવોએ તે મંદિરનો પુનરોદ્ધાર કરાવ્યો, પછી મહુવાના રહેનાર **જાવડશાહે** શાસન દેવના આદેશ પ્રમાણે પુષ્કળ દ્રવ્ય ખરચી ચંદ્રકાન્ત મણિનું બિંબ તે જિનાલયમાં સ્થાપન કર્યું. પછી વલ્લભી-પુરના **રાજા શિલાદિત્યે** નવીન જિનાલય કરાવ્યું. ત્યારબાદ સિદ્ધરાજ જયસિંહના મંત્રી **આશુકે** આ તીર્થની પૂજા કરી તેની તલાટીમાં ચૈત્ય કરાવી **શ્રી નેમિનાથ** પ્રભુનું ભક્તિપૂર્વક બિંબ ભરાવ્યું. અને સાથે લોકોની તૃષા શાંત કરવા એક વાવડી કરાવી અને તીર્થની પૂજા માટે બાર ગામ સિદ્ધરાજ મારફત અપાવ્યા. પછી કુમારપાળ રાજાના મંત્રીશ્વર ઉદયનના પુત્ર **બાહડમંત્રીએ** ( શ્રીમાળી વણિક ) લાંબા સમય બાદ પોતાના પરિજનદ્વારા આ તીર્થનો ઉદ્ધાર કરવાનો મનોરથ જાણી શ્રી ઋષભપ્રભુનું નવું જિનાલય કરાવ્યું અને આ તીર્થની તળેટીમાં સુંદર **કુમારપુર** નામનું નગર વસાવ્યું. આ તીર્થ ઉપર કુમારપાળ ભૂપાળે **ત્રિભુવનપાળ વિહાર** નામનું ચૈત્ય બંધાવી શ્રી પાર્શ્વનાથ પ્રભુનું બિંબ ભરાવ્યું. વાગ્ભટ મંત્રિએ તીર્થની આસપાસ બગીચાઓ બનાવ્યા. આચાર્ય શ્રી વિજયસેનસૂરિજી વસ્તુપાળને કહે છે કે—હે વસ્તુપાળ ! આ

પ્રમાણે મેં શાસ્ત્રાનુસારે મેં તીર્થ પ્રભાવને કંઇક સંભળાવ્યો, આ તીર્થનું સંપૂર્ણ માહાત્મ્ય મારા જેવાની વાણીથી કહી શકાય જ નહિં. સંસારસમુદ્રમાં ડુબતા પ્રાણીઓને બેટ સમાન, પાપને નષ્ટ કરનાર, ધર્મ માટે કિલ્લા સમાન આ તીર્થ પર ચડતા પ્રાણીઓને શિવપદની પ્રાપ્તિ થાય છે.

આ સર્ગમાં શ્રી શત્રુંજય તીર્થના ઉદ્ધારનું વર્ણન એટલું બધું સુંદર અલંકારિક ભાષામાં આપેલું છે, જે મનનપૂર્વક વાંચવાની ભલામણ કરીએ છીએ. ( પા. ૮૫ થી પા. ૮૬ )

બાહડનો ઉદ્ધાર એ ચૌદમો હતો જે સંવત ૧૨૧૩ માં થયો હતો. શ્રી વસ્તુપાળની આ સંઘ મહાયાત્રા તે પછી સં. ૧૨૭૭ માં થઈ હતી. ત્યારબાદ પંદરમો ઉદ્ધાર **સમરાશાહ** નામના ઓસવાલે સંવત ૧૩૭૧ માં, સોળમો વર્તમાન ઉદ્ધાર કર્માશાહે કરાવેલ છે. તે **સમરાશાહ** અને **કર્માશાહ**નાં ચરિત્ર સાથે આ ઉદ્ધારનાં વર્ણનની ઐતિહાસિક હકીકત આ સભા તરફથી ગ્રંથરૂપે પ્રસિદ્ધ થયેલ છે, તે વાંચકોને વાંચવા ભલામણ કરીએ છીએ.

**સર્ગ આઠમો** ( પા. ૮૭ થી પા. ૧૨૭ ) **શ્રી જંબુસ્વામી ચરિત્ર.**

**શ્રી જંબુસ્વામી**ના પૂર્વભવથી મોક્ષમાં પધારતા સુધીનું ટૂંકમાં ચરિત્ર આ સર્ગમાં આપવામાં આવેલું છે. શ્રી જંબુસ્વામીના વિસ્તારપૂર્વક ચરિત્ર ગુજરાતી ભાષામાં અગાઉ અન્ય તરફથી પ્રગટ થયેલ છે તેમજ, શ્રી [1]વસુદેવ હિંડીના અનુવાદમાં પણ આપવામાં આવેલ છે એટલે આ સર્ગમાં સારાંશ અહિં આપવામાં આવેલ છે.

જેમ આ ચોવીશી અને આ ક્ષેત્રમાં પ્રથમ મારુદેવી માતા મોક્ષમાં બિરાજમાન થયા છે, તેમ શ્રી જંબુસ્વામી છેલ્લા મોક્ષમાં પધાર્યા છે, તે પછી આ ક્ષેત્ર અને આ કાળના પ્રાણીઓ માટે મોક્ષગમન બંધ છે.

જંબુસ્વામીના પૂર્વભવ **ભવદેવ**નું વૃત્તાંત, મહાવિદેહમાં થયેલ **શિવકુમાર**નો ભવ, અને જંબુસ્વામીના ભવનું વર્ણન આપવામાં આવેલ છે. જંબુકુમાર **રૂષભદત્ત** શ્રેષ્ઠીના પુત્ર હતા. માતાનું નામ **ધારિણી** હતું. એક વખત માતપિતા **સુધર્માસ્વામી** ગણધર મહારાજને વંદન કરવા જતાં પોતાને પુત્ર થશે કે નહિ તેમ પૂછતાં મુનિઓનો તે ધર્મ નહિં હોવાથી **સિદ્ધ**પુત્ર વિદ્યાધરે ગણધર મહારાજ પાસે જંબુવિચાર સાંભળ્યો હતો, તેથી ધારિણીને **એક સો આયંબીલ તપ** કરવા અને તે તપ પૂર્ણ થયા બાદ સિંહ સ્વપ્ને સૂચિત પુત્ર થવાનું જણાવ્યું. યોગ્ય સમયે **જંબુ**કુમારનો જન્મ થાય છે. તેજ નગરીમાં જંબુકુમારની ભવિષ્યમાં થનારી સ્ત્રીઓ જુદા જુદા શ્રેષ્ઠીને ઘેર પુત્રીઓ તરીકે જન્મે છે. અહિં જંબુકુમાર યોગ્ય વયનાં થતાં એક વખત સુધર્માસ્વામી તે જ ઉદ્યાનમાં પધાર્યા, જ્યાં સુધર્માસ્વામીએ દેશના આપતાં સંસારનું અસાર સ્વરૂપ જણાવી, ચિરસ્થાયી જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ રત્નત્રયીનું આરાધન કરવા સાથે સાધર્મી વાત્સલ્ય, જિનભવન કરી સમ્યક્ત્વ ઉપાર્જન કરવું, વગેરે સ્વરૂપ જણાવ્યું. ( પા. ૯૨ થી ૯૩ )

ગણધર મહારાજનો ઉપદેશ શ્રવણ કરી, તેમને નમસ્કાર કરી વ્રત કરવાના મહોદ્યમવાળા જંબુકુમાર સ્વગૃહે આવી, માતપિતાને પ્રણામ કરી, ચારિત્ર અંગીકાર કરવા જણાવ્યું. રાગ, મોહને વશ થયેલા માતાપિતાએ પોતાની મુશ્કેલીઓ, દુઃખ અને પોતાના મનોરથોનો ભંગ થતો હોવાથી જણાવ્યું કે–

૧. આ વસુદેવ હિંડી ભાષાંતર છપાઈ ગયેલ છે, થોડા સમયમાં બહાર પડશે.

તારા માટે અતિ સૌંદર્યવાન આઠ કન્યાની અમે તે તે કન્યાઓના પિતા પાસે માંગણી કરી છે, તો તેને પરણી અમોને આનંદ પમાડ વગેરે કહી ચારિત્ર નહિં લેવા જણાવે છે. છેવટે જમ્બુકુમાર વ્રત લેવાના અડગ નિશ્ચયવાળા હોવાથી પોતાના માતપિતાને જણાવ્યું કે-તમો રજા નહિં આપો ત્યાંસુધી હું બ્રહ્મચર્યવ્રતનું પાલન કરીશ, માત્ર તમારા કુતુહલને માટે હું પાણિગ્રહણ કરીશ અને બીજે દિવસે વ્રત ગ્રહણ કરીશ. તે રીતે માતપિતાએ સ્વીકાર્યું. હવે કન્યાઓના પિતાઓને અને તે કન્યાઓને પણ જણાવ્યું જેથી કન્યાઓએ પણ આ ભવ તેમજ પરભવમાં જમ્બુકુમાર જ અમારા શરણભૂત છે, તેમ જણાવતાં પણ માતપિતાએ આઠ કન્યાઓ સાથે પાણિગ્રહણ કરાવ્યું. કામજ્વરથી પીડિત તે કન્યાઓ સાથે, શયનગૃહમાં સંયમ લેવા માટે વિવિધ વાર્તાલાપ ચાલે છે, દરમ્યાન **પ્રભવ** નામનો ચોર ત્યાં ચોરી કરવા આવે છે. પ્રભવની વિદ્યા ત્યાં નિષ્ફળ જાય છે; કારણ કે જમ્બુકુમાર તદ્ભવ-મોક્ષગામી આત્મા હોવાથી તેના ઉપર કોઈ વિદ્યા ચાલી શકતી નથી. અહિં પ્રભવે શ્રી જંબુકુમારને દીક્ષા કેમ લ્યો છો તે પૂછતાં મધુબિન્દુ વગેરે દષ્ટાંતો જમ્બુકુમાર આપે છે. પછી જમ્બુકુમારને તેમની યૌવનાવસ્થા હોવાથી ચારિત્રની દુષ્કરતા જણાવી નહિં લેવા આઠે સ્ત્રીઓ જુદા જુદા દષ્ટાંતો આપે છે, અડગ નિશ્ચયવાળા જમ્બુકુમાર તે આઠ સ્ત્રીઓને ચારિત્ર લઈ બરાબર પાલન કરવાની પોતાની શકિત માટે દરેક સ્ત્રીઓના દષ્ટાંત સામે આઠ બીજી કથાઓ આપે છે. (પા. ૯૪ થી પા. ૧૨૪) તે કથાઓ જાણવા જેવી છે. છેવટે પ્રભવ, તેના પાંચસો સાથીદારો, આઠે સ્ત્રીઓ, જમ્બુકુમારના માત-પિતા તથા તેના સાસુ સસરાઓ દીક્ષા લેવાની ભાવનાવાળા થતાં સુધર્માસ્વામી પાસે આવી નમન કરી ચારિત્ર લેવાની ઈચ્છા જણાવતાં ગણધર મહારાજે પોતાના હસ્તકમલથી જમ્બુકુમાર સહિત **૫૨૭** ને દીક્ષા આપી. બાદ સુધર્માસ્વામીએ દેશનામાં શ્રેણિકના પુત્ર કોણિક વગેરેને જમ્બુકુમારનું ચરિત્ર સંભળાવે છે. જમ્બુકુમાર ચરમ કેવળી છે, પછી કેવળીપણાનો વિચ્છેદ થવાનો છે, તેમ જણાવ્યા બાદ સુધર્માસ્વામી જંબુસ્વામી સહિત **શ્રી મહાવીર પ્રભુ** પાસે પધાર્યા. શ્રી મહાવીરસ્વામી પછી દશ વર્ષ વ્યતીત થયા બાદ જમ્બુસ્વામીને ગચ્છભાર સોંપી સુધર્માસ્વામી મોક્ષમાં પધાર્યા. પછી જમ્બુ-સ્વામી પ્રાણી માત્રને પ્રબોધવા લાગ્યા અને ૬૪ વર્ષ બાદ જમ્બુસ્વામીએ પ્રભવને પોતાની પાટે સ્થાપ્યા અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષમાં પધાર્યા.

**સર્ગ ૯ મો.** (પા. ૧૨૮થી પા. ૧૪૦)

આ સર્ગમાં તપ માહાત્મ્ય ઉપર **શ્રી યુગબાહુ**નું કથાનક આપેલ છે. તપશ્ચર્યા એ સંપત્તિરૂપ વેલડીનું મૂળ અને દુઃખરૂપી કાષ્ટોને દગ્ધ કરવામાં સૂર્ય સમાન છે.

પાટલીપુત્ર નામના નગરમાં **શત્રુમર્દન** નામના રાજાને **મદનરેખા** નામની રાણી હતી. તે રાજાને **મતિસાગર** નામનો મંત્રી હતો.

એક દિવસ પ્રાતઃકાળમાં અંતઃપુરમાં ગયેલા રાજાએ પોતાની રાણીને ચિંતાતુર જોઈ, રાજાએ રાણીને તેનું કારણ પૂછતાં રાણી બોલી કે મને નિઃસંતાનપણા સિવાય અન્ય દુઃખ નથી તેમ જાણી પોતાની કુલદેવીની ત્રણ કાળ આરાધના કરતાં કુલદેવીનું વરદાન મેળવી, હર્ષિત ચિત્તવાળા રાજવીએ પુત્ર પ્રાપ્ત કર્યો. તેનું નામ **યુગબાહુ** રાખવામાં આવ્યું. કેટલોક સમય વીત્યાબાદ કુમારે સર્વ કળાઓ પ્રાપ્ત કરી લીધી. એક વખત પંડિતોને શસ્ત્ર અને શાસ્ત્ર વિદ્યા શિખવવા માટે સૂચના કરી.

કોઈ એક વખતે યુગબાહુ કુમાર બહાર ઉદ્યાનમાં કોઇ એક મુનિરાજ પાસે જઇ નમસ્કાર કરી

કયા ઉપાયથી લોકોત્તર કળાની પ્રાપ્તિ થાય? મુનિરાજે કહ્યુ કે—હે રાજપુત્ર! કર્મની અનુકૂળતાને લીધે જ **આ** શુભ સામગ્રી પ્રાપ્ત થાય છે. **જ્ઞાનપંચમી** તીથીની તપશ્ચર્યાથી તેમજ સરસ્વતીની આરાધનાથી પ્રાણીઓને શુભ કર્મોદય થાય છે. પછી **કલાકામગવી નામનુ** સરસ્વતીનું મંદિર તે નગરમાં છે, ત્યાં જઈ યુગબાહુ, તપશ્ચર્યાપૂર્વક ૭ માસ સુધી ત્રણે કાળ આરાધન કરવામાં લયલીન બની ગયો.

દરમ્યાન વર્ષાકાળ આવી પહોંચ્યો. અહિં વર્ષાકાળમાં પૃથ્વી પર અને આકાશમાં શું શું બને છે, કેવું વાતાવરણ દેખાય છે તેનું વર્ણન (પા. ૧૩૦) ગ્રંથકર્ત્તા આપે છે. તે વખતે નગરની બહાર આવેલ **ગંગા** નદી મર્યાદા રહિત થતાં નગર તરફ આવી રહી છે અને નાગરિક લોકો તેથી વ્યાકુળ બન્યા છે, જેથી જે કરવા લાયક હોય તે કરવા મંત્રી શત્રુમર્દન રાજાને જણાવે છે.

રાજવી યુગબાહુને સુવર્ણનું પુતળું લઈને જળપૂજા કરી લોકોને જલ્દી શાંતિ પમાડવા ફરમાન કરે છે. કુમાર ગંગાનદીના જળ પાસે આવી, વિવિધ પ્રકારની પૂજા કરી, નદીના જળમાં તે પૂતળું પધરાવે છે; દરમ્યાન તે પ્રદેશના નજીકના ભાગમાં રાજપુત્ર કોઈ એક સ્ત્રીનો કરુણ ધ્વનિ સાંભળે છે, તેટલામાં કોઇ એક સ્ત્રી જળ મધ્યે પ્રગટી નીકળી અને બોલી કે, કોઈ એવો સાહસિક પુરુષ છે કે જે ગંગાને ભેટણા તરીકે અપાયેલ મારો ઉદ્ધાર કરી શરણભૂત બને? અને હે રત્નગર્ભા પૃથ્વી! મારા પ્રાણોનું રક્ષણ કરે તેવા કોઈપણ પુરુષને તારાથી જન્મ અપાયો નથી! આવી રીતે ઉપાલંભપૂર્વક તેનું વચન સાંભળી યુગબાહુ કુમાર પોતાની સાથેના પરિવારને નહિં ગણકારતો, નદીના પ્રવાહમાં તણાતી તે બાળાને બહાર કાઢવાને પરોપકાર માટે ઉત્સાહપૂર્વક નદીમાં પડ્યો, અને તરતો તરતો જેમ જેમ તેણીની નજીક ગયો, તેમ તેમ તે કન્યા દૂર દૂર જવા લાગી. સાથે સાથે તે કુમાર પણ અદૃશ્ય થઈ જાય છે.

પછી રાત્રીસમયે દુઃખી અને ચિંતાતુર હૃદયવાળા સૈનિકોએ નગરમાં આવી રાજાને જણાવતાં રાજા તરત જ મૂર્ચ્છિત થાય છે. સચેતન થતાં મંત્રી શુભાશુભ કર્મના ઉદયવડે પ્રાણીને સુખદુઃખ આવ્યા કરે છે. (પા. ૧૩૨) વગેરેથી રાજાને કર્મનું સ્વરૂપ જણાવે છે. પ્રાતઃકાળ થતાં એક પુરુષ આવી યુગબાહુ કુમારના આગમનના સમાચાર રાજાને જણાવે છે. રાજા તેને ઈનામ આપી—સંતોષી જેવો ઊભો થાય છે તેવામાં યુગબાહુ કુમાર આવી પહોંચે છે. નમસ્કાર કરતાં પુત્રને આલિંગન આપીને રાજા, કુમારને નદીમાં અદૃશ્ય થયા પછી શું બન્યું તે જણાવવા ફરમાવે છે.

કુમારે કહ્યું કે મૂર્ચ્છા પામેલી તે સ્ત્રીની પાછળ પાછળ જતાં હું ક્યાં જાઉં છું વગેરે વિચાર કરું છું ત્યાં મેં મારી જાતને એક રેતીવાળા પ્રદેશ ઉપર સચેતન જોઈ, અને જોઉં છું તો જળનું પૂર, તે સ્ત્રી, તે ગંગા નદી કંઈપણ ત્યાં નહોતું. ઈંદ્રજાળ જેવું આ જોતાં ત્યાંથી ઊભા થઈ એક કલ્પવૃક્ષવાળું વન જોઈ આગળ ચાલતાં કુમાર સાત માળવાળો એક મહેલ જુવે છે. તેમાં પ્રવેશ કરી જેવો છઠ્ઠા માળે ગયો તેવામાં એક પ્રતિહારિણી જેનું નામ **શબ્દવિદ્યા** છે, તેણે પોતાની સ્વામીની **શ્રી શારદાદેવી** નામની દેવી એ કુમારને બોલાવે છે, તેમ કહેતાં તેની સાથે કુમાર શારદાદેવી નજીક પહોંચે છે, જ્યાં તુંબરું નામના ગંધર્વોના મનોહર સંગીત, અપ્સરાઓના મનોહર નૃત્યને નિહાલતી ને પોતે વીણા વગાડતી, સુવર્ણ કમળ ઉપર બેઠેલી, એક હાથમાં પુસ્તકને ધારણ કરતી, ડાબી અને જમણી બાજુમાં **તર્કવિદ્યા** અને **સાહિત્યવિદ્યા**રૂપ બે ચામર ધારણીઓવડે ચામર વીંજાતી એવી શાંત અને પવિત્ર મૂર્તિ, ઉજ્જવળ વસ્ત્ર ધારણ કરેલી શારદાદેવીને મેં જોઈ; અને તે દેવીને નમસ્કાર કર્યા પછી દેવી તેને પાદપીઠ ઉપર

બેસાડે છે. પછી દેવી કહે છે કે–તું આશ્ચર્ય ન પામીશ, સ્તવના અને પૂજનદ્વારા આરાધના કરનાર તારી મેં ગંગા નદીની કન્યાના રૂપમાં પરીક્ષા કરી છે અને મારું ક્રીડાભવન તને દેખાડવા મારી દાસી મારફત તને અહિં લાવવામાં આવ્યો છે. હે પુરુષશિરોમણિ! શા માટે તું મારી આરાધના કરી રહ્યો છે? તારાં પૂર્વનાં શુભ કર્મોથી હું પ્રસન્ન થયેલી છું, જેથી તું તારા પૂર્વભવનો વૃત્તાંત સાંભળ. (કોઈ પણ દેવની આરાધના કરતા જીવનના સત્ત્વની ખરી કસોટી થયા સિવાય દેવ પ્રસન્ન થતાં જ નથી.)

પૂર્વે **પુ**ષ્પનગરમાં કોઈ એક દરિદ્ર પુરુષ રહેતો હતો. એક દિવસ કૌમુદી ઉત્સવ પ્રસંગે નાગરિક લોકોને ઉત્સવ ઉજવતા જોઈ, પોતાની ગરીબાઈને જાણી તું મૃત્યુ પામવા ઇચ્છવા લાગ્યો, તેમજ આ વિષયમાં પુણ્ય અને પાપ જ કારણભૂત હોવાથી હું સંપત્તિ વગરનો દુઃખ પામું છું, હવે ભવાંતરમાં હું દુઃખી ન બનું તેમ વિચારીને ભૈરવ નામના પર્વત ઉપર ઝંપાપાત કરવા જાય છે. તે ભૈરવ નામના પર્વત ઉપર જઈ ઇષ્ટદેવને નમસ્કાર કરી જોવામાં ત્યાં આસપાસ દૃષ્ટિ ફેંકે છે તેવામાં અશોક નામના વૃક્ષની નીચે સમતાધારી એક **મુનિરાજ**ને જોઈ, ભાવથી તેને નમસ્કાર કરી, તેમની પાસે બેઠો. ધ્યાન પૂર્ણ થતાં ત્રણ જ્ઞાનવાળા તે મુનીશ્વરે ઉપકારનું કારણ જાણી તેને પૂછ્યું કે–ક્યાંથી આવ્યો? આ નિર્જન વનમાં તું અદ્ભુત આનંદવાળો કેમ જણાય છે? દરિદ્ર પુરુષ કહે છે કે આપના પવિત્ર દર્શનવડે કૃતાર્થ થવાથી હવે પછીનો મારો ભવ વિશુદ્ધ થશે તેમ માનું છું. મુનીશ્વર કહે છે કે–રત્ન ચિંતામણિ સમાન મનુષ્યભવ વારંવાર મળવો દુર્લભ છે, તેનો સદ્ઉપયોગ કર્યા સિવાય આપઘાત કરવાથી લાભાન્તરાય કર્મ નાશ પામતું નથી, જેથી કર્મના વિનાશ માટે તપ કરવાની જરૂર છે. મુનિ કહે છે કે–જ્ઞાનપંચમી તપનું આરાધન કરવાથી તારો મનોરથરૂપી વૃક્ષ તને સર્વ વાંછિત આપશે. (પા. ૧૩૪, પા. ૧૩૫). એ સાંભળીને દરિદ્રી પુરુષ ઘરે આવી અદ્ભુત તપશ્ચર્યા સાથે જિનેશ્વર ભગવંતની પૂજા, ગુરુવૈયાવચ્ચ વગેરે કરતાં પોતાનું આયુષ્ય પૂર્ણ કરી અન્ય ભવમાં તું યુગબાહુ નામે રાજપુત્ર થયો છે. પછી શારદા દેવીએ તે કુમારને પોતાના મનોવાંછિત પ્રમાણે શસ્ત્ર અને શાસ્ત્રવિદ્યા કુશળતાપૂર્વકનું વરદાન આપવા સાથે એક મહામંત્ર આપ્યો. તે મંત્ર ગ્રહણ કરી દેવીને નમસ્કાર કરું છું તેટલામાં મારી જાતને નદી પર જોતાં કુશળતાપૂર્વક હું આપની પાસે આવ્યો છું. આ પ્રમાણે કુમાર પોતાના પિતાને જણાવે છે.

એક દિવસ મધ્યરાત્રે સૂતેલા યુગબાહુએ રુદનનો ધ્વનિ સાંભળતાં તે દયાળુ કુમાર હાથમાં ખડ્ગને લઈને તે તરફ ચાલ્યો. ચાલતાં ચાલતાં કોઈ એક વનમાં ભયભીત નેત્રવાળી રુદન કરતી એક **કન્યા**ને વિષયાભિલાષ માટે પ્રાર્થના કરતો, ખડ્ગ સહિત એક પુરુષને પણ સાથે જોયો. સુંદર વાણીથી સમજાવતાં, તિરસ્કાર કરાયેલ તે પુરુષ તે સ્ત્રી તેની વાત કબૂલ ન કરવાથી પોતાના હાથના ખડ્ગથી તેણીને મારવા જતાં પહેલાં સ્ત્રીને ઇષ્ટ દેવની પ્રાર્થના કરવાનું કહે છે. તે સ્ત્રી તેનો જવાબ આપતાં કહે છે કે–અદ્વિતીય પરાક્રમવાળા **યુગબાહુ** કુમાર જ મારા હૃદયમાં વસેલા છે. કદાચ દૈવયોગે અત્યારે તેમનું દર્શન નહિં થાય તો ભવાંતરમાં તે મારા સ્વામી થાઓ. એમ સાંભળી યુગબાહુ કુમાર ખડ્ગ ખેંચી તે પુરુષ તરફ દોડે છે, તેવામાં તે પુરુષ કુમારને દૂર થવા જણાવે છે. કુમાર તેને અનેક રીતે સમજાવે છે છતાં ન સમજતાં બન્નેનું પરસ્પર ખડ્ગવડે યુદ્ધ થાય છે. કુમાર ઉપર તે પુરુષ નાગાસ્ત્ર મૂકે છે તેટલામાં કુમાર શારદાદેવીએ આપેલ મંત્ર યાદ કરે છે, જેથી તે પુરુષ સ્તંભિત થતાં કુમારની માફી માંગી, કુમારને શરણે આવે છે. દરમ્યાન એક શ્રેષ્ઠ વિદ્યાધર વિમાનમાંથી ઉતરી ત્યાં આવે છે, અને કુમારને જણાવે છે કે–હે યુગબાહુ! **ગગનવલ્લભ** નામના નગરમાં **મણિચૂડ** નામનો વિદ્યાધર છે, જેને **મદનાવલી** નામની રાણી અને **અનંગવતી** નામની પુત્રી છે. તેણે એવી પ્રતિજ્ઞા

કરી કે–મારા ચાર પ્રશ્નોના જવાબ આપશે તે મનુષ્ય કે વિદ્યાધર જે હશે તે મારો સ્વામી થશે. જ્યારે તેણીના પ્રશ્નોના કોઈપણ રાજાઓ જવાબ ન આપી શક્યા ત્યારે તેણીના પિતાએ નૈમિત્તિકને પૂછતાં તેણીનો સ્વામી યુગબાહુ નામનો મનુષ્ય થશે અને કાલે પ્રાતઃકાળમાં તે કન્યાને પરણવા માટે આવશે. ચાર પ્રશ્નોના જવાબ આપવામાં અશક્ત બનેલો **શંખ**નગરનો રાજા **પવનવેગ** વિદ્યાધર તે કન્યાનું હરણ કરી ગયો. તેણીનો મામો હું દૈવયોગ અહિં આવ્યો છું. કન્યા મારી ભાણેજ છે. અમને સર્વને જીવિતદાન આપનાર એવા આપનો શું ઉપકાર કરું ? તે કન્યાનો મામો રત્નચૂડ આમ કહે છે તેટલામાં કન્યાનો પિતા પણ પરિવાર સાથે ત્યાં આવે છે. નિષ્કારણ પરોપકારી એવા તમો નૈમિત્તિકના કહેવા પ્રમાણે તેના સ્વામી થવાના છો, તેમ પોતાની પુત્રીની પ્રતિજ્ઞાનું પાલન કરવા તે કન્યાનો પિતા કહે છે તેટલામાં કુમારના પિતા પણ આવી પહોંચે છે. પછી કુમારનાં પિતા નગરની બહાર સુંદર મંડપ રચે છે, તેમજ માંચડાઓ ઉપર રાજાઓ વગેરે બેસે છે. ત્યાં કુમાર, અનંગવતી અને પંડિત પુરુષો વગેરે મંડપમાં આવે છે. ત્યારબાદ અનંગવતીના ગુરુએ કુમારને જણાવ્યું કે–આ રાજપુત્રી જે ચાર પ્રશ્નો પૂછે તેના જવાબ આપો. કુમારે જણાવ્યું કે–આ વાચાહીન **સોનાની પુતળી** સામે છે, તે મારા કહેવાથી બધા જવાબો આપશે. પછી રાજપુત્રીએ આર્યાછંદમાં પૂછેલા પ્રશ્નોના ઉત્તર યુગબાહુથી પ્રભાવિત થયેલી સુવર્ણ પુતળીએ આપ્યા તે નીચે પ્રમાણે છે.

પ્રશ્ન ૧—**કળાવાન કોણ ?** ઉત્તર—**પુણ્યકાર્ય કરવાની રુચિવાળો.**

પ્રશ્ન ૨—**સારી બુદ્ધિવાળો કોણ ?** ઉત્તર—**કર્ત્તવ્ય કાર્યમાં નિપુણ.**

પ્રશ્ન ૩—**સૌભાગ્યશાળી કોણ ?** ઉત્તર—**સત્યવાદી.**

પ્રશ્ન ૪—**જગતને જીતનાર કોણ ?** ઉત્તર—**ક્રોધને વશ કરનાર.**

આ પ્રમાણે ઉત્તરો આપવાથી રાજપુત્રના પિતા હર્ષપૂર્વક કુમારના ત્યાં લગ્ન કરે છે. રાજપુત્રીનો પિતા વિદાય લે છે. ત્યારબાદ યુગબાહુના પિતા કુમારનો રાજ્યાભિષેક કરી પોતે ચારિત્રલક્ષ્મીનો સ્વીકાર કરે છે. અહીં મણિચૂડ વિદ્યાધર પણ યુગબાહુને રાજ્ય આપી સંજમ ગ્રહણ કરે છે. આવી રીતે પૂર્વભવમાં તપનું આરાધન કરેલ યુગબાહુ, તેનાથી પ્રાપ્ત થયેલ વૈભવ સાથે બંને રાજ્યનું પાલન કરતાં બંને લોકની સાધના કરે છે.

પ્રાચીન કાળમાં કન્યાઓને માબાપો મનુષ્યભવનું વ્યવહારિક, ધાર્મિક જીવન આદર્શ બનાવવા, કેવું ઉંચા પ્રકારનું શિક્ષણ આપતાં અને તે મેળવી તે કન્યાઓ આદર્શ સ્વામી મેળવવા પ્રશ્નો કે બીજી યોગ્ય રીતે પરીક્ષા કરી, લગ્નગ્રંથીથી જોડાઈ, સાંસારિક વૈભવો ભોગવતાં છેવટે બંને ભવો સુધારી લેતાં. આ કાળમાં જ્યાં બાળાઓ–કન્યાઓ વગેરેને બાલ્યાવસ્થામાં બંને પ્રકારનું શિક્ષણ આપવાની ખામી છે ત્યાં તેવી સંસ્કારી માતાઓ તરફથી અપાતા સંસ્કારોનો તો વિચાર જ કરવો ક્યાં રહ્યો ? આવા ચરિત્રો મનનપૂર્વક વાંચી તેમાંથી જે મેળવવાનું છે, તે આ જ છે.

આવી રીતે વસ્તુપાળને યુગબાહુનું ચરિત્ર ગુરુમહારાજે સંભળાવ્યું, અને મંત્રી વસ્તુપાળને મોક્ષસુખની ઈચ્છાવાળા મનુષ્યે તપનું સદૈવ સેવન કરવા ઉપદેશ્યું. અહિં આ સર્ગ પૂર્ણ થાય છે.

**સર્ગ ૧૦ મો.** (પા. ૧૪૧ થી પા. ૧૫૮)

## દીનજનો પ્રત્યે અનુકંપા ઉપર શ્રી નેમિનાથ ભગવાનનું ચરિત્ર.

**શ્રી નેમિનાથ ભગવંતના પૂર્વભવોનું વર્ણન** આ દશમા સર્ગમાં છે. અને પ્રભુનું નિર્વાણ એ ચૌદમા સર્ગમાં છે. **શ્રી નેમિનાથ ભગવંત**નું ચરિત્ર સંક્ષિપ્તમાં આપેલ છે. સંપૂર્ણ વિસ્તારપૂર્વક શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર આ સભાએ પ્રકટ કરેલું છે તે વાંચવા ભલામણ કરીએ છીએ. એટલે આ સર્ગમાં જે સંક્ષિપ્ત હકીકત છે તેનો સારાંશ માત્ર આપીએ છીએ.

શ્રી નેમનાથ પ્રભુને મોક્ષે જતાં નવ ભવ થયાં છે. પ્રથમ ભવ **ધન રાજવી**, **ધનવતી** રાણી, બીજો ભવ **સૌધર્મ** દેવલોકે, ત્રીજો ભવ **ચિત્રગતિ** અને **રત્નવતી**, ચોથો ભવ **માહેન્દ્ર** દેવલોકે, પાંચમો ભવ **અપરાજિત કુમાર** અને **પ્રીતિમતી રાણી**, છઠ્ઠો ભવ **આરણ દેવલોકે**, સાતમો ભવ **શંખકુમાર** અને **યશોમતી** અને આઠમો ભવ **અપરાજિત** નામના અનુત્તર વિમાને, આ આઠ ભવની હકીકત આ સર્ગમાં આપવામાં આવી છે.

**સર્ગ ૧૧ મો** ( પા. ૧૫૯ થી ૧૯૭ ) ***વસુદેવ યાત્રાવર્ણન.**

દશમા સર્ગમાં **શ્રી નેમિનાથ** ભગવંતના ચરિત્ર સાથે જ સંબંધ રાખતા શ્રી **વસુદેવ**ની યાત્રાનું વર્ણન આ સર્ગમાં આપેલું છે. વસુદેવ રાજા તે શ્રી કૃષ્ણ વાસુદેવના પિતા અને શ્રી નેમિનાથ ભગવંતના કાકા થતા હતા, તેથી શ્રી નેમનાથ ભગવંતના ચરિત્રમાં ઓછી વધતી હકીકત આ સર્ગમાં જણાવેલ વસુદેવ યાત્રા વર્ણન આવે છે. વસુદેવે પૂર્વભવમાં જે ઉગ્ર તપસ્યા કરેલી હતી, તેથી આ ભવમાં થયેલ અસાધારણ પુણ્યોદયે કરેલ યાત્રાનું વર્ણન છે.*

આ સર્ગમાં યદુવંશની ઉત્પત્તિ, પ્રતિવાસુદેવ જરાસંધનું વર્ણન, અંતર્ગત નળદમયંતી ચરિત્ર, છેવટે વિપુલ સંપત્તિ, વૈભવ અને પરણેલી સ્ત્રીઓ સાથે વસુદેવનું સ્વનગરે આવી જવું વગેરે વર્ણનો આ સર્ગમાં આપેલ છે.

**સર્ગ ૧૨ મો** (પા. ૧૯૮ થી પા. ૨૦૯) **કૃષ્ણ રાજ્યવર્ણન.**

શ્રી **કૃષ્ણ** એ આ ચોવીશીના છેલ્લા નવમા વાસુદેવ છે. તેમનું ચરિત્ર આ સર્ગમાં આપેલ છે. શ્રી **નેમિનાથ** ચરિત્ર, **પાંડવચરિત્ર** વગેરે ચરિત્રોમાં ઓછા વધતા પ્રમાણમાં પણ તે આવેલ છે. વળી શ્રી કૃષ્ણ વાસુદેવ હવે પછી આ ભરતક્ષેત્રમાં બારમા **અમમ** નામના તીર્થંકર થવાના છે, તે

---

* **વસુદેવહિંડી** જે પ્રાચીનમાં પ્રાચીન, પાંચમી સદીમાં **શ્રી સંઘદાસ ગણિ** મહારાજે લખેલો, જેનું મૂલ આ સભા તરફથી પ્રગટ થયેલ, અને હાલમાં થોડા વખતમાં તેનો ગુજરાતી અનુવાદ પણ આ સભા તરફથી પ્રગટ થશે તેમાં વસુદેવ જીવનવૃત્તાંત અને યાત્રાવર્ણન એટલું બધું વિસ્તારપૂર્વક અને બીજી અનેક અંતર્ગત સુંદર કથાઓ સાથે રસિક વર્ણન આવેલ છે તે વાંચવાથી વસુદેવ રાજાએ પૂર્વે કરેલ તપસ્યાવડે તેમનાં આ ભવમાં પુણ્યોદય અતુલ સંપત્તિ, વૈભવ, ભોગોપભોગ અને અનેક પત્નીઓનું પાણિગ્રહણ વગેરે અદ્વિતીય સુખ પ્રાપ્ત કર્યું છે તે માટે ઉપરોક્ત વસુદેવ હિંડી ગ્રંથ મનનપૂર્વક વાંચવાની ભલામણ કરીએ છીએ.

**અમમ ચરિત્રના** મૂળનું પણ પ્રકાશન થયેલું છે. તેમાં તેમના પૂર્વભવો, આ ભવ અને તીર્થંકર સુધીના **ભવોનું** વિસ્તારપૂર્વક વર્ણન છે. આ સર્ગમાં તો સંક્ષિપ્તમાં કૃષ્ણનો પૂર્વભવ, કંસે તેમના પિતા પાસે **કપટથી** દેવકીના સાત ગર્ભોની કરેલી માગણી, સાતમા ગર્ભ તરીકે શ્રી કૃષ્ણનો જન્મ થાય છે, તેમને માતા દેવકીના કહેવાથી ગોકુળમાં મોકલવું, વૃંદાવનમાં કૃષ્ણની બાલક્રીડા, ગોપૂજન વ્રતની થયેલ ત્યાંથી ઉત્પત્તિ, શ્રી **નેમિનાથ પ્રભુ**નો જન્મ, કૃષ્ણે કંસનો કરેલો વધ, દેવારાધનથી કૃષ્ણે પ્રાપ્ત કરેલ **દ્વારકા** નગરી અને તેમાં પ્રવેશ, શ્રી નેમિનાથ ભગવાનનો જન્મ વગેરે વૃત્તાંતો આ સર્ગમાં આપેલા છે. શ્રી કૃષ્ણ વાસુદેવના પૂર્વપુણ્યયોગે વૈભવ, ભોગોપભોગ સામગ્રી અને રાજ્યલક્ષ્મી કેટલેક અંશે બીજા વાસુદેવો કરતાં વિશેષ જણાય છે, પરંતુ આવું અસાધારણ પુણ્યબળ હોવા છતાં તેમનું મૃત્યુ જંગલમાં જરાકુમારના બાણવડે કરુણ રીતે થાય છે; કર્મનું સ્વરૂપ તેવું જ છે.

**સર્ગ ૧૩ મો.** ( પા. ૨૧૦ થી પા. ૨૩૧ ) **શ્રીકૃષ્ણ વિજય.**

આ સર્ગ બારમા સર્ગના અનુસંધાનમાં છે. શ્રીકૃષ્ણ વાસુદેવની રાણી રૂકિમણીને **પ્રદ્યુમ્ન** નામના પુત્રની પ્રાપ્તિ, બંનેનાં પૂર્વભવો અને **પ્રદ્યુમ્ન**નું ચરિત્ર, પ્રતિવાસુદેવ **જરાસંધે** કૃષ્ણ ઉપર કરેલી ચઢાઈ, બંને વચ્ચે શસ્ત્રાશસ્ત્ર યુદ્ધ, જરાસંધનો વધ, કૃષ્ણનું વાસુદેવ બનવું અને દ્વારકામાં થયેલો તેમનો રાજ્યાભિષેક વગેરે બાબતો આપી આ સર્ગ પૂર્ણ કરવામાં આવ્યો છે,

**સર્ગ ૧૪ મો.** (પા. ૨૩૨ થી પા. ૨૪૯). **શ્રી નેમિનાથ પ્રભુનું નિર્વાણ.**

શ્રી નેમિનાથ ભગવાન શ્રીકૃષ્ણ વાસુદેવના કાકાના પુત્ર થતા હતા. પ્રભુએ કૃષ્ણની આયુધશાળામાં આવી પંચજન્ય શંખ વગાડતા કૃષ્ણને ગભરાટ થાય છે, અને બંનેની બળપરીક્ષામાં કૃષ્ણ પરાજિત થાય છે. ( હકીકત એ છે કે શ્રી તીર્થંકર ભગવાન અનંત બલવાન હોય છે. તેને કોઈ દેવ, ઈંદ્ર, ચક્રવર્તી કે વાસુદેવ વગેરે પરાજિત કરી શકતા જ નથી. ) જેથી શ્રી નેમિનાથ ભગવાનને કૃષ્ણ પરણાવવા પ્રયત્ન કરે છે. અને ઉગ્રસેન રાજાની પુત્રી **રાજીમતી** સાથે વેશવાળ કરતાં શ્રી નેમિનાથ ભગવંત લગ્ન માટે ઉગ્રસેનને ત્યાં આવે છે. માર્ગમાં વિવાહ નિમિત્તે પૂરવામાં આવેલ પશુઓનો પોકાર સુણી લગ્ન કર્યા સિવાય પાછા ફરી પરમાત્મા દીક્ષા લે છે. સાથે દેવકીના છ પુત્રો પણ દીક્ષા લે છે. રાજીમતી અને કૃષ્ણની પત્નીઓ પણ સંયમ લે છે. કૃષ્ણના બંધુ **ગજસુકુમાલ**નો વૃત્તાંત, જન્મ અને મોક્ષ, **ઢંઢણ** મુનિની કથા, **રાજીમતી**નું **રહનેમિને** પ્રતિબોધ પમાડવું, **બળભદ્રજી**ની દીક્ષા અને છેવટે **રૈવતાચલ પર** પ્રભુનો થયેલ મોક્ષ, અને તે નિર્વાણભૂમિ ઉપર **શક્રેંદ્ર** શિખરમય, મણિમય, અસાધારણ શ્રી **નેમિનાથ પ્રભુ**નું ચૈત્ય કરાવે છે, ત્યારથી **રૈવતાચલ મહાતીર્થ** તરીકે પ્રસિદ્ધિ પામેલ છે. ઉપરોક્ત વર્ણનો આ સર્ગમાં આવેલ છે.

**સર્ગ ૧૫ મો** (પા. ૨૫૦ થી પા ૨૫૪). **મંત્રીશ્વર વસ્તુપાલની સંઘયાત્રા વર્ણન.**

અમૃત સરખા મધુર ગુરુમહારાજના ઉપદેશને ક્ષણે ક્ષણે સાંભળી, તીર્થયાત્રાના ઉત્સાહવાળા **શ્રી વસ્તુપાળે તીર્થયાત્રાના** પ્રયાણની શાંતિપૂર્વક તૈયારી કરી. **શ્રી ઋષભદેવ** ભગવાનને વિષે લયલીન ચિત્તવાળા શ્રી વસ્તુપાળે શ્રી સંઘસહિત પ્રયાણ કર્યું. તે સંઘમાં **૨૨૦૦** તપસ્વી **જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મુનિવરો, ૧૧૦૦ દિગંબર** મુનિઓ, ૭૦૦ તોરણ સહિત **દેવાલયો, ૧૯૦૦** તીર્થયાત્રાનો સંઘ કાઢેલ **સંઘપતિઓ,** (કે જેના મસ્તક ઉપર છત્ર ધારણ કરવામાં

આવતા હતા.) **૩૬૦૦૦ મુખ્ય શ્રાવકો** તે સર્વને સોનાના તિલક સંઘપતિ શ્રી વસ્તુપાળે અર્પણ કરેલા હતા, **૪૫૦૦ જૈન ગાયકો, ૩૩૦૦ બંદિજનો, ૩૦૦૦ મનુષ્યો** એવા હતા કે **રાજા** અને **સંઘ** તરફથી તેમને અર્પણ કરાયેલ ચામરધારીઓ, એકંદરે **સાત લાખ** ૭૦૦૦૦૦ મનુષ્યો હતા. સિવાય ૧૯૦૦ **હાથીઓ**, ૪૦૦૦ **ઘોડાઓ, ૪૦૮** ઘોડા જોડેલા રથો, **૩૩૦** બેલ જોડેલા રથો, **૨૪ હાથીદાંતના** રથો, ૧૮૦૦ **સુખાસનો**, ૧૮૦૦ **પાલખીઓ**, ૧૮૦૦ **ઘોડાગાડીઓ,** ૫૦૦૦૦ **ગાડાઓ** અને હજારો તંબુઓ તોરણ સહિત હતા. વળી નાગેન્દ્ર ગચ્છના આચાર્ય **શ્રી વિજયસેનસૂરિજી**એ સર્વ ક્રિયા કરાવી હતી, અને સૂરિમંત્રના સ્મરણપૂર્વક સંઘપતિ શ્રી **વસ્તુપાળ**ના મસ્તક ઉપર **વાસક્ષેપ** કર્યો હતો. **કાશહ્રદ** તીર્થે આવી, પડાવ નાંખી, બ્રહ્મચર્યના પાલનપૂર્વક ત્યાં શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા કરે છે. અહિં વસ્તુપાળથી અત્યંત ભક્તિ કરાવાને લીધે **શ્રી અંબિકાદેવી**એ તેને દર્શન આપી શ્રી વસ્તુપાળને સહાય આપવાનું સ્વીકારવાથી શ્રી સંઘ આગળે વધે છે.

દરેક ગામે કરાયેલ પ્રવેશ મહોત્સવોવડે સત્કાર પામતો સંઘ **શ્રી વિમલાચલે** આવતાં તેમને તળેટીમાં સ્થાપીને શ્રી ઋષભદેવ ભગવંતનાં દર્શન માટે અત્યંત આતુર ચિત્તવાળો મંત્રી વસ્તુપાળ **સિદ્ધાચળ તીર્થ** ઉપર ચઢ્યો. ગિરિરાજ ઉપર સ્નાત્ર મહોત્સવ કરવાને માટે ઉત્કંઠિત થયેલ સમસ્ત સંઘજનોને સૂર્યના તાપથી શ્રમિત થયેલા જોઈ, મંત્રીશ્વર વસ્તુપાળ પોતે જલ્દી **ઈંદ્રમંડપ** બનાવવાને આજ્ઞા કરે છે. પછી મંત્રીશ્વરે પરમાત્માના મસ્તક ઉપર **કેસર**મિશ્રિત ભરેલા જળના કળશોવડે **અભિષેક** કરી, **કસ્તુરી**ના વિલેપન, **સુવર્ણ**ના **અલંકારો,** મનોહર **પુષ્પો,** તથા સુંદર **વસ્ત્રો**થી પરમાત્માના દેહને **કલ્પવૃક્ષ** સમાન બનાવ્યો. બાદ હર્ષપૂર્વક કર્પૂર, અગરુના ધૂપની અપૂર્વ **ધૂપશ્રેણી** પ્રગટાવી અપૂર્વ ભક્તિ કરી. પછી વસ્તુપાળે દાન, સન્માન વગેરે ઉચિત કાર્ય કરી તે ગિરિરાજ ઉપર અટ્ઠાઈ મહોત્સવ કરીને મંત્રીશ્વર વિમળાચળ પર્વત પરથી નીચે ઉતરે છે.

ત્યારબાદ આગળ ચાલતાં **અજાહરા** નગરમાં **શ્રી પાર્શ્વનાથ** ભગવાનને પૂજી, **કોડીનાર** નગરમાં **અંબાદેવી**નું પૂજન કરી, પ્રભાસપાટણ(દેવપાટણ)માં **શ્રી ચંદ્રપ્રભુ** ભગવાનને પૂજી, **વંથળી**માં પ્રવેશ કરી શ્રી સંઘ સાથે **રૈવતાચળ** પર્વત ઉપર ચડી **ગજેન્દ્રકુંડ**ના પવિત્ર જળથી સ્નાન કરી શ્રી જિનેશ્વર ભગવાનને પવિત્ર સુગંધી જળવડે અભિષેક કરી, સૂર્યના તાપને સહન કરતા સંઘને જોઈ મંત્રી વસ્તુપાળે જલદી ઈંદ્રમંડપ કરવાની આજ્ઞા આપી, અને ઉતાવળના કારણે ત્યાં અટ્ઠાઈ મહોત્સવ કર્યો.

પછી આચાર્ય મહારાજના વાસક્ષેપવડે મંત્રી વસ્તુપાળ સમકિત આરોપણ માટે **નંદી** (નાણ) પધરાવે છે. પછી બંદીજનોને દાન આપી **સ્વામીવાત્સલ્ય** કરે છે. સાધુઓનો સત્કાર, મંડપ ખુલ્લો મૂકવાની ક્રિયા કરી, પૂજારીઓનો સત્કાર કરી, **શાંબ, પ્રદ્યુમ્ન** અને **અંબિકાદેવી**નું પૂજન કરી મંત્રી **રૈવતકપર્વત** પરથી નીચે આવે છે.

પ્રયાણમાં આગળ વધતાં પ્રખર ઉનાળો હોવા છતાં સંઘપતિના પુણ્યોદયે **મેઘવૃષ્ટિ** ત્યાં થાય છે. પ્રયાણ કરતાં રસ્તો પૂર્ણ થતાં **ધોળકા** (ધવલકપુર) શ્રી સંઘ આવી પહોંચતા **વીરધવલ** રાજાથી સામૈયું કરાયેલ, **તેજપાળ** અને નાગરિક લોકો સાથે મંત્રીશ્વર વસ્તુપાળ પોતાને મહેલે આવી રથમાંથી શ્રી જિનેશ્વર ભગવંતને ઉતારી, ભોજન વસ્ત્રાદિકથી શ્રી સંઘનું સન્માન કરી સર્વને વિદાયગિરિ આપે છે.

શ્રી શત્રુંજયગિરિ ઉપર જ્યાં ઇંદ્રમંડપ કર્યો હતો તેમાં **સ્તંભન પાર્શ્વનાથ** તથા **શ્રી નેમિનાથ ભગવાન, શાંબ, પ્રદ્યુમ્ન,** અને **અંબાદેવી** વગેરે શિખરોની સ્થાપના કરી, સાથે તેમાં પોતાના **ગુરુ, પૂર્વપુરુષો, કુટુંબીજનો** અને **મિત્રોની** મૂર્તિઓ પધરાવી, પોતાની તથા બંધુ **તેજપાળ** (જે ત્યાં પ્રધાનપદ ભોગવે છે) બંનેની **અશ્વારોહી** મૂર્તિઓ સ્થાપન કરી, સુવર્ણના **પાંચ કળશો** મંડપ ઉપર સ્થાપન કર્યાં, અને સુવર્ણના બે દંડવાળા બે જિનપ્રાસાદો, પથ્થરના બે તોરણો કરાવ્યા અને વીરધવળ રાજા મારફત તીર્થની પૂજા માટે **અર્કપાલિત** (પાલીતાણા) ગામ **દાનમાં** અપાવ્યું. અને ત્યાં **લલિત** નામનું સરોવર કરાવ્યું. શ્રી ઋષભ પ્રભુને **સુવર્ણનો કંદોરો** અર્પણ કર્યો, અને બે **સુવર્ણ કળશો** શિખર પર સ્થાપન કર્યાં. આ હકીકત વાંચવા જેવી છે. (પા. ૨૫૨-૨૫૩). અસાધારણ દાનવૃત્તિ અને અનુકંપાવડે મંત્રીશ્વર **દયાના કિનારારૂપ** બન્યા. માર્ગમાં આવતાં ગામોમાં **સંન્યાસી**ઓનો, ગૃહસ્થો પરનો **કર** દૂર કરાવી, શ્રી શત્રુંજય તીર્થ ઉપર **શ્રી નંદીશ્વર તીર્થની રચના કરી જે અનુપમા** નામના સુંદર **સરોવર**ના કિનારા ઉપર આવેલું છે. શ્રી શત્રુંજયને વિષે અનુપમા નામના બે સરોવર બનાવીને શ્રી ગિરનારજી ઉપર સંન્યાસીઓને ગામ **દાનમાં** આપી, **જગાત નિવારી** શ્રી સંઘને શાંતિ અને સંતોષ પમાડ્યો.

આ સર્ગ અને આ **સંઘપતિ ચરિત્ર ગ્રંથ** પૂરો કરતાં કર્તા આચાર્ય મહારાજ કહે છે કે-રેતીના કણીયા, જલબિંદુ, સાગર, આકાશમાં અવગાહન કરવાનું અને સમયનું માપ કાઢવાનું કે ગણત્રી કરવાનું કદાચ કોઈ જો આ લોકમાં કરી શકે, તેવી કોઈ પણ વ્યક્તિ મંત્રી વસ્તુપાળે કરાવેલા ધર્મ-સ્થાનોની ગણત્રી કરવા શક્તિમાન થાય નહિં. જેથી સુંદર રચનાવાળું, વિશ્વના આભૂષણરૂપી રત્નવાળું અને પાપોને નષ્ટ કરનારું આ **શ્રી સંઘપતિ ચરિત્ર** હે સજ્જન પુરુષો તમારા હૃદયને વિષે સ્થાપન કરો. આ રીતે ગ્રંથનો અનુપમ મહિમા જણાવતાં આ ગ્રંથ પૂર્ણ કરવામાં આવેલ છે.

## પ્રશસ્તિ.

શ્રી નાગેન્દ્ર ગચ્છમાં શ્રી **મહેન્દ્રસૂરિ** થયા, તેમની પાટે શ્રી **શાંતિસૂરિ** થયા. તેમના પ્રથમ શ્રી **આનંદસૂરિ,** બીજા શ્રી **અમરચંદસૂરિ** થયા કે જે બે આચાર્યને સિદ્ધરાજે વાઘ અને સિંહના બચ્ચા તરીકે વર્ણવ્યા છે. બંનેની પાટે શ્રી **હરિભદ્રસૂરિ** થયા કે જેમના ગુણોએ કરી કલિકાલગૌતમ એવા નામની ખ્યાતિ વિસ્તારી; તેમની પાટે શ્રી **વિજયસેનસૂરિ** થયા. વનરાજે બનાવેલ શ્રી **પંચાસરા પાર્શ્વનાથ**ના તીર્થને વિષે ઉપદેશધારા ગંગા સરખી શોભી રહી છે તે શ્રી વિજયસેન-સૂરિ આ પૃથ્વીપીઠને વિષે વિજયવંત વર્તો.

પ્રશંસા કરવા યોગ્ય, પ્રશમ ગુણના ભંડાર શ્રી વિજયસેનસૂરિના શિષ્ય શ્રી **ઉદયપ્રભસૂરિને કપર્દી** યક્ષ અને **અંબિકા દેવી**એ મધ્યરાત્રિએ આવી, પોતાના મુખદ્વારા વસ્તુપાળનું ચરિત્ર સંભળાવી શ્રી સંઘપતિ ચરિત્રની ઉત્તમ શ્લોકોવડે ચરિત્ર રચવા-રચના કરવા જણાવ્યું. તેથી ગુરુઆજ્ઞા સ્વીકારી આ ગ્રંથની રચના કરી અને મલધારી ગચ્છને વિષે શ્રી **નરચંદ્રસૂરિ** થયા જેમણે આ **ધર્માભ્યુદય** (અપરનામ) આ **સંઘપતિચરિત્ર**ની રચના શ્રી **ઉદયપ્રભસૂરિ**એ કરી તેનું સંશોધન કરી વિશ્વને વિષે આ ચરિત્રને પ્રતિષ્ઠાપાત્ર બનાવ્યું.

**જ્યાંસુધી આકાશપથને વિષે સૂર્ય રહે, પૃથ્વીપીઠને વિષે હિમાલય પર્વત રહે ત્યાંસુધી વિદ્વાનોના હૃદયકમળને વિષે આ શ્રી સંઘપતિ ચરિત્ર હંમેશને માટે વિદ્યમાન રહો.**

શ્રી સંઘ સહિત તીર્થયાત્રા વિધિપુરઃસર અને શ્રદ્ધાપૂર્વક કરવાથી તે અખૂટ સુખ આપનાર, સંતપુરુષોની લક્ષ્મીને વિસ્તારનાર, તીર્થંકરપણાની પ્રાપ્તિમાં અનન્ય કારણભૂત, સ્વપરકલ્યાણસાધક અને કઠીનમાં કઠીન પાપોનાં નાશ કરનાર છે તેવું **પ્રભાવના ધર્મનું** સ્વરૂપ શ્રી વિજયસેનસૂરિ મહારાજ પાસે સાંભળી મંત્રી વસ્તુપાળે શ્રી શત્રુંજય, શ્રી ગિરનાર બંને તીર્થની યાત્રા મહાસમારોહપૂર્વક કરે છે, તે સાથે અનન્ય સુંદર કથાઓ આપી આ (શ્રી સંઘપતિ) ચરિત્ર ગ્રંથની અંતરંગ સૌંદર્યતામાં ગ્રંથકર્તા આચાર્ય મહારાજે અધિક વૃદ્ધિ કરી છે. આત્મકલ્યાણનો સાધક આ અનુપમ ગ્રંથ વર્તમાનકાળમાં **શ્રી સંઘ** સહિત પરમ પવિત્ર **શ્રી શત્રુંજય** ગિરિવરની યાત્રા કરી સુકૃતની મળેલી લક્ષ્મીના ફળરૂપ જેમણે આ **પ્રભાવના ધર્મનું** જે શ્રદ્ધાળુ પુરુષે આરાધન કર્યું હોય, તેવા જૈનબંધુનું નામ આ સાથે જોડાય તો સુમેળ થયો કહેવાય એમ સભાની ઈચ્છા હતી; દરમ્યાન આ સભાના (પ્રથમ લાઈફ મેમ્બર) હાલમાં થયેલ પેટ્રન **શેઠ શ્રી જીવતલાલભાઇ પ્રતાપશી રાધનપુર**નિવાસીને ગયા જેઠ માસમાં નામદાર બ્રીટીશ સરકાર તરફથી **રાવબહાદુર**નો ઇલ્કાબ મળતાં આ સભા તરફથી આનંદ વ્યક્ત કરવા તાર કરવામાં આવતાં તે આનંદજનક પ્રસંગની ખુશાલીમાં આ સભાના જ્ઞાનોધ્ધાર–સાહિત્ય પ્રકાશનના અને જ્ઞાનભકિતના ઉત્તમ કાર્ય માટે આ ગ્રંથ તેમની આર્થિક સહાયવડે પ્રકાશન કરવા જણાવતાં સહર્ષ આ સભાએ સ્વીકાર કર્યો.

રાવબહાદુર શેઠ શ્રી **જીવતલાલભાઇ**નું વ્યવહારિક તેમજ ધાર્મિક જીવન શ્રદ્ધાપૂર્વકનું અને અનુકરણીય હોઇ આ ગ્રંથમાં તેમનું જીવનચરિત્ર પણ સાથે આપવામાં આવેલ છે.

વિશ્વવ્યાપિ વિગ્રહ ચાલતાં દરમ્યાન અને તે પછી અત્યારસુધીમાં વધતી જતી સખ્ત મોંઘવારીને લઇને છાપવાનાં કાગળો, છપામણ, બાઈન્ડીંગ, ચિત્રો, તેના બ્લોકો વગેરે તમામના આઠગણા ભાવ વધી ગયેલ છે; તેમજ જોઇએ તેવું છાપકામનું દરેક જાતનું સાહિત્ય ન મળતું હોવા છતાં, ઘણો મોટો ખર્ચ કરી (જેમ આ ગ્રંથનું આંતરિક સ્વરૂપ સુંદર છે તેવું) બાહ્ય સ્વરૂપ સુંદરતાથી અલંકૃત કરવામાં આવેલ છે. જે વાંચકો જોઇ શકશે.

આ ઉપકારક ગ્રંથનો અનુવાદ કરાવી પ્રગટ કરવા માટે સાક્ષરવર્ય પરમકૃપાળુ મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે કરેલ આજ્ઞા માટે સભા અંતઃકરણથી આભાર માને છે.

આ ગ્રંથનો અનુવાદ ભાવનગરનિવાસી પ્રજ્ઞાચક્ષુ પંડિત **જગજીવનદાસ પોપટલાલે** બહુ જ કાળજીપૂર્વક કર્યો છે; તે માટે આનંદ જાહેર કરીએ છીએ, અને આ પ્રસ્તાવના પૂર્ણ કરીએ છીએ.

આ ગ્રંથની શુધ્ધિ માટે યથાશક્તિ પ્રયત્ન કરવામાં આવ્યો છે, છતાં દષ્ટિદોષ વગેરેને લઇને કોઈ સ્થળે સ્ખલના જણાય તો ક્ષમા માંગી અમોને જણાવવા નમ્ર સૂચના છે.

આત્માનંદ ભવન,
સં. ૨૦૦૨
આત્મ સંવત ૫૧
શ્રાવણ પૂર્ણિમા.

**ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.**

ભાવનગર.

ધર્મવીર જૈન રત્ન



રાવ બહાદુર શેઠ શ્રી જીવતલાલ પરતાપસી

# રાવબહાદુર શેઠશ્રી જીવતલાલ પ્રતાપશીની

# જીવનરેખા.

## સોપાન (૧)

વર્તમાન જૈન જગતમાં અને ભારતીય વ્યાપારી ક્ષેત્રોમાં જાણીતા થયેલા મુંબાઈના અગ્રગણ્ય શહેરી સદ્‌ગૃહસ્થની આછી જીવનરેખા કેટલેક અંશે બોધક, ઉપયોગી અને અનુકરણીય છે, જો કે-આ આલેખનને સંપૂર્ણ જીવનચરિત્ર કહી શકાશે નહિ, પરન્તુ મળેલ સામગ્રી અને અવનવા સંપર્કોદ્વારા તેમના જીવનમાંથી જડેલા મહત્ત્વના કેટલાક પ્રસંગો ઉપરથી દોરેલી આ જીવનરેખા છે. મનુષ્ય માત્ર ગુણ દોષના સંયુક્તપણાથી જોડાયલા હોવાથી ગુણો અને તેમાં ખાસ કરીને અનુકરણીય ગુણોનો સરવાળો અધિક હોય-ગુણોનો આવિર્ભાવ જગતની દૃષ્ટિએ વિશાળ પ્રમાણમાં દેખાય એવા પુરુષની જીવનરેખા સમાજ સમક્ષ મુકવી એ ઉચિત અને ન્યાયસંગત છે.

મુંબાઇ શહેરના ઝવેરી બજાર કે ચાંદીબજાર જેવા જાણીતા રસ્તા પર થઈને પસાર થતા ૬૦ વર્ષના વૃદ્ધ-યુવાનને જોતા-એ અડીખમ માનવકાયા એક જાણવા જેવી વ્યક્તિ છે, એમ પ્રથમ દર્શને કોઇને ય લાગ્યા વિના રહેશે નહિ યુગ-યુગાંતરોથી સંચિત અનેક-વિધ ભારતીય નૂરના ચમકતા કણોમાંના તેઓ પણ એક ચમકતા તેજકણ જેવા છે.

કેટલાક માનવસમુહોમાં ગણનાપાત્ર અને કેટલાકમાં ઉપેક્ષાપાત્ર, છતાં સૌની સાથે સીધો યા આડકતરો, નજીકનો કે દૂરનો, તુરતનો કે જૂનો સંબંધ ધરાવનાર એ ખરેખર એક વિલક્ષણ પ્રકારની વ્યક્તિ છે.

'જીવાભાઇ'ના ટૂંકા નામે આ વ્યક્તિ સુપ્રસિદ્ધ છે. 'જીવતલાલ પરતાપસી' પત્રો ઉપર જીવતલાલ પરતાપસી છાપેલું છે, તે નામની આગળ કે પાછળ ન કોઈ પદવી, કે મહત્તા, છતાં જનતાએ જોડેલું 'શેઠ' નામ સહેતુક જ છે.

**સામાન્ય** રીતે ગુજરાતમાં વણિક પુત્રને **શેઠ** કહેવાનો રિવાજ દરેક સમાજોમાં પ્રસિદ્ધ છે. અને જ્યારે તે પુખ્ત વયનો અને વળી ધનવાન થાય ત્યારે એ વિશેષણનો ખાસ ઉપયોગ થાય છે. તેની પાછળનો ખરો ભાવ એ છે કે ભારતમાં આગળ પડતી કર્તવ્ય-બુદ્ધિ, જીવનની દરેક દિશાની અને સમાજની જવાબદારીઓ ઉપાડવાની તાકાત અને આવડત, સ્વપરહિતમાં જ પ્રવૃત્તિ વિગેરે ગુણો તેનું સન્માનનું સૂચન કરનારું હોય છે. આ ભારતીયપ્રસિદ્ધ ઉપનામ સહેતુક જ હોય છે.

'**સફળ** ન થાય તેવું કામ હાથ ધરવું નહિ,' 'લીધેલું કામ છોડવું નહિ.' અને 'ધારેલું કામ પાર પાડવું જ.' વારસામાં મળેલી પૂર્વાચાર્યોની આ અપૂર્વ શિક્ષાને લીધે કાર્યપ્રસંગે તેઓ જે અદમ્ય ઉત્સાહ, અસાધારણ ગુપ્ત ચપળતા, વિઘ્નોને હઠાવવાની કુશળતા, તેમજ કાર્યસાધક તમામ કારણસામગ્રી ઝપાટાબંધ એકત્ર કરી નાંખવાનો તીવ્ર વેગ દર્શાવે છે, તે જોતાં એમ જ લાગે કે-તેમનામાં અજબ નેતૃત્વ શક્તિ છે.

જરૂરી સહકાર મેળવવાની ખાસ ખૂબી, ઘડિયાળ જેવી નિયમિતતા, સુંદર વ્યવસ્થા-શક્તિ અને સતત પ્રવૃત્તિશીલતા, એ તેમનાં મહાન્ વ્યવહારિક જીવનબળો છે.

**લાગણીવશ** અંતર, પરોપકારપરાયણ માનસ, વિરોધી સાથે પણ સહકાર કરી લેવાની આવડત, વિશાળ સંબંધો જોડવાની નીતિ, ચારેય દિશાના સમાચારના અભ્યાસની ખાસ ટેવ, છતાં પ્રસંગે ગંભીરતા, વિગેરે તત્ત્વોએ પણ તેમની પ્રસિદ્ધિમાં સ્તુત્ય ભાગ ભજવ્યો છે.

ધર્મપ્રેમ, ધર્મશ્રદ્ધા, અંતરના એક એક પ્રદેશે ધર્મકાર્યની અજબ પ્રકારની તાલાવેલી, એ એમના ગુણોમાં મહાન્ ગુણો છે.

**જો** તેમનું સાગર-અંતર **અમદાવાદીની** જેમ સાધક, કુનેહબાજીઓથી ભરેલું હોત, તો આજે શ્રી સંઘના નેતાઓમાંના એક આગળ પડતા નેતા તરીકે તેમની ગણત્રી થઇ ચૂકી હોત. પરન્તુ **રાધનપુરી** ભોળપણ; તેમને પ્રથમ પંક્તિમાં ઊભવાને અસમર્થ બનાવે છે. દોષોને ઢાંકી દે તેવી તેમની અસાધારણ ધર્મશ્રદ્ધા કદાચ વખણાતા **રાધનપુરી** ધર્મપ્રેમને આભારી હોવી ખૂબ સંભવિત છે.

**તે** જ પ્રમાણે ધર્મ તરફનો અખૂટ સ્નેહ અને ઉત્તમ સદાચારિતા શેઠ જીવતલાલભાઇને અનેક પ્રકારના વિરોધી વાતાવરણની વચ્ચે પણ અડગ, સ્થિર અને નિર્ભય રીતે સામી છાતીએ ઊભા રાખી શકે છે.

**જો** કે, આ મહાન્ ગુણોનો અનુભવ સામાન્ય પરિચયમાં આવનારને એકદમ થતો નથી છતાં તે હાડના ઊંડામાં ઊંડા પ્રદેશે સ્થાન જમાવીને બેઠેલા હોવાથી બધું ઢાંકી દઇ વારંવાર આગળ તરી આવે છે, ને ચમકી ઉઠે છે.

શેઠશ્રી જીવાભાઈ ભારતીય મહાન સંસ્કૃતિના અસાધારણ પ્રેમી છતાં આધુનિક સંસ્કૃતિના કેટલાક અંશે તેમના જીવનમાં સ્થાન જમાવ્યું હોય, અને તેમને તે દિશામાં ઝૂકાવવાના પ્રયાસો થતા હોય, તેમ તેમના જીવનની ઢબ-છબથી અટકળ કરી શકાય તેમ છે.

## સોપાન (૨)

### સામાન્ય જીવન-ઘટનાઓ.

**શ્રી જીવતલાલ પરતાપસીની** સામાન્ય જીવન-ઘટનાઓની ટૂંકી યાદી નીચે પ્રમાણે આપી શકાય છેઃ-

જૈન ધર્મપુરીઓમાં જ એક **રાજધન્યપુરી**-રાધનપુર શહેરમાં વિક્રમાદિત્ય સંવત્ ૧૯૪૩ ના જેઠ વદી ચોથના દિવસે-ભારતીય આર્યપ્રજાના શ્રેષ્ટતમ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનધર્મ પાળતા ઋષભદેવ પ્રભુથી ચાલી આવતી આનુવંશિક શુદ્ધિમાં શ્રેષ્ઠ, પવિત્ર, આર્યપ્રજાના વૈશ્ય વર્ણોમાં ઉચ્ચ સમાજ વિભાગ વીશાશ્રીમાળી જ્ઞાતિમાં શાખે : કોરડીઆ [?] ધંધે વણિક, આચારે શ્રાવકના ગુણો પાળતા શ્રાદ્ધશ્રેષ્ઠ દીપચંદભાઇના પુત્ર પરતાપસીભાઇનાં ધર્મપત્ની-પવિત્ર આર્યસંસ્કારના અર્કની બનેલી દેહલતાના ધારક શ્રાવિકા જયકોરના પુત્ર તરીકે જન્મ થયો હતો.

રાધનપુર શહેરમાં કદી ન જોયેલું ધર્મમય વાતાવરણ નજરે પડે, સાક્ષાત ધર્મનું જ લશ્કર હોય તેવાં સ્ત્રી-પુરૂષો લાગે, ધર્મ-નાટકશાળાના પાત્રો હોય, તેવો જ ધાર્મિક તેઓનો અભિનય હોય, તેવા જ વ્યવહારો હોય, ધંધા રોજગારમાં પણ તેનો જ ગુંજારવ સંભળાય, નિત્ય પ્રવૃત્તિઓમાં પણ એ જ નજરે પડયા કરે, ભલભલા મુનિમહારાજાઓ અને આચાર્ય મહારાજાઓને સમજવા જેવા ધાર્મિક રિવાજો, રૂઢિઓ, આચારો, વિધિઓ અને અનુભવોના ઘણા વખતથી સંગ્રહાયેલો જાણે નિધિ હોયની ! એવો જ ભાસ થાય.

રોટલા ખાતર, મોટો પગાર મેળવવા ખાતર કે પ્રગતિમાં આવવા માટે નહિં, પણ આત્માની નિર્જરા ખાતર, પાંચ પ્રકારના સ્વાધ્યાય તપની સિદ્ધિને ખાતર લક્ષાધિપતિઓ અને મોટા ધંધાર્થીઓ છતાં ત્યાંના સાચા માનવો, શાસ્ત્રના ઊંડા અભ્યાસીઓ, ચિંતકો, ચર્ચા-વાર્તા કરનારા, શાસ્ત્ર-શ્રવણ કરનારા, ધાર્મિક પ્રવૃત્તિઓમાં ભાગ લેનારા તેમજ ધર્મમય વાતાવરણમાં અડગ રીતે આગળ ઊભનારા હતા તે માનવોને જોઇને અને આજે તેની યાદ લાવીને ભારતભૂમિમાં અને તેના એક નાનકડા પ્રતિક સમા રાધનપુર શહેરમાં ઊંડે ઊંડે છુપાયેલી અગમ્ય ભવ્યતાને નમ્યા વિના નથી રહેવાતું.

ભદ્ર પરિણામ, સરળતા, ધર્મધગશ, "ધર્મી" એટલે પોતાનું પુરું પ્રેમ-પાત્ર—"છેલ્લો આદર્શ-માનવ" ત્યાંના જનસમાજની આવી ઉચ્ચ મનોદશાની યાદ આજે પણ મનને ભરી દે છે; પરન્તુ સાથે સાથે છેલ્લાં ૨૫-૩૦ વર્ષનો અસાધારણ પલ્ટો-હૃદયને કંપાવી રહ્યો છે.

એવા ક્ષેત્રમાં જન્મ પામવો એ પણ, જગતના બીજા કોઇપણ સ્થાનમાં જન્મવા કરતાં, જિંદગીનો એક જાતનો અપૂર્વ લ્હાવો જ લેખાય. તેને પણ એક જાતનો ઉચ્ચ જન્મ-સંસ્કાર સમજવો જોઇએ. વિશેષમાં **આનુવંશિક** શુદ્ધિનો શ્રેષ્ઠતમ સામાજિક દરજ્જો ધરાવતી **વીશાશ્રીમાળી** જેવી **ઉચ્ચ જ્ઞાતિ** તેમજ માનવજૂના મૂળધર્મની શાખારૂપે **શ્વેતાંબર મૂર્તિપૂજક** સંઘની પરંપરાના વારસાવાળું મળતું કુટુંબ વિગેરે સામગ્રીની સર્વોત્કૃષ્ટતા સાથે કોઈપણ દુન્યવી શ્રેષ્ઠતા તુલનામાં મૂકી શકાય તેમ નથી જ. ખાસ કરીને આ વાત પ્રત્યેક ભારતીય તત્વચિંતક અને ભારતીય પવિત્રતાનો વારસાદાર પ્રત્યેક વણિક વિગેરે ખુબ મનનથી વિચારે.

જગતના શહેનશાહો, વડાપ્રધાનો, સંશોધકો, રાજકર્મચારીઓ, વિદ્વાનો, વિગેરેમાંથી મહાન ગણાતી કોઇપણ વ્યક્તિ સાથે-ઉપર વર્ણવ્યા મુજબના ઉચ્ચ સંસ્કારી વર્તુળમાં જન્મ પામનાર અદનાયે માનવની શ્રેષ્ઠતાની તુલના કરી જોતાં, માનવ-સંસ્કારના માર્મિક સમાલોચકોને તેની પવિત્રતા અને શ્રેષ્ઠતાને ઊંચું સ્થાન આપ્યા વિના ચાલશે જ નહિ.

## સોપાન ( ૩ )

### જીવન પ્રસંગો:- બાલ્યકાળ, અભ્યાસ, વ્યાપાર ધંધા વિગેરે.

**( ૧ ) બાલ્યકાળ.**

રાધનપુરમાંજ જૈન વસ્તિવાળા ધાર્મિક વાતાવરણથી મ્હેકતા મહોલ્લાઓમાં શ્રી જીવાભાઇનો બાલ્યકાળ વ્યતીત થયો હતો, તેમના બાલ્યકાળનો સમય લગભગ આધુનિક ગણાતા જમાનાની-યુરોપીય ઢબના મધ્યમ શહેરમાં પૂરતા પ્રચારની શરૂઆતનો હતો, છતાં રાધનપુરની શેરીઓનાં અને તેમાં રહેતાં કુટુંબોનાં વાતાવરણ ઘણાં સુરક્ષિત હોવાથી યુવકોને અનાયાસે પણ ભારતીય સંસ્કારની જીવન્ત સુરભિ સાંપડી જતી. ત્યાં ઉચ્ચજ્ઞાતિ, કુટુંબની ખાનદાની, ઘરમાં ધાર્મિક વાતાવરણ અને જિનમન્દિર તથા ઉપાશ્રયનું વાતાવરણ તથા સર્વના ઉપર ધર્મગુરૂઓની છાયા અને શાસ્ત્રોના સતત ઉપદેશો: આ બધા સંસ્કાર-રક્ષાના અભેદ્ય કિલ્લા હજુ અખંડિત હતા. તે આજની જેમ છિન્નભિન્ન નહોતા થયા. એટલે અનાયાસે જ તે સર્વની એકત્ર અસરથી જે સુસંસ્કાર મળવા ઘટે, તે શ્રી જીવાભાઇને

મળી ચૂક્યા હતા. આ સંસ્કારોની અસરથી માનવી કેવળ ધાર્મિક વિચારનો જ બની જાય, એમ માનવું તે તદ્દન અસંગત ગણાય, કેમકે-તેની અસરથી તે સમાનવયના સ્નેહીઓ સાથેની હરિફાઇ વિગેરેથી આંટીઘુંટીની સમજ, જરૂરી જુસ્સો, વિગેરે પણ મેળવી શકે છે. સુસંસ્કારની ખાસ અસર જ એ થાય કે-આડે વહી જતા જીવનસત્ત્વના પ્રવાહને તે અવશ્ય ખાળે. તેજ પ્રમાણે સુસંસ્કાર ખીલવવામાં અનેક, સંસ્કાર દૂર કરવામાં ત્યાંના વાતાવરણે તેમને સારી સ્હાય કરી હોવાના પૂરાવા આજે પણ તેમના ઉજળા જીવનમાંથી સંગીન રીતે મળી રહેતા જોવામાં આવે છે.

## ( ૨. ) અભ્યાસ.

શેઠ જીવતલાલભાઇએ શરૂઆતમાં ગામઠીશાળામાંથી શરૂઆત કરી અંગ્રેજી ચોથા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો અને ધાર્મિક શિક્ષા અને સંસ્કાર પૂ. મુનિરાજો અને વડિલો તથા પાઠશાળા દ્વારા મેળવ્યા હતા અને તુરતજ બહારના ધંધાઓમાં પ્રવેશવાને આવશ્યક યોગ્યતાઓ મેળવીને ધંધા માટે-રાધનપુર-વતનથી દૂર જવું પડ્યું હતું.

## ( ૩. ) ધંધામાં પ્રવેશ.

ધંધામાં પ્રવેશ વખતે શેઠશ્રી જીવાભાઈની વય સોળ વર્ષની હતી આ એક સૂચક પ્રસંગ છે.

આજે યુવાનોનો ઘણો સમય નિશાળો ખાઇ જાય છે. અને તેમાંય પુસ્તકીયું જ્ઞાન મળતું હોવાથી ધંધાની તાલીમ અને અનુભવ તો મળતો જ નથી. પરદેશી નિષ્ણાતોએ ગોઠવેલા ધંધાના ચોકઠારૂપ ધંધાને અનુસરવાથી તેમને માત્ર ધન મળે છે પરન્તુ સ્વતઃઅનુભવ નથી હોતો, છેવટે બુદ્ધિ અને યોજનાશક્તિની તેમની પરાધીનતા તો કાયમ જ રહે છે.

થનગનતી યુવાનીમાં શેઠ જીવતલાલ પરતાપસી પણ મુંબઇમાં આવ્યા ને દેશી પેઢીમાં નોકરી કરી, અનુભવ મેળવી, સોના-ચાંદીની દલાલી શરૂ કરી. દલાલીના ક્ષેત્રમાં જેમજેમ તેમનો વિકાસ થતો ગયો, તેમતેમ આગળ વધીને તેમણે રૂ, શેર વિગેરે મુંબાઇના મસ્ત ધંધાઓમાં પણ પ્રવેશ કર્યો. તથા કારખાનાઓમાં ભાગીદારીથી પ્રવેશ કરી આગળ પડવાની શરૂઆત કરી અને અવનવા વ્યાપારિક સાહસોના બળથી તેઓ આગળ આવવા લાગ્યા.

**'व्यापारे वसति लक्ष्मीः'** એ કહેવત અનુસાર તેમને વ્યાપારમાં ધન મલતું ગયું ને સાથોસાથ તે અંગેની જવાબદારીઓ પણ વધી પડી. તેને યોગે કેટલીક વાર ચડતી-પડતીના પ્રસંગો પણ આવી પડેલા, છતાં 'શું હતું ? ને શું ગયું ?' એ ન્યાયે મનમાં હિંમત રાખીને ફરીફરીને પ્રયત્નો કરીને તેમણે પોતાનો ચાલુ મોભો, આર્થિક પ્રતિષ્ઠા વિગેરે બરાબર મક્કમતાથી જાળવી રાખ્યાં. આજ તેઓ પુણ્યના યોગે મુંબઇના ધનિક વર્ગમાં ગણાય છે.

## ( ૪. ) લગ્ન અને વ્યવહાર.

શેઠ જીવતલાલ પરતાપસીનાં લગ્ન ત્રણ વખત થયેલ. ત્રીજી વખત લગ્ન કર્યા, તેના પરિણામસ્વરૂપ તેમને આજે શ્રી વસંતલાલ, શ્રી ચન્દ્રકાન્ત અને શ્રી નલિનકુમાર નામે ત્રણ પુત્રો છે. આ લગ્ન રાધનપુરના જ મણિયાર કુટુંબના સંસ્કારી કન્યા શ્રીમતી જાસુદ બ્હેન સાથે વિ. સં. ૧૯૮૨ માં થયાં હતાં.

આજે શેઠ જીવતલાલના નાનાભાઈ શ્રી કાન્તિલાલ પરતાપસીનાં ધર્મપત્ની શ્રીમતી સુભદ્રાબ્હેન જેમ તેમના ઘરના ભૂષણરૂપ છે, તેમ તે વખતે જાસુદબ્હેન પણ હતાં. નિર્મળ ધાર્મિક માનસ ધરાવતાં, શાન્ત, સરલ ને ભદ્ર પ્રકૃતિનાં તે બાઇ ખરેખર શુદ્ધ આર્યપાતિવ્રત્યની પ્રતિમા સમાં હતાં.

તેમના સહકારથી વિ. સં. ૧૯૮૫ માં શેઠજીએ 'છ'રી પાળતો શ્રી **સિદ્ધગિરિજીનો યાત્રા સંઘ** કાઢયો હતો અને ૧૯૯૪ માં બાર વ્રતો ઉચ્ચર્યાં હતાં.

### શ્રી તીર્થયાત્રા અને સંઘના મહત્વના પ્રસંગો.

સંઘનું પ્રયાણ રાધનપુરથી થયું તે પોષ શુદ ૧૦ ના દિવસે ઘણા જ ઠાઠથી વરઘોડો કાઢવામાં આવ્યો હતો. એક ગજરાજ પર શ્રી જિનેશ્વરદેવની પ્રતિમા પધરાવવામાં આવી હતી. અને તે ગજરાજ સંઘમાં સાથે જ રાખવામાં આવ્યો હતો.

રાધનપુરના મહુંમ નવાબ સાહેબ જલાલુદ્દીનખાનજીની ઉચ્ચ માયાળુતાના પરિણામે રાજ્યમાંથી ડંકા, નિશાન, પોલીસ, તંબુ, સમિયાણાં વિગેરે તમામ ચીજો મેળવવામાં આવી હતી. તેમજ દિલ્હી દરબાર વખતે ત્રણ લાખના ખાસ ખર્ચે બનાવેલો જરીનો તંબુ પણ મળ્યો હતો. લુણાવાડા રાજ્ય તરફથી ચાંદીની અંબાડી સાથે હાથી, પોલીસ, ઘોડેસ્વારો વિગેરે આવેલા હતા. લીંબડી રાજ્યે પોલીસ, ઘોડેસ્વાર, તંબુ, રાવટીઓ વિગેરે સામગ્રી મોકલાવી હતી.

શ્રી સંઘનું શુભ મુહૂર્તે રાધનપુરથી પ્રયાણ થયું અને ગામની બહાર વસાવેલા પ્રતાપનગરમાં ત્રણ દિવસ રોકાયો. સંઘના પ્રયાણ સમયે નિવાસસ્થાને નવાબસાહેબ પણ પધાર્યા હતા અને આવા મહાન ધાર્મિક કામની અનુમોદના કરી હતી.

શ્રી સંઘ નિર્વિઘ્ને પસાર થાય, તે મહામંગળ નિમિત્તે શેઠશ્રી જીવતલાલભાઈ તેમજ તેમના નાનાભાઈ કાન્તિલાલે અઠ્ઠમ તપની આરાધના કરી હતી.

પ્રતાપનગરથી પ્રયાણ કરી શ્રી સંઘ પ્રગટ પ્રભાવિક શ્રી **શંખેશ્વરજી** તીર્થે પહોંચ્યો. ત્યાં પહોંચતાં જ ઠંડીનું સખત મોજું ફરી વળ્યું, બધે હીમ પડ્યું. યાત્રાળુઓને કસોટીમાંથી પસાર થવું પડયું, પરન્તુ કોઈને ય લેશમાત્ર બાધા ન ઉપજી.

ચોથે દિવસે આગળ વધી શ્રી સંઘ પંચાસર પહોંચ્યો, ત્યાં વીરમગામ શ્રી સંઘના આગેવાનો, શ્રી યાત્રાસંઘને પોતાને આંગણે પધારવાની વિનતિ કરવા આવ્યા. પરન્તુ કાર્યક્રમ વીરમગામ તરફ જવાનો ન હોવાથી શ્રી સંઘ નિશ્ચિત કાર્યક્રમ મુજબ બજાણા સ્ટેટના વીરમગામની પાસેના અને વીરમગામ સંઘના વહીવટના શ્રી ઊપરીયાળા તીર્થે ગયો. સમાચાર સાંભળી બજાણા સ્ટેટના નવાબ સાહેબ ઉપરીઆળા મુકામે શ્રી સંઘને દર્શને આવેલા.

બજાણા પહોંચતા શ્રી સંઘનું સામૈયું કરવામાં આવ્યું હતું, જેમાં બજાણાના નવાબ સાહેબ પોતે હાથીની સવારી સાથે સન્માન આપવાને આવ્યા હતા. ભારતીય સંસ્કૃતિના સુનિયમો અનુસાર શ્રી સંઘનું સન્માન એ જ રીતે થાય છે ને થવું જોઇએ.

નવાબ સાહેબના આગ્રહથી એક દિવસ વધુ રોકાવાનું થયું. નવાબ સાહેબ શ્રી સંઘના મુકામે પધાર્યા. ત્યાં તેમનો સુંદર રીતે સત્કાર કરવામાં આવ્યો. પછી નવાબ સાહેબના આમંત્રણથી શેઠશ્રી વિગેરેએ દરબારમાં જઈ તેમનું સ્વાગત પણ સ્વીકાર્યું.

આ પ્રસંગની યાદગીરીને જીવન્ત બનાવવા માટે નવાબ સાહેબે હર્ષિત થઇ પ્રશ્ન કર્યો

'શેઠ જીવાભાઇ ! હું શું આપું !'

'શ્રી સિદ્ધિગિરિરાજની યાત્રાનું મહાન્ કાર્ય નિર્વિઘ્ને સફળ થાય એવો આશીર્વાદ !' શેઠ જીવાભાઇએ ઉત્તર વાળ્યો.

શેઠના ઉત્તરથી નવાબ સાહેબને સંતોષ ન થયો. તેમની ઇચ્છા શેઠને કંઈક આપવાની હતી. તે માગવાને નવાબ સાહેબે શેઠને પુનઃ દબાણ કર્યું. જૈન શાસનરસી શેઠે આખરે જવાબમાં માંગી લીધું:

'આપના આખા રાજ્યમાં–પર્યુષણના અમારા પવિત્ર, ધાર્મિક આઠ દિવસો દરમ્યાન તેમજ શ્રી સંઘની આજની તીથિ, તેમજ આપનો જન્મદિવસ અને મ્હારો જન્મદિવસ, એમ કુલ અગ્યાર દિવસ કત્લખાનાં વિગેરે બંધ કરાવી જીવદયા પળાવો. તે માટેનો પાકો દસ્તાવેજ સ્ટેટ ગેઝેટમાં બહાર પાડો, જેથી શ્રી સંઘને તેમજ મને ઘણો જ આનંદ થશે.'

નવાબ સાહેબ એક મુસ્લીમ રાજ્યકર્તા હોવા છતાં, તેઓએ ઘણી જ ઉત્તમ ભાવનાપૂર્વક ઉપર જણાવેલા અગિઆર દિવસો દરમ્યાન આખા રાજ્યમાં જીવદયા પળાવાની ઇચ્છા બતાવી. ને શ્રી સંઘમાં નવાબ સાહેબે પોતે જ તેની સહર્ષ જાહેરાત કરી. આજે એ દિવસોમાં પણ બજાણા સ્ટેટમાં જીવદયા પળાય છે. બે હજારની રકમ સોંપીને તેના વ્યાજમાંથી પ્રતિવર્ષે સત્કાર્ય કરવાની ભલામણ કરી.

આગળ વધતાં શ્રી સંઘ અનુક્રમે વઢવાણ મુકામે આવ્યો,

પ્રથમથી જ શ્રી સંઘવીજીના જાણવામાં આવ્યું હતું કે-વઢવાણના શ્રી સંઘમાં તેર વર્ષથી કુસંપ ચાલે છે, તેથી એકબીજા પક્ષના આગેવાનો કોર્ટે ચઢયા છે.

જ્યારે ગામના આગેવાનો શ્રી સંઘના સામૈયાની ભવ્ય તૈયારી સાથે સામે આવ્યા, ત્યારે શેઠ જીવાભાઈએ તેમને જણાવ્યું કે 'સામૈયાની આ ભવ્ય સામગ્રી શાસનની ઉન્નતિ માટે કરવામાં આવી જ હશે, પરન્તુ મારા જાણવામાં આવ્યું છે તે પ્રમાણે તમારા ગામમાં પરસ્પર મતભેદને અંગે પક્ષભેદ ચાલતા હોય, સાધાર્મિક વાત્સલ્યમાં સાધર્મિકો સાથે બેસીને જમતા ન હોય, ઉપરાંત કોર્ટોમાં કેસો ચાલતા હોય, તેવા સંયોગોમાં તમો અમને ધામધૂમપૂર્વક શહેરમાં લઈ જવા ચાહો, તે કયી રીતે સ્વીકારી શકાય? જ્યાં સુધી તમારામાં સંપ થાય નહિં ત્યાંસુધી સંઘનું સામૈયું, હું ઇચ્છતો નથી.

તે ઉપરથી વાટાઘાટ કરતાં સાંજના ચાર વાગ્યા ત્યાંસુધી સામૈયાની સઘળી સામગ્રી એમ ને એમ પડી રહી.

ભાવનગરથી આવેલા શેઠ કુંવરજી આણંદજી, શેઠ કમળશીભાઈ ગુલાબચંદ તથા શેઠ દલસુખભાઈ સરૂપચંદ વિગેરે પાસે વઢવાણના શેઠ શાન્તિલાલ ત્રીકમલાલે જ્યારે સંપ કરવાની કબૂલાત આપી ત્યારે સામૈયું થયું.

તે દિવસે સંઘવીજી તરફથી કરવામાં આવેલ નવકારસીમાં બન્ને પક્ષો સાથે જમ્યા અને બીજે દિવસે વઢવાણના શ્રી સંઘે પધારેલ યાત્રાસંઘને જમણનું આમંત્રણ આપેલું. તે જમતાં પહેલાં લવાદ તરીકે સંઘવીજીએ બન્ને પક્ષોના આગેવાનોની સંપૂર્ણ હકીકત સાંભળ્યા બાદ તૈયાર કરાવેલો ઠરાવ બન્ને પક્ષોને સાથે વાંચી સંભળાવ્યો. જે ઠરાવથી બંને પક્ષોને સંતોષ થયાનું જણાયું, અને પછી પણ બધા સાથે મળીને જમ્યા.

આ નિકાલ, કે જે ભાગ્યે જ કોઈ મુસદ્દી લાવી શકે, તે શાસનદેવની કૃપાથી સંઘવીજી પોતે પોતાના ધાર્મિક ભાવનાભર્યા માનસથી લાવી શકયા. તે 'એકતાદિન'ની ખુશાલીમાં વઢવાણના શ્રી સંઘે એક મોટો મેળાવડો ત્યાંના સરન્યાયાધીશના પ્રમુખપણા નીચે યોજી, બન્ને પક્ષોની સહી સાથેનું, સંતોષના પ્રતીકરૂપ એક માનપત્ર સંઘવીજીને અર્પણ કર્યું.

વઢવાણથી શ્રી સંઘ લીંબડી મુકામે આવ્યો અને ત્યાં સંઘવીજીના અંગત મિત્રો શેઠ શાન્તિલાલ ત્રીકમલાલ, શેઠ કેશવલાલ લાલચંદ, કોઠારી છોટાલાલ મગનલાલ તથા શેઠ ભીખાભાઈ વિગેરેએ પણ આગળ પડતો ભાગ લઈ શ્રી સંઘનું સન્માન વધારે શોભાવ્યું હતું-અહીં ભાવનગરથી પ્રસ્તુત સભાના સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ તથા શ્રીયુત ફતેહચંદ ઝવેરભાઈ વિગેરે સંઘના દર્શને આવેલા હતા.

લીંબડીના ધર્મપ્રેમી મહુંમ ઠાકોર સાહેબ દોલતસિંહજીએ સ્થાનિક સંઘના આગેવાનોને ખાસ ભલામણ કરી હતી કે-ઉણપ વગર શ્રી સંઘનું સામૈયું-સત્કાર ઘણી જ સારી

રાવબહાદુર શેઠ જીવતલાલ પ્રતાપશી.



શ્રીમતી જાસુદબ્હેન.
( શેઠ જીવતલાલભાઈના ધર્મપત્ની )



સં. ૧૯૮૫ની સાલમાં રાધનપુરથી શ્રી શત્રુંજયનો સંઘ લઈ જતાં શ્રી શત્રુંજય તીર્થે વિધિપૂર્વક તીર્થમાળ પહેરી તે વખતનો ફોટો.

રીતે કરવું. આ ધર્મના હાર્દિક પ્રેમી મર્હૂમ ના. ઠાકોર સાહેબ શ્રીમાન્ દોલતસિંહજી સંઘના પડાવમાં ખાસ લાગણીપૂર્વક આવ્યા હતા. અને સંઘના પડાવના દિવસે, પર્યુષણ પર્વમાં તથા ના. ઠાકોર સાહેબ તથા સંઘવીજીના જન્મદિવસે એમ અગીઆર દિવસોમાં કાયમ અમારી-પ્રવર્તન કરવાનું પોતાના સ્ટેટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવાનું સહર્ષ જાહેર કર્યું હતું તથા બન્નેય ભાઈઓને પોષાક અર્પણ કર્યો હતો. સંઘવીજીએ પણ જૂદા જૂદા ખાતાઓમાં સારી રીતે રકમો આપવાનું જાહેર કર્યું હતું.

ત્યાંથી આગળ વધતાં શ્રી સંઘ લાઠી, વળા વિગેરે સ્થળોએ મુકામ કરતો કરતો શ્રી પાલીતાણા નજીકના જમણવાવ મુકામે પહોંચ્યો.

જ્યાં આગી પાલીતાણાના શ્રી સંઘના આગેવાન ગૃહસ્થો નગરશેઠ વનમાળીદાસ તથા શ્રીમાન શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના મુનિમ વિગેરેએ શ્રી સંઘની સારી બરદાસ્ત કરી પાલીતાણા પધારવા આમંત્રણ આપ્યું હતું.

ત્યાંથી શ્રી સંઘ શુભ મુહૂર્તે પાલીતાણામાં પ્રવેશ્યો અને વિશાળ ચોગાનમાં વસાવવામાં આવેલા પ્રતાપ નગરમાં પડાવ નાંખ્યો.

સુભાગ્યે વ્યાખ્યાનવાચસ્પતિ શ્રી ૧૦૦૮ શ્રી આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાએ શિષ્ય-પ્રશિષ્યાદિ સમુદાય સાથે અહીં પધારી શ્રી સંઘને લાભ આપ્યો હતો. વળી પૂ. પા. શ્રી આચાર્યદેવશ્રીના અંધેરીના ચાતુર્માસ દરમ્યાન તેઓશ્રીનાં વ્યાખ્યાનશ્રવણથી સંઘવીજી જીવાભાઈને ધર્મભાવના વિશેષ થઈ હતી, વિગેરે ઉપકારોથી તેઓશ્રીને શ્રી સંઘમાં સાથે પધારવા સંઘવીજીએ ખૂબ આગ્રહપૂર્વક વિનંતિ કરતાં પૂ. પા. આચાર્યદેવશ્રી સાથે પધાર્યા, જેથી શ્રી સંઘને વિશેષ આહ્લાદ થયો હતો. તે દરમ્યાન હાલના ના. ઠાકોર સાહેબ શ્રી બહાદુરસિંહજી શ્રી સંઘના દર્શન માટે શ્રી સંઘના પડાવમાં આવ્યા હતા અને શ્રી સંઘના દર્શનથી પોતાનું અહોભાગ્ય માન્યું હતું. કેટલાક સંસ્કારી અને ધાર્મિક કુટુંબના આર્ય રાજવીના દિલમાં આર્યધર્મો પ્રત્યે હાર્દિક ભાવના હૃદયમાં છલોછલ ભરી હોય છે, તે આવી તક મળતાં પ્રત્યક્ષ જોઈ શકાય છે. શ્રી પાલીતાણાના ના. દરબાર સાહેબ અને તેમનું રાજ્યકુટુંબ આર્યધર્મ તરફ હાર્દિક પ્રેમ ધરાવે છે એમ સ્પષ્ટ જણાઈ આવે છે.

ત્યારબાદ શ્રી ગિરિરાજ ઉપર સંઘવીજી શ્રી જીવતલાલ પરતાપસીભાઈ અને તેમના ધર્મપત્ની સંઘવણ જાસુદબ્હેનને પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી વિજયભદ્રસૂરીશ્વરજી મહારાજના હસ્તે અને ઉપસંઘવી શ્રી કાન્તિલાલભાઈ તથા ઉપસંઘવણ તેમના ધર્મપત્ની સુભદ્રાબ્હેનને ઉક્ત પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીના મુખ્ય શિષ્ય પંન્યાસજી

મહારાજશ્રી મેરૂવિજયજી મહારાજશ્રીને હાથે તીર્થમાળારોપણ કરવાનો ભવ્ય ઉત્સવ ઉજવાયો હતો. દરમ્યાન શ્રી સંઘે ૭ ગાઉની યાત્રાનો પણ લાભ લીધો હતો.

બન્ને ભાઈઓએ સંઘમાં રોજ એકાસણાનો તપ ચાલુ રાખ્યો હતો. તેમજ છ'રી પાળવાપૂર્વક શાસ્ત્રોકત વિધિપૂર્વક યથાશક્ય શ્રી તીર્થયાત્રા અનુષ્ઠાનની મહાઆરાધના કરી આત્મકલ્યાણમાં પ્રગતિ સાધી હતી. એક વખત સંઘવીજીની તબીયત ઘણી નરમ થવા છતાંયે, પોતાના ધાર્મિક નિયમોમાં મજબૂત રહી, કેટલાક ધાર્મિક નિયમનો છોડવાની, દવા ઔષધો કરવાની વૈદ્ય ડોકટરોની આગ્રહપૂર્વકની સલાહ છતાંયે તાત્કાલિક ના પાડી પોતાના નિયમોમાં દૃઢ રહ્યા હતા. વખત જતાં બધું ઠીકઠાક થઇ જવાથી ધર્મના પ્રભાવમાં સૌની વિશેષ દૃઢતા અને શ્રદ્ધામાં વધારો થયો હતો.

સંઘવણ જાસુદબહેન તથા ઉપસંઘવણ સુભદ્રાબહેનની શ્રી રાધનપુરથી શ્રી સંઘના પ્રયાણ વખતથીજ તબીયત બરાબર ન હતી, છતાં સગાં સ્નેહીઓ તરફથી પગે ન ચાલવા તથા એકાસણા ચાલુ ન રાખવાની ભલામણ, સૂચના, સલાહ મળવા છતાં, બન્નેએ ઠેઠ સુધી મક્કમતા રાખી વિધિપૂર્વક આરાધના ચાલુ જ રાખી હતી.

બાહોશ અને કાબેલ વ્યવસ્થાપકોની દિનરાતની એકધારી જહેમત તથા સંઘવીજીની તે ઉપરની દેખરેખને કારણે યાત્રાળુઓને માર્ગમાં કે પડાવને સ્થાને લેશ પણ હરકત ન્હોતી પડી.

શ્રી સંઘમાં પૂ. મુનિમહારાજાઓ તથા સાધ્વીજીઓની શરૂઆતમાં ૧૫૦–૨૦૦ થી સંખ્યા સારી હતી. બે હજારના આશરે સ્વધર્મી ભાઈબ્હેનોએ મોટી સંખ્યામાં યાત્રા નિમિત્તે ભાગ લીધો હતો.

સંઘ દરમ્યાન પાંચ ભાગવતી દીક્ષાઓ થઈ હતી. સંઘમાં શેઠ જીવાભાઈએ લગભગ એક લાખ રૂપીઆનો વ્યય કરીને સંઘવીપદ પ્રાપ્ત કર્યું હતું.

આ યાત્રાસંઘ અનેક ધર્મપ્રભાવનાનાં કાર્યો સાથે ધાર્મિકભાવનામય વાતાવરણથી ખૂબ ઓતપ્રોત હતો.

આગગાડી કરતાં પગે ચાલતા સંઘોથી આજુબાજુના ગામડાઓ અને શહેરોમાં ધર્મનું જે નિર્મળ વાતાવરણ સર્જાય છે અને તેની દૂરગામી જે જે સ્થાયી ધાર્મિક અસર થાય છે તેનો આંક કાઢતા તેમાં થતો પાઈએ–પાઈનો સદ્વ્યય અનેકગણી ધર્મભાવનાને જીવન્ત બનાવે છે. તે જોતાં આવા પાદચારી સંઘના લાભ અનેકગણા હોવાથી તેને દ્રશ્યરૂપ આપી શકાતું હોય, તો તેમાં ખર્ચેલા ધનનો કેટલો બધો લાભ મળે છે, તે ગમે તેવા નાસ્તિકને પણ સમજાવી શકાય. આવા સંઘો કાઢવા એ આર્યસંસ્કૃતિને મહત્વનો ટેકો આપવા બરાબર છે. સંસ્કૃતિને જીવાડનારું એ પણ એક મહત્વનું બળ છે.

શેઠ જીવાભાઈને સંઘ કાઢવાની પ્રેરણા, આચાર્ય મહારાજશ્રી વિજયભદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીના સદુપદેશથી થઇ હતી. સંઘમાં પણ પૂ. આચાર્યદેવ સાથે હતા. તેમજ મુખ્ય માળારોપણ વિધિ તેમના જ વરદ હસ્તે થઈ હતી.

શેઠશ્રી જીવાભાઈના ત્રીજા ધર્મપત્ની જાસુદબ્હેનના થોડા જ પરિચયે માલૂમ પડી જાય કે અન્ય સ્ત્રીઓની પ્રકૃતિઓમાં જે આશંકા, ટૂંકું મન વિગેરે સામાન્ય રીતે હોય છે, તેના કરતાં તદ્દન વિલક્ષણ સ્વભાવનું બંધારણ આમાં કેમ સંભરી શક્યું હશે? પરન્તુ આવા પવિત્ર માનવો ભાગ્યે જ દીર્ઘાયુષી જોવામાં આવે છે. સંવત ૧૯૯૭ માં તેઓ પંચત્વ પામ્યાં. તેમના પંચત્વનો આંચકો એક વખતના તેમના સામાન્ય પરિચયમાં આવેલાં માનવોના ઠેઠ હૃદય સુધી પહોંચ્યો હતો. તેમના સ્મરણાર્થે શેઠ જીવાભાઇ તરફથી મુંબાઇમાં શ્રી 'જાસુદબ્હેન જૈન પાઠશાળા' ચાલુ કરવામાં આવેલ છે.

## ધંધાના ક્ષેત્રમાં સફળતાનાં કેટલાંક ખાસ કારણો.

'ગમે તેવી આવક છતાં, ખર્ચમાં કરકસર કરનાર વ્યાપારી હંમેશને માટે ફાવટમાં રહે છે' એ સિદ્ધાન્તનો અમલ શેઠ જીવાભાઈ બરાબર રીતે કરે છે.

આ જમાનાની સૌથી મહત્વની ખાસીયત પ્રમાણે બરાબર વખતસર, નાની મોટી દરેક બાબતને પહોંચી વળવાની તેમની ટેવ જાણીતી થયેલી છે.

ગુજરાતની એક જૈન સંસ્થાના ટ્રસ્ટીઓની મીટીંગમાં અમુક તારીખે હાજર થવાનું નક્કી થયું. તે અગાઉ અગત્યના કામે કલકત્તામાં હાજરી આપવાની શેઠને જરૂર પડી. તેઓ કલકત્તે ગયા, ત્યાંનું કામ પતાવ્યું ને પછી સંબંધીઓના વારવા છતાં ત્યાંથી ઝડપભેર રવાના થઇને નક્કી કરેલી તારીખે મીટીંગમાં હાજરી આપી. હાજર થયેલા ટ્રસ્ટીઓની સંખ્યા બેની જ હતી, છતાં પોતાને કરવાનું કામ આટોપીને તેઓ રવાના થઇ ગયા.

જેમ તેઓ વખત સાચવવામાં અસાધારણ કાળજી ધરાવે છે, તે જ પ્રમાણે કોઇપણ વસ્તુ કે વાત ભૂલી જવી તે તેમના જીવન–કોષમાં છે જ નહિ. નાનામાં નાની બાબતના પત્રનો જવાબ પણ તેઓ સમયસર આપે છે. તેમજ તદ્દન નજીવી બાબત, જેવી કે નાનાં બચ્ચાંને માટે રમકડું લેવાની, તો તે રમકડું પણ તેઓ યાદ કરીને ખરીદી જ લે.

કોઇપણ બાબત, પછી તે–ધંધાની હોય કે સમાજની, મહાજનની કે ધર્મ અંગેની, સગાં–વહાલાંની હોય કે ઘરની, કુટુંબની હોય કે વિરોધીની, સ્થાનિક હોય કે બહારગામની છતાં તેને તેઓ સમયસર ધ્યાનમાં લઇને યોગ્ય હોય તે કરી નાખે છે.

આવી બાબતો, તદ્દન સામાન્ય હોવા છતાં જીવનના પ્રવાહમાં મહત્વનો ભાગ ભજવે છે.

# સોપાન ( ૪ )

## જીવનમાં ધર્મનો સળંગ તાર.

ભારતના સાધુપુરુષોએ ભારતીય જીવન સંસ્કૃતિની રચના એવી કરી છે, કે વ્યાવહારિક જીવનમાં પણ જીવનની પવિત્રતામાં વિકાસ કરી શકાય છે.

ધર્મ એ જીવનનો પ્રાણ છે. આર્ય મહાપુરુષોએ જીવનની સર્વ દિશાઓને ધર્મની કસોટી ઉપર ચડાવીને, ધર્મને પોષણ થાય, તેવી રીતે ગોઠવી આપી છે. જીવનના પ્રત્યેક પ્રસંગ રૂપ વસ્ત્રના વાણામાં, તાણામાં અને-વેલ-બુટ્ટામાં ધર્મના જ અમૂલ્ય-ઉજ્જવળ તારો ગૂંથાયેલા છે.

રાજા જેમ રાજ્યચિન્હોથી શોભે, મકાન જેમ આગળના સુંદર દેખાવ મહેરાબથી શોભે, શરીર જેમ ચ્હેરાથી શોભે, પુસ્તક સુંદર પુંઠાથી શોભે, હાથી અંબાડીથી શોભે, વરઘોડો હાથીથી શોભે, દેવમંદિર સુંદર કળશથી શોભે, વાજીંત્રો મીઠા સુરથી શોભે, સિંહ કેશવાળીથી શોભે, સજ્જનતા જેમ સભ્યતાથી શોભે, તેમ જીવન ધર્મથી શોભે છે.

## धर्मः सर्वस्य भूषणम्

'ધર્મ જીવનનું ભૂષણ છે' માટે જ તેને આર્ય જીવન-વ્યવસ્થાપકોએ જીવનની દરેક બાબતમાં આગળ ને આગળ રાખેલો છે. તેનો પ્રકાશ આગળ હોય એટલે અંધારે કે ઉજ્જડ માર્ગે નીકળી જવાના પ્રસંગો ઓછા જ બને.

શેઠ જીવાભાઈનું સમગ્ર જીવન ધર્મની કલામય છાંટભર્યું છે.

અગત્યના કોઈપણ કારણસર રાતનો ગમે તેવો ઉજાગરો હોય, છતાં પ્રભાતમાં સમયસર ઉઠી જવાની તેમની ટેવમાં લેશ માત્ર ફેર પડતો નથી. અને નિયમિત એક સામાયિક કરવાનો, નવકારવાળી ગણવાનો તેમજ સ્મરણોના પાઠ કરવાનો જે નિયમ છે, તે બરાબર પાળવામાં આવે છે.

સ્મરણો વિગેરે ગણીને તુરતજ પ્રભુનો સ્નાત્ર-મહોત્સવ કરે છે. કુટુંબીજનો તથા આવેલા સર્વ સાધર્મિકો સાથે વિવિધ પ્રકારના વાજીંત્રોથી વિધિપૂર્વક ખૂબ આનંદ અને ઉલ્લાસથી ભક્તિભર્યા વાતાવરણ વચ્ચે સ્નાત્ર અષ્ટપ્રકારી પૂજા, ચૈત્યવંદન, આરતી, મંગળ-

દીવો, શાંતિકલશ, વિગેરે પવિત્ર ક્રિયાઓ કરવામાં આવે છે. પૂજા વખતે ચૈત્યવંદનમાં ભાવ સ્તાન તરીકે જૈનશાસ્ત્રોના સિદ્ધાન્તોથી ખીચોખીચ ભરેલા, પૂર્વાચાર્યવિરચિત વિવિધ પૂજાસંગ્રહમાંથી એક છેડાથી બીજા છેડા સુધી રોજ ક્રમસર એક ઢાળ બોલવામાં આવે છે.

ચૌદશનો નિયમિત ઉપવાસ, અન્ય દિવસોએ પૂજા પછી નમુક્કારસીનું પ્રત્યાખ્યાન પાળી, નાસ્તો વિગેરે પતાવી, ફરીથી પ્રભુમુખના દર્શન કરી, ઝવેરી બજારના દહેરાસરે ચરમપરમાત્મા મહાવીરદેવના દર્શન કરી, ગુરુમહારાજનો યોગ હોય તો પ્રાયે વ્યાખ્યાનમાં જઇ શ્રી જિનવાણીનું શ્રવણ કરી, પોતાના ધંધા પર જવાનો તેમનો નિત્યનો કાર્યક્રમ જોવામાં આવે છે.

સાંજે બરાબર વખતસર ગમે ત્યાંથી હાજર થઈ ભોજનવિધિ પતાવી હાલમાં નિયમિત સમયે ચોવિહારનું પચ્ચક્ખાણ કરવામાં આવે છે. કોઇ પ્રસંગે એવા કોઇ ખાસ કામમાં રોકાઈ જવું પડ્યું હોય, છતાં, જ્યાં હોય ત્યાં વખત થાય એટલે ચોવિહાર થઇ જ જાય. તેમાં તેઓ લેશમાત્ર ફેરફાર ચલાવી લેતા નથી.

સંધ્યાકાળે જિનેશ્વરપ્રભુની સાયંકાળની ભક્તિ નિમિત્તે ચૈત્યવંદન, આરતી, મંગળદીવો કર્યા પછી, કોઇ ખાસ મહત્વના કાર્ય સિવાય તેઓ બહાર જતા નથી.

વર્ષભરમાં અવારનવાર કોઇ ને કોઈ નાના મોટા તીર્થની યાત્રાએ તેઓ જાય છે. યાત્રા પ્રસંગે તેઓ એક સ્થિતિસંપન્ન શ્રાવકને છાજે તેવી રીતે દરેક વિષયના ભક્તિ પ્રકારને અનુસરીને પ્રભુભક્તિ કરવામાં ખામી આવવા દેતા નથી. શ્રી શત્રુંજયગિરિની યાત્રા વર્ષમાં એક વખત તો ખરી જ. પછી બે ચાર વખત જવાય તો વિશેષ લાભ.

ચરમતીર્થંકર શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ કલ્યાણક પર્વની આરાધના બનતાં સુધી શ્રી પાવાપુરીની યાત્રા કરીને, અથવા પ્રાયઃ કોઇપણ તીર્થે જઇને તેઓ કરે છે. શ્રી શત્રુંજયનો સંઘ કાઢ્યો તેની ઇન્દ્રમાળની તીથિને દિવસે બે ભાઇમાંથી એક શ્રી શત્રુંજય તીર્થની યાત્રા અવશ્ય કરે જ છે.

ઘરમાં બાર તીથિ લીલોતરી શાક બંધ રહે છે. તેમજ ભક્ષ્યાભક્ષ્યના નિયમો જળવાય છે. રાત્રિભોજન સદંતર સર્વને બંધ હોય છે. શુદ્ધ ભાવનાપૂર્વક સાધર્મિકોની ભક્તિ એમને આંગણે થાય છે. અવસર આવ્યે સ્વાશ્રયથી ઘરમાં સ્ત્રીઓ પણ ઘરકામ કરી લેવામાં લેશમાત્ર સંકોચ અનુભવતી નથી. કોઇ કારણસર કાંઇપણ સાધન ન હોય એવા સ્થાનમાં જઇ ચડાયું હોય, દહેરાસરનો જોગ હોય, પૂજા તો કરવી જ હોય, તો, તેવા પ્રસંગે શેઠ જીવાભાઇ પોતે હાથે પાણી ખેંચી, સ્નાન કરી, પૂજા કરી, બધું પતાવી દે છે. તેવા દાખલા પણ મળ્યા છે.

શ્રી પર્યુષણુા પર્વમાં બજારમાં જવાનું સદંતર બંધ કરીને શાસ્ત્ર નિર્દિષ્ટ વિધિ અનુસાર યથાશક્ય ધર્મારાધનમાં જ લીન રહેવાનું હોય છે અને દરેક દરેક પ્રસંગે યથાશક્ય ધનવ્યય, તપશ્ચર્યા, પ્રભાવના વિગેરે ઘટતા પ્રમાણુમાં તેઓશ્રી કરે જ છે.

ઘણાખરા ધાર્મિક શ્રાવકો આ બધું કરતા હોય છે, છતાં જે વિશુદ્ધ ભાવ, તીવ્ર ભક્તિ, હૃદયોલ્લાસ વિગેરે જીવાભાઇમાંથી પ્રગટ થાય છે, તેની પ્રભા જુદી જ જણાય છે. જાહેરમાં પણ તેનાં તે જ તપતાં હોય છે.

રાધનપુરના મહુંમ નવાબ સાહેબે શ્રી શંખેશ્વર તીર્થની બાજુમાં શિકારનો કાર્યક્રમ ગોઠવ્યો હતો, પરન્તુ શેઠશ્રી જીવાભાઈ અને તેમની મંડળી શ્રી શંખેશ્વરની યાત્રા કરવા આવવાની વાત જાણી, તે કાર્યક્રમ સદંતર બંધ કરવામાં આવ્યો હોવાનું જાણવામાં આવ્યું છે.

સામાન્ય રીતે રાધનપુરથી બહાર જતાં કે બહારથી રાધનપુર આવતા શ્રી શંખેશ્વરની તીર્થની યાત્રા કરવાનું તેઓ ભાગ્યે જ ચૂકે છે.

પર્વોની આરાધના, મહાપર્વોના વ્રત–પચ્ચક્ખાણુ વિગેરે જે રીતે ઘટે, તે રીતે કરવામાં તેઓ ચૂકતા નથી. મતલબ કે પ્રજાને ઉન્નત બનાવવા અને રાખવા માટે, સમાજશાસ્ત્રના ધર્મશાસ્ત્રના સુનિયમોને પ્રજામાં મહાપુરૂષોએ રૂઢ કરાવી દેવા જોઇએ, જેથી પ્રજા અનાયાસે તેનું અવલંબન લઇને પ્રગતિશીલ બની રહે. આ સુસમાજશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર પૂર્વાચાર્યોએ શ્રાવક કુટુંબોમાં જે જે આચારો, વ્રતો, વિધિઓ રૂઢ કર્યા છે, તે જેમ બને તેમ હજુ આ કુટુંબમાં બરાબર પાળવાની તકેદારી રાખવામાં આવે છે.

તદુપરાંત શ્રી સકળ સંઘના મહત્વના ધાર્મિક પ્રશ્નો, જેવાં કે તીર્થોની રક્ષા, જીર્ણોદ્ધાર, જાહેર ઉત્સવો, નવાં મંદિરો, ઉપાશ્રયોની રચનામાં યોગ્ય સહકાર, મુનિ મહારાજાઓની ભક્તિ વિગેરેમાં પણુ આદરપૂર્વક તેમનો ધન અને સમયનો ફાળો પ્રાયઃ હોય છે. જેઓ તેમને સામા પક્ષના ગણે છે તેના પણુ મહારથી પૂ. આચાર્યાદિક મુનિમહારાજાઓની સાંવત્સરિક ક્ષમાપના રૂબરૂમાં જઇને કરવાના દાખલા ઘણાઓએ નજરોનજર જોયેલા છે. ગમે તેવો તિરસ્કાર, ઠપકો તથા કટુ વચન સાંભળવા છતાં, તેઓશ્રી ત્યાગી મુનિમહારાજની સામે એક અદના શિષ્યની જેમ નમ્રતાપૂર્વક ઊભા રહે છે અને બોલાયેલા શબ્દોનું નવનીત તારવી, મનમાં કાંઇપણુ લાવ્યા વિના વંદના કરતા જોવામાં આવ્યા છે.

વજ્ર જેવા ગણાતા આ પુરુષ ધર્મભાવનાથી મૃદુ માખણુ જેવા કાયમ જોવામાં આવે છે. અને તેથી જ ધાર્મિક કટોકટીના પ્રસંગે તેમનો વીર્યોલ્લાસ ઉછળી આવે છે.

અનેક મુશ્કેલીઓ વચ્ચે ધાર્મિક હિતો, હેતુઓ, પ્રવૃતિઓ પાર પાડયાના તેમના જીવનમાં સંખ્યાબંધ દાખલા છે. લીધેલું કામ ગમે તે ભોગે પાર પાડવાની તેમની અસાધારણુ ધગશ પ્રશંસનીય છે.

મોટા ધાર્મિક ઉત્સવ હોય, મુનિમહારાજાઓને પદવી-પ્રદાન વિગેરેની મહાદર્શન પ્રભાવના હોય, કે બીજા એવા અપૂર્વ પ્રસંગોમાં તેમની હાજરી હોય જ. ખાસ કરીને મુંબાઇ તેમજ રાધનપુરના સ્થાનિક ધાર્મિક સ્થળે કે પ્રસંગે કે તેમાંની મુશ્કેલીઓ વટાવવામાં તેમનું અગ્રેસરપણું પણ હોય જ.

સને ૧૯૪૪ ના એપ્રીલની ચોથી તારીખે મુંબાઇના એક બંદરમાં ભયંકર ધડાકો થયેલો તે બંદરની પાસે જૈન મંદિર હતું. ધડાકાની હોનારતને કારણે તેમાંની શ્રી જિનેશ્વર-દેવની પ્રતિમાઓ એક દિવસ અપૂજ્ય રહી. તેના સમાચાર શેઠ જીવાભાઇને કોઇ ભાઇએ કહ્યા. તેને ધન્યવાદ આપવાની સાથે શેઠને પોતાને તે પ્રસંગની વિસ્મૃતિ માટે ઘણો જ પશ્ચાત્તાપ થયો. 'બીજા તો ઠીક પણ મને એ યાદ કેમ ન આવ્યું. કેટલો મારો પ્રમાદ ! હા. પ્રભુ એક દિવસ અપૂજ્ય રહ્યા !' તેમના જીવનમાં આ રીતે આ કાળે પણ ધર્મનું સ્થાન બહુ જ ઊંડું ને સ્થિર છે. જાહેરાત તરફનો અણગમો છતાં સન્માર્ગે ધનવ્યય ચાલુ જ હોય છે.

શેઠ જીવતલાલ પરતાપસીભાઇ પોતાનાં નાણુંનો બનતો સદુપયોગ ધર્મક્ષેત્રોમાં જ કરે છે. પરિણામે તેનો સુપ્રવાહ બીજા પણ જે ક્ષેત્રોમાં તેની જરૂર હોય ત્યાં અનાયાસે જ પહોંચી જાય છે.

આથી ધાર્મિક ખાતાં સિવાય બીજામાં ધન આપતાં શેઠ જીવાભાઇને સંકોચ થાય છે, અને માંગણી કરનારને સ્પષ્ટ જણાવે છે કે, 'એ મારા સિદ્ધાન્તથી વિરુદ્ધ છે, એટલે તેમાં આપવાનું મારું હૃદય નથી.' છતાં જેની આગળ 'ના' પાડવા જેટલી હદની શરમ ન છોડી શકાય, તેને આપતી વખતે ઉપરના શબ્દો સંભળાવે જ છે.

આમ છતાં પૂર્વાપરના ધાર્મિક રિવાજને અનુસરીને તેમની ધર્મપ્રવૃત્તિ ચાલુ હોય છે. અને તે મનોવૃત્તિને લીધે, નહિં કે માનપાન મેળવવા ખાતર અને ધાર્મિક સંસ્થાઓ તથા કામો ન બગડે, તેને હાનિ ન પહોંચે; માટે જ તેઓશ્રી, ઘણી સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે તેમજ મુખ્ય કાર્યવાહક તરીકે પોતાની જાતને રોકવામાં-ધર્મસેવા માને છે. તેમાં યોગ્ય સમય, મહેનત, પ્રસંગે બરાબર હાજરી, તેમજ યોગ્ય દેખરેખ રાખવાનું તેઓ ભૂલતા નથી. હાથમાં લીધેલું કાર્ય હીલોળે ચડાવવાનું તેમને પસંદ નથી. 'હોતી હૈ, ચલતી હૈ, હોગા, કરેંગે, ઠીક છે, જોઇશું, સમય નથી, અવસરે વાત. ફલાણાભાઈ કરશે, મારે શું ? હું શું કરી શકું ? મને ખબર નથી, મને ખબર આપી નથી, જઇશ, જોઇશ,' આવા શબ્દોનો પ્રયોગ તેમના તરફથી સાંભળવા મળતો નથી. પણ જાતે મન ઉપર લઇને દરેક કાર્ય બરાબર નક્કી કરવું અને ન કરી શકાય તેમાં પોતાનો દોષ જોવો ને પ્રસંગે તે કબૂલ કરવો, એ તેમની વિશુદ્ધ ધાર્મિક મનોવૃત્તિનો પૂરાવો આપે છે. આમ એકંદર રીતે વ્યાવહારિક

જીવનમાં આગળ પડતા રહી, શ્રાવક તરીકેનું ધાર્મિક જીવન કેમ જાળવી રાખવું ? તેના ઘણા દૃષ્ટાંતોમાંનું એક તે શેઠ જીવાભાઈનું જીવન છે.

તેમના જીવનમાં આટલી બધી ધર્મભાવના-દૃઢ થવાનું કારણ-ધાર્મિક પ્રતીકોને દૃઢપણે વળગી રહેવાની બચપણની તેમની ટેવ જ જણાય છે.

**શ્રી** જિનેશ્વર પરમાત્માનું ફરમાન છે કે, શ્રાવકોએ સાંભળવા ખાતર નહિં, પણ જીવન વધુ ધાર્મિક બનાવવા, ધાર્મિક હોય તો તેને પોષણ આપવા, જાગૃત રાખવા, નિત્ય શાસ્ત્રો મારફત વીતરાગ પ્રભુની વાણી અવશ્ય સાંભળવી અને તે વાણી એવા ગીતાર્થ ગુરુ પાસેથી સાંભળવી કે, જેમના જીવનમાં સ્પષ્ટ તત્વો ઝળકતાં જણાતાં હોય ' આમાં વક્તાની ભાષા, ભાષાની છટા વિગેરે ગમે તેવા હોય, તો પણ તે જોવાનું હોતું નથી. પણ વીતરાગ પ્રભુના ઉપદેશની વાણીનાં રહસ્યો સમજવાનાં હોય છે. આવા શ્રોતા બે ચાર હોય કે હજારો, પણ તેથી વક્તાને ખેદ કે આહ્લાદ નથી થતો, ન થવો જોઈએ.

પૂર્વાપરથી ચાલ્યા આવતા જૈન શાસનના આ સશાસ્ત્ર સહેતુક રિવાજને માન આપીને શેઠ જીવાભાઈ વ્યાખ્યાન સાંભળવા ઈચ્છા પ્રથમથી જ રાખતા આવ્યા છે. અને તેથી તેમને અનેક આચાર્ય મહારાજાઓ તેમજ મુનિમહારાજાઓ સાથે પરિચય પણ થતો રહ્યો છે. પ્રાથમિક પરિચય પછી, ગાઢ પરિચયો પણ થયા છે. અને તેને લઈને પણ તેમના જીવન ઉપર અનેક જાતની છાયાઓ પડી છે, અને અનેક ઘટનાઓ બની છે.

**સૌથી** પહેલાં ધાર્મિક જીવનમાં વધુ વેગ જન્માવવાની પ્રેરણાથી સિદ્ધાચળજીની તીર્થયાત્રાના સંઘમાં સંવત્ ૧૯૮૫ માં લીંબડી મુકામે પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના પરિચયથી શરૂ થાય છે, ત્યારે તેઓશ્રીનો પરિચય તેમની અનેકવિધ ધાર્મિક પ્રવૃત્તિમાં ખૂબ ઉપકારક રહ્યા કર્યો છે. તે પહેલાં અને પછી પણ આચાર્ય મહારાજશ્રી વિજયભદ્રસૂરીશ્વરજી મહારાજ તથા આચાર્ય મહારાજશ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજ વિગેરેનો યથાયોગ્ય સંપર્ક રહ્યા જ કર્યો છે. અને તેથી તેમની ધાર્મિક ભાવના તાજી ને તાજી જ રહ્યા કરી છે. આચાર્ય મહારાજ શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના અનાયાસે થયેલા પરિચયે અને તેમની ઉપદેશશૈલીએ પણ તેમની કેટલાક ધાર્મિક તત્વ સમજવાં અને તેમના ધાર્મિક જીવનમાં તથા ધાર્મિક ક્ષેત્રમાં વધુ રસ ઉમેર્યો હોવાનું જણાય છે.

અનેક મુનિમહારાજાઓ તથા આચાર્ય મહારાજાઓના આ રીતના પરિચયે તેમના ધાર્મિક જીવનમાં વિકાસ અને પ્રેરણા તત્વો સિંચી તેમના ઉપર ઉપકાર કરેલો છે. તેના પરિણામે અનેક ધાર્મિક પ્રસંગોમાં અનેકધા ભાગ લઈ આત્મિક પ્રગતિનો લાભ મેળવવાનું બની શક્યું છે, તે ઉદ્દેશ ધ્યાનમાં રાખીને ધનની મદદથી કરેલી ધર્મારાધનાઓનો ટૂંકમાં ઉલ્લેખ નીચે પ્રમાણે છે.

## સ્વાત્મોદ્ધાર નિમિત્તે કરેલા ધનવ્યયની ધર્મારાધના.

(૧) રૂા. ૬૦૦૦૦) શ્રી સંવત ૧૯૭૮ માં રાધનપુરમાં **શ્રી વીસસ્થાનક તપ આરાધન ઉદ્યાપન** મારફત શ્રી જૈન શાસનોન્નતિ.

(૨) રૂા. ૧૦૦૦૦૦) શ્રી સંવત ૧૯૮૫ માં **તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિજીની** પાદચારી તીર્થયાત્રા.

(૩) રૂા. ૪૦૦૦૦) રાધનપુરમાં જ વર્ધમાન આયંબિલ તપ ખાતાના ' પ્રતાપભુવન ' નામે બંધાવેલા નવા મકાનનું સમર્પણ.

(૪) રૂા. ૨૦૦૦૦) શ્રી સંવત ૧૯૮૦ માં અનેક સગાં સ્નેહીઓ સાથે **શ્રી સિદ્ધાચળજીની છત્રછાયામાં** ચાતુર્માસ કરી દેવગુરુધર્મની આરાધના.

(૫) રૂા. ૧૩૦૦૦) **શ્રી શત્રુંજય તીર્થની** રખોપાની ટીપમાં સમર્પણ.

(૬) રૂા. ૨૫૦૦૦) શ્રી સંવત ૨૦૦૨ ના મહાવદ ૯ **શ્રી જાસુદબ્હેન જૈન પાઠશાળામાં** સાધર્મિક ભાઈ-બ્હેનોના **શ્રી વીતરાગ ધર્મારાધનમાં** પ્રબળ નિમિત્તભૂત **સામાયિક** સૂત્રાદિક પ્રવચન, શાસ્ત્રાધ્યયન, અધ્યાપનની સતત પ્રવૃત્તિ.

———————

**રૂા. ૨,૫૮,૦૦૦**

**આ પ્રમાણે જાહેરમાં પ્રસિદ્ધ રકમો જાણવામાં આવી છે.**

(૭) રાધનપુરમાં ચૈત્ર અને આસોની ઓળીઓ તેમના તરફથી કાયમ કરાવાય છે.

આ ઉપરાંત—

અનેક સંસ્થાઓના ધર્મસંસ્કારપોષક ખાતાંઓ, અનેક વર્ધમાન તપ આયંબિલ ખાતાંઓ, અનેક જિનમંદિરોની ટીપો, ઉપાશ્રયોની ટીપો, જીર્ણોદ્ધારોની ટીપો, તીર્થભક્તિઓ, મહોત્સવો, જિનપ્રતિમાની પ્રતિષ્ઠાઓ, ઉપધાન તપ આરાધનાઓ, મુનિપદવી પ્રદાન ઉત્સવો, મુનિ વૈયાવચ્ચ, સાધર્મિકવાત્સલ્યો, સાધર્મિકોદ્ધાર, જીવદયા, શાસનશોભા, દર વર્ષની વાર્ષિક ધાર્મિક આરાધનાઓ માટેના પ્રસંગોની ઉત્સર્પણીઓ-ચડાવા, વિગેરે મારફત, યથાશક્ય, યથાભાવના, હાર્દિક રીતે ધનનો પ્રવાહ ઓછા-વધતા પ્રમાણમાં તેમના તરફથી વહેતો જ હોય છે.

સામાજિક, વ્યાવહારિક કે બીજાની દાક્ષિણ્યતાથી આપવી પડેલી રકમના આંકડા ન મળેલા હોવાથી અત્રે આપવામાં આવેલ નથી.

શેઠ જીવતલાલ પરતાપસીના જીવનના અનેક પ્રસંગો એવા છે, કે-જેની ભાગ્યે જ કોઇને જાણ હોય છે. કેમકે, પ્રથમથી જ તેમને પ્રશંસા મેળવવાની લાલસા જણાતી નથી. બોર્ડોમાં નામો લખાવવાની કે વર્તમાન પત્રોમાં કોઇ કોઇ વાર તેમનું નામ જાહેર થાય છે, તેનું કારણ અત્યારના પ્રવાહનું છે, પરન્તુ તેમને પોતાને તેવા પ્રકારની જાહેરાતો પ્રત્યે અંગત પ્રીતિ નથી.

આ રીતે ધાર્મિક જીવનનો સળંગ તાર બીજા ગમે તેટલા ધાંધલીયા પ્રવાહ વચ્ચે પણ શેઠ જીવતલાલ પરતાપસીભાઇના જીવનમાં અતૂટપણે આર્યત્વનાં અમર સંગીતો ગુંજી રહ્યો છે.

## સોપાન ( ૫ )

### પ્રકીર્ણ જીવન છાયા.

સાંભળવા પ્રમાણે, યુવાનીમાં શેઠ જીવતલાલની મુંબાઈ શહેરમાં એક 'ચકોર' યુવક તરીકેની છાપ હતી. તે ઉપરથી એટલું તો સમજાય છે કે-યુવાવસ્થામાં પણ તેમનું જીવન ચારિત્રની બાબતમાં નિષ્કલંક જ પસાર થયું છે. જન્મસ્થાનના સંસ્કારને લઇને તેમનામાં ધાર્મિક સંસ્કારો પ્રથમથી જ હતા, અને ગમે ત્યારે બગલમાં ધોતીયું-ટુવાલ લઈ શ્રી શાન્તિ-નાથજીના દેરાસરે શ્રી જિનપૂજા કરવા ગયા વિના ન્હોતા રહેતા.

હું એ ચકોર યુવકનો એ અર્થ કરું છું કે-તેમનામાં તે વખતે ચપળતા, સક્રિયતા, તેમજ ઉથલપાથલ કરવાની ટેવ ખૂબ જ હશે, જીવનનો થનગનાટ હશે. માયકાંગલાની જેમ બેસી રહેવાનું કે પડ્યા રહેવું તેમને ગમતું જ નહિં હોય. એક બહાદુર જૈન યુવકને છાજે તેવી બહાદુરીને માટેની કુદરતી લાયકાત તે વખતે તેમનામાં હોવી જોઇએ. તેને કોઈ વખતે યોગ્ય માર્ગે વહેવાની તક મળી હશે, અને કોઈવાર નહિ પણ મળી હોય? છતાં તે થન-ગનાટ દાબ્યો કઇ રીતે દબાય?

સામાન્ય રીતે આના પરિણામસ્વરૂપ તેમનું જીવન અને માનસ, ધંધાના તેમજ જીવનના અનેક વિવિધ પ્રકારના ક્ષેત્રોમાં ડોકિયાં કરતું હશે. જેથી આજે જૂદી જૂદી કોમના, જૂદા જૂદા ધર્મના, જૂદા જૂદા ધંધાના દેશપરદેશમાં તેમના અનેક ઓળખીતા, મિત્રો, સ્નેહીઓ અને સંબંધીઓ છે.

સ્વર્ગસ્થ મુનિરાજશ્રી મલયસાગરજી મહારાજ, પૂર્વાવસ્થામાં જેમનું નામ મિશ્રિમલજી હતું, અને જે રતલામના રહીશ હતા, તેઓ આધ્યાત્મિક સૂક્ષ્મ વિષયોને, ઊભા ઊભા

ચાલુ ભાષણમાં બહુ જ સુંદર રીતે કથામાં ઘટાવીને શ્રોતાઓને મુગ્ધ કરતા હતા. જેમની આજના દેશનેતાએ પણ બહુ જ પ્રશંસા કરી, તેવા સ્વ. મહારાજશ્રીએ એક વખત જણાવ્યું હતું કે–' સમ્યગ્દૃષ્ટિએ પોતાના મનથી ધર્મમાં–ત્યાગમાં બરાબર મક્કમ રહીને ઔદયિક ભાવે આવી પડેલો સંસારવ્યવહાર ચલાવવો પડે છે. '

ઉક્ત ધોરણને અનુસરીને–પોતાના ધર્મમાં, આચાર-વિચારમાં, ધંધા વિગેરે ચોક્કસ છતાં, બહારના જીવનમાં શેઠ જીવાભાઈ બહુ જ બહોળો સંબંધ ધરાવે છે, ધરાવવાની આવડત છે.

આને પરિણામે અંગત કૌટુંબિક, ધાર્મિક કે એવી કોઈપણ ગંભીર મુશ્કેલી વખતે, તેમને જોઇતી મદદ, સહાય, સહાનુભૂતિ, તુરતાતુરત મળી જાય છે, અને ધાર્યાં કામ પાર પાડી શકાય છે.

તેમના ઉપર બીજાના કામોનો પણ એવો જ બોજો આવી પડે છે અને તે પણ પ્રમાણિકપણે ઉપાડીને, નિઃસ્વાર્થ ભાવે પાર પાડી આપે છે. " દુઃખીના બલાબેલી " થવાનું તેમને બહુ ગમે છે. શત્રુમાં શત્રુ અને વિરોધીમાં વિરોધી વ્યકિત આફતમાં આવે, ત્યારે સામાની સારી દાનત હોય તો તેની પડખે ' શેઠ જીવતલાલ પરતાપસી છે ' એવો અવાજ જાહેરમાં સંભળાય જ. એવા તો કંઇક દાખલા છે.

ધંધામાં અને નાણા પ્રકરણમાં કોઇનીયે લેશમાત્ર શરમ ન રાખવાની છાપ ધરાવનાર વ્યકિત જ્યારે બીજાની પડખે ઊભી રહે, ત્યારે તેમાં કશા પણ સ્વાર્થ વિના નિષ્કામભાવે મદદ કરવાની પોતાની મનોવૃત્તિને ટકાવી રાખે છે. એટલું જ નહિ પરન્તુ કોઇપણ સંબંધ પ્રસંગે તેમના તરફથી ધંધાના કે એવા બીજા આડકતરા લાભની લાલચને પણ સર્વથા ઉપેક્ષિત કરવાના દાખલા યે મળી શકે છે.

ધાર્મિક બાબતોમાં તો જ્યારે જ્યારે સંઘ ઉપર, દહેરાસર ઉપર, કે સાધુ સાધ્વીજી ઉપર એવી કોઇપણ ગંભીર આફત ઉભી થાય છે, ત્યારે ત્યારે તેમની અસાધારણ મહેનત, લાગવગ, કુનેહ, મુત્સદીગીરી, સતત જાગૃતભાવે પ્રયત્નો બરાબર મુદ્દાસર અને આબાદ નિશાનસર થાય તેવી રીતે–કુદરતી રીતે જ ઝળકી ઊઠે છે. કોણ જાણે ક્યાંથી એટલીબધી ચપળતા આવી જાય છે? તેની કલ્પના પણ આશ્ચર્ય અને આનંદ આપે તેવી છે.

આ કારણે જ તેમની ધાર્મિક ભાવના નિષ્કામ છે. ધાર્મિક ક્ષેત્રે અપાતી સેવા, નિઃસ્વાર્થભાવે થાય છે. અને તેથી જ અનેક ધાર્મિક ખાતાઓમાં ટ્રસ્ટી તરીકે કે કાર્યવાહક તરીકે અનાયાસે તેમની નીમણુંક થયા કરે છે.

મુંબાઇમાં શ્રી શાન્તિનાથજી જૈન દહેરાસર ભાયખલા જિનમન્દિર, ને સેન્ડહર્સ્ટ રોડ ઉપરના જૈન દેરાસરના તેઓ ટ્રસ્ટી છે. બીજી પણ નાની-મોટી સંસ્થાઓમાં તેમની રીતસરની દરમ્યાનગીરી છે. લાલબાગ જૈન દહેરાસર, ઉપાશ્રય ઉપર પણ તેમની જ મુખ્ય નજર છે. મહેસાણા શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા, પાલીતાણા જૈન શ્રાવિકાશ્રમ, વિગેરે સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે તેમનું સ્થાન છે.

ધંધાના અને ઉદ્યોગોના અનેક ક્ષેત્રોમાં અને સંસ્થાઓમાં પણ કયાંક ડીરેકટર, કયાંક ચેરમેન, કયાંક વાઇસ ચેરમેન, કયાંક પ્રેસીડેન્ટ, કયાંક વાઇસ પ્રેસીડેન્ટ, મુખ્ય સભ્ય, ટ્રસ્ટી વિગેરે હોદ્દાઓ સંભાળવાની ફરજ પણ આવી પડી છે. અને તેથી જાહેરમાં પણ તેમનો મોભો આગળ પડતો છે. તેમના આ વ્યવહારિક ક્ષેત્રનો વિસ્તાર પણ બહોળો છે, જેની કેટલીક તો આપણને માહિતી પણ નથી.

તે તે ધાર્મિક ખાતાઓનાં કે વ્યવહારિક ખાતાઓનાં ડોલતાં નાવનાં સુકાન હાથમાં લઇ તેને સારી સ્થિતિમાં મૂકી દેવાયાનાં પરિણામ જનસમાજે જોયાં છે.

ખાતાઓને નકામા ડોળતા ખર્ચનો બોજો ન પડે, અને જનસમાજ તેના હેતુઓનો લાભ લઈ શકે, તેવી જ રીતે તેઓ ખાતાઓના સ્વરૂપને ઘડે છે, છતાં અનેક વ્યવસાયોમાં મગજ રોકાયેલું રહેતું હોવાને લીધે તેમાં કેટલીક વખત ખામીઓ દૂર થયા વિના પડી રહે છે. છતાં, જે તે ખાતાઓમાં નામ રાખવું, અને આગળની ખુરશી ઉપર ચડી બેસવું એવી તેમને ટેવ નથી. ન બને તે છોડી દેવું અને બને તેટલું અવશ્ય ઉપેક્ષા વિના નિયમિત કાળજીભરી મહેનતથી કરવું, એ તેમની ખાસ ટેવ છે.

નામદાર બ્રિટિશ સરકારે તેમને રાવબહાદુરનો ઇલ્કાબ આપ્યો છે. આવા ધાર્મિક પુરુષો, આવા ઇલ્કાબોની જરૂર પોતાને માટે માનતા હોય એમ જણાતું નથી, પરન્તુ, કોઇ વખતે મહત્ત્વના ધાર્મિક કે એવા જરૂરી કામોમાં તેનાથી મદદ મળવાની આશાથી આવી ઉપાધિ તેઓ સ્વીકારતા હશે એમ માની શકાય. શેઠશ્રીની કાર્યશક્તિ અજબ પ્રકારની છે. વેપારધંધાના સંખ્યાબંધ ક્ષેત્રોમાં તેમનો હસ્તક્ષેપ હોય છે.

આ રીતે બોજો ઉઠાવવા છતાં, રાત્રે ઉંઘવાનો વખત થતાં જ 'સબ ડૂબ ગઈ દુનિયા'ની માફક પાસું ઢાળતાં ઉંઘ લેવાની શરૂઆત થઈ જાય. ચિન્તા નહિં, ફફડાટ નહિં, હાયવોય નહિં. તેનું કારણ દરેક કાર્યની પાત્રોની યોગ્યતા મુજબની વિભાગવારની વહેંચણી છે. તેમ કરવાથી ચિન્તાનો બહુ બોજો ઉઠાવવા જેવું રહેતું નથી. અથવા શારીરિક ખાસિયત જ એવી કે, પાસુ ઢાળતાં જ છેડે બાંધેલી ઉંઘ, આંખ ઉપર ચઢી બેસે અને તાલબદ્ધ શ્વાસોચ્છ્વાસ ચાલવા માંડે. મનની નીરાંત અને ઊંડી શાન્તિ વિના

આવી નિદ્રા આવતી નથી. પાછા સવારમાં વખતસર ઉઠતાં જ ઘડીયાળની માફક નિયમિત કાર્યક્રમ શરૂ થઈ જ જાય.

## ઉપસંહાર

સર્વ ગુણી વીતરાગ પ્રભુ છે, છતાં શ્રી વીતરાગ પ્રભુની મહાન્ પુનિત સંસ્કૃતિની છાયા જગતમાં જે કાંઈ કામ કરી રહી છે, તેની અસર તળે અનેક જીવો આવેલા છે, આવે છે અને આવશે.

આર્ય સંસ્કૃતિના બચાવ માટેના પરદેશીઓ અને સ્વદેશી તથા સ્વબન્ધુઓ વચ્ચે ચાલતા આધુનિક યુદ્ધમાં આપણી ધુરંધર અને બાહોશ વ્યક્તિઓમાંની કેટલેક અંશે આગળ પડતી એક વ્યક્તિના જીવનનું આ પાનાઓ ઉપર અમે આછી રેખાથી શબ્દચિત્ર આપ્યું છે. વસ્તુસ્થિતિની યથાર્થતાને સ્પર્શવાના યથાશક્તિ પ્રયત્નો કર્યા છે, છતાં છદ્મસ્થભાવને લીધે, તેમજ પરિમિત શક્તિઓને લીધે તેમાં કાંઈપણ સ્ખલના થઈ હોય, તો તે બદલ સુજ્ઞ વાંચકોની ક્ષમા માગીએ છીએ. ખોટી સ્તુતિ કરી જનસમાજને અંધારામાં રાખવાની કે ખોટી ટીકા કરી પ્રસ્તુત વર્ણ્ય સદ્ગૃહસ્થ વ્યક્તિને અન્યાય કરવાની અમારી ઇચ્છા નથી.

દરેક પ્રસંગની ઉડતી નજરે નોંધ લીધી છે, કેમકે દરેક પ્રસંગને સંપૂર્ણ વિગતથી રજૂ કરવામાં આવે, તો એક મોટું પુસ્તક થાય તેમ છે.

ઘણે અંશે પૂર્વની મહાનુભાવતા જાળવી રહેલા આવા સદ્ગૃહસ્થોના જીવન વિવિધરંગી અને વિશાળ હોય છે. તેના જીવનના અનેક પ્રસંગમાં કાંઇ ને કાંઈ શિખવા જેવું, સમજવા જેવું અનુકરણીય અથવા ત્યાગવા જેવું પણ હોય છે. આપબળે આગળ આવેલી વ્યક્તિઓમાં કોઈ ને કોઈ પ્રકારની વિશિષ્ટતા હોય જ છે. અને તેને લીધે તેમણે પોતાના જીવનને, કુળને, શહેરને, ધર્મને, સંઘને, આત્માને, અજવાળે તેવાં જે જે શુભ કાર્યો કર્યાં હોય છે, તેથી સમાજને અનુમોદનાના વિષયરૂપ બને છે.

આશા છે કે-વાચક મહાશયો, આ આછા જીવનરેખામાંથી હિતાહિતકારક તત્ત્વોની વહેંચણી કરી લેશે. છેલ્લે અમારા હૃદયના ઊંડા ભાવથી અમો શેઠશ્રી જીવાભાઇના જીવનની સર્વદેશીય ઉન્નતિ ઇચ્છી વિરમીએ છીએ.



# આ-મુ-ખ.

ગણુ નામે વ્યવસ્થિત પ્રજાસમુદાયોમાંથી વધુ સંગઠિત અને શિસ્તબદ્ધ બનેલી સંસ્થા તે સંઘ. તીર્થંકર ભગવાન જેવા તારણહારો પણ પ્રથમ શ્રી સંઘને વંદના અને પછી જ સમવસરણમાં કે ઉપદેશની પર્ષદામાં વિરાજતા. જૈનો જ સંઘને આવી રીતે શ્રદ્ધતા કે બહુમાનતા એમ નથી, બૌદ્ધો તો સંઘને પરમ આશ્રયભૂત માની "હું શ્રીસંઘને શરણે જ છું" એવી પ્રતિજ્ઞામાં જીવનની ચરિતાર્થતા ગણતા. આ સંઘસંસ્થાનું નિયમિત અને સાંગોપાંગ સ્વરૂપ આપણને સંઘ-જાત્રામાં જોવા મળે છે. જે કાળે પ્રવાસના આજના જેવા સુગમ-સહેજે મળી શકે એવા સાધનો નહોતાં-જે વખતે દુર્લંઘ્ય અરણ્યો-અટવીઓ અને ધંધાદારી ધાડપાડુ ટોળીઓની વચ્ચે થઈને મુસાફરોને માર્ગ કાઢવો પડતો તે વખતે તીર્થયાત્રા નિમિત્તે જે સંઘો નીકળતા તેને એક સંઘપતિનો અને તેના સાધનોનો હોંશે હોંશે સ્વીકાર કરવો પડતો. નાનો કે નબળો માણસ આવો સંઘપતિ બનવાનો ખ્યાલ સરખો પણ ન કરી શકે. જેને પોતાની વીરતા ઉપર પૂરો વિશ્વાસ હોય, જે પોતાની દ્રવ્યસંપત્તિ કાંકરાની જેમ છૂટે હાથે વેરી શકે, સંઘના નાનામાં નાના માણસને પણ પોતાના ભાઈ-ભાંડુની જેમ સંભાળી શકે તે જ આવું સંઘપતિનું બિરુદ ધારણ કરવાની હિમ્મત કરી શકે.

ઇતિહાસવિશ્રુત વસ્તુપાળ-તેજપાળ બંધુઓમાં એ યોગ્યતા અને એ શક્તિ હતી. આ બન્ને વીરપુરુષોની શૂરવીરતા તેમજ રાજકારણી કુશળતાથી કોઈ ગુજરાતી વાચક અજાણ્યો નથી. જે ગુજરાત ગણુતરીમાં જ નહોતું—ગુજરાત માત્ર વેપારીઓનો મુલક એવી માનીનતા બંધાઇ હતી તે દેશને આ ગુર્જર મંત્રીઓએ શૂરતા, વ્યવહારદક્ષતા, રાજકારણપટુતા અને સાહસ તથા બુદ્ધિવૈભવના મોખરે મૂકી દીધો.

રાજકારણમાં ગુંચવાઇ ગએલા વસ્તુપાળ મંત્રીએ પોતાના પૂજનીય ગુરુદેવ-શ્રી વિજયસેનસૂરીશ્વર પાસે એક દિવસે જે નિખાલસ નિવેદન કર્યું તે ઉપરથી, સત્તા, કીર્ત્તિ અને વૈભવના સર્વોચ્ચ સ્થાને પહોંચેલા આ મંત્રીના દિલમાં કોઇ કોઇ વાર કેવું મંથન જાગતું હશે તેની કલ્પના થઈ શકે છે. રાજરમત પહેલેથી જ મેલી રમત હશે. રાજનીતિને પ્રામાણિક-

પણ અનુસરવા જતા રાજપ્રકરણી મહાજનો રાજપ્રપંચમાં સરકી જતા હશે. એવે વખતે જેઓ જાગૃત અને આત્મનિરીક્ષણશીલ હોય તેમને જરૂર દુઃખ થતું હશે–દોષના પ્રાયશ્ચિત્તની વૃત્તિ પણ જોર પકડતી હશે. મંત્રી વસ્તુપાળના નિવેદનમાં એ જ ધ્વનિ ઊઠે છે. એ પોતાના ગુરુદેવને કહે છેઃ "ભગવન્! રાજખટપટથી મલિન અમારા હૃદયમાં બહુ ઉચ્ચ ભાવના સંભવતી નથી."

ગુરુદેવ આશ્વાસન આપે છેઃ "મંત્રી રાજકારભારને શા માટે દૂષણ આપો છો?....તુચ્છ પ્રાણીઓને એ કષ્ટની પરંપરાના કારણભૂત થાય....પણ જે પવિત્ર મનવાળા હોય–સંપત્તિ કે સમૃદ્ધિ પરત્વે ઉદાસીન હોય–સત્ત્વશીલ હોય એમને તો રાજકારભાર પણ આત્મશ્રેયને માટે જ થાય."

એ પછી ગુરુદેવ મંત્રીને ભાવના કરતાં પ્રભાવના ધર્મ શા માટે ઉત્તમ છે તે સમજાવે છે અને સંઘ સાથે તીર્થયાત્રાએ જવાનો નિર્ણય લેવાય છે. પગપાળા તીર્થયાત્રાએ જવાની પ્રથા આજે પણ જૈનોમાં હયાત છે. કવચિત્ જૈન લક્ષ્મીનંદનો શત્રુંજય તીર્થના તેમજ એવા બીજા પુનિત ધામોના નાના–મોટા સંઘ કાઢે છે. આવા સંઘો જૈન સમાજમાં પ્રભાવનારૂપ ગણાય છે–એટલે કે જૈન શ્રીમંતોના દાન–ઔદાર્ય, સાધર્મીવાત્સલ્ય અને લોકોપકારનો ઝગહળતો દમામ જોઈ લોકો વિસ્મયવિમુગ્ધ બને છે–જાત્રાળુઓના તપ, ધૈર્ય, સહિષ્ણુતા અને ધર્માનુરાગને અભિનંદે છે. સંઘયાત્રા હૃદયવિશુદ્ધિનું સાધન તો છે જ, પણ જૈનશાસનની ચોતરફ અનુમોદના થાય–જૈન આચાર–વિચાર અને તત્ત્વોનો પ્રચાર થાય એ કંઈ નાનીસૂની પ્રભાવના નથી.

ગુરુદેવે વસ્તુપાલને શત્રુંજયનો સંઘ કાઢવાની સલાહ આપી તેનો હેતુ પણ એ જ છે. તેઓ પોતે જ એક સ્થળે કહે છેઃ

"..........માર્ગમાં આવતા મંદિરોને પૂજતો, પડી ગયેલાનો જીર્ણોદ્ધાર કરાવતો, ગરીબ સ્વધર્મી બંધુઓનું સન્માન કરતો, દીન પુરુષોને દાન આપી ખુશ કરતો, ભયભીત થએલાને શરણ આપતો, કેદીઓને છોડાવતો, કાદવમાં ખૂંચી ગએલા–ભાંગી ગએલા તેમજ મુશ્કેલીમાં આવી પડેલા ગાડાને સમરાવી આપતો, ભૂખ્યાને અન્નવડે, તરસ્યાને પાણીવડે, રોગીને વૈદ્ય તેમજ દવાવડે શાંતિ પમાડતો, ધર્મી પુરુષોના ઉપદ્રવને સમાવતો તેમજ પોતાના બ્રહ્મચર્ય અને તપથી પ્રકાશ વિસ્તારતો "સંઘપતિ યાત્રાના મુખ્ય સ્થાને પહોંચે છે."

સંઘની તીર્થયાત્રા એટલે એક પ્રકારનું નિષ્ક્રમણ કે પ્રયાણ માત્ર નહિ–ગંગા કે યમુનાને કોઇ ભગીરથ શુષ્ક મરુભૂમિમાં ઉતારે તેવું અવતરણ. સંઘની તીર્થયાત્રા એટલે રસ્તામાં આવતા ગામડા અને શહેરોમાં સંસ્કૃતિનું સિંચન. આક્રમણ પણ એને કહીએ તો ચાલે–દીનોનાં દુઃખ દબાતાં હોય–દુર્બળો ઉપરના અત્યાચારો નામશેષ બનતા હોય. એને જરા જુદા અર્થમાં ઐતિહાસિક તેમજ આશીર્વાદરૂપ આક્રમણ તરીકે પણ ઘટાવી શકાય. હિંસામય–અત્યાચારમય આક્રમણોનો ઇતિહાસમાં ઉલ્લેખ મળશે–જાણે કે ઈતિહાસનો આત્મા જ આ યુદ્ધો અને આક્રમણો હોય એમ લાગશે. પણ આર્યસંસ્કૃતિ કે શ્રમણસંસ્કૃતિનો ખરો પ્રભાવ વાંચવો હોય તો તેમાં તપસ્વીઓના ત્યાગ–વિરાગ અને સંઘપતિ જેવા શ્રમણોપાસકોના લોકહિત

સાધનાના રંગથી રંગાએલા ચરિત્રો પણ અવલોકવા પડશે. સંસ્કારના પ્રચાર તથા વિકાસમાં વસ્તુતઃ સંઘયાત્રા જેવી અહિંસક-શ્રેયસ્કર ઘટનાઓએ જ મુખ્ય ફાળો આપ્યો છે.

માર્ગો આજે મોટામાં મોટા અંતરાયરૂપ બની ગયા છે. જાણે કે માર્ગનું મોં જ જોવું ન ગમતું હોય તેમ ઓછામાં ઓછા સમયમાં વધારેમાં વધારે માર્ગ કેમ કપાય તેની જ વિમાસણમાં વૈજ્ઞાનિકો પડી ગયા છે. આંખના પલકારામાં જો સો-બસો માઇલની કૂચ થઈ શકતી હોય અને ધારેલું કામ પતાવીને પાછું ઝટ ઘરભેગા થવાનું હોય તો સારું એવી યોજનાઓ વિચારાય છે. તીર્થ-યાત્રા પણ એ મનોભાવવડે અંકિત થઇ ચૂકી છે, સાંઝની ગાડીમાં નીરાંતે બીસ્તરા બીછાવી, સવારમાં ઉતરતાની સાથે જ જાત્રાવિધિ પતાવી, પાછા પોતાના સ્થાને વળનારા યાત્રિકો આજે વિરલ નથી. એ બધુ જોતાં કોઇને પણ એમ લાગે કે યાત્રાની પ્રથા અને વિધિ તો જળવાયો છે, પણ અંદરના પ્રાણ ઊડી રહ્યા છે.

સંઘસમેત તીર્થયાત્રાઓ થતી તે વખતે માર્ગો પણ પરમ મિત્ર જેવા બની રહેતા. માર્ગ અંતરાયરૂપ નહોતા લાગતા, ઈષ્ટ સ્થાને પહોંચાડનારા આલંબનરૂપ લાગતા-માર્ગમાં આવતા મંદિરો અને તીર્થોની વંદના કરતો, ભાંગેલા-જીર્ણ ધર્મસ્થાનોનો ઉદ્ધાર કરાવતો, પોતાના સાધર્મીબંધુઓનો સંપર્ક સાધતો, શક્તિશાલીઓની કદર કરતો-વિચારોની આપ-લે કરતો અને વસ્તુતઃ સ્વાવલંબનમાં જ વિશ્વાસ ધરાવતો સંઘ રોજ-બરોજ આગળ પ્રયાણ કરતો. માર્ગો સજીવન બનતા-કુવા-વાવ-અવાડા અને દેરીઓ-મંદિરોથી શણગારાતા-વિસામાઓ અથવા પાંથગૃહો આપોઆપ ઊગી નીકળતાં. હિંદ એક અને અભિન્ન છે-સર્વત્ર એક જ પ્રકારની રાષ્ટ્રીયતાની ચેતના વહે છે એ વાતના સમર્થનમાં આ સંઘયાત્રા જેવી બીજી બળવાન યુક્તિ નહિ જડે. ગમે તેટલા પ્રાંતો કે ભાષાભેદોમાં આ દેશ વહેંચાયેલો હોય, પણ શ્રદ્ધાળુ યાત્રિકોને તો એ બધામાં આત્મીયતાનો જ અનુભવ થતો. આજે પણ હિંદના જૂદા જૂદા પ્રાંતોમાં યાત્રિક તરીકે જે ફરે છે તેની ભારતભૂમિ પ્રત્યેની મમતા અને આત્મીયતાનો ઉમળકો અનુભવ્યા વિના નથી રહેતી.

સંઘયાત્રાની પ્રસ્તાવનારૂપે ગુરુ-મહારાજને વધુ વિસ્તારથી વિવેચન કરવાની જરૂર નહોતી; કારણ કે એ વસ્તુ સંઘપતિના સ્વભાવમાં તેમજ વિધિની અંદર સમાવેશ પામતી. પ્રસ્તુત ગ્રંથકારનું ધ્યેય તો જે ભૂમિની સ્પર્શના કરવાની છે, જે પ્રભુની વંદના કરવાની છે તે ભૂમિના ભાગ્ય સાથે તે તે પ્રભુઓના ચરિત્રો વર્ણવવાનું છે.

બીજા સર્ગથી સિદ્ધાચળના શિખરે બિરાજતા આદિ પ્રભુના ચરિત્રનો આરંભ થાય છે. પૂર્વભવો પૂરા થતાં ત્રીજા સર્ગથી ભગવાન ઋષભજિનના જન્મ, દીક્ષા અને કેવળપ્રાપ્તિનો આરંભ થાય છે. કથા તો પ્રવાહબદ્ધ વહે છે, પણ વચ્ચે વચ્ચે ઋતુવર્ણનના જે તરંગો ઉછળી આવે છે તેનો રસાસ્વાદ લેવા વાચકને થોભવું પડે છે. જૈન શ્રમણોના વિરાગમાં કવચિત્ વસંતની રંગછટા દર્શન દઇ જાય છે. "વસંતવિલાસ"ના અભ્યાસીઓને આ ગ્રંથમાંનું વસંતવર્ણન એટલી તો ખાત્રી કરાવી દેશે જ કે શ્રમણ-લેખકો કેવળ શૂષ્ક-નીરસ નહોતા. એમની લેખિનીમાંથી પ્રસંગોપાત રસબિંદુ ઝરી પડતા. ભરત ચક્રવર્ત્તી અને બાહુબલીની યુદ્ધકથા ચોથા સર્ગમાં પતાવી પાંચમા સર્ગમાં શ્રી ઋષભ પ્રભુના નિર્વાણ અને શત્રુંજય તીર્થની સ્થાપનાની હકીકત પૂરી થાય છે. છઠ્ઠા અને સાતમા-બે નાના સર્ગોની અંદર

ભરતનિર્વાણ અને શત્રુંજય મહાત્મ્ય સમાય છે. આઠમો સર્ગ શ્રી જંબૂસ્વામીને અર્પિત થયો છે. વીર પ્રભુ પછી ૬૪ મા વર્ષે કેવળજ્ઞાન પામેલા એ છેલ્લા કેવળી પ્રભુ છે. તે પછી તપમાહાત્મ્ય અંગેની યુગબાહુની કથા નવમા સર્ગથી આરંભાતી ત્યાં જ સમાપ્ત થાય છે.

દશમા સર્ગથી ગિરનારના શિખરોને અજવાળતા શ્રી નેમિનાથ પ્રભુનું ચરિત્ર આરંભાય છે. પૂર્વભવો પૂરા થતાં અનુક્રમે યદુવંશની ઉત્પત્તિ, કંસ-જરાસંધ આદિની કથાઓ, કૃષ્ણચરિત્ર જેની અંદર રાજ્યવર્ણન અને કૃષ્ણના વિજયનો સમાવેશ થાય છે તે ૧૧-૧૨-૧૩ મા સર્ગમાં સમાપ્ત થાય છે. શ્રી નેમિનાથના નિર્વાણ સાથે ચૌદમો સર્ગ અને તે સાથે ગ્રંથનો મહત્વનો ભાગ પરિસમાપ્તિને પામે છે. છેલ્લા સર્ગમાં ગ્રંથકારે વસ્તુપાલનો અને પોતાનો થોડો પરિચય આપ્યો છે.

આ સંઘયાત્રાના સ્મરણ નિમિત્તે સંઘપતિ-મંત્રી વસ્તુપાળે લલિતસરોવર-પોતાના જળ-તરંગોથી ઉગ્ર તાપને શમાવનાર ગર્જના કરતું સરોવર, તેમજ શ્રેષ્ઠ બંધવાળું અને તીર્થ શિલાના સંચયવાળું અનુપમા સરોવર શત્રુંજયતીર્થમાં બંધાવેલ હોવાનો ગ્રંથકારે નિર્દેશ કર્યો છે. સમ્રાટ્ અશોકે ગિરનારની તળેટીમાં બંધાવેલા સુદર્શન-તળાવનું એ સ્મરણ કરાવે છે. આજે એ બધા સરોવરો, ધરતીની ધૂળથી અદૃશ્ય બન્યા છે. પાટણના સહસ્રલિંગ સરોવરની જેમ એની કેવળ સ્મૃતિ જ રહી ગઇ છે.

એ સરોવરો લોકસ્મૃતિમાંથી સરી ગયા તો ભલે, પણ શ્રી ઉદયપ્રભસૂરિએ વંદનીય પુરુષોના ચરિત્રોની જે નાની નિર્ઝરિણીઓ આ ગ્રંથમાં વહેતી મૂકી છે તેને તો કાળ પણ વિલોપવા સમર્થ નથી. પ્રસ્તુત ગ્રંથની ઉપયોગિતા, એની પ્રવાહી શૈલી તેમજ લોકભોગ્ય અનુવાદ વિષે આથી વિશેષ કંઇ કહેવાની જરૂર નથી.

સુશીલ



# વિષયાનુક્રમ.

## સર્ગ ૧ લો તીર્થયાત્રા વિધિવર્ણન (પાના ૧ પાના ૬)


| | **વિષય** | **પૃષ્ઠ** |
|---|---|---|
| ૧ | મંગળાચરણ... | ૧ |
| ૨ | ગ્રંથકર્ત્તાના પૂર્વપુરુષો | ૨ |
| ૩ | સંઘ માહાત્મ્ય | ૨ |
| ૪ | વસ્તુપાળ માહાત્મ્ય | ૨ |
| ૫ | આ ગ્રંથનું નામકરણ | ૨ |
| ૬ | વસ્તુપાળના વંશનું વર્ણન | ૨ |
| ૭ | વસ્તુપાળનાં કુળગુરુઓ | ૩ |
| ૮ | વસ્તુપાળની ધર્મપિપાસા | ૩ |
| ૯ | રાજ્યકારભારની સાર્થકતા | ૪ |
| ૧૦ | પ્રભાવનાધર્મનું સ્વરૂપ | ૪ |
| ૧૧ | સંઘ સહિત તીર્થયાત્રા વિધિ... | ૪ |
| ૧૨ | વસ્તુપાળ સ્તુતિ* ... | ૬ |


## સર્ગ ૨ જો—શ્રી રૂષભપ્રભુના પૂર્વભવોનું વર્ણન (પા. ૭ થી પા. ૨૭)


| | | |
|---|---|---|
| ૧૩ | ધનસાર્થવાહનું ચરિત્ર | ૭ |
| ૧૪ | અભયંકરનૃપનું અદ્‌ભુત વૃત્તાંત | ૧૦ |
| ૧૫ | ધન સાર્થવાહને ધર્મઘોષ મુનિએ આપેલ ઉપદેશથી થયેલ સમક્તિની પ્રાપ્તિ | ૨૦ |
| ૧૬ | શ્રી આદિનાથ પ્રભુના પૂર્વભવો | ૨૨ |


* કર્તાએ શ્રી વસ્તુપાળની સ્તુતિગર્ભિત શ્લોક દરેક સર્ગે લખેલ છે અને તેનું ભાષાંતર ગ્રંથમાં કરવામાં આવ્યું છે.

## સર્ગ ૩ જો. શ્રી રૂષભપ્રભુનો જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન ઉત્પત્તિ વર્ણન (પા. ૨૮ થી પા. ૪૭)


૧૭ કુલકરોની ઉત્પત્તિ અને નીતિઓ ... ૨૮
૧૮ શ્રી રૂષભદેવ પ્રભુનો જન્મ અને દેવતાઓએ કરેલો જન્મ મહોત્સવ ... ૩૧
૧૯ પ્રભુના સુંદર શરીરનું વર્ણન ... ... ... ... ... ૩૫
૨૦ વસંતઋતુનું વર્ણન... ... ... ... ... ... ૩૭
૨૧ શ્રી આદિનાથ પ્રભુને વૈરાગ્યપ્રાપ્તિ અને ચારિત્રસ્વીકાર ... ... ... ૩૯
૨૨ નમિ વિનમિની પ્રભુની ઉપાસના ... ... ... ... ... ૪૧
૨૩ અક્ષયતૃતીયા પર્વની ઉત્પત્તિ... ... ... ... ... ... ૪૩
૨૪ મરુદેવી માતાનું મોક્ષગમન ... ... ... ... ... ... ૪૫
૨૫ ચતુર્વિધ સંઘની સ્થાપના ... ... ... ... ... ... ૪૭


---

## સર્ગ ૪ થો. ભરતનો દિગ્વિજય અને બાહુબલીની દીક્ષા (પા. ૪૮ થી પા. ૬૮)


૨૬ ભરતચક્રીનું દિગ્વિજય માટે પ્રયાણ અને વર્ણન... ... ... ... ૪૮
૨૭ ભરતચક્રીને સ્ત્રીરત્નની પ્રાપ્તિ ... ... ... ... ... ૫૪
૨૮ લઘુ બંધુઓને આજ્ઞા સ્વીકારવા ભરત મહારાજનું કહેણ... ... ... ૫૫
૨૯ અંગારકનું વૃત્તાંત ... ... ... ... ... ... ... ૫૫
૩૦ બાહુબલીની રાજસભામાં સુવેગનો પ્રવેશ ... ... ... ૫૭
૩૧ સુવેગને બાહુબલીનો સચોટ જવાબ ... ... ... ... ... ૫૯
૩૨ બાહુબલીને જીતવા બહલી દેશમાં ભરત મહારાજનું આગમન ... ... ૬૧
૩૩ ચક્રવર્તીને દેવોની સલાહ ... ... ... ... ... ... ૬૩
૩૪ ભરત મહારાજાએ દર્શાવેલ પોતાનું અપ્રતિમ બળ ... ... ... ૬૫
૩૫ બાહુબલીની દીક્ષા અને ભરતની ખિન્નતા ... ... ... ... ૬૭


---

## સર્ગ ૫ મો. શ્રી શત્રુંજય તીર્થની ઉત્પત્તિ અને શ્રી રૂષભસ્વામીનું નિર્વાણ. (પા. ૬૯ થી પા. ૭૬)


૩૬ છ ઋતુનું વર્ણન ... ... ... ... ... ... ... ૬૯
૩૭ શ્રી બાહુબલીને ઉપજેલ કેવળજ્ઞાન ... ... ... ... ... ૭૦
૩૮ અવગ્રહનું સ્વરૂપ .... ... ... ... ... ... ... ૭૧
૩૯ શ્રીરૂષભપ્રભુનું અષ્ટાપદે આગમન અને આ પર્ષદામાં ભાવી ... ...
તીર્થંકર કોણ થશે તે માટે ભરતને જણાવેલ વૃત્તાંત .... ... ... ૭૨
૪૦ શ્રી શત્રુંજયગિરિએ પ્રભુનું આગમન અને શત્રુંજયતીર્થનું માહાત્મ્ય ને ઉત્પત્તિ ... ૭૩
૪૧ પ્રભુનું અષ્ટાપદ પર્વત ઉપર આગમન અને મોક્ષ ... ... ... ૭૫


---

## સર્ગ ૬ ઠ્ઠો. ભરતનું નિર્વાણ (પા. ૭૭ થી ૮૧)


૪૨ શ્રીઋષભપ્રભુનો દેવો વગેરેએ કરેલ નિર્વાણ મહોત્સવ .... .... ... ૭૭
૪૩ પ્રભુનિર્વાણથી ભરતને થયેલો શોક ... ... .... .... ... ૭૯
૪૪ અરિસા ભુવનમાં થયેલ ભરતને કેવળજ્ઞાન અને મોક્ષ ... ... ... ૮૦


---

## સર્ગ ૭ મો. શત્રુંજય મહાત્મ્ય વર્ણન. (પા. ૮૨ થી ૮૬)


૪૫ કપર્દીયક્ષની ઉત્પત્તિ ... ... ... ... ... ... ૮૨
૪૬ શ્રી શત્રુંજયનો પ્રભાવ અને સિદ્ધિ પામેલા મહાપુરુષોની નામાવલી... ... ૮૩
૪૭ શ્રી શત્રુંજય ઉપર થયેલા ઉદ્ધારોનું વર્ણન ... ... ... ... ૮૫


---

## સર્ગ ૮ મો. શ્રી જંબૂસ્વામી ચરિત્ર. (પા. ૮૭ થી ૧૨૭)


૪૮ શ્રી જંબૂસ્વામીનો પૂર્વભવ ... ... ... ... ... ૮૭
૪૯ ભવદત્ત અને ભવદેવનું વૃત્તાંત ... ... ... ... ... ૮૮
૫૦ શ્રી જંબૂસ્વામીનું ચરિત્ર અને જન્મ ... ... ... ... ... ૯૧
૫૧ સુધર્માસ્વામીની દેશનાથી જંબૂકુમારને થયેલ વૈરાગ્ય ... ... ... ૯૩
૫૨ પ્રભવકુમારનું ચોરી કરવા જંબૂકુમારને ત્યાં આગમન ... ... ... ૯૪
૫૩ જમ્બૂસ્વામીએ પ્રભવચોરને પોતે વ્રત શા માટે લે છે તે માટે ... ...
કથાઓ દ્વારા આપેલ ઉપદેશ ... ... .... ... ... ૯૪
૫૪ પ્રથમ મધુબિન્દુનું દૃષ્ટાંત અને તેનો ઉપનય ... ... ... ... ૯૫
૫૫ કુટુંબ સંબંધી જંબૂસ્વામીએ કહેલ કુબેરદત્ત અને કુબેરદત્તાની કથા ... ... ૯૫
૫૬ પુત્રના સંબંધમાં જમ્બૂસ્વામીએ આપેલ મહેશ્વરદત્તની કથા ... ... ... ૯૭
૫૭ જમ્બૂસ્વામીને સંસારમાં રાખવા અને ઉભય ભ્રષ્ટ ન થવા તેમની ... ...
સ્ત્રી સમુદ્રશ્રીએ કહેલ ખેડૂતની કથા ... ... ... ... ... ૯૮
૫૮ જમ્બૂકુમારે તે ઉપર કહેલ કાગડાની કથા ... ... ... ... ૯૯
૫૯ જમ્બૂકુમારની બીજી સ્ત્રી પદ્મશ્રીએ વૈરાગ્ય ન લેવા આપેલ ... ...
વાનરનું દૃષ્ટાંત ... ... ... ... ... ... ... ૧૦૦
૬૦ પોતે વિષયાધીન નહિ બનવા જમ્બૂકુમારે કહેલ પુણ્યસારની કથા ... ... ૧૦૨
૬૧ પદ્મસેના નામની ત્રીજી સ્ત્રીએ ઉભય ભ્રષ્ટ નહિ બનવા કહેલ ... ...
રાણી ને શીયાળની કથા ... ... ... ... ... ... ૧૦૪
૬૨ વિદ્યુન્માલીની જેમ પોતે મોહમાં મગ્ન નહિ થવા માટે જમ્બૂકુમારે ...
આપેલ વિદ્યુન્માલીની કથા ... ... ... ... ... ... ૧૧૦
૬૩ ચોથી સ્ત્રી કનકશ્રીએ દીક્ષા લઈ પશ્ચાત્તાપ કરવો પડશે તે ઉપર ... ...
કહેલ શંખધમકની કથા ... ... ... ... ... ... ૧૧૧
૬૪ વાનરની જેમ મરણને શરણ પોતે ન થવા માટે જમ્બૂકુમારે

કહેલ વાનરની કથા ... ... ... .... ... ... ૧૧૨
૬૫ નભઃસેના નામની સ્ત્રીએ હાંસીપાત્ર ન બનવા કહેલ .... ... ...
બુદ્ધિ નામની સ્ત્રીની કથા ... ... ... ... ... ... ૧૧૩
૬૬ દીક્ષા લઈ ઉન્ગામી નહિ બનવા ઉપર જમ્બૂકુમારે કહેલ... ... ...
વાજીરાજનું વૃત્તાંત ... ... ... ... ... ... ૧૧૪
૬૭ કનકશ્રી નામની સ્ત્રીએ પરિતાપ પામવા ઉપર કહેલ પુણ્યહીનની કથા ... ૧૧૬
૬૮ મનને સંતાપ આપનાર પોતે નહિ થાય તે ઉપર જમ્બૂકુમારે ... ...
આપેલ કૂર્મનું દૃષ્ટાંત ... .... ... ... ... ... ૧૧૭
૬૯ અનુકરણ નહિ કરવા માટે માસાહસ પક્ષીનું દૃષ્ટાંત ... ... ... ૧૧૮
૭૦ દુઃખપાત્ર પોતે નહિ બનવા જંબૂકુમારે કહેલ સોમશર્મા વિગેરે ... ...
ત્રણ મિત્રોની કથા ... ... ... ... ... ... ૧૧૮
૭૧ જયશ્રી નામની સ્ત્રીએ મજબૂત મનને પીડા ઉપજાવવા ઉપર ... ...
આપેલ નાગશ્રીનું વૃત્તાંત ... ... ... ... ... ... ૧૨૦
૭૨ સ્ત્રીઓને નહિ છેતરવા વિષે જમ્બૂકુમારે કહેલ લલિતાંગકુમારની કથા ૧૨૧
૭૩ જમ્બૂસ્વામીના ઉપદેશથી તેમની સર્વ સ્ત્રીઓ અને પ્રભવને થયેલ ... ...
દીક્ષાની ભાવના ... ... ... ... ... ... ... ૧૨૫
૭૪ જમ્બૂસ્વામી વગેરે તેમજ કુટુંબીજનને સુધર્માસ્વામીએ આપેલ દીક્ષા ... ૧૨૬
૭૫ જમ્બૂસ્વામીને ઉપજેલ કેવળજ્ઞાન અને થયેલ મોક્ષ ... ... ... ૧૨૭


---

## સર્ગ ૯ મો. તપ માહાત્મ્ય ઉપર શ્રી યુગબાહુ કથાનક

(પા. ૧૨૮ થી ૧૪૦)


૭૬ યુગબાહુકુમારનો જન્મ ... ... ... ... ... ... ૧૨૮
૭૭ કન્યાના સંરક્ષાર્થે યુગબાહુનો જળપ્રવેશ .... ... .... .... ૧૩૧
૭૮ યુગબાહુને પ્રાપ્ત થયેલ વિદ્યાઓ .... ... ... ... ... ૧૩૩
૭૯ યુગબાહુ કુમારના પૂર્વભવનું વર્ણન .... .... ... ... ... ૧૩૪
૮૦ જ્ઞાનપંચમી તપનું માહાત્મ્ય... ... ... ... ... ... ૧૩૫
૮૧ અનંગવતીના પિતા વગેરેનો મેળાપ ... ... ... ... ... ૧૩૭
૮૨ યુગબાહુકુમારે પૂતળીદ્વારા અનંગવતીને આપેલા જવાબો ... ... ... ૧૩૮
૮૩ યુગબાહુનું વિદ્યાધર તરીકેનું સ્થાન અને અનંગવતી સાથે ... ... ...
થયેલ પાણિગ્રહણ ... ... .... ... ... ... ૧૩૯


---

## સર્ગ ૧૦ મો. દીનજનો પ્રત્યે અનુકંપા ઉપર પ્રભુ શ્રી નેમિનાથ ભગવંતનું ચરિત્ર.

(પા. ૧૪૧ થી ૧૫૮ સુધી)


૮૪ શ્રીનેમિનાથ પ્રભુના પૂર્વભવોનું વૃત્તાંત ... .... ... ... ૧૪૧
૮૫ ધનવતીને ચિત્રપટ ઉપરથી ધનકુમાર પર ઉપજેલ પ્રીતિ .... .... .... ૧૪૩

| | | |
|---|---|---|
| ૮૬ | ધનકુમારને સમકિતની પ્રાપ્તિ | ૧૪૫ |
| ૮૭ | મિત્ર સુમિત્રની બ્હેનનું ચિત્રગતિએ કરેલું રક્ષણ | ૧૪૭ |
| ૮૮ | અપરાજિતકુમારે કરેલ કોઈ એક પુરુષનું રક્ષણ | ૧૪૯ |
| ૮૯ | અપરાજિતકુમારનું દેશાટનમાં પાણિગ્રહણ | ૧૫૧ |
| ૯૦ | અપરાજિતકુમારે પૂતળીદ્વારા આપેલ ઉત્તરો | ૧૫૩ |
| ૯૧ | પલ્લીપતિને જીતવા કુંમારનું પ્રસ્થાન | ૧૫૫ |
| ૯૨ | શંખકુમારનું યશોમતી વગેરે કન્યાઓ સાથે પાણિગ્રહણ | ૧૫૭ |


## સર્ગ ૧૧ મો વસુદેવ યાત્રાવર્ણન (પા. ૧૫૯ થી ૧૯૮ સુધી)


| | | |
|---|---|---|
| ૯૩ | યદુવંશની ઉત્પત્તિનું વર્ણન | ૧૫૯ |
| ૯૪ | વસુદેવનું પરદેશગમન | ૧૬૧ |
| ૯૫ | ચારુદત્ત ને ગંધર્વસેનાનું ચરિત્ર | ૧૬૩ |
| ૯૬ | વિદ્યાધરે વસુદેવને કહેલ કનકવતીની કથા | ૧૬૭ |
| ૯૭ | કનકવતીને હંસે આપેલ વસુદેવનો ચિત્રપટ | ૧૬૯ |
| ૯૮ | કનકવતીનો પૂર્વભવ દમયંતીનું વૃત્તાંત | ૧૭૨ |
| ૯૯ | દમયંતીએ નળને પહેરાવેલ વરમાળ અને નળ સાથે થયેલ પાણિગ્રહણ | ૧૭૫ |
| ૧૦૦ | જુગારમાં હારી જતાં નળરાજાનું દેશાટન | ૧૭૭ |
| ૧૦૧ | નળરાજાએ દમયંતીનો વનમાં કરેલો ત્યાગ | ૧૭૯ |
| ૧૦૨ | નળે દધિપર્ણ રાજાને ત્યાં રસોયા તરીકે કરેલો નિવાસ | ૧૮૧ |
| ૧૦૩ | દમયંતીનો વિલાપ | ૧૮૩ |
| ૧૦૪ | દમયંતીએ વરસાદથી તાપસોનું કરેલ રક્ષણ | ૧૮૫ |
| ૧૦૫ | દમયંતીનું પોતાની માસીના ગૃહે આગમન | ૧૮૭ |
| ૧૦૬ | પિતાઘરે દમયંતીનું આગમન | ૧૮૯ |
| ૧૦૭ | નળને શોધવા ભીમરાજાએ દમયંતીનો પુનઃ યોજેલો સ્વયંવર | ૧૯૧ |
| ૧૦૮ | નળને થયેલ પુનઃ સ્વરાજપ્રાપ્તિ | ૧૯૩ |
| ૧૦૯ | વસુદેવનું રોહિણીના સ્વયંવરમાં આગમન | ૧૯૫ |
| ૧૧૦ | વસુદેવનું પરિણીત સ્ત્રીઓ સાથે દ્વારિકામાં પ્રવેશ | ૧૯૭ |


## સર્ગ ૧૨ મો કૃષ્ણ રાજ્ય વર્ણન (પા. ૧૯૮ થી ૨૦૯)


| | | |
|---|---|---|
| ૧૧૧ | દેવકી સાથે લગ્ન કરવા વસુદેવને કંસનો આગ્રહ | ૧૯૯ |
| ૧૧૨ | શ્રીકૃષ્ણનો જન્મ અને ગોપૂજન વ્રતનો આરંભ | ૨૦૧ |
| ૧૧૩ | શ્રી નેમનાથ ભગવાનનો જન્મ | ૨૦૩ |
| ૧૧૪ | કાળીનાગનું કૃષ્ણે કરેલું દમન | ૨૦૫ |
| ૧૧૫ | કંસનો વધ અને જીવયશાની પ્રતિજ્ઞા | ૨૦૭ |
| ૧૧૬ | યાદવોનો દ્વારિકામાં નિવાસ | ૨૦૯ |

## સર્ગ ૧૩ મો કૃષ્ણવિજય ( પા. ૨૧૧ થી ૨૩૧ )


૧૧૭ કૃષ્ણે કરેલ રૂકિમણીનું અપહરણ ... ... ... ... ... ૨૧૧
૧૧૮ રૂકિમણીના પુત્ર પ્રદ્યુમ્નનો જન્મ અને અપહરણ ... ... ... ૨૧૩
૧૧૯ રૂકિમણીનો પૂર્વભવ અને પુત્રવિયોગનું કારણ... ... ... ... ૨૧૫
૧૨૦ પ્રદ્યુમ્ન અને રૂકિમણીનો મેળાપ ... ... ... ... ... ૨૧૭
૧૨૧ વૈદર્ભી નિમિત્તે પ્રદ્યુમ્ને ધારણ કરેલ ચાંડાલવેશ ... ... ...
૧૨૨ જીવયશાને યાદવો જીવતા હોવાની થયેલ જાણ... ... ... ... ૨૨૧
૧૨૩ જરાસંધ ને યાદવોનું તુમુલ યુદ્ધ ... ... ... ... ... ૨૨૩
૧૨૪ જરાસંધ ને કૃષ્ણ વચ્ચે શસ્ત્રાસ્ત્રનું યુદ્ધ ... ... ... ... ૨૨૯
૧૨૫ જરાસંધનો વધ ને શ્રી કૃષ્ણે પ્રાપ્ત કરેલ સુદર્શન ચક્ર ... ... ... ૨૩૧


## સર્ગ ૧૪ મો શ્રી નેમિનાથ નિર્વાણ ( પા. ૨૩૨ થી ૨૪૯ )


૧૨૬ શ્રી નેમિનાથ પ્રભુના બળની પરીક્ષા... ... ... ... ... ૨૩૨
૧૨૭ શ્રી નેમિનાથને પરણાવવા માટેના પ્રયત્નો ... ... ... ... ૨૩૪
૧૨૮ શ્રી નેમિનાથનું પરણવા માટે પ્રયાણ... ... ... ... ... ૨૩૫
૧૨૯ પરણવા જતાં પશુપોકાર સુણી શ્રી નેમનાથ પ્રભુએ પાછો વાળેલો રથ .... ૨૩૬
૧૩૦ શ્રી નેમિનાથ પ્રભુએ લીધેલ દીક્ષા અને રાજીમતીનો વિલાપ ... ... ૨૩૭
૧૩૧ ગજસુકુમાલનો જન્મ અને મોક્ષગમન .... ... ... .... ૨૩૯
૧૩૨ શ્રી કૃષ્ણે પ્રભુ પાસે લીધેલ અભિગ્રહ ... ... ... .... ૨૪૧
૧૩૩ ઢંઢણ મુનિને કેવળજ્ઞાન .... .... .... .... ... ... ૨૪૩
૧૩૪ દ્વૈપાયને દ્વારકાનગરીના નાશનું કરેલું નિયાણું.... .... ... .... ૨૪૫
૧૩૫ બલરામનો કૃષ્ણ પ્રત્યે અપરિમિત રાગ .... .... .... ... ૨૪૭
૧૩૬ શ્રી નેમિનાથ પ્રભુનું મોક્ષગમન .... ... ... .... .... ૨૪૯


## સર્ગ ૧૫ મો મંત્રી વસ્તુપાળની સંઘયાત્રાનું વર્ણન ( પા. ૨૫૦ થી ૨૫૪ )


૧૩૭ વસ્તુપાળે સંઘ સહિત કરેલ યાત્રાનું વર્ણન.... ... .... .... ૨૫૦
૧૩૮ વસ્તુપાળે શ્રી શત્રુંજય પર કરેલ અપૂર્વ દેવભક્તિ .... .... .... ૨૫૨
૧૩૯ ગ્રંથકર્તાની પ્રશસ્તિ ... ... .... ... ... ... ૨૫૪

श्रीउदयप्रभसूरिविरचित—

# શ્રી સંઘપતિ ચરિત્ર

પ્રકટકર્તા—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

## वस्तुपालमाहात्म्य.

गुर्वाशीर्वचसां फलं निरवधि श्रीसिद्धिसिद्धौषधिः,
कीर्तिस्फूर्तिसुधासुधांशुरुदयद्दीप्रप्रभाभास्करः ।
मूर्तः पुण्यसमुच्चयो विजयते कोऽप्येष सङ्घाधिपः,
शङ्के यस्य विभात्यखण्डविभुतापाखण्डमाखण्डलः ॥

ગુરૂ મહારાજના આશીર્વાદના અસીમ ફળરૂપ, મોક્ષપ્રાપ્તિમાં તૈયાર ઔષધ તુલ્ય, કીર્તિરૂપી અમૃતને વરસાવવામાં ચંદ્રમા સમાન, ઉદય પામતી ઝળહળતી જ્યોતિને પ્રકાશિત કરવામાં સૂર્ય સમાન, સાક્ષાત્ પુણ્યના રાશિ સમાન, અપૂર્વ શક્તિશાળી **વસ્તુપાલ** સંઘપતિ જયવંત વર્તે છે. કવિ અહિં કલ્પના કરે છે કે તે સંઘપતિના અખંડિત ઐશ્વર્યને ઇંદ્ર પણ સ્તવે છે.

श्रीउदयप्रभसूरिः

ॐ श्रीपार्श्वनाथाय नमः

।। श्रीमद्विजयानंदसूरिपादपद्मेभ्यो नमो नमः ।।

# શ્રી સંઘપતિ ચરિત્ર

( धर्माभ्युदयमहाकाव्य )

## સર્ગ પહેલો

### તીર્થયાત્રાવિધિ વર્ણન

[ **સર્ગસારાંશ**-મંગળાચરણ-ગ્રંથકર્તાના પૂર્વપુરુષોની નામાવલિ-સંઘનું માહાત્મ્ય-વસ્તુપાલના વંશનું વર્ણન-વસ્તુપાલના કુળગુરુઓ-વસ્તુપાલની ધર્મપિપાસા-રાજ્યકારભારની સાર્થકતા-પ્રભાવનાનું મહત્ત્વ-તીર્થયાત્રાની શાસ્ત્રોક્ત વિધિ. ]

**મંગળાચરણ-**

દેવ, દાનવ અને મનુષ્યની સંપત્તિ જેની સમક્ષ દાસી તુલ્ય બનીને રહે છે તે ઉત્તમ એવા પરમેષ્ઠી પદને અર્પનાર શ્રી અરિહંત પરમાત્માની અતિશય યુક્ત લક્ષ્મીની અમે સ્તુતિ કરીએ છીએ. જાણે બધા કલ્પવૃક્ષોએ એકઠા થઇને નિર્માણ ન કર્યો હોય તેવો યુગાદીશ શ્રી **ઋષભદેવ** પરમાત્મારૂપી કલ્પવૃક્ષ તમારા લોકોત્તર ફળ-મોક્ષને માટે થાઓ. ત્રણ જગતનાં દુઃખરૂપી અંધકારસમૂહની શાંતિના કારણભૂત શ્રી **શાંતિનાથ** જિનેશ્વરના ચરણકમળ ઉપર ક્રીડા કરતી ઝળહળતી નખની કાંતિઓ જય પામો. નિષ્કલંક-નિર્મળ બ્રહ્મચારી શ્રી **નેમિનાથ** ભગવાનના સૌભાગ્યને તમે પ્રણામ કરો કે જેનું ધ્યાન ધરવાથી ત્યજાયેલી રાજીમતી પણ શિવસુખને વરી. અંતરંગ ષડ્રિપુ(ક્રોધ, માન, માયા, લોભ, મદ ને મોહ)ને જીતનારા શ્રી **પાર્શ્વનાથ** પ્રભુના મસ્તક પર વિરાજતી છત્રના આકાર જેવી સર્પની સાત ફણા સંતપુરુષના કલ્યાણ માટે થાઓ. દેશના સમયે જેમની દંતપંક્તિની પ્રભારૂપ અંકુરાઓએ ભવ્ય જીવોના મસ્તક પર કલ્યાણસ્વરૂપ મોક્ષલક્ષ્મીને ફેલાવી હતી તે ચરમ જિનપતિ શ્રી **વીર** પરમાત્મા કલ્યાણને માટે થાઓ. જેમના ચરણકમળની સેવાથી તિર્યંચ એવા હંસ પક્ષીએ પાણી ને દૂધનું પૃથક્કરણ કરવામાં ચતુરાઇ મેળવી તે શ્રી **સરસ્વતી**દેવીની અમે સ્તુતિ કરીએ છીએ.

**ગ્રંથકર્તાના પૂર્વપુરુષો-**

શ્રી વીર પરમાત્માની ત્રિપદી ( **उप्पेइ वा विगमेइ वा धुवेइ वा** )રૂપી વાણી પ્રાપ્ત કરીને ક્ષણમાત્રમાં ચારગણી કરી એટલે કે દ્વાદશાંગી રચી તે શ્રી **ગૌતમસ્વામી**ને હું વંદન કરું છું. વિશિષ્ટ વચનચાતુર્યવાળા શ્રી **હરિભદ્રસ્વામી**એ મોહરાજાના નાશ માટે જ ચારિત્રરાજની સર્વોત્તમ વીરતા પ્રાપ્ત કરી અર્થાત્ કે શુદ્ધ ઉત્કૃષ્ટ સંયમ પાળ્યું. અજ્ઞાનાંધકારના સમૂહને વિદારવા માટે ગગનમંડળમાં જેનો જ્ઞાનપુષ્ટ યશરૂપી ચંદ્રમા વિસ્તર્યો છે તે શ્રી **સિદ્ધસેનદિવાકરસૂરિ**

જયવંત વર્તો. ચૌદ વિદ્યા પ્રાપ્ત કરીને શ્રી **હરિભદ્રસૂરિએ** જૈન ગ્રંથરૂપી વૃક્ષોને સોગુણા રોપ્યા–નૂતન રચ્યા એટલે કે ૧૪૪૪ નવીન ગ્રંથો નિર્માણ કર્યા. જેમના ચરણમાં રાજા આળોટ્યો અને સરસ્વતી જેમની જીભે વસી તે નવીન કલ્યાણરૂપ શ્રી**હેમચંદ્રસૂરિ** ચિરસ્થાયી હર્ષ માટે થાઓ. ચારે દિશાના રાજાઓથી પૂજિત શ્રી **નરચંદ્ર** મુનિપતિના જ્ઞાનતેજની અમે સ્તુતિ કરીએ છીએ. ભારતીય સરસ્વતી દેવી જેને વિષે પોતાના આત્માને પ્રતિબિંબિત થયેલ જુએ છે તે શ્રી **વિજયસેનસૂરીશ્વરને** જ્ઞાનરૂપી આરિસો જય પામો.

**સંઘમાહાત્મ્ય–** ચતુર્મુખ( સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવિકા )પણાવડે દિગંતમાં વ્યાપેલો, ( દયારૂપી ) નદીઓને વિશાળ બનાવતો, તીર્થંકર મહારાજની ઉત્પત્તિના અદ્વિતીય સ્થાનરૂપ શ્રી સંઘરૂપી સમુદ્ર વખાણવા લાયક છે કે જેને આશ્રયીને ધારાબદ્ધ ધર્મોપદેશામૃતથી વિશ્વને શાંતિના કારણરૂપ મેઘરાજો સમાન શ્રી કેવળી ભગવંતો કેટલા ન થયા અને હજુ પણ કેટલા નહિ થાય ? અર્થાત્ કે ભૂતકાળમાં ઘણા થયા છે અને ભવિષ્યમાં પણ અનંતા થશે.

**વસ્તુપાળમાહાત્મ્ય–** ગુરુમહારાજના આશીર્વાદના અસીમ ફળરૂપ, મોક્ષપ્રાપ્તિમાં તૈયાર ઔષધ તુલ્ય, કીર્તિરૂપી અમૃતને વરસાવવામાં ચંદ્ર સમાન, ઉદય પામતી ઝળહળતી જ્યોતિને પ્રકાશિત કરવામાં સૂર્ય સમાન, સાક્ષાત્ પુણ્યના રાશિ સમાન, અપૂર્વ શક્તિશાળી **વસ્તુપાળ** સંઘપતિ જયવંત વર્તે છે. કવિ અહીં કલ્પના કરે છે કે તે સંઘપતિના અખંડિત ઐશ્વર્યને ઇંદ્ર પણ સ્તવે છે.

**આ ગ્રંથનું નામકરણ–** હે વિચક્ષણ પુરુષો ! વસ્તુપાળ મંત્રીશ્વરની ધર્મોન્નતિરૂપી તેજથી દિવ્ય કાંતિવાળા આ **સંઘપતિ ચરિત્રને** તમારા કાનના આભૂષણ–શણગારરૂપ બનાવો એટલે કે સાવધાન થઇને તમે આ અપૂર્વ ચરિત્ર સાંભળો.

**વસ્તુપાળના વંશનું વર્ણન–** પ્રાગ્વાટ (પોરવાડ) વંશની અંદર અણહિલપુરપાટણમાં જન્મેલા **ચંડપનો ચંડપ્રસાદ** નામે પુત્ર થયો. તેનો વિશાળ બુદ્ધિવાળો **સોમ** નામનો પુત્ર થયો. તેનો **આસારાજ** નામનો પુત્ર થયો કે જેનો યશ, કાળકૂટ ઝેર પીવાથી શોભતા શંકરના ગળાના મલિનપણારૂપી આફતનો નાશ કરનાર નવીન અમૃતરૂપ થયો. શ્રી **કુમારદેવીની** કુક્ષિરૂપી સરોવરમાં કમળ સમાન, લક્ષ્મીના મંદિરરૂપ અને નીતિને પ્રગટાવનાર પ્રસિદ્ધ શ્રી **વસ્તુપાળ** મંત્રીશ્વર ( આસારાજના પુત્ર ) થયા. તે વસ્તુપાળને બૃહસ્પતિના વડીલ બંધુ ઉતથ્યની જેવો **મલ્લદેવ** નામનો મોટો ભાઇ અને ઇંદ્રના લઘુબંધુ ઉપેંદ્રની માફક **તેજપાળ** નામનો નાનો ભાઈ હતો. આ વસ્તુપાળે ચૌલુક્ય વંશમાં ચંદ્ર તુલ્ય શ્રી **લવણપ્રસાદના** કુળને ઉજ્જવળ કરનાર **વીરધવલના** રાજ્યકારભારની ધોંસરી પોતાના લઘુબંધુ તેજપાળને રાજ્યના એક મહત્ત્વના વિભાગમાં નિયુક્ત કરીને વહન કરી. વળી અણહિલપુરપાટણના પ્રથમ નરેશ **વનરાજની** કીર્તિરૂપી સ્રીને ક્રીડા કરવાના પર્વત તુલ્ય શ્રી **પંચાસરા પાર્શ્વનાથના** પ્રાસાદનો અને સાથોસાથ પોતાના કુળનો પણ વસ્તુપાળે **ઉદ્ધાર** કર્યો. **વિભુતા–ઐશ્વર્ય, વિક્રમ–**

**પરાક્રમ, વિદ્યા, વિદગ્ધતા**–પાંડિત્ય, **વિત્ત**–સંપત્તિ, **વિતરણ**–દાન અને **વિવેક**–એ સાત પ્રકારના **વિ.** થીશરૂ થતાં ગુણો યુક્ત હોવા છતાં વસ્તુપાળ મંત્રીશ્વર કદાપિ વિકારને વશ થયા ન હતા. કહેવાની મતલબ એ છે કે **વિ.** અક્ષરથી શરૂ થતાં ઉપરના સાત વિશેષણ સહિત છતાં પણ તેઓએ કદાપિ વિકૃતિ ધારણ કરી નહોતી.

નાગેંદ્ર ગચ્છરૂપી લક્ષ્મીના મુગટ સમાન, અને આકાંક્ષા રહિત છતાં પ્રગટ પ્રભાવિક **મહેંદ્રસૂરિ** થયા. તે મહેંદ્રસૂરિની પાટે આશ્ચર્યકારક સુંદર ચારિત્રવાન **શ્રી શાંતિસૂરિ** થયા.

**વસ્તુપાળના કુળ-ગુરુઓ–**

તેમની પરંપરાએ ચંદ્ર ને સૂર્ય જેવા તેજવાળા **આનંદસૂરિ** ને **અમરસૂરિ** નામના બે આચાર્યો થયા. ત્યારબાદ જૈન શાસનરૂપી વનરાજીને નવપલ્લવિત કરવામાં મેઘતુલ્ય અને પાપનો નાશ કરનાર, સૌભાગ્યશાળી શ્રી **હરિભદ્રસૂરિ** થયા. ત્યારપછી વિદ્યાજન્ય ગર્વથી ઉન્મત્ત થયેલા રોગાક્રાંતોના વ્યાધિઓને નિવારનાર ધન્વંતરી સમાન પ્રસિદ્ધ **શ્રી વિજયસેનસૂરીશ્વર** થયા.

એકદા પ્રાતઃકાર્યથી પરવારીને, વિચક્ષણ મંત્રીશ્વર વસ્તુપાળે ગુરુ (વિજયસેનસૂરિ) સમક્ષ જઇને, પ્રણામ કરીને વિજ્ઞપ્તિ કરી કે–' હે ભગવન્ ! મનુષ્ય જન્મરૂપી વૃક્ષ એક હોવા છતાં

**વસ્તુપાળની ધર્મ-પિપાસા–**

પ્રાણીઓના ભેદથી ચાર પ્રકારનો કહેવાય છે; કારણ કે મનુષ્ય જન્મરૂપી વૃક્ષ કોઇને ફળ વિનાનો, કોઇને વિષવૃક્ષ સમાન, કોઇને કિંપાકના ઝાડ જેવો તો કોઇને કલ્પવૃક્ષ સમાન છે, તો આ સંબંધમાં કોઈ યથાયોગ્ય કારણ હોય તે સ્પષ્ટ સમજાવો. કારણોનું વિવિધપણું કાર્યના ભેદ–ભિન્નતાને માટે થાય છે.' ત્યારે ગુરુમહારાજે જણાવ્યું કે–' હે બુદ્ધિમાન ! તારી જ્ઞાનપિપાસા મનોહર છે. હે ચતુરશિરોમણિ ! આ બધા પ્રકારો સર્વજ્ઞભાષિત સિદ્ધાંતમાં પ્રરૂપેલા છે. પ્રમાદને પરવશ પડેલા જે પ્રાણીઓ કંઇ પણ સુકૃત્ય કરતા નથી તે ત્રણ વર્ગ(ધર્મ, અર્થ ને કામ)થી રહિત દીન–દયાપાત્ર મનુષ્યોનો જન્મ ફળ વિનાનો–નિરર્થક છે. જે તમોગુણી પ્રાણીઓ પાપાનુબંધી પાપ ઉપાર્જન કરે છે તે કસાઇ, શીકારી વિગેરે મનુષ્યોને આ ભવ તેમજ પરભવમાં દુઃખ આપનારાં નીવડે છે. જે રજો અને તમોગુણી પ્રાણીઓથી પાપાનુબંધી પુણ્ય ઉપાર્જન કરાયું છે તે મ્લેચ્છ રાજા વિગેરેની માફક પહેલાં સુખ અને પ્રાંતે નરક પ્રાપ્ત કરાવનારું છે. વળી જેઓ પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે તેઓને આ જન્મમાં અને પરલોકમાં પણ ઇચ્છિત ફળદાતા બને છે.' આ પ્રમાણે સાંભળી મંત્રીશ્વર બોલ્યા કે–' હે પૂજ્ય ! પુણ્યાનુબંધી પુણ્યના કારણો આપ આગમાનુસાર કહી સંભળાવો.' એટલે ગુરુએ જણાવ્યું કે–' હે મંત્રી ! અખંડ કીર્તિવાળા ઉત્તમ પુરુષોથી જે આચરવા લાયક છે તે તું આગમાનુસાર સાંભળ. પંડિત પુરુષોએ પુણ્યાનુબંધી પુણ્યના દાન, શીલ, તપ ને ભાવ એ ચાર પ્રકાર કહ્યાં છે, છતાં તેમાં પણ ઉત્તમ પુરુષો તો **ભાવને** જ અગ્રપદ આપે છે; કારણ કે તેનાથી યુક્ત બાકીના ત્રણે પ્રકારો ફળદાયી થાય છે.'

પરસ્પર વાતાલાપ આગળ ચાલતાં મંત્રીએ કહ્યું કે–' હે ભગવન્ ! રાજ–ખટપટથી મલિન

અમારા હૃદયમાં આવી ઉચ્ચ ભાવના સંભવી શકતી નથી.' ત્યારે ગુરુમહારાજે ગૌરવપૂર્વક જણાવ્યું કે–'હે મંત્રી! રાજકારભારને શા માટે દૂષણ આપો છો? આ રાજકારભાર હલકી મનોવૃત્તિવાળા, મૂર્ખ, નિર્દય કર્મ કરનાર, પરસ્ત્રીલંપટ, પરદ્રોહ કરનાર, પરને પીડા ઉપજાવનાર, પ્રત્યક્ષ સુખોમાં આસક્તિ ધરાવનાર, નરકનું સ્વરૂપ જાણવા–જોવામાં આંધળા, સ્વહિતનું સાંભળવામાં બહેરા, અપકીર્તિરૂપી કાદવમાં ખૂંચેલા તુચ્છ પ્રાણીઓને જ આ લોક તેમજ પરલોકમાં કષ્ટની પરંપરાના કારણભૂત થાય છે, જ્યારે બીજી બાજુ પવિત્ર કૃત્ય કરનારા, મહાત્ત્વાકાંક્ષાવાળા, નિર્મળ બુદ્ધિવાળા, પરોપકારથી સ્વજીવનને સફળ કરનારા, ગુરુના ઉપદેશામૃતના પ્રવાહથી પવિત્ર મનવાળા, આ જન્મ તેમજ સંપત્તિ–સમૃદ્ધિ પરત્વે ઉદાસીનભાવવાળા, પવિત્ર યશ અને ધર્મમાં એકનિષ્ઠાવાળા, અંતરંગ ષડ્રિપુઓને જીતનારા, ભવિષ્યનો વિચાર કરનારા, અદ્‌ભુત સત્ત્વશાળી મહાપુરુષોને તો તે જ રાજ્યકારભાર આ ભવ તેમજ પરભવમાં આત્મશ્રેયને માટે જ થાય છે.'

**રાજ્યકારભારની સાર્થકતા–**

અલૌકિક, તીર્થંકરભાષિત, સ્વર્ગ અને મોક્ષલક્ષ્મીરૂપી સામ્રાજ્યવધૂ(સ્ત્રી)ના સ્વયંવર મંડપ તુલ્ય, ક્ષુદ્ર પ્રાણીઓથી મુશ્કેલીથી આચરવા લાયક, વધારે તો શું કહીએ? તીર્થંકરપણાની પ્રાપ્તિમાં અનન્ય કારણભૂત આ પ્રભાવનારૂપી ધર્મ પાપ રૂપી અંધકારનો નાશ થવાથી ઉત્તમ શોભાને ધારણ કરે છે. જે પાપનો નાશ કરવામાં બીજાં પ્રાયશ્ચિતો અસમર્થ નીવડે છે તે કઠિન પાપનો નાશ આ પ્રભાવનાધર્મ કરે છે. ભાવનાથી પોતાનું કલ્યાણ સધાય છે જ્યારે પ્રભાવના સ્વપરહિતસાધક બને છે. આ કારણથી જ **ભાવના** કરતાં **પ્રભાવના** ઉત્તમ છે. જો કે આઠ પ્રકારના પ્રભાવકો (પ્રાવચનિક, ધર્મકથી, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યાવાન, સિદ્ધ અને કવિ) પ્રસિદ્ધ છે તો પણ અન્ય સિદ્ધાંતોમાં જણાવાયેલા અદ્‌ભુત શક્તિશાળી બીજા પ્રભાવકો પણ કહ્યા છે. પ્રખર બુદ્ધિમાન રાજાઓથી માન્ય (પ્રણામ) કરાયેલ સમર્થ પુરુષો તીર્થંકર શાસનની પ્રભાવના કરે છે. શ્રદ્ધાયુક્ત વિધિપુરઃસર તીર્થયાત્રા કરવી તેને જ ઉત્તમ મુનિવરોએ પ્રભાવનાનું વખાણવા યોગ્ય અંગ કહ્યું છે. (૧) અઠ્ઠાઈ મહોત્સવ, (૨) રથયાત્રા અને (૩) તીર્થયાત્રા એમ ત્રણ પ્રકારની પ્રભાવના કહી છે. જો કે આ ત્રણે પ્રકારની પ્રભાવના સંતપુરુષની લક્ષ્મીને વિસ્તારે છે તો પણ તીર્થયાત્રા અખૂટ સુખ આપનારી બને છે. દાન, શીલ, તપ, ભાવ ને પ્રભાવનાથી પ્રગટેલો પુણ્યસમૂહ પૃથ્વીતળમાં ચોતરફ વિસ્તરે છે.

**પ્રભાવના–**

હવે તીર્થયાત્રા કરવાની ઇચ્છાવાળા ભવ્યાત્માએ આગમમાં ફરમાવ્યા મુજબ કરવી જોઇતી ક્રિયા–વિધિ અનુક્રમે કહેવાય છે. વિવેકી, ઉચ્ચ ગોત્રવાળા, રાજમાન્ય, ન્યાયસંપન્ન સંપત્તિવાળા, દાની, જનપ્રિય, ગુરુજનની પૂજા કરવામાં તત્પર, જન્મ, જીવિત ને દ્રવ્યના ઉત્કૃષ્ટ ફળની ચાહનાવાળા, શુદ્ધ શ્રદ્ધાવાળા ને પવિત્ર બુદ્ધિવાળા પુરુષે પર્વતિથિએ ગુરુમહારાજ સમક્ષ જઇને વિનંતિ કરવી કે–'હે ભગવન્! તીર્થયાત્રા કરવાવડે કરીને દુર્લભ મનુષ્ય જન્મ, ઉચ્ચ કુળ ને સાધન–સામગ્રીને હું સફળ કરવા ઇચ્છું છું.' ત્યારે ગુરુમહારાજ પ્રોત્સાહન આપતાં જણાવે કે–

**સંઘ સહિત તીર્થયાત્રા વિધિ–**

'તીર્થંકરોને પણ પૂજનિક શ્રી સંઘ તારો સ્વામી થાય તો તું ખરેખર ધન્ય છો, કારણ કે તે સંઘ સેનાપતિની માફક તને સંઘપતિની લક્ષ્મી અર્પશે. હે ભદ્ર ! જગતનું કલ્યાણ કરનાર તીર્થંકરપણાની માફક સંઘપતિપણું પણ પ્રાણીઓને આ સંસારમાં પ્રાપ્ત થવું મુશ્કેલ છે. જેણે ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જ્યું હોય, જેનું ભવિષ્યમાં કલ્યાણ થવાનું છે એવા પુરુષની બુધ્ધિ જ તીર્થયાત્રા માટે ઉત્સાહિત બને છે.' આ પ્રમાણે આદર અપાયેલો અને ઉત્સાહ પમાડાયેલો તે પુરુષ પ્રસન્ન ચિત્તવાળા ગુરુ પાસે તીર્થયાત્રા માટે દિવસ નક્કી કરાવે. પછી બહુમાનપૂર્વક સાધર્મી ભાઈઓને યાત્રા નિમિત્તે પધારવા અંતરંગ પ્રેમવાળા લેખો-કંકોત્રીઓ મોકલે. ત્યારબાદ વિશાળ વાહનો, તંબૂઓ, ખજાનો તેમજ પાયદળના સંગ્રહવાળા; ગાડા, રથ તથા તેના કારીગરોના સમૂહવાળા; પાણીના સાધનો, છત્રવાહક તથા મશાલધારીઓથી પરવરેલ; રસોઇઆ, ઔષધ, અનાજ અને વૈદ્ય સહિત; જિનમંદિર, તીર્થ તથા સંઘપૂજાને યોગ્ય ચંદન, અગરુ, કપૂર, કેશર તેમજ ઉત્તમ વસ્ત્ર વિગેરે પદાર્થોથી હર્ષિત; અગાઉથી નક્કી કરેલ શુભ મુહૂર્તે ત્રિજગતાધિપતિનું સ્નાત્ર કરીને, અલૌકિક આંગી-પૂજા રચીને જિનમૂર્તિ સમક્ષ બેઠેલો; મંત્રેલા બલિ-બાકુળાવડે દશ દિકપાળને બળિદાન આપીને, ગુરુએ હર્ષથી જેને સંઘપતિપદ આપ્યું છે એવો તે ફૂલ અને સુગંધી દ્રવ્યોથી પૂજાયેલ મંત્રાધિષ્ઠિત રથમાં મોટા મહોત્સવપૂર્વક દેવાધિદેવને સ્થાપે. ત્યારબાદ ગુરુમહારાજને આગળ કરીને શ્રી સંઘ સાથે ચૈત્યવંદન કરવાપૂર્વક કાઉસગ્ગ ધ્યાનથી **કપર્દી** યક્ષ અને **અંબા** યક્ષિણી વિગેરે દેવ-દેવીઓને સાનિધ્યમાં રાખે. વિઘ્નોને હરનાર મંત્રધ્યાનથી નિર્મળ આત્માવાળા, આત્મકવચરૂપી શસ્ત્રોથી રક્ષાએલા ગુરુ સહિત, ઉછળતા "જય જય"-ના શબ્દોથી મનોહર, ન રોકી શકાય તેવા વાજિંત્રના નાદ-અવાજથી આકાશમંડળને ભરી દેતો, પુષ્કળ દાનથી ભિક્ષુકજનોની ઇચ્છાઓ પૂરતો તે નગરના બહારના સુંદર વિભાગમાં પડાવ નાખે.

ત્યારબાદ જુદા જુદા સ્થળોથી આવેલા પોતાના સાધર્મી ભાઇઓનું સન્માન કરીને તેઓ સાથે પૃથ્વીને પ્રેમ ઉપજાવતો; સાથે રહેલા યાત્રિકગણમાંના ધનના અર્થીને દ્રવ્ય, વાહનના ઇચ્છુકને વાહન, નિરાધારને સહાય આપીને ખુશ કરતો; મહાત્મા પુરુષની બિરુદાવલી ગાનાર ભાટ-ચારણ તેમજ ગાયક લોકોને સ્વશક્તિ અનુસાર અશન-ખાવાપીવાની વસ્તુઓ, વસન-વસ્ત્ર ને દ્રવ્ય વિગેરેથી કૃતાર્થ કરતો; માર્ગમાં આવતા મંદિરોને પૂજતો; પડી ગયેલાનો જીર્ણોધ્ધાર કરતો; તેવું કાર્ય કરનારા ઉપર પ્રેમભાવ રાખતો; અહર્નિશ તેની જ ચિંતા રાખતો; ગરીબ સ્વધર્મી બંધુઓનું સન્માન કરતો; દીન પુરુષોને દાન આપીને ખુશ કરતો; ભયભીત થયેલાને શરણ આપતો; કેદીઓને છોડાવતો; કાદવમાં ખૂંચી ગયેલા, ભાંગી ગયેલા તેમજ મુશ્કેલીમાં આવી પડેલા ગાડા વિગેરે વાહનોને તે તે કાર્યના કુશળ કારીગરોદ્વારા સમરાવી આપતો; ભૂખ્યાને અન્નવડે, તરસ્યાને પાણીવડે, રોગીને વૈદ્ય તેમજ દવાવડે અને થાકી ગયેલાને વાહનવડે શાંતિ પમાડતો; ધર્મી પુરુષોને થતાં સર્વ ઉપદ્રવોનો નાશ કરતો; જૈન ધર્મની કીર્તિ ફેલાવતો; બ્રહ્મચર્ય ને તપના તેજથી આંતરિક અજ્ઞાનરૂપી અંધકારને શાંત કરતો; દેવ-ગુરુની સેવનાથી પવિત્ર મનને ધારણ કરતો; સાધર્મી ભાઈઓને શાંતિ પમાડીને, અનુક્રમે તીર્થક્ષેત્રોએ જઈને ફૂલ ને સુગંધી વસ્તુઓથી વાસિત ઘડાઓ તીર્થજળથી ભરીને, બાદ ફૂલ, કેશર, કપૂર અને બદામ વિગેરેથી શ્રી સંઘ તેમજ દેવોનું પૂજન કરીને, અતિ અદ્ભુત દેવ-

વિમાન જેવા ઐશ્વર્યવડે તીર્થંકર મહારાજના જન્મ તેમજ સ્નાત્રમહોત્સવના જેવો વૈભવ રચતા પ્રફુલ્લ મનવાળા તેણે ત્રિજગદીશ્વરનું સ્નાત્ર કરવું જોઇએ. ત્યારબાદ દૂધ વિગેરે પંચામૃત અને કપૂર વિગેરે પદાર્થોથી કલ્યાણના કારણરૂપ પંચામૃત સ્નાત્ર, સુખડ, કસ્તૂરી અને કપૂર વિગેરેના વિલેપનપૂર્વક સોનાનાં અલંકારો, ફૂલની માળા ને વસ્ત્રોવડે પૂજન, ઘનસાર, અગરુ વિગેરે સુગંધી દ્રવ્યોથી ધૂપ, પંડિત જનોને જોવા લાયક નૃત્ય, અલૌકિક મહાધ્વજ, ઉછળતા ચામર અને ઝારીના પાણીની ધારાથી રમણીય ફૂલવૃષ્ટિ યુક્ત કપૂરની આરતી, દેવાધિદેવને નમન તેમજ પૂજારી વિગેરેનો યોગ્ય સત્કાર કરીને પછી તેણે ભોજન કરવું જોઇએ.

પછી ગભારો ઉઘાડવાના સમયે, માળ પહેરવાના પ્રસંગે, ભંડાર ભરવા માટે દેવદ્રવ્યની પુષ્ટિ કરીને, ગરીબવર્ગ પર અનુકંપા લાવીને, ગદ્દગદ્દ વાણીવડે નીચે પ્રમાણે પ્રભુની પ્રાર્થના કરીને રજા લેવી. “જગતના મનોરથ પૂરવામાં કલ્પવૃક્ષ સમાન હે પ્રભો! આપના દર્શનનો ફરી વાર લાભ આપીને તમારામાં જ લયલીન બનેલ મારા પર દયાપૂર્વક પ્રસન્ન થાઓ!” પછી પ્રભુને પ્રણામ કરીને, સાથે આવેલ યાત્રિક સમુદાયનો સત્કાર કરીને, તીર્થના ધ્યાનવડે ધન્ય આત્માવાળો, પાછો ફરેલો, પોતાને નગરે આવેલો, માંગલિક મુહૂર્ત્તમાં મોટા મહોત્સવપૂર્વક રથયાત્રા કરીને જિનબિંબને પોતાના ઘરે લાવે. ત્યારબાદ સાધર્મી ભાઇ, મિત્ર, બંધુઓ, નાગરિક જનો વિગેરેને ભોજન આદિથી સંતોષ પમાડીને શ્રીસંઘની પૂજા કરે. આ સંઘની પૂજા એ જ ખરેખર દાન છે, એ જ ખરેખર ભાવયજ્ઞ છે, એ જ લક્ષ્મીનું મૂળ સ્થાન છે. તીર્થયાત્રાના વિધિવિધાનમાં શ્રાવકોએ આગમમાં દર્શાવ્યા પ્રમાણે વિધિ નીચેના ચાર પ્રકારથી સારી રીતે આરાધવી જોઇએ. (૧) બ્રહ્મચર્ય પાળવું, (૨) પરોપકાર કરવો, (૩) યથાશક્તિ તપ કરવો. (૪) દીન-અનાથ જનો પ્રત્યે દયા લાવવી. પુણ્યાનુબંધી પુણ્યને ઇચ્છતા સંઘપતિવડે આ ચાર પ્રકારો સારી રીતે સેવાવા જોઇએ. જે માણસ પવિત્ર મનથી ચાર પ્રકારના લક્ષણવાળી તીર્થયાત્રા કરે છે તેને હર્ષ પામેલી સૌભાગ્યરૂપી સંઘપતિની લક્ષ્મી પોતાની મેળે જ આપોઆપ વરે છે.

જર્જરિત થયેલ, સત્ય દૃષ્ટિવિહોણો, અશક્ત થયેલ, મોહાચ્છાદિત, મંદ ગતિવાળો ધર્મ હે મંત્રીશ્વર વસ્તુપાળ! તમારો ટેકો મળવાથી ફરી વાર પૃથ્વીતળ પર વિચરવાને કુશળ-શક્તિમાન બન્યો.

***વસ્તુપાલ સ્તુતિ**

* કર્તાએ વસ્તુપાલની-સ્તુતિગર્ભિત શ્લોક દરેક સર્ગને છેડે લખ્યો છે તેનું આ ભાષાંતર સમજવું.

ॐ

## સર્ગ બીજો

### શ્રી ઋષભપ્રભુનાં પૂર્વભવોનું વર્ણન

[ સર્ગસારાંશ—ધન સાર્થવાહ( શ્રી ઋષભજિનના પ્રથમ ભવ )નું વર્ણન-સાર્થવાહનું વસંતપુર પ્રતિ ગમન-ધર્મઘોષ મુનિનું સાર્થ સાથે સહગમન-વર્ષાઋતુનું વર્ણન ને સંકટમાં સપડાયેલ સાર્થવાહને ગુરુનું સમયોચિત ઉપદેશનું સંભળાવવું-અભયંકર નૃપનું અદ્ભુત ચરિત્ર-ધનસાર્થવાહને સમજાવેલ સમકિતનું સ્વરૂપ-ધનસાર્થવાહને સમકિતપ્રાપ્તિ-ધનસાર્થવાહ( શ્રી ઋષભ જિન )ના બાર ભવોનું વૃત્તાંત. ]

**પરોપકાર** એ પુણ્યરૂપી સંપત્તિ-સમુદ્રને ઉછાળવામાં ચંદ્રમા તુલ્ય અને ઉત્કૃષ્ટ કીર્તિરૂપી વેલને નવપલ્લવિત કરવામાં મેઘ સમાન છે. નિઃસ્વાર્થી **ધન** નામના સાર્થવાહની માફક મહાત્મા પુરુષો ખરેખર પરોપકાર કરવામાં પ્રવીણ-કુશળ હોય છે. તે **ધન** સાર્થવાહનું ચરિત્ર નીચે પ્રમાણે છેઃ-

પશ્ચિમ મહાવિદેહમાં લક્ષ્મીના ઉદ્ભવસ્થાનરૂપ અને પૃથ્વીના મુકુટરૂપ **ક્ષિતિપ્રતિષ્ઠિત** નામનું નગર હતું. અસંખ્ય દેવાલયના ઊંચા શિખર પર રહેલ રંગ-બેરંગી ધ્વજાઓના સમૂહવડે જાણે અમરાપુરીને પત્રિકા પહોંચાડતું ન હોય તેમ તે નગર શોભતું હતું. તે નગરમાં સરહદના બધા રાજાઓને દાસ-સેવક બનાવવામાં કૌતુકવાળો, ક્ષત્રિયશિરોમણિ **પ્રસન્નચંદ્ર** નામનો રાજા હતો. દુશ્મનોનો સંહાર કરતી તે રાજાની તલવાર ભયંકર યમરાજ સરખી હતી તેથી તે રાજાનો પ્રતાપરૂપી સૂર્ય બીજાથી ન સહી શકાય તેવો હતો. તે જ નગરમાં લક્ષ્મીના ભવનરૂપ અને કીર્તિ તેમજ વણિક (વ્યવહારી) જનદ્વારા દિશાઓમાં ખ્યાતિ પામેલો **ધન** નામનો સાર્થવાહ વસતો હતો. પવનવડે ફરફરતી ધ્વજા જેમ મંદિરના શિખરને છોડતી નથી તેમ ચંચળ એવી લક્ષ્મીએ પણ ધન સાર્થવાહના કરકમળનો ત્યાગ કર્યો ન હતો. ગ્રંથકર્તા અહીં કલ્પના કરે છે કે-અપૂર્વ પદાર્થસમૂહથી ભરપૂર ધન સાર્થવાહના મહેલને જોઇને લોકો આશંકા કરતા કે આ તે શું કોઇ બીજી દુનિયા છે? અર્થાત્ કે તેમનું નિવાસસ્થાન અત્યંત વિસ્તૃત અને સઘળી સામગ્રીપૂર્ણ હતું. જે લોકો તે સાર્થવાહના દાનપાત્ર બનતાં તેઓ ક્ષીરસમુદ્રમાંથી વાદળાની માફક જગતના અન્ય જીવોને આધારભૂત બનતા હતા એટલે કે ધન સાર્થપતિ એટલું બધું વિપુળ દાન આપતો કે દાન લેનાર પોતે શ્રીમંત બની જઇ બીજાના આધારરૂપ બનતો.

એકદા વ્યાપાર નિમિત્તે **વસંતપુર** નગર તરફ જવા માટે યાત્રાળુઓને સાથે સામેલ

થવા શહેરમાં તેણે ઉદ્દઘોષણા કરાવી કે-' હે નગરજનો ! જેની પાસે જે જે પદાર્થ ન હોય તે ઈચ્છિત વસ્તુ માંગી લ્યો. ' આવી જાતના પડહથી જેણે આકાશ ભરી દીધું છે એવા તે સૌમ્ય આકૃતિવાળા સાર્થવાહે મસ્તક પર અક્ષત ધારણ કરીને મંગળ વાજિંત્રના ધ્વનિપૂર્વક નગરની નજીકની ભૂમિમાં પડાવ નાખ્યો. આ જ અવસરે આવી પહોંચેલા **ધર્મઘોષ** નામના મુનીશ્વરનો સત્કાર કરીને તે નમ્ર શ્રેષ્ઠીએ "શી આજ્ઞા છે ?" એમ પૂછયું ત્યારે મુનીશ્વર પણ પવિત્ર વચન બોલ્યા કે-" અમે તારી સાથે વસંતપુર આવવા ઈચ્છીએ છીએ. " એટલે "બહુ સારું" એમ જણાવીને સાર્થવાહે પોતાના રસોઇયાને આજ્ઞા કરી કે-' તારે હંમેશા આ મુનિવરોને ઉચિત અન્નપાનાદિ વહોરાવવું. ' આ જ વખતે કોઈએ કેરીઓથી ભરેલો થાળ સાર્થપતિને ભેટ ધર્યો, તેથી પોતાને ધન્ય માનતો, અંજલિ જોડેલો અને હર્ષાશ્રુથી વ્યાપ્ત તે ધનશ્રેષ્ઠી **ધર્મઘોષ** મુનિવરને વિજ્ઞપ્તિ કરવા લાગ્યો કે-' હે ભગવન્ ! આપ કૃપા કરો ને આ ફળોનો આપ સ્વીકાર કરો. આપના ચરણકમળની સેવાથી હું ધન્ય અને કૃતકૃત્ય થયો છું. ' સાર્થવાહની આ પ્રમાણેની વિનતિ સાંભળીને જાણે સાક્ષાત્ ધર્મ જ ન બોલતા હોય તેમ ગુરુમહારાજે જણાવ્યું કે-' હે મહાનુભાવ ! આ ફળો અમારે કલ્પે નહિ. પોતે નહીં કરેલ કે નહીં કરાવેલ એવું રાંધેલું અન્ન, અચિત્ત પાણી અને બીજ વિનાના ફળો જ મુનિને વહોરવા યોગ્ય છે. ' આ પ્રમાણે મુનીશ્વરનાં શંકાને દૂર કરતાં વચનો સાંભળીને આશ્ચર્યથી વિકસ્વર નેત્રવાળો ધનશ્રેષ્ઠી બોલ્યો કે-' અહો દુઃખની કેવી સહનશીલતા ! અહો કેવી ધીરજ ! અહો કેવું દુષ્કર આરાધન ! આ મુનિરાજો જે ક્રિયા આચરે છે તે બીજાઓ સાંભળવાને પણ શકિતમાન થઈ શકે નહિ. '

ત્યારબાદ પુષ્કળ કરિયાણાના સમૂહને વહન કરનારા વાહનોથી યુકત ને રથમાં બેઠેલા તે સાર્થપતિએ કાફલા સાથે પ્રયાણ કર્યું. લઘુ હાથીઓથી પરવરેલા ગજેંદ્રની માફક મુનિરાજો સહિત ચાલતાં શ્રી ધર્મઘોષ મુનીશ્વર પણ અધિક શોભવા લાગ્યા. ઘોડા, બળદ, મનુષ્ય અને ઉંટોવડે વિશાળ ભૂમિને સાંકડી બનાવતો સાર્થપતિ પણ આગળ ને આગળ પ્રયાણ કરવા લાગ્યો. તે ધન શ્રેષ્ઠીના ચાલવાથી ધરતી ધ્રૂજી અને બધી નદીઓ જાણે તેની ચારે બાજુ ફરી વળી ન હોય તેવો દેખાવ થઈ ગયો. મોરપીંછના છત્રોએ વાદળાની શોભા ધારણ કર્યે છતે ચળકતાં ભાલાની શ્રેણીએ વીજળીની શોભા ધારણ કરી. એટલે કે શ્યામ વાદળાની સાથે વીજળી ચમકી ઊઠે તેમ મોરપીંછના છત્રો વાદળા જેવા અને ભાલાનો ચળકતો ભાગ વીજળી હોય તેવો દેખાવા લાગ્યો. વળી ધન સાર્થવાહની અમૃત સરખી, તાપને હરનારી દૃષ્ટિથી કાફલાએ ઉનાળાના સમયમાં પણ ફુવારાના આનંદને ઇચ્છયો નહિ. અર્થાત્ ગ્રીષ્મઋતુની સખ્ત ગરમી છતાં સાર્થવાહની અમીમય દૃષ્ટિથી જ લોકોને શાંતિ ઉપજતી હતી. અનુક્રમે પ્રયાણ કરતાં કરતાં જેવામાં તે કોઈ એક અટવીમાં પડાવ નાખે છે તેવામાં તો દેડકાને આનંદ ઉપજાવનાર વર્ષાઋતુ આવી પહોંચી. જેમ જેમ મેઘરાજે પૃથ્વીતલ પર વર્ષાની ઝડી વરસાવવા માંડી તેમ તેમ કામદેવે પણ લોકોના હૃદયને કામબાણથી વીંધ્યા. કવિ અહીં કલ્પના કરે છે કે-જાણે આ મુશલધાર વરસાદથી કમળોનો નાશ થશે, એમ માનીને જ તે જોવાને અસમર્થ થએલો સૂર્ય છૂપાઈ ગયો, હું ( મેઘ ) ગર્જારવ કરતો હોઉં ત્યારે કામદેવના સામ્રાજ્યમાં ચંદ્રનું પ્રધાનપણું-મુખ્યપણું કેમ હોઇ શકે ? એમ વિચારીને જ મેઘરાજે ખૂબ

ઘટાટોપ બની ચંદ્રને પણ ઢાંકી દીધો. થાકને લીધે સુસવાટા કરતા, વર્ષાઋતુને અંગે કૃષ્ણ કાંતિવાળા, કાદવમાં ચાલતા મુસાફરોએ કાચબાના સ્વરૂપને ધારણ કર્યું. એટલે કે કાચબાઓ જેમ પોતાના પગને ગોપવે તેમ આ મુસાફરોએ કાદવથી પોતાના પગ ઢાંકી દીધા. આગળ વધતાં વટેમાર્ગુઓને જાણે નિષેધ કરતી હોય તેવા હુકમના બહાનારૂપ નદીઓ પ્રાણને હરી લેનાર મેઘોવડે કરાઈ અર્થાત્ કે વરસાદને કારણે નદીઓ પાણીવડે એટલી બધી ઉભરાઇ ગઈ કે માણસો આગળ વધી શકે નહિ. બાણોની વૃષ્ટિથી દુર્દિનની માફક કામદેવના હુકમનો ભંગ કરનાર વટેમાર્ગુઓ પર મેઘરાજે ધનુષ્ય ચડાવીને વરસાદ વરસાવ્યો. આવા મૂશળધાર વરસાદને કારણે મુશ્કેલી વધતાં વાહનોવાળા મુસાફરોને એક ડગલું આગળ ચાલવું તે એક યોજન જેવું થઇ પડયું. આ પ્રમાણે કાફલાનું દુઃખ જોઇને સાર્થવાહ તે અટવીના ઊંચા ભાગમાં પડાવ નાખીને શાંતિપૂર્વક રહ્યો. આમ સાર્થપતિ સાથે સ્થિર થયેલા સાથેના માણસોનું ભાતું પણ કેટલાક દિવસોમાં ખૂટી ગયું, તેથી આપત્તિમાં આવી પડેલો તે કાફલો તપસ્વીની માફક કંદમૂળ અને ફળના ભોજનથી જીવનવૃત્તિ ચલાવવા લાગ્યો. આ પ્રમાણે વસ્તુસ્થિતિ જોઇને સાર્થવાહને ચિંતા ઉત્પન્ન થઈ અને તેની ઈર્ષ્યાથી જ જાણે ન હોય તેમ તેની ઊંઘ પણ ઊડી ગઇ. ચિંતા ને ઊંઘ બંને સાથે રહી શકતા નથી.

એક સમયે સાર્થવાહે રાત્રિના છેલ્લા પહોરે પોતાના તબેલાના પહેરગીરો વચ્ચેનો નીચેનો કર્ણપ્રિય સંલાપ સાંભળ્યો. " દુનિયામાં ત્યાં સુધી જ પરોપકારીપણું દેખાય છે કે જ્યાં સુધી આપત્તિરૂપી કસોટી નજીક ન આવી હોય. જેમ જેમ આ ક્રૂર કાળ ભયંકર રૂપ ધારણ કરતો જાય છે તેમ તેમ આપણો સ્વામી સાર્થવાહ પોતાની પ્રતિજ્ઞામાં દૃઢ બને છે. વળી સ્વીકારેલ વસ્તુના પાલનમાં શૂરવીર એવા આપણા સ્વામીની કીર્તિરૂપી માળા ચારે દિશામાં ફેલાય છે." આ પ્રમાણેનો વાર્તાલાપ સાંભળીને વિચક્ષણ તેમજ સમજુ સાર્થવાહ મનમાં વિચારવા લાગ્યા કે–" સ્તુતિના બહાનાથી આ બંને પહેરગીરોએ મને ઠપકો આપ્યો છે, કારણ કે મેં જ લોકોને આવા પ્રકારના દુઃખમાં નાખ્યા છે. " આમ સાર્થના સુખદુઃખની વિચારણા કરતાં પવિત્ર મનવાળા તેણે ધર્મઘોષ મુનિને યાદ કર્યા. સચિત્ત પાણી પણ જેને કલ્પતું નથી તેવા ધન્યવાદને પાત્ર તે મુનિઓનો જીવનનિર્વાહ કેમ ચાલતો હશે ? એવી ચિંતા પણ સાથેસાથ તેને ઉદ્ભવી. ખરેખર મંદભાગી મારું મન જડ બન્યું છે કારણ કે સાથે વિચરતા તે મુનિઓની મેં સારસંભાળ પણ લીધી નહિ. આમ સાર્થપતિ વિચારમાં ગરકાવ થયો છે તેવામાં બહાર રહેલો મંગળપાઠક ઊંચે સ્વરે બોલ્યો કે–" સૂર્ય મહારાજ ઉદય પામવાની તૈયારીમાં છે. હે સાર્થપતિ ! તે સૂર્ય તમારી માફક વાદળાથી રૂંધાયેલા છતાં ઉત્સાહને નહીં છોડતો ઉપકાર કરવા માટે જ ઉદય પામ્યો છે. "

ત્યારબાદ વિધિપૂર્વક પ્રાતઃકાર્યથી પરવારીને જનપ્રિય તે સાર્થવાહે પોતાના **માણિભદ્ર** નામના મિત્રને પૂછયું કે–" હે મિત્ર ! ધર્મઘોષ મુનીશ્વર કયાં ને કેવી સ્થિતિમાં છે ? કેમકે ઘણા લાંબા સમય પછી તે મને યાદ આવ્યા છે. " એટલે તેનાથી સૂચન કરાયેલો તે ગુરુના સ્થાને આવ્યો, અને ગુરુ તથા મુનિવર્ગને જોઇ આનંદ પામ્યો. કેટલાક કાઉસગ્ગધ્યાનમાં, કેટલાક ધર્મધ્યાનમાં પ્રવીણ મુનિવર્ગને અનુક્રમે વાંદીને તે ગુરુ સમક્ષ બેઠો ને બે હાથ

જોડીને બોલ્યો કે–"હે નિર્મોહી ગુરુ! મારા કહેવાથી આપ સાથે સાથે આવ્યા છતાં પણ મારાથી આપની કાંઈ સારસંભાળ લેવાઇ નથી તેથી મને દુઃખ થયું છે. મોહને વશ થઇને મારાથી આ આચરણ કરાયું છે તો સ્થિતપ્રજ્ઞ એવા આપ તે માફ કરો." આ પ્રમાણે સાંભળીને ગુરુ બોલ્યા–"હે સાર્થપતિ! આ તમારી દુઃખની લાગણી નિરર્થક છે. તમે અમારું શું હિત નથી કર્યું ? હે બુદ્ધિમાન! સંસારસાગરની જેમ દુર્લંઘ્ય આ ભીષણ વનમાં પાપી લૂંટારાઓથી તેં અમારું રક્ષણ કર્યું છે. વળી હે સાર્થવાહ! તારી સાથે રહેલ અન્ય જનો પણ હંમેશા યથાયોગ્ય અન્નપાણી અમને વહોરાવે છે." ત્યારે ધન શ્રેષ્ઠી બોલ્યો કે–"**ગુણી પુરુષો જગતને ગુણમય જ** માને છે. ચંદ્રને પૃથ્વી અમૃતથી ધોવાયેલી જ દેખાય છે. વળી હે ભગવંત! આપને યોગ્ય આહાર વહોરાવવાની મારી ભાવના થઇ છે તો આપ મારા પર કૃપા કરીને મુનિઓ મારા આવાસે પધારે તેવી આજ્ઞા આપો." ગુરુએ "વર્તમાન જોગ" એમ કહેવાથી પવિત્ર ચિત્તવાળો અને તરતમાં જ સમકિત પામનારો તે સ્વસ્થાને આવ્યો. પછી ગુરુઆજ્ઞાથી આવેલા બે મુનિવરોને દેવાલાયક બીજા પદાર્થના અભાવમાં પવિત્ર અંતઃકરણવાળા, ચઢતી ભાવના શ્રેણીવાળા ને અસંખ્ય ગુણાસ્પદ સમકિત પ્રાપ્ત કરીને જાણે શાંત ન થયો હોય એવા તેણે અત્યંત ભાવપૂર્વક ઘી વહોરાવ્યું. પછી વિનયી ધન સાર્થવાહને "ધર્મલાભ" આપીને બંને મુનિવરો ગુરુ પાસે ગયા. બાદ આત્મનિંદા કરતો અને પૂર્ણ મનોરથ રહિત તે બપોરે ગુરુ સમક્ષ આવ્યો, એટલે ગુરુએ કલેશને નાશ કરનારી દેશના શરૂ કરીને કહ્યું કે–"હે મહાનુભાવ! તારે આત્મનિંદાથી દુઃખી થવાની જરૂર નથી. પરોપકારી થવાથી તમે મોક્ષલક્ષ્મીના મંદિરરૂપ થશો. પવિત્ર પુરુષે ઉપદેશેલો મહાત્મા પુરુષોનો આ માર્ગ છે કે પોતાના પ્રાણ અને ધનથી પણ બીજાઓને પ્રેમ ઉપજાવવો. હે સાર્થવાહ! આ સંબંધમાં **અભયંકર** રાજાનું અદ્દભુત વૃતાંત તમે શું સાંભળ્યું નથી ?

**અભયંકર નૃપનું અદ્દભૂત ચરિત્ર.**

પશ્ચિમ મહાવિદેહની **પુષ્કલાવતી** નામની વિજયમાં પૃથ્વીના આભૂષણરૂપ **પુંડરીકિણી** નામની નગરી છે. તે નગરીમાં જગતનું કલ્યાણ કરનાર **ક્ષેમંકર** નામનો રાજા હતો. અને તેની **અમરસેના** નામની પટરાણી હતી. એકદા મધ્યરાત્રિને સમયે તે રાણીએ બધા ગ્રહોનેઅનુકૂળ શુભ મુહૂર્તમાં ચૌદ મહાસ્વપ્નથી સૂચિત મહાસમૃદ્ધિશાળી, દેવપૂજા, દયા, દાન અને ગરીબ લોકોનો ઉદ્ધાર કરવાના દોહદોવડે પ્રગટ ગુણવાળા અનુપમ પુત્રરત્નને જન્મ આપ્યો. અત્યંત હર્ષને કારણે રાજાએ પુત્ર જન્મમહોત્સવ કર્યો અને યોગ્ય સમયે તેનું **અભયંકર** એવું નામ પાડયું. દિવસે દિવસે વૃદ્ધિ પામતો તે કળાસંપન્ન કુમાર બધી કળાઓને શીખતો પૂર્ણિમાના ચંદ્રની ઉપમાને પામ્યો. એટલે પૂર્ણિમાને દિવસે જેમ ચંદ્ર સંપૂર્ણ કળાવાળો બને તેમ તે કુમાર પણ સર્વ કળાવાન બન્યો. એકદા રાત્રિના પાછલા પહોરે જાગૃત થયેલ તે રાજકુમારે અચાનક પોતાને કોઇ એક વનમાં રહેલો જોયો. "તે આ નગર નથી, તે આ ઘર નથી, તે આ દુનિયા નથી; તેમજ આ પૃથ્વી પણ તે નથી. પૂર્વે કદી નહી જોયેલ એવો આ કોઇ અપૂર્વ પ્રદેશ જણાય છે. શું આ ઇંદ્રજાળ છે? શું આ સ્વપ્ન છે? શું મારો મતિભ્રમ છે?" આમ અનેક પ્રકારના સંકલ્પવિકલ્પોથી તેનું મન વ્યગ્ર બન્યું. આવા પ્રકાર-

નો જેવો તે વિચાર કરે છે તેવામાં કોઇ એક વિનયી અને દિવ્ય રૂપધારી પુરુષ કુમાર પ્રત્યે નિર્મળ હાસ્યવાળી વાણી બોલ્યો કે-" હે ધીર પુરુષ ! તું આશ્ચર્ય પામીશ નહિ. મેં તારું અપહરણ કર્યું છે અને તેમ કરવાનું કારણ પ્રાતઃકાળ થતાં જ તારી જાણમાં આવશે." આ પ્રમાણે સાંભળીને જેવામાં કુમાર કંઇ પણ બોલવા જાય છે તેટલામાં તો તે દિવ્ય પુરુષ ક્ષણમાત્રમાં અંતર્ધ્યાન થઇ ગયો. " આ શું ?" એમ આશ્ચર્ય પામેલા અને ત્યાં જ રહેલા તે રાજકુમારની રાત્રિ નિમેષ માત્રમાં વ્યતીત થઈ ગઈ.

ત્યારબાદ હર્ષથી પ્રફુલ્લિત નેત્રવાળો, કૌતુક જોવાની ઇચ્છાવાળો તે કુમાર ત્યાંથી ઊઠીને વનશોભા જોવા લાગ્યો. મોટા ઘેરાવાવાળા ઝાડોથી દિશાને ઢાંકી દેતું તે વન, સૂર્યના ભયને લઇને જાણે અંધકારે અહીં જ સ્થાન કર્યું હોય ( આશરો લીધો હોય ) તેવું લાગ્યું એટલે કે તે વન એટલી ગીચ ઝાડીવાળું હતું કે સૂર્ય-કિરણનો પ્રવેશ પણ થઈ શકતો ન હતો. મોટા મોટા પર્વતો અને દોરી જેવા આકારવાળા ( નાના ) ઝરણાઓથી કામદેવની છાવણીરૂપ તે વને કુમારનું ચિત્ત હરી લીધું. અપ્સરાઓથી ઉપભોગ કરાયેલ કુંજોવાળું તે વન જોતાં જોતાં તેણે નિર્મળ માનસ સરોવર જોયું. સુવર્ણ કમળોથી શોભતા તે સરોવરને જોઇને કુમારે તેને સમાઈ ગયા છે મુખરૂપી કમળો જેમાં એવી દિશારૂપી સ્ત્રીઓનું દર્પણ માન્યું. ત્યારબાદ પવનથી ડોલતા કમળોવાળા સરોવરના પાણીમાં સ્નાનાદિ પવિત્ર ક્રિયા કરીને ફરી વાર તે જંગલમાં ફરવા લાગ્યો. આગળ ચાલતાં તેણે વંદનને યોગ્ય, જોવા લાયક, સુવર્ણમય કોઇ એક ઊંચો મહેલ જોયો. અતિ આશ્ચર્યથી પ્રગટેલ આનંદવડે પ્રોત્સાહિત થયેલ તે કુમાર તેના પહેલે માળે ગયો. અનુક્રમે મહેલની સુંદરતા જોતો જોતો તે નિષ્કપટી કુમાર સૌથી ઉપલે માળે ગયો. ત્યાં જઇને તેણે પોતાની સમક્ષ દિવ્ય આકૃતિવાળા, યોગને લગતા વસ્ત્રોથી ચોતરફ વીંટળાયેલા, અક્ષમાળાથી પવિત્ર, આત્મનિરીક્ષણ કરતાં, પવનરોધ કરનાર, જાણે સાક્ષાત્ યોગે જ શરીર ધારણ ન કર્યું હોય તેમ શરીરધારી યોગસ્વરૂપ જેવા એક યોગી મહાત્માને જોયા. રાજકુમાર પ્રણામ કરીને બેઠા એટલે સમાધિ ઊતારીને તે યોગીન્દ્ર અમૃત સરખી વાણી બોલ્યા કે-" હે ભાગ્યશાળી રાજપુત્ર અભયંકર તું ભલે આવ્યો. હે વિનયશાળી! કલ્યાણને માટે જ તને અહીં લાવવામાં આવ્યો છે. ' ત્યારે કુંવર પણ બોલ્યો કે-" હે પૂજ્ય ! આપના દર્શનથી અત્યારે મારું આગમન સાર્થક થયું છે, કારણ કે **મહાત્મા પુરુષના દર્શનવડે જ પ્રાણીઓનો જન્મ પવિત્ર ગણાય છે.**" કુમાર આ પ્રમાણે બોલી રહ્યો હતો તેટલામાં તે આનંદમગ્ન યોગીએ સમાધિ ચઢાવી. પછી તરત જ મનુષ્યને અપ્રાપ્ય એવી રસવતી શોભતા સોનાના થાળોમાં આકાશમાર્ગે તેની સમક્ષ હાજર થઇ, એટલે તે યોગીશ્વર કુમારને કહ્યું કે-" હે કુમાર ! તું મારો અતિથિ છો, માટે ભોજન કર." બાદ તે બંને આગળ ઇચ્છિત ભોજનસામગ્રીથી પરિપૂર્ણ એક-એક સોનાનો થાળ હાજર થઈ ગયો. તે બંનેએ ભોજન કરી લીધા પછી આકાશમાંથી શીતળ પાણી પણ આવ્યું અને તે વડે આચમન કરીને બંને ઊભા થયા. પછી તે યોગીરૂપના હુંકાર માત્રથી તે રસવતીની સામગ્રી જેમ આવી હતી તેમ પાછી ચાલી ગઇ. ત્યારપછી ચંદન, અગર ને કર્પૂરથી પૂર્ણ સુગંધીવાળું તાંબુલ તે બંનેના હાથમાં સ્વયંમેવ આવી પડ્યું. બાદ યોગ્ય સુખપૂર્વક આરામ લેતાં તે બંનેની આગળ વેણુ, વીણાના અવાજથી રમણીય, તેમજ **સ્થાન, માન, યતિ, ગ્રામ ને**

**ત્રણ પ્રકારના લયથી** મનોહર, કર્ણપ્રિય એવું દિવ્ય સંગીત શરૂ થયું. આ પ્રમાણે વિનોદથી હરણ કરાયેલા મનવાળા તે કુમારનો ઊનાળાનો દિવસ લાંબો હોવા છતાં પણ એક ક્ષણમાત્રમાં પસાર થઈ ગયો.

તે સમયે તેજ:પુંજ પ્રસરાવતો સૂર્ય અસ્ત થયો અને ભટકતા ગજરાજો સરખો અંધકાર આકાશરૂપી વનમાં ફેલાઇ ગયો. વળી તે સમયે પોતાની રાત્રિરૂપી સ્ત્રીનો અંધકારરૂપી કંચુઓ (ચોળી) દૂર કરીને પોતાના કિરણરૂપી હસ્તથી તેના મુખને ઉજાળતો રાત્રિનો ધણી–ચંદ્ર પણ ઉદય પામ્યો. ત્યારબાદ સંતુષ્ટ ચિત્તવાળા યોગીશ્વરે જગતમાં અદ્દભૂત પરાક્રમી તે પવિત્ર રાજકુમારને ઉદ્દેશીને કહ્યું કે—"હે રાજપુત્ર! મારી પાસે સેંકડો નિર્દોષ પવિત્ર વિદ્યાઓ છે અને તેમાંની કેટલીક વિદ્યાઓ યોગ્ય પાત્રોને મેં આપી છે, પરંતુ **ખડગસિદ્ધિ** નામની વિદ્યા યોગ્ય પાત્રના અભાવે હજુ મારી પાસે જ રહેલી છે. આ વિદ્યાના સ્મરણ માત્રથી મનુષ્ય રણભૂમિમાં લાખો શત્રુઓના સમૂહને જીતવા સમર્થ બને છે. વિદ્યાને પ્રાપ્ત કરીને જે કોઈ પુરુષ શંકાને લીધે તે બીજાને શીખવતો નથી તો તે વિદ્યાનો વિચ્છેદ કરવારૂપ પાપનો ભાગી બને છે, છતાં પણ જો કોઇ યોગ્ય પાત્ર ન મળે તો તે વિદ્યાનો નાશ થવા દેવો વધુ ઉત્તમ છે એમ મારું માનવું છે. જો હું કોઇને વિદ્યા આપતો નથી તો હું દેવાદાર રહું છું અને જો અયોગ્ય પાત્રને તે વિદ્યા સમર્પું તો તે સમર્પણ વિદ્યા–વિનાશના કારણભૂત બને છે. વળી મારું આયુષ્ય અલ્પ છે એટલે **"એક તરફ વાઘ અને બીજી તરફ નદી"** એવી સ્થિતિમાં જેવામાં હું કર્તવ્યવિમૂઢ બન્યો હતો તેવામાં સાક્ષાત્ વિદ્યાદેવીએ જ આવીને મને પ્રેમપૂર્વક જણાવ્યું કે—'હે વત્સ! તું ચિંતા ન કર. ગુણસમૂહના મનોહર મંદિરરૂપ કોઈ એક યોગ્ય પુરુષને આ જ સવારમાં હું અહીં લાવીશ. ત્રણ જગતના આભૂષણરૂપ તે અદ્દભુત પુરુષને વિષે મારું આરોપણ કરીને, તારા શરીરનો ત્યાગ કરીને તું સુખી થજે.' પછી તે વિદ્યાદેવીથી પોતાના સેવકદ્વારા તું અહીં આવ્યો છે, માટે વિદ્યાને ગ્રહણ કર." ત્યારે કુમારે જણાવ્યું કે—"હે પ્રજ્ઞશિરોમણિ! આપના ચરણકમળના દર્શન માત્રથી જ હું કૃતકૃત્ય થયો છું. હવે મારે તે વિદ્યાપ્રાપ્તિની શી જરૂરિયાત છે? કારણ કે મહાત્મા પુરુષોનું દર્શન જ મોક્ષમંદિરના પગથિયારૂપ, લક્ષ્મીને વશ કરવામાં કારણભૂત અને કલ્યાણરૂપી સંપત્તિઓના અરિસા તુલ્ય છે." એટલે યોગિરાજે કહ્યું કે–"હે ભદ્ર! જગતનું કલ્યાણ કરનારા લક્ષ્મીસંપન્ન તમારા જેવા પુરુષો આ પૃથ્વી પર ખરેખર કલ્પવૃક્ષ જેવા છે, તો પણ મારી વિદ્યા સ્વીકાર, મારા પર મહેરબાની કર ને મારા ઉપર રહેલા ગુરુ–ઋણને કાપી નાખતો (નાખીને) તું મારો ઉપકારી થા." એમ કહીને કુમારના સત્ત્વથી રંજિત થયેલા યોગીએ ખડ્ગસિધ્ધિ નામની વિદ્યા આપીને તે કુમારને તેના પિતાની પાસે પહોંચાડયો. અકસ્માત્ પોતાના પુત્રને આવેલો જોઇને રાજાએ સ્વનગરમાં મોટો મહોત્સવ કરાવ્યો.

બાદ પોતાના પૂર્વજોનાં પગલે ચાલવાને ઇચ્છતા ક્ષેમંકર નૃપે અભયંકર કુમારને રાજ્ય સ્વીકારવા આગ્રહ કર્યો એટલે કુમાર બોલ્યો કે–"હે પિતાજી! મહાપાપના હેતુભૂત સામ્રાજ્યને હું ઇચ્છતો નથી. મને તો ફક્ત આપની સેવા કરવાનો જ મનોરથ છે, પણ તમારી

ગેરહાજરીમાં મસ્તક પર રહેતી મુક્તાફળની માળા મને પસંદ નથી." આ પ્રમાણે પુત્રની અનિચ્છા છતાં પણ ક્ષેમંકર ભૂપે મહાન્ અભિષેકપૂર્વક તેને સામ્રાજ્ય સોંપ્યું ને પોતે આર્હતી દીક્ષા સ્વીકારી.

અભયંકરે પૃથ્વીનું પાલન કરવા માંડ્યું. રાજ્યકારભારની ધોંસરીને વહન કરતાં તે ન્યાયી રાજાએ પોતાની સંતતીની માફક પ્રજાને સંતોષ પમાડી. સર્વત્ર ઉપકાર કરતાં કલ્પવૃક્ષ સમાન તે અભયંકર ભૂપાળની યશરૂપી ફૂલની સુગંધી દશે દિશામાં ફેલાઇ ગઇ.

એકદા ધર્માસન પર બેઠેલા અભયંકર નૃપની સભામાં આવીને પ્રતિહારીએ વિનતિ કરી કે–" હે પ્રભો ! અલ્પ પરિવારવાળો ને સિંહ જેવો પરાક્રમી **પુષ્પપુર** નગરીનો સ્વામી **નૃસિંહ** રાજા આપના દર્શનને ઇચ્છે છે." એટલે રાજાએ આજ્ઞા કરતાં પ્રતિહારીએ પ્રવેશ કરાવ્યો ત્યારે નજીકના આસન પર બેઠેલા તે નૃસિંહ રાજાએ વિવેકપૂર્વક આ પ્રમાણે કહ્યું–" દુ:ખરૂપી ઘામથી અકળાઇ ગયેલા વિશ્વને (૧)**પુષ્કરાર્ત્ત મેઘ** અને (૨) અસાધારણ મહત્તાવાળો **સજ્જન પુરુષ** આ બે જ વસ્તુ શાંત કરનાર છે. દુશ્મનથી પરાભવ પામેલ હું, ચંદ્ર જેમ અરુણનો આશ્રય લે તેમ, પૃથ્વીતલને પોષનાર ને જગતના જીવોના મિત્ર સમાન આપને શરણે આવ્યો છું. બળવાન, કપટી અને નિષ્કારણ વૈરી **તગરા** નગરીનો રાજાએ યુદ્ધ કરીને મારું રાજય પડાવી લીધું છે, તેથી હે પૃથ્વીનાથ ! આપની ખડ્ગવિદ્યાના દાનરૂપી મદદથી હું મારી રાજ્યલક્ષ્મી પાછી મેળવું એમ કરો !" આ પ્રમાણે પ્રાર્થના કરાએલ અભયંકર રાજાએ તેની માગણીનો સ્વીકાર કરીને આતિથ્યસત્કાર માટે તે નૃસિંહ રાજાને પોતાના પ્રતિહારી સાથે વિદાય કર્યો. તેના ગયા પછી **સુમતિ** નામનો મંત્રી બોલ્યો કે–" હે નિષ્પાપ રાજા ! નીતિશાસ્ત્રો સ્વચ્છંદ આચરણનો નિષેધ કરે છે તો એવી વસ્તુનો આપ આદર કેમ કરો છો ? મદદ માગતા તે નૃસિંહ રાજાને ખડગસિધ્ધિ વિદ્યા આપી દેવી યોગ્ય નથી. શું ફળ–ફૂલના ઇચ્છકને માળી આખો બગીચો આપે છે ? માટે હે સ્વામિન્ આપણા આંગણે આવેલ તેને ચતુરંગી સેના, દેશ ને દ્રવ્ય–ભંડાર આદિથી સંતુષ્ટ કરો." એટલે જવાબમાં રાજાએ કહ્યું કે–" હે મંત્રીશ્વર ! તારું કહેવું યથાર્થ છે, પરંતુ વંધ્યા સ્ત્રી જેવી કળાઓ નિષ્ફળ છે કે જેનું ફળ પરોપકાર નથી, એટલે કે પરોપકારવિહુણી વિદ્યાનો કશો લાભ નથી. આ જગતમાં પોતાનું પેટ ભરનાર પુષ્કળ પ્રાણીઓ શું જન્મતા નથી ? પરંતુ જેની ઋદ્ધિ–સિદ્ધિ પરોપકાર માટે થાય છે તે જ ખરેખર જન્મેલો છે અને તે જ ખરેખર જીવી રહ્યો છે. સુપાત્રને આપેલી વિદ્યા અને યોગ્ય ક્ષેત્રમાં વાવેલ વેલ અચિંત્ય ને અદ્ભુત ફળ આપે છે. સંપૂર્ણ કળાવાન ચંદ્ર ગર્વ કરે છે તે તો યોગ્ય જ છે કેમ કે સ્વકલાદાનથી દેવોને પ્રમોદ ઉપજાવનાર તે કલાથી ક્ષીણ થવા છતાં પણ પૂજાય છે." આ પ્રમાણે મંત્રીને સમજાવીને અભયંકર ભૂપાળે શુભ મુહૂર્તમાં નૃસિંહ રાજાને ખડગસિદ્ધિ નામની પોતાની વિદ્યા અર્પણ કરી.

પછી પરાક્રમી સૈન્ય–સહાયવાળા અને તેજસ્વી નૃસિંહ રાજાએ લડાઇમાં તગરાનગરીના નૃપને જીતી લીધો એટલે નૃસિંહ રાજાએ જેનો વૈભવ હરી લીધો છે અને પ્રભુ, મંત્રી

અને **ઉત્સાહ** એ નામની ત્રણ શક્તિ જેની નાશ પામી છે તેવો તે રાજા પોતાના નસીબની વિચિત્રતા સંબંધે વિચાર કરવા લાગ્યો કે–" મેં આવું કદાપિ ધાર્યું ન હતું. બંને રાજ્યથી ભ્રષ્ટ થયેલ અને દુઃખાવસ્થામાં આવી પડેલ હું હવે શું કરું ? અથવા તો જેની સહાયથી નૃસિંહ રાજાએ સ્વરાજ્ય હસ્તગત કર્યું તે અભયંકર ભૂપાળને શરણે જાઉં; કારણ કે **" અગ્નિથી દાઝેલાને અગ્નિ જ ઔષધ રૂપ છે. "** વિચક્ષણ તે રાજાએ ઉપર પ્રમાણે નિર્ણય કરીને, પુંડરીકિણી નગરીને વિષે આવીને, રાજાને નમીને વિજ્ઞપ્તિ કરી કે–" હે રાજન ! કીડો નામમાત્રથી ઇંદ્રગોપક કહેવાય છે પણ તમે તો નામ અને કાર્ય બંને રીતે આપ અભય કરનારા છો ( સંસ્કૃતમાં કીડાને ઇંદ્રગોપક કહેવામાં આવે છે પણ તે ઇંદ્રનું રક્ષણ કરવાને સ્હેજ પણ શકિતમાન નથી, પરંતુ તમે નામ અને કાર્યથી પણ સાર્થક છો કારણ કે તમારું નામ અભયંકર છે અને કર્મ-કાર્યથી પણ તમે અભયંકર—અભય કરનાર છો. ) જેનાથી યાચકવર્ગના મનોરથો સિદ્ધ થાય તેવા પુરુષરત્નવડે જ કરીને આ પૃથ્વી **बहुरत्ना वसुंधरा** કહેવાય છે, તો હે રાજન ! આપ નિષ્કપટી–નિષ્પાપી છો છતાં પણ હું સ્નેહને લઈને આપને ઠપકો આપું છું. આપની મહેરબાનીથી ગર્વીષ્ટ થયેલ નૃસિંહ રાજાએ જેનું રાજ્ય ખુંચવી લીધું છે તેવો હું તારાનગરીનો **ઘનવાહન** નામનો રાજા છું. કુમુદ–પોયણાની લક્ષ્મી હરી લઈને સૂર્ય કમળને આપે છે, પણ પછી પાછો ચંદ્રનો ઉદય થતાં તેનો નિરાસ કરે છે. કુમુદ એ ચંદ્રવિકાસી અને કમળ એ સૂર્યવિકાસી પુષ્પ છે. સૂર્ય ઉદય પામતાં કુમુદ કરમાઇ જાય છે અને કમળ વિકસ્વર થાય છે પણ સૂર્યાસ્ત પછી પાછો ચંદ્રોદય થતાં કમળ કરમાઇ જાય છે અને કરમાયેલ કુમુદ પાછું વિકસ્વર બને છે ] તેવી રીતે મારું રાજ્ય ખેંચી લઇ નૃસિંહ રાજાને અર્પણ કરતાં આપનાવડે તે ચંદ્ર અને સૂર્ય બંનેનું ઉત્કૃષ્ટ સ્વરૂપ જીવનમાં જીવી બતાવાયું છે. ડાબા તથા જમણા નેત્રની વચ્ચે રહેલી નાસિકા બંને બાજુ સરખી છે તેમ જગતમાં આધારસ્તંભ સંતપુરુષો પોતામાં અને અન્યમાં ખરેખર સમાન બુદ્ધિવાળાં હોય છે. દુઃખી જનો ઉપર ઉપકાર કરવાને માટે જ દીર્ઘદર્શી વિધાતાએ તમારા જેવાની અને મેઘની ઉત્પત્તિ કરી છે, તો હે રાજેંદ્ર ! મારા પર સ્નેહભાવ લાવીને મારું રાજ્યભ્રષ્ટ થવારૂપી સંકટ દૂર કરવું જોઇએ. " એટલે શરમથી નીચું જોઇ ગયેલ રાજા બોલ્યો કે–" હે રાજન્ ! દૂર રહેલા મારાથી જે કંઈ થઇ ગયું તે તું સહન કર. હે મિત્ર ! મારી પ્રાર્થનાથી દેશ, ભંડાર અને લશ્કર યુક્ત મારા આ સામ્રાજ્યની લગામ લઇને તું સુખી થા. " આમ બોલીને જેવામાં અભયંકર નૃપતિ તેનો અભિષેક કરવાનો હુકમ આપે છે તેવામાં સુમતિ મંત્રી કંઇક ઠપકા સહિત બોલી ઊઠયો–" હે પ્રભો ! વારંવાર આવા અણુવિચાર્યાં પગલાથી શું ? પ્રાણોને ભોગે જે રાજ્યસમૃદ્ધિ પ્રાપ્ત થાય તેવું સામ્રાજ્ય આમ એકદમ શું તજવા યોગ્ય ગણાય ? શરણાગત ને પ્રેમપાત્ર તે રાજપુત્રને અમુક વિભાગ કે દેશ આપવો ઉચિત છે. વળી સમગ્ર રાજ્યનો ત્યાગ કરીને માત્ર શરીરધારી તમે સ્વજન યા સ્ત્રીવર્ગને પોતાનું મુખ કેવી રીતે દેખાડી શકશો ? જ્યાં સુધી રાજ્યલક્ષ્મી સ્થિર રહેલી છે ત્યાંસુધી જ તમો રાજા છો, જ્યારે તે ચપળા લક્ષ્મી ચાલી જશે ત્યારે તમો પણ મનુષ્યના પાળા–સેવકરૂપ થઇ જશો. મૃત્યુ પામેલ માણસને સ્વજનો પોતાની કાંધે ચડાવે છે પરંતુ દરિદ્રી અવસ્થામાં સગો ભાઇ પણ તેવા માણસને તજી દે છે. સંપત્તિશાળી લોકોના

ગુણે જનતાને ખુશ કરનાર બને છે જ્યારે દરિદ્રીના ગુણે દુનિયાને દુઃખ ઉપજાવે છે." ત્યારે રાજાએ કહ્યું કે–"હે મંત્રીશ્વર! તારું કહેવું સમયોચિત છે, પરંતુ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિવડે તું તેનો વિચાર કર–પૃથક્કરણ કર. લક્ષ્મીના અગર તો પોતાના નાશસમયે જે (રાજ્ય) અવશ્ય નાશ પામવાનું છે તો તે લક્ષ્મીના પાશમાં–જાળમાં ડાહ્યા માણસો શા માટે ફસાય? હું આ પૃથ્વીરૂપી સ્ત્રીનો ધણી છું અગર તો આ પૃથ્વી મારી જ છે એવું અભિમાન રાખનારા મનુષ્યો, ભોગી પુરુષો જેમ વેશ્યાથી ઠગાય છે તેમ આ પૃથ્વીરૂપી સ્ત્રીથી છેતરાતા નથી? મહાત્મા પુરુષો તો ભોજનની પાતળ જેમ આ પૃથ્વીનો ભોગવટો કરીને તજી દે છે જ્યારે શ્વાન જેવા આસક્ત નાના રાજાઓ માંહોમાંહે વિગ્રહ કરીને તે સ્વીકારે છે. જે માણસ પોતાની સુકૃતની લક્ષ્મી સત્પાત્રમા જોડતો નથી–સુપાત્રે દાન આપતો નથી તે વિદ્વાન્ હોવા છતાં પણ તે એક ખેડૂત કરતાં અધિક મૂર્ખ છે. ખેડૂતે ખેતરમાં અનાજના બીયા વાવીને વધારવા જોઇએ પણ પછી જો તેના ઘરમાં સંગ્રહ ન કરે તો તે મૂળભૂત બીજનો પણ નાશ થાય છે. જે મનુષ્ય પાસેથી ભગ્ન મનોરથવાળા લોકો નિઃશ્વાસ નાખી પાછા ફરે છે તે પુરુષનો વૈભવ વડલા ને ધૂર્ત પુરુષ જેવો છે–અર્થાત્ નિરર્થક છે. તજી દીધેલી લક્ષ્મી પણ સુભાગ્યને કારણે ઘરમાં પાછી આવે છે જ્યારે દુર્ભાગ્યને વશ પડેલી લક્ષ્મી ઘરમાંથી પણ ચાલી જાય છે, તો હે મંત્રી રાજ્યરૂપી વૃક્ષના મૂળિયા સમાન, લક્ષ્મીને વશ કરવામાં વશીકરણ સમાન ભાગ્યને અનુસરતા મને તું રોક નહિ." આ પ્રમાણે મંત્રીને સમજાવીને અભયંકર રાજાએ મેઘવાહન (ધનવાહન)ને સિંહાસન પર બેસાડીને તરતજ અભિષેક કર્યો. પોતાની પ્રિય પુત્રી જેવી રાજ્યલક્ષ્મી મેઘવાહનને અર્પણ કરતાં રાજાએ તેને દેશ, ખજાનો અને લશ્કર વિગેરે સર્વ સોંપી દીધું. પછી એકનિષ્ઠ મનવાળા મેઘવાહને પણ, અભયંકર ભૂપાળનો જાણે પુત્ર હોયની તેમ, પોતાની પ્રજાને જલ્દી વશ કરી લીધી.

અભયંકર ભૂપે મેઘવાહનની રજા લઈને, પાછળ આવતાં નગરજનો તેમ જ પ્રધાનોને આગ્રહપૂર્વક પાછા વાળીને, પોતે જ દાનમાં આપેલા વાહનોનો ત્યાગ કરીને, યોગ્ય પાત્રમાં સર્વસ્વ અર્પનાર પોતાના આત્માને ધન્યવાદ આપતો, ચમત્કારિક પ્રભાવથી એકલો છતાં પણ પરિવારથી વીંટળાહેલો હોય તેવો હાથમાં ખડગને ધારણ કરતો તીર્થયાત્રા માટે એકલો નીકળી પડયો.

રાત્રિસમયે રસ્તો ઓળંગતા તે પરાક્રમી રાજાએ વનના કોતરમાંથી આવતો કોઇક કરુણ સ્વર સાંભળ્યો. તે અવાજને અનુસારે દયાળુ ચિત્તવાળા તે રાજાએ જલ્દી ગિરિગુફામાં પ્રવેશ કર્યો. તે વિશાળ ગુફાના મધ્યભાગમાં નિરીક્ષણ કરતાં તેણે કુંડના અગ્નિથી જાજ્વલ્યમાન એક મંડળ જોયું. તે સમયે પોતાના બંને ગોઢણ વચ્ચે વિખરાયેલા વાળવાળા મુખકમળને સ્થાપન કરેલી, અતિશય ભય તેમ જ શોકને અંગે કાંતિવિહુણા શરીરવાળી, રાહુથી ઘેરાતા ચંદ્રની માફક ઉગામેલા ખડગવાળા યોગીવડે ભયંકર આંખથી જોવાતી, કરવીર (કરેણ)ની માળા તેમ જ રાતા ચંદનથી લેપાયેલ, જાણે શ્રાપને લીધે સ્વર્ગથી ભ્રષ્ટ થયેલ ઇંદ્રપુરીની લક્ષ્મી સરખી નવયૌવનવાળી એક સ્ત્રીને તે મંડળની નજીક બેઠેલી અને વારંવાર નીચે પ્રમાણે વિલાપ કરતી તે રાજાએ જોઈ. "દુષ્ટ હૃદયી આ ચંડાળના મુખમાંથી મને

બચાવી શકે તેવી ધીર વ્યકિતથી શું આ ત્રણ જગત શૂન્ય બની ગયું ? અરે ! ત્રણ જગતનું પ્રતિપાલન કરવામાં સમર્થ પૂજ્ય **ધર્મરાજ** પણ ભાગ્યહીન મારા માટે ખરેખર પ્રતિકૂળ બન્યા જણાય છે. હે સૂર્યદેવ ! આપના ચરણકમળમાં વારંવાર પ્રણામ કરીને પ્રાર્થું છું કે–જગતના નેત્રરૂપ આપ મારા માટે કોઇ રક્ષક પુરુષને જુઓ–મોકલો–શોધી કાઢો." ઉપર પ્રમાણેનો વિલાપ સાંભળીને વિશ્વોપકાર માટે જ જેમણે દીક્ષા સ્વીકારી છે તેવા તે રાજાએ તરવાર ધારણ કરતાં તે યોગીન્દ્રને રોષપૂર્વક કહ્યું કે–" હે મહાત્મન્ ! લક્ષ્મીના શુભ ચિહ્નોવડે અલૌકિક કાંતિવાળી અને કદાવર આપની દેહાકૃતિ, આપ માત્ર યોગી જ હો તેમ સૂચવતી નથી. હે ધર્મી પુરુષ ! ઉભય લોકને અહિતકારક આવું આ કાર્ય મુખદ્વારા ઉંચેથી બોલવા યોગ્ય પણ નથી, તો તમારા જેવાથી તેનું આચરણ તો થાય જ કેમ ? કુપથગામી મુસાફરોને સત્ય માર્ગે વાળનાર સંતપુરુષો જ છે તો તે પોતે કુમાર્ગે ડગલું પણ કેમ ભરી શકે ? હે યોગીશ્વર ! આ સ્ત્રીને જીવિતદાન આપવાવડે કરીને અત્રે આવેલા અતિથિરૂપ મારો આતિથ્યસત્કાર કરવો તમને ઘટે છે. અર્થાત્ જો તમો મારો આતિથ્યસત્કાર કરવા ઇચ્છતા હો તો આ સ્ત્રીને મુકત કરો." એટલે તે સ્ત્રીના મસ્તકપ્રદેશથી ખેંચી લીધેલ દૃષ્ટિવડે અભયંકરને જોતાં તે સાહસિક યોગીએ કહ્યું કે–" ત્રણ જગતને પવિત્ર કરનાર આવા સુંદર ચારિત્ર અને મનોહર શરીરથી તું ચક્રવર્ત્તી જેવો દેખાય છે, તો આ કાર્યમાં મારી પ્રવૃત્તિનું કારણ સાંભળ; કારણ કે તમારી જેવા પુણ્યાત્માઓ કોને વિશ્વાસપાત્ર નથી બનતા ?

ઊંચા ગિરિશિખરોથી જાણે આકશ કોળિયો કરી જવા માંગતો હોય તેવો અતિ વિશાળ **વૈતાઢય** નામનો પર્વત છે. ત્યાં ઉત્તરશ્રેણીના વિદ્યાધર રાજાનો હું પુત્ર છું. વંશપરંપરાથી ચાલી આવેલી **અપરાજિતા** નામની વિદ્યા સાધવાનો આરંભ કર્યો. તે પ્રકારે તેના એકાગ્ર ધ્યાનથી અવધિ (સમય) પૂર્ણ થયા પહેલાં જ તે વિદ્યાદેવી મને સિધ્ધ થઇ અને બોલી કે– ' હે પુત્ર ! હું તારી સેવાથી પ્રસન્ન થઇ છું. મારી આજ્ઞાથી ફરીને ઉત્તરસેવા કરવાને તું લાયક છો, તો બત્રીશ લક્ષણવાળી કોઇ સ્ત્રી અથવા અદ્દ્ભુત પરાક્રમી પુરુષને અગ્નિકુંડમાં હોમીને તું શ્રેષ્ઠ વરદાન માગી લે. અગર જો મારા વચનનો તું અનાદર કરીશ તો તારા મસ્તકના હજારો ટુકડા થઇ જશે.' આ પ્રમાણે કહીને તેણીના અંતર્ધ્યાન થવા પછી તે કાર્યની સિધ્ધિ અર્થે ભટકતો ભટકતો હું **સિંહપુર** નગરીના સ્વામીની આ કન્યાને બત્રીશ લક્ષણવાળી જોઇને અહીં ઉપાડી લાવ્યો છું. હે મહાત્મન્ ! આ સ્ત્રીના પ્રાણોનું રક્ષણ કરવામાં તત્પર અને પારકાના કાર્યનો વિનાશ કરનાર તમે મારી વિદ્યાસિદ્ધિમાં કેમ અંતરાયભૂત થાઓ છો ? હે વિવેકશાળી ! જો આ સ્ત્રીનું જીવિત તમને ઇષ્ટ છે તો પૃથ્વીનું પાલન કરનાર મારા જેવા રાજાની જિંદગી શું તમને પ્રિય નથી ?"

પછી અભયંકર નરેશ્વર બોલ્યો કે–" હે ભદ્ર ! તું તારી જાતને તુચ્છ મનોદશાવાળી શ્રેણીએ–પંકિતએ કેમ મૂકે છે ? જગતમાં દરેક પ્રાણીઓ પારકાના ભોગે પોતાની જાતને તો પોષે જ છે, જ્યારે પોતાના ભોગે જગતને જીવાડે તેવી વ્યકિત વિરલ હોય છે. જે લોકો ધર્મનો નાશ કરીને માત્ર સંપત્તિને જ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે તેઓ ઝાડને મૂળમાંથી

ઉખેડી નાખીને ફળ મેળવવાની ઇચ્છા ધરાવે છે અર્થાત્ મૂળમાંથી વૃક્ષનો નાશ કર્યા પછી તે વૃક્ષ ફળદાયી થતું નથી તેમ ધર્મનો નાશ કરીને કોઇ પણ વ્યક્તિ લાભ મેળવી શકતી નથી. સ્રીહિંસાદ્વારા દેવીપૂજન કરવું એ શું તમે કદી સાંભળ્યું કે દેખ્યું છે ? હું માનું છું કે તમે દેવીવડે માયાપ્રપંચથી ઠગાયા છો, છતાં પણ જો દેવીવચન સાચું કરવું જ હોય તો આ કન્યાને છોડી દે અને તેના બદલામાં મારું મસ્તક હોમીને તું તારો મનોરથ પૂર્ણ કર. જો તું મારા કહ્યા પ્રમાણે કરીશ તો તારી જાત ઉપર, આ કન્યા ઉપર અને પારકાના કાર્યની સિદ્ધિ કરવામાં તત્પર એવા મારી ઉપર પણ અનહદ ઉપકાર થશે. ”

અભયંકર નૃપની આવી ઉદાર વાણી સાંભળીને દંતપંક્તિની કાંતિથી દિશાઓને પ્રકાશિત કરતો તે યોગી બોલ્યો કે–“ ઉત્કૃષ્ટ ગુણાસ્પદ આ તમારું અદ્ભુત વ્યક્તિત્વ, બૃહસ્પતિની બુદ્ધિનો પણ તિરસ્કાર કરતી તમારી સાહસિક બુદ્ધિમત્તાને બતાવી રહ્યું છે, પરંતુ સદ્ભાગ્ય અને સૌભાગ્યના મંદિરરૂપ દેહનો અન્ય કાજે ત્યાગ કરનાર તમે ઘણા જ સ્વાર્થભ્રષ્ટ બનો છો; કારણ કે **સ્વાર્થ ન સાધવો તે નરી મૂર્ખતા–બાલિશતા જ છે.** જો તું તારા આત્મ–બલિદાનથી આ કન્યાનું રક્ષણ કરવા ઈચ્છે છે તો હે ચતુર ! સોનાના બદલામાં માત્ર લોઢાનો કાટ જ તું ખરીદે છે. ” આ પ્રમાણે યોગીએ કહ્યું એટલે અભયંકરે જણાવ્યું કે– “ હે મિત્ર ! તારું કથન મારા પ્રત્યેનો સદ્ભાવ સૂચવે છે, પરંતુ પરોપકારપરાયણ વ્યક્તિઓ જ સ્વાર્થરૂપ હોય છે. ઉત્તમ પુરુષો તો દાન, સ્વાર્થ સદૃશ માને છે. વળી જો અન્ય પ્રાણીઓના ઉપકારને માટે આ કાયા સમર્થ ન બને તો કરજદાર બનેલું અને પોષાયેલ–હૃષ્ટપુષ્ટ થએલ આ અધમ શરીરથી શો લાભ ? કૃતઘ્ની અને બહુ વિઘ્નવાળી આ કાયા જો ફોગટ ચાલી જવાની જ છે તો પરોપકાર અને પવિત્ર કાર્ય માટે તેને કેમ ન વેચી દેવી ? આ દેહ દૈવને આધીન છે અને તે જ દૈવ આ શરીરને ઝુંટવી લે છે તો તેનાથી જે કંઈ પુણ્ય હાંસલ થાય તે જ આત્માને ખરેખર હિતકર છે. હે મિત્ર ! જો તું મારા કલ્યાણને માટે ખરેખર આદરભાવવાળો હો તો તારું ખડ્ગ મને સોંપ. ”

ત્યારે યોગી વેશધારી વિદ્યાધરકુમાર બોલ્યો કે–“ હે મહાત્મન્ ! દેવીવચનમાં મને લેશ માત્ર પણ સંદેહ નથી. હે રાજન્ ! એક સ્રીને ખાતર ત્રણ લોકનું રક્ષણ કરવામાં સમર્થ તારા પ્રાણોનો ત્યાગ કરવા તત્પર થયો છે, તેથી હું માનું છું કે તું મૂર્ખ છો. એક સ્રીનું રક્ષણ કરવા માટે કદાગ્રહી હે રાજન્ ! હું તારા જેવો વિચારઘેલો–વિચારવિહુણો નથી કે જેથી તને મારી આ તરવાર સોંપું. ” એટલે રાજા વિનયપૂર્વક ફરી બોલ્યો કે–“ હે વિચારક ! તારું આવું બોલવું તે જ વિચારશૂન્ય લાગે છે. અન્યને વધથી બચાવે તે જ ખરો ક્ષત્રિય નામને સાર્થક કરી બતાવે છે. એમ ન કરે તો ક્ષત્રિય વંશમાં ઉત્પન્ન થવા છતાં પણ માત્ર દેહના મળરૂપ જ ગણાય છે. તમારા બંનેના પ્રાણોના રક્ષણ માટે મારી કાયાનો ત્યાગ કરતો તેમજ શાશ્વત યશરૂપી દેહને પ્રાપ્ત કરતો હું વિચારઘેલો–ગાંડો કઇ રીતે ગણાઉં ? ” આટલું કહેવા છતાં પણ તરવાર નહીં આપવાને ઇચ્છતા તે યોગીના હાથમાંથી યમરાજની ભ્રમર જેવું ભયંકર ખડ્ગ તેણે શાંતિપૂર્વક ખેંચી લીધું અને તે ઉપકારી ખડ્ગને મેળવીને જોયું તેને

અમૃત વર્ષાથી નવરાવતો ન હોય તેમ તે રાજા તેને સ્નેહયુક્ત દૃષ્ટિથી વારંવાર આમતેમ જોવા લાગ્યો. તે સમયે ખડ્ગપ્રાપ્તિથી દુષ્પ્રેક્ષ્ય(ન જોવા લાયક)ને કારણે ભયંકર, તેમજ વિકસિત વદનકમળવાળો તે રમણીય અભયંકર નૃપ અધિક શોભવા લાગ્યો. પછી હર્ષ પામેલા અને કમળ જેવી આંખોવાળા તે રાજાએ પ્રેમપૂર્વક તે ખડ્ગ પોતાના હાથથી સ્વમસ્તક પ્રત્યે ચલાવ્યું. મુશ્કેલીથી મળી શકે તેવા ક્ષીરભોજનને પ્રાપ્ત કરીને દરિદ્રી પુરુષ જેમ સંતોષ પામે તેમ તે રાજા પણ પોતાના ગળા પર ખડ્ગ-સ્પર્શને અનુભવીને અતિ આનંદિત થવા લાગ્યો. ખડ્ગનો સત્કાર કરવા માટે જ જાણે ઊભી થઇ ગઇ હોય તેવી તેની વિકસ્વર રોમરાજીથી તે રાજા અતિશય શોભવા લાગ્યો, પણ આ અવસરે શત્રુઓનો ઉચ્છેદ કરવામાં ચતુર રાજાનો જમણો હાથ એકાએક-અચાનક પોતાના મસ્તક પ્રત્યે તરવાર ચલાવવા અશક્ત નીવડયો. મંત્રથી ઝડપાયેલા ફણિધરની માફક તે રાજા પોતાના હાથના સ્તંભનથી હૃદયમાં અતિ પરિતાપ પામ્યો. પછી જેટલામાં ધૈર્યશાળી, સાહસિકશિરોમણિ તે રાજા ડાબા હાથથી ખડ્ગને ગ્રહણ કરે છે તેટલામાં વજ્ર સરખા અને ઘસારાથી પ્રગટેલ અગ્નિ જેવા તેના ગળામાં તે તરવાર જાણે મીણની બનાવેલી હોય તેમ બુઠી થઇ ગઇ. જ્યારે પોતાના હસ્તથી મસ્તક છેદવાને રાજા અસમર્થ બન્યો ત્યારે તેણે પોતાના મસ્તક-છેદન માટે જેટલામાં તે યોગીને વિનતિ કરી તેટલામાં તો પ્રચંડ પવનવડે જીર્ણ મૂળિયાવાળા વૃક્ષની જેમ તે અધમ યોગીંદ્ર રાજા સમક્ષ પૃથ્વી પર ઢળી પડયો.

આ અવસરે કંઇક મૂર્ચ્છિત બનેલા રાજાએ આકાશમંડળમાં અકસ્માત્ અપ્સરાઓનો હાહારવ સાંભળ્યો. પછી પોતાના કમંડળમાંથી અમૃત વર્ષાવતી, પ્રફુલ્લ તારાગણની જેવા મોતીની માળાથી મનોહર, ચંદ્ર જેવા પ્રકાશિત મુખવાળી, પવિત્ર ચંદનરસ જેવી સુંદર, ચકોરી જેવી સેવિકા-દેવાંગનાઓથી પરિવરેલ, નેત્રરૂપી કમળના આનંદના આવાસરૂપ, જાણે શરીરધારી ચંદ્રિકા હોય તેવી, સુંદર દેહાકૃતિવાળી દેવીને સચેતન બનેલા નૃપે નીરખી. બાદ તે દેવી બોલી કે-“ હે વત્સ! હું **અપરાજિતા** નામની દેવી છું. તારા સાહસકાર્યથી હું અતિવ તુષ્ટમાન થઈ છું તેથી તું વરદાન માગી લે.” એટલે અધિક સૌંદર્યવાન બનેલ રાજા દેવીને નમસ્કાર કરીને બોલ્યો કે-“ હે દેવી! ખરેખર આજ મારું ભાગ્યરૂપી વૃક્ષ ફળ્યું છે. શિરચ્છેદ કરવાને ઇચ્છતા મારા ઉપર જો તું તુષ્ટમાન થઈ હો તો હે માતા! મારો શિરચ્છેદ થાય તેવી જ હું પ્રાર્થના કરું છું, માટે તે સંબંધે મારા પર મહેરબાની કરો. હે ભયહારિણી દેવી! મારા સ્તંભિત થએલ હાથને છૂટા કરો કે જેથી મારો શિરચ્છેદ કરવાને હું સમર્થ બનું. મારા કહ્યા પ્રમાણે કરવાથી હે દેવી! પ્રતિજ્ઞાપાલન કરનાર મારા પર નિઃસંશય મહાન્ ઉપકાર થશે. રાજ્યનું, ધનનું તેમજ સ્ત્રીજનનું મારે કાંઇ પણ પ્રયોજન નથી. જો તું ખરેખર મારા પર પ્રસન્ન જ થઇ હો તો મારી માગણી સંતોષો-પૂર્ણ કરો. વળી હે દેવી! કદાચ મારા આ સાહસકાર્યથી સંતુષ્ટ થયેલ તું મારો શિરચ્છેદ ન ઇચ્છતી હો તો આ યોગીની કાર્યસિદ્ધિ તો સંપૂર્ણ થવી જ જોઇએ.” એટલે દેવી ફરીથી બોલી કેઃ- “ હું તે દુષ્ટ યોગીને જીવતો કરવા ઇચ્છતી નથી તો પછી કાર્યસિદ્ધિની વાત જ શી? હે પૃથ્વીપતિ! સ્ત્રીહિંસાની ઇચ્છામાત્રથી પાપી બનેલો આ દુષ્ટ યોગી તમારા જેવાંના વધથી

સ્વકાર્યની સિદ્ધિ મેળવવા ચાહે છે. વરદાન આપવા પહેલાં આ યોગીની સત્ત્વશીલતાની પરીક્ષા કરવા માટે જ મેં તેને આવી આજ્ઞા આપી હતી. હે પુત્ર! પવિત્ર મંત્રાનુષ્ઠાનની ક્રિયા ત્યજી દઇને મારાથી ઠગાયેલા તેણે લોભને વશ થઇ આ નિર્દય કાર્ય આરંભ્યું, હે તત્ત્વજ્ઞ! ઉભય લોકનું અહિત કરનાર આ યોગીને ઇષ્ટ કાર્યની સિદ્ધિ કયાંથી થઇ શકે? રસહીન કમળોવાળા સરોવરની સરખા પુરુષોને ભમરીની સરખી ચપળ લક્ષ્મી વશ કેમ થાય? હે રાજન્! આવા દુષ્ટાત્માની ખાતર આ રત્નગર્ભા પૃથ્વીને તારા જેવા પુરુષરત્નવિહુણી બનાવવી યોગ્ય નથી. હે પરોપકારપરાયણ પ્રજાપાલક! દુષ્ચરિત્રના ભંડાર તુલ્ય આ યોગીને જો કંઇ પણ ઉપકાર થઇ શકતો હોય તો હું કહું તેમ કરો." સત્ક્રિયાની પાછળ સાત્ત્વિક પુરુષને ભવિષ્યકાળ લાભપ્રદ બને (સારા કાર્યનું ફળ ભવિષ્યમાં સારું આવે) તેમ દેવી બોલતી બંધ થઇ એટલે રાજાએ જણાવ્યું કે-"હે દેવી! સાધ્ય કર્મમાં આપ જે કંઇ નિષેધ કરી રહ્યા છો તે નિષેધ જ ઊલટો આપને અધિકાઅધિક રીતે વિનવવાનું કારણ બને છે. શિરચ્છેદની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા સજ્જ થયેલા મને રોકતા તમે તુષ્ટમાન થવા છતાં પણ વાસ્તવિક રીતે તો રૂષ્ટ (કોપિત) થયેલા જણાવ છો. હે દેવી! પ્રતિજ્ઞાપાલનથી અટકાવવાને લીધે મારા યશરૂપી દેહને હણતી તારી મારા પરની પ્રસન્નતા કેવી રીતે કહી શકાય? પ્રતિજ્ઞાભંગ કરીને જે કોઇ આ જગતમાં જીવતો મનાય, તો હે દેવી! તું જ કહે કે-મરેલો કોને માનવો? ખરેખર જ જો તું મારા પર પ્રસન્ન થઇ હો તો જેવી આવી તેવી જ અહીંથી ચાલી જા. જો કે હું મારું મસ્તક છેદવામાં અસમર્થ બન્યો છું તો પણ હું પોતે જ અગ્નિકુંડમાં પ્રવેશ કરીશ." આ પ્રમાણે કહીને અગ્નિમાં ઝંપાપાત કરવાને તે આગળ વધ્યો. **પરાક્રમી પુરુષોને આ જગતમાં કંઈ પણ અશક્ય નથી.** રાજાને ઝંપાપાત કરવાને તૈયાર થયેલ જોઇને અંતઃકરણમાં ક્ષોભ ધારણ કરતી સિંહપુર રાજાની પુત્રી પણ મૂર્ચ્છા પામી બેશુધ્ધ બની ગઈ.

પછી સંક્ષુબ્ધ હૃદયવાળી અને વિકસિત વદનવાળી તે અપરાજિતા દેવી એકદમ રાજાને ઝંપાપાત કરતો રોકીને હર્ષપૂર્વક બોલી કે:-"હે પુત્ર! તું સાહસ ન કર. હું તારા પર ખરેખર પ્રસન્ન થઈ છું. તું જો, કે તારા અતિ આગ્રહથી આ અધમ યોગી પુરુષને હું જીવતો કરું છું." એ પ્રમાણે બોલીને પોતાના અંગધારી જીવિત સમાન કમંડળનું પાણી સુધારૂપી યોગીના શરીર પર છાંટી તેને શુદ્ધિમાં લાવ્યા પછી મેઘઘટા વેલને નવપલ્લવિત કરે તેમ તે દેવીએ કન્યા પર પણ તે જ પાણી છાંટીને તેને સચેતન કરી. 'આ શું?' એમ આશ્ચર્યચકિત બનેલી ને પોયણા જેવી નેત્રવાળી તે કન્યા રાજાને સચેતન જોઇને વધુ આનંદ પામી. તેના મનોમંદિરમાં પ્રવેશેલા અલૌકિક ગુણવાળા તે રાજાએ, રતિના હૃદયમાં કામદેવ સ્થાન લે તેમ, પતિ-સ્વામી તરીકે સ્થાન લીધું, અર્થાત્ તે કુમારિકાએ રાજાને મનથી પોતાના ભર્તાર તરીકે સ્વીકારી લીધો. વળી તે સમયે તે કુમારિકાના કટાક્ષયુક્ત નિરીક્ષણે રાજાના મનને આકર્ષણ કરવાને ચાહતા કામદેવના મંત્રીપણાનું રૂપ ધારણ કર્યું. પછી દેવી ફરી બોલી કે-"હે મહાત્મન્! તમારા પુષ્કલ આગ્રહથી આ યોગી પર તુષ્ટમાન થાઉં છું." અને દેવી વધુ આગળ બોલે છે તેવામાં સત્ત્વરૂપી રત્નના સાગર સમાન તે રાજાના દર્શન માટે જ ઉત્કંઠાવાળો હોય તેમ સૂર્ય ઉદયાચળના શિખર પર દેખાયો. સૂર્યોદય થયો તેવામાં સતત

સંભળાતા શબ્દોથી ગંભીર અને દિશાભાગોને પૂરી દેતો મોટો કોળાહળ થયો. આ કોળાહળને અનુસારે જ્યારે દિશામાં પોતાની દૃષ્ટિ ફેંકી ત્યારે તે વિચક્ષણ રાજવીએ કોઈએક સેનાને પોતા તરફ આવતી જોઈ. 'આ શું ?' એમ આશ્ચર્ય પામેલા રાજાને તે સૈન્યમાંથી કોઈએક વ્યક્તિએ આવીને, નમીને વિજ્ઞપ્તિ કરી કે-"અમારા રાજા **અરિકેશરી** સંતતિરહિત મૃત્યુ પામવાથી ધણીવિહોણું થયેલું આ સૈન્ય ગોત્રદેવી અપરાજિતાની વિધિપુરસ્પર આરાધના કરીને તેમ જ તેની આજ્ઞાથી આપની સેવામાં હાજર થયું છે; તેથી હે સ્વામિન્ ! તમે આ રાજ્યલક્ષ્મીના માલીક થાઓ, કારણ કે મનોહર કુમુદનો છોડ પણ ચંદ્ર વિના શોભતો નથી. હે નાથ ! વંશપરંપરાથી અનુક્રમે ચાલ્યા આવતા **પ્રજ્ઞાલોક** નામના આ મંત્રીની પ્રાર્થનાનો અસ્વીકાર કરવો આપને ઘટતો નથી." પછી તે જ અપરાજિતા દેવીએ તે શ્રેષ્ઠ નરેંદ્રને સુવર્ણસિંહાસને સ્થાપીને સ્વહસ્તે જ અભિષેક કર્યો. તે સમયે જેમ પૂર્વાચળના શિખર પર ચંદ્રબિંબ ઝળહળી ઊઠે તેમ તેના મસ્તક પર શ્વેત છત્ર શોભવા લાગ્યું. પછી મંગલ સ્નાનાદિ કાર્ય કરેલી તે સિંહપુરાધીશની પુત્રીને પણ તે રાજાને સોંપીને અપરાજિતા દેવી ક્ષણ માત્રમાં અંતર્ધ્યાન થઈ ગઇ.

પછી તે અરિકેશરી રાજાના **લક્ષ્મીપુર** નામના નગરમાં તે કુમારી સાથે રાજાએ પ્રવેશ કર્યો. સાગર સમી તે લક્ષ્મીપુર નગરની સામ્રાજ્ય લક્ષ્મીને મેળવીને અભયંકર ભૂપાળે મેઘની માફક પૃથ્વીને તૃપ્ત કરી. ( એટલે કે મેઘ જેમ સાગરમાંથી જળ ખેંચીને પૃથ્વીને ધનધાન્યાદિકવડે તૃપ્ત કરે તેમ આ રાજાએ સામ્રાજ્ય પ્રાપ્ત કરીને લોકોને દાનાદિવડે સંતોષ પમાડ્યા.)

આ સમયે હર્ષિત થયેલા સિંહપુરાધીશે પણ આવીને પોતાની તે **અનંગવતી** કુમારિકાને અભયંકર ભૂપાળ સાથે પરણાવી. ભક્તિથી તુષ્ટ મનવાળા બીજા ખેચરો ને ભૂચર રાજાઓએ પણ પોતપોતાની કન્યા વિગેરે ભેટણાથી તે રાજાનો સત્કાર કર્યો. આ ઉપરાંત અપરાજિતા દેવીની પ્રસન્નતાથી વિશાળ વૈભવવાળો બનેલો( યોગી વેશધારી ) **વિદ્યાધરેંદ્ર**, પુષ્પનગરીનો રાજા **નૃસિંહ** અને જેને સ્વરાજ્ય સમર્પણ કર્યું હતું તે તગરાનગરીનો રાજા **ધનવાહન** તેમ જ અન્ય માંડલિક રાજાઓ પણ પ્રમોદપૂર્વક ચારે દિશાએથી આવીને રત્ન, ઘોડા, હાથી વિગેરે વિવિધ ભેટણાદ્વારા અભયંકર નૃપની સેવા કરવા લાગ્યા.

એકદા દાવાનળ સરખા પ્રતાપી અભયંકર રાજાની આયુધશાળામાં અતિ તેજસ્વી ચક્રરત્ન પ્રગટ થયું. આ ચક્રરત્નના પ્રભાવથી વૃદ્ધિંગત પ્રતાપવાળા તેણે છ ખંડ પૃથ્વી સાધી. અલૌકિક ગુણોને કારણે આ રાજાએ ફક્ત રાજાઓમાં જ ચક્રવર્તીપદ મેળવ્યું એટલું જ નહિ પરંતુ સંતપુરુષની શ્રેણીમાં પણ શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કર્યું. પછી યથાવસરે સર્વવિરતિ( દીક્ષા )રૂપી સામ્રાજ્ય-સંપત્તિને સ્વીકારીને તે અભયંકર ચક્રવર્તી મુક્તિ મેળવશે."

"હે સાર્થવાહ ! આ પરોપકારરૂપ વ્રતને યોગી પુરુષો લક્ષ્મીના મૂળ બીજરૂપ અને યશરૂપી ઝાડને ક્યારા ( ખામણા ) સમાન કહે છે. હે પવિત્ર આશયવાળા ! તારે તારી જાતને

પાપી માનવી જોઇએ નહિ. આ તમારી **પરોપકારી** ભાવના જ તમારું સુંદર ભવિષ્ય સૂચવે છે. ઊલટું અમારાથી તમને કોઈપણ જાતનો લાભ થયો નથી તેથી હે સાર્થવાહ ! અમારી આ ક્રિયાશૂન્ય પ્રવૃત્તિ અમારા મનને સંતાપ ઉપજાવે છે, તો હે સાધુપુરુષ ! સંપૂર્ણ રીતે ઉપકારી તમને તત્ત્વનો ઉપદેશ આપવાવડે કરીને અમે કંઇક પણ અનૃણી–કરજ રહિત થઇએ. (પછી **ધર્મઘોષ** મુનિશ્રેષ્ઠે ધનસાર્થવાહને નીચેની ધર્મદેશનારૂપી અમૃતપાન કરાવ્યું.)

" મિથ્યાત્વરૂપી નિદ્રાથી સ્વલાભાલાભને નહીં જાણનારા પ્રાણીઓ આ સંસારમાં જીવતાં છતાં મૃત્યુ પામેલાં જેવાં જ છે. મિથ્યાત્વરૂપ નદીના પુરપ્રવાહથી ખેંચાતો પ્રાણી દુસ્તર સંસાર–સાગરમાં વેગથી પડે છે–ડૂબે છે. સદ્દગતિના રોધક મિથ્યાત્વરૂપ અંધકારને હણવાને ઈચ્છતા પ્રાણીએ સમ્યક્ત્વરૂપી સૂર્યનું સારી રીતે સેવન કરવું જોઇએ. આ સમ્યક્ત્વરૂપી સૂર્યથી મુદિત થએલા, આત્મનિષ્ઠ ગુણોથી ગૌરવવાળા પ્રાણીને મુક્તિરૂપી સ્ત્રી કમળની માફક નિરંતર શોભાવે છે. (સૂર્યોદય થતાં જ કમળ વિકસ્વર થવા લાગે છે તેવી જ રીતે સમકિતની પ્રાપ્તિ થતાં મુક્તિરૂપી સ્ત્રી તેને ભજવા લાગે છે) સમ્યકત્વરૂપી ચંદ્રિકાનો આસ્વાદ–અનુભવ લેવામાં ચકોર-તુલ્ય પ્રાણીઓની દૃષ્ટિ પણ નજીકમાં રહેલા મિથ્યાત્વરૂપ વિષ–ઝેરથી પાછી ફરે છે. રાગ–દ્વેષાદિ અંતરંગ શત્રુઓને જીતનાર **દેવ**, શુધ્ધાચારનું પાલન કરનાર **ગુરુ** અને જીવદયાપ્રધાન **ધર્મ જ સમ્યક્ત્વ** કહેવાય છે, તેથી હે પુરુષોત્તમ ! તારે મનોહર કૌસ્તુભમણિ સરખું સમ્યક્-ત્વરૂપી આભૂષણ હૃદય પર સ્થાપવું ઘટે છે. "

પછી ધન સાર્થવાહે કહ્યું કે–" હે પૂજ્ય ! આપે ઉપદેશેલું સમ્યક્ત્વ હું સ્વીકારું છું, કારણ કે **કયો ડાહ્યો પુરુષ આવતી લક્ષ્મીને ઠોકરે મારે ?** "

પછી ગુરુને નમસ્કાર કરીને સમ્યક્ત્વરૂપી લક્ષ્મીથી આનંદિત ચિત્તવાળો તે સ્વસ્થાને ગયેલ તે ધન સાર્થવાહે રાત્રિ વ્યતીત કરી. પ્રાતઃકાળે તેના મિત્ર મણિભદ્ર સાર્થવાહને જણા-વ્યું કે– " હે મિત્ર ! પ્રકાશિત કર્યો છે સૂર્ય જેણે એવી આ રાત્રિની માફક વાર્ષાઋતુ વીતી ગઇ છે. ઇંદ્રથી ત્યજી દેવાયેલું ધનુષ્ય રાજાઓએ ગ્રહણ કર્યું છે તેમજ વાદળાવિહોણું આકાશ જયેચ્છુ* રાજાઓની સૈન્ય રજથી વ્યાપ્ત થઇ ગયું છે (એટલે કે વર્ષા ઋતુ પૂર્ણ થવાની હોય ત્યારે ઇંદ્રધનુષ્યનો દેખાવ નજરે પડતો નથી અને આકાશ ખાલી સ્વચ્છ થઇ જાય છે. કવિ અહીં કલ્પના કરે છે કે તે ઇંદ્રધનુષ રાજાઓએ પકડી લીધું છે, કારણ કે રાજાઓ દશે-રાના દિવસે યુધ્ધ માટે પ્રસ્થાન કરતાં અને તેના સૈન્યની રજથી વાદળાથી ખાલી બનેલ આકાશ ધૂળથી છવાઇ જતું.) હે મિત્ર ! દરેક દિશામાં ફેલાતા સૂર્યના પ્રખર કિરણની માફક આ સમયે વ્યવહારીઆ–વેપારી લોકોના મનોરથો અતિશય વૃદ્ધિ પામ્યા છે." આ પ્રમાણે મિત્રવચન સાંભળીને અટવીને ઓળંગતો, ગુરુઓનું બહુમાન કરતો, તે સાર્થવાહ અનુક્રમે વસંતપુર આવી પહોંચ્યો. ત્યાં રાજ્ય–સન્માનથી અધિક–બેવડો ઉત્સાહિત થયેલ ધન સાર્થવાહે પોતાની વસ્તુઓનો ક્રય–વિક્રય કર્યો. બાદ ત્યાં (વસંતપુરમાં) રહેલા **ધર્મઘોષ** મુનીશ્વરની રજા લઇને કૃતકૃત્ય થયેલ તે સાર્થવાહ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરે પાછો આવ્યો.

* જીત મેળવવાની આકાંક્ષાવાળા.

કેટલાક સમય પછી આયુષ્ય પૂર્ણ થયે મૃત્યુ પામીને તે ધન સાર્થવાહ ઉત્તરકુરુ ક્ષેત્રમાં કલ્પવૃક્ષોથી પરિપૂર્ણ મનોરથવાળા યુગલિયા તરીકે ઉત્પન્ન થયો. ત્યાંથી મૃત્યુ પામીને **સૌધર્મ** નામના પહેલા દેવલોકમાં દેદીપ્યમાન કાંતિવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવીને પશ્ચિમ મહાવિદેહની **ગંધિલા** નામની વિજયમાં વૈતાઢ્ય પર્વતના **ગાંધાર** દેશના **ગંધસમૃદ્ધ** નામના નગરમાં વિદ્યાધર વંશમાં **શતબળ** રાજાની **ચંદ્રકાંતા** નામની પટ્ટરાણીનો, કામદેવને પણ પરાભવ પમાડનાર અને સાક્ષાત્ શૃંગાર રસ જ હોય તેવો **મહાબળ** નામનો પુત્ર થયો. યોગ્ય સમયે મહાબળને રાજ્ય સોંપીને, દીક્ષા લઇને, તીવ્ર તપ તપીને શતબળ રાજા સ્વર્ગે સંચર્યો. બાદ યૌવનથી ઉન્માદિત થયેલા, ધર્મતત્ત્વથી અજાણ તે મહાબળ રાજા સ્વેચ્છાએ કર્મ કરવા લાગ્યો. એકદા સભામાં બેઠેલા અને સંગીત રસમાં ડૂબેલા મહાબળ રાજાને ધર્મતત્ત્વના જ્ઞાતા, વિશિષ્ટ બુધ્ધિવાળા **સ્વયંબુદ્ધ** નામના મંત્રીએ વૈરાગ્યયુક્ત વાણીમાં કહ્યું કે-" પૂર્વ પુન્યોદયે એક વખત ભલે મનુષ્ય કેળની જેમ સ્વાદિષ્ટ ફળવાળો બને, પણ પુણ્યના એક પણ બીજ વિના પ્રાણી પ્રાંતે નાશ પામે છે. હે પ્રભો! હે તત્ત્વજ્ઞ! તમારે પણ આ પ્રમાણે લક્ષ્મીના ઉદ્ભવસ્થાનરૂપ ધર્મનો ત્યાગ કરીને આ પ્રકારે વિષયભોગી બનવું યોગ્ય નથી." ત્યારે રાજાએ કહ્યું કે-" હે મંત્રી! તું આવું અપ્રાસંગિક કેમ બોલે છે?" એટલે મંત્રીએ જણાવ્યું કે-"હે સ્વામી! તેનું કારણ સાંભળો. હે પ્રભો! હિતેચ્છુ અને પવિત્ર મનવાળા મંત્રીઓએ કટુ છતાં પણ લાભકારી, અપ્રાસંગિક છતાં હિતકારી એવું વચન કહેવું જોઇએ; કારણ કે આજે **નંદન** નામના ઉદ્યાનમાં અતિશય જ્ઞાનવંત બે ચારણશ્રમણ મુનીશ્વરોને આપના આયુષ્ય સંબંધી પૂછતાં તેઓએ જણાવ્યું કે-' આપનું આયુષ્ય એક માસ માત્ર બાકી રહ્યું છે. તો હે વિચક્ષણ! તમે આવા વિષયમાં આસક્ત ન બનો તેવી જ મારી પ્રાર્થના છે." પછી મહાબળ રાજાએ કહ્યું કે-" બુદ્ધિવડે બૃહસ્પતિ તુલ્ય હે મંત્રી! ધન્ય છે! ધન્ય છે! હે સ્વયંબુદ્ધ! તું જ મારો ગુરુ છો, તું જ મારો સાચો મંત્રી છો અને તું જ મારો ખરેખરો ભાઇ છે, કારણકે પાપસાગરમાં પડતા અંધતુલ્ય મને અત્યારે તું જ પ્રેમપૂર્વક ભુજા(હાથ)નું આલંબન આપે છે-સન્માર્ગે દોરે છે. પરંતુ મારું મૃત્યુ નજીક છે તો હવે હું શું ઉપાય કરું? જ્યારે શત્રુએ પોતાના મસ્તક પર પગ મૂકી દીધા હોય ત્યાર પછી પરાક્રમ શા કામનું?" ત્યારે મંત્રીએ જણાવ્યું કે-" સંસારથી ઉદ્વિગ્ન મનવાળો મનુષ્ય એક દિવસનું સંયમ પાળે તો કદાચ મોક્ષે ન જાય તો પણ વૈમાનિક દેવ તો અવશ્ય થાય." એ પ્રમાણે મંત્રીનું વચન સાંભળીને મહાબળ રાજાએ આચાર્ય મહારાજ સમક્ષ આવીને દીક્ષા લીધી. બાદ બાવીશ દિવસનું અનશન કરીને ઇશાન દેવલોકમાં **શ્રીપ્રભ** નામના વિમાનમાં **લલિતાંગ** નામનો દેવ થયો. વિષયસુખને ભોગવતાં લલિતાંગ દેવની **સ્વયંપ્રભા** નામની દેવી ચ્યવી ગઇ. તેથી " હે વ્હાલી પ્રિયા તું મને જવાબ આપ" એમ વારંવાર વિલાપ કરતા તેને **દ્રઢધર્મા** નામના તેના સામાનિક દેવતાએ મિત્રભાવથી કહ્યું કે-" હે મિત્ર! હું પૂર્વભવનો તારો સ્વયંબુધ્ધ નામનો મંત્રી છું કે જેણે તારા વિયોગને અંગે દીક્ષા સ્વીકારી હતી. તારા પ્રત્યેના સ્નેહથી અવધિજ્ઞાનથી જાણીને તારી ( નવી ) થનારી સ્વયંપ્રભા નામની દેવીની હકીકત હું કહું છું તે તું સાંભળ:—

ધાતકી ખંડના પૂર્વ મહાવિદેહના આભૂષણ તુલ્ય **નંદિગ્રામમાં** અતિ દરિદ્રી **નાગિલ**

નામનો ગૃહસ્થ હતો. તેની **નાગશ્રી** નામની સ્ત્રીએ છ પુત્રીને જન્મ આપ્યાબાદ પણ મૃત્યુલોકમાં સાતમી નરકનું ભાન કરાવતી હોય તેવી સાતમી પુત્રીને જન્મ આપ્યો, આ પુત્રીના જન્મતાંવેંત જ અત્યંત ઉદ્વિગ્ન મનવાળો નાગિલ વૈરાગ્યને કારણે તે નગરથી દૂર ચાલ્યો ગયો. તે પુત્રીના દુર્ભાગ્યને લીધે નામ-નિર્દેશના અભાવમાં લોકોમાં તે **નિર્નામિકા** એવા નામથી પ્રખ્યાતિ પામી. દારિદ્રયની સાથોસાથ અનુક્રમે વૃદ્ધિ પામતી તે **અંબરતિલક** નામના પર્વત પર કાષ્ઠનો ભારો લેવા ગઈ. ત્યાં સુર અને અસુરોવડે વંદાતા યુગંધર મુનિને જોઇને, તેમને નમીને, ઉપદેશામૃતનું પાન કરીને વૈરાગ્યયુક્ત ચિત્તથી તે નિર્નામિકા બોલી કે "હે ભગવન્! આ સંસારમાં દુઃખી મનુષ્યો ઘણાં છે, પરંતુ મંદભાગી મારા કરતાં કોઇ અધિક દુઃખી હશે ?" એટલે કેવળી ભગવંતે કહ્યું કે-"હે પુત્રી! દુઃખને લીધે તું તારા મનને નકામું આકુળવ્યાકુળ કરે છે. બીજા અનેક પ્રકારના દુઃખો હોવા છતાં પણ નારકીનાં દુઃખો સાંભળવા માત્રથી પ્રાણીઓના હૃદયને ભેદી નાખે છે. વળી આ તો પ્રત્યક્ષ જોવાય છે કે વનમાં સુખે વિચરનારા પશુઓ પણ વગર ગુન્હાએ પાપી-નિર્દય પુરુષવડે બંધાય છે, ઘોડાઓને ચાબુકવડે ગાઢ પ્રહારથી મારવામાં આવે છે અને કદાવર કાયાવાળા હાથીઓ પણ બંધાય છે, વળી તું સાંભળ કે પારકાનું દ્રવ્ય હરી લેનારા, પરદ્રોહ કરનારા અને કરુણ સ્વરે વિલાપ કરતાં માણસો પણ રાજાઓથી જુદી જુદી કદર્થનાઓદ્વારા પીડાય છે-વિડંબના પામે છે. વળી હે પુત્રી! સ્વર્ગમાં રહેનારા સદાનંદી દેવો પણ મર્મસ્થાનોને પીડનાર સ્વામી-સેવકભાવરૂપી અગ્નિથી તપાય છે-તેઓને પણ ઇંદ્રના હુકમને આધીન થવું પડે છે. જો સર્વ સુખના સાધનભૂત ધર્મને આરાધવામાં આવ્યો ન હોય તો તેને માટે આ વિશ્વભરમાં કોઈપણ સ્થાન ઉપદ્રવ વિનાનું નથી. સંસારના દુઃખરૂપી કાદવમાં ખૂંચી જતા પ્રાણીઓને એક માત્ર ધર્મ જ આધારભૂત બને છે; બીજું કોઇ પણ પ્રાણીનો ઉધ્ધાર કરવાને શક્તિમાન નથી. સેવાથી સંતુષ્ટ કરેલ અને કોપાયમાન બનેલ ચક્રવર્તી જેમ પ્રાણીઓને હંમેશ સુખ દુઃખ આપનાર બને તેવી રીતે આરાધેલો કે વિરાધેલો ધર્મ પ્રાણીઓના સુખ દુઃખનું કારણ બને છે. હે પુત્રી! જો તારા હૃદયમાં સુખની વાંછા હોય તો મનોવાંછિત પૂરવામાં કલ્પવૃક્ષ સમાન ધર્મનું તું આરાધન કર."

એ પ્રમાણે કેવળી ભગવંતનો ઉપદેશ સાંભળીને, તેમની આજ્ઞા મેળવીને, દુઃખના સમૂહના નાશની ઇચ્છાથી પોતાના શરીર પર પણ મમત્વભાવ વિનાની અને અનશન સ્વીકારેલી તે નિર્નામિકા હાલમાં જ્યાં છે ત્યાં જઇને તું તારું રૂપ દેખાડ." ત્યારે લલિતાંગદેવે મિત્રની સૂચનાનુસાર કર્યું, એટલે તેના વિષે અનુરાગવાળી થએલી તે નિર્નામિકા મૃત્યુ પામીને તે જ લલિતાંગ દેવની સ્નેહપાત્ર સ્વયંપ્રભા નામની દેવાંગના થઇ. તેની સાથે પુષ્કળ ભોગો ભોગવીને લલિતાંગ દેવ મહાવિદેહક્ષેત્રમાં **લોહાર્ગલ** નગરમાં સૂર્ય કરતાં પણ અધિક પ્રતાપી રાજા **સુવર્ણજંઘની લક્ષ્મી** નામની પટરાણીની કુખમાં રત્નતુલ્ય **વજ્રજંઘ** નામનો પુત્ર થયો. તે સ્વયંપ્રભા દેવી પણ ચ્યવીને **પુંડરિકીણી** નગરીને વિષે **વજ્રસેન** ચક્રવર્તીની **શ્રીમતી** નામની પુત્રી થઇ. એકદા **પ્રમદ** નામના ઉદ્યાનમાં ક્રીડા કરતી તેણીએ દેવદાનવથી વંદાયેલા ને નજીકમાં રહેલા કોઈ એક કેવળી મુનિને જોઇને, જાતિસ્મરણ જ્ઞાનથી પોતાના પૂર્વભવનું સર્વ વૃત્તાંત જાણીને પોતાની વિશ્વાસુ પંડિતા નામની ધાવમાતાને કહ્યું કે-"ગત ભવમાં ઈશાન દેવલોકમાં **લલિતાંગ** નામનો મારો સ્વામી હતો અને હું તેની સ્વયંપ્રભા નામની

પટરાણી હતી. તે દેવ મારા ચ્યવન પૂર્વે ચ્યવીને આ પૃથ્વી પર ક્યાંય-કોઇ સ્થળે ઉત્પન્ન થયો છે, પરંતુ હું તે જાણતી નથી, તો તેની પ્રાપ્તિ થાય તેવો પ્રયત્ન કર.” પંડિતાએ પણ સાંભળેલા વૃત્તાંતને અનુરૂપ એક ચિત્રપટ ચિતરાવીને વજ્રસેન ચક્રીની સેવામાં રહેલા રાજકુમારોને બતાવ્યું. આ ચિત્ર જોઇને જાતિસ્મરણજ્ઞાન થવાથી વજ્રજંઘ બોલ્યો કે-“હે પંડિતા! આ મારો પૂર્વભવ કોનાથી આળેખાયો છે? શું કોઇ દિવ્ય જ્ઞાનધારી મહાત્માએ તારી સમક્ષ આ વૃત્તાંતનું વર્ણન કર્યું છે?” પછી તે પંડિતાએ એક પછી એક એમ અનુક્રમે પર્વતાદિ વિગેરેની હકીકત પૂછી એટલે પૂર્વે અનુભવેલ હોય તેમ તે વજ્રજંઘે સર્વ હકીકતો નામપૂર્વક કહી સંભળાવી. પછી ઉત્સાહિત થયેલી તે પંડિતાએ તેના પ્રશ્નોના જવાબ આપ્યા સિવાય શ્રીમતીની આગળ જઇને સઘળો બનાવ કહી સંભળાવ્યો. બાદ પંડિતાવડે પ્રાર્થના કરાયેલ વજ્રસેને પણ વજ્રજંઘને પોતાની પુત્રી પરણાવી. પછી પોતાના સસરાની રજા લઇને તે લોહાર્ગલ નગરે આવ્યો. પિતાએ દીક્ષા લઇને વજ્રજંઘને રાજ્ય પર બેસાર્યો. ચક્રવર્તી વજ્રસેને પણ પોતાના **પુષ્કલપાલ** નામના પુત્રને રાજ્ય સોંપીને દીક્ષા સ્વીકારી અને તીર્થંકરપણે વિચરવા લાગ્યા.

એકદા પુષ્કલપાલને શત્રુઓથી ઘેરાએલો સાંભળીને વજ્રજંઘ તેને મદદ કરવા માટે તેની નગરીએ ગયો. ત્યાં શત્રુઓને પરાજિત કરીને, શ્રીમતી સાથે પોતાના નગર તરફ પાછા વળતાં વિચક્ષણ તે વજ્રજંઘે કેવળજ્ઞાની બનેલા પોતાના જ બે સહોદર બંધુ-**મુનિસેન** અને **સાગરસેન** નામના ઉત્તમ મુનિપુંગવોને માર્ગમાં જોઇને નમસ્કાર કર્યો. બાદ વજ્રજંઘ વિચાર કરવા લાગ્યો કે-“ખરેખર હું કમનસીબ છું અથવા તો મારી બુદ્ધિનો વિપર્યાસ થયો છે, કારણ કે ઉચ્છિષ્ટ (વમન) સરખી પિતાની આ રાજ્યલક્ષ્મી મેં ગ્રહણ કરી છે, જ્યારે આ મારા બંધુઓએ તો ચારિત્ર-સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું છે. હવે હું મારી રાજધાનીમાં જઇને, પુત્રને રાજ સોંપીને ચારિત્રરૂપી વજ્રથી કર્મરૂપી ઝાડનું ઉચ્છેદન કરીશ.” આ પ્રમાણે મનમાં નિશ્ચય કરીને વજ્રજંઘ લોહાર્ગલ નગરે ગયો અને સવારમાં પુત્રને રાજ્ય આપવાને ચાહતા, શ્રીમતી સાથે સૂતેલા તેને, તેના અભિપ્રાયને નહીં જાણતા ને રાજ્યલોભથી અંધ બનેલ તેના જ પુત્રે ઝેરી ધૂમાડાથી તે જ રાત્રિએ મારી નાખ્યા. ત્યાંથી મરીને તે બંને ઉત્તરકુરુ ક્ષેત્રમાં ઉત્પન્ન થયા ને શ્રીમતી સાથે યુગલિકપણાનું આયુષ્ય પૂર્ણ કર્યું. બાદ ઇચ્છિત સુખોથી સંતુષ્ટ થયેલા ને સ્નેહપાશથી બંધાયેલા તે બંને એક જ સમયે મૃત્યુ પામીને સૌધર્મ કલ્પને વિષે દેવ તરીકે ઉપજ્યા. પછી સ્વર્ગમાંથી ચ્યવેલો વજ્રજંઘનો જીવ આ જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રના આભૂષણરૂપ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરને વિષે **સુવિધિ** નામના વૈદ્યવિદ્યામાં વિચક્ષણ અને સત્કાર્ય કરવામાં શૂરવીર **જીવાનંદ** નામનો પુત્ર થયો. તે જ નગરમાં **ઇશાનચંદ્ર** રાજાની **કનકવતી** રાણીએ **મહીધર** નામના રાજકુમારને જન્મ આપ્યો. તે જ રાજાના **સુનાસીર** નામના મંત્રીની **લક્ષ્મી** નામની પત્નીથી ગુણનિષ્પન્ન યથાર્થ નામવાળો **સુબુદ્ધિ** નામનો પુત્ર થયો. **ધન** શ્રેષ્ઠીની **શીલવતી** નામની ભાર્યાથી ગુણરૂપી રત્નોની ખાણ સમાન **ગુણાકાર** નામનો પુત્ર થયો. **સાગરદત્ત** નામના સાર્થવાહની **અભયમતી** નામની સ્ત્રીથી પ્રસિદ્ધ એવો **પૂર્ણભદ્ર** નામનો પુત્ર જન્મ્યો. પહેલાં સૌધર્મ દેવલોકથી ચ્યવેલો **શ્રીમતીને**

જીવ **ઇશ્વરદત્ત** શ્રેષ્ઠીનો **કેશવ** નામના પુત્ર તરીકે ઉપજ્યો. સમાન ગુણશાલી તે પાંચેને જીવાનંદ વૈદ્ય સાથે મિત્રાચારી થઈ.

કોઇ એક દિવસે જીવાનંદ વૈદ્યને ઘરે એકત્ર થયેલ તેઓએ માધુકરી ભિક્ષા ( ગોચરી ) કરતાં કોઇ એક મુનિવરને જોયા. તે મુનિરાજને પૃથ્વીપાલ રાજાના **ગુણાકર** નામના પુત્ર તરીકે દીક્ષિત થયેલા જાણીને તેમજ તપશ્ચરણદ્વારા કુષ્ઠ રોગવાળા જોઇને મહીધર રાજપુત્રે જીવાનંદ વૈદ્યને કહ્યું કે-વૈદ્યોના જન્મને ધિક્કાર હો ! તેમજ તેઓના શાસ્ત્રનૈપુણ્યને પણ ધિક્કાર હો ! કારણ કે નિઃસ્પૃહ તેમજ પરલોક-સાધન કરવામાં તત્પર આવા સાધુવર્યોના ઉપકારને માટે જેઓ ( વૈદ્યો ) થતા નથી. હે મિત્ર ! લોકોના મળ, મૂત્રાદિના સંસર્ગથી તેં જે મલિનતા પ્રાપ્ત કરી છે તેને, આ મુનિવરને આજે નિરોગી બનાવીને સાફ કરી નાખ. ત્યારે જીવાનંદે તેને કહ્યું કે-તું યુવાન હોવા છતાં બુદ્ધિથી વૃદ્ધ ( વિચક્ષણ ) છો. તેં જે કહ્યું છે તે યોગ્ય જ કહ્યું છે; પરન્તુ લાખ-લાખ સોનામહોરના મૂલ્યવાળા તેમજ પ્રાપ્ત કરવામાં દુર્લભ એવા ત્રણ પ્રકારનાં ઔષધોદ્વારા આ મુનિવરનો રોગ દૂર કરી શકાય તેવો છે. આ ત્રણ પ્રકારનાં ઔષધ પૈકી લક્ષપાક તેલ મારા ઘરમાં છે; બાકીના બે ગોશીર્ષચંદન અને રત્નકંબલ નથી.

આ પ્રમાણે સાંભળીને તે પાંચે મિત્રોએ બજારના આભૂષણરૂપ કોઇ એક મહાસમૃદ્ધિવાળા શ્રેષ્ઠી પાસે જઇને શ્રેષ્ઠ વચનોદ્વારા કહ્યું કે-બે લાખ સોનામહોર લઇને ગોશીર્ષચંદન તેમજ રત્નકંબલ આપો, જેનાવડે અમે વ્યાધિગ્રસ્ત મુનિરાજની ચિકિત્સા કરવા ઇચ્છીએ છીએ. તેઓનું આવા પ્રકારનું વચન સાંભળીને વિસ્મય પામેલા તે શ્રેષ્ઠીએ આદરપૂર્વક કહ્યું કે-તમે ખરેખર ધન્ય છો ! મારું કથન તમે સર્વ સાંભળો. કુષ્ઠ રોગવાળા તે મુનિવરને માટે આ બંને વસ્તુઓ ઉપયોગી છે, પરન્તુ તે બંને વસ્તુઓ સમગ્ર રાજ્યના અર્પણ કરવાથી પણ પ્રાપ્ત ન થઇ શકે; તો સોના મહોરોની તો વાત જ શી ? આ જગતમાં પુણ્યના કારણભૂત કરોડો પ્રકારનાં દાનો કહેલ છે પરન્તુ તે સર્વ **આરોગ્ય-દાનના** સોમા હિસ્સે પણ આવી શકે નહિ; માટે તમે વિના મૂલ્યે તે બંને વસ્તુઓ સ્વીકારો અને મારા પર મહેરબાની કરો. આ પ્રમાણે કહીને તે શ્રેષ્ઠીએ રત્નકંબલ તેમજ ગોશીર્ષચંદન તેઓને આપ્યાં. તે વસ્તુઓ ગ્રહણ કરીને, શુભ શુકનદ્વારા જીવાનંદ વૈદ્યની સાથે તેઓ સર્વ પગલે-પગલે અનુસરતાં તે મુનિવર્ય પાસે પહોંચ્યા.

નગર બહારના ઉદ્યાનમાં વડલાની નીચે કાયોત્સર્ગમાં રહેલા તેમને જોઇને તેઓએ તે મુનિવર્યને નમસ્કાર કર્યો. પછી તે મુનિરાજને જણાવીને જીવાનંદે તેમને લક્ષપાક તેલથી અભ્યંગન કરીને નિશ્ચેષ્ટ થયેલા તેમના દેહ પર રત્નકંબલ ઓઢાડી. લક્ષપાક તેલની ઉષ્માને લીધે વ્યાકુળ બનેલા કૃમિયો તેમના દેહમાંથી નીકળીને શીતલ રત્નકંબલ પર ચોંટી ગયા. બાદ એક ગાયનું મૃતક ( શબ ) લાવીને દયાપરાયણ જીવાનંદ વૈદ્યે તે કૃમિઓને રત્નકંબલ પરથી તે મૃતક પર ખંખેર્યા-મૂકયા. પછી ચંદ્રકિરણ જેવા શીતળ ગોશીર્ષચંદનના લેપથી તે મુનિના

દેહ–તાપને હર્ષપૂર્વક શાંત કર્યો. અત્યંત કુશળ જીવાનંદ વૈદ્યે આ પ્રમાણે ત્રણ વાર ક્રિયા કરીને ચામડી, માંસ અને હાડકા( અસ્થિ )માંથી કૃમિઓને બહાર ખેંચી કાઢીને ગાયના મૃતક પર મૂકયા.

કેટલાએક દિવસો બાદ તેઓ સર્વથી ક્ષમા મંગાએલ અને સુવર્ણકાંતિ સરખા દેહવાળા તે મુનીશ્વરે નવીન દેહધારી ( રોગરહિત ) બનીને વિહાર કર્યો. તે શ્રેષ્ઠીવર્ય પણ ઔષધ દાનના પુણ્યને લીધે તે જ ભવમાં અંતકૃત્કેવળી બન્યા અર્થાત્ તે જ ભવે મોક્ષે ગયા. જીવાનંદ વિગેરે મિત્રોએ પણ શેષ રહેલ ગોશીર્ષચંદન તથા રત્નકંબલ વેચીને તે દ્રવ્યમાં પોતાની બે લાખ સોનામહોર ભેળવીને રમ્ય જિનપ્રાસાદ બનાવ્યો. કેટલાક કાળ પછી છએ મિત્રો દીક્ષા લઇને, શુધ્ધ રીતે સંયમ પાળીને બારમા અચ્યુત નામના દેવલોકમાં ઉપજ્યાં. ત્યાં બાવીશ સાગરોપમનું આયુષ્ય ભોગવીને ત્યાંથી ચ્યવેલા તે પાંચે લવણસમુદ્રના કિનારા પર આવેલ જંબૂદ્વીપના પૂર્વમહાવિદેહમાં **પુષ્કલાવતી** વિજયમાં **પુંડરીકિણી** નગરીના સ્વામી **વજ્રસેન** રાજવીની **ધારિણી** નામની પટ્ટરાણીથી પુત્રો તરીકે જન્મ્યા. જીવાનંદ વૈદ્યનો જીવ ચૌદ મહાસ્વપ્નથી સૂચિત **વજ્રનાભ** નામનો વડીલ બંધુ થયો અને રાજપુત્ર મહીધર, મંત્રી-પુત્ર સુબુધ્ધિ, શ્રેષ્ઠિપુત્ર ગુણાકર અને સાર્થપુત્ર પૂર્ણભદ્ર અનુક્રમે **બાહુ**, **સુબાહુ**, **પીઠ** અને **મહાપીઠ** તરીકે તેમના લઘુબંધુ થયા; જ્યારે છઠ્ઠો કેશવનો જીવ **સુયશા** નામનો રાજપુત્ર થયો. તેણે પણ પૂર્વભવના સ્નેહથી વજ્રનાભના સારથિ તરીકે સેવા સ્વીકારી.

કાળક્રમે તીર્થ પ્રવર્તાવવા માટે લોકાંતિક દેવોએ વજ્રસેન રાજાને વિજ્ઞપ્તિ કરવાથી તેમણે પોતાના જ્યેષ્ઠ પુત્ર વજ્રનાભને રાજ્ય સોંપીને, સાંવત્સરિક દાન દઇને, દેવેંદ્રથી વંદાયેલ તેમણે ચારિત્ર ગ્રહણની સાથોસાથ મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત કર્યું.

બાદ ઇંદ્ર જેવા ઐશ્વર્યવાળા વજ્રનાભ રાજવી **સુયશ** નામના સારથિ સાથે પૃથ્વીનું પાલન કરવા લાગ્યા. આ બાજુ વજ્રસેન તીર્થંકરને કેવળજ્ઞાન અને બીજી બાજુ વજ્રનાભ ચક્રવર્ત્તીને સમકાળે જ ચક્રરત્ન ઉત્પન્ન થયું. વજ્રનાભ ચક્રવર્ત્તીએ પુષ્કલાવતી વિજયને જીતીને, ચક્રવર્તીપદ પ્રાપ્ત કરીને ધર્મારાધન શરૂ કર્યું.

કાળક્રમે વૈરાગ્ય પામીને વજ્રનાભે પોતાના પુત્રને રાજ્યાસને બેસારીને પોતાના ચારે બંધુઓ સહિત પિતા પાસે સંયમ સ્વીકાર્યું. વજ્રસેન તીર્થંકર ચાર અઘાતી કર્મનો ક્ષય કરીને શિવગતિમાં ગયા બાદ વજ્રનાભ પૃથ્વીપીઠ પર વિચરવા લાગ્યા. દ્વાદશાંગીને ધારણ કરતાં વજ્રનાભ મુનિશ્રેષ્ઠને સમગ્ર સિદ્ધિઓ પ્રાપ્ત થઇ, જ્યારે ચારે લઘુ બંધુઓ અને સારથિ સુયશ અગિયાર અંગના જ્ઞાતા તેમજ પ્રભાવિક બન્યા. અરિહંત ભગવંતની ભક્તિ પૂર્વક વીશ સ્થાનકના આરાધનથી વજ્રનાભ મુનિવરે **તીર્થંકરનામકર્મ** ઉપાર્જન કર્યું. સાધુઓની વૈયાવચ્ચથી બાહુએ ચક્રવર્ત્તીપદ અને સુબાહુએ અતુલ બળને આપનાર કર્મ ઉપાર્જ્યું. વજ્રનાભ મુનીશ્વરે બાહુ અને સુબાહુ મુનિની વૈયાવચ્ચના ઘણા વખાણ કર્યાં તેથી

પીઠ અને મહાપીઠ તેઓની ઘણી ઈર્ષા કરવા લાગ્યા. આ પ્રમાણે ઈર્ષ્યાજન્ય કર્મની આલોચના ન કરવાથી માયા મિથ્યાત્વ યોગથી તેઓ બંનેએ સ્ત્રીવેદ ઉપાર્જન કર્યો. બાદ ચૌદ લાખ પૂર્વ સુધી દીક્ષાનું પાલન કરીને તેઓ છએ સર્વાર્થસિધ્ધ વિમાનમાં ઉપજ્યા. અનુત્તર વિમાનની લક્ષ્મીનો ઉપભોગ કરવાથી પ્રફુલ્લિત મનવાળા તે છએ મોક્ષની જામીનગીરી સદૃશ ઉત્કૃષ્ટ લક્ષ્મીને ભોગવવા લાગ્યા.

× × × ×

તીર્થયાત્રાજન્ય પુણ્યયોગને લીધે વસ્તુપાળે પરમાત્માની જે પ્રસન્નતા (**પ્રસાદ**) પ્રાપ્ત કરી તે પ્રસાદને માત્રાધિક કરીને એટલે કે **પ્રાસાદ** (જિનમંદિર) બનાવીને તેણે પૃથ્વીને વિષે મૂર્તિમંત કરી અર્થાત્ વસ્તુપાળે અનેક જિનપ્રાસાદો કરાવીને પૃથ્વીને ભૂષિત કરી.

**બીજો સર્ગ સંપૂર્ણ**

# સર્ગ ત્રીજો

## શ્રીઋષભજિનનો જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાનોત્પત્તિ વર્ણન.

[ **સર્ગસારાંશ**—સાત કુળકરોની ઉત્પતિ તથા નામ–ત્રણ પ્રકારની નીતિ–ઋષભદેવ પ્રભુનો જન્મ–છપ્પન દિક્કુમારિકાઓનું આગમન અને સ્નાત્રમહોત્સવ માટે મેરુ ઉપર ગમન–ઈંદ્રે કરેલ સ્તુતિ. પ્રભુના વંશની સ્થાપના–યુગલિકમાંથી પુરુષનું થયેલ મૃત્યુ–ઋષભપ્રભુનો વિવાહોત્સવ–ભરત–બાહુબલિ આદિનો જન્મ–ઋષભસ્વામિનું પ્રથમ નરેંદ્ર બનવું–રાજ્યાભિષેક માટે ઇંદ્રોનું આગમન–વિનીતાનગરીનું નિર્માણ–પ્રભુએ કરેલ કુંભકાર વિગેરે કારીગર વર્ગની સ્થાપના–વસંત ઋતુનું વર્ણન, પ્રભુનું ઉદ્યાનગમન–પ્રાણીઓની વિચિત્ર વિલાસોની વિચારણાને અંગે પ્રભુને થયેલ વિસ્મય–સંસાર પરથી નિર્વેદ–લોકાંતિક દેવોનું આગમન ને પ્રાર્થના–ભરત વિગેરે પુત્રોને રાજ્યની વ્હેંચણી–સાંવત્સરિક દાન–ચારિત્રગ્રહણ–પારણે ભિક્ષાનો અભાવ–નમિ–વિનમિની પ્રભુપ્રાર્થના–ધરણેંન્દ્રે તેમને આપેલ વૈતાઢ્ય પર્વતની દક્ષિણોત્તર શ્રેણીનું રાજ્ય ને વિદ્યા–પ્રભુનું ગજપુરનગરે ગમન–શ્રેયાંસને જાતિસ્મરણજ્ઞાન અને પ્રભુને વહોરાવેલ ઈક્ષુ રસ–દેવોએ કરેલ પંચ દિવ્ય–શ્રેયાંસે સમજાવેલ કલ્પ્યાકલ્પ્ય વિચાર–પારણાના સ્થાને પીઠની સ્થાપના–બાહુબલિના દેશમાં પ્રભુનું ગમન–બાહુબલિનું વંદનાર્થે જવું થતાં પ્રભુએ કરેલ વિહાર–બાહુબલિનો શોક–ધર્મચક્રની સ્થાપના–કેવળજ્ઞાનોત્પત્તિ–સમવસરણની રચના–મરુદેવી માતાનો વિલાપ–ભરત ચક્રીને મળેલ એકી સાથે વધામણી–ભરતનું મરુદેવી સાથે પ્રભુવંદનાર્થે જવું–પ્રભુની ઋદ્ધિનું વર્ણન સાંભળી હર્ષાશ્રુથી મરુદેવાના આંખના પડળનું દૂર થવું–મોક્ષગમન–મૃતકપૂજનની શરૂઆત–પ્રભુની દેશના–ચતુર્વિધ સંઘની સ્થાપના–ત્રિપદીનું અર્પણ–ગણધરોએ કરેલ દ્વાદશાંગીની રચના–બલિનું ઉછાલન. ]

**કુળકરોની ઉત્પત્તિ અને નીતિઓ.**

આ જંબૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં ઇશાનચંદ્ર રાજાથી રક્ષાએલી **અપરાજિતા** નામની નગરી હતી. તે નગરીમાં **ચંદનદાસ** નામના શ્રેષ્ઠીને દ્રાક્ષ જેવો મધુરભાષી અને પ્રખ્યાતિ પામેલો **સાગરચંદ્ર** નામનો પુત્ર હતો. કોઇ એક દિવસે કૌમુદી-મહોત્સવ પ્રસંગે પૌરજનો સહિત રાજા બહારના ઉદ્યાનમાં ગયો ત્યારે તે સાગરચંદ્ર પણ પોતાના **અશોકદત્ત** નામના મિત્ર સાથે ત્યાં ગયો. આ અવસરે **પૂર્ણભદ્ર** શ્રેષ્ઠીની **પ્રિયદર્શના** નામની

પુત્રીને લૂંટારાઓના પંજામાંથી તે સાગરચંદ્રે છોડાવી, એટલે એક બીજાને પરસ્પર જોવાથી હર્ષિત હૃદયવાળા તે બંને જણા કપટી કામદેવરૂપી પિશાચને પરવશ બન્યા. પછી પોતપોતાના ઘરે ગયેલા ને (અરસપરસના) વિયોગને અંગે પીડા પામેલા તે બંનેને લેશમાત્ર સુખચેન ઉપજ્યું નહીં; કારણ કે "**કામપીડા ખરેખર અસહ્ય છે.**" એવામાં પોતાના પુત્ર સાગરચંદ્રનું અદ્દભુત પરાક્રમ સાંભળીને ચંદનદાસ શ્રેષ્ઠીએ તેને શાંત વાણીથી કહ્યું કે–"હે વત્સ! હવે કોઇ પણ સ્થળે તું ફોગટ પરાક્રમ કરીશ નહિ, કારણ કે વણિક જનને શૂરવીરપણું શોભતું નથી. આ તારો મિત્ર અશોકદત્ત કપટના હાલતાચાલતા આવાસ–સ્થાનરૂપ છે. તારે કદાપિ પણ તેનો સંગ કરવો નહિ એટલે કોઈ ઇર્ષ્યાખોર વ્યક્તિએ પિતાને આવી ખોટી હકીકત જણાવી હશે, કારણ કે મારો મિત્ર નિષ્કપટી હોવા છતાં તેને માયાવી જણાવ્યો છે." એમ વિચારતાં નિર્મળ બુદ્ધિવાળા અને સમજુ સાગરચંદ્રે કહ્યું કે–"હે પિતાજી! આપની આજ્ઞા મારે શિરોમાન્ય છે." પછી પોતપોતાના સંતાનોની મનોભાવનાને જાણનારા ચંદનદાસ શ્રેષ્ઠી તેમજ પૂર્ણભદ્રે પ્રેમપૂર્વક તે બંનેનો (સાગરચંદ્ર ને પ્રિયદર્શનાનો) પાણિગ્રહણ મહોત્સવ કર્યો. વિષ્ણુ જોડે લગ્નગ્રંથીથી જોડાયેલ લક્ષ્મીની જેમ અતિ તુષ્ટ થયેલી પ્રિયદર્શના પોતાને યોગ્ય પતિ સાગરચંદ્ર સાથે જોડાવાથી કૃતકૃત્ય બની.

એકદા પોતાના સ્વામી સાગરચંદ્રની ગેરહાજરીમાં તેના ગૃહે આવેલ નિર્લજ્જ અશોકદત્તે પ્રિયદર્શનાની પ્રાર્થના કરી એટલે તેણીએ જણાવ્યું કે–"અરે! મારા મહેલમાં તું કપટથી કેમ આવ્યો? હે ક્ષુદ્ર–અધમ મનોવૃત્તિવાળા! તું અહીંથી ચાલ્યો જા. પવિત્ર બુધ્ધિવાળો મારો પતિ તો તને મિત્ર તરીકે માને છે." આથી ખિન્ન થયેલ અશોકદત્તે ત્યાંથી ચાલ્યા જઇને સાગરચંદ્રને કહ્યું કે–"હે મિત્ર! તારી દુરાચારિણી સ્ત્રીના પંજામાં હું આજે સપડાઇ ગયો હતો." આ પ્રમાણે સાંભળીને ક્ષણ માત્ર ખેદ પામેલા સાગરચંદ્ર પણ બોલ્યો કે–"હે મિત્ર! હે વિચક્ષણ! તારે કોઇપણ કારણે ખેદ કરવો યોગ્ય નથી. અસંસ્કારી એવી તેણીના ખાતર સ્નેહથી અરસ્પરસ સંકળાએલા આપણા બંનેનું મનભંગ થશે નહિ." સરળ પ્રકૃતિવાળા સાગરચંદ્રે આમ કહ્યું એટલે દુષ્ટ અશોકદત્ત મનમાં અત્યંત પ્રમોદ પામ્યો; કારણ કે **દુરાત્મા મનુષ્યોનો આવો જ સ્વભાવ હોય છે.** સાગરચંદ્ર પણ મિત્રના ભંભેરવાથી પોતાની નિર્દોષ સ્ત્રી પ્રત્યે પ્રેમ રહિત બન્યો અને તેનું કારણ પણ તેણીને જણાવ્યું નહિ. બાદ કાળક્રમે પોતાની સ્ત્રી સાથે જ મૃત્યુ પામીને સાગરચંદ્ર જંબૂદ્વીપના દક્ષિણ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળના ત્રીજા આરાનો $\frac{1}{2}$ પલ્યોપમ કાળ બાકી રહ્યો ત્યારે સિંધુ અને ગંગા નદીના વચગાળામાં આવેલ પ્રદેશમાં સૂર્યની જેવી કાંતિવાળા યુગલિક તરીકે ઉત્પન્ન થયો. કપટી અશોકદત્ત પણ મરણ પામીને તે જ ભૂમિમાં ચાર દાંતવાળો તથા શ્વેત વર્ણવાળો હાથી થયો, અને તેણે એકદા ભમતાં ભમતાં તે બંનેને જોયા. તેને જોવાથી પ્રેમ ઉત્પન્ન થવાને કારણે તે હાથીએ સુંઢવડે તેને આલિંગન કરીને પોતાની પીઠ પર બેસાડ્યો. "આને મેં ક્યાંય જોયા છે." એમ પરસ્પર વિચાર કરતાં તેઓને પોતપોતાનો પૂર્વભવ જાણવામાં આવ્યો.

બાદ તે હાથીવડે પોતાની પીઠ પર સ્થાપન કરાયેલા અને પૂર્વભવના સ્મરણથી જેણે નીતિ જાણી છે એવો યુગલિક **વિમલવાહન** એવા નામથી પ્રખ્યાતિ પામ્યો. **(પ્રથમ કુલકર)**

આ સમયે અવસર્પિણી કાળના પ્રભાવે અલ્પ પ્રમાણમાં રહેલા કલ્પવૃક્ષો પણ મમતાશીલ યુગલિકોના મનોવાંછિત પૂરવામાં અસમર્થ બન્યા. "આ મારું કલ્પવૃક્ષ છે." તેમ પરસ્પર કલહ કરતાં તે બધા યુગલીઆઓ વિમલવાહનની **હાકાર** નીતિની શિક્ષાથી સરલ–સીધા માર્ગે ચાલવા લાગ્યા. તે વિમળવાહનની **ચંદ્રયશા** નામની સ્ત્રીએ આઠસો ધનુષ્ય ઊંચા, પ્રથમ સંઘયણવાળા, અસંખ્ય પૂર્વાયુવાળા **ચક્ષુષ્માન ને ચંદ્રકાન્તા** નામના જોડલાને જન્મ આપ્યો. (**બીજા કુળકર**) ત્યારપછી વિમળવાહન વૃદ્ધાવસ્થા અને રોગરહિતપણે મૃત્યુ પામીને સુવર્ણકુમાર નિકાયમાં દિવ્ય દેહધારી દેવ થયો. ચંદ્રયશા પણ પંચત્વ પામીને નાગલોકમાં ઉત્પન્ન થઈ અને તે હાથી પણ ત્યાંથી ચ્યવીને તે જ નાગલોકમાં ઊપજ્યો. આયુષ્યનો શેષ ભાગ બાકી રહ્યો ત્યારે ચક્ષુષ્માન રાજાએ પોતાની ચંદ્રકાન્તા નામની પત્નીથી **યશસ્વી** અને **સુરૂપા** નામના યુગલને જન્મ આપ્યો. (**ત્રીજા કુળકર**) તે ચક્ષુષ્માન પણ મરીને સુવર્ણકુમાર નિકાયમાં મહર્દ્ધિક દેવ થયો જ્યારે ચંદ્રકાન્તા પણ તેજ સમયે નાગલોકમાં દેવી તરીકે ઉત્પન્ન થઇ. પિતાની માફક પ્રજાનું પરિપાલન કરતાં યશસ્વી કુળકરના રાજ્યકાળમાં યુગલિક લોકો કદાગ્રહથી **હાકાર** જાતિનું ઉલ્લંઘન કરવા લાગ્યા એટલે તેઓને કાબૂમાં રાખવા માટે **માકાર** નામની બીજી નીતિ દાખલ કરી એટલે ગુન્હાને લાયક અનુક્રમે **હાકાર** અને **માકાર** એ બંને જાતિનો અમલ કર્યો, બાદ તે યશસ્વી રાજાને પોતાની સુરૂપા ભાર્યાથી અનુક્રમે શ્વેત અને શ્યામ કાંતિવાળા **અભિચંદ્ર ને પ્રતિરૂપા** નામનું જોડલું જન્મ્યું. (**ચોથા કુળકર**) પછી એક સમયે જ મૃત્યુ પામીને યશસ્વી સમુદ્રકુમાર નિકાયમાં દેવ તરીકે ઉત્પન્ન થયો અને સુરૂપા નાગકુમાર નિકાયમાં દેવ તરીકે ઉપજી. અભિચંદ્રને પણ પ્રતિરૂપા પત્નીથી **પ્રસેનજિત** નામનો પુત્ર અને **ચક્ષુઃકાન્તા** નામની પુત્રી યુગલરૂપે ઉપજ્યાં. (**પાંચમા કુળકર**) પછી એક સમયે જ મરણદશાને આધીન થઇને અભિચંદ્ર અબ્ધિકુમાર–સમુદ્રકુમાર નિકાયમાં ઉત્પન્ન થયો અને પ્રતિરૂપા પણ નાગકુમાર લોકમાં દેવરૂપે ઉપજી પિતાની પેઠે યુગલિયાઓ પર રાજ્યશાસન ચલાવવા છતાં પણ ફરી વાર કદાગ્રહથી **હાકાર** અને **માકાર** નીતિનું ઉલ્લંઘન થવા પામ્યું એટલે ત્રીજી **ધિક્કાર** નામની જાતિ પ્રગટાવીને નિષ્કપટી અને ઉગ્ર શાસનવાળા તે પ્રસેનજિતે અનુક્રમે ત્રણે નીતિદ્વારા યુગલિકો પર શાસન ચલાવ્યું. પ્રસેનજિતને પણ ચક્ષુઃકાન્તા નારીથી **મરુદેવ** નામનો પુત્ર અને **શ્રીકાન્તા** નામની પુત્રી યુગલિકરૂપે પ્રગટી. (**છઠ્ઠા કુળકર**) સાથે જ મરણ પામીને પ્રસેનજિત દ્વીપકુમાર નિકાયમાં દેવ થયો અને ચક્ષુઃકાન્તા નાગલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થઇ. પિતાની જેમ પોતાની પ્રજાનું પાલન કરતાં મરુદેવે પણ શ્રીકાન્તા સ્ત્રીથી સવા પાંચસો ધનુષ્ય પ્રમાણ ઊંચી કાયાવાળ સુવર્ણ જેવી કાંતિવાળા **નાભિ** અને પ્રિયંગુ વૃક્ષના જેવી કાંતિવાળી **મરુદેવા** નામની કન્યાને યુગલિક રૂપે જન્મ આપ્યો. (**સાતમા કુળકર**) પૂર્ણ પુણ્યશાળી તેઓ બંનેનું પોતાના માતપિતાથી કંઈક ન્યૂન સંખ્યાતા વર્ષનું આયુષ્ય થયું. મરુદેવ મરીને દ્વીપકુમાર નિકાયમાં દેવ થયા અને શ્રીકાંતા નાગલોકમાં ઉપજી.

હવે ત્રીજા આરાને પૂર્ણ થવામાં[1] કેટલાએક લાખપૂર્વો બાકી રહ્યા ત્યારે **શ્રી વજ્રનાભનો જીવ** તેત્રીશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરીને **સર્વાર્થસિદ્ધ** નામના વિમાનમાંથી ચ્યવીને

૧. ચોરાશી લાખ પૂર્વ અને નેવાશી પખવાડીયા. (શ્રી આદિનાથ ચરિત્ર)

**ધનસાર્થવાહનો જીવ શ્રીઋષભદેવ સ્વામીનું વૃતાંત.** અશાડ મહિનાની કૃષ્ણ ચતુર્થીને (અશાડ વદિ ચોથ) દિવસે ઉત્તરષાઢા નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવ્યે છતે યુગલિકો પર શાસન ચલાવતાં નાભિરાજાને ત્યાં તેમની પત્ની મરુદેવાની કૂક્ષીમાં તીર્થંકર તરીકે ઉત્પન્ન થયો. પ્રભુ પવિત્ર ગર્ભમાં આવ્યા ત્યારે ક્ષણભરને માટે ત્રિભુવન પણ અંધકાર રહિત, સુખી અને દુઃખવિનાનું થયું. એ અવસરે મરુદેવી માતાએ ઉત્કૃષ્ટ મહામાત્મ્યને કારણે ચમત્કારિકપણાને સૂચવનારા **( ૧ ) વૃષભ, ( ૨ ) હાથી, ( ૩ ) સિંહ, ( ૪ ) લક્ષ્મી, ( ૫ ) ફુલની માળા, ( ૬ ) ચંદ્ર, ( ૭ ) સૂર્ય, ( ૮ ) ધ્વજ, ( ૯ ) કુંભ, ( ૧૦ ) સરોવર, ( ૧૧ ) ક્ષીરસમુદ્ર, ( ૧૨ ) વિમાન, ( ૧૩ ) રત્નરાશિ** અને **( ૧૪ ) નિર્ધૂમ અગ્નિ**–એ ચૌદ સ્વપ્નો જોયા. સ્વપ્ન જોઇને જાગેલી મરુદેવીએ શ્રી નાભિ રાજાને સ્વપ્નવૃત્તાંત કહ્યો ત્યારે નાભિ રાજાએ જણાવ્યું કે–" કુળકરોને વિષે શ્રેષ્ઠ એવો તારે પુત્ર થશે."

આ અવસરે સિંહાસનના ચલાયમાન થવાથી પ્રભુના ચ્યવનનો વૃત્તાંત જાણીને એકી સાથે ત્યાં આવીને ઈંદ્રોએ સ્વપ્નસ્વરૂપ કહી સંભળાવ્યું. પછી મરુદેવીને નમસ્કાર કરીને અત્યંત હર્ષિત થયેલા તે બધા ઈંદ્રો પોતપોતાને સ્થાને ગયા. પછી પૃથ્વી જેમ નિધાનને ધારણ કરે તેમ અદ્દ્ભુત ગર્ભને ધારણ કરતી મરુદેવીએ સમય પરિપૂર્ણ થયો એટલે ચૈત્ર માસની કૃષ્ણ અષ્ટમીએ ( ચૈત્ર વદિ આઠમ ) ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવ્યે છતે અને બધા શુભ ગ્રહો ઉચ્ચ સ્થાનમાં રહ્યે છતે યુગલિક પુત્રરત્નને જન્મ આપ્યો. પ્રભુના જન્માવસરે સુખકર વાયુ વાવા લાગ્યો, નારકના જીવોને પણ સુખ ઉપજ્યું, ત્રણ લોકમાં પ્રકાશ થયો અને આકાશ-પટમાં દેવદુંદુભી વાગી.

આ સમયે આસનના પ્રકંપથી અવધિજ્ઞાનવડે આદિ (પ્રથમ) જિનવરનો જન્મ જાણીને અધોલોકમાં રહેનારી **(૧) ભોગંકરા, (૨) ભોગવતી, (૩) તોયધારા, (૪) અનિન્દિતા, (૫) સુભોગા, (૬) પુષ્પમાળા (૭) વિચિત્રા** અને **(૮) ભોગમાલિની** નામની આઠ દિક્કુમારિકાઓ આવીને, નમીને, સ્તુતિ કરીને " બીશો નહિ–ભય પામશો નહિ." એમ બોલીને જિનેશ્વરની માતાને પોતાના આગમનનું કારણ કહ્યું. પછી તે દિક્કુમારિકાઓએ ઉત્તર દિશામાં પવનવડે રજ અને કંટક સાફ કરાવેલું, એક યોજન વિસ્તારવાળું, એક હજાર સ્થંભવાળું અને પૂર્વાભિમુખવાળું એક મોટું પ્રસૂતિગૃહ ઉપજાવ્યું–રચ્યું. પછી સુશોભિત કમળો પર લુબ્ધ ભમરાઓની શ્રેણીના " ઝંકાર " શબ્દના જેવા ધ્વનિથી ખુશી થએલી અને ગીતો ગાતી ગાતી તે કુમારિકાઓ પ્રભુને નમીને નજીકમાં બેઠી. પછી મેરુપર્વત પર રહેનારી ઊર્ધ્વલોકવાસી **( ૧ ) મેઘંકરા, ( ૨ ) વત્સમિત્રા, ( ૩ ) સુવત્સા, ( ૪ ) મેઘમાલિની, ( ૫ ) સુમેઘા, ( ૬ ) મેઘમાળા, ( ૭ ) વારિષેણા ને ( ૮ ) બલાહિકા** નામની આઠ દિક્કુમારિકાઓએ આસનપ્રકંપવડે પ્રભુનો જન્મ જાણીને, ત્યાં આવીને, જિનેશ્વર તેમજ તેમની માતાને પ્રણામ કર્યો, અને હર્ષાવેશથી મેઘમાળા વિરચીને, સુગંધી જળથી ધૂળ–કચરો વિગેરે દૂર કરીને પાંચ પ્રકારના પુષ્પોની વૃષ્ટિ કરી. આઠ પૂર્વ રુચક પર્વત પર રહેનારી

**(૧) નંદા, (૨) નંદોત્તરા, (૩) આનંદા, (૪) વૈજયન્તી, (૫) અપરાજિતા, (૬) જયંતિ, (૭) વિજયા** ને **(૮) નંદિવર્ધના** નામની આઠકુમારિકા આવીને, જિનેશ્વર તેમજ તેમની માતાને નમીને, હાથમાં દર્પણ ધરીને પૂર્વદિશામાં ઊભી રહી. પછી દક્ષિણ રુચક પર્વત પર વસનારી **(૧) લક્ષ્મીવતી, (૨) ચિત્રગુપ્તા, (૩) સમાહારા, (૪) વસુંધરા, (૫) સુપ્રબદ્ધા, (૬) શેષવતી, (૭) સુપ્રદત્તા** ને **(૮) યશોધરા** નામની આઠ દિક્કુમારિકાઓએ પ્રભુને તેમજ જિનમાતાને પ્રણામ કરીને, કળશ ધારણ કરીને ગીત ગાતી ગાતી દક્ષિણ દિશામાં ઊભી રહી. પછી પશ્ચિમ રુચક પર્વત પર વાસ કરનારી **(૧) ભદ્રા, (૨) નવમિકા, (૩) સીતા, (૪) એકનાસા, (૫) પૃથ્વી, (૬) ઈલાદેવી, (૭) સુરાદેવી** ને **(૮) પદ્માવતી** નામની આઠ દિક્કુમારિકાઓએ આવીને, માતા સહિત પ્રભુને નમીને, પંખા લઈને, પશ્ચિમ દિશામાં ઊભી રહી. ત્યારબાદ ઉત્તરરુચક પર્વત પર રહેનારી **(૧) વારુણી, (૨) પુંડરીકા, (૩) હાસા, (૪) હ્રીઃ, (૫) શ્રીઃ, (૬) અલમ્બુસા, (૭) સર્વપ્રભા** ને **(૮) મિત્રકેશી** નામની આઠ દિક્કુમારિકાઓએ પૂર્વની માફક પ્રભુને તથા માતાને નમીને હાથમાં ચામર ધારણ કરી ઉત્તર દિશામાં ઊભી રહી. પૂર્વ રુચકાદિ પર્વત પરથી આવેલી તે તે આઠ દિક્કુમારિકાઓ પૂર્વાદિ દિશામાં ઊભી રહીને અમૃત સરખા અવાજથી આનંદના અસાધારણ સ્થાનરૂપ શ્રી જિનેશ્વર ભગવંતના ગુણસમૂહનું કીર્તન કરવા લાગી. બાદ વિદિશાના રુચક પર્વત પર રહેનારી **(૧) સતેરા, (૨) ચિત્રકનકા, (૩) ચિત્રા** ને **(૪) સૌત્રામણી** નામની દીપકને ધારણ કરનારી ચાર દિક્કુમારિકાઓ ગીત ગાતી ગાતી તેમજ પ્રભુને તથા પ્રભુની માતાને નમીને, પહેલાની દિક્કુમારિકાઓની માફક વિજ્ઞપ્તિ કરીને ઇશાનાદિ વિદિશામાં (ખૂણામાં) ઊભી રહી. પછી રુચક દ્વીપ પર રહેનારી **(૧) સુરૂપા, (૨) રૂપિકા, (૩) રૂપા** અને **(૪) રૂપાંસિકા** નામની ચાર દિક્કુમારિકાઓ આવી પહોંચી. તેઓએ ચાર આંગળ બાકી રાખીને ભગવંતનું નાલછેદન કર્યું અને તે ખાડામાં નાખીને, તે ખાડાને રત્નાદિવડે પૂરીને દુર્વાની–ધરોની તે ઉપર પીઠિકા કરી. પછી મુખ્ય મહેલના પૂર્વ, ઉત્તર ને દક્ષિણ વિભાગમાં સિંહાસનથી શોભતા ચોકવાળા ત્રણ કદલીગૃહો રચ્યાં. પછી તે કુમારિકાઓએ દક્ષિણ ચોકમાં લક્ષપાક તેલવડે પ્રભુ તથા ભગવંતની માતાનું મર્દન તથા દિવ્ય ઉદ્વર્તન કર્યું. પછી પૂર્વદિશાના ચોકમાં સ્નાન કરાવીને, ગોશીર્ષચંદનનું વિલેપન કરીને તે બંનેને દિવ્ય વસ્ત્રો તેમજ અલંકારોથી વિભૂષિત કર્યા. બાદ ઉત્તર દિશાના ચોકમાં લાવીને હિમવંત પર્વતના ગોશીર્ષચંદનનો હોમ કરીને તેની રક્ષાવડે તે બંનેને રક્ષાપોટલી બાંધી. પછી પ્રભુના કાનમાં “**પર્વત જેટલા દીર્ઘાયુષી થાઓ.**” એમ કહીને બે પત્થરનાં ગોળાઓને જોરથી પરસ્પર અફળાવ્યા. બાદ જિનેશ્વર તથા જિનેશ્વરની માતાને પ્રસૂતિગૃહમાં લઇ જઇને, શય્યા પર સુખપૂર્વક મૂકીને ગાયન ગાતી ગાતી તે દિક્કુમારિકાઓ તેમની નજીક ઊભી રહી.

આ સમયે ઇંદ્રનું સિંહાસન કંપી ઊઠયું અને દેવલોકમાં ઘંટા ગાજી ઊઠી એટલે “આ શું ?” એમ દેવતાઓનાં ગભરાટ ફેલાયો એટલે ક્રોધિત બનેલ તથા સજ્જ થયેલા અતુલ પરાક્રમી ઇંદ્રે સાવધાન થઇને વસ્તુનો વિચાર કરતાં અવધિજ્ઞાનથી જગત્પ્રભુનો જન્મ જાણીને, કોપને શમાવીને, સિંહાસન પરથી નીચે ઊતરીને, મિથ્યા દુષ્કૃત આપીને, જગદ્દગુરુને નમીને

"સમસ્ત દેવોની સાથે હું જિનેશ્વર ભગવંતને સ્નાત્ર મહોત્સવ કરવા ઇચ્છું છું' એમ પોતાના સેનાધિપતિ નૈગમેષી દેવને ફરમાવ્યું. પછી "**સુઘોષા**" નામની ઘંટા વગાડવાની સાથે જ દરેક વિમાનની ઘંટાના અવાજથી દેવતાઓ ચાલવા લાગ્યા. પછી ઇંદ્રના આદેશથી **પાલક** નામના દેવે પાંચસો યોજન ઊંચું અને એક લાખ યોજન પહોળું **પાલક** નામનું વિમાન વિકુર્વ્યું. એટલે તારા ને ગ્રહો યુક્ત ચંદ્ર આકાશને શોભાવે તેમ ઇંદ્ર પોતાની અગ્ર-મહિષી–પટરાણીઓ અને પ્રધાનો સહિત તે પાલક વિમાનને શોભાવ્યું, પછી **નંદીશ્વર** દ્વીપે "**રતિકર**" નામના પર્વત પર જઇને વિમાનને ત્યાં સંક્ષેપીને ઇંદ્ર જિનેશ્વરના જન્મગૃહે આવ્યો. પછી પ્રભુને પ્રદક્ષિણા આપેલો સૌધર્મેંદ્ર વિમાનને ઈશાન ખૂણામાં સ્થાપીને પ્રભુ પાસે ગયો, માતા સહિત જિનેશ્વર ભગવંત નજરે પડતાં તેમને નમીને, ફરી ત્રણવાર પ્રદક્ષિણા આપીને કૃતકૃત્ય થયેલા ઇંદ્ર પુનઃ નમસ્કાર કર્યો. પછી ઉત્સાહિત મનવાળા ઇંદ્રે પ્રમોદપૂર્વક મરુદેવી માતાને કહ્યું કે–"અમે જિનજન્મ મહોત્સવ નિમિત્તે આવ્યા છીએ." એમ કહીને જિનમાતાને **અવસ્વાપિની** નામની નિદ્રા આપીને, એમના નજીક પ્રભુનું પ્રતિબિંબ મૂકીને પોતે પાંચ રૂપ ધારણ કર્યા. બાદ તે સૌધર્મેંદ્ર પાંચ રૂપો પૈકી એકરૂપે ગોશીર્ષચંદનની સુવાસથી મનોહર એવા પોતાના બંને હસ્તકમળમાં જિનેશ્વરને ધારણ કર્યા બાદ એકરૂપે છત્ર ધારણ કર્યું; બંને બાજુ બે રૂપે ચામર વીંઝવા માંડ્યા અને એકરૂપે નિષ્કપટી તે ઇંદ્રે છડીદારની જેમ વજ્ર ધારણ કર્યું, જેમ રંક પુરુષ રત્નને ગ્રહણ કરીને પ્રમોદ પામે તેમ ખુશી થતાં ઇંદ્રે પ્રભુને યત્નપૂર્વક પોતાની છાતી પર ધારણ કરીને મેરુપર્વતના શિખર પ્રત્યે ગમન કર્યું. ત્યાં **પાંડુકવનમાં પાંડુકમ્બલા** નામની શિલા પર રહેલ સ્નાત્રપીઠિકા ઉપર પ્રભુને ખોળામાં લઈને ઇંદ્ર બેઠો. આ સમયે જિનજન્મ મહોત્સવ પ્રસંગે **મહાઘોષા** નામની ઘંટાના ધ્વનિથી સાવધાન કરાયેલા બાકીના ત્રેસઠ ઇંદ્રો પણ પોતપોતાના પરિવાર સાથે ત્યાં આગળ આવી પહોંચ્યા. પછી અચ્યુતેંદ્રના આદેશથી દેવોએ (૧) સોનાના, (૨) રૂપાના, (૩) રત્નોના, (૪) સોના રૂપાના, (૫) સોના રત્નના, (૬) રત્ન ને રૂપાના, (૭) સોનું રૂપું ને રત્નોના અને (૮)માટીના એમ આઠ જાતિના દરેકના એક હજાર ને આઠ કળશો તૈયાર કર્યા.

પછી કળશની સંખ્યા જેટલા પાત્રિકા (રકાબી), રત્નકરંડ, થાળ, દર્પણ, ઝારી, પુષ્પ-ચંગેરી અને ડાબડાઓ તૈયાર કર્યા. પછી ક્ષીરોદધિ અને પુષ્કરવર સમુદ્રમાંથી કમળો યુક્ત પાણી, ભરત તેમજ ઐરવતાદિ ક્ષેત્રોમાં આવેલ તીર્થો પરથી શ્રેષ્ઠ માટી અને પદ્મસરોવર તથા ક્ષુદ્ર હિમવંત પર્વત પરથી સર્વોષધી, સિધ્ધાર્થ (સર્ષવ) અને ફૂલો તે દેવો લાવ્યા. પછી **નંદન, પાંડક ભદ્રશાળ ને સૌમનસ** નામના વનોમાંથી સુગંધિત પદાર્થો લાવીને તે જળની અંદર નાખ્યાં અર્થાત્ તેનું મિશ્રણ કર્યું. તે સમયે દૈવી વાજિંત્રોના ધ્વનિપૂર્વક તે સુગંધી જળથી કળશોને સમ્પૂર્ણ ભરીને, પુષ્પાંજલી કરીને ઇંદ્રોએ પ્રભુનો સ્નાત્રમહોત્સવ કર્યો. બાદ ગંધકાષાયી વસ્ત્રથી પ્રભુનું અંગ લૂછીને રકાબીમાં રહેલ ગોશીર્ષચંદન બાવનાચંદનાદિના રસવડે પ્રભુના શરીરે ઇંદ્રે વિલેપન કર્યું.

ત્યારબાદ સોધર્માધિપતિની જેમ ભક્તિપૂર્વક પાંચ રૂપો વિકુર્વીને ઇશાનેંદ્રે પણ અભિષેક

કરાયેલા પ્રભુને પોતાના ખોળામાં લીધા; એટલે સુજ્ઞ સૌધર્મેંદ્રે શીંગડામાંથી ચારે દિશામાંથી ઉછળતી જળધારાવાળા ચાર વૃષભનું રૂપ વિકુર્વીને પ્રભુનું સ્નાત્ર કર્યું; તથા અત્યંત હર્ષિત હૃદયવાળા ઈંદ્રે અનુચરની માફક પૂજા વિલેપનાદિ ક્રિયાદ્વારા પ્રભુને વિભૂષિત કર્યા. પછી પૃથ્વી-પીઠ સુધી પોતાનું મસ્તક નમાવીને પ્રસન્નચિત્તવાળા ઈંદ્રે પ્રભુને નમસ્કાર કરીને નીચે પ્રમાણે સ્તુતિ કરી.—

"વિશ્વને આનંદ ઉપજાવનાર, વિશ્વમાં લોકોત્તર ચારિત્રપાત્ર, વિશ્વના બાંધવ અને રક્ષણ કરનાર હે વિશ્વનાથ! તમને નમસ્કાર હો! હે યુગાદીશ! તમારો જન્મ થવાથી આ ભરત-ક્ષેત્ર આજે સ્વર્ગલોકથી પણ અધિક પવિત્ર બન્યું છે. મહામોહરાજરૂપી મેઘના સમૂહથી અંધ-કારમય કાલ વ્યતિક્રમ્યા બાદ મારા નેત્રરૂપી પોયણાને વિકસાવવામાં ચાંદની સમાન આપનું દર્શન મારા ઉગ્ર પુણ્યને કારણે પામી શકયો છું. આ જન્મમાં મારા આજના દિવસને જ હું ધન્ય માનું છું કે જે દિવસે આપના ચરણકમળથી મારું મસ્તક સુવાસિત થયું છે. હે પરમા-ત્મન્! આપ અપૂર્વ ખ્યાતિવાળા સૂર્ય સદૃશ છો કારણ કે હે સર્વજ્ઞ! આ પૃથ્વીતલ પર આપ નિરંતર સુદિવસોને જ પ્રગટાવશો અર્થાત્ આપના વિદ્યમાનપણાથી આ જગતનો મોહાં-ધકાર નાશ પામી જશે."

આ પ્રમાણે સ્તુતિ કરીને, પહેલાની માફક પાંચ રૂપ કરીને ઇશાનેંદ્ર પાસેથી પ્રભુને ગ્રહણ કરીને સૌધર્મેંદ્ર જેવી રીતે આવ્યો હતો તેવી રીતે જિન–જન્મગૃહે ગયો. પછી પ્રભુના પ્રતિબિંબને સંહરી લઇને, પ્રભુને શય્યામાં સ્થાપીને ઈંદ્રે બે વસ્ત્રો ને બે કુંડલો પ્રભુ પાસે મૂકયાં. પછી માતાના સ્તનપાનને નહીં કરતા અને પોતાના જ અંગૂઠાના અગ્રભાગને ચૂસતાં ભગવંતના અંગૂઠામાં ઈંદ્રે અમૃત મૂકયું. કુબેરે પણ પરમાત્માના ગૃહની અંદર સોનું, રત્ન, વસ્ત્ર અને આસન વિગેરે સંસારિક ઉત્તમ વસ્તુઓની વૃદ્ધિ કરી. પછી "જિનભગવંતનું અથવા જિનમાતાનું જે કોઈ અહિત ચિંતવશે તેનું મસ્તક સો ટુકડારૂપે થઇ જશે." એમ ઉદ્‌ઘોષણા કરીને તે ઈંદ્રે ત્રણ જગતના ધણી પરમાત્માનું ધાત્રીકર્મ કરવાને માટે સ્વર્ગ-લોકમાં રહેનારી પાંચ અપ્સરા–દેવાંગનાને ત્યાં રહેવા માટે હુકમ કર્યો.

પછી **નંદીશ્વર** દ્વીપે ગયેલા હર્ષાન્વિત સૌધર્મેંદ્રે તેમજ અન્ય ઈંદ્રોએ પણ અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. બાકીના બીજા બધા દેવોએ પણ શાશ્વતા જિનચૈત્યોમાં વિધિપૂર્વક મહોત્સવ કરીને જેવા આવ્યા હતા તેવા પોતપોતાના સ્થાને ગયા.

પ્રભુના સાથળમાં વૃષભનું ચિહ્ન હોઇને તેમજ સ્વપ્નમાં પણ માતાએ સૌથી પ્રથમ વૃષભ જોયેલ હોઈને માતપિતાએ "**ઋષભ**" એવું નામ રાખ્યું. પાંચ સમિતિઓથી જેમ સંયમ રક્ષાય તેમ પાંચ દેવાંગનાદ્વારા લાલનપાલન કરતા પ્રભુ વૃધ્ધિ પામવા લાગ્યા. યુગલિક તરીકે સાથે જન્મેલા તે ધન્યભાગી કન્યાનું પ્રમોદ પામેલા માત-પિતાએ **સુમંગળા** એવું નામ રાખ્યું.

હવે પિતાના ખોળામાં ખેલતા પ્રભુને એક વર્ષ પૂર્ણ થયું ત્યારે પ્રભુના વંશની સ્થાપના

કરવા માટે સૌધર્મેંદ્ર હાથમાં શેરડીને સાંઠો લઇને પ્રભુ પાસે આવ્યા . પ્રભુએ પણ ઇંદ્રનો મનોરથ જાણી લઇને તે શેરડીનો સાંઠો સ્વીકાર્યો એટલે પ્રભુનો "ઇક્ષ્વાકુ વંશ" એવી સ્થાપના કરીને ઇંદ્રિ સ્વસ્થાને ગયા. પછી સ્વર્ગભુવનથી આવેલા ને અતિ આશ્ચર્યકારક અનેક પ્રકારના રૂપો વિકુર્વવામાં વિચક્ષણ દેવો સાથે પ્રભુ નિરંતર ક્રીડા કરવા લાગ્યા. પછી અંગુષ્ઠપાનની અવસ્થા એટલે કે બાલ્યાવસ્થા વ્યતીત થવા બાદ પ્રભુ ઉત્તરકુરુ ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા દિવ્ય ફળો કલ્પવૃક્ષોનાં જ ફળોનો આહાર કરવા લાગ્યા. કલ્પવૃક્ષની સાથે સ્પર્ધ્ધા–હરિફાઇ કરતાં પ્રભુ ધીમે ધીમે વૃદ્ધિ પામીને સૌભાગ્ય તેમજ રૂપના રાજમંદિરરૂપ યૌવનાવસ્થાને પ્રાપ્ત થયા. કમળના તિરસ્કારથી ડરી ગયેલા ચંદ્રના કિરણોવડે નખરૂપી મણિના મિષથી સેવાતા પરમાત્માના બે ચરણકમળો શોભવા લાગ્યા (એટલે કે જ્યારે ચંદ્રનો ઉદય થાય છે ત્યારે કમળ સંકોચાઇ જાય છે. એટલે કમળ ચંદ્રનો તિરસ્કાર કરી પોતાની વિકસ્વરતા સંહરી લે છે. આવી રીતે કમળથી તિરસ્કાર કરાયેલા ચંદ્રને પ્રભુના ચરણરૂપી **કમળ** પાસે કેવી રીતે જવું ? એટલે ચંદ્રે પ્રભુના નખમાં પોતાની કાંતિ આરોપી દીધી અને તેવી રીતે પ્રભુની સેવા કરવા લાગ્યો.) વળી દેદીપ્યમાન નખરૂપી રત્નયુકત આંગળીઓરૂપી ફણાવાળા બે ફણિધર-સર્પ સરખા, શ્રાવક ધર્મ અને સાધુધર્મને ધારણ કરનારા માનવીઓનો ઉધ્ધાર કરનાર પ્રભુના બે બાહુઓ સુંદર દેખાવા લાગ્યા. પ્રભુના હાથ, ચરણ, નેત્ર, નાભિ, હૃદય અને વદન વિગેરે અવયવો દર્પણની અંદર એક બીજાની ઉપમાને જ લાયક હતા. (એટલે કે જ્યારે દર્પણમાં પ્રભુનું પ્રતિબિંબ પડતું ત્યારે પ્રભુના દરેક અંગો એટલા બધા સુંદર દેખાતા કે એકબીજા અવયવોને પ્રભુના જ એકબીજા અવયવોની ઉપમા અપાતી અર્થાત્ તે અંગો અનુપમેય હતા. તેની કોઇ અન્ય વસ્તુ સાથે ઉપમા આપી શકાતી નહિ.) કરુણાળુ અને યુવાવસ્થાને અંગે સુંદર શરીરદ્વારા પ્રભુએ લોકોની દૃષ્ટિરૂપી તરસ્યા હરણોને કાંતિરૂપી પાણીનું પાન કરાવ્યું. (એટલે કે પ્રભુના શરીરની કાંતિ એટલી બધી હતી કે લોકો તેમની કાંતિ જોઇ જોઇને જ ધરાઈ જતા હતા. તેમની કાંતિપિપાસા એટલી હદે સંપૂર્ણ થઇ જતી કે અન્યસ્થળે કાંતિ જોવાની તેમને આકાંક્ષા જ રહેતી નહિ.)

એકદા તાડવૃક્ષની નીચે બાળક્ર યોગ્ય ક્રીડા કરતા કોઇ યુગલિકમાંથી તાલવૃક્ષનું ફળ પડવાથી એક બાળક મૃત્યુ પામ્યો. એટલે મૃત્યુ પામેલા માત-પિતાને વહાલી અને સુવર્ણ સરખી કાંતિવાળી તે બાળાને બીજા યુગલિઆઓએ નાભિરાજાને સુપ્રત કરી, એટલે સ્વર્ગ લોકમાંથી શાપભ્રષ્ટ બનેલી લક્ષ્મી જેવી ને નેત્રોને આનંદ ઉપજાવવામાં ચંદ્રિકા સરખી તે સુનંદાને નાભિરાજાએ પોતાનો પુત્રી તરીકે સ્વીકારી. પછી વ્યાશીલાખ પૂર્વ સુધી ભોગાવળી કર્મ ભોગવવાનું છે એમ અવધિજ્ઞાનથી જાણતા અને કામદેવના દર્પ(ગર્વ)નું દલન કરનાર પ્રભુએ શક્રેંદ્ર કરેલા મહોત્સવપૂર્વક ***રતિ** અને **પ્રીતિ** સરખી સુમંગળા ને સુનંદાનું પાણિગ્રહણ કર્યું. પછી તે સ્ત્રીઓ સાથે ભોગ ભોગવતાં કાંઇક ન્યૂન છ લાખ પૂર્વ વ્યતીત થયા ત્યારે સવાર્થસિધ્ધ વિમાનથી ચ્યવેલા બાહુ ને પીઠના જીવો સુમંગલાની કુક્ષિમાં ઉપજ્યા. તેવી જ રીતે તેજ વિમાનથી ચ્યવેલા સુબાહુ અને મહાપીઠના જીવો પણ હર્ષ પામેલી

* કામદેવની સ્ત્રીઓનાં નામ.

સુનંદાની કુક્ષિમાં ઉત્પન્ન થયા. ચૌદ સ્વપ્નો જોઇને સુમંગળાએ સ્વામીને જણાવ્યું ત્યારે "તું ચક્રવર્તીની માતા થઇશ" એવું સાંભળીને હર્ષ પામેલી તેણીએ ભરત અને બ્રાહ્મી નામના-યુગલને જન્મ આપ્યો. સુનંદાએ પણ બાહુબલિ ને સુંદરી નામના યુગલને જન્મ આપ્યો.

બાદ સુમંગલાએ પૃથ્વીનું કલ્યાણ કરનાર ઓગણપચાશ પુત્ર-યુગલને જન્મ આપ્યો. જેમ જેમ કાળ વ્યતીત થતો ગયો તેમ શ્રી ઋષભદેવસ્વામીના અત્યંત આશ્ચર્યકારક દાનના પ્રભાવને લીધે શરમાઇ ગયેલા કલ્પવૃક્ષો અદૃશ્ય થવા લાગ્યા અર્થાત્ કે કલ્પવૃક્ષોનો પ્રભાવ ક્રમશઃ ઓછો ઓછો થવા લાગ્યો. આ પ્રમાણે કાળના પ્રભાવને કારણે પરસ્પર કલહ કરતાં યુગલીઆઓ આવીને ચોતરફ બનતા અઘટિત બનાવો પ્રભુને નિવેદન કરવા લાગ્યા. એટલે ત્રણ જ્ઞાનના ધારક અને યોગીશ્વર પ્રભુએ તેઓને જણાવ્યું કે-"હે યુગલિકો ! અનીતિ-અન્યાયના માર્ગે ચાલનારાઓને રાજા કાબૂમાં રાખે છે." ત્યારે યુગલીઆએ કહ્યું કે-"તેવો રાજા અમને આપો." એટલે પ્રભુએ જણાવ્યું કે-"નાભિરાજા તમને તે આપશે." આ પ્રમાણે સાંભળી તે યુગલીઆઓ નાભિનરેશ પાસે ગયા. નાભિરાજાએ પણ "ઋષભને રાજા બનાવો" એમ કહ્યું એટલે તે યુગલિકો ફરી વાર પ્રભુ પાસે આવ્યા, તે વાણીથી વિવેકશાળી, ન્યાયપરાયણ તે યુગલીઆએ પ્રભુના અભિષેકને અર્થે જળ લેવા માટે જલ્દી રવાના થયા. આ સમયે આસનના પ્રકંપથી અવધિજ્ઞાનદ્વારા પ્રભુના રાજ્યાભિષેકનો સમય જાણીને ઇંદ્ર મહારાજા તરત જ ત્યાં આવ્યા. પછી રચેલી કલ્યાણકારક વેદી પર સિંહાનાધિષ્ઠિત પ્રભુનો ઇંદ્રે તીર્થજળોવડે રાજ્યાભિષેક કર્યો. બાદ હર્ષિત થયેલ ઇંદ્રે ગંગાના તરંગ( મોજાં ) જેવા ઉજ્જવળ વસ્ત્રો અને આભૂષણોથી વિશ્વના ભૂષણરૂપ વિભુને વિભૂષિત કર્યા. આ સમયે યુગલિઆઓ પણ કમળના પાંદડાઓવડે પાણી લાવીને ત્યાં આવી પહોંચ્યા ને દિવ્ય વસ્ત્ર તેમજ અલંકારોથી શોભતા પ્રભુના મસ્તક પર પાણી નાખવું ઉચિત નથી એમ વિચારીને પ્રભુના ચરણકમળ પર તેનો અભિષેક કર્યો. આ પ્રમાણે જોઇને આ યુગલિઆઓ હવે વિનીત-વિનયવાળા થયા છે એમ વિચારીને નીતિજ્ઞ ઇંદ્રે કુબેરને **વિનીતા** નામની નગરી રચવાની આજ્ઞા આપી એટલે કુબેરે પણ નવ યોજન પહોળી અને બાર યોજન લાંબી એવી **અયોધ્યા** એવા અપર નામવાળી શ્રેષ્ઠ નગરીની રચના કરી. પ્રભુના જન્મથી વીસ લાખ પૂર્વ વ્યતીત થયા ત્યારે અયોધ્યા નગરીમાં તેઓ પ્રજાપાલનમાં પ્રવીણ સૌથી પ્રથમ પૃથ્વીપતિ (રાજા થયા.)

રૂક્ષ અને સ્નિગ્ધ કાળના માહાત્મ્યથી વૃક્ષોમાં આપમેળે જ અગ્નિ ઉત્પન્ન થવા લાગ્યો ત્યારે પ્રભુએ પણ કુંભકાર વિગેરે કારીગરો બનાવ્યા. વળી ભરતને ( બહોંતેર ) કળા, બાહુબલિને અશ્વાદિ ( અશ્વ, હસ્તિ, સ્ત્રી, પુરુષ વિગેરે ) લક્ષણો, સુંદરીને ગણિત અને બ્રાહ્મીને ( અઢાર ) લિપિ શીખવાડી. આ પ્રમાણે વિશ્વની રચના, અધિકારીઓ અને ચતુરંગી સબળ સેનાનું વિધિપુરસ્સર નિર્માણ કરીને વિશ્વવત્સલ વિભુએ વિશાળ રાજ્યનું પાલન કરવા માંડયું. અતીવ બુદ્ધિમાન્ પ્રભુના શાસનકાળમાં પ્રજા શંકા રહિત, આફતરૂપી કાદવ વિનાની, નિરોગી, નિરપરાધી અને સાત પ્રકારની ઇતિ* રહિત બની. વળી પ્રભુ પૃથ્વીનું પાલન કરતા

* અતિવૃષ્ટિ, ૨ અનાવૃષ્ટિ, ૩ તીડ, ૪ પોપટ, ૫ ઊંદર, ૬ સ્વચક્રભય ને ૭ પરચક્રભય. એ સાત જાતની ઇતિ કહેવાય છે.

હતા ત્યારે અનાજ આપમેળે જ ઉત્પન્ન થવા લાગ્યું, ગાયો કામધેનુ જેવી બની ગઇ, મેઘો યોગ્ય અવસરે વરસવા લાગ્યા, વૃક્ષો ફળો આપવા લાગ્યા તેમજ કોઇપણ શૂરવીર પુરુષ ક્રૂર-નિર્દય કર્મ કરવાને શક્તિમાન થતો નહિ. વળી જ્યારે પ્રભુ પોતાની આજ્ઞા માત્રથી અન્ય રાજાઓને વશ કરવા લાગ્યા ત્યારે કામદેવ ધનુષ્યની ચપળતાને યાદ કરતો રહ્યો. (એટલે કે કામદેવના ધનુષ્યમાં ચપળતા-ચંચળતા ગુણ હતો, પ્રભુની આજ્ઞામાં તો વશવર્ત્તીપણું હતું. અર્થાત્ પ્રભુને સૌ કોઇ વાણીમાત્રથી વશ થતા હતા.) આ પ્રમાણે ત્રણ વર્ગ (ધર્મ, અર્થ ને કામ)ના સંબંધથી ધન્યભાગી પોતાની પ્રજાનું પાલન કરતા પ્રભુના ત્રેસઠ લાખ પૂર્વ વર્ષો વ્યતીત થઇ ગયા.

એક વખતે શિશિરઋતુથી પીડાયેલ વિશ્વને આનંદ ઉપજાવનાર વસન્ત ઋતુ પ્રભુની સેવા કરવાના બહાનાથી આવી પહોંચી. પછી પુષ્પરૂપી આભરણોથી શોભતી વાસન્તી નામની વેલને વિકુર્વીને તેના પર લોકોની નજર ન પડે તેટલા ખાતર વસન્ત ઋતુએ તેને ભમરારૂપી કાજળથી સુશોભિત કરી અર્થાત્ કે તેની આસપાસ ભમરાની પંક્તિઓ ખેલી રહી હતી. આવી સુંદર લતાએ કાળા ભમરાને કેમ આકર્ષ્યા? કવિ કહે છે કે-જેમ કોઇ સુંદર પુરુષ યા સ્ત્રી પોતાની પર અન્યની નજર ન પડે તે માટે કાનના ભાગ આગળ મેષનું ચિહ્ન કરે છે તેવી રીતે જ આ વાસન્તી લતાએ પણ પોતાની પર કોઇની નજર પડે નહિ તેમ વિચારી કાળા ભમરાને પોતાનું ચિહ્ન બનાવ્યું.) રસ્તામાં પસાર થતાં વટેમાર્ગુઓ કોયલોના ટહુકારથી હુંકારા કરતાં ને કામદેવના હાસતુલ્ય આમ્ર વૃક્ષને પોતાના મૃત્યુ સમાન માનવા લાગ્યા (એટલે કે આમ્રવૃક્ષોને પૂર બહારમાં વિકસિત થયેલું નીહાળીને વટેમાર્ગુઓને વિરહપીડા વ્યથિત કરતી એટલે તેઓ આંબાને પોતાના મૃત્યુના દૂત જેવું માનવા લાગ્યા.) વળી ગર્વીષ્ઠ કામદેવ વનના મધ્યભાગે ચંપાના વૃક્ષરૂપી દીવાઓ પ્રગટાવીને (ચંપાના ઝાડને વિકસિત-પ્રફુલ્લિત બનાવીને) સ્વ-આજ્ઞાનો અનાદર કરવાથી હણવા યોગ્ય વિરહી જનોને જોવા લાગ્યો. મકરંદ રસથી પરિપૂર્ણ મદ્યપાત્રોવાળા મહુડાના ઝાડની જેમ બકુલ નામનું વૃક્ષ ભમરાઓના ઝંકારવથી વ્યાપ્ત બન્યું હતું (એટલે કે મહુડાના ઝાડનો રસ લેવા માટે જેમ તેને માટીના પાત્રો લગાડવામાં આવે છે અને તેમાં ઝાડનો રસ ટપકે છે તેવી રીતે બકુલ નામના વૃક્ષની આસપાસ તેની સુગંધથી ભમતા ભમરાઓ માટીના પાત્ર જેવા દેખાવને ધારણ કરતા હતા.) આ સમયે વનલક્ષ્મી પણ પુષ્પના વિકાસવડે કરીને જાણે હાસ્યયુક્ત, ભમરાઓના ધ્વનિના બહાનાથી ગાન કરતી તેમજ મદ્યપાનથી ઉન્મત્ત બનેલી લલનાની માફક દેખાઇ. વળી નાટ્યાચાર્યની કુશળતાપૂર્વક મલયાચલનો પવન ફરફરતા પાંદડારૂપી હસ્તોવડે નૃત્યના લયપૂર્વક વેલોને નચાવી રહ્યો હતો. (આ પ્રમાણે વસંતઋતુના આગમનથી સર્વસ્થળે કલ્લોલ થઇ રહ્યો ત્યારે) ઉત્કંઠિત મનવાળા ભરતાદિવડે પ્રેરાયેલા શ્રી ઋષભ પ્રભુ પણ આનંદ ઉપજાવનાર **નંદન** નામના ઉદ્યાનમાં ગયા, તે સમયે કોયલના પંચમ સ્વરોથી અને ભમરાઓના ઝંકારવથી તેમજ અસંખ્ય પુષ્પરાશિથી વનલક્ષ્મીએ સ્વામીનું સ્વાગત કર્યું. વસંત ઋતુરાજની માફક પુષ્પોરૂપી આભરણોથી શણગારાએલ, પુષ્પગૃહમાં રહેલ પ્રભુ જ્યારે પુષ્પના સિંહાસન પર બિરાજ્યા ત્યારે "પોતાના યશરૂપી સુગંધીથી જેમણે સારાય જગતને સુવાસિત કર્યું છે

તેમને આ પુષ્પોની શી જરૂર છે ?" એમ વિચારીને વિલાસી પુરુષો ઉદ્યાનના પુષ્પો ચુંટવા લાગ્યા. વળી કામદેવના બીજાં* શસ્ત્રોને અમે સહન કરી શકશું એમ માનીને જ વનિતાઓએ પુષ્પ ગુચ્છાઓ રચવા માંડ્યા એવામાં કોઇ યુવાન પુરુષે પોતાની પ્રિયાના કંઠમાં, હાથીને બાંધવાના દોર જેવી પુષ્પની માળા પહેરાવતા તેણે પોતાની સ્ત્રીના સ્તનરૂપી ખીલે કામદેવ રૂપી હસ્તિને બાંધ્યો. ( એટલે કે હાથીને દોરડાવતી બાંધી આલાનસ્થંભ સાથે જોડવામાં આવે છે તેવી રીતે આ પુરુષે કામદેવરૂપી હસ્તિને પોતાની સ્ત્રીના સ્તનરૂપ ખીલા સાથે-આલાનસ્થંભ સાથે બાંધ્યો; કારણ કે ગળામાં પહેરાવેલી માળા સ્તન સુધી લટકે છે, ) વળી કોઈ એક સ્ત્રીએ પોતાના પ્રિયતમે અર્પણ કરેલું પુષ્પ, કે જે તેણે પોતાની નાસિકાના છિદ્રમાં ભરાવેલું હતું તે પોતાના શ્વાસથી કરમાઈ ન જાય તેવા હેતુથી તિરસ્કારપૂર્વક તેને નાસિકાના છિદ્રમાંથી દૂર ફેંકી દીધું. તેમજ ફૂલને ચુંટતી એવી કોઇ એક નારીના કોમળ આંગળીઓ વાળા હાથને ભ્રમર સમૂહ કમળની ભ્રાંતિથી ચુંબન કરવા લાગ્યો ( એટલે કે તે સ્ત્રીનો હાથ તે તે પુષ્પો ચુંટવા માટે જ્યારે ઊંચો કરતી ત્યારે કમળ જેવો આકાર ધારણ કરતો એટલે ભ્રમરસમૂહ તેને કમળ માનીને તેની ઉપર બેસી જતા. ) વળી, બદલો આપવામાં ચતુર અશોક નામના વૃક્ષે ( આશોપાલવે ) પગવડે પોતાને પ્રહાર કરતી કોઈ એક સ્ત્રીના લમણા ઉપર પોતાના પાંદડારૂપી હસ્તથી તાડન કર્યું. ( એમ કહેવાય છે કે જ્યારે અશોકના ઝાડને કોઇ યુવાન સ્ત્રી પોતાના પગથી પ્રહાર કરે ત્યારે જ વિકસ્વર થાય છે. આવી રીતે કોઇ સ્ત્રીએ અશોકને પ્રહાર કર્યો ત્યારે અશોકે પણ તેના પોતાના પાંદડારૂપી હસ્તથી તેને તાડન કરીને પોતાને પ્રહાર કર્યાનો બદલો લીધો. ) વેલો પરથી પુષ્પોને સ્ત્રીઓ લઈ જવા લાગી ત્યારે વેલોના સેવક તુલ્ય ભમરાઓ અવાજ કરતાં કરતાં તે સ્ત્રીઓની પાછળ પાછળ જવા લાગ્યો. ( એટલે કે માલીકના ઘરમાંથી કોઇ ચોરી કરી જાય અને ચોરોની પાછળ–પાછળ તેના સેવકો જાય તેમ આ સ્ત્રીઓની પાછળ પણ સેવકરૂપ ભમરાઓ જવા લાગ્યા. અથવા તે સ્ત્રીઓ એવી સુગંધમય હતી કે ભમરા પણ તેની સુગંધથી આકર્ષાઇ પાછળ–પાછળ જવા લાગ્યા. ) પાંચ પ્રકારના પુષ્પોના સમૂહથી સર્વ અંગે સુશોભિત બનેલી સ્ત્રીઓ જાણે કામદેવની હાલતી–ચાલતી શસ્ત્ર( આયુધ )શાળા હોય તેવી શોભવા લાગી. ( કામદેવને પાંચ પ્રકારના આયુધો હોય છે તેમ આ સ્ત્રીઓએ પાંચ પ્રકારના આયુધો હોય છે તેમ આ સ્ત્રીઓએ પાંચ પ્રકારના પુષ્પોથી સ્વદેહને સુશોભિત બનાવ્યો હતો. ) વળી દેદીપ્યમાન યુગલિકોથી ચારે તરફ વીંટળાયેલ પ્રભુ પણ જાણે સાક્ષાત દેહધારી× અનંગ ( કામદેવ ) હોય તેવા શોભવા લાગ્યા.

હવે એક બાજુ મનોહર તાલ દેવાપૂર્વક, મૃદંગ, પણવ ( નાનું ઢોલક ), આતોદ્ય ( એક જાતનું વાજિંત્ર ), વેણુ ( વાંસળી ) અને વીણાદિ વાજિંત્રોના ધ્વનિયુક્ત; કાનને અમૃત સમાન; **યતિ, માન ને લયવાળું**; તે તે જાતના ભાવપૂર્વક હાથ ને દષ્ટિના સંચારવાળું; મનોહર

---

* કામદેવનાં પાંચ શસ્ત્રો હોય છે, એટલે તેને **પંચબાણ** પણ કહેવાય છે. ૧ અરવિંદ ( કમળ ) ૨ અશોક ( આશોપાલવ ), ૩ ચ્યુત ( આંબો ), ૪ નવમલ્લિકા ( માલતી ) અને ૫ નીલોત્પદ્મ ( નીલ-કમળ ) આ પાંચ કામદેવના શસ્ત્રો મનાય છે.

× કામદેવ શરીર વિનાનો હોવાથી અનંગ કહેવાય છે.

નૃત્યવાળું; ગ્રામ આદિ રાગોથી શોભતા ગાનતાનથી જનસમૂહને સંતુષ્ટ કરનાર સંગીતને પ્રેમપૂર્વક સાંભળતા, અને બીજી બાજુ હર્ષઘેલી યુવાન વનિતાઓના ગરબાઓને સાંભળતા, વળી એક બાજુ નગરજનોના વિવિધ પેય વસ્તુઓના પાનોત્સવને પેખતા, તેમજ વળી અન્ય સ્થળે હીંડોળે હીંચકતા સ્ત્રીઓને જોતા પ્રમોદ પામેલા પ્રભુ આ પ્રમાણે વિચારવા લાગ્યા.

"શું કદી પણ કોઈ પણ સ્થળે મેં આવા પ્રકારનું સુખ જોયું છે?" એ પ્રમાણે વિચારતા પ્રભુએ સ્વર્ગલોકમાં અધિકાધિક અનુત્તર વિમાન પર્યંત પોતે પૂર્વે અનુભવેલા વિષયસુખોને અવધિજ્ઞાનદ્વારા જોયા. પછી સંસારી લોકોના સ્વભાવનો પ્રભુવિચાર કરવા લાગ્યા કે-"અરે! આશ્ચર્યની વાત છે કે શાણા-સુજ્ઞ મનુષ્યો પણ મોહરાજથી જીતાય છે; કારણ કે જેમ ભૂખ્યા માનવીઓ ભોજનને જેમ અપૂર્વ માને છે તેમ પ્રાણીઓ પણ અનંત ભવથી સેવાતા વિષયસુખને કદી પૂર્વમાં ન સેવ્યું હોય તેવું માને છે. ઝેરને અમૃત માનવાની માફક દુઃખના કારણભૂત વિષયોમાં સુખની ઇચ્છા રાખવી તે વાસ્તવિક રીતે તો મોહરાજાનું જ માહાત્મ્ય છે. મદોન્મત્ત હાથીની જેમ વિષયસમૂહ પણ પ્રાર્થના કરવા છતાં પણ પ્રાપ્ત થતો નથી, કદાચ પ્રાપ્ત થાય તો પણ સ્થિર થતો નથી-ટકતો નથી, અને કદાચ માનો કે તે પણ સ્થિર થાય તો પણ તે સુખ આપતો નથી. વળી મળ ને મૂત્રના સ્થાનરૂપ એવા અવયવોમાં-ગાત્રોમાં વિચક્ષણ પુરુષોની વાસ્તવિક રીતે આ કઇ જાતની વાંછા હશે? વળી જેઓ હાડકાના કટકારૂપ દાંતોમાં મોગરાની મનોહરતાને, મળના સ્થાનરૂપ નેત્રોમાં નીલ કમળના પત્રની ભ્રાંતિને, શ્લેષ્માદિ દોષરૂપ વૃક્ષોના વન સમાન વનિતાના મુખમાં ચંદ્રની કાંતિને માને છે તેઓ ખરેખર મોહથી મૂંઝાયેલા હોવાથી ધિક્કારને પાત્ર છે. ચક્રવર્તી અને ઇંદ્રાદિથી અપરાજિત, સ્વેચ્છાચારી અને વૈરી એવું મૃત્યુ સદાય સજ્જ હોવા છતાં; સંપૂર્ણ રૂપરાશિને હરનાર, ધોળા પળિયાના બ્હાનાથી વનની જેમ યૌવનને ભસ્મ કરતી, એકધારી લાગુ પડેલી વૃધ્ધાવસ્થા હોવા છતાં, સમગ્ર સુખની પરંપરારૂપી અરણ્યને છેદવામાં વજ્ર સમાન, વિધવિધ વ્યાધિના કારણરૂપ, કષ્ટમાં પાડવાને તૈયાર, વિઘ્ન સમૂહને વિદારવામાં અસમર્થ, વંટોળીયાવડે ધ્રુજાવેલ ધ્વજાના અંચળા( છેડા ) જેવી ચંચળ લક્ષ્મી હોવા છતાં સંસારરૂપી કારાગૃહમાં સપડાયેલ, મહા મોહાંધકારથી હણાયેલ અને જ્ઞાનશૂન્ય આ જનસમૂહ ક્રોડારસમાં કેમ મસ્ત-મગ્ન બની રહ્યો હશે? તો હવે, આ સમયે સંસારરૂપી કેદખાનાના વાસ પ્રત્યે વિરાગી બનીને મોક્ષમાર્ગને માટે મારે પ્રયત્નશીલ બનવું જોઇએ."

આ પ્રમાણે પ્રભુ વિચારણા કરી રહ્યા છે તેજ સમયે પ્રભુના ચરણકમળ પાસે આવી પહોંચેલા અને આચાર જાણવાવાળા લોકાંતિક* દેવોએ સમયના જાણ જગત્પતિને વિજ્ઞપ્તિ કરી કે-"હે લોકના હિતસ્વી! કામદેવને જીતનાર! હે વિચક્ષણ નાથ! જેવી રીતે આપે રાજ્યની પ્રથમ પ્રવૃત્તિ કરી તેવી રીતે આપ ધર્મતીર્થ પણ પ્રવર્તાવો." આ પ્રમાણે પ્રાર્થના કરીને લોકાંતિક દેવો ચાલ્યા ગયા એટલે પ્રમુદિત થયેલા પ્રભુ **નન્દન** નામના ઉપવનમાંથી સભામંડપે આવી પહોંચ્યા. પછી હર્ષના આવેગથી સઘળા સામંતો, બાહુબલિ આદિ પુત્રો

× સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરુણ, ગર્દતોય, તુષિતાશ્વ, અવ્યાબાધ, મરુત ને રિષ્ટ એ નવ પ્રકારના લોકાંતિક દેવો પાંચમા બ્રહ્મ નામના દેવલોકના અંતે રહેનારા હોય છે.

સહિત **ભરત** નામના પુત્રને બોલાવીને પ્રભુએ ફરમાવ્યું કે–" હે પુત્ર ! તું રાજ્ય ગ્રહણ કર, અમે સંતોષ ધારીને સંયમ સ્વીકારશું." આ પ્રમાણે બોલતાં પ્રભુના મુખ પ્રત્યે ક્ષણભર નીહાળીને સ્વામીસેવામાં આસક્ત, અને ચતુર એવા ભરતે વિનયપૂર્વક જણાવ્યું કે–" હે પિતાજી ! આપની આગળ ચાલતાં મારે શરીરે જે પૃથ્વીરજ ચોંટે તેથી મને જે આનંદ થાય છે તેવો આનંદ ચંદનના વિલેપનથી પણ થતો નથી. વળી હે સ્વામિન્ ! આપની ચરણસેવારૂપી અમૃત રસથી મારા મનને જે પ્રમોદ પ્રગટે છે તેવો પ્રમોદ સામ્રાજ્યના ઉપભોગથી પણ પ્રગટનાર નથી." ભરતે આમ કહ્યું એટલે જગતસ્વામીએ જણાવ્યું કે–" હે પુત્ર ! પિતાની આજ્ઞાનું પાલન કરવું એ જ પિતાની ખરેખરી સેવા છે. આ વિશ્વમાં પિતાની આજ્ઞાને જે સ્વીકારે છે તે જ ખરેખર પુત્રો છે; બીજા આજ્ઞા નહીં માનતા પુત્રો તો મળની માફક ત્યાગ કરવા યોગ્ય છે. માત–પિતા તો પુત્રને એક દેહરૂપે જન્મ આપે છે છતાં પણ ઋણી–દેવાદાર બનેલા પુત્રોએ માત-પિતાને **યશ** અને **ધર્મરૂપી** બે દેહ અર્પણ કરવા જોઇએ." દેવ અને દાનવોને પણ માનવા લાયક પ્રભુનું આ વચન સાંભળીને ભરત નીચું મુખ રાખીને મૌન ધરી ઊભો રહ્યા; એટલે સ્વામીથી ફરમાવાયેલા, હૃષ્ટ ચિત્તવાળા મંત્રીશ્વરોએ પિતાની આજ્ઞાને આધીન બનેલા ભરતનો રાજ્યાભિષેક કર્યો. પછી પરાક્રમી બાહુબલિ વિગેરે બીજા પુત્રોને પણ પ્રભુએ પૃથ્વીના જુદા જુદા પ્રદેશો વહેંચી આપ્યા. પછી કુબેરવડે પરિપૂર્ણ કરાતાં દ્રવ્યવડે પ્રભુએ પુણ્ય-લક્ષ્મીના કારણભૂત સાંવત્સરિક ( વાર્ષિક ) દાન દેવું શરૂ કર્યું. હમેશાં પ્રાતઃકાળથી પ્રારંભીને બપોર સુધીમાં પ્રભુ એક કરોડ ને આઠ લાખ સોનૈયાનું દાન દેવા લાગ્યા. પછી ચૈત્ર વદિ આઠમે ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્રમાં આવ્યો ત્યારે દિવસના પાછલા પહોરે પ્રભુએ વ્રત અંગીકાર કરવાનો નિર્ણય કર્યો–વ્રત લેવા માટે ઉદ્યુક્ત બન્યા. પછી મોહને પરાજય પમાડનાર પ્રભુ વ્રતને અંગે વનમાં જવા માટે શિબિકા પર આરૂઢ થયા, એટલે પ્રફુલ્લિત અંતઃકરણવાળા ને શ્રદ્ધાળુ માનવીઓએ, શ્રેષ્ઠ દેવોએ તેમજ ઇંદ્રોએ તે શિબિકા ઉપાડી–વહન કરી. પછી દેવતાઇ વાજિંત્રોના ધ્વનિથી, મનુષ્યોના જય જયારવથી, દેવોના સિંહનાદ શબ્દોથી, અને ભાટ-ચારણોવડે બોલાતી બિરુદાવલીઓથી વિસ્તીર્ણ વસુધાને શબ્દમય કરી દેતા, હર્ષને ધારણ કરતાં, ઇંદ્રની રંભા વિગેરે અપ્સરાવડે કરાતાં નૃત્ય તરફ ઘડીભર જોતાં, ચંપકના વૃક્ષ કરતાં પણ અધિક તેજસ્વી પોતાના દેહ પ્રત્યે નાગરિક લોકોની દૃષ્ટિને આકર્ષતા પ્રભુ શ્રી ઋષભદેવ ભગવાન ભરત વિગેરે પરિજન સાથે **સિદ્ધાર્થ** નામના વનમાં આવ્યા. ત્યાં શિબિકામાંથી નીચે ઊતરીને, કીંકિલ્લિ ( અશોક ) નામના વૃક્ષ નીચે જઇને જગતના ભૂષણરૂપ પરમાત્માએ અલંકારોનો ત્યાગ કર્યો. ત્યારબાદ ઇંદ્રે પ્રભુના સ્કંધ ( ખભા ) ઉપર કેવળજ્ઞાનના સાક્ષાત્ છડીદારરૂપ હોય તેવું દેવદૂષ્ય વસ્ત્રનું આરોપણ કર્યું. પછી પ્રભુએ પોતાના હસ્તરૂપી કમળમાં ક્ષણભરને માટે ભ્રમર સમાન દેખાતા કેશોનો ચાર મુષ્ટિદ્વારા લોચ કર્યો, અને પછી જેવામાં લોચને માટે પાંચમી મુષ્ટિ તૈયાર કરી તેવામાં ઇંદ્રે કહ્યું કે–" હે પ્રભો ! સુવર્ણ સદૃશ સૌંદર્ય-વાળા આપના શરીર પર નીલમણિની કાંતિ જેવા આટલા વાળ ભલે રહ્યા." એટલે પ્રભુએ પાંચમી મુષ્ટિથી લોચ કર્યો નહિ. નીલરત્નોને શરમથી ડૂબાડી દેતાં તે ચાર મુષ્ટિ કેશને ઇંદ્રે ક્ષીરસાગરમાં પધરાવ્યા–નાખ્યા. પછી પાછા આવીને ઇંદ્રે કોલાહલ શાંત પાડ્યો ત્યારે અઠ્ઠમની તપશ્ચર્યાવાળા પ્રભુએ સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરીને, સર્વ સાવદ્ય યોગનું પ્રત્યાખ્યાન કરીને

સંસાર–સાગરમાં નૌકા સમાન સર્વવિરતિરૂપ ( ચારિત્ર ) પાત્ર ગ્રહણ કર્યું. આ સમયે નરકના જીવોને પણ આનંદિત બનાવતું ચોથું **મનઃપર્યવ જ્ઞાન** પ્રભુને પ્રગટયું. વળી તે જ સમયે **કચ્છ ને મહાકચ્છ** આદિ ચાર હજાર રાજાઓએ પણ પ્રભુની પાસે સંયમ સ્વીકાર્યું.

પછી પ્રભુને સ્તવીને અને નમીને જ્યારે દેવો અને ભરતાદિ પુત્રો ચાલ્યા ગયા ત્યારે આ પૃથ્વીપીઠ પર મૌનભાવે વિચરવાની પ્રભુએ શરૂઆત કરી. અટ્ઠમને અંતે તત્ત્વના જાણ પ્રભુને કોઈપણ સ્થળેથી ભિક્ષા પ્રાપ્ત થઇ નહિ, કેમ કે ભિક્ષા દેવાના આચારને નહીં જાણનાર જન-સમૂહ સોનું, રૂપું આદિ વિવિધ વસ્તુઓ પ્રભુ પાસે ધરવા લાગ્યો. લોકોના ઘરમાં વસવાટ કરીને રહેલી ભિક્ષાને લાંબા સમય સુધી નસાડી મૂકીને લક્ષ્મીને વસવાટ કરાવ્યો એટલે હવે તે ભિક્ષા પ્રભુ પાસે કેમ આવી શકે ? (એટલે કે પ્રભુએ સાંવત્સરિક દાન દઈ દઇને લોકોના ઘરમાં જે ભૂખ ( દારિદ્રય ) વાસો કરીને રહી હતી તેને નસાડી મૂકી. આટલા જ ખાતર પ્રભુ પર ગુસ્સે થયેલી તે ભૂખ–ભિક્ષા પ્રભુ પાસે આવી શકી નહીં હોય તેમ કવિ કલ્પના કરે છે. અર્થાત્ પ્રભુને ભિક્ષા મળી શકી નહિ ). પછી ભૂખ અને તૃષાથી પીડાયેલા કચ્છાદિ રાજાઓ સ્વતઃ વિચારીને, *અગ્લાન એવા પ્રભુનો ત્યાગ કરીને ગંગા નદીના નજીકના પ્રદેશમાં ફળનો આહાર કરનારા ( તાપસો ) બન્યા.

હવે કોઈ પણ કાર્યવશાત્ મોકલેલા કચ્છ અને મહાકચ્છનાં **નમિ** અને **વિનમિ** નામના પુત્રો પોતાના પિતાની પાસે ગયા. તે કચ્છ–મહાકચ્છે તેઓ બંનેને વિચક્ષણ ભરત મહારાજા પાસે જવા સૂચવ્યું ત્યારે અભિમાની અને પરાક્રમી તે બંને બોલ્યા કે–" શ્રીઋષભદેવસ્વામીને છોડીને અમે બીજા કોઇની સેવા સ્વીકારશું નહિ. રોહણાચળ પર્વતને પ્રાપ્ત કરીને બીજા પર્વતની વાંછા કોણ કરે ? " આ પ્રમાણે નિર્ણય કરીને, પિતાના ચરણકમળમાં નમસ્કાર કરીને, પ્રભુ પાસે જઇને, પ્રણામ કરીને તેઓ બંને નીચે પ્રમાણે વિજ્ઞપ્તિ કરવા લાગ્યા.

" હે પિતાજી ! અમારા ભાગે શું એક ક્ષેત્ર ( ખેતર ) પ્રમાણ પણ પૃથ્વી ન રહી ? " આ પ્રમાણે તે બંનેથી પ્રાર્થના કરાયેલા મુનિશ્રેષ્ઠ પ્રભુએ જવાબ આપ્યો નહિ, છતાં પણ તેઓ બંને પ્રભુની સેવા કરવા લાગ્યા. **" આ જગતમાં એવી કેટલી વ્યક્તિઓ છે કે જે પોતાનો આગ્રહ છોડવાને સમર્થ બને ? "** મોક્ષપુરીના દરવાજાના ઉઘાડેલા બે બારણા સરખી તે બંનેના હાથમાં રહેલ તરવારની મધ્યમાં પ્રભુ શોભવા લાગ્યા. એકદા જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરતા શ્રધ્ધાપરાયણ ધરણેંદ્રે પ્રભુની ભક્તિ કરતાં તે **નમિ** અને **વિનમિને** જોયા, એટલે "તમે બંને કોણ છો ? મૌનપણે ધ્યાન ધરતાં પ્રભુનો આશરો શા માટે સ્વીકાર્યો છે ? શું આ પૂજ્ય પરમાત્મા તમારું કાર્ય સાધી આપશે ? " એમ જ્યારે ધરણેંદ્રે પૂછયું ત્યારે સ્વબાહુબળવાળા તે બન્નેએ ધરણેંદ્રને જવાબ આપ્યો કે **" સેવકોએ તો પ્રભુની સેવા જ કરવી જોઈએ.** એમાં તેવા પ્રકારની ચિંતા કરવાની શી જરૂર છે ? ધનરહિત અને મૌનાવલંબી આ પ્રભુની સેવાથી જે મળશે તેથી અમારું કાર્ય જરૂર સિધ્ધ થશે. **સ્વમાની જનોને તો**

* ખેદ વિનાના

**એક જ વસ્તુ સેવવા લાયક હોય છે.** વાદળાથી વ્યાપ્ત થયેલ વિશ્વને પ્રકાશિત કરવા માટે દીપકમાં જેમ તેજશક્તિ છે તેવી રીતે નિર્ધન એવા પ્રભુની સેવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તે શું અન્ય સ્થળે ઉપલબ્ધ થઇ શકે ?" ( એટલે કે જેમ વિશ્વ વાદળાથી છવાઇ ગયું હોય અને સૂર્ય તેજ પ્રસરાવી શકે નહીં તે સમયે પણ દીપક તો તેજ આપી શકે છે. તેવી રીતે ભલે નિર્ધન પ્રભુ કંઇ ન આપે પણ તેની સેવા તો ફળદાયી છે. ) આ પ્રમાણે સાંભળીને તે બન્ને પર તુષ્ટ થયેલા ધરણેંદ્રે ઉચ્ચારણ માત્રથી સિધ્ધ થનારી **પ્રજ્ઞપ્તિ** પ્રમુખ અડતાલીશ હજાર વિદ્યાઓ તેમને આપી, અને કહ્યું કે–"આ વિદ્યાઓ વૈતાઢ્ય પર્વતના દક્ષિણોત્તર વિભાગમાં તમારો પ્રભાવ પ્રસરાવશે અર્થાત્ તમે વૈતાઢ્યના દક્ષિણોત્તર વિભાગમાં જઈને ત્યાં સુખપૂર્વક શાસન ચલાવો."

પછી પ્રભુના પ્રભાવથી પ્રાપ્ત થયેલ વિદ્યાવાળા, અતિપરાક્રમી તે બન્ને નમી અને વિનમી પિતાને તથા ભરત મહારાજાને જણાવીને વૈતાઢ્ય પર્વતે ગયા. આ બાજુ પૃથ્વીરૂપી સ્રીના હાર તુલ્ય, આહાર નહી મળવાને કારણે દુર્બળ દેહવાળા, એક વર્ષ સુધી ઘણા દેશોમાં વિચરતા પ્રભુશ્રી અવધિજ્ઞાનથી પારણાનું નિમિત્ત જાણીને, તાપથી પીડિત થયેલ હસ્તિ જેમ વૃક્ષની છાયામાં જાય તેવી રીતે **ગજપુરનગરે** ગયા.

આ સમયે બાહુબલિના પૌત્ર અને સોમપ્રભના પુત્ર **શ્રેયાંસકુમારે** પોતે સ્વપ્નમાં મલિન મેરૂને દૂધવડે ધોઇ નાંખ્યો. તેમના પિતાશ્રી **સોમપ્રભને** પણ એવું સ્વપ્ન આવ્યું કે–પોતે પોતાના પુત્ર અદ્દભુત ઐશ્વર્યવાળા શ્રેયાંસની સહાયથી તેજસ્વી અને મહાન્ યોદ્ધાને દુશ્મનોથી છોડાવ્યો. વળી તે જ નગરના **સુબુદ્ધિ** નામના શ્રેષ્ઠીએ સ્વપ્નમાં ઝાંખા બનેલ સૂર્યના બિંબને શ્રેયાંસના હસ્તથી દેદીપ્યમાન બનેલ જોયું. પોતપોતાના સ્વપ્નના અર્થને નહીં જાણનારા તે ત્રણે સોમપ્રભ રાજાની સભામાં વિચારણા માટે પ્રાતઃકાળમાં જ્યારે એકઠા થયા ત્યારે જેવી રીતે ચંદ્ર એક નક્ષત્રથી બીજા નક્ષત્રમાં જાય તેવી રીતે ત્રણ જગતના સ્વામી શ્રી ઋષભપ્રભુ પણ એક ગૃહથી બીજે ગૃહ વિચરવાને માટે તે જ નગરમાં દાખલ થયા. હસ્તિ, અશ્વ, વસ્ત્રો વિગેરે વિવિધ જાતની ભિક્ષાનો પ્રભુ અસ્વીકાર કરવા લાગ્યા ત્યારે પક્ષીસમૂહની માફક ચપળ પ્રજાએ કોલાહળ મચાવી મૂક્યો. આવો પ્રચંડ કોળાહળ સાંભળીને શ્રેયાંસકુમારે પોતાનો પ્રતિહારી તપાસ માટે મોકલ્યો. તેણે જલ્દીથી પાછા ફરીને શ્રેયાંસકુમારને પ્રભુનું આગમન જણાવ્યું. પછી પ્રભુની સમક્ષ સંકટો પણ પીડા ઉપજાવતા નથી એમ વિચારીને શ્રેયાંસકુમાર છત્ર, ઉપાનહ વિગેરેનો ત્યાગ કરીને સ્વામીની સમીપે ગયો. પછી પ્રભુને પ્રણામ કરીને "હવે શું કરવું ?" એમ કર્તવ્યમૂઢ બનેલ શ્રેયાંસકુમાર સમુદ્ર જેમ ભરતી યુક્ત બને તેવી રીતે જાતિસ્મરણ જ્ઞાનવાળો બન્યો અર્થાત્ તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું.

પૂર્વે ( પ્રભુ ) મહાવિદેહને વિષે **વજ્રસેન** તીર્થંકરના પુત્ર **વજ્રનાભ** ચક્રવર્તી હતા, અને હું તેમનો સારથી હતો. પછી તે ચક્રવર્તીએ શિવસુખની ઇચ્છાથી પોતાના પિતાની જ પાસે મારી સાથે આવી જ જાતનું મહાવ્રત ( ચારિત્ર ) સ્વીકાર્યું હતું. તે સમયે વજ્રસેન તીર્થંકરે પોતે જ જણાવ્યું હતું કે–આ વજ્રનાભ ( આદિનાથ પ્રભુ ) ભરતક્ષેત્રમાં પ્રથમ

તીર્થંકર થશે. જેમ ચકોરવડે ચંદ્રમા જોવાય તેમ દયાના ભંડાર, સાગર સમાન ગંભીર આ પ્રભુ સદ્‌ભાગ્યને લીધે જ મેં આજે જોયા છે.

આ પ્રમાણે નિર્ણય કરીને, ભિક્ષાના આચારને જાણતા તે બુદ્ધિમાન શ્રેયાંસકુમારે તે જ સમયે આવેલ ઇક્ષુરસ–શેરડીનો રસ પ્રભુને વહોરાવ્યો. તે સમયે પ્રભુના હસ્તરૂપી પાત્રમાં રહેલ ઇક્ષુરસ આકાશમાં રહેલ ચંદ્રના કિરણોને જીતવા માટે જ જાણે હોય તેમ ઊર્ધ્વગામી થયો.* તે સમયે પ્રભુને ઇક્ષુરસ વહોરાવતો ને વિકસ્વર રોમરાજીવાળો શ્રેયાંસકુમાર જાણે મુક્તિરૂપી સ્ત્રીના કટાક્ષોદ્વારા જોવાતો હોય તેમ શોભવા લાગ્યો અર્થાત્ તે વખતે તેને એટલો બધો હર્ષ થયો કે તેની રોમરાજી વિકસ્વર થઈ ગઇ. પછી શ્રેયાંસકુમારના પુણ્યની સરખા સ્વર્ગમાં પહોંચેલા ઇક્ષુરસે પારણારૂપી મહોત્સવ માટે ઇંદ્રાદિદેવતાઓને આમંત્ર્યા અર્થાત્ પ્રભુના પારણા–મહોત્સવ માટે દેવતાઓ ત્યાં આવી પહોંચ્યા. દેવદુંદુભિ વગાડતા દેવોએ રત્ન, પુષ્પ, ગંધોદક ( સુગંધી જળ ) અને દિવ્ય વસ્ત્રની પૃથ્વી પર વૃષ્ટિ કરી.× વૈશાખ શુદિ ત્રીજને દિવસે પ્રભુનું પારણું થયું ત્યારથી તે પર્વ **અક્ષયતૃતીયા**(અખાત્રીજ)ના નામથી પ્રસિધ્ધિ પામ્યું.

પછી "આ શું ?" એમ નિર્મળ ચિત્તવાળા સોમપ્રભ રાજાએ ઉલ્લાસપૂર્વક પૂછયું ત્યારે બુધ્ધિમાન શ્રેયાંસકુમારે પોતાનો પૂર્વભવનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. પછી જાતિસ્મરણજ્ઞાનવાળા ને વિચક્ષણ શ્રેયાંસે શોક રહિત બનેલ તે જનસમૂહને આત્મકલ્યાણને માટે કલ્પ્ય ( ગ્રહણ કરવા લાયક ) અને અકલ્પ્ય( નહીં ગ્રહણ કરવા લાયક )નો વિચાર સમજાવ્યો. શ્રેયાંસે પ્રભુને પારણું કરાવ્યું એટલે તે ત્રણે પુરુષો( સોમપ્રભ, સુબુદ્ધિ ને શ્રેયાંસ )ને પોતપોતાને આવેલ સ્વપ્નનો સારાંશ સમજાયો. પછી નિષ્પાપ પ્રભુએ પારણું કરીને ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો ત્યારે શ્રેયાંસકુમારે પારણાને સ્થાને રત્નપીઠ રચાવી અને લોકોને જણાવ્યું કે– "આ આદીશ્વર પ્રભુની પીઠ છે." પછી લોકો પણ જ્યાં જ્યાં પ્રભુ ભિક્ષા ગ્રહણ કરતા હતા તે તે સ્થાનોએ તેવી પીઠ રચવા લાગ્યા. આથી તે સમયથી આરંભીને હજુ પણ રહસ્યને નહીં જાણનારા અણસમજુ લોકો "**આદિત્યપીઠ**" રચીને તેની હરહમેશ પૂજા કરે છે.

બાદ વિહાર કરતાં કરતાં પ્રવીણ પ્રભુશ્રી **આદિદેવ બહલી** દેશની શોભારૂપ બાહુબલિની રાજધાની **તક્ષશિલા** નગરીએ સાયંકાળે પહોંચ્યા. પ્રભુનું આગમન જાણીને બાહુબલિએ "હું સવારે પ્રભુને વાંદવા જઇશ" એમ વિચારીને નગરને શણગારાવ્યું. બાદ પોતાના સુંદર અંગોપાંગથી અલંકારોને પણ દીપાવતો ને સામંતોથી ચારે તરફ વીંટળાયેલો તેમ જ હર્ષાન્વિત ઇંદ્ર સરીખો તે બાહુબલિ પોતાની શણગારેલી રાજધાનીને જોતો વિષયકષાયનો નાશ

* પ્રભુના ૩૪ અતિશયો પૈકીનો આ એક અતિશય છે. પ્રભુ હસ્તપાત્રમાં આહાર લ્યે તો પણ તેમાંનું એક પણ બિંદુ પૃથ્વી પર પડતું નથી.

× જે સ્થળે પ્રભુ પારણું કરે તે સ્થળે દેવો આ પાંચ જાતના દિવ્ય કરે છે. ૧ દુંદુભિ, ૨ રત્ન, ૩. પુષ્પ, ૪. ગંધોદક અને ૫. વસ્ત્રો.

કરનાર પરમાત્મા જ્યાં રહ્યા હતા તે સ્થાને જેટલામાં આવી પહોંચ્યો, તેટલામાં વાયુની માફક અપ્રતિબદ્ધ વિહારવાળા પ્રભુ ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા. તેથી દુઃખથી પીડિત થયેલા બાહુબલિને નિર્મળ વાણીવાળા મુખ્યમંત્રીએ કહ્યું કે–" હે રાજન્! પ્રભુ તો તમારા મનોહર હૃદયમંદિરમાં જ રહેલ છે તો તમારા હર્ષરૂપી સુખને ઇચ્છનાર વિષાદરૂપી ભીલને તમો કેમ આધીન બનો છો? આ કમળ, અંકુશ અને વજ્ર વિગેરે ચિહ્નોથી અંકિત પૃથ્વીતળના આભૂષણરૂપ પરમાત્માના આ પગલાંને નમસ્કાર કરો." મંત્રીશ્વરનું તેવું વચન સાંભળીને "એમ થાઓ" એમ કહીને કર્મરૂપી સમૂહને તોડી નાખતા તેણે ધર્મચક્રનું ત્યાં સ્થાપન કર્યું. પછી સૂર્ય જેવા તેજસ્વી અસંખ્ય રત્નરાશિથી તે ધર્મચક્રને રચીને અઠ્ઠાઇ મહોત્સવ કર્યો. આઠ યોજન વિસ્તારવાળું અને એક યોજન ઊંચું તેમજ એક હજાર આરાવાળું તે ધર્મચક્ર રચાવ્યા બાદ તેના રક્ષણ માટે હજારો પહેરેગીરો મૂકયા.

બાદ અંધકારને શાન્ત કરવામાં સમર્થ સૂર્ય સરખા પ્રભુના મ્લેચ્છ દેશોમાં વિચરતા વિચરતા અલ્પકર્મો બાકી રહ્યાં. પછી દિવસને અંતે ચંદ્ર ઊગે તેમ એક હજાર વર્ષ વ્યતીત થયા બાદ વિચરતા વિચરતા પ્રભુ પૂર્વદિશાના મુખમંડન જેવા પુરિમતાલ નામના પરામાં આવી પહોંચ્યા. અયોધ્યા નગરીના તે પુરિમતાલ નામના ઉપનગરમાં ફાગણ માસની વદિ અગ્યારશને દિવસે ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્રમાં આવ્યે છતે શુકલધ્યાનારૂઢ પ્રભુએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તે સમયે આસન કંપવાથી બધા ઈંદ્રો ત્યાં આવી પહોંચ્યા અને દેવોએ ચમત્કારિક એવું સમવસરણ રચ્યું. પછી જગતવત્સલ પરમાત્માએ પૂર્વ દિશાના દ્વારમાંથી સમવસરણમાં પ્રવેશ કરીને, તીર્થને નમસ્કાર કરીને પ્રદક્ષિણાપૂર્વક સિંહાસન અલંકૃત કર્યું. બધા લોકો યથાસ્થાને બેસી ગયા એટલે ઇંદ્રે ઉત્તર દિશાના દ્વારથી દાખલ થઇને પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપી. પછી પ્રભુની સ્તુતિ કરીને પ્રણામ કરીને કૃતાર્થ થયેલા ઇંદ્રે પ્રભુની સેવા કરવાના હેતુથી નજીકમાં પોતાનું આસન લીધું.

હવે ભરત ભકિતના આવેગથી પોતાની કુળદેવી સરખી, પિતાની માતા મરુદેવી(દાદી)ને નમસ્કાર કરવાને આવ્યો. પુત્રવિયોગને કારણે સતત અશ્રુધારથી આંખે પડળ યુક્ત બનેલ મરુદેવી માતાને જ્યારે "હું આ તમારો પૌત્ર નમસ્કાર કરું છું" એમ જણાવવાપૂર્વક તેમને નમસ્કાર કરીને તેમની સમક્ષ ભરત ઊભો ત્યારે પુત્રના પ્રવાસ( વિયોગ )ની સાથે જ જેણે હર્ષને તિલાંજલિ આપી છે એવા તે મરુદેવી માતા બોલ્યા કે–" હે પુત્ર! તું તો સ્વતંત્ર રીતે પુષ્કળ સંપત્તિનો ઉપભોગ કરી રહ્યો છે અને મારો પુત્ર તો એકાકી માત્ર દેહધારી બન્યો છે. કેળનો થાંભલો ઘરના સ્તંભને સ્થાને સ્થાપીએ તેમ તેણે સુકોમળ શરીર તો તપને અર્પણ કરી દીધું છે. ( એટલે કે ગૃહના સ્થંભના સ્થાને જેમ કેળનો સ્થંભ મૂકીએ તો તે ભાર ઝીલી શકે નહિ તેવી રીતે સુકુમાર શરીરવાળો મારો પુત્ર તપ–ભારને કેમ સહન કરી શકતો હશે?) દેવાંગનાઓના ઉપભોગને લાયક મારા તે પુત્રની ભોગોપભોગની સામગ્રી કયાં? અને હમણાં ટાઢ, પવન વિગેરે દુઃસહ્ય દુઃખની પરંપરા કયાં? મારા તે પુત્રને આસન, વસ્ત્ર, રહેઠાણ કે પરિવાર વિગેરે છે કે નહિ? તે હું જાણતી નથી છતાં પાપિણી એવી હું અદ્યાપિ પર્યંત જીવિત ધારણ કરી રહી છું!"

આ પ્રમાણે વિલાપ કરતા અને કદાગ્રહને નહીં ત્યજતા મરુદેવી માતાને ભરતે જણાવ્યું કે–" હે માતા ! તમે તો મારા પિતાની માતા છો. પુત્રવાત્સલ્યના મોહને કારણે સમજુ હોવા છતાં પણ અણસમજુ કેમ બનો છો ? શું પિતાજીને તમે એક સામાન્ય–સાધારણ માનવી માનો છો ? આ સાંસારિક લક્ષ્મીને છોડીને લોકોત્તર લક્ષ્મીને પ્રાપ્ત કરવાની આકાંક્ષાવાળા તે પ્રભુ હમણાં જે આચરણ કરી રહ્યા છે તેનું ફળ તમે અવશ્ય જોશો. " એ પ્રમાણે ભરતની અમૃત સરખી વાણી સાંભળીને મરુદેવી માતા જેટલામાં ખેદરહિત બન્યા તેટલામાં તો પ્રતિહારદ્વારા જણાવાયેલા બે પુરુષો ત્યાં આવ્યા અને તેમાંના **યમક** નામના પુરુષે અંજલિ જોડીને ભરતરાજને જણાવ્યું કે–" હે સ્વામિન્ ! **શકટમુખ** નામના ઉદ્યાનમાં યુગાદિ જિનેશ્વર શ્રી ઋષભપ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે. મને લાગે છે કે આપ ભાગ્યોદયવડે વૃદ્ધિ પામી રહ્યા છો, અર્થાત્ આપનું ભાગ્ય દિનપ્રતિદિન વૃદ્ધિ પામતું જાય છે. " ત્યારે **શમક** નામનો બીજો પુરુષ પણ તરત જ બોલ્યો કે–" હે દેવ ! આયુધશાળામાં આજે ચક્ર રત્ન પ્રગટ થયું છે. " આ પ્રમાણે સાંભળીને " તપરૂપી તેજથી સ્વાભાવિક સ્ફુરાયમાન માહાત્મ્યથી જેણે આત્મશત્રુઓનો નાશ કર્યો છે તેવા પરમાત્માની કે ચક્રની–આ બેમાંથી પહેલી પૂજા હું કોની કરું ?" આ પ્રમાણે સંશયમાં પડતાં ભરત વિચારવા લાગ્યો કે–"પાપનું નિકંદન કરનાર ત્રણ જગતના શરણભૂત પરમાત્મા કયાં ? અને જગતને ભય ઉપજાવનાર તેજોરાશિમય આ ચક્ર કયાં ? " પછી ઈનામ આપવાવડે હર્ષિત કરાયેલા તે બંને પુરુષોને વિદાય કરીને હર્ષથી ભરપૂર ભરતે મરુદેવી માતાને નીચે પ્રમાણે કહ્યું:

" હે માતા ! અગાઉ પુત્રના વિયોગને કારણે દુઃખની લાગણીથી તમે હમેશાં મને ઠપકો આપતા હતા, પરંતુ હવે તમારા પુત્રની ઋદ્ધિ તો જુઓ." એ પ્રમાણે કહીને પવિત્ર મંગળક્રિયા યુક્ત ભરત મરુદેવી માતાને હાથી પર બેસાડીને પોતે પણ બેઠો. હાથી પર બેઠા બાદ ચાલતાં ચાલતાં ભરતે માતાને જણાવ્યું કે–" હે માતા ! તમારા પુત્રની આશ્ચર્યકારક સમૃદ્ધિ તો સાંભળો. ઇંદ્રના આદેશથી દેવોએ રૂપું, સોનું અને મણિનું ત્રણ કિલ્લાવાળું સમવસરણ રચ્યું છે. વળી હે માતા ! તમારા પુત્રની સમક્ષ ભાટ-ચારણની માફક દેવો જય જય ધ્વનિ કરી રહ્યા છે. આ મેઘની જેવો ગંભીર દુંદુભીનો અવાજ ઉદ્યાનના મયૂરોને ઉત્તેજિત કરે છે. ( એટલે કે મેઘનાદ સાંભળીને મયૂરો કેકારવ કરે તેમ આ મેઘ જેવી ગંભીર દુંદુભિની વાણી સાંભળીને મયૂરો મેઘનાદની ભ્રાંતિથી કેકારવ કરવા લાગ્યા છે.) "

આ પ્રમાણે પોતાના પુત્રની ઋદ્ધિનું વર્ણન સાંભળીને આનંદજનિત અશ્રુજળથી મરુદેવી માતાના આંખના પડળો ક્ષણ માત્રમાં ધોવાઇ ગયા, એટલે પોતાના જ નેત્રોદ્વારા પ્રભુની તેવા પ્રકારની સંપત્તિને નીહાળતા ઉત્કૃષ્ટ આનંદામૃતના પ્રવાહથી તેમનું મન તરત જ ગળી ગયું–અર્થાત્ રાગ રહિત બન્યું. એ સમયે પ્રભુએ તપ તપીને પ્રાપ્ત કરેલ કેવળજ્ઞાન ભેટણા તરીકે માતાને આપ્યું હોય તેમ તરત જ મરુદેવી માતાને ત્યાં ને ત્યાં જ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. વળી તે જ સમયે અંતકૃત કેવળી થઇ તે મરુદેવી માતા મોક્ષે ગયા. કવિ અહીં કલ્પના કરે છે કે–મોક્ષરૂપી મહેલના દરવાજા ખુલ્લા કરવા માટે જ તેઓ પ્રભુની પહેલાં મોક્ષમાં ગયા હોય તેમ હું માનું છું.

આ અવસર્પિણી કાળમાં સૌથી પ્રથમ સિધ્ધ થયેલ તે મરુદેવી માતાના શરીરનો સત્કાર કરીને દેવોએ તેને ક્ષીરસમુદ્રમાં પધરાવ્યું. ત્યારથી આરંભીને આ લોકમાં મૃતક(શબ)પૂજન શરૂ થયું છે. **આ જગતના લોકો પૂર્વપુરુષોએ બતાવેલા માર્ગને અનુસરે છે.** આ પ્રમાણે રાત્રિના પ્રાંતભાગે જેમ પ્રકાશ અને અંધકાર એકી સાથે આવી મળે તેમ ભરત-મહારાજાને પરસ્પર હરીફાઇ કરતાં હર્ષ અને શોકે× આવરી લીધા.

પછી છત્ર વિગેરે રાજ્યચિહ્નોનો ત્યાગ કરીને, દૂરથી જ અંજલિ જોડીને પગપાળા ભરત મહારાજે સમવસરણમાં પ્રવેશ કર્યો. પછી ત્રણ વખત પ્રદક્ષિણા આપીને, પ્રભુને પ્રણમીને હર્ષ પામેલ ભરત પોતાને યોગ્ય સ્થાને બેઠો. પછી પ્રભુએ સમગ્ર જીવોને પોત-પોતાની ભાષામાં સમજાય તેવી એક યોજન વિસ્તારવાળી વાણીથી નીચે પ્રમાણે ધર્મદેશના દેવાનો પ્રારંભ કર્યો.

"સજ્જન પુરુષોએ તો આ અસાર સંસારરૂપી વનને સિંચન કરવામાં નીક સમાન મોહનિદ્રાનો તો દૂરથી જ ત્યાગ કરવો જોઇએ. મોહરૂપી પલ્લીપતિના સ્થાનરૂપ આ સંસાર-રૂપી વન પુણ્યરૂપી રત્નને હરી લેનાર અને નિર્દયી રાગાદિ દોષોવડે ઘેરાયેલું છે. ચિંતામણિ રત્ન કરતાં પણ અતિ દુર્લભ એવા આ પવિત્ર કુળમાં જન્મ પ્રાપ્ત કરીને સમજુ મનુષ્યો શા માટે તેને ફોગટ હારી જતા હશે? જો આ ભવભ્રમણથી તમને કંટાળો ઉપજ્યો હોય તો મોક્ષને માટે પ્રયત્ન કરો. તે જ બધાં દુઃખો પાર પામવાનું સાધન છે અને તે જ અનવધિ આનંદનું સ્થાન છે. ધર્મની આરાધના કર્યા વિના મનુષ્ય આ મુક્તિસુખ પ્રાપ્ત કરી શકતો નથી. **શું કોઇએ કયાંય પણ ઝાડ વિના ફળની ઉત્પત્તિ જોઈ છે?** મૂળ અને ઉત્તર ગુણથી યુક્ત **સાધુધર્મ** અને સમકિત તેમ જ અણુવ્રતો યુક્ત બીજો **શ્રાદ્ધ** (શ્રાવક) **ધર્મ** કહેવાય છે. શાશ્વત સુખને આપનાર અને ભવરૂપી સમુદ્રનું મંથન કરનાર આ બે સાધુ અને શ્રાવકધર્મ ખરેખર મોક્ષરૂપી મહેલના બે માર્ગો છે. પ્રાણીઓને ચક્રવર્તી વિગેરે જે જે પદોની ઈચ્છા પ્રાપ્ત થાય છે તે તો આ ધર્મરૂપી ઝાડની પુષ્પસંપત્તિ માત્ર છે જ્યારે તે ધર્મરૂપી વૃક્ષનું ફળ તો મહોદયવાળો શાશ્વત પરમાનંદરૂપ મોક્ષ જ છે."

આ પ્રમાણે પ્રભુની દેશના સાંભળીને પ્રતિબોધ પામેલા **ઋષભસેન** (પુંડરીક) પ્રમુખ પાંચ સો પુત્રો, સાત સો પૌત્રો તેમ જ **બ્રાહ્મી** નામની પુત્રીએ આનંદપૂર્વક પ્રવ્રજ્યા અંગીકાર કરી. ભરતના પુત્ર **મરીચિએ** પણ દીક્ષા સ્વીકારી અને બાહુબલિની બહેન **સુંદરી** વ્રત લેવા ઉદ્યુક્ત તો થઈ પણ ભરતે તેનો નિષેધ કર્યો.

પછી **પુંડરીક** વિગેરે સાધુઓ, **બ્રાહ્મી** વિગેરે સાધ્વીઓ, **શ્રેયાંસકુમાર*** વિગેરે શ્રાવકો અને **સુંદરી** પ્રમુખ શ્રાવિકાઓ એ પ્રમાણે ચતુર્વિધ સંઘની પ્રભુએ સ્થાપના કરી. તે શ્રી ચતુર્વિધ સંઘ હજી પણ આ વિશ્વમાં દેવ, દાનવ અને મનુષ્યોથી પૂજાઇ રહ્યો છે. પછી પ્રભુએ પુંડરીક વિગેરે ચોરાશી ગણધરોને **ત્રિપદી** સંભળાવી. **ઉત્પાદ, વ્યય** અને **ધ્રૌવ્ય** એવા સ્વરૂપવાળી તે ત્રિપદી સાંભળીને તેઓએ પણ પોતાની અદ્દભુત બુદ્ધિકૌશલ્ય-

× પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થવાથી હર્ષ અને મરુદેવી માતાના મૃત્યુથી શોક.

* ત્રિષષ્ટિમાં ભરત મહારાજને મુખ્ય શ્રાવક જણાવેલ છે.

તાથી લીલામાત્રમાં દ્વાદશાંગીની રચના કરી. આ સમયે ઇંદ્રે જલ્દી આણેલા દિવ્ય ચૂર્ણથી પ્રભુએ તેઓને **અનુયોગની** તેમ જ **ગણની** અનુજ્ઞા આપવાપૂર્વક તેમની ઉપર ચૂર્ણ પ્રક્ષેપ કર્યો. પછી પોરસીનો સમય થયો એટલે ફોતરા વિનાના ઉજ્જવળ શાલ(અક્ષત)થી બનાવેલો **બલિ** મંગળક્રિયાપૂર્વક પૂર્વદિશામાંથી લાવવામાં આવ્યો. પછી ઉછાળતા એવા તે બલિનો અર્ધો ભાગ દેવોએ ગ્રહણ કર્યો. બાકીના અર્ધામાંથી અર્ધો ભાગ ભરત મહારાજાએ સ્વીકાર્યો અને પછી બાકી રહેલ બલિ બીજા ગૃહસ્થોએ પરસ્પર વહેંચી લીધો.

પછી બીજી પોરસી થઇ ત્યારે પ્રભુ દેવછંદામાં ગયા એટલે પુંડરીક ગણધરે દેશના આપવા માંડી. તે દેશના સાંભળીને સર્વ પ્રાણીઓ પોતપોતાના સ્થાને ગયા. **ગોમુખ** નામનો યક્ષ અને **અપ્રતિચક્રા** નામની યક્ષિણીની સાંનિધ્યવાળા, ક્રોડો દેવોથી સેવાયેલ અને પૃથ્વીને પાવન કરતા પ્રભુ જુદા જુદા સ્થળોમાં વિચરવા લાગ્યા. આ પ્રમાણે જ્ઞાનરૂપી પ્રકાશથી સમસ્ત પ્રાણીવર્ગના આંતરિક અજ્ઞાનરૂપી અંધકારને શમાવતા, અનુક્રમે પૃથ્વીપીઠ પર વિચરતા, લોકોને હિતકારક અસાધારણ ગુણવાળા, સમસ્ત પ્રાણીવૃંદને શુદ્ધમાર્ગ દર્શાવનાર અને વિશ્વરૂપી કમળને વિકસિત કરવામાં સૂર્યસમાન શ્રીજિનેશ્વર ભગવંતે પુણ્યરૂપી લક્ષ્મીને વિસ્તારી,

× × ×

શ્રી જિનેશ્વર ભગવંતના ચરણકમળમાં રહેલી લક્ષ્મી પોતે નમતા એવા તારા લલાટપ્રદેશ પાસે જલ્દીથી પહોંચી પરંતુ હે વસ્તુપાળ! જ્યારે તેણીએ તારા ભાલસ્થળમાં જોયું ત્યારે પોતાની જ જાતને ત્યાં રહેલી જોઇને તે તારા સેવકસમૂહને વિષે વહેંચાઇ ગઇ. અર્થાત્ કે જ્યારે મંત્રી વસ્તુપાળ જિનેશ્વર ભગવંતના ચરણમાં નમ્યો ત્યારે પ્રભુના ચરણમાં રહેલી લક્ષ્મીએ વિચાર્યું કે પ્રભુને નમતા એવા આ પુરુષ પાસે જાઉં એમ વિચારીને જેવી તે તેના લલાટમાં જોવે છે ત્યાં તો પોતાની જ જાતને ત્યાં રહેલી જોઇને અર્થાત્ તે વસ્તુપાળને અત્યંત ઋદ્ધિશાળી જાણીને ત્યાંથી પાછી ફરી અને તેના સેવકોને ઘરે વહેંચાઇ ગઈ. અર્થાત્ તું તો ઋદ્ધિશાળી છો પરંતુ તારા સેવકજનો પણ અત્યંત સંપત્તિશાળી છે.

# સર્ગ ચોથો

## ભરતનો દિગ્‌વિજય અને બાહુબલિની દીક્ષા.

[ **સર્ગસારાંશ**—ચૌદ રત્નોની ઉત્પત્તિ—માગધ, વરદામ, પ્રભાસ, ખંડપ્રપાતા વિગેરે છ ખંડનું સાધવું—વિનીતામાં પ્રવેશ-દિગ્વિજયનો મહોત્સવ-ચક્રનો આયુધાગારમાં અપ્રવેશ-અઠ્ઠાણું ભાઇઓને ભરતની આજ્ઞા-અઠ્ઠાણું ભાઇઓની પરમાત્મા ઋષભદેવ સમીપે દીક્ષા-તો પણ ચક્રનો અપ્રવેશ-બાહુબલિ પ્રતિ સુવેગ દૂતનું પ્રેષણ-બાહુબલિના દેશનું વર્ણન-સુવેગ દૂતનું કથન ને બાહુબલિનો યુક્તિપૂર્વક પ્રત્યુત્તર-સુવેગનું પ્રત્યાગમન-ચક્રીનું બહલી દેશ પ્રતિ પ્રયાણ-પરસ્પર ભીષણ સંગ્રામ- દેવોએ સૂચવેલો મધ્યમ માર્ગ-દૃષ્ટિયુદ્ધ વિગેરે યુદ્ધમાં ભરતનો બાહુબલિથી થએલ પરાજય-છેવટે ચક્રરત્નનું મૂકવું-ચક્રની અયથાર્થતા-બાહુબલિનો ઉગ્ર રોષ-મુષ્ટિ ઉગામી ભરત પ્રત્યે દોડવું-અડધે રસ્તે જતાં વિચારણા અને તે જ મુષ્ટિ દ્વારા કરેલો લોચ-બાહુબલિની દીક્ષા-ભરતની ક્ષમાયાચના-બાહુબલિના મનમાં અભિમાને કરેલો વાસ-ભરતનું બાહુબલિને નમન અને વિનીતામાં આગમન. ]

હવે આયુધશાળામાં ગયેલા ભરત ચક્રીએ પ્રત્યક્ષ ક્ષાત્રતેજરૂપ ચક્રરત્નને નમસ્કાર કર્યો, અને ત્યાં જ રહીને નિરંતર અવનવા નૈવેદ્યો ધરવાપૂર્વક પૂજન કરતાં તેમણે અઠ્ઠાઇ મહોત્સવ કર્યો. પછી પ્રસ્થાનના પ્રસંગે પ્રયાણોચિત માંગલિક કાર્યો કરીને, હસ્તિરત્ન પર આરૂઢ થઇને તે પૂર્વ દિશામાં ચક્રરત્નની પાછળ-પાછળ ચાલ્યા. દેવોની સહાયતાવાળા (૧) **છત્ર**, (૨) **ચર્મ**, (૩) **અશ્વ**, (૪) **સેનાપતિ**, (૫) **ખડ્ગ**, (૬) **દંડ**, (૭) **પુરોહિત**, (૮) **ગૃહપતિ**, (૯) **મણિ**, (૧૦) **કાકિણી**, (૧૧) **વર્ધકી*** વિગેરે રત્નોનો સમૂહ ચક્રવર્તીની પાછળ-પાછળ ચાલ્યો. તે સમયે દિશાઓના છેડે રહેલા રાજાઓનો હૃદય-પ્રદેશ કંપવા લાગ્યો. ઝગઝગતા તેજવાળા નક્ષત્રોની સાથે ચંદ્ર વિચરે તેમ સામંતોથી ચારે તરફ પરિવરેલો ભરત ચક્રી આગળ ચાલ્યો એટલે સમુદ્રના મોજાંઓની માફક પવન જેવા વેગવાળા, અતિ ઉત્સાહ-

---

* આ અગ્યાર, તેમ જ હસ્તિ રત્ન બારમું, ચક્રરત્ન તેરમું અને હવે પછી પ્રાપ્ત થશે તે સ્ત્રીરત્ન ચૌદમું-એ પ્રમાણે ચક્રવર્તીઓને ચૌદ રત્નની પ્રાપ્તિ થાય છે.

વાળા અને પ્રતિકૂળ સ્થાનમાં પણ પાછા નહીં હઠનારા–નાશી નહિં જનારા અશ્વો પણ ચાલ્યા. વળી વૈરી–શત્રુ રાજાઓના તેજરૂપી દાવાનળને બૂઝવવામાં મેઘની શ્રેણી જેવા અને ઉચ્ચ સ્વરે ગર્જના કરતાં ગજરાજોનો સમુદાય પણ ત્વરાથી ચાલ્યો. તેમજ ફરફરતી ધ્વજાઓનાં છેડાથી પોતાના મિત્રોને બોલાવતા અને પ્રતિસ્પર્ધીઓને તર્જના કરતા રથો પણ સરળ માર્ગે ચાલવા લાગ્યા. આ પ્રમાણે ચક્રને અનુસારે એક–એક યોજનના પ્રયાણદ્વારા, નદી જેમ પોતાના પતિ પ્રત્યેના પ્રેમથી સમુદ્રને આવી મળે તેમ તે સેના પણ સમુદ્રના કિનારે આવી પહોંચી. તે સ્થળે વાર્ધકી રત્ને વિકુર્વેલા અદ્દભુત શોભાવાળા વાસગૃહોમાં (આવાસોમાં) વિસ્મિત થયેલા સૈનિકો રહ્યા. બાદ ચક્રવર્તીના પુણ્યરાશિની માફક અધિક આનંદવાળા વાર્ધકી રત્ને રત્નમય વિશાળ પૌષધશાળા વિકુર્વી એટલે ઉદયાચળ પર્વત પરથી ઊતરીને સૂર્ય આકાશપ્રદેશમાં પ્રવેશ કરે તેમ પરાક્રમી અને રાજરાજેશ્વર ભરત મહારાજાએ હસ્તિરત્ન પરથી ઊતરીને તે પૌષધશાળામાં પ્રવેશ કર્યો. પછી ત્યાં તૃણના સંથારા પર રહીને સરળ-હૃદયી ને નિષ્પાપ તે ચક્રવર્તીએ અટ્ઠમ તપ કર્યો. પછી ચોથે દિવસે વિચક્ષણ, મહા-તેજસ્વી, પરાક્રમી તેમજ સુગંધી જળથી સ્નાન કરેલા ચક્રીએ **બલિ**નો વિધિ કર્યો. પછી જેમ વિષ્ણુ ગરુડ પર આરોહણ કરે તેમ ઇંદ્ર સરખા સત્ત્વશાળી ભરત મહારાજાએ સમગ્ર પ્રકારના શસ્ત્રાસ્ત્ર સહિત રથ પર આરોહણ કર્યું. બાદ સમુદ્રની અંદર દેદીપ્યમાન રથને નાભિ (રથની ધરી) પ્રમાણ જળમાં સ્થિર કરીને, ધનુષ્યની પણછ ચડાવીને તેમણે ક્રોધપૂર્વક મેઘ જેમ વીજળીરૂપી દંડ ફેંકે તેમ દેદીપ્યમાન કાંતિવાળું, સોનાનું, મધ્યમાં, મુખમાં અને છેડાના ભાગે સુવર્ણકુમાર, નાગકુમાર અને અસુરકુમારથી અધિષ્ઠિત તેમજ પોતાના નામથી અંકિત એવું બાણ **માગધ** તીર્થના સ્વામીની દિશા પ્રત્યે ફેંક્યું, એટલે પાંખોના સુસવાટાથી ભયંકર એવું તે બાણ ગરુડની જેવી ત્વરિત ગતિથી માગધેશની સભામાં આવી પડ્યું ત્યારે ભ્રકુટી ચઢાવવાને કારણે ભયંકર મુખવાળો, પોતાના અધરોષ્ઠને કંપાવતો, બાળ (ઊગતા) સૂર્ય સરખા રક્ત નેત્રવાળો માગધ તીર્થપતિ બોલ્યો કે–“ અરે ! સિંહની દાઢને ગ્રહણ કરવાની ઇચ્છાવાળો આ કોણ છે ? અગ્નિ મધ્યે પગ મૂકવાને આ કોણ તૈયાર થયો છે ? ફરતા રેંટના ચક્રની અંદર પોતાનો હાથ નાખવાને કોણ ઇચ્છે છે ? શસ્ત્રાસ્ત્ર વિદ્યામાં કૌશલ્ય ધરાવનાર મારા પ્રત્યે મૃત્યુને માગી લેવામાં દૂત સમાન આ બાણને કોણે ફેંક્યું છે ? ” આ પ્રમાણે બોલીને ગાઢ ધૂમ્ર(ધૂમાડા)વાળી જ્વાળાઓના સમૂહથી અગ્નિ પ્રગટી ઊઠે તેમ ધૈર્યવાળા, ક્રોધથી લાલચોળ થઇ ગયેલા અને નિર્દય ક્રૂર સુભટો સાથે તે ઊભો થઇ ગયો, એટલે વિચક્ષણ મંત્રી દૂતની જિહ્વા સમાન તે બાણના અગ્રભાગ પર લખેલા અક્ષરો જોવા લાગ્યો એટલે “ ઋષભસ્વામીના પુત્ર ભરત ચક્રી તમને ફરમાવે છે કે જો તમારે રાજ્ય કરવાની ઇચ્છા હોય તો દંડ આપો. ” તે પ્રમાણેની અક્ષરપંક્તિ નીહાળીને મંત્રથી વશ થયેલા સર્પની માફક ઉગ્ર અને વીર્યશાળી તે મંત્રીશ્વરે પોતાનો ગર્વ છોડી દીધો–પોતાના અભિમાનને અળગું કર્યું. પછી યુદ્ધ નહીં કરવાની ખાતર માગધ તીર્થપતિને તેણે જણાવ્યું કે–“ હે સ્વામિન્ ! પ્રાતઃકાળના સમુદ્રની માફક આવેશને છોડી દ્યો. અસાધારણ પરાક્રમી, ભૂમિના ભૂષણ તુલ્ય અને ભરતક્ષેત્રના સ્વામી ભરત ચક્રવર્તીએ આ બાણ ફેંક્યું છે. હે પ્રભો ! બીજના ચંદ્રની માફક દિવસે દિવસે વૃદ્ધિ પામતું અને તેની સાથે હરીફાઇ કરતું ભરતચક્રીનું ભાગ્ય

દીપી રહ્યું છે અર્થાત્ બીજનો ચંદ્ર દિવસાનુદિવસ વધતો પૂનમે સંપૂર્ણ થઈ જાય છે તેમ આ ભરત ચક્રીનું ભાગ્ય હરહમેશ વૃદ્ધિ પામતું જાય છે. કદાચ કલ્પાંતકાળે વિશાળ એવો ક્ષીરસમુદ્ર ક્ષીણ બની જાય, મેરુપર્વત ચલાયમાન થાય, આકાશમાંથી સૂર્યનું પતન થાય, વરાહાવતાર ધરણીને ધારણ કરવાનું ત્યજી દે અને વજ્ર નિઃસ્તેજ બને તો પણ પરાક્રમી ભુજાબળવાળા ભરત મહારાજા કદી પણ પરાભવ પામે નહીં; માટે હે પ્રચંડ બાહુબળવાળા! છ ખંડ ભૂમિના ભૂષણરૂપ ભરતરાજને દંડ આપો." આ પ્રમાણે સ્વમંત્રીના સત્કથનને સાંભળીને પોતાના સુભટ સમૂહ સાથે તેણે ઉગ્ર ક્રોધનો ત્યાગ કર્યો અને દંડ તથા તે જ (ચક્રીનું) બાણ લઇને, ભરત મહારાજા પાસે આવીને નમસ્કાર કરીને તે માગધેશ્વરે નીચે પ્રમાણે કહ્યું:

"ખરેખર મારું પુણ્ય વૃદ્ધિ પામી રહ્યું છે, મારા ગુણોની પ્રકૃષ્ટતા વધી છે; કારણ કે કમળને જેમ સૂર્ય જેવો સ્વામી સાંપડે તેમ આપ દેદીપ્યમાન કાંતિવાળા મારા નાથ-સ્વામી બન્યા છો. આજથી આરંભીને સમુદ્ર પર સામ્રાજ્ય ભોગવનાર હું આપને આધીન બન્યો છું. જેમ ચંદ્ર ચકોરને પોતાનો ઉપાસક માને તેમ આપે પણ મને સેવકસદૃશ જાણવો."

બાદ તે માગધદેવને રજા આપીને પ્રસન્ન થયેલા ચક્રવર્તીએ રથને સમુદ્રમાંથી જલ્દી પાછો વાળ્યો તેમજ ક્રોધનો પણ ત્યાગ કર્યો. પછી દુશ્મનોને પરાભવ પમાડનાર તે રાજશિરોમણિ ભરત પોતાના સૈન્યમાં આવ્યો અને માગધતીર્થપતિને ઉદ્દેશીને અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. બાદ ચક્રની પાછળ-પાછળ ચાલતું અને યુધ્ધકુશળ ચક્રીનું તે સૈન્ય દક્ષિણ સમુદ્રના કિનારે ગયું. ત્યાં પણ માગધપતિની માફક **વરદામ** તીર્થ અધિપતિને વશ કરીને ચક્રવર્તીએ દંડ તરીકે ઉત્તમ વસ્તુઓનો સ્વીકાર કર્યો. ત્યાં આગળ પણ અઠ્ઠાઈ મહોત્સવ કરીને ચક્રે બતાવેલા માર્ગને અનુસારે ચાલતો ચતુર ચક્રવર્તી પશ્ચિમ સમુદ્રના કિનારે આવી પહોંચ્યો. ત્યાં પણ અતિ તેજસ્વી પરાક્રમી ચક્રીએ પૂર્વની પેઠે **પ્રભાસેન્દ્રને** જીતીને ચિન્તામણિ રત્ન, મુગટ તેમજ સુવર્ણ વિગેરેનો દંડ તરીકે સ્વીકાર કર્યો. બાદ અઠ્ઠાઇ મહોત્સવ કરીને ચક્રને અનુસારે સૈન્ય સહિત ચક્રવર્ત્તી ભરત મહારાજા મહાસાગર સદૃશ **સિન્ધુ** નદીના દક્ષિણ કિનારે આવી પહોંચ્યા. ત્યાં આગળ પૂર્વની પેઠે પૌષધશાળામાં અઠ્ઠમની તપશ્ચર્યા કરીને **સિંધુદેવીને** શીઘ્રતાથી સ્વાધીન કરી લીધી, એટલે તેણીએ જલ્દીથી આકાશમાર્ગે આવીને જણાવ્યું કે- "હું તો આપની દાસી સરખી છું. કહો સ્વામિન્! હું શું કરું?" આ પ્રમાણે બોલીને ભરતરાજ સમક્ષ બહુમૂલ્ય ભેટણું ધરીને મોતીના કુંડળના કિરણોને ચામરરૂપે વીંઝતી તે ચાલી ગઇ. ત્યાં પણ ક્રમપૂર્વક અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યા બાદ ચક્રરત્નને અનુસરનારા સૈન્યયુક્ત, શત્રુગણને ભયભીત બનાવનાર ચક્રેશ્વર પૂર્વદિશા (ઇશાન ખૂણા) તરફ ચાલ્યા અને બંને (દક્ષિણ અને ઉત્તર) ભરતના સીમાડારૂપ, અખંડિત-અસ્ખલિત પ્રવાહવાળી નદીઓને ધારણ કરતાં **વૈતાઢય** પર્વતે ભરત ચક્રી આવી પહોંચ્યા.

તે પર્વતની દક્ષિણ બાજુમાં અતિશય પરાક્રમશાળી ભરત ચક્રવતીએ હાથીઓથી શોભતી પોતાની સેનાનો પડાવ નાખ્યો. પછી અઠ્ઠમની તપસ્યા કરી એટલે આસન કંપવાથી અવધિજ્ઞાનવડે જાણીને **કુમારવૈતાઢકુમાર** દેવ ત્યાં ત્વરાથી આવ્યો ને ઉત્તમ ભેટણું ધરવા બાદ

"આજથી હું આપનો સેવક છું." એમ કહીને ચાલ્યો ગયો. પછી અઠ્ઠમ તપનું પારણું કર્યા બાદ અઠ્ઠાઇ મહોત્સવ કરીને ચક્રીએ પોતાના **સુષેણ** સેનાપતિને જણાવ્યું કે–"હે સુષેણ! વૈતાઢ્ય પર્વત પરની સિન્ધુ નદીના દક્ષિણ નિષ્કૂટ તરફ જા અને ચર્મરત્નની સહાયથી વિઘ્નરહિતપણે તે નદી ઉતરીને તેને સાધી લે." આ પ્રમાણે હુકમ પ્રાપ્ત કરીને મદોન્મત્ત બનેલ ગજસમૂહથી વ્યાપ્ત અર્ધા સૈન્ય સાથે સુષેણ સેનાપતિ સિંધુ નદી તરફ ગયો, ને અત્યંત હર્ષિત મનવાળો સેનાપતિ સુષેણ ચર્મરત્ને કરેલા પૂલદ્વારા પ્રેમપૂર્વક તે નદી ઊતર્યો. પછી ત્યાં આગળ સિંહ સરખા પરાક્રમી તેણે **સિંહલોને**, પર્વત સરખા અણુનમ તેણે **બર્બરોને**, યવનોના અશ્વ જેવા અતુલ પરાક્રમી તેણે **યવન** લોકોને, સમરાંગણમાં યમરાજ જેવા તેણે **કાળમુખોને**, તેમજ રાજ્યલક્ષ્મીને વધારનારા તે સુષેણ સેનાધિપતિએ બીજી **યાનક** આદિ જાતિઓને સ્હેલાઇથી વશ કરી લીધી.

આ પ્રમાણે તે લોકોને જીતીને, સિંધુ નદી ઊતરીને, લોકો જેની કીર્તિ ને ગુણગાન કરી રહ્યા છે તેવા તે સેનાપતિએ દંડ વિગેરે સામગ્રી ચક્રીને સમર્પણ કરી. બાદ **તમિસ્રા** ગુફાના દરવાજાના બારણા ઉઘાડવાને માટે ચક્રીએ તેને આદેશ આપ્યો એટલે ત્યાં જઇને તેણે અઠ્ઠમનો તપ કર્યો, ને તે ગુફાના દ્વાર આગળ **કૃતમાલ** નામના દેવને ઉદ્દેશીને અઠ્ઠાઇ મહોત્સવ પણ કર્યો. પછી જેવી રીતે સૂર્ય પોતાના કિરણોદ્વારા અંધકારને તાડન કરે તેવી રીતે કૃતમાલ દેવને નમસ્કાર કરીને અશ્વ પર આરૂઢ થયેલા તે સેનાધિપતિએ દંડરત્નવડે તે ગુફાના બે બારણાઓને તાડન કર્યું એટલે દંડના પ્રહારમાત્રથી જ તરત જ, વીર પુરુષના લશ્કરના બે વિભાગ સરખા તે બંને બારણાઓ વેગપૂર્વક ઊઘડી ગયા, એટલે ઘોડાને પાછો વાળીને સેનાપતિએ બારણાઓ ઊઘાડવાની હકીકત ચક્રીને જણાવી. ત્યારે હાથી પર આરૂઢ થયેલા ભરત ચક્રવર્તીએ અંધકારના વિદારણ માટે મણિરત્નને હાથીના મસ્તકે સ્થાપન કરીને, જેમ નિર્મળ ચંદ્ર તારાના સમૂહની સાથે ગમન કરે તેમ પોતાના સૈન્યસમૂહની સાથે ગુફાના અંતરભાગમાં પ્રવેશ કર્યો. માર્ગમાં લોકોને પ્રકાશ આપવા માટે જમણી તેમજ ડાબી બાજુમાં કાકિણી રત્નવડે ઓગણપચાશ–ઓગણપચાશ માંડલાઓ કર્યાં. આગળ જતાં માર્ગમાં ચક્રીએ **ઉન્મગ્ના** અને **નિમગ્ના** નામની બે નદીઓ જોઈ. એ ખરેખર આશ્ચર્ય ઉપજાવે તેવી હકીકત છે કે તે પૈકીની પહેલીમાં પત્થર પણ તરી શકે છે જ્યારે બીજીમાં રૂ પણ તરી શકતું નથી. ત્યાં આગળ વાર્ધકી રત્નની બુદ્ધિદ્વારા બંધાયેલ અભંગ પાજ (પૂલ)-વડે યમરાજની ભ્રકુટી સરખી તે બંને નદીઓને ભરત ચક્રીએ પાર કરી. પછી ઉત્તર દિશાની ગુફાના દરવાજાદ્વારા પસાર થતો ભરતરાજ સૂર્યથી જેમ દિવસ શોભે તેમ ચક્ર સહિત શોભી ઉઠયો.

બાદ તે ગુફાને ઉલ્લંઘીને–પસાર કરીને સિંહ જેમ ગાઢ અરણ્યમાં દાખલ થાય તેમ ચક્રી ઉત્તર ભરતાર્ધને જીતવા માટે તે દેશમાં દાખલ થયા. તે પ્રદેશમાં જોવા માત્રથી જનતાને ત્રાસ ઉપજાવનારા, ગર્વીષ્ઠ, સંપત્તિશાળી, શૂરવીર, ભયંકર આકૃતિવાળા અને પરાક્રમી, કૃષ્ણ લોહ (લોઢા) જેવા અંગવાળા અને પૂર્વે કદી પણ પરાજય નહીં પામેલા એવા "**આપાત**" નામની સંજ્ઞાવાળા ભિલ રાજાઓ વસતા હતા. શસ્ત્રાસ્ત્રથી સજ્જ થયેલા કદાવર દેહધારી આવા કિરાત (ભિલ) લોકોની સાથે યુધ્ધ કરવાને માટે રણસંગ્રામ મધ્યે ચક્રીનું સૈન્ય દીન

બની ગયું ત્યારે સેનારૂપી સમુદ્રને ઉલ્લસિત કરવામાં ચંદ્રસમાન સુષેણ સેનાપતિ પણ અશ્વ-રત્ન પર ચઢીને અને હાથમાં ખડ્ગરત્ન લઇને ચાલ્યો. તેને આવતો જોઇને સામે જતાં એવા ભિલ લોકો દીવાની આસપાસ ખીલતાં-ઊડતાં પતંગીયાઓની માફક શોભવા લાગ્યા. યમ-રાજના ભયંકર ખડ્ગ જેવું દેદીપ્યમાન, સ્વકાંતિથી કિરણોયુક્ત સૂર્યને પણ જીતનાર સુવર્ણ ખડ્ગરત્નને ધારણ કરતો તે સેનાપતિ શોભી ઊઠયો. બાદ સુષેણના પ્રતાપને નહીં સહન કરી શકતા તે ભિલ લોકા સિંધુનદીના કિનારે ગયા અને પોતાના ગોત્રદેવતા(કુળદેવતા)ની આરાધના કરી એટલે તેઓની આરાધનાથી **મેઘમુખ** નામના દેવોએ આવીને કહ્યું કે—“ અરે પુત્રો ! આ શું ફોગટ આચરણ કરી બેઠા છો ? અમે તો દૂર રહ્યા પરંતુ ઈંદ્ર જેવો પણ, અખંડિત આજ્ઞાવાળા અને પૃથ્વી પરના ઈંદ્ર જેવા આ ચક્રવર્તીને જીતવાને સમર્થ નથી, છતાં પણ તમારી આજીજીથી અમે તેઓને ઉપસર્ગ કરશું.” આ પ્રમાણે કહીને તેઓ અંતર્ધ્યાન થઇ ગયા. પછી તે મેઘમુખ નામના દેવોએ દિશાઓને ભય પમાડનાર મેઘસમૂહને ચક્રવર્તીની સેના પર આંકાશપટમાં વિકુર્વ્યો અને કાનને ફાડી નાખે તેવા અવાજ (કડાકા) કરતા, સાગરના જળની સાથોસાથ ખવાઇ ગયેલા વડવાનળને વીજળીના બહાનાથી જાણે વમન કરતાં ન હોય એવા મેઘરાજો દૃષ્ટિપથમાં આવ્યા અર્થાત્ પ્રચંડ ગર્જારવ અને ક્ષણે ક્ષણે વીજળી થવા લાગી. પછી મૂશળધારાએ વરસતી વૃષ્ટિવડે ભૂમિને ભાંગી નાખતા ભયંકર સ્વરૂપવાળા મેઘરાજો રાક્ષસો જેવા જણાવા લાગ્યા, એટલે ચક્રીએ ચર્મરત્નને હાથવડે સ્પર્શ કરીને, બાર યોજન વિસ્તારવાળું બનાવીને પોતાના સૈન્ય સાથે તેના પર આરોહણ કર્યું. પછી ચર્મરત્ન પર રહેલા લોકોના માથે ઊંચું આકાશમાં છત્રરત્નને પણ તેટલું જ વિસ્તાર્યું. પછી છત્રરત્નની ઉપર મૂકેલા મણિરત્નના પ્રભાવથી છત્રરત્ન અને ચર્મરત્નના અંતરાળમાં-વચ-ગાળામાં પ્રકાશ ફેલાયો. ચર્મરત્નની ઉપર ગૃહપતિ રત્નવડે સવારમાં વવાયલું અનાજ, શાક, ફળ વિગેરે સામગ્રી લોકો મેળવવા લાગ્યા, ગૃહપતિ રત્નના માહાત્મ્યથી પ્રાપ્ત થતાં અનાજ, ફળ, શાક વિગેરેના લાભથી તરત જ લોકો ઘરે ઘરે સ્વર્ગમાં રહેનારા દેવ સરખા જણાવા લાગ્યા. તે બંને રત્ન(ચર્મરત્ન તથા છત્રરત્ન)ના અંતરાળમાં રહેલા લોકોએ પાણીમાં તરતાં ઈંડાની સરખા તે બંને રત્નના ડાબડાને જોઇને જ ભુવનોને વિષે બ્રહ્માંડની કલ્પના કરી હશે એમ હું (કવિ) માનું છું.

આ પ્રમાણે સાત રાત્રિ વ્યતીત થવા બાદ ચક્રી ચિંતા કરવા લાગ્યા કે-“ શું મારે પણ કોઇ મહાન્ દુશ્મન છે ? કયો મેઘરાજ મારો શત્રુ હશે ? ” એ પ્રમાણે સ્વામીના મનોભાવને જાણનાર, ચઢાવેલી ભ્રકુટીના ભંગવડે ભયંકર દેખાતાં સોળ હજાર દેવો(યક્ષો)એ જઇને, જાણે લાલ આંખના મિષથી ક્રોધને વરસાવતા હોય તેવી વાણીથી તે મેઘમુખ વિગેરે દેવોને કહ્યું કે-“ અરે ! અરે ! તમને આવી બુધ્ધિ કયા દુર્દૈવે આપી ? જો કે તમે આ ચક્રવર્તીને જોયા નહિં હોય, તો પણ નામમાત્રથી પણ શું સાંભળ્યું નથી ? હે નિર્દયો ! જ્યાં સુધી આ ચક્રવર્તી વજ્ર જેવા પોતાના ચક્રથી તમારા મસ્તકો છેદી નાંખે નહીં ત્યાં સુધીમાં અહીંથી દૂર ચાલ્યા જાવ. ” આ પ્રમાણે યક્ષોનાં વચન સાંભળીને તેઓ તરત જ ચાલ્યા ગયા ત્યારે જાણે દૂધથી ધોવાયેલું ન હોય તેમ આકાશ સ્વચ્છ થઇ ગયું. બાદ સુવર્ણ, માણિક્ય, હાથી તેમજ અશ્વસમૂહ વિગેરે ભેટણા તરીકે લઇને તે બધા મ્લેચ્છ રાજાઓ ભરત મહા-

રાજાના શરણે ગયા, એટલે ઔદાર્ય ગુણવાળા તેમણે તેઓ સર્વેને પ્રસન્ન કરીને વિદાય કર્યા. **ખરેખર પવિત્ર પુરુષો ( મહાત્માઓ ) નમસ્કાર કરતાં પ્રાણીઓ પર પ્રેમવાળા જ હોય છે.**

પછી સમુદ્ર અને પર્વતની સીમાને અંતે રહેલા સિંધુ નદીના ઉત્તર નિષ્કૂટને સેનાપતિદ્વારા જીતીને ચક્રીએ **ક્ષુદ્રહિમાલય** તરફ પ્રયાણ કર્યું. ક્ષુદ્રહિમાલયના દક્ષિણ પ્રદેશમાં સૈન્યનો પડાવ નાખીને ચક્રવર્તીએ **હિમવત્ કુમારને** ઉદ્દેશીની અટ્ઠમ તપ કર્યો. પછી અટ્ઠમના અંગે રથ પર ચઢીને, રથના અગ્રભાગવડે હિમાચલ પર્વતને ત્રણ વાર તાડન કરીને હિમવતકુમાર પ્રત્યે બાણ ફેંકયું એટલે બોંતેર યોજન સુધી દૂર ગયા બાદ, આકાશમાંથી પોતાની સમક્ષ પડતાં તે બાણને **હિમાચલ**કુમારે જોયા બાદ તે બાણ પર રહેલી, ક્રોધરૂપી અગ્નિને રોકનારી વિદ્યા સરખી નામની અક્ષરપંક્તિને જોઇને, ભક્તિમાન હિમાચલકુમારે ભરત મહારાજાના ચરણકમળમાં જઇને, દિવ્ય પુષ્પની માળા, ગોશીર્ષ ચંદન, વિધવિધ ઔષધીઓ, સરોવરનું જળ, કડા, બાજુબંધ તેમજ દિવ્ય વસ્ત્રો ભેટ તરીકે અર્પણ કર્યા. **મહાત્મા પુરુષોનું પુણ્ય શું શું વાંછિત નથી આપતું ?** અર્થાત્ સર્વ કોઈ ઋદ્ધિસિદ્ધિને ક્ષણમાત્રમાં સાધી આપે છે. પછી તે હિમાચલકુમારને રજા આપીને લક્ષ્મીથી પરિપૂર્ણ ચક્રવર્તી આગળ ચાલીને **ઋષભકૂટ** પર્વતે આવ્યા અને ત્યાં રથના અગ્રભાગવડે ત્રણ વાર તેનું તાડન કર્યું. તેના પૂર્વભાગમાં ચક્રીએ કાકિણી રત્નવડે “ આ અવસર્પિણી કાળમાં **ભરત** નામનો હું પહેલો ચક્રવર્તી થયો છું.” એવું લખાણ લખ્યું. પછી ત્યાંથી પાછા ફરીને, સૈન્યમાં આવીને દુશ્મનોને દમતા તે ચક્રીએ પારણું કરીને અઠ્ઠાઇ મહોત્સવ કર્યો.

બાદ ત્યાંથી પ્રયાણ કરીને બલિષ્ઠ લશ્કર યુક્ત, ચક્રની પછવાડે પછવાડે ચાલતાં ચક્રીએ વૈતાઢ્યગિરિના ઉત્તર પ્રદેશમાં પોતાના સૈન્યનો પડાવ નાખ્યો. ત્યાં **નમિ** અને **વિનમિ** નામના બે વિદ્યાધરસ્વામીઓને જીતવા માટે ચક્રવર્તીએ અસ્ખલિત ગતિવાળું બાણ જલ્દી ફેંકયું. એટલે તે બાણને જોઇને ક્રોધ પામેલા, યુદ્ધની અંદર અજેય તેઓ બંને પોતપોતાના સૈન્ય સાથે યુદ્ધ કરવા માટે આવી પહોંચ્યા. વિદ્યાધરોના સૈન્ય સહિત તે બંને વિદ્યાધરપતિઓને અંતરીક્ષમાં નીહાળીને ભરત મહારાજાએ પણ ભીષણ સંગ્રામ શરૂ કર્યો. વળી ભરતરાજે બંને હાથરૂપી દંડમાં ધનુષ્યનું આરોપણ કરીને જયલક્ષ્મીને દાખલ થવા માટે જ ન હોય તેમ રણસંગ્રામમાં તોરણ બનાવ્યું. બાદ બાર વર્ષને અંતે વૃષ્ટિની સમાપ્તિ બાદ જેમ સૂર્ય પોતાના કિરણોથી વાદળાઓને વીખેરી નાખે તેમ ચક્રીએ બાણોદ્વારા પોતાના દુશ્મનસમૂહને હાંકી કાઢયો.

જ્યારે પોતાનું સૈન્ય નાશી ગયું ત્યારે નમ્ર બનેલ તે બંને વિદ્યાધરપતિઓએ ભરત મહારાજાને ભક્તિપૂર્વક નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું કે-“ હે પૃથ્વીપતિ ! અમારા બંનેનું આ દુશ્ચરિત આપ માફ કરો. **પ્રણામ ન કરે ત્યાં સુધી જ સત્પુરુષોનો ક્રોધ કહેલો છે**, અર્થાત્ પ્રતિપક્ષી પ્રણામ કરે એટલે સત્પુરુષોનો ઉત્કટ ક્રોધ પણ શમી જાય છે. પછી

નમેલા મસ્તકવાળા **નમિએ** પૃથ્વીપીઠના ઇંદ્ર સરખા તે ચક્રવર્તીને ભેટણા તરીકે એકઠા કરેલા રત્નો અર્પણ કર્યાં. **વિનમિએ** પણ વિશ્વને જીતવાથી કામદેવની જયપતાકા સમાન અને અંતઃપુરના અલંકારભૂત સ્ત્રી-રત્નનું પૃથ્વીપીઠના સ્વામી ભરત ચક્રીને ભેટણું કર્યું. બાદ તે બંને વિદ્યાધરસ્વામીઓએ પોતપોતાના પુત્રોને પોતાના રાજ્ય ઉપર નિયુક્ત કરીને દીક્ષા સ્વીકારી અને શ્રી ઋષભદેવ પરમાત્માની સેવા કરવા લાગ્યા.

આ બાજુ ગંગા નદીના કિનારે સૈન્યનો પડાવ નાખીને ચક્રીએ **સુષેણ** સેનાપતિદ્વારા ગંગાનદીનો ઉત્તર નિષ્કૂટ સાધ્યો. પછી અઠ્ઠમ તપથી આકર્ષાયેલ ગંગા દેવી પોતે વિવિધ ભેટણા સહિત આવીને હાજર થઇ. તે સમયે ચક્રીને જોઇને, જાણે ઇર્ષ્યાને લીધે જ હોય તેમ કામદેવના તીવ્ર બાણોથી ઘાયલ થઇને તેમના પ્રત્યે અનુરાગવાળી થઇ. ત્યાં આગળ ગંગાદેવીના પ્રેમરૂપી જળમાં હસ્તીરૂપ બનેલ ચક્રવર્તીએ એક ઘડીની માફક એક હજાર વર્ષ વ્યતીત કર્યાં. ત્યારબાદ **ખંડપ્રપાતા** નામની ગુફા આગળ આવીને ચક્રીએ તેના અધિષ્ઠાતા **નાટયમાલ** દેવને પહેલાની માફક સાધી લીધો. તમિસ્રા ગુફાની પેઠે તે ગુફાને ઓળંગીને ભરતરાજ પોતાના સૈન્યને ગંગાનદીના કિનારે લાવ્યા. ત્યાં આગળ અઠ્ઠમ તપ કરીને પ્રત્યેક હજાર-હજાર યક્ષથી અધિષ્ઠિત એવા નવનિધિઓને ભરત મહારાજે સાધ્યા. બાદ સુષેણ સેનાપતિદ્વારા ગંગાનદીના દક્ષિણ નિષ્કૂટને પણ સાધીને સિંહ જેમ ગુફા તરફ જાય તેવી રીતે ચક્રી પણ અયોધ્યા નગરી તરફ ચાલ્યા. સૈન્યથી ઊડેલી ધૂળથી વ્યાપ્ત બનેલ જે નદી અશ્વોદ્વારા સુખપૂર્વક પાર કરાઇ હતી તેની તે જ નદી હાથીઓના મદજળથી વ્યાપ્ત બની જવાથી દુઃખપૂર્વક પાર કરાઇ. પોતાની ધ્વજાઓને ફરફરાવતા રથો પણ પૃથ્વી પર વેગથી ચાલવા લાગ્યા અને તેનું જાણે અનુકરણ કરતાં હોય તેમ ખડ્ગને આમતેમ ફેરવવાવડે કરીને પાયદળ સૈન્ય પણ ચાલવા લાગ્યું. સ્થળે સ્થળે ગોરસ( દૂધ, દહીં ને ઘી )રૂપી ભેટણાને ધારણ કરનાર તેમજ તેઓની ભાષાના મુગ્ધપણાને અંગે કૌતુકી એવા તે રાજેશ્વરે ગામના વૃધ્ધ પુરુષો સાથે વાતચીત કરી. આ પ્રમાણે સૂર્યને ઢાંકી દેતી, સૈન્યદ્વારા ઊડેલી રજસમૂહથી પૃથ્વીને એક છત્રરૂપ બનાવીને ભરતરાજ પોતાના નગર પ્રત્યે ગયા. તે સમયે રત્નના કિલ્લાના કાંગરામાં પ્રતિબિંબિત થયેલ સૈનિકોને જોઇને, જેમ અશ્વ પર આરૂઢ થયેલ પ્રાણી આરોહણ કરનાર પ્રત્યે હાથ લંબાવે તેમ, અત્યંત પ્રમોદ પામેલા પૌરજનોએ પોતાના હાથ લંબાવ્યા. બાદ પ્રાતઃકાળમાં નગરવાસીઓ અને મંત્રીઓથી સન્માનપૂર્વક સામો લેવા અવાયેલ અને સૈન્યથી અનુસરાયેલ તેમજ શુભ મુહૂર્તે મંગળ કરાયેલ તે સૌભાગ્યશાળી ચક્રી મનોહર દ્વારરૂપી પાંપણયુક્ત દરવાજારૂપી નેત્રના રસ્તાથી **વિનીતા** નગરીના મધ્યભાગમાં દાખલ થયા. ( કોઇ પણ સ્ત્રીના હૃદયમાં દાખલ થવું હોય, તેના અંતરમાં સ્થાન મેળવવું હોય તો નેત્રદ્વારા-નેત્રકટાક્ષદ્વારા સ્થાન મેળવી શકાય છે તે હકીકતનું કવિએ યુક્તિપૂર્વક સૂચન કર્યું છે. અહીં નેત્રને દરવાજો દર્શાવ્યો તેમ જ પાંપણને દ્વાર ગણાવ્યા છે. ) બંદીજન-ભાટચારણના મુખકમળથી પ્રગટતા ભ્રમર સમાન શબ્દોથી અત્યંત તેજસ્વીપણાને અંગે બીજા સૂર્ય સમાન, નિરખતી સ્ત્રીઓના હૃદયપ્રદેશ પર લટકતા હારમાં પ્રતિબિંબિત થયેલ બીજા કામદેવ સમાન, પવનથી પ્રેરાયેલ અને પોતાના રાજમહેલ તરફ ફરફરતા ધ્વજપટોને આનંદરૂપી ક્ષીરસમુદ્રના ઉછળતાં

તરંગો સમાન જોતો, ત્વરાથી શરૂ કરેલ વાજિંત્ર તેમજ નૃત્યના કૌતુકોવડે શોભતો તેમજ જેમણે માંગલિક કર્યું છે એવા લોકોને માંચડે માંચડે પોતાની દૃષ્ટિથી કૃતકૃત્ય બનાવતો, વળી બાળાઓને પુત્રીની જેમ, પ્રૌઢા સ્ત્રીઓને બહેનની માફક તેમજ વૃધ્ધ સ્ત્રીઓને માતા સમાન નિર્વિકાર દૃષ્ટિએ જોતો, અત્યંત આનંદ પ્રકટી નીકળ્યો છે તેવો તથા અનંત ગુણોનો સ્વામી અને ઇંદ્ર સરખો પરાક્રમી તે ભરત ભૂપતિ પોતાના રાજમહાલયે આવી પહોંચ્યો.

બાદ રાજાઓએ ક્રમપૂર્વક આવી-આવીને ભરત મહારાજાનો બાર વર્ષ પર્યન્તનો ચક્રવર્તીપણાનો અભિષેક મહોત્સવ કર્યો. બાદ પોતાના રાજમહાલયમાં સર્વ સ્વજનોને જોતાં જોતાં તેમણે ચંદ્રમાની કળાની માફક દુર્બળ દેહવાળી **સુન્દરીને** જોઇ એટલે ભરત મહારાજાએ સેવકોને તેના કૃશપણાનું કારણ પૂછયું ત્યારે તેઓએ જણાવ્યું કે-"હે સ્વામિન્! આ સંબંધમાં અમારો કોઇ પણ જાતનો અપરાધ નથી, આપના દિગ્વિજયના પ્રારંભદિનથી માંડીને સાઠ હજાર વર્ષ સુધી દીક્ષા લેવાની ભાવનાવાળી તેણીએ **આયંબિલ** તપ શરૂ કરેલ છે." આ પ્રમાણે સાંભળીને ચક્રીએ વ્રત-ગ્રહણ માટે સંમતિ આપી ત્યારે તે ચતુર અને સંસાર પ્રત્યે વિરક્ત બનેલી સુંદરીએ અષ્ટાપદ પર્વત પર જઇને પરમાત્મા શ્રી ઋષભદેવ પાસે દીક્ષા લીધી.

ચક્રવર્તીના દ્વાદશ ( બાર ) વર્ષીય મહોત્સવ સમયે આવેલા લોકોને ગૌરવપૂર્વક નીહાળતાં અને પોતાના નાના ભાઇઓને નહીં આવેલા જાણીને વિચક્ષણ અને પૃથ્વીપીઠના ઇંદ્ર સરખા ભરતમહારાજાએ તેઓ તરફ દૂતો મોકલ્યા. દૂતોએ ત્યાં જઇને કહ્યું કે-"જો તમે રાજ્ય કરવાની ઇચ્છા રાખતા હો તો ભરત મહારાજાને સ્વામી તરીકે સ્વીકારો." એટલે દૂતોનું કથન સાંભળીને ભરતમહારાજાના લઘુ બંધુઓ બોલ્યા કે-"રાજ્યનો વિભાગ કરીને પિતાએ અમોને તથા ભરતને રાજ્ય વહેંચી આપ્યું છે તો શું તમારો સ્વામી અમારી પાસેથી તે લઇ લેવાને ઇચ્છા ધરાવે છે? અમારે વધારે રાજ્યની ઇચ્છા નથી, અમે અમારું રક્ષણ કરવા સમર્થ છીએ તો અલબ્ધનો લાભ અને લબ્ધનું પરિરક્ષણ ( યોગ-ક્ષેમ ) નહીં કરનાર તમારો સ્વામી ભરત અમારો સ્વામી કેવી રીતે થાય? સમગ્ર શત્રુઓનો નાશ કરનાર તે જો બલિષ્ઠ હોય તો ભલે હો! અમે પણ તેના પિતાના જ પુત્રો છીએ, પરન્તુ પિતાની રજા સિવાય સ્વચ્છંદી બનીને વડીલ ભાઇ સાથે ક્રોધપૂર્વક યુદ્ધ કરવાને ઇચ્છતા નથી." આ પ્રમાણે દૂતને ઉત્તર આપીને તેઓ સર્વ અષ્ટાપદ પર્વત પર ગયા અને ત્યાં નિષ્પાપ શ્રી ઋષભદેવ પરમાત્માને પ્રણામ કરીને ભરતે કહેવરાવેલ સંદેશ કહી સંભળાવ્યો, એટલે જાણે અમૃત વૃષ્ટિથી પૃથ્વીને સિંચન કરતાં હોય તેમ શ્રી ઋષભદેવ પરમાત્માએ પ્રજ્વલિત રોષરૂપી અગ્નિની શીઘ્ર શાંતિ અર્થે તેઓને કહ્યું કે-"આ લોકમાં લક્ષ્મી એ તો વીજળીની જેમ ચપલા-ક્ષણભંગુર છે, હે પુત્રો! કલ્યાણની આકાંક્ષાથી તે લક્ષ્મીને ફોગટ શા માટે સ્વીકારો છો? કારણ કે દેવલોકના ભોગોથી પણ તમને જે તૃપ્તિ ન થઇ તે તૃપ્તિ **અંગારકારકની** જેમ મૃત્યુલોકના ભોગોથી કેવી રીતે થશે?

કોઇએક અંગારકારક અંગારકર્મને માટે ( કોલસા પાડવાને માટે ) પાણીની મશક લઇને જળ વિનાના જંગલમાં ગયો. ઉગ્ર ગ્રીષ્મઋતુના સૂર્યના કઠોર તાપથી તેમજ અગ્નિ(ભઠ્ઠી)થી

પ્રગટેલ તરસને અંગે તે મસકનું બધું પાણી પી જવા છતાં પણ તૃપ્તિ ન પામ્યો. પછી કોઇએક ઝાડની નીચે સૂતેલા તેણે સ્વપ્નને વિષે ઘરે આવીને ભૂતની માફક બધું પાણી પીધું, છતાં પણ તેની તૃષા છીપી નહીં એટલે પૃથ્વીપીઠ પર ભમી-ભમીને સઘળા જળાશયોને અપૂર્વ વડવાનલની જેમ તેણે શોષી લીધા. બાદ ભ્રમણ કરતાં મરુભૂમિમાં મલિન, ખારું અને મુશ્કેલીથી મળી શકે તેવા પાણીવાળા એક કૂવાને મેળવીને તેને સાક્ષાત્ ક્ષીર-સાગર માન્યો. ત્યાં આગળ અત્યંત તૃષાતુર એવા તેણે પાણીને માટે દોરીથી બાંધેલ ઘાસના પૂળાને કૂવામાં ઊતારીને જલ્દી પાણી બહાર કાઢ્યું પરન્તુ ચાલ્યા જતાં સેવક પાસેથી દુષ્ટ રાજા પોતાનું આપેલું સર્વસ્વ હરણ કરી લે તેમ, અતિ ઊંડાપણાને લીધે કૂવાએ પણ ખડના પૂળાને આપેલ પાણી પાછું લઇ લીધું અર્થાત્ ખડના પૂળામાં અલ્પ પાણી આવ્યું. બાદ ખડના પૂળાને નીચોવીને શેષ રહેલા જલબિંદુઓનું, જેમ તરસ્યું ચાતક પક્ષી ઊંધું મુખ રાખીને વાદળમાંથી પડતા જલબિંદુનું પાન કરે તેમ પાન કર્યું. સાગરના જળપાનથી પણ તેની અસાધારણ તૃષા શાંત ન થઈ તે શું ખડના પૂળાના બિંદુમાત્રથી શાંત થાય ખરી ? હે પુત્રો ! સ્વર્ગીય ભોગોથી પણ જે તમારી તૃષ્ણા નાશ ન પામી તે શું આ મૃત્યુ લોકના ભોગવિલાસથી નાશ પામશે ?" આ પ્રમાણે પરમાત્માની દેશના સાંભળીને રાજ્યલક્ષ્મીથી પરાંગમુખ બનેલ ભરત મહારાજાના તે અઠ્ઠાણું ભાઇઓએ દીક્ષા લીધી.

**અંગારકારકનું વૃત્તાંત—**

આશ્ચર્ય પામેલા દૂતોએ પાછા ફરીને ભરત મહારાજાને તેમના બંધુઓનો વૃત્તાંત જેવો બન્યો તેવો કહી સંભળાવ્યો એટલે ભરત મહારાજાએ પણ તે સર્વ ભાઇઓના રાજ્યો ગ્રહણ કરી લીધા.

કોઇએક દિવસે મહાગર્વીષ્ઠ સુષેણ સેનાપતિએ રાજા-મહારાજાઓથી સેવાતા ચરણ-વાળા ભરત ચક્રીને વિજ્ઞપ્તિ કરી કે-"હે સ્વામિન્ ! દિગ્વિજય કરવા છતાં, જેમ મૂર્ખ શિષ્ય આશ્રમમાં દાખલ ન થાય તેમ ચક્રરત્ન આયુધશાળામાં હજુ પણ દાખલ થતું નથી." ત્યારે સર્વ ઉપાયોમાં કુશળ મુખ્ય મંત્રીશ્વરે આચાર્યની માફક ભરત મહારાજાને કહ્યું કે-" સ્વામિન્ ! દિગ્વિજય કરનાર આપને કયો શત્રુ જીતાવો બાકી રહ્યો હોય ? સૂર્ય સમીપે અંધકાર-સમૂહ કયાં સુધી ટકી શકે ? હા, સમજ્યો, મહારાજ ! આપના લઘુબંધુ બલીષ્ઠ બાહુબલી આપને આધીન થયા નથી. રોષયુક્ત અને ખડ્ગરૂપી ધૂમથી શત્રુઓના નેત્રોને બંધ કરી નાખનાર બાહુબલિ પવનયુક્ત અગ્નિની જેમ સમગ્ર વિશ્વને બાળી નાખવાને સમર્થ છે. હે રાજન્ ! છ ખંડ ભરતક્ષેત્રને જીતવા છતાં, વિશ્વને વિષે અસાધારણ વીર બાહુબલીને જીત્યા સિવાય આપ ચક્રવર્તી કેમ કહેવાઈ શકો ? મહારાજ ! જો તેમને જીતવામાં ન આવે તો દિગ્વિજયના બહાનાથી આપે છ ખંડ ભરતક્ષેત્રમાં આપે કરેલ ભ્રમણ દેશાંતરને જોવા સમાન છે. હે દેવ ! અનેક શત્રુઓને જીતનાર બાહુબલીની, અત્યંત તેજસ્વી એવા આપને ઉપેક્ષા કરવી યોગ્ય નથી. હે બંધુવત્સલ ! જો આપ પ્રથમથી તેમની સાથે યુધ્ધ કરવા ન માગતા હો તો હમણા કોઇએક દૂતને તેમની પાસે મોકલો. અભિમાની બાહુબલિ આપની

આજ્ઞા ન સ્વીકારે તો વીરપુરુષને યોગ્ય માર્ગ આપ ગ્રહણ કરો, અર્થાત્ તેમની સામે યુદ્ધ જાહેર કરવું. આ પ્રમાણે મંત્રીશ્વરના કથન બાદ ભરત ચક્રીએ નીતિકુશળ અને ચાલાક **સુવેગ** નામના દૂતને શીઘ્ર **તક્ષશિલા** મોકલ્યો.

બાદ અપશુકનથી નિવારણ કર્યા છતાં દૂત-કર્મમાં કુશળ અને વાયુની જેમ અસ્ખલિત ગતિવાળો **સુવેગ** દૂત શીઘ્રતાપૂર્વક જવા લાગ્યો. નદી, નગર, ગામ, અટવી, પર્વત અને કંદરાઓનું ઉલ્લંઘન કરીને તે દૂત, વનમાં આરામ લેતી અને પોતાના રાજા બાહુબલિની કીર્તિનું ગાન કરતી તેમજ ક્રીડા કરતી ગોવાલણોના સમૂહથી મનોહર, નંદન વનમાંથી આવીને પરમાત્મા શ્રી ઋષભદેવના ચરિત્રનું ગાન કરતી એવી દેવાંગનાઓથી વ્યાપ્ત વૃક્ષરાજીવાળા, પોતાના અલંકારોની પ્રભાથી (તેજથી) અંધકારને નષ્ટ કરેલ રાત્રિઓને વિષે પણ દિવસની માફક મુસાફરોની સ્ત્રીથી હસ્તદ્વારા માર્ગસૂચન કરાતા તેમજ જે દેશની અદ્ભુત લક્ષ્મીને જોવાની ઈચ્છાથી સ્વર્ગથી આવીને તે દેશના અદ્ભુત ભોગોથી હર્ષ પામેલા દેવોથી ન ત્યજી શકાય તેવા **બહલી** દેશમાં આવી પહોંચ્યો. અપૂર્વ અને અદ્ભુત વૈભવવાળા બહલીદેશમાં આવીને સુવેગ દૂત જાણે અન્ય જન્મને પ્રાપ્ત થયો હોય તેમ પોતાનું કરવાનું (દૂતપણાનું) કાર્ય ભૂલી ગયો.

બાદ બાહુબલીના બાહુના બલથી શ્રેષ્ઠ અને મહાલક્ષ્મીના સ્થાનભૂત **તક્ષશિલા** નગરીમાં તે આવી પહોંચ્યો. તે નગરીમાં અદ્ભુત વૈભવને ઊંચું મુખ રાખીને નિહાળતા સુવેગને લોકોએ, જેમ વેચેલ વસ્તુઓમાંથી ઉપાડેલ વસ્તુને લોકો ધારી-ધારીને જોવે તેમ નિહાળ્યો. બાદ પુરુષસિંહ બાહુબલિના સિંહદ્વારે પહોંચીને, રથમાંથી ઊતરીને, ભરતમહારાજાએ આપેલા સંદેશાને જાણે યાદ કરતો હોય તેમ ક્ષણમાત્ર ત્યાં ઊભો રહ્યો. બાદ સાક્ષાત્ ચક્રવર્તીના પ્રતાપ સરખો આગળ જતો સુવેગ પ્રતિહારીઓવડે અટકાવાયાથી ક્ષણ માત્ર રાજદ્વારે ઊભો રહ્યો. બાદ બાહુબલિની આજ્ઞા મેળવીને પ્રતિહારીવડે, હર્ષિત બનેલ સુવેગનો આદરપૂર્વક રાજસભામાં પ્રવેશ કરાવ્યો. રાજસભાની અંદર જતાં નીલમણિઓથી જડેલી ભૂમિમાં પાણીની શંકાથી પોતાના વસ્ત્રને ઊંચા લેતો સુવેગ સભાસદોદ્વારા હાસ્યપૂર્વક જોવામાં આવ્યો. કોઈ એક સ્થળે આકાશ જેવા ઉજ્જવળ દેખાતા સ્ફટિક મણિના સ્તંભને લીધે સ્ખલના પામેલ તે અન્ય સ્થળોએ પણ પોતાનો હાથ આગળ-આગળ લંબાવીને ચાલવા લાગ્યો. રત્નના સ્તંભમાં પડતા મહારાજા બાહુબલિના પ્રતિબિંબને જોઈને ઘણી મુશ્કેલીએ તે વાસ્તવિક રાજવી બાહુબલિને ઓળખી શકયો.

બાદ પૃથ્વીપીઠ પર હારની સદૃશ બની ગયેલ (પૃથ્વી પર જેમ હાર મૂકતાં તે ગુંચળા જેવો થઈ જાય તેમ) તે સુવેગે બાહુબલિને નમસ્કાર કરીને પ્રતિહારીએ બતાવેલ આસન પર બેઠક લીધી, ત્યારે મુખરૂપી કમલમાં શોભતી વાણીવાળા બાહુબલિ કર્ણને અમૃત જેવી અને ઝાંઝરના જેવી રણકાર કરતી વાણી બોલ્યા કે-"આર્ય ભરતને કુશળ છે ને? પ્રજા તેમજ સેનાપતિ આદિ પરિવારવર્ગ કુશળ છે ને? ઇંદ્ર સરખા પરાક્રમી ભરતને છ ખંડ

સાધતાં કોઈપણ સ્થળે પરાભવનો અનુભવ નથી કરવો પડયો ને? ભરતવડે તાબે કરાયેલ તથા જીતાયેલ રાજાઓ હંમેશ તેમની આજ્ઞાને વહન કરીને ખિન્ન બનતા નથી ને? લોકોના પ્રેમની સાથે જાણે સ્પર્ધા કરતાં હોય તેમ વૃદ્ધિ પામતા ભરત રાજવીના ધર્મ, અર્થ ને કામ– એ ત્રણે પુરુષાર્થ પરસ્પર પીડા પામતા નથી ને?"

આ પ્રમાણે મહારાજા બાહુબલિથી પુછાયા બાદ સુવેગે વાસ્તવિક વાત કરી કે–"જે આખા જગતનું કુશળ કરી શકે છે તેની કુશળતા પૂછવાનો પ્રશ્ન જ કેમ હોઇ શકે? જે દેશમાં દેવોથી સેવાયેલા તમારા ભાઇ ભરત રાજ્ય કરતા હોય તે દેશમાં સૈન્યના અલ્પ ભાગમાં પણ અકુશળતા કયાંથી સંભવે? દિગ્વિજય કરનાર ભરતની સમીપ કયો શત્રુ ઊભો રહી શકે? સૂર્યોદય થયે છતે અંધકાર કેમ ટકી શકે? જેમ પ્રાણીઓવડે વિધિ(નસીબ)ની આજ્ઞાને અનુસરાય છે તેમ એકી વખતે જુદા જુદા દેશોમાં રહેનાર અનેક પ્રાણીઓથી ચક્રવર્ત્તી મહારાજા ભરતની આજ્ઞા શિરોમાન્ય થાય છે. તે મહારાજાને છ ગુણ, ચાર નીતિ અને ત્રણ શક્તિ, જાણે સાક્ષાત્ કલ્પવૃક્ષ હોય તેમ ચિંતિત પદાર્થો આપે છે. જેમ સૂર્યને દિવસભરની ત્રણ સંધ્યાઓ સેવે છે તેમ તે રાજવીને ત્રણે પુરુષાર્થ પરસ્પરને પીડા નહીં ઉપજાવતાં સેવી રહેલ છે. નમસ્કાર કરતાં એવા સેંકડો રાજાઓથી સેવાતા છતાં તે ભરત મહારાજા દૂર રહેલા પોતાના નાના ભાઇઓને નહીં જોતા પ્રમોદ પામતા નથી. જે લક્ષ્મી-વૈભવની વિદ્યમાનતામાં પોતાના બંધુઓને જોવાનું ન બને (તેમની હાજરી ન હોય) તેવી શ્રેષ્ઠ લક્ષ્મીને પણ તેઓ કારાગૃહ (કેદખાના) જેવી ગણે છે. છ ખંડ ભરતને જીતીને **વિનીતા** નગરીમાં આવેલ તેમનો સ્વજન વર્ગે અને મિત્રોએ ચક્રીપણાનો ઉત્સવ કર્યો. તમારા તે વડીલ બંધુના તે ઉત્સવમાં લક્ષ્મી તેમજ જીવિતની રક્ષાને માટે કોણ પોતપોતાની મેળે ન આવ્યા હોય? અર્થાત્ સર્વ કોઇ આવ્યા હતા. તે ઉત્સવ–પ્રસંગે નહીં આવેલા જાણીને પોતાના નાના ભાઈઓને બોલાવવા માટે તેમણે દૂતો મોકલ્યા. વિવિધ વિચારવાળા તે બુદ્ધિમાન તેમજ જિતેંદ્રિય અઠ્ઠાણું ભાઈઓએ કંઇ પણ વિચારીને પિતા શ્રી ઋષભદેવ પાસે દીક્ષા લીધી. તેમના વિયોગથી દુ:ખરૂપી ગર્તામાં પડવાથી ભરતમહારાજા વિહ્વળ બનેલ છે તો અત્યારે આવીને તમારે તેમને શાંત્વન આપવું તે તમારા માટે ઉચિત છે. જો કે પૂર્વે તમે ભાઇનો સંબંધ સાચવ્યો નથી તો પણ દુર્જન લોકો બીજી જ વાત કરી રહ્યા છે તો હર્ષથી ઉત્કૃષ્ટ દૃષ્ટિરૂપી અમૃતવૃષ્ટિવડે દુર્જનથી પ્રગટેલ દોષને દૂર કરવાનું તમારા માટે ઉચિત છે. દાન તથા સન્માનવડે અર્થીજનોના વાંછિત પૂરનાર તે જગત્માન્ય ભરત મહારાજા તમારા પ્રણામ સિવાય બીજી કશી અપેક્ષા રાખતા નથી. ધીરપુરુષો મનમાં લક્ષ્મીની લાલસા રાખતા નથી, માત્ર તેજ(કીર્તિ)ને જ ચાહે છે. શું સિંહ મોતીઓની પંક્તિ મેળવવાની ઇચ્છાથી હાથીના મસ્તકને ફાડી નાખે છે? 'ભરત મારો ભાઇ છે અને તે સમગ્ર પૃથ્વીનો રાજા છે' એમ વિચારીને તમે નિર્ભય ન બનશો. આજ્ઞારૂપી ધનવાળા રાજાને સ્વજન (જ્ઞાતિજન) જેવું કશું હોતું નથી. ક્રોધી અને ગર્વીષ્ઠ એવા તમે તેની અવગણના કરો છો તો સૂર્ય સમાન તે ભરત મહારાજાની આગળ તમે ઊડતા આગીયાના બચ્ચા જેવા છો. ભરતની માફક તમે પણ શ્રી ઋષભદેવના પુત્ર છો તેથી હે સ્વામિન્! તમે પણ મારા કુળસ્વામી હોવાથી તમારા હિતની વાત કરી રહ્યો છું.

ઉગ્ર વિષવાળો સર્પ, પવનથી પ્રેરિત અગ્નિ અને પ્રૌઢ પ્રતાપી સ્વામી આ ત્રણ વ્યક્તિઓ ખરેખર વિશ્વાસ કરવા લાયક નથી. જો તમને તમારું જીવિત અને રાજ્યની જરૂરિયાત હોય તો તે બન્નેની રક્ષાના ઔષધરૂપ ભરત મહારાજાનું શાસન સ્વીકારો. જેની સેવા હંમેશ દેવો અને દાનવો કરી રહ્યા છે તો માનવી એવા તમારે તેમની સેવા કરવામાં શરમ શી ?"

આ પ્રમાણે દૂત કહી રહ્યો ત્યારે બાહુબલિએ રોમાંચરૂપી બખ્તરવાળા પોતાના બંને બાહુ તરફ જોયું અને ઓષ્ઠની કાંતિથી મિશ્ર બનેલ દાંતના કિરણોના બહાનાથી જાણે કે પ્રત્યક્ષ ક્રોધને અંગે રક્તવર્ણી બની હોય તેવી વાણીદ્વારા કહ્યું કે-" જો મારા મોટા ભાઈ મારો મેળાપ ઇચ્છતા હોય તો તે ઉચિત જ છે કારણ કે પિતાની માફક તે પણ સદૈવ મારે પૂજનીય જ છે. તારા સ્વામી ભરતેશ્વરે તને મોકલ્યો તે પણ યોગ્ય જ છે, કારણ કે બંધુઓને બોલાવવા તે વડીલ જનનું કર્તવ્ય છે. અઠ્ઠાણું નાના ભાઈઓએ પિતાના પગલે ચાલી પ્રવ્રજ્યા ગ્રહણ કરી એટલે તારા સ્વામીએ તેઓના રાજ્ય ગ્રહણ કરી લીધા. હે દૂત! તારા સ્વામીનો આ કોઇ અદ્‌ભુત પ્રકારનો સ્નેહ જણાય છે!' નાના ભાઈઓથી મોટો ભાઇ ( ભરત ) જીતાયો' એવી લોકોક્તિ પ્રસાર ન પામે એમ વિચારીને જ તેઓએ દીક્ષા અંગીકાર કરી છે તેથી શું તારો સ્વામી ભરત વિજયી બની ગયો ? ભરતક્ષેત્રને જીતીને, મારી સાથે વિરોધ કરતો તારો સ્વામી ખરેખર પ્રાપ્ત થયેલ સુવર્ણને સર્પદ્વારા દૂષિત કરવા માગે છે-નષ્ટ કરવા માગે છે. બંધુભાવથી નહીં આવેલા અથવા તો સ્વભાવથી નિર્ભીક એવા મારા વિષે પણ લોકો શું કોઈપણ પ્રકારની ટીકા નહીં કરે ? અર્થાત્ કરશે જ. જેમ શ્વાન (કૂતરો) વમન કરેલ પદાર્થને ખાઇ જાય તેમ તારા સ્વામી ભરતે ત્યજી દેવાયેલા ભાઇઓના રાજ્યોને ગ્રહણ કરી લીધા, આ બાબતમાં પણ શું લોકો નિંદા નથી કરતા ? દેવ, દાનવ અને રાજાઓથી પૂજિત પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ એ જ મારા સ્વામી છે અને તે જ મારે સેવવાલાયક છે. પ્રાણીઓને એક જન્મમાં એક જ પિતા, એક જ ગુરુ અને એક જ સ્વામી હોઇ શકે તો પછી મારે ભરતથી શું ? તારો સ્વામી જો મારા પ્રણામને લાયક હોય તો માત્ર વડીલબંધુના દાવા તરીકે જ, પરન્તુ સ્વામી તરીકે જો તે મારા પ્રણામની આશા રાખતા હોય તો સ્વપ્નમાં પણ તે મેળવી શકશે નહીં. જો તારો સ્વામી મને પરાભવ પમાડવાની ઇચ્છા ધરાવતો હોય તો તે પણ ખડના અગ્નિથી તેજ-પ્રકાશ મેળવવાની ઈચ્છાની માફક વ્યર્થ જ છે. તેં જે એમ કહ્યું કે-રાજાઓને સ્નેહી-સ્વજનોનો સંબંધ હોતો નથી તે ખોટું છે, કારણ કે મારી હાજરી હોવાને અંગે જ તારો સ્વામી ભરત આ રાજ્યલક્ષ્મી ભોગવી રહેલ છે; અન્યથા કેવી રીતે ભોગવી શકે ? ( હું તેનો નાનો ભાઇ છું એમ વિચારીને અન્ય રાજવીઓ ભરતનું નામ લઇ શકતા નથી. ) તારા સ્વામીરૂપી સૂર્યની હાજરીમાં જેઓ નાના ખજુઆ સદૃશ દેખાઈ રહ્યા છે તે બીજા; હું તો ભરતરૂપી તે સૂર્યને માટે અસ્તાચલ પર્વત જેવો છું; અર્થાત્ મારી પાસે તેનું શું ગજું ?

"જેના પિતા ત્રણ લોકથી પૂજિત શ્રી ઋષભદેવ છે અને જેનો નાનો ભાઇ (બાહુબલી) ત્રણ જગતના શૌર્યને તિરસ્કારનાર છે તે ભરત મહારાજા દેવ, દાનવ અને મનુષ્યથી પૂજાઇ રહ્યા છે તેમાં નવાઇ શી ? તેની પાસે ઇંદ્ર પણ કોણ માત્ર છે ? તે તું જ કહે. તેમની સેવા

કરવામાં મને કોઇ પણ જાતની શરમ નથી, પરન્તુ મારી કરુણા બુદ્ધિ-દયાભાવ અદ્દભુત છે કારણ કે પૂર્વે ક્રીડામાત્રમાં જીતાયેલ તારો સ્વામી મને જોઇને શરમાઈ જશે. પૂર્વે મારા ભુજારૂપી પિંજરામાં પુરાઇને કેદખાનાનું જે સુખ તેમણે અનુભવ્યું હતું તે ખુશામતખોરોથી ગર્વીષ્ઠ બનેલા તારા સ્વામીથી શું ભુલાઇ જવાયું ?

“ તું જા, ભલે તારો સ્વામી પોતે અહીં આવે, જેથી તેના ગર્વરૂપી દુષ્કર્મના પ્રાયશ્ચિત્તને હું કરીશ. (ગર્વ ભરત મહારાજાએ કર્યો અને તેનું પ્રાયશ્ચિત્ત મારે ( બાહુબલીએ ) પણ ભોગવવું પડશે.) ”

આ પ્રમાણે બાહુબલીએ કહ્યું ત્યારે ભયભીત બનેલ સુવેગ દૂત ધૈર્યનો આશ્રય લઇને, સભાસદોદ્વારા વક્ર દૃષ્ટિથી જોવાયા છતાં, સભાગૃહમાંથી બહાર નીકળી ગયો. બાદ જાણે સાક્ષાત્ યમદૂત હોય તેવા આયુધોને ધારણ કરેલ સુભટોને જોતો તે વેગપૂર્વક રાજમહેલમાંથી પણ બહાર નીકળી ગયો.

“ આ નવો દૂત કોણ છે ? ”

“ ભરત મહારાજાનો હોય તેમ જણાય છે. ”

“ શું આ જગતમાં બીજો પણ રાજા છે ? ”

“ હા, આપણા રાજાના મોટા ભાઇ ભરત મહારાજા છે. ”

“ તે આટલો કાળ કયાં હતા ? ”

“ ભરતક્ષેત્રના વિજય માટે ગયા હતા. ”

“ તેણે આ દૂતને અહીં શામાટે મોકલ્યો ? ”

“ લઘુબંધુ બાહુબલિને બોલાવવા માટે. ”

“ શું ભરતને ભાઈને ભેટવાની ઉત્કંઠા થઈ છે ? ”

“ ના, ના. તેને બાહુબલિ પર સ્વામિત્વ સ્થાપવાની ઇચ્છા ઉદ્દભવી છે. ”

“ શું તેને સલાહ આપનાર કોઇ નામનો પણ મંત્રી નથી ? ”

“ હા, તેને સેંકડો મંત્રીઓ છે. ”

“ શું તેઓએ બળવાન સિંહ જેવા પરાક્રમી બાહુબલિ સાથે બાથ ભીડતાં તેમને રોકયા નહીં હોય ? ”

“ ઊલટો તેઓએ ભરતને ઉશ્કેર્યો છે; કારણ કે **કર્માનુસારે બુદ્ધિ ઉત્પન્ન થાય છે.** ”

“ ભરત ભૂમિના જીતાયેલ છ ખંડને તે શા માટે હારી જાય છે. ? ”

“ સર્વ સ્થળે જય પામેલ હોવાથી મૂઢ માણસ પોતાની શક્તિને જાણી શકતો નથી. ”

ઉપર પ્રમાણે પૌરજનોના પરસ્પરના વાતાલાપને રસ્તામાં સાંભળતો સુવેગ દૂત

તક્ષશિલા નગરીથી ઘણે દૂર નીકળી ગયો. આ પ્રમાણે ચાલતાં ચાલતાં સુવેગ અનુક્રમે બાહુબલિના જંગલી સૈન્યવાળી, ભિલ્લ લોકોથી વ્યાપ્ત નીચે પ્રમાણેની અટવીને વિષે આવી પહોંચ્યો. ધનુષ્યોને ધારણ કરી રહેલા કેટલાકને, પરશુ ( કુહાડી ) ધારણ કરી રહેલ કેટલાકને, પથ્થરના આયુધ( ગોફણ )ને ધારણ કરી રહેલા કેટલાકને, તેમજ ભાલાથી આકાશને દંત યુક્ત બનાવી રહેલ બાહુબલિના સાક્ષાત્ ઉત્સાહ સરખા કેટલાક ભીલ લોકોને ધ્રૂજતા એવા સુવેગ દૂતે જોયા. ઘણી મુશ્કેલીઓથી ભયંકર તે અટવીનું ઉલ્લંઘન કરીને, ચક્રવર્ત્તીના દેશમાં આવીને તેણે જાણે નવો જન્મ ધારણ કર્યો હોય તેમ માન્યું.

" નહિ પાકેલા ધાન્યને તમે જલ્દી લણી લ્યો, કાપેલા ધાન્યને ફોતરા સહિત ગુપ્ત ખાણોમાં સંતાડી દ્યો, અતિ ભાર ભરી શકાય તેવા ઉત્તમ ગાડાઓને સજ્જ કરો. લેવડ-દેવડની ચોખવટ કરીને તમે પ્રયાણ કરવાની તૈયારી કરો, કારણ કે બાહુબળથી ગર્વિષ્ઠ એવા બલિષ્ઠ બાહુબલી ભરત મહારાજા સાથે યુદ્ધ કરવા સજ્જ થયા હોય તેમ સંભળાય છે. "

ઉપર પ્રમાણે દરેક ક્ષેત્રમાં અને પ્રત્યેક ગામમાં ચક્રવર્તિના દેશમાં રહેનારાઓનું વ્યાકુળપણું જોઈને સુવેગ વિચારવા લાગ્યો કે–ખરેખર આ યુદ્ધની વાત મારા કરતાં પણ અતિ વેગવાળી છે કારણ કે મારી અગાઉ કોઈ પણ અહિં આવ્યું હોય તેમ સંભળાતું નથી. બાહુબલિ રાજાનું પ્રૌઢ પ્રતાપીપણું પણ કેવું છે ? કેમકે તે પોતાને સ્થાને રહ્યા છતાં અમોને આવા પ્રકારનો ભય ઉપજાવી રહેલ છે. આ પ્રમાણે વિચાર કરતો બુદ્ધિશાળી સુવેગ વિનીતા નગરીમાં આવ્યો અને ભરત ચક્રીની સમક્ષ જે બીના બની હતી તે કહી સંભળાવી. " હે સ્વામિન્ ! કદાચ વસ્ત્રના છેડાથી ઝળહળતો સૂર્ય આચ્છાદિત કરી શકાય, તેમજ દેદીપ્યમાન એવો અગ્નિ મુષ્ઠિવડે પકડી શકાય તો પણ પરાક્રમી તમારો લઘુબંધુ દેવોથી પણ જીતી શકાય તેવો નથી. "

આ પ્રમાણે સાંભળીને મંત્રીઓથી ઉત્સાહ પમાડાયેલ ભરતેશ્વરે તક્ષશિલા નગરી પ્રતિ પ્રયાણ કર્યું. ભાલાઓના મિષથી રોમાંચિત થયેલ અને હાથીઓના મદજળથી આર્દ્ર બનેલ તેમજ સ્વામિથી સ્વેચ્છાપૂર્વક સૈન્યદ્વારા આક્રમણ કરાયેલ પૃથ્વી તે સમયે કંપવા લાગી. [ સ્ત્રી સ્વામીથી આક્રમણ કરાય–સ્પર્શ કરાય ત્યારે રોમાંચિત બને, આર્દ્ર ( પસીનાથી રેબઝેબ ) બને અને કંઈક કંપ પણ અનુભવે. અહિં ભરતને સ્વામી તરીકે કલ્પી પૃથ્વીને તેમની પત્ની દર્શાવી છે. ] પોતાના ચરણોથી ઉડાડાયેલ ધૂળને પવનના મૂખમાં ફેંકતા પરાક્રમી અશ્વો વેગપૂર્વક ચારે દિશામાં દોડવા લાગ્યા. શત્રુઓના યશ અને તેજરૂપી ચંદ્ર તથા સૂર્યને ઢાંકવામાં મેઘશ્રેણી સરખી તરવારોને ધારણ કરતા સુભટો ચાલવા લાગ્યા. વંશ[ ઊંધ ]રૂપી નાસિકાવાળા, ઘોડાઓરૂપી આંખોવાળા, ધ્વજારૂપી તિલકવાળા અને પૈડારૂપી કર્ણાભૂષણવાળા સૈન્યના મુખની શોભા સરખા રથો ચાલવા લાગ્યા, વળી પૃથ્વીને ધ્રુજાવતું અને ઊડતી ધૂલિસમૂહથી ગંભીર એવા સાગરને પણ અગંભીર [છીછરું] બનાવતું ચક્રીનું સૈન્ય વેગપૂર્વક ચાલવા લાગ્યું. અનુક્રમે અસાધારણ પરાક્રમી ચક્રવર્ત્તી, જેમ આકાશમાં સૂર્ય આવે તેમ બહલી દેશની સીમામાં આવી પહોંચ્યા. તેમને આવેલા જાણીને બારણાની ભોગળ જેવી વિસ્તૃત ભુજાવાળા બાહુબલિએ, કલ્પાંતકાળનો વાયુ જેમ સાગરને ખળભળાવી મૂકે તેમ

પોતાના સૈન્યને યુદ્ધ માટે પ્રેરણા કરી-ઉત્સાહિત કર્યું. જોશથી પ્રગટેલા ધ્વનિરૂપી વાયુવડે પ્રજવલિત કરાયેલ ક્રોધરૂપી અગ્નિવાળા સુભટો શીઘ્ર ચાલવા લાગ્યા. શત્રુઓના પ્રાણોને નષ્ટ કરવાનું સૂચન કરતા પડહની ઘોષણા સરખા અને ધ્વનિઓથી દિશાઓ ગજાવતા પ્રચંડ અવાજો થવા લાગ્યા. પોતાના મદરૂપી જળથી સિંચન કરીને અને કર્ણરૂપી પંખાથી વીંઝીને હસ્તીઓએ જાણે શીત[ઠંડી]થી પીડાએલી હોય તેમ પૃથ્વીને ધ્રુજાવી. સૈન્યની તૃષાને દૂર કરવાને માટે જાણે પાતાળમાંથી પાણી ખેંચી કાઢવાને ઈચ્છતા હોય તેમ વેગવાન અશ્વો પોતાની ખરીઓ દ્વારા પૃથ્વીને ખોદવા લાગ્યા. જેમ મોજાંઓથી કલ્પાંત કાળનો સાગર પૃથ્વીને આચ્છાદિત કરી દે તેમ અવાજ કરતાં એવા સૈન્યદ્વારા બાહુબલિએ પૃથ્વીને ઢાંકી દીધી. જેમ પ્રાતઃકાળે સૂર્ય અંધકારરાશિ સમક્ષ અરુણની કાંતિને સ્થાપે તેમ બાહુબલિએ ભરત ચક્રવર્તીની સેના સમક્ષ પોતાના સૈન્યનો પડાવ નાખ્યો. પોતાનું ગાંભીર્ય [ ઊંડાઈ ] દર્શાવવા છતાં પણ સૈન્યથી કદર્થિત થએલા જળાશયો [ સરોવરો ] તરત જ મલિન બની ગયા. કિનારા પર બંધાયેલા હસ્તીઓરૂપી લઘુ પર્વતવાળા અને અત્યંત દુર્ગમ એવી વિશાળ હસ્તીશ્રેણીએ મહાપર્વતની શોભાને ધારણ કરી. [ વિશાળ પર્વતની આસપાસ નાના ગિરિશૃંગો હોવાથી જેમ તે રમણીય દેખાય છે તેમ નાના હસ્તીઓથી વીંટળાયેલ મહાહસ્તીઓ મહાપર્વત જેવા જણાતા હતા. ] રાજાઓના મસ્તકને વિષે રહેલા મુગટની સમાનતાને ધારણ કરવાને જાણે ઈચ્છતો હોય તેમ સૂર્ય અસ્ત પામ્યો. [ મુગટ રાજાઓના મસ્તકને વિષે શોભતા જાણી પોતે [ સૂર્ય ] પણ મુગટરૂપે બનવાને અસ્તાચળના શિખરે ચાલ્યો ગયો. ] અસ્તાચળ ઉપરથી પડતા સૂર્યરૂપી ગોળાથી ઉછળેલા જળવડે જેમ સાગર વ્યાપ્ત બની જાય તેમ અંધકાર સમૂહથી આકાશ છવાઈ ગયું-રાત્રિ પડી. [ જેમ જળાશયમાં એક પથ્થર ફેંકતા જળના કુંડાળા વિસ્તૃત બનતા બનતા સમગ્ર જળાશયમાં વ્યાપી જાય તેમ અંધકાર સમસ્ત વિશ્વમાં વ્યાપી ગયો. ] તે સમયે સૂર્ય તેમજ મંદરાચળ પર્વતનો ક્ષોભ થવાથી જાણે બહાર નીકળવાને ઈચ્છતો હોય તેમ લક્ષ્મીદેવીનું મુખરૂપી કમળ ચંદ્રના બહાનાથી સાગરમાંથી બહાર નીકળે તેમ ચંદ્રોદય થયો. જ્યારે સુભટો શસ્ત્ર-જાગરણોત્સવ કરતા હતા ત્યારે ચંદ્રે પણ પોતાના લાંછનના મિષથી ખડ્ગને પણ ચકચકિત બનાવ્યું અર્થાત્ સુભટો સમગ્ર રાત્રિ જાગ્યા. [ ખડ્ગ શ્યામ મનાય છે. ચંદ્રનું લંછન પણ શ્યામ છે-કલંકિત છે. આ સમાનતાને હિસાબે ચંદ્રે ખડ્ગને ( પોતાના લાંછનને )ચકચકિત બનાવ્યું અર્થાત્ ચંદ્રના પ્રકાશમાં ખડ્ગો પણ પ્રકાશી ઉઠયા. ]

મહારાજા ભરત અને બાહુબલિના સ્તુતિપાઠકો[ ભાટ ચારણો ]વડે વાણીરૂપી આહુતિ-દ્વારા અત્યંત ઉત્તેજિત થએલ તેઓ બંનેનો ક્રોધરૂપી અગ્નિ પ્રજવલી ઉઠયો. બાદ વિશાળ રણ-ઉત્સાહવાળા બંને બાજુના સુભટ લોકો તે રાત્રિએ સૂતા નહિ. બંને સૈન્યના વાજિંત્રોના નાદથી ભીતિગ્રસ્ત બનીને જાણે ખોળામાંથી નાશી ગએલા મૃગને જોવાને ચાહતો ચંદ્ર પ્રાતઃકાળ થતાં આથમી ગયો. બાદ સૂર્ય ઉદયાચલ પર આવ્યો ત્યારે ચક્રવાકના મિથુને તેનું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું. બાદ બંને લશ્કરના સુભટ સુભટની સામે, હાથી હાથીની સામે, રથ રથની સામે અને અશ્વ અશ્વની

સામે આવ્યા. ફેંકાયેલા બાણોની પંક્તિના મંડપથી છિન્નભિન્ન થયેલા સૂર્યના કિરણો જાણે રુધિરના બહાનાથી પૃથ્વી પર આવી પડ્યા હોય તેમ શોભવા લાગ્યા. [ સૂર્યના કિરણો પ્રાતઃકાળમાં અરુણ-લાલ હોય છે, સૈન્યના સુભટો જખ્મી થતાં તેમનું રુધિર ચાલવા લાગ્યું તે જાણે કે સૂર્યના કપાએલા કિરણો હોય તેમ કવિએ કલ્પના કરી છે. બાણોનો એવો પ્રચંડ મારો પરસ્પર ચાલ્યો કે તેનો માંડવો થઇ ગયો એટલે સૂર્યના કિરણો કપાઈ ગયા તેવી પણ કવિએ કલ્પના કરી છે. ] ઊડેલી ધૂળને અંગે પ્રગટેલ અંધકારમાં જાણે શત્રુને જોવાને માટે જ હોય તેમ ઉછળતા ભાલારૂપી દીપકને હસ્તમાં રાખેલા ક્રોધી સુભટો દોડવા લાગ્યા. વીર પુરુષના પૃથ્વી પર કપાઇને પડેલા બાહુ અને મસ્તકદ્વારા યમરાજના સેવકો ગેડી-દડાની રમત કરવા લાગ્યા. વળી જે સુભટ લોકો વેગપૂર્વક સમરાંગણરૂપી સાગરને ઓળંગી ગયા તેઓને રુધિરરૂપી નદીઓ તરી જવી મુશ્કેલ થઇ પડી, અશ્વો તેમજ અશ્વારોહીઓના પરસ્પર દેહ સાથે મળી ગએલા નીચે પડેલા મસ્તકોને લીધે જાણે કિન્નરોનું યુદ્ધ થતું હોય તેમ જણાયું. [ કિન્નરનો આકાર અશ્વ જેવો અને મુખ મનુષ્ય જેવું હોય છે. યુદ્ધમાં કોઈ સુભટનું મુખ કપાએલ મુખવાળા અશ્વ પાસે પડયું એટલે તેનો દેખાવ કિંનર જેવો થઈ ગયો, આવા ઘણા દશ્યો જોઇને કવિએ કલ્પના કરી છે કે-આ તો કિંનરોનું યુદ્ધ હોય તેમ જણાય છે. ] હસ્તીઓના દંતુશૂળના પરસ્પર ઘર્ષણથી પ્રગટેલા અગ્નિના કણિયાઓ, ધૂલિથી ગાઢ બનેલા અંધકારમાં ક્રીડા કરતા આગિયાના બચ્ચાં જેવા શોભવા લાગ્યા. 'અમે અમારા સુંદર બાહુથી તમને આલિંગન આપીશું' એમ જાણે સૂચવતી હોય તેમ પ્રસન્ન થયેલ અપ્સરાઓએ ભવિષ્યમાં થનારા સ્વામીઓના કંઠને વિષે પુષ્પની માળાઓ પહેરાવી. જાણે સ્વામીના મૂર્તિમંત તેજરૂપી અગ્નિ હોય તેવા ક્રોધને લીધે રક્તવર્ણા બનેલા સુભટો અગ્નિની સહચરી [ ધૂમ્રલેખા ] જેવી તલવારને ધારણ કરતા શોભવા લાગ્યા.

બાદ સાગરના તરંગોથી નદી પાછી હડસેલાય તેમ બાહુબલિના સૈન્યથી ભરત મહારાજાની સેના પાછી હઠી. એટલે સૂર્ય જેમ પોતાના અરુણ સારથીને આગળ કરીને પ્રયાણ કરે તેમ ભરત મહારાજા પણ પોતાના સેનાધિપતિ સુષેણને આગળ કરીને યુદ્ધ માટે આગળ ચાલ્યા. પોતાની સમક્ષ વડિલભ્રાતા ભરતને યુદ્ધ કરવાને તત્પર થયેલ જોઇને બાહુબલિ સમકાળે હર્ષ અને શોકના આવાસરૂપ બન્યા. બાદ યુદ્ધની દીક્ષા લીધેલી હોવાથી જાણે, તેજને લીધે દેદીપ્યમાન સૂર્ય સરખા હોય તેવા બાહુબલિ હસ્તિ ઉપર આરૂઢ થયા. જગતમાં અસાધારણ મલ્લ સમાન તે બંનેને સ્વયં યુધ્ધ માટે તૈયાર થયેલા જોઇને દેવોના ચિત્ત ધ્રુજી ઉઠયા, એટલે પ્રશાંત ભરત મહારાજા પાસે આવીને, આદરપૂર્વક આશીર્વાદ આપીને, પોતાની ચિત્તની શાંતિને માટે દેવોએ તેમને કહ્યું કે-"છ ખંડ ભરતક્ષેત્રના વિજયમાં હે નાભેયનંદન! કોઇ પણ વ્યકિત તમારી હરિફાઇ કરે તેવી નથી મળી કે જેથી હે મહાભુજ ! તમારા પોતાના બાહુની ખુજલીને દૂર કરવાને માટે તમારા ભાઇ બાહુબલિ સાથે યુધ્ધ કરતા શરમ નથી આવતી ?"

જવાબમાં ચક્રવર્તીએ કહ્યું કે-"હે દેવો ! તમારું કથન વ્યાજબી છે પણ ભાઈ બાહુબલિ

સાથેના યુદ્ધનું કારણ તમે સાચી રીતે જાણતા નથી. આ અમારા યુદ્ધમાં બાહુની ખુજલી દૂર કરવાનો હેતુ નથી પરંતુ ચક્ર રત્નનો આયુધાગારમાં અપ્રવેશ એ જ રણસંગ્રામનું ખરૂં કારણ છે. મને પોતાનો બનાવીને અને ચક્રરત્નને આયુધાગારમાં પ્રવેશ કરાવીને મારો લઘુ બંધુ બાહુબલિ ભલે છ ખંડ ભરતનો સ્વામી બને. આ યુધ્ધ અટકાવવાનો તમારો ખરેખરો પ્રયાસ હોય તો હમણાં જ મેં કહેલા વચનથી જ બાહુબલિને સમજાવો." એટલે દેવોએ કહ્યું કે-"જો બાહુબલિ ન માને તો પણ તમારે અસ્ત્રોદ્વારા યુદ્ધ ન કરવું. આ વિષયમાં તમને પરમાત્મા શ્રી ઋષભદેવની આણ છે. દૃષ્ટિયુધ્ધ, વાગ્યુદ્ધ, દંડયુધ્ધ અને ભુજાયુધ્ધદ્વારા તમારા બંનેનું બળ જણાઇ આવશે તો પછી ભયંકર આયુધોની યુધ્ધમાં શું જરૂર છે ?"

આ બાબતનો ભરત મહારાજાએ સ્વીકાર કર્યો ત્યારે દેવો સાક્ષાત્ વીર રસ સરખા બાહુબલિ પાસે ગયા અને હર્ષિત મનથી "જય પામો, જય પામો" જેવી શ્રેષ્ઠ આશીષ આપીને અમૃત જેવી મિષ્ટ વાણીથી મહારાજા બાહુબલિને કહ્યું કે-"હે નીતિજ્ઞ ! આ ભરત તમારો મોટો ભાઇ છે તો તમે તેને શા માટે સત્કારતા નથી ? એ વીર ! મહારાજા ભરત પ્રત્યે તમારો અત્યારનો આવો આવેગ શો ? ઋષભદેવ પરમાત્માએ જે રાગાદિ શત્રુઓને જીત્યા તે જ રાગાદિકને પોષણ આપવું તે તેમના પુત્ર એવા તમને ઉચિત છે ? નમસ્કાર માત્રથી તમારો મોટો ભાઇ જયારે સંતુષ્ટ બને છે તો પછી તે ભરતને પ્રસન્ન કરીને તમે શા માટે પૃથ્વીને આધીન નથી બનાવતા ?" બાહુબલિએ ગંભીર વાણીથી જવાબ આપ્યો કે-"જેણે વસ્તુનું રહસ્ય જાણ્યું નથી તેવાઓની જેમ (અજ્ઞાનીની જેમ) તમે આ પ્રમાણે કેમ કહી રહ્યા છો ? જો મારો મોટોભાઇ ભરત બંધુભાવથી મારી પાસેથી સત્કારની આશા રાખે છે તે યોગ્ય જ છે કારણ કે વડીલ બંધુ મારે મન પિતા સમાન છે. પ્રૌઢ પ્રતાપને કારણે સર્વત્ર વિજયી થવાથી મારા પર પણ આક્રમણ કરીને મને નમાવવા માગતા હોય તો તે સહન કરવા હું તૈયાર નથી. મહાપરાક્રમી એવા મહારાજા ભરતનું હજુ કાંઇ બગડી નથી ગયું. તે અહિંથી ચાલ્યા જાય એટલે હું પણ રણભૂમિમાંથી પાછો ફરી જાઉં. બીજા સામાન્ય રાજાની માફક મારા પ્રત્યે પણ આજ્ઞા કરવાને માટે ક્રોધપૂર્વક સજ્જ થઈ ભરત પર્વતને તોડી પાડવાને દોડતા હસ્તીના જેવી દશાને પ્રાપ્ત થશે. મંત્ર( વિચાર)હીન એવા મહારાજા ભરતનો ઉદ્યમ મુષ્ટિથી અગ્નિ પકડનારની જેમ અનર્થદાયક નિવડશે. પરમાત્મા શ્રી ઋષભદેવ સિવાય મારો બીજો કોઈ સ્વામી નથી. શું ચક્રવાકનો સ્વામી સૂર્ય સિવાય અન્ય કોઇ હોઈ શકે ?" ત્યારે દેવો બોલ્યા કે-"અગણિત ગુણના ભંડાર આ વિષયમાં અમારી નિર્મળ બુદ્ધિ પણ કાર્ય કરી શકતી નથી-રસ્તો શોધી શકતી નથી. એક તરફ તમારા પ્રણામની ઇચ્છાને લીધે ચક્રવર્તીનું ચક્ર જાણે હજુ અકૃતાર્થ રહ્યું હોય તેમ આયુધશાળામાં દાખલ થતું નથી, બીજી તરફ અમે આપનો વિનય જોઇ રહ્યા છીએ તો હે રાજન્ ! હવે અમારે કહેવું શું ? પરન્તુ હે જગત્સ્વામી ! આ સંબંધમાં અમે આપને વિજ્ઞપ્તિ કરીએ છીએ કે-પ્રાણીઓના સંહારરૂપ યુદ્ધદ્વારા તમારે લડવું નહીં. માત્ર દૃષ્ટિ, વાગ્ અને દંડ આદિ યુદ્ધદ્વારા તમારે પોતપોતાના બળની પરીક્ષા કરવાનો નિર્ણય કરવો. આ વિષયમાં અમે સાક્ષી તરીકે રહીશું." બાહુબલિએ દેવોનું કથન સ્વીકાર્યું એટલે અત્યંત દૂર ન જતાં દેવો મધ્યસ્થ તરીકે ઊભા રહ્યા.

બાદ પોતપોતાના સ્વામીની આજ્ઞાથી હાથી ઉપર ચઢીને રાજસેવકોએ સુભટ લોકોને જલ્દીથી રણસંગ્રામથી નિવાર્યા. રાજાજ્ઞા સાંભળીને બંને સેનાના રોષ પામેલા સુભટો, સર્વસ્વ હરાઇ ગયેલાની માફક દુઃખપૂર્વક રણભૂમિમાંથી પાછા ફર્યા. "મહાબલીષ્ઠ બાહુબલિ સાથે અત્યારે જે યુદ્ધ કરવાનું થયું તે ખરેખર આપણા સ્વામીને શિરે મોટું કલંક આવી પડયું. યુદ્ધ અટકાવવાની સલાહ આપવામાં દેવોને પણ શો દોષ દેવો ? **આ દેવોનું નામ સાર્થક નથી કારણ કે કૌતુકને કોણ ન જુએ ?** લઘુબંધુના ભુજાબળને જાણતા છતાં પણ ભરત મહારાજાએ આ પ્રમાણે કરવાનું કબૂલ કર્યું તેનું કારણ અમે સમજી શકતા નથી. ભવિતવ્યતા કેવી હશે ?" પોતાના સૈનિકોનો આવો વાર્તાલાપ સાંભળીને પોતાનું બળ દર્શાવવાને, તેઓને બોલાવીને ભરત મહારાજે કહ્યું કે-'મેં આજે એક દુઃસ્વપ્ન જોયું છે કે-સાંકળોથી બાંધીને, કિનારા પરથી ખેંચીને રાજાઓએ મને કૂવામાં પાડ્યો. અમંગળના નાશ માટે આ સ્વપ્ન* સાચું કરી બતાવવું જોઇએ, તો બળશાલી એવા તમે બધા તે પ્રમાણે હમણાં જ કરો." ભરત ચક્રીના આ પ્રમાણેના સાહસને નહીં ઇચ્છતા છતાં પણ રાજાઓને આજ્ઞા આપીને ચક્રવર્ત્તીએ એક કૂવો કરાવ્યો. તે કૂવાને કિનારે બેઠેલા ભરત મહારાજાને બધા રાજાઓએ સર્વસૈન્યના સમગ્ર બળપૂર્વક ડાબા હાથે બાંધેલ હજારો સાંકળોદ્વારા ખેંચ્યા. આટલા બધા બળપૂર્વક ખેંચવા છતાં ભરત મહારાજાનું રુંવાડું ય ન ફરકયું. બાદ તે જ ડાબા હાથને પોતાની છાતી પાસે લાવતાં તે બધા રાજાઓ, જાણે સંકેત કરાએલ હોય તેમ એકી સાથે ભૂમિ પર પડી ગયા. તથાપ્રકારનું ભરત મહારાજાનું બળ જોવાથી ચક્રવર્ત્તીના પરાક્રમની પ્રતીતિવાળા તે સર્વ રાજાઓ હર્ષને લીધે વિકસ્વર મુખવાળા બન્યા-હર્ષિત બન્યા.

પછી યુદ્ધના મેદાનમાં બાહુબલિ સાથે ભરતમહારાજાએ પ્રથમ **દૃષ્ટિયુદ્ધ** શરૂ કર્યું અને સન્મુખ ઉભેલા અનિમેષ દૃષ્ટિવાળા તેઓ બંને પ્રાતઃકાળના સૂર્ય અને પૂર્ણચંદ્ર જેવા શોભવા લાગ્યા. રણાંગણમાં આવેલ તે બંનેને સૌ પ્રથમ પ્રાપ્ત થયેલ ×નિર્નિમેષપણાને જોઇને, કવિ માને છે કે દેવો રોષિત બન્યા. અતિ પ્રદીપ્ત બાહુબલિના દીર્ઘ સમય સુધી જોવાથી ચક્રીએ પોતાની દગ્ધ થયેલ બંને ચક્ષુને અશ્રુદ્વારા સ્નાન કરાવીને પાંપણથી ઢાંકી દીધી, તે સમયે "ખરેખર બલશાળી બાહુબલિએ મહારાજા ભરતને જીતી લીધા છે." એવા પ્રકારનો દેવોએ કલકલનાદ કર્યો. દૃષ્ટિયુધ્ધમાં જીતાએલા ભરત સાથે ચતુર બાહુબલિએ **વાગ્યુદ્ધ** શરૂ કર્યું, ત્યારે ચક્રીએ સૂર્યના અશ્વોને ભયભીત કરનાર તેમજ ચંદ્રના લંછન હરણને નશાડી મૂકનાર ગગનવ્યાપી સિંહનાદ કર્યો. ત્રણ ભુવનને ચમત્કાર પમાડતો ભરત મહારાજાનો સિંહનાદનો ધ્વનિ શાંત થયો એટલે બાહુબલિએ દિશાઓને પણ

* અનિષ્ટ સ્વપ્ન આવ્યું હોય, અને તે પ્રમાણે કાર્ય કરી લેવામાં આવે તો તે દુઃસ્વપ્નનું ફળ નિષ્ફળ નીવડે છે.

× નિર્નિમેષપણું દેવોને જ હોય છે. યુદ્ધમાં વીરતાપૂર્વક મૃત્યુ સ્વીકારનારને દેવપણું પ્રાપ્ત થાય છે પરન્તુ ભરત બાહુબલિને તો વગર મૃત્યુએ નિર્નિમેષપણું-દેવપણું પ્રાપ્ત થયું જાણી દેવો રોષિત બન્યા હોય તેમ કવિએ કલ્પના કરી છે.

પૂરી દેતો સિંહનાદ કર્યો. પ્રલયકાળના મેઘધ્વનિ સરખો તે સિંહનાદ વ્યાપ્ત બન્યો ત્યારે જગત્ અકાળે પણ કલ્પાંત કાળની શંકા કરવા લાગ્યું. બાદ પર્વતના શિખરોને નીચે પાડતા અને સાગરને ખળભળાવતા બાહુબલિના સિંહનાદથી મહારાજા ભરત ફરીવાર જીતાઈ ગયા. પછી **મુષ્ટિયુદ્ધ** કરવાનો નિશ્ચય કરીને ગર્વીષ્ઠ તેમજ શકિતસંપન્ન તેઓ બંને જંગલી હસ્તીની માફક થોડું થોડું પાછા હઠ્યા. (કોઇની ઉપર મુષ્ટિપ્રહાર કરવો હોય ત્યારે થોડું પાછા હઠીને, પછી વેગપૂર્વક દોડીને પ્રહાર કરવામાં આવે તો તે પ્રહાર સખ્ત થાય છે.) જ્યારે ભરતમહારાજાએ દૃઢ મુષ્ટિથી બાહુબલિના મસ્તક પર પ્રહાર કર્યો ત્યારે મેઘોથી જેમ સૂર્ય અવરાય તેમ ક્ષણમાત્ર બાહુબલિ અંધકારથી ઘેરાયા બાહુબલિની આંખે અંધારા આવી ગયા. સજ્જનની નિંદા, મુનિજનોનો ક્રોધ અને ચંદ્રનું રાહુગ્રહણ જેમ ક્ષણ માત્રમાં નષ્ટ થાય છે તેમ બાહુબલિનો અંધકાર નાશ પામી ગયો-તેઓ સ્વસ્થ થઇ ગયા. બાદ બાહુબલિના મુષ્ટિના વજ્રપાતથી તાડન કરાયેલ ચક્રી સૈન્યના મનોરથની સાથે પર્વતની માફક ભૂમિ પર પડ્યા. ચંદ્રના કિરણો સરખા ચંદન-વિલેપનથી બાહુબલિવડે સીંચાએલ ભરત મહારાજાએ કુમુદના સમૂહની માફક મૂર્ચ્છાનો ત્યાગ કર્યો.

બાદ **દંડયુદ્ધ** કરવાનો નિર્ણય કરીને, હાથમાં દંડ લઇને યમની માફક ભયંકર એવા તે બંને દોડયા અને ભરત મહારાજાથી મસ્તક પર દંડવડે તાડન કરાએલ સુનંદાપુત્ર બાહુબલિ ખીલાની માફક પૃથ્વીમાં ઢીંચણ સુધી ખુંચી ગયા. પછી ખુંચેલા તે બંને ચરણોને બાહુબલિએ, કાદવવાળી ભૂમિમાંથી જાણે ખેંચી કાઢતા હોય તેમ ક્રીડામાત્રમાં ક્રમપૂર્વક બહાર ખેંચી કાઢયા. બાદ બાહુબલિદ્વારા મસ્તક પર તાડન કરાયેલ ભરત મહારાજા જાણે શરમને લીધે જ હોય તેમ પૃથ્વીપીઠમાં આકંઠ (ગળા સુધી) ખુંચી ગયા. ખુંચી ગયેલ ચક્રીનું મુખ, પોતાના યશરૂપી ચંદ્રને ગળવાથી રાહુ સરખા શોકને લીધે શ્યામવર્ણું બની ગયું. પછી ખુંચેલા ભરત મહારાજાને લોકોએ કોદાળીવડે ખોદીને ખાડામાંથી બહાર કાઢ્યા તે જાણે કે દેવાદારને લેણદારોએ મુક્ત કર્યો હોય તેમ જણાયું. આ પ્રમાણે બધી રીતે જીતાયેલા અને 'હું ચક્રવર્ત્તી નહીં, આ બાહુબલિ ચક્રી જણાય છે.' એમ મનમાં ચિંતવતાં ભરત ચક્રી ખેદ પામ્યા. આ પ્રમાણે તેઓ વિચારી રહ્યા હતા તેવામાં ચક્રીપણાના સંદેહને નષ્ટ કરવા માટે અકસ્માત્ તેમના હાથમાં, જેમ આકાશમાં સૂર્ય આવે તેમ દેદીપ્યમાન ચક્ર-રત્ન આવ્યું. પાસે આવેલા તે ચક્રથી મહારાજા ભરત અત્યંત પ્રકાશવા લાગ્યા તે જાણે કે સૂર્યમંડળને અંગે સૂર્યકાન્ત મણિનો રાશિ શોભી ઉઠે તેમ જણાયું. પછી આકાશપથમાં રહેલા શાંત દેવોને પણ ત્રાસ પમાડતાં તેમજ નિઃશંક બનેલ ચક્રવર્ત્તી ભરતે બાહુબલિના વધને માટે ચક્ર છોડયું, પરન્તુ જેમ સૂર્ય મેરુપર્વતને પ્રદક્ષિણા આપે તેમ કલ્યાણશાળી બાહુબલિને ચક્રે પ્રદક્ષિણા આપી. "સમર્થ હોવા છતાં પણ ચક્રનું સ્વગોત્રીય પર જોર ચાલતું નથી" એમ જાણે વિચારીને જ હોય તેમ ચક્રીના મનોરથોને નિષ્ફળ બનાવતું ચક્ર રત્ન પાછું ફર્યું. બાદ "ગર્વીષ્ઠ અને ચક્રવાળા ભરતરાજને હું બાળી નાખીશ" એમ વિચારીને ક્રોધવડે મુષ્ટિ ઉપાડીને (ઉગામીને) બાહુબલિ દોડયા, તેવામાં "આ ચક્રી છે." એમ નજીકમાં રહેલાઓના મુખમાંથી નીકળેલ ધ્વનિ આકાશરૂપી ગુફામાં વ્યાપી ગયો અથવા હાહાકાર મચી ગયો. તે સમયે વિવેકરૂપી સૂર્યને અંગે નષ્ટ થયેલ માનસિક અંધકારવાળા, પોતાનો

જાતને પરાક્રમી માનતા ગર્વીષ્ઠ બાહુબલિ વિચારવા લાગ્યા કે–"સમસ્ત જગતને જીતનાર આ ભરત ક્રોધાદિક શત્રુઓથી જીતાએલ છે તો અન્યથી જીતાયેલ તેને જીતવાના મારા આ ઉદ્યમને ધિક્કાર હો ! જો હું ત્રણ જગતને જીતનાર આ પ્રેતસ્વરૂપ રાગાદિ દોષોને જીતું તો જ જગતના સ્વામી ઋષભદેવનો હું પુત્ર સાચો ઠરું." આ પ્રમાણે વિચારણા કરીને તેઓના (ક્રોધાદિના) હંમેશા વાસસ્થાનરૂપ બનેલ નવ દ્વારવાળા નગરને વિષે મસ્તકની આસપાસથી કેશરૂપી જંગલને ખેંચી કાઢ્યું. (શરીરમાંથી નવ દ્વારો હમેશા વહ્યા કરે છે, તેને નગરની ઉપમા આપી છે. નગરના પ્રાંતભાગે જેમ જંગલ હોય તેમ શરીરને છેડે રહેલ મસ્તકને જંગલ બનાવ્યું.) તેમણે કેશલોચ કર્યો. દ્રઢ મનોબળવાળા તેમણે સર્વ સાવદ્ય યોગોનો ત્યાગ કરીને, અન્નપાણીનો ત્યાગ કરી દેહ–પોષણ પણ બંધ કર્યું–તપશ્ચર્યા શરૂ કરી.

બાદ "મારા લઘુ બંધુઓ કેવળજ્ઞાની બન્યા છે તો પરમાત્માની પાસે જઇને મારે સાક્ષાત્ તેમને કેવી રીતે વાંદવા ? તો આનંદના મંદિરરૂપ કેવળજ્ઞાનને આ સ્થળે જ પ્રાપ્ત કરીને, ભાઇઓ જેવો બનીને પછી પિતા શ્રી ઋષભદેવની પર્ષદામાં જઈશ" આ પ્રમાણે મનમાં વિચારીને, મોહરાજાને જીતવાથી બલીષ્ઠ બનેલ બાહુબલિએ તે જ સ્થળે કાયોત્સર્ગ કર્યો. પોતાના ભાઈ બાહુબલિને તથાપ્રકારની સ્થિતિવાળા જોઇને ભરત પોતાના કૃત્યથી ખિન્ન બનીને, આંખમાંથી આંસુ સારવા લાગ્યા. 'આ ચક્રીપણાને ધિક્કાર હો ! જેથી ભાઇઓનો મને વિરહ થયો. તે સુવર્ણ શા કામનું કે જેથી શીઘ્ર કાન તૂટી જાય ? હું તે કાગડાને પણ ધન્ય માનું છું જે પોતાના કુટુંબીજનો સાથે બેસીને અલ્પ એવા બલિનો પણ ઉપભોગ કરે છે પરન્તુ પોતાની જાતને બંધુ રહિત કરવા ઇચ્છતા નથી. પોતાના ભાઇઓની સાથે વહેંચીને જે લક્ષ્મીનો ઉપભોગ ન કરાય તેવા પુરુષની લક્ષ્મીને વિધિએ વ્યાધિરૂપ બનાવી છે એમ હું માનું છું.' આ પ્રમાણે વિચારીને ખેદ પામેલા ભરતચક્રી વૈરાગ્યવાસિત બંધુ બાહુબલિના ચરણમાં પડીને ગદ્ગદ સ્વરે બોલવા લાગ્યા કે–"હે સૌમ્ય ! તું જ પિતાનો ખરો પુત્ર છે, હીનપરાક્રમવાળો હું નહિ; કારણ કે હણવા લાયક એવા મારા વિષે પણ તું દયાળુ બન્યો. પૂર્વે અટ્ઠાણું ભાઇઓથી ત્યજાયેલો હું પાપી છું, હવે હે ભાઈ! મને એકલો ત્યજી દેતો તું મને દીન ન બનાવ. હે ભાઈ! તમે આ રાજ્યનું પાલન કરો, તમે પિતાના જેવા ગુણવાળા છો, હું ચક્રવર્ત્તી હોવા છતાં તમારા વાહનરૂપે બનીશ–હું તમને ખાંધે બેસાડીશ અથવા તમારી આજ્ઞા હું માન્ય રાખીશ. પોતાના વર્તનરૂપી અગ્નિથી દગ્ધ બનેલ મારા પર તું વાણીરૂપી અમૃત છાંટ (મને બોલાવ). હે દયાળુ ! હે ભાઇ ! પ્રલાપ કરતાં એવા મારા પર કરુણા કર."

આ પ્રમાણે બોલતાં ચક્રવર્ત્તીને સચિવોએ કહ્યું કે–"હે સ્વામિન્ ! નિશ્ચિત વ્રતને ધારણ કરનાર આ બાહુબલિ બોલનાર નથી." પોતાના પ્રધાનોના વચનથી બાહુબલિના નિશ્ચયને જાણીને ઉન્મુખ તેમજ અશ્રુયુક્ત નેત્રવાળા તથા તેમના ચરણને સ્પર્શ કરતાં ભરત મહારાજા બોલ્યા કે–"હે મુનિશ્રેષ્ઠ ! તમારે જો મને જવાબ ન આપવો હોય તો ન આપો, પરન્તુ પ્રસન્ન દૃષ્ટિથી જોવામાં પણ શું આપને સંકોચ થાય છે ?" એટલે બાહુબલિ મુનીશ્વરે સંતોષરૂપી અમૃતને વર્ષાવતી દૃષ્ટિવડે હર્ષથી વિકસ્વર રોમરાજીવાળા મહારાજા ભરતને નીહાળ્યા. બાદ ભરત ચક્રવર્ત્તીએ બાહુબલિ મુનીશ્વરના બંને ચરણોને અશ્રુજળથી ધોઇને તેમજ કેશપાશથી લૂંછીને વિદાયગિરી લીધી.

પછી ચંદ્ર જેવા ઉજ્જવળ **સોમયશા** નામના બાહુબલિના પુત્રને ભરત મહારાજાએ તક્ષશિલાની રાજગાદીએ બેસાડ્યા. બાદ પોતાના સમગ્ર સૈન્યની સાથે ભરત મહારાજા અયોધ્યા નગરીએ પહોંચ્યા અને ચક્રરત્ન પણ શસ્ત્રાગારમાં પ્રવેશ્યું. ઇંદ્રને જીતનાર, પુણ્યને અંગે પ્રાપ્ત થયેલ સંપત્તિના કારણે દેદીપ્યમાન ભાગ્યવાળા અને બંધુઓના વિયોગને કારણે વિષાદ ધારણ કરતાં મહારાજા ભરત, પવનને અંગે ફરફરાએલ ધ્વજાવાળી અયોધ્યા નગરીમાં દાખલ થયા.

× × ×

હે વસ્તુપાલ! તારો યશ ત્રણ જગતમાં પ્રસરેલો છે. તેના વિસ્તાર (વિશાળ) પણાના મહિમાને અમે કઇ રીતે કહી શકીએ? તમારા યશના પ્રતાપને લીધે અત્યંત તેજસ્વી બનેલ ચંદ્ર પોતાના દુશ્મન રાહુને ગળી ગયો, જેને લોકો લાંછનરૂપે ઓળખાવી રહ્યા છે.



ૐ

## સર્ગ પાંચમો.

### શ્રી શત્રુંજય તીર્થની ઉત્પત્તિ અને શ્રી ઋષભસ્વામીનું નિર્વાણ

[ **સર્ગ સારાંશ**—છ ઋતુનું વર્ણન—બાહુબલિને કેવળજ્ઞાનપ્રાપ્તિ—પરમાત્માનું અષ્ટાપદે આગમન—રાજપિંડનો નિષેધ—અવગ્રહાદિનું સ્વરૂપ—વેદોની ઉત્પત્તિ—ત્રિદંડી મરિચીનું વૃત્તાંત—શત્રુંજયનું માહાત્મ્ય—પુંડરીક ગણધરાદિનું મોક્ષગમન—ઋષભદેવનું અષ્ટાપદે આગમન—ભરત તથા સર્વ ઇંદ્રોનું આગમન અને ઋષભસ્વામી નિર્વાણ. ]

**આ** બાજુ સાત્ત્વિક ભાવને અંગે સ્થિર (દ્રઢ) આકૃતિવાળા તેમજ ધ્યાનસ્થ બાહુબલિ કાયોત્સર્ગમાં સ્થિર રહ્યા. ત્રૈલોકયને જીતનાર તેમજ રાજાઓના પણ સ્વામી એવા બાહુબલિના દેહ પર **હેમંત ઋતુએ,** તેમને હિમાલય જેવા માનીને પોતાનું શીતળ પવનરૂપી અસ્ત્ર છોડયું—હેમંત ઋતુનો સખ્ત શીતળ વાયુ વાવા લાગ્યો; પરન્તુ ઝળહળતા ધ્યાનરૂપી અગ્નિથી શીતળતારૂપી જ્વરને નષ્ટ કરનાર બાહુબલિ પ્રત્યે હેમંતઋતુનું કશું બળ ચાલ્યું નહીં. (બાહુબલિ શીત પરિષહથી ડગ્યા નહીં) પોતાના નામને નષ્ટ કરનારી તપશ્ચર્યાઓને સ્થાન આપનાર (તપસ્વી) બાહુબલિને પીડા કરવાને માટે માઘ(માહ)માસ આવી પહોંચ્યો, પરન્તુ વજ્ર પર **લોહની** જેમ, સાધુપુરુષ પ્રત્યે દુર્જનની જેમ તેમજ મહાસાગરમાં ગ્રીષ્મઋતુની જેમ **શિશિર ઋતુ** પણ તપોનિધાન બાહુબલિ પ્રત્યે નિરર્થક નીવડી. બાદ ચક્રવર્ત્તીથી પણ અજેય એવા બાહુબલિને જીતવાને માટે જાણે ઉત્સુક થયેલ હોય તેમ ત્રિભુવનવિજેતા કામદેવે ચૈત્રમાસને આગળ કર્યો—ચૈત્રમાસ (વસંત ઋતુ) આવી પહોંચ્યો. કામદેવના અગ્ન્યાસ્ત્ર સરખા ભ્રમણ કરતાં ભમરાઓરૂપી ધૂમાડાથી વ્યાપ્ત એવા કેશુડો, અશોક (આસોપાલવ) અને ચંપક વિગેરેથી **વસંત ઋતુ** શોભી ઊઠી. મોહને જીતનાર તેમજ કામદેવને નષ્ટ કરનાર એવા બાહુબલિ પર વસંત ઋતુના સ્વામી (કામદેવ) વિહુણા બાણો (કુસુમો અને પ્રપુલ્લિત વૃક્ષરાજી) શું કરી શકે?—વસંત ઋતુનું બળ નિષ્ફળ નીવડયું. કામદેવથી પણ નહીં જીતાયેલ અને ચક્રવર્ત્તીને પણ જીતનાર તે મુનીશ્વર પર ભયંકર **ગ્રીષ્મ ઋતુએ** પોતાનું પરાક્રમ દર્શાવવા માંડયું. ખેરના અંગારા જેવા કઠોર કિરણો ફેંકનાર સૂર્ય

પ્રત્યે બાહુબલિ અત્યન્ત શાંતિરૂપી અમૃતજળને વરસાવનાર મેઘરૂપ બન્યા. ચારે બાજુથી વૃદ્ધિ પામતા હોય તેવા જગતના જીવોના પ્રેમને લીધે જ જાણે હોય તેમ બાહુબલિ કંઇક રક્તવર્ણા બન્યા, પણ સૂર્યના આતાપથી નહીં. બાહુબલિનું અગ્ન્યાસ્ત્ર સરખું કઠોર તપ જોતાં સૂર્યે ગ્રીષ્મઋતુની પ્રાંતે મેઘાસ્ત્ર (**વર્ષાઋતુ**) ઉલ્લસિત કર્યું-પ્રગટ કર્યું. જેણે ચક્રીના દંડ-પ્રહારને તૃણ તુલ્ય પણ ન ગણ્યા તેને મેઘની જળ-ધારારૂપી દંડો શું કરી શકે? "પ્રતિજ્ઞાના ભારવાળા (પ્રતિજ્ઞાવાન) આ બાહુબલિને હું ધારણ કરી શકીશ નહીં" એમ વિચારીને જ હોય તેમ શેષનાગથી મોકલાએલા, પાતાળમાંથી નીકળી આવેલા, શ્યામવર્ણા અને વક્રગતિ-વાળા સર્પોએ આવીને લતાસમૂહના બહાનાથી બાહુબલિના સર્વાંગને લપેટી લીધું-બાહુબલિના દેહ ફરતી વેલડીઓ વીંટળાઇ વળી. બાણ (શરપુંખ નામનું વૃક્ષવિશેષ) અને આસન (જીરાનું ઝાડ)ના વૃક્ષોમાં ગુંજતાં ભ્રમરાઓ દ્વારા બાહુબલિને ક્ષોભ પમાડવા માટે વર્ષાઋતુએ હુમલો કર્યો. આ પ્રમાણે આ મુનિશ્રેષ્ઠના અદ્ભુત પરાક્રમથી તુષ્ટ બનેલ અને નિર્મળ એવા જળે **શરદ્ઋતુ**માં પોતાના વિકસિત કમળદ્વારા મુખરૂપી હાસ્ય કર્યું શરદ્ઋતુ આવી પહોંચી અને કમળો વિકસ્વર થયા. બાદ જ્યારે બાહુબલિએ શુકલધ્યાન શરૂ કર્યું ત્યારે ખરી પડેલ મોરપીંછના બહાનાથી શેષ ધ્યાનના તેજો, જાણે શોકને લીધે જ હોય તેમ ભૂમિ પર આળોટવા લાગ્યા. વળી બાહુબલિ મુનિરાજના યશ તેમજ પ્રતાપે અનુક્રમે મેઘ, મોતી, ચંદ્ર અને સૂર્યમંડળના બહાનાથી નિર્મળપણું પ્રાપ્ત કર્યું હોય તેમ જણાતું હતું. (શરદ્ ઋતુમાં મેઘ, જળવિનાના શ્વેત અભ્ર જેવો બની જાય છે, ચંદ્ર અને સૂર્ય પણ વાદળ રહિત હોવાથી નિર્મળ જણાય છે અને મોતી પણ શરદ્ ઋતુમાં સ્વાતિ નક્ષત્રમાં પ્રગટે છે.)

કેવળજ્ઞાનને યોગ્ય બાહુબલિના મનરૂપી મંદિરની શુધ્ધિને માટે ઋષભદેવે **બ્રાહ્મી** તથા **સુંદરી** સાધ્વીઓને મોકલી. જતી એવી તે બંનેને કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીને આકર્ષણ કરવામાં મંત્ર સમાન શિક્ષા પરમાત્મા શ્રી ઋષભદેવે આપી કે "હે બંધો! હાથીથી નીચે ઊતરો,' એમ પ્રભુએ કહેવરાવ્યું છે." તે સ્થળે ગયા બાદ તે બંનેએ મુનીશ્વરને જોયા નહીં પરન્તુ શ્વાસો-શ્વાસ લેતી પુરુષની આકૃતિરૂપ વેલોના ઝુંડ-જથ્થાને જોયો. તે વેલોના સમૂહમાં તેમને રહેલા જાણીને તે બંનેવડે બોલાયેલી અને નજીકમાં રહેલ કૈવલ્યજ્ઞાનરૂપી લક્ષ્મીને સૂચવનારી વાણી તે મુનીશ્વરે સાંભળી કે "હે ભાઈ! હાથીથી નીચે ઊતરો!" આ પ્રમાણેના તે બંનેના વચનો સાંભળીને વિચારણા કરતાં તે મુનિવર ઘણો સમય ઊભા રહ્યા. "ખરેખર આ શબ્દો બ્રાહ્મી તથા સુંદરીના જ છે. તેઓ બંને કદી અસત્ય બોલે નહીં અને હું હાથી ઉપર ચડયો નથી." આ પ્રમાણે વિચારણા કરતાં તેમને સમજાયું કે-"મેં લઘુ બંધુઓને વંદન નહીં કરવાનો જે વિચાર કર્યો તે જ ખરેખર માનરૂપી હસ્તી છે અને તેના પર હું આરૂઢ થયેલો છું. જડ બુદ્ધિવાળા મને ધિક્કાર હો! આ પ્રમાણે વાસ્તવિક સ્થિતિ સમજીને મારા પ્રત્યે દયા દર્શાવતાં પિતાશ્રી ઋષભદેવે શિયલના આવાસરૂપ (બ્રહ્મચારિણી) બંને સાધ્વીઓને મારા પ્રતિબોધ માટે મોકલી છે. લઘુ હોવા છતાં કેવળજ્ઞાનને અંગે ગુણાધિક એવા તે બંધુઓને, નિર્મળ પુષ્પ-રાશિની માફક મારા મસ્તક પર ચડાવીશ અર્થાત્ હું તેમને પ્રણામ કરીશ." આ પ્રમાણે વિચા-રીને પગ ઉપાડીને માનરૂપી હસ્તીનો નાશ કરવાથી તે મુનિસિંહે મુક્તાફળ સમાન કેવળજ્ઞાનની

પ્રાપ્તિ કરી. સર્વ પ્રકારે માનથી રહિત થયે છતે સ્ફુરાયમાન કેવળ લક્ષ્મીદ્વારા આલિંગન અપાયેલ તે બાહુબલિ મુનિશ્રેષ્ઠનું મન તેમાં જ લયલીન બની ગયું. તે સમયે આકાશમાં દેવ-દુંદુભી વાગવા લાગી અને પુષ્પવૃષ્ટિ થઈ. વળી ભક્તિભરપૂર દેવ તેમજ અસુરો તેમને વંદન કરવા માટે આવી પહોંચ્યા. આ પ્રમાણે દેવસમૂહથી પરિવરેલ નિષ્પાપ બાહુબલિ મુનિ પરમાત્માના સમવસરણમાં આવી પહોંચ્યા અને પરમાત્માને પ્રદક્ષિણા આપીને, કેવળીની પર્ષદામાં જઇને જાણે મોતીની માળાને વિષે મધ્યચંદ્રક ( ચગદું ) હોય તેમ બેઠા.

જેમ ચંદ્ર નક્ષત્રોની સાથે ઉદયાચળ પર આરૂઢ થાય તેમ કોઈ એક દિવસે પરમાત્મા શ્રી ઋષભદેવ મુનિવરોની સાથે અષ્ટાપદ પર્વત પર ચઢયા. ત્યાં આગળ દેવોએ સમવસરણની રચના કરી અને તેમાં ચતુર્મુખ બનીને પ્રભુએ ધર્મોપદેશ કર્યો. બાદ તે સમયે એકી વખતે આવી પહોંચેલ ભરત તથા સૌધર્મેંદ્રે પરમાત્માની દેશના સાંભળી. દેશના પૂર્ણ થયા બાદ, પોતાના ભાઇઓને જોઇને અત્યંત વાત્સલ્ય ભાવવાળા ભરત મહારાજે તેઓને ભોગોપભોગની પ્રભુને પ્રાર્થના કરી ત્યારે શ્રી ઋષભદેવે તેમને જણાવ્યું કે-"પોતાની પ્રતિજ્ઞાને પાલન કરનારા તેઓ શા માટે ભોગોની વાંછના કરે ?" બાદ ન્યાયપરાયણ ભરતે શાંતિરૂપી જળના કૂવા સમાન સામગ્રી પૂરી પાડવાને સ્વભ્રાતાઓને માટે રસવતી ( રસોઈ ) મગાવીને પરમાત્માને પ્રફુલ્લ મને વિનતિ કરી કે-"હે સ્વામિ ! મારા સમતા ગુણધારી બાંધવોને ભોજન લેવા માટે આજ્ઞા આપો !" ત્યારે પ્રભુએ કહ્યું કે-"સાધુઓને નિમિત્તે કરાએલ રસવતી કલ્પી શકે નહીં તો પછી આ તારા કેવળજ્ઞાની ભાઇઓ કઇ રીતે તે વાપરી શકે ?" ત્યારે ભરત મહારાજાએ પુનઃ વિજ્ઞપ્તિ કરી કે-"હે જગતસ્વામી ! તેમના નિમિત્તે નહીં કરાયેલ આહાર માટે તેઓને મારા ગૃહે મોકલો !" ત્યારે પણ પ્રભુએ તેમને વાસ્તવિક જણાવ્યું કે-" હે રાજન્ ! સાધુઓને રાજપિંડ કલ્પતો નથી. "

સર્વથા પ્રકારે પરમાત્માવડે પરાભવજન્ય ગ્લાનિને કારણે શ્યામ મુખવાળા ભરતનો નિષેધ થવાથી " આ ભરતરાજા ખેદનું પાત્ર ( ખિન્ન ) ન બનો !" એમ વિચારીને સૌધર્મેંદ્રે પરમાત્માને અવગ્રહના પ્રકારો પૂછયા ત્યારે જગદ્ગુરુએ કહ્યું કે-" ઇંદ્રનો, ચક્રવર્ત્તીનો, માંડલિક રાજાનો, ગૃહસ્થનો અને ગુરુનો—આ પ્રમાણે પાંચ પ્રકારનો અવગ્રહ છે, અને તે પાંચે પુણ્યના હેતુભૂત છે." ત્યારે ઇંદ્ર મહારાજ પ્રભુને પ્રણામ કરીને બોલ્યા કે-"હે પ્રભો ! આ ભરતક્ષેત્રમાં સાધુઓને રહેવા માટે હું અવગ્રહ ( સંમતિ ) આપું છું." આ પ્રમાણેના ઇંદ્રના કથનને સાંભળીને હર્ષિત બનેલા ભરત ચક્રવર્ત્તીએ પણ પરમાત્માને નમસ્કાર કરીને કહ્યું કે-" હે નાથ ! આ ભરતભૂમિ પર સાધુઓને વિચરવાની હું પણ સંમતિ આપું છું."

બાદ ચક્રીએ ઇંદ્રમહારાજને પૂછયું કે-" આ આણેલી રસવતી મારે કોને આપવી તે તમે જણાવો." ત્યારે ઇંદ્રે કહ્યું કે-"અધિક ગુણશાળી વ્યક્તિની પૂજા કરવી જોઇએ." એટલે ' સાધુઓ સિવાય મારા કરતાં વિશેષ ગુણશાળી વ્યક્તિ કોણ છે ? ' તે સંબંધી વિચારણા કરતાં તેમને સમજાયું કે-મારાથી અધિક ગુણવાળા શ્રાવકો છે. તેઓની પૂજા મારે કરવી જોઈએ. આ પ્રમાણે ભરત મહારાજાએ નિર્ણય કર્યો. બાદ સૌધર્મેંદ્ર પરમાત્માને નમીને સ્વર્ગમાં ગયા ત્યારે

ચતુરશિરોમણિ ભરત અયોધ્યામાં આવી પહોંચ્યા. સૂર્યની માફક નગરરૂપી કમળોને લક્ષ્મીની પ્રાપ્તિ કરાવતા પરમાત્મા પણ અષ્ટાપદ પર્વત પરથી વિહાર કરી ગયા.

બાદ ધર્મમાં આસકત ચિત્તવાળા ભરતે ઘણા શ્રાવકોને બોલાવીને આ પ્રમાણે કહ્યું કે-- "તમારે મારા મહેલને વિષે ભોજન કરવું. તમારે કૃષિ (ખેતી) પ્રમુખ ક્રિયાઓ કરવી નહીં; ફક્ત ધર્મધ્યાનમાં જ લયલીન રહેવું. ભોજન કર્યા બાદ મારી સમક્ષ આવીને **'ભય વર્તે છે, આપ જીતાયા છો, તેથી કોઇ પણ પ્રાણીને હણો નહીં, હણો નહીં,'** આ પ્રમાણે નિષ્કપટભાવભર્યું વાકય બોલવું." ભરત મહારાજાનું તે કથન સ્વીકારીને શ્રાવકો તેમના ભવનમાં પ્રતિદિન જમવા લાગ્યા અને મોહરૂપી વિષનો નાશ કરવામાં ગારુડિક મંત્ર સમાન તે વાકય બોલવા લાગ્યા. પ્રમાદી અને ભોગવિલાસમાં આસક્ત ભરત મહારાજા પ્રતિદિન આ વાકય સાંભળીને વિચારવા લાગ્યા કે-"હું કોનાથી જીતાયો છું ? હા, જણાયું. કષાયોથી, અને તેનાથી જ દુર્ધર એવો ભય જણાય છે. મારે કોઈપણ જીવનો વધ કરવો જોઇએ નહીં." તે શ્રાવકો પણ નીતિવિશારદ ચક્રવર્ત્તીને વૈરાગ્યરૂપી સાગરને ઉલ્લસિત કરવામાં ચંદ્ર સમાન વાકય યાદ કરાવવા લાગ્યા. પ્રમાદરૂપી વૃક્ષોથી ઘેરાયેલ ભરત મહારાજારૂપી પર્વતને વિષે શ્રાવકોની વાણીરૂપી પવિત્ર જળપ્રવાહથી ધ્યાનરૂપી અગ્નિ પ્રજવળી ઉઠયો. (આ શ્લોકમાં કવિએ ચમત્કૃતિ દર્શાવી છે. જળપ્રવાહથી અગ્નિ શાંત થઈ જાય તેને બદલે અહીં અગ્નિ પ્રજવળી ઊઠેલ દર્શાવેલ છે.)

બાદ "અમે શ્રાવકને અને અશ્રાવકને જાણી શકતા નથી." એમ રસોડાના ઉપરીઓએ જણાવ્યું ત્યારે ચક્રીએ અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રત (એ બાર પ્રકારના વ્રત)થી તેઓની પરીક્ષા શરૂ કરી. પરીક્ષામાં પાસ થયેલા શ્રાવકોને ચક્રીએ રત્ન ત્રયને (જ્ઞાન, દર્શન અને ચારિત્રને) સૂચવનાર ત્રણ રેખાઓ કાંકિણી રત્નવડે કરી. તેમજ રાજાઓને વિષે સૂર્ય સદૃશ તેમણે તેમને અધ્યયન કરવા માટે **આર્ય વેદોની** રચના કરી. **ખરેખર મહાત્મા પુરુષોની પ્રવૃત્તિ પારકાના હિતને માટે હોય છે.** વચગાળાના સમયમાં તીર્થનો વિચ્છેદ થવાથી કદાગ્રહને કારણે તે લોકો **અનાર્ય** અને મોહાવેશથી **મિથ્યાત્વી** બન્યા.

આ બાજુ પરમાત્મા પાપને નષ્ટ કરનાર અષ્ટાપદ પર્વત પર આવ્યા અને તેમને આવેલા જાણીને વાંદવાને માટે ભરત મહારાજા ગયા. ત્યાં આગળ પ્રભુને બે હાથ જોડીને, નમસ્કાર કરીને, ભરત મહારાજાએ ત્રેશઠ શલાકા પુરુષની કથા સાંભળી. બાદ તેમણે પ્રભુને પૂછયું કે- "હે સ્વામિન્ ! આ સભામાં આપની સમાન થનાર કોઇ છે ?" ત્યારે પરમાત્માએ તેમને કહ્યું કે- "પૂર્વે મારી પાસે દીક્ષા લીધેલ તારો પુત્ર મરિચી છે. સુખલાલસાવાળો તે દીક્ષાના ભારને વહન કરવાને અશક્ત બનીને મૂર્તિમાન કર્મ સરખા છત્રને આચ્છાદનરૂપે ધારણ કરતો, 'હું કષાયમુક્ત છું' એમ વિચારીને કાષાયી (ગેરુઆ) વસ્ત્રોને ધારણ કરતો, હું ત્રણ (મન, વચન ને કાયાના) દંડથી દંડાયેલો છું એમ માનીને ત્રિદંડને ધારણ કરતો તેમજ 'સ્વભાવથી હું સદ્વાસનાવાળો નથી' એમ સૂચવવા માટે દેહ પર ચંદનનું વિલેપન કરતો તે મરિચી પરિવ્રાજકપણાને પામ્યો છે. **ખરેખર આ જગતમાં ભાવીભાવ મિથ્યા થઈ શકતો નથી.** અમારી સાથે વિહાર કરતો તે નવીન રુચિવાળા લોકોને ધર્મોપદેશ કરી

રહ્યો છે. સાધુ મહાત્માઓનો પાંચ મહાવ્રતરૂપી ધર્મ છે તે જ ખરેખર મોક્ષનો માર્ગ છે. તે પાળવાને અશક્ત હોય તે શ્રાવક થાય–શ્રાવક ધર્મ પાળે. પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત છે. (શિક્ષાવ્રતમાં ત્રણ ગુણવ્રતનો સમાવેશ કર્યો છે.) જો અનુપમ સુખની ઈચ્છા હોય તો શ્રાવકે આ વ્રતો પાળવાં જોઇએ. પ્રતિબોધ પામીને જે લોકો સંસારથી ઉદ્વિગ્ન થતાં અને શ્રાવક અથવા સાધુઓના વ્રતની માગણી કરતાં તેઓને તે કહેતો કે-'હું તે વ્રત પાળવાને અશક્ત છું, જેથી મંદબુદ્ધિવાળા મેં પરિવ્રાજકપણું સ્વીકારેલ છે તો તમે પરમાત્મા પાસે જાઓ.' તે ભવભીરુ લોકો મારી પાસે આવીને યોગ્યતાનુસાર વ્રત સ્વીકારતા હતા. **આ જગતમાં અર્થી જનોની (વ્રતાભિલાષી જનોની) પ્રવૃત્તિ સ્વાર્થ સાધવાની (શ્રેય સાધવાની) હોય છે.** આ પ્રમાણે અમારી સાથે હાલમાં વિહાર કરતો, ધર્મધ્યાની, મુનિ, દેવ અને દાનવના મુગટ-મણિની કાંતિથી પ્રકાશિત ચરણવાળો તારો પુત્ર મરિચી મારી સરખી ઋદ્ધિવાળો ચોવીશમો તીર્થંકર થશે.

બાદ ભરત મહારાજાએ પર્ષદામાંથી ઊઠીને, મરિચી પાસે જઈને, તેને પ્રદક્ષિણા આપીને, બે હાથ જોડીને નમસ્કાર કર્યો અને બોલ્યા કે–"હું આ તમારા પરિવ્રાજકપણાને તેમજ આ તમારા જન્મને નહીં પરન્તુ તમારા ભાવી તીર્થંકરપણાને વંદન કરું છું." બાદ પરમાત્માને નમીને ભરતમહારાજા ગયા એટલે પવન જેવી અસ્ખલિત ગતિવાળા પરમાત્મા પણ અન્યત્ર વિહાર કરી ગયા

બાદ લોકોના દુષ્કર્મરૂપી શત્રુઓના નાશને માટે પોતાના ચરણોથી પૃથ્વીને પાવન કરતાં પરમાત્મા શ્રી ઋષભદેવ **શત્રુંજય**ગિરિએ આવી પહોંચ્યા. તેને જોઇને, પરમાત્માએ તે સ્થળને ત્રણ લોકને વિષે મુનિધર્મની રક્ષા કરવા માટે કિલ્લા સદૃશ નિરુપદ્રવ સ્થાન માન્યું. પછી સૌથી પ્રથમ કેવળજ્ઞાની જગદ્ગુરુ પરમાત્માએ પિંડાકારે બનેલ માહાત્મ્યના નિધાન સરખા તે પર્વ-તેંદ્રને જાણીને જેમ વીરપુરુષ શત્રુને ત્રાસ પમાડવા માટે હસ્તી પર આરોહણ કરે તેમ પરમાત્મા મહામોહને નસાડી મૂકવા માટે તે પર્વત પર ચઢ્યા. પરમાત્માની સાથે, મોક્ષમહેલના પગથિયા સ્વરૂપ તે ગિરિરાજ પર અત્યન્ત ઉત્સુક પુંડરીકાદિ મુનિવરોએ પણ આરોહણ કર્યું. તે પર્વત પર ચઢેલા પરમાત્મા શ્રી ઋષભદેવ જાણે સંસાર–સાગરને પાર કરીને મોક્ષરૂપી બેટમાં પહોંચ્યા હોય તેમ શોભવા લાગ્યા. પરમાત્માની કાંતિના સમૂહથી પીતવર્ણો અને પુષ્પવૃષ્ટિથી વ્યાપ્ત બનેલ તે પર્વત તારાના સમૂહથી વ્યાપ્ત મેરુપર્વતની શોભાને પ્રાપ્ત થયો. (મેરુપર્વત સુવ-ર્ણનો છે અને તારાઓ શ્વેત છે. આ શ્લોકમાં પરમાત્માની કાંતિ સુવર્ણ સરખી દર્શાવી છે અને પુષ્પસમૂહ શ્વેત તારા સાથે સરખાવ્યો છે.)

જ્યારે ત્રણ જગતના ગુરુ પરમાત્મા શ્રી ઋષભદેવ તે પર્વતના શિખરને પવિત્ર કરી રહ્યા હતા ત્યારે તે પર્વત પણ પરમાત્માના પ્રભાવથી નમતી વૃક્ષશાખારૂપી ભુજાઓદ્વારા નાચી ઊઠ્યો. સુધાની વૃષ્ટિ સરખી પરમાત્માની દૃષ્ટિથી ફરી વાર જેને પાંખો *પ્રગટી છે તેવો તે **શત્રુંજય-**

* પહેલાં પર્વતોને પાંખો હતી એમ કહેવાતું, પણ ઈંદ્રે પોતાના વજ્રઘાતથી તે પાંખોને તોડી નાખી. શત્રુંજયગિરિ તો પાંખ વિનાનો હતો, પરન્તુ તેના પર ચઢતા ચપળ લોકોના સમૂહના બહાનાથી જાણે તેને ફરી વાર પાંખો પ્રગટી હોય તેમ જણાતું હતું.

ગિરિ, ચઢતા એવા ચપળલોકોના મિષથી શોભી ઉઠ્યો. ત્રણે પ્રકારનાં દેવો (ભવનપતિ, વૈમાનિક અને વ્યંતર) પરમાત્માની સેવા માટે આવી પહોંચ્યા જ્યારે પોતાના સ્થાનમાં રહેલા જ્યોતિષી દેવો વગર પરિશ્રમે જ પરમાત્માની સેવા કરવા લાગ્યા. (જ્યોતિષી દેવોને આવવાનું પ્રયોજન ન રહ્યું કારણ કે શત્રુંજયગિરિ એટલો ઊંચો હતો કે તારા વિગેરેના વિમાનો [જ્યોતિષી દેવો] તેની આસપાસ જ હતા.)

પાપભીરુ લોકોના દુર્ગસદૃશ તે પર્વતના શિખર પર દેવોએ રત્નનો, સુવર્ણનો ને રૂપાનો એમ ત્રણ ગઢની (સમવસરણની) રચના કરી. ગઢના દ્વારના બહાનાથી દિગ્વધુઓએ, પરમાત્માને જોવા માટે જાણે પોતાના પ્રફુલ્લ મુખ સજ્જ કર્યાં હોય તેમ જણાતું હતું. 'બધા પર્વતોમાં હું શ્રેષ્ઠ છું' એમ કહેવાને ઇચ્છતા તે શત્રુંજયગિરિએ અશોક અને અનોકહ નામના વૃક્ષના બહાનાથી પોતાના હસ્ત ઊંચા કર્યાં. 'પ્રભાવને અંગે આ પર્વત બધા પર્વતોમાં શ્રેષ્ઠ છે' એમ જાણીને દેવોએ રત્નસિંહાસનના બહાનાથી તેને પાઘડી પહેરાવી. તે પર્વત પર ચતુર્મુખને ધારણ કરતાં પરમાત્માના મુખરૂપી ચંદ્રોથી તે પર્વતે બધી દિશાઓને માટે પૂર્વદિશાનું સ્વરૂપ ધારણ કર્યું. (ચારે દિશામાં પરમાત્માનું મુખચંદ્ર પ્રકાશતું હતું એટલે સૌ કોઇ તે તે દિશાઓને પૂર્વદિશા સમજવા લાગ્યા અને આ રીતે બધી દિશાઓએ પૂર્વ દિશાના સ્વરૂપને ધારણ કરી લીધું હોય તેમ જણાતું હતું.)

બાદ કામદેવરૂપી હસ્તીને વિદારવામાં સિંહસમાન પરમાત્માએ ભવ્ય પ્રાણીઓના કાનમાં અમૃતને રેડતી વાણીવડે દેશના આપવી શરૂ કરી. "વૃક્ષોમાં કલ્પવૃક્ષ, સાગરમાં સ્વયંભૂરમણ સમુદ્ર અને જ્યોતિષી દેવોમાં સૂર્ય શ્રેષ્ઠ છે તેમ પર્વતોમાં આ શત્રુંજયગિરિ પ્રશંસાપાત્ર છે. સર્વ પર્વતોને વિષે આ પર્વત સૌથી ઊંચો છો, જેના શિખર પર રહેલ પ્રાણી મુક્તિરૂપી લતાના ફળને હસ્તગત કરી શકે છે. આ શત્રુંજય જળકાંત મણિની પંક્તિ સરખો શોભી રહ્યો છે, જ્યાં સંસાર–સાગરના તરંગો જલ્દી નાશ પામી જાય છે. (જળકાંત મણિનો એવો સ્વભાવ છે કે તેને પાણીમાં નાખતાં જ પાણી છિન્નભિન્ન થઇ જાય છે. આ શત્રુંજય તો તેવા જળકાંત મણિના નિધાન સરખો છે, જેનાથી સંસારસાગરના તરંગો શીઘ્ર નાશ પામી જાય છે.) આ પર્વત પર ચઢનાર પુરુષોને મોગરાના જેવી સુંદર મોક્ષલક્ષ્મી, શુક્લધ્યાનરૂપી પ્રકાશના બહાનાથી હસ્તાવલંબન (ટેકો) આપે છે અર્થાત્ મોક્ષ મેળવે છે. આ પર્વતનો પ્રભાવ ગર્ભહત્યા, બ્રહ્મર્ષિઘાત વિગેરે મહાપાતકોને નષ્ટ કરે છે. જેમ ખેરના અંગારાના કુંડમાં લોઢાનો પિંડ (ગોળો) જેમ ઓગળી જાય છે તેમ ક્રૂર (ઘાતકી) પ્રાણીઓનું મન પણ અહીં મૃદુ (નમ્ર) બની જાય છે; માટે હે શમામૃતના કુંડ સરખા પુંડરીક! મુક્તિને ચાહનારા મુનિવરોની સાથે તમે આજ પર્વત પર રહો!"

"ભલે" એ પ્રમાણે પરમાત્માની આજ્ઞા સ્વીકારીને, પરમાત્માના ચરણોમાં નમીને નિર્મળ–નિષ્પાપ મુનિહંસોની સાથે પુંડરીક ગણધર તે ગિરિવર પર રહ્યા.

પછી ત્રણ જગતના નાયક સ્વામી શ્રી ઋષભદેવ ત્યાંથી વિહાર કરી ગયા એટલે શોકને લીધે હોય તેમ તે પર્વતે ત્રિગડા વિગેરેની શોભાનો ત્યાગ કર્યો. (પરમાત્મા અન્યત્ર ચાલ્યા



શ્રી આદિનાથ પ્રભુનું શ્રી અષ્ટાપદ પર્વત ઉપર નિર્વાણ ( મોક્ષગમન )

શ્રી મહોદય પ્રેસ-ભાવનગર.

જતાં સમવસરણ વિગેરે વિસરાળ થઇ જાય તેને કવિએ અહીં એમ ઘટાવ્યું કે–પરમાત્મા ચાલ્યા જવાથી તેના શોકને અંગે શત્રુંજય ગિરિવરે તેનો ત્યાગ કર્યો.) પરમાત્માની આજ્ઞાથી તે પર્વત પર સાધુસમૂહથી વીંટળાયેલ પ્રથમ ગણધર પુંડરીક રહ્યા તે જાણે કે સૈનિકોથી વીંટળાયેલ રાજા હોય તેમ જણાતું હતું. બાદ ગણધરોમાં અગ્રણી પુંડરીકસ્વામીએ હર્ષપૂર્વક સાધુઓને, મનને વિશેષ વૈરાગ્યવાસિત કરતી વાણીવડે કહ્યું કે–"તપલક્ષ્મીરૂપી દૂતિદ્વારા મુક્તિરૂપી અંગના( સ્ત્રી )ના અંગને ચાહનારાઓને માટે ખરેખર અપૂર્વ એવો આ પર્વત કેવળજ્ઞાનની પ્રાપ્તિને માટે સ્થાનરૂપ છે. આ પર્વત પર તમને મોક્ષલક્ષ્મીનું નિમંત્રણ મળશે તો તપથી શુદ્ધ થયેલા તમારા આત્માને ધ્યાનરૂપી સુવાસથી સુગંધી બનાવો અર્થાત્ શુકલધ્યાન ધરો."

આ પ્રમાણેની પુંડરીકસ્વામીની વૈરાગ્યવાહિની વાણીવડે આલોચના લેતા, માનાદિ કષાયોને મથનારા, સકલ જંતુઓને ખમાવનારા, અનંત જ્ઞાનવાળા, કર્મરૂપી દાનવોનો નાશ કરવામાં કૃષ્ણ સરખા, અનશન સ્વીકારેલા, શુકલ ધ્યાનથી સમસ્ત પાપોને ધોઈ નાખનારા સર્વ સાધુઓ તે પર્વતના શિખરના આભૂષણરૂપ બન્યા. મુક્તિની નિસરણી સમાન ક્ષપકશ્રેણિ પર આરૂઢ થયેલ ગણધર પુંડરીકસ્વામી તે સાધુઓની સાથે બારમા ગુણઠાણે પહોંચ્યા. એક મહિનાના અણશણ બાદ ચૈત્રીપૂર્ણિમાએ સૌથી પ્રથમ પુંડરીકસ્વામીને કેવળજ્ઞાન થયું. ત્યારબાદ બીજા સર્વ મુનિવરોને થયું, એટલે અત્યંત ગુણાનુરાગી બનેલ મુક્તિવધૂએ કર્માવરણ રહિત બનેલા તેઓને પોતાને આધીન કર્યા અર્થાત્ મોક્ષના ભાજન બનાવ્યા.

બાદ હર્ષિત ચિત્તવાળા અને ઉત્સુક દેવોએ આવીને તેઓનો નિર્વાણ મહોત્સવ કર્યો તેથી આ શત્રુંજય પુંડરીકાદિ સાધુઓના મોક્ષના કારણભૂત બનવાથી પ્રથમ તીર્થ બન્યું, અને અતિતુષ્ટ બનેલા ભરત મહારાજાએ ઉદયાચળ પર્વત પર રહેલ સૂર્યના બિંબને પણ તિરસ્કારી કાઢતું રત્નમય ઊંચું ચૈત્ય કર્યું. તે ચૈત્યની કાંતિથી જીતાવાને અંગે મેરુપર્વત, તારાઓની શ્રેણીના બહાનાથી પરસેવાના બિંદુઓને ધારણ કરી રહેલ છે. વળી તે બુદ્ધિશાળી ભરત ચક્રીએ પુંડરીકસ્વામી સહિત શ્રી આદિજિનની મૂર્તિની સ્થાપના કરી.

આ બાજુ વિવિધ દેશોમાં વિચરતા પરમાત્મા શ્રી ઋષભદેવ ભવ્ય જીવોના મોક્ષમાર્ગને માટે યોગ્ય ધર્મનો ઉપદેશ કરતાં, દીક્ષા સમય પછી એક લાખ પૂર્વ વ્યતીત થયા બાદ પોતાનો નિર્વાણકાળ જાણીને અષ્ટાપદ પર્વતે આવ્યા. અષ્ટાપદ પર ચઢેલા પરમાત્મા ચારે બાજુના સ્ફટિકમણિના કિરણોથી શોભી ઉઠ્યા તે જાણે કે મુક્તિવધૂના ઉજ્જવળ નેત્રકટાક્ષો હોય તેમ જણાતું હતું. પછી પરમાત્માએ દશ હજાર મુનિવરોની સાથે છ ઉપવાસ ( ચૌદ ભક્ત )પૂર્વક **પાદપોપગમ અણસણ** સ્વીકાર્યું. પરમાત્માને તથાપ્રકારે રહેલા જોઇને તે પર્વતના રક્ષક પુરુષોએ જઇને પૃથ્વીના ઇંદ્ર સમાન ભરત ચક્રવર્ત્તીને જણાવ્યું. પરમાત્માનું ચૌદ ભક્તનું પ્રત્યાખ્યાન સાંભળીને ભરત મહારાજાને પોતાના ચૌદ રત્નોથી પણ સુખ પ્રાપ્ત થયું નહીં. પછી પોતાના પરિવારથી આઠે દિશાઓને ભરી દેતા મહારાજા ભરત પગે ચાલીને જ અષ્ટાપદ પ્રત્યે ચાલ્યા. વાયુથી પણ અધિક ગતિવાળા હોઇને અકંપિત વસ્ત્રાંચલવાળા ભરત જાણે મનથી જ ખેંચાઈને આવ્યા હોય તેમ વેગપૂર્વક અષ્ટાપદ પર્વતના શિખરે આવી પહોંચ્યા. (પવનથી પણ મનની ગતિ અધિક છે. ભરત મહારાજા એટલા વેગથી ચાલતા હતા

કે પવન પણ તેમને પહોંચી શકતો ન હતો અને વાયુ જ ન હોય તો તેમના વસ્ત્રને ફરફરાવે કોણ ? ) જન્મથી લઇને પૂર્વે કદી પ્રાપ્ત નહીં કરેલ ચક્રવર્ત્તીના બંને ચરણોને મેળવીને રસ્તાની ભૂમિ, ઝરતા એવા રુધિરથી, દુર્ભગા સ્ત્રીની માફક રક્તા ( લાલ રંગવાળી ) બની ગઈ. ( ચક્રવર્ત્તી કદી ઉઘાડે પગે ચાલ્યા નહોતા પરન્તુ અષ્ટાપદ પ્રત્યે વેગપૂર્વક જવાના મનોરથમાં મોજડી પહેરવી પણ ભૂલી ગયા, તેથી રસ્તાના પત્થરોથી તેમના પગમાંથી રુધિર વહેવા લાગ્યું. કવિ અહીં કલ્પના કરે છે કે–પૃથ્વીરૂપી સ્ત્રીએ કદી પણ ભરતમહારાજાના ચરણકમળને પ્રાપ્ત નહોતા કર્યા તેથી તે રક્તા-લાલવર્ણવાળી બની ગઇ. ) સાથે ચાલવાને છત્રધારી પુરુષ અશક્ત બનવાથી ચક્રીના મનના સંતાપે સૂર્યના તાપની વેદનાને દૂર કરી. (વેગપૂર્વક ચાલવાથી સાથેનો છત્રધારી પુરુષ સાથે ચાલી શક્યો નહિ. સૂર્યતાપ અસહ્ય હતો પણ કવિ કલ્પના કરે છે કે–ચક્રીના પોતાના મનનો સંતાપ એટલો બધો વૃદ્ધિ પામ્યો હતો કે તેમને સૂર્યનો અસહ્ય તાપ જણાયો જ નહિ. )

બાદ અષ્ટાપદ પર આરૂઢ થયેલા અને વેગથી વહેતાં અશ્રુજળથી વ્યાપ્ત લોચનવાળા ભરત-મહારાજાએ પ્રભુને તથાપ્રકારના જોયા. પ્રભુને પ્રણામ કરીને જેવામાં તેઓ તેમની ઉપાસના કરવામાં રક્ત બન્યા તેવામાં તેમણે આવી પહોંચેલ બધા ઈંદ્રોને જોયા. ભક્તિ તેમજ શોકના ભારથી નમેલી ડોકવાળા ભરતરાજ ઈંદ્રોની સાથે પરમાત્માની સેવા કરવા લાગ્યા. બાદ માઘ વદિ ( ગુજરાતી પોસ વદિ ) તેરશના દિવસે દિવસના પૂર્વ ભાગમાં ચંદ્ર અભિજિત્ નક્ષત્રમાં આવ્યે છતે મનને નિયંત્રિત કરનાર પરમાત્માએ બાદર કાયયોગમાં રહીને બાદર વાણી અને મન( વચનયોગ અને મનયોગ )ને રુંધ્યા. બાદ કાયાના બાદર યોગને સૂક્ષ્મ કાયયોગથી રુંધ્યો. બાદ સૂક્ષ્મ કાયયોગને રુંધીને અનુક્રમે શુકલધ્યાનનો **સૂક્ષ્મક્રિયા** નામનો ત્રીજો પાયો ધ્યાયો. બાદ ચોથા **વ્યુચ્છિન્નક્રિયા** નામના પંચ હ્રસ્વાક્ષર પ્રમાણ કાળવાળા શુકલ-ધ્યાનના ચોથા પાયાને ધ્યાવવા લાગ્યા. સમસ્ત કર્મસમૂહ નષ્ટ થયેલ, પાંચ પ્રકારના શરીરને ત્યાગેલ, જવાળાના જેમ ઋજુમાર્ગી, સ્વભાવથી ઊર્ધ્વ ગતિવાળા, આકાશપ્રદેશને નહીં સ્પર્શેલા અને અનંત ચતુષ્ટયને પ્રાપ્ત કરેલ પરમાત્મા એક જ સમયે મુક્તિરૂપી લક્ષ્મીના આભૂષણપણાને પામ્યા. બીજા દશ હજાર મુનિવરો ક્ષપકશ્રેણી પર આરોહણ કરીને પરમા-ત્માની માફક મોક્ષમાં ગયા. સૌથી પહેલાં સમકિતરૂપી લક્ષ્મીને, ત્યારબાદ મનુષ્યપણામાં સ્વર્ગીય લક્ષ્મીને પ્રાપ્ત કરીને, બાદ અનુપમેય ચારિત્રલક્ષ્મીને મેળવીને પરમાત્માએ કલ્યાણ-કારી મોક્ષલક્ષ્મીને મેળવી.

× × ×

બીજા કવિઓ ભલે વસ્તુપાળ મંત્રીશ્વરના યશનું અત્યંત ગાન કરે પરન્તુ અમે તો તેવું ગુણગાન નહીં કરીએ; કારણ કે ઈંદ્રમંડપ બનાવ્યો છે તેવા તે વસ્તુપાળની યશપ્રશસ્તિઓ પર્વતની શિલા જેવા ઈંદ્રના વિશાળ હૃદયમાં વાસ કરી રહેલ છે.

# સર્ગ છઠ્ઠો

## ભરતનું નિર્વાણ

[ સર્ગસારાંશ—ઋષભજિનનો અષ્ટાપદ પર નિર્વાણ મહોત્સવ–સિંહનિષદ્યા પ્રાસાદનું નિર્માણ–ભરત મહારાજાએ કરેલ દરેક જિનની સ્તુતિ–મહારાજા ભરતનું અમાત્યોએ કરેલ શોક નિવારણ–ભરત મહારાજાની વિધવિધ ક્રીડા–આરિસા ભુવનમાં ગમન–અચાનક અંગુલિમાંથી મુદ્રિકાનું સરી પડવું–એક એક અલંકારોનો ત્યાગ કરવાથી વધેલી વૈરાગ્ય ભાવના–કેવળજ્ઞાનપ્રાપ્તિ ને નિર્વાણ ]

**ઋષભજિન નિર્વાણ મહોત્સવ.**

નારકીઓને પણ સુખ આપનાર, પરમાત્મા શ્રી ઋષભદેવના મોક્ષગમન સમયે રુદનક્રિયાને નહીં જાણતા ભરત મહારાજા મૂર્ચ્છા પામીને ધરણી પર ઢળી પડ્યા, એટલે શોકની ગાંઠને ભેદવાને માટે રુદનક્રિયા શીખવાડતા ઇંદ્ર ભરત મહારાજાના ગળે આલિંગન આપીને ઉચ્ચ સ્વરે રુદન કરવા લાગ્યા. બાદ સંજ્ઞા પ્રાપ્ત કરીને ઉચ્ચ સ્વરે રડતા, શોકથી વિહ્‌વળ બનેલ ભરત મહારાજા બાળકની માફક નીચે પ્રમાણે વિલાપ કરવા લાગ્યા.

"હે નાથ! અનાથ એવા મને કયા દોષના કારણથી આપે ત્યજી દીધો? તમારા વિના આ સંસારરૂપી અરણ્યમાં અશરણ એવું મારું શું થશે? ફરી વાર ઊગવાની આશાએ સૂર્યનો વિયોગ સહન થઇ શકે છે, પણ મુક્તિમાં રહેલા આપનો વિયોગ તો અત્યંત દુઃસહ્ય બન્યો છે. જેણે આપને જોયા જ નથી તે અમારા કરતાં શ્રેષ્ઠ છે કારણ કે નહીં જોવાયેલા પદાર્થના નષ્ટ થવાથી જે દુઃખ થતું નથી તે દુઃખ જોવાયેલા પદાર્થના નાશ પામવાથી થાય છે. મારા બીજા બાંધવો પણ તમને સર્વથા અનુસર્યા છે, ફક્ત તમારાવડે પંક્તિથી બહિષ્કાર કરાયેલ હું એકલો જ અહીં છું."

"હે શ્રીમાન! ઋષભસ્વામીના પુત્ર બનીને આ પ્રમાણે શોકને આધીન બનવાથી મોક્ષમાં ગયેલા પરમાત્માને પણ શા માટે લજાવો છો?" આ પ્રમાણે પ્રલાપ કરતાં ભરતરાજને ઇંદ્રે પ્રતિબોધ આપ્યો ત્યારે તેઓ કંઇક શોક રહિત થયા.

પછી ઇંદ્રથી ફરમાવાયેલા દેવોએ નંદનવનના ચંદન કાષ્ઠથી અનુક્રમે પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ દિશામાં પરમાત્માની ગોળ, ઇક્ષ્વાકુવંશના મુનિઓની ત્રણ ખૂણાવાળી અને અન્ય મુનિઓની ચાર ખૂણાવાળી ચિતાઓ રચી. પછી તેમના શરીરોને શિબિકામાં બેસારીને, મહોત્સવપૂર્વક ચિતા સમીપે લાવવામાં આવ્યા. પછી યોગ્ય રીતે પૃથક્ પૃથક્ ચિતામાં મૂકાયા પછી **અગ્નિકુમાર** અને **વાયુકુમાર** દેવોએ અનુક્રમે અગ્નિ અને પવન પ્રગટાવ્યો. પછી ક્ષીરસાગરના સુગંધી જળથી મેઘકુમાર દેવોએ શીઘ્ર તે ચિતાઓને બુઝાવી દીધી. બાદ બધા ઇંદ્રો તેમજ દેવોએ હર્ષપૂર્વક પોતપોતાને યોગ્ય પ્રભુની દાઢ, દાંત તથા અસ્થિ ( હાડકાં ) ગ્રહણ કર્યાં. દેવો દ્વારા ત્રણે ચિતારૂપી કુંડમાંથી અગ્નિ મેળવતા શ્રાવકો ત્યારથી **અગ્નિહોત્રી** થયા. પરમાત્માના દેહની ભસ્મને મસ્તકે ચઢાવીને ભસ્મના આભૂષણ-વાળા બન્યા અને તે ચિતાના ત્રણે સ્થળોએ દેવોએ રત્નસ્તૂપો કરાવ્યા. બાદ નંદીશ્વરદ્વીપમાં અંજનગિરિઓને વિષે અઠ્ઠાઇમહોત્સવ કરીને, માણવક સ્તંભને વિષે પ્રભુની દાઢાને રાખીને દેવો પૂજવા લાગ્યા. પરમાત્માની દેહની અગ્નિસંસ્કાર સમીપની ભૂમિ ઉપર ત્રણ ગાઉ ઊંચું અને એક યોજન વિસ્તારવાળું ચૈત્ય બનાવ્યું. રત્નોથી બનાવેલ તે ચૈત્યને લીધે શોભતો અષ્ટાપદ પર્વત જાણે રોહણાચળ પ્રગટી નીકળ્યો હોય તેમ શોભવા લાગ્યો. ચાર દ્વાર-વાળા તે ચૈત્યને વિષે દરેક દ્વારે પોતાની પ્રભાથી પ્રકાશ કરતાં સુંદર મંડપો રચ્યા. તે મંડપોની સન્મુખ યક્ષપાટક, ચૈત્યવૃક્ષ, પીઠ અને પુષ્પકરણી(વાવ)થી યુક્ત ચાર પ્રેક્ષા-મંડપ રચ્યા. બાદ પોતાના દંડરત્નથી તે પર્વતને ચારે બાજુથી સરખો કરીને (ધારો૦કાપી નાખીને) મેખલા (કંદોરો) સરખા આઠ પગથિયાથી તેને **અષ્ટાપદ** બનાવ્યો. ભવિષ્યમાં થનારી લોકોની આશાતનાના ભયને લીધે યમરાજના દૂત જેવા લોહના યાંત્રિક રક્ષક પુરુષો બનાવ્યા, તથા તે **સિંહનિષદ્યા** પ્રાસાદના મધ્ય ભાગમાં ચક્રવર્ત્તીએ રત્નપીઠવાળા દેવ-છંદાની રચના કરી. તેમજ તે સિંહનિષદ્યા પ્રાસાદમાં શ્રી ઋષભદેવાદિ ચોવીશ જિનેશ્વર-ભગવંતોની સ્વસ્વદેહપ્રમાણ, વર્ણયુક્ત અને લાંછનવાળી મૂર્તિઓની સ્થાપના કરી. વળી પોતાના બંધુઓની રત્નમયી પ્રતિમાઓ પણ સ્થાપી અને પોતાની પણ સેવાપરાયણ મૂર્તિ બનાવી. ચૈત્યની બહાર પરમાત્માના અગ્નિસંસ્કાર સ્થાને એક સ્તૂપ બનાવ્યો અને નવાણું ભાઇઓના પણ નવાણું સ્તૂપો બનાવ્યા. તે જિનાલયમાં વિધિપૂર્વક બિંબોની સ્થાપના કરીને અત્યંત સુગંધી જળવડે સ્નાન કરાવ્યું. બાદ ગંધકાષાયી વસ્ત્રવડે પ્રભુ-પ્રતિમાને લૂંછીને, ચંદનથી વિલેપન કરીને માણિક્ય અને સુવર્ણના પુષ્પોની પૂજા કરી. બાદ અગુરુ અને કર્પૂર-ની ધૂમશ્રેણીથી ગાઢ રીતે વ્યાપ્ત બનેલા તે મંદિરમાં ઘંટાનાદદ્વારા ગર્જના કરતાં, આભૂ-ષણોદ્વારા વિદ્યુત્ ચમકાવતાં શક્ર સરખા ભરતચક્રવર્ત્તીએ વાજિંત્ર, ચામર સહિત પુષ્પવૃષ્ટિથી મનોહર કર્પૂરની આરતી ઊતારી. પછી વિધિપૂર્વક ઉચ્ચ સ્વરે ચૈત્યવંદન કરીને શુભ ભાવને અંગે પવિત્ર અંતઃકરણવાળા ભરતચક્રવર્ત્તી પરમાત્માની નીચે પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

"જન્મથી જ ત્રણ (મતિ, શ્રુત ને અવધિ) જ્ઞાનવાળા, ત્રણ જગતના સ્વામી, ત્રણ પ્રકારના ( આધિ, વ્યાધિ ને ઉપાધિ ) દુઃખોથી રક્ષણ કરનાર અને ત્રણ ( ભૂત, ભવિષ્ય ને વર્તમાન ) કાળનું જ્ઞાન જાણનાર પરમાત્મા શ્રી ઋષભદેવ જયવંત વર્તે છે. પોતાના તેમજ પારકા જનોને વિષે સમાન વૃત્તિવાળા મુનીશ્વર ( પરમાત્મા ) જય પામે છે કે જે ત્રણ લોકને વિષે ગાઢ

અંધકારને ભેદવાને માટે નજીકમાં ( હસ્તમાં ) રહેલ દીપક સમાન છે. કામદેવરૂપી સર્પના અભિમાનને નષ્ટ કરવામાં ગરુડ સમાન તેમજ દેવ અને અસુરોના મુગટથી પ્રકાશિત ચરણુ-વાળા હે પરમાત્મન્! તમે જયવંત વર્તો. અસાધારણુ પ્રકાશના મંદિરરૂપ, સમસ્ત જગતરૂપી કમળને વિકસ્વર કરવામાં સૂર્ય સમાન શ્રી ઋષભદેવ જયવંત વર્તે છે. આઠ મહાકર્મોના મર્મસ્થળને ભેદવામાં કુશળ એવા હે પરમાત્મા! જનતાની ગુણુશ્રેણીને વધારતાં હર્ષને આપો. જગતનાં અનિષ્ટો તથા દુરિતોને ચૂર્ણ કરનાર તેમજ હર્ષદાયક અને મહામાયારૂપી રાત્રિનો ધ્વંસ કરવામાં સૂર્ય સમાન પ્રભુ શ્રી ઋષભદેવ જય પામો! અપાર એવા આ સંસાર-સાગરનો પાર પમાડવામાં નૌકા સમાન તેમજ નિર્મળ કેવળજ્ઞાનરૂપી મોતીઓના સ્થાનરૂપ કરંડિયા સમાન પરમાત્મા જયવંત વર્તો. મોક્ષરૂપી મહેલને વિષે જવાને ઉદ્યત થયેલા પ્રાણી-સમૂહને માટે નિસરણી સમાન તેમજ વૃદ્ધિ પામતાં મોહરૂપી વૃક્ષને કાપી નાખવામાં લોઢાના કુહાડા સમાન પ્રભુશ્રી ઋષભદેવ જયવંત વર્તો."

આ પ્રમાણે ઋષભદેવ તેમજ અન્ય ત્રેવીશ તીર્થંકરોની સ્તુતિ કરીને, વારંવાર તે ચૈત્યને નમસ્કાર કરીને અનિચ્છાએ મહારાજા ભરત બહાર નીકળ્યા. બાદ પાછું વાળીને વારંવાર અષ્ટાપદ પર્વતને જોતાં, ગિરિરાજને પોતાના ધન( સર્વસ્વ )રૂપ ગણીને-માનીને નિધાનની માફક તેને ભોગવવાને કે છોડવાને અશક્ત, આંખમાં આવેલ અશ્રુજળને વારંવાર વસ્ત્રના છેડાથી લૂંછતાં, મૌની અને હળવે પગલે સંચાર કરવાવાળા રાજાઓથી પરિવરેલા હોવા છતાં જાણે એકલા જ ચાલતા હોય તેવા, શોકરૂપી અંધકારસમૂહને અંગે માર્ગને પણ નહીં નિરખતાં મંદ-મંદ પગલે મહારાજા ભરત અષ્ટાપદ પર્વત પરથી નીચે ઊતર્યા. બાદ પોત-પોતાના વાહનોને મંદગતિએ ચલાવનાર સૈનિક સમૂહની સાથે શોકવ્યાપ્ત મહારાજા ભરત અયોધ્યા નગરીમાં આવી પહોંચ્યા.

રાત્રિ-દિવસ પરમાત્માના ચરણોને યાદ કરતાં મહારાજા ભરત અન્ય રાજ્યકાર્યનો ત્યાગ કરીને અસ્વસ્થ મનથી રહેવા લાગ્યા. આ પ્રમાણે સર્વકાર્યથી પરાંગમુખ બનેલા અને પિતાના તથા ભાઈઓના શોકથી આકુળ બનેલા ભરત મહારાજાને જોઈને તેમનો અમાત્ય વર્ગ તેમને સમજાવવા લાગ્યો કે-"હે સ્વામિન્! ત્રણે જગતને કેવળ દર્શનથી જોનારા, મુક્તિમાં રહેલા, વિપત્તિરૂપી સંતાપને હરનારા પિતાનો શોક કરવો તમને ઘટતો નથી. હે પ્રભો! પરમાત્માના ઉપદેશરૂપી પુષ્પોની શ્રેષ્ઠ સુગંધથી વાસિત તેમજ પુણ્યશાળી તમારા આત્માને શોકનિમગ્ન કરવો ઉચિત નથી. દુઃખી મૂર્ખ જન શોકને આધીન બને છે પણ તે દુઃખી પુરુષ શોકનો પ્રતીકાર ( દૂર ) કરનાર એવા ધર્મનું સેવન કરતો નથી, તમે પણ જો સમસ્ત લોકને વશ કરનાર શોકથી જીતાઈ જાવ તો પછી તમારો પરાક્રમપણાનો ગર્વ નિષ્ફળ નીવડશે." પ્રભુનો વિરહજન્ય પીડાને ભુલાવવાને માટે ઇંદ્ર પણ હમેશાં અનેક પ્રકારનાં વિનોદોદ્વારા ભરત ચક્ર-વર્તીને હર્ષાન્વિત બનાવીને ક્રીડા કરાવવા લાગ્યા.

પરમાત્મા શ્રી ઋષભદેવની દેશનાના જેવા ઉજ્જવળ અને અમૃતને પણ જીતનારા જળ-દ્વારા ચક્રવર્ત્તી કોઇકવાર મિત્રો સાથે ક્રીડા કરવા લાગ્યા. જળાશયમાં કમળોને ચુંટી ચુંટીને

પોતાના મસ્તક પર ધારણ કરતા મહારાજા ભરત જાણે શ્રી ઋષભદેવના ચરણકમળોને પોતાના મસ્તક પર ચઢાવતા હોય તેમ હર્ષ પામ્યા. કોઇક સમય ઉદ્યાનને વિષે પરમાત્માની કીર્તિ સરખા દિશાઓને સુવાસિત કરતાં પુષ્પોને જોતાં દેદીપ્યમાન ભરતરાજ હર્ષ પામવા લાગ્યા. વળી કોઈક વાર પુષ્પની માળાને હૃદયપ્રદેશ પર ધારણ કરતાં ભરતરાજ અત્યંત પ્રમોદ પામવા લાગ્યા તે જાણે કે પ્રભુના ઉપદેશ-અવસરે વિકસ્વર દંતપંક્તિની પ્રભા સરખી જણાતી હતી. આ પ્રમાણે પ્રતિદિન ક્રીડા કરવામાં કૌતુકી મહારાજા ભરત અડધી ઘડીની માફક દિવસોને હર્ષપૂર્વક વીતાવવા લાગ્યા.

**ચક્રવર્ત્તી ભરત મહારાજાને કેવળજ્ઞાન-પ્રાપ્તિ અને નિર્વાણ-**

બાદ કોઈ એક દિવસે સ્નાનથી નિર્મળ ગાત્રવાળા, અનેક પ્રકારના અલંકારોથી સુશોભિત, જેમ કિરણોથી વીંટળાઇને સૂર્ય ગગનપ્રદેશમાં આવે તેમ વીરાંગનાઓથી પરિવરેલ મહારાજા ભરત અંતઃપુરને વિષે રહેલ રત્નના આરિસા ભુવનમાં આવી પહોંચ્યા. દર્પણને વિષે પ્રતિબિંબો પડવાથી તે સ્થળે રહેલા મહારાજા ભરત, જાણે જીતાયેલા કામદેવથી સેવાને માટે અવાયું હોય તેમ પ્રતિબિંબોથી શોભવા લાગ્યા. (આરિસામાં પ્રતિબિંબો પડવાથી અનેક ભરતો દેખાવા લાગ્યા. કવિ કલ્પના કરે છે કે—તે પ્રતિબિંબો ભરત મહારાજાના નથી, પણ ભરત મહારાજાની સેવા કરવાની ઇચ્છાથી કામદેવો આવ્યા હોય તેમ જણાતું હતું.) તે આરિસા ભુવનમાં મણિદર્પણને વિષે જોતાં રાજાની મૂર્તિ (દેહ) બેવડી થઇ ગઇ જ્યારે તેમનું સૌંદર્ય તો અનેકગણું થઇ ગયું. અચાનક તે સમયે મોહરાજાએ નાંખેલ શૃંખલા (સાંકળ) સદૃશ મુદ્રિકા (વીંટી) મહારાજા ભરતના નીચે લટકતા હાથમાંથી સરી પડી, ત્યારે તેમણે મુદ્રિકા વિનાની તે આંગલીને પતાકા (ધ્વજા) વિનાના મણિના ધ્વજદંડ સરખી શોભાહીન જોઈ.

બાદ 'પ્રાણીઓના અંગ ખરેખર ભૂષણોથી શોભા પામે છે' તે હકીકતનો નિર્ણય કરવા માટે મહારાજા ભરત ભૂષણોનો એક પછી એક ત્યાગ કરવા લાગ્યા. પછી મસ્તક પરના સુવર્ણ મુગટને દૂર કર્યો ત્યારે મસ્તક કળશ વિનાના ચૈત્ય જેવું શોભા રહિત જણાયું. મોતી જડેલા બંને કુંડલો દૂર કરવાથી મહારાજા ભરતનું મુખ બંને ચક્ર(પૈડા) વિનાના રથ જેવું શોભા વગરનું જણાવા લાગ્યું. પછી હૃદયપ્રદેશ પરથી હાર દૂર કર્યો તેથી તે હૃદય-પ્રદેશ સૂકાઇ ગયેલ ઝરણાવાળી મેરુપર્વતની નદી સમાન દેખાયો. બાદ ગળામાંથી પ્રકાશિત મણિનો કંઠો દૂર કર્યો ત્યારે ગળું તારાસમૂહ વિનાના મેરુપર્વતના કંદોરા સમાન જણાવા લાગ્યું. બંને ભુજાઓ પરથી બાજુબંધ દૂર કર્યા ત્યારે તે અલંકાર વિનાના ઐરાવણ હસ્તીના બંને દંતુશૂળ જેવા શોભાહીન જણાવા લાગ્યા. પછી હાથ પરના બંને મણિકંકણો દૂર કર્યા ત્યારે તે પવનથી દૂર કરાયેલ તોરણ વિનાના થાંભલા જેવા જણાવા લાગ્યા. પછી બધી આંગળીઓમાંથી મુદ્રિકાઓ કાઢી નાખવાથી તેજ રહિત બનેલી તે આંગળીયો પાંદડા વિનાની ડાળીયો જેવી જણાઈ.

આ પ્રમાણે સર્વ અલંકારોનો ત્યાગ કરવાથી ચક્રવર્ત્તી મહારાજા ભરતે પોતાના શરીરને હંસ, કમળ અને કુમુદ વિનાના સુકાઇ ગયેલા સરોવર જેવું નિહાળ્યું, એટલે તેઓ

વિચારવા લાગ્યા કે-જેમ કાદવવાળો વર્ષાકાળ ધાન્યરાશિથી શોભે છે તેમ આ દેહ પણ અલંકારોથી જ શોભે છે. આ દેહ મલની પેટી છે. બહારની દુર્ગંધીથી ભયભીત બનેલા મૂઢ માણસો તેને કર્પૂર અને કસ્તૂરી તેમજ ચંદનથી સુવાસિત બનાવે છે. મલમાંથી ઉત્પન્ન થયેલ અને મળથી જ પરિપૂર્ણ આ દેહમાં રહેલ બોધિબીજરૂપી જળથી પવિત્ર જ્ઞાનરત્નને વિચક્ષણ પુરુષો સ્વીકારે છે. હું તે મારા બંધુઓને ધન્ય માનું છું કે જેઓએ રાજ્યનો ત્યાગ કરીને મોક્ષસુખ પ્રાપ્ત કર્યું. વિષયરૂપી રોગ(કાદવ)માં મગ્ન બનેલ ભુંડ જેવો હું મારા આત્માને મનુષ્ય તરીકે માનતો નથી–અર્થાત્ હું માણસ નથી પણ પશુ જેવો છું.

આ પ્રમાણે વિચારણા કરતાં બુધ્ધિશાળી ચક્રવર્ત્તી ભરત અપૂર્વકરણના ક્રમથી ભવનાશને માટે ભાવના ભાવવા લાગ્યા. પછી સિધ્ધિરૂપી મહેલમાં પહોંચવાના મનોરથવાળા મહારાજા ભરત ક્ષપકશ્રેણીરૂપી નિસરણી પર ચઢ્યા. તે સમયે કેવળજ્ઞાનને પ્રાપ્ત થયેલ ભરત મુનીશ્વરના કેવળજ્ઞાનનો ઉત્સવ કરવાની ઈચ્છાવાળા સૌધર્મેંદ્ર આવી પહોંચ્યા, અને વ્યવહારનું પ્રધાનપણું દર્શાવીને દીક્ષાવેષ ગ્રહણ કરવા જણાવ્યું.

પછી પંચમુષ્ટિથી કેશલોચ કરીને, શાસનદેવથી અપાયેલ સંપૂર્ણ મુનિવેશને ગ્રહણ કર્યો. તે સમયે સ્વામી ભરત મહારાજાનું અનુકરણ કરવામાં આગ્રહવાળા ચતુર દશ હજાર રાજાઓએ એકીસાથે દીક્ષા લીધી. આ સમયે ઇંદ્ર મહારાજાએ શ્રી ઋષભદેવની માફક ભરત મુનીશ્વરનો કેવળજ્ઞાન મહોત્સવ કર્યો અને ભરત મુનિવરે પણ પિતાના માર્ગે ચાલીને ઉપદેશરૂપી અમૃતરસથી પૃથ્વીનું સિંચન કર્યું.

દીક્ષા લીધા બાદ એક લાખ પૂર્વ વ્યતીત કરીને ભરત મુનિ સર્વ કષ્ટોને નાશ કરનાર અષ્ટાપદ પર્વત પર આવી પહોંચ્યા, અને માસક્ષપણ કરીને, શુકલધ્યાનથી વિશુધ્ધ અંતઃકરણવાળા, મન વચન ને કાયાના યોગોને રુંધીને, સુખદ અવસ્થાવાળું શૈલેશીકરણ કરીને, સંસારથી આકુળ બનેલ જગજ્જીવોના રક્ષક અને સૌધર્મેંદ્રે કરેલ વિશાળ નિર્વાણ મહોત્સવવાળા ભરત મુનીશ્વર મોક્ષે ગયા.

× × ×

હે વસ્તુપાલ ! પરસ્પર વિરોધી ક્ષમા, શક્તિ, પ્રાતિભ (બુધ્ધિચાતુર્ય) અને વૈભવ વિગેરે ગુણો સુખપૂર્વક તમારા વિષે કેવી રીતે રહ્યા ? આ બાબતમાં કશું આશ્ચર્ય પામવા જેવું નથી કારણ કે સ્વેચ્છાપૂર્વક વૃદ્ધિ પામતાં વિરોધરૂપી સાગરના મદને ગળી જવામાં અગત્સ્ય સમાન શ્રી જિનેશ્વરદેવ તમારા હૃદયરૂપી કમળમાં હમેશાં બિરાજે છે. (અગત્સ્ય ઋષિ સાગરનું પાન કરી ગયા હતા, જિનેશ્વર દેવ તારા હૃદયમાં બિરાજે છે તેથી ત્યાં વિરોધરૂપી સાગર કેવી રીતે રહી શકે ? કારણ કે તેને પોતાનું પાન થઈ જવાની ભીતિ લાગે છે.)

# સર્ગ સાતમો

## શત્રુંજય માહાત્મ્ય વર્ણન

[ સર્ગસારાંશ—શત્રુંજયનો પ્રભાવ-કપર્દી મુખીનો વૃત્તાંત-તેને મુનિરાજનો થયેલ સમાગમ-કપર્દીએ તેઓને આપેલ વસતિસ્થાન-ચાતુર્માસાન્તે મુનિવરોની હિતશિખામણ-નવકારમંત્રનો મહિમા-શત્રુંજય પર સિદ્ધિ પામેલ મહાપુરુષોની નામાવલિ-કપર્દીનું શત્રુંજય પર ગમન ને અણસણ-કપર્દીનું યક્ષ થવું-ગિરિવરનો થયેલ રક્ષક-શત્રુંજયના થયેલા ઉદ્ધારોનું વર્ણન. ]

**હે** વસ્તુપાલ! શ્રી ઋષભદેવના પ્રથમ ભવ ધન સાર્થવાહના ભવથી પ્રારંભીને ઘૃતદાનરૂપી પરોપકારની અઢળક ફલસંપત્તિ મેં તને જણાવી. ધન સાર્થવાહે ઉત્તરોત્તર અધિકાધિક લક્ષ્મીની પ્રાપ્તિ કરી તે સર્વ પરોપકારનો જ અદ્‌ભુત પ્રભાવ છે. તે શ્રીઋષભદેવ પરમાત્માએ વિશ્વોપકારને માટે શત્રુંજયગિરિને સર્વ તીર્થોને વિષે શ્રેષ્ઠ દર્શાવ્યો છે. હે મંત્રીશ્વર! આ તીર્થનો પ્રભાવ અદ્‌ભુત છે, જેને કહેવાને માટે બૃહસ્પતિની શ્રેષ્ઠ વાણી પણ શક્તિમાન થતી નથી. તે ગિરિવરની યાત્રાની ઇચ્છા માત્રથી પ્રાણીઓ વગર પ્રયાસે શીઘ્ર સમકિત રત્નની પ્રાપ્તિ કરે છે. વળી તેને જોવા માત્રથી પુણ્યલક્ષ્મી આધીન બને છે જ્યારે તેની સ્પર્શના કરવાથી મોક્ષલક્ષ્મી દૂર જતી નથી-સહેજે પ્રાપ્ત થાય છે.

**કપર્દી યક્ષની ઉત્પત્તિ-**

આ તીર્થની તળાટીમાં પાદલિપ્તસૂરિથી રક્ષાયેલું (સ્થપાયેલું) **પાલીતાણા** નામનું નગર છે. જ્યાંના નીડર ભરવાડ લોકો સિંહની ગર્જનાથી પણ ભયભીત બનતા નથી. તે નગરમાં ચોરી, ક્રૂરતા, અસત્ય, મદિરા અને જુગાર આદિ વ્યસનોમાં આસક્ત **કપર્દી** નામનો ગ્રામણી (મુખી-પટેલ) રહેતો હતો. તેને પાપસમૂહથી પરિપૂર્ણ એવી **અનઘા** નામની દેહધારી ચંડિકા જેવી ઉગ્ર સ્વભાવવાળી સ્ત્રી હતી.

કોઇએક દિવસે મદ્યપાનથી લાલચોળ મુખવાળા, હસ્તમાં મદ્યપાત્રને ધારણ કરતા અને માંચી (ખાટલી) પર બેઠેલા કપર્દીએ પોતાના આંગણે આવેલા બે મુનિવરોને જોયા. ભૃકુટીને નમાવવા માત્રથી નમસ્કાર કરીને તેણે તે બંને મુનિવરોને પૂછ્યું કે-"તમારે અહીં આવવાનું પ્રયોજન શું છે તે કહો! તમારે છાશ, દહીં, દૂધ કે ઘી પૈકી જે વસ્તુની જરૂરિયાત હોય તે કહો.

તમારું દર્શન મારે માટે ખરેખર નવીન છે." ત્યારે તે મુનિઓએ કહ્યું કે-"હે મુખી! અમારા બંનેનું તમારી પાસે આવવાનું કારણ જુદું જ છે તે તમે સાંભળો. અમારા ગુરુ યાત્રાર્થે હમણાં અહીં આવેલા છે. દૈવયોગે સાથોસાથ વર્ષાકાળ પણ આવી પહોંચ્યો છે. અમારા ગુરુને અત્રે ચાતુર્માસ કરવું જોઇએ તેથી ઉપાશ્રયને માટે અમે બંને તારી પાસે આવ્યા છીએ." ત્યારે કપર્દીએ કહ્યું કે-"ઉપદ્રવ રહિત એવું આ મારું સ્થાન ખુશીથી તમે ગ્રહણ કરો, પરન્તુ અહીંયા રહીને તમારે મને ઉપદેશનો અંશ પણ કહેવો નહિ." "ભલે એમ હો" એમ કહીને સ્વાધ્યાયરૂપી અમૃતવૃષ્ટિદ્વારા મેઘની હરિફાઈ કરતાં સૂરિમહારાજા પોતાના શિષ્ય સમુદાય સાથે તેના સ્થાનમાં રહ્યા.

ઉપાશ્રયમાં રહેલા, અદીનભાવને ધારણ કરતા, બાહ્યેંદ્રિય તેમજ આંતરેંદ્રિયોને વશમાં રાખતા તે મુનિપુંગવોએ વર્ષાકાળ વીતાવ્યો. બાદ માનસસરોવર સરખા તે ગામમાંથી મુનિહંસો ચાલી નીકળ્યા ત્યારે પોતાની પાછળ આવેલા હિંસક કપર્દીને મુનિવરોએ કહ્યું કે—"અમોને વસતિસ્થાન આપીને તેં અમારા ઉપર સર્વથા પ્રકારે ઉપકાર કર્યો છે, પરન્તુ અમો તેના બદલામાં કશો પ્રત્યુપકાર કરી શકયા નથી. તારી સાથેનો કોલ (પ્રતિજ્ઞા) અમને અટકાવી રહ્યો છે, પરન્તુ જો હમણાં તારી આજ્ઞા હોય તો અમે તને કંઇક ઉપદેશ આપીને કંઈક અનૃણી થઇએ." ત્યારે કપર્દીએ કહ્યું કે-"તમારે મને નાનો (લઘુ) પણ નિયમ આપવો નહીં, પરન્તુ ઉત્તમ પ્રભાવવાળો મંત્ર સંભળાવો" એટલે ગુરુમહારાજે વિકસિત નેત્ર કમળવાળા કપર્દીના અંતઃકરણમાં પરમેષ્ઠિ મંત્ર (નવકાર મંત્ર) સ્થાપન કર્યો-સંભળાવ્યો. પછી શિખામણ આપી કે-"સૂતાં, ભોજન કરતાં અને પાન કરતાં તારે સૌપ્રથમ આ અદ્‌ભુત મંત્રનું સ્મરણ કરવું. હે ભદ્ર! આ નમસ્કાર મંત્રનો પ્રભાવ મહાન છે. તે મંત્રના હું કેટલા વખાણ કરું? જ્યાં નાનો એવો પણ કલ્પવૃક્ષ હોય ત્યાં ચિંતામણિની ચિંતા કરવી નિષ્ફળ છે. પંચ પરમેષ્ઠીને કરેલ નમસ્કાર સિંહણ જેવો છે, જે મનરૂપી વનપ્રદેશમાં અજ્ઞાનરૂપી હસ્તીને હણી નાખે છે. જેના ચિત્તમાં પંચ પરમેષ્ઠીના નમસ્કારરૂપી પ્રતિહારિણી વસે છે તેના કદી નાશ ન થઇ શકે તેવા પાપો દૂરથી જ નાશ પામી જાય છે. વળી આ શત્રુંજય ગિરિવર પર યુગાદિ જિનેશ્વર શ્રી ઋષભદેવને તારે હંમેશા સવાર-સાંજ નમસ્કાર કરવો. ગિરિવરોમાં શ્રેષ્ઠ આ **વિમલગિરિવર** નામનો પર્વત છે, જ્યાં ત્રણ જગતના ગુરુ પરમાત્મા પોતે રહ્યા હતા. સમસ્ત વિશ્વના આંતરિક મળનો નાશ કરવાથી આનું **વિમલગિરિવર** એવું નામ પ્રસિદ્ધિ પામ્યું છે, જ્યારે આંતરશત્રુઓનો જય કરવાથી **શત્રુંજય** એવું પણ બીજું નામ પ્રખ્યાત છે. ન્યાયપુરસ્સર વર્તનારા પ્રાણીઓને લક્ષ્મી જેમ સ્વતઃ પ્રાપ્ત થાય છે તેમ આ ગિરિવરનું ભાવપૂર્વક સેવન કરનારને મોક્ષલક્ષ્મી સ્વયં આવી મળે છે, કારણ કે આ ગિરિવર પર ગણધરોમાં શ્રેષ્ઠ **પુંડરીક** ગણધરે પાંચ ક્રોડ મુનિવર સાથે મોક્ષ મેળવેલ છે. **દ્રાવિડ** અને **વારિખિલ્લ** રાજાઓએ મોહનો જય કરવાથી દશ ક્રોડ મુનિવરો સાથે મુક્તિરૂપી મહેલના શિખર પર આરોહણ કરેલ છે-મોક્ષ મેળવેલ છે. જગપ્રસિધ્ધ **નમિ** અને **વિનમિ** બે ક્રોડ સાથે સિદ્ધિલક્ષ્મી વર્યા છે. **વાલિમુનિ**, દશરથ રાજાના પુત્ર સમતાવાન **રામ** તેમજ **ભરત** અને **થાવચ્ચાપુત્ર** અત્રે સિધ્ધિ વર્યા છે. શોકરહિત **શુક** મુનિ બે હજાર મુનિઓ સાથે તેમજ પાંચસો સાધુઓ સાથે **શેલક** મુનિ અત્રે મોક્ષે ગયા છે. વળી ધન્ય એવી પોતાની માતા

**કુંતા** સાથે પાંચે **પાંડવો** અને સાડાત્રણ કરોડ મુનિવરો સાથે **પ્રદ્યુમ્નાદિક** કુમારો અત્રે શિવલક્ષ્મીને વર્યા છે. **અતિમુક્તક** મુનિવરના ઉપદેશથી આ ગિરિવર પર પારાના જેવા નિર્મળ ચારિત્રથી પવિત્ર અંતઃકરણવાળા **નારદ** મુનિ મોક્ષે ગયા છે. **શ્રી નેમિનાથ** સિવાયના શેષ ત્રેવીશ તીર્થંકરોએ પોતાના પવિત્ર ચરણથી આ તીર્થને પાવન કરેલ છે. આ પર્વત પર જન્મેલા તિર્યંચો પણ ધન્યવાદને પાત્ર છે અને તેની ઉપાસના કરવાની ભાવનાવાળા તેને અમે વિશેષ ધન્યવાદને પાત્ર માનીએ છીએ." આ પ્રમાણે તેને ઉપદેશ આપીને મુનિવરો અન્યત્ર વિહાર કરી ગયા. કપર્દી પણ તે હિતશિક્ષા પ્રમાણે પ્રતિદિન વર્તવા લાગ્યો.

કોઇ એક દિવસે ઉગ્ર ક્રોધવાળી પોતાની સ્ત્રીથી બહાર કાઢી મુકાયેલ કપર્દી ઘરમાંથી બહાર નીકળીને શ્રી શત્રુંજયની તળેટીએ ગયો. થાકને લીધે વિસામો લેવાની ઇચ્છાવાળા તેણે વડલા નીચે આશ્રય લીધો અને મદ્યપાત્ર નજીકની ભૂમિ પર મૂક્યું. થોડીવારમાં થાક ઉતારીને પરમેષ્ઠી મંત્રને યાદ કરવાપૂર્વક જેવો તે મદ્ય પીવા જાય છે તેવામાં તે પાત્રમાં રહેલા ઝેરને તેણે જોયું. 'આ વિષબિંદુ કયાંથી પડયું ?' તેની તપાસ માટે આસપાસ ઊંચે નજર કરતાં તેણે વડલા પર પકડેલા સર્પનું ભક્ષણ કરતાં ગીધ પક્ષીને જોયું. પોતાની સ્ત્રીની માફક તે મદિરાનો ત્યાગ કરીને, મોહરહિત તેણે શત્રુંજય પર આરોહણ કર્યું. ત્યાં આગળ નેત્રને અમૃતની વૃષ્ટિની જેવા ત્રણ ભુવનના સ્વામી શ્રી ઋષભદેવના દર્શન કરવાથી પરાભવથી પ્રગટેલ સંતાપ શમી ગયો. બાદ હર્ષિત થયેલ તે પરમાત્માને નમીને, પોતાના ગામ (પાલિતાણા)ને જોતા તે પર્વતના ઉત્તર ભાગ તરફ ગયો. ત્યાં આગળ રહીને, પરમાત્માના ચૈત્યને જોતો, પંચપરમેષ્ઠી નમસ્કારનું સ્મરણ કરતો, ગમનાગમનની ક્રિયા બંધ કરતો એવા કપર્દીએ અણશણ સ્વીકાર્યું. પછી તે તીર્થના પ્રભાવથી અને શુભ ભાવનાથી મરણ પામીને પરભવને વિષે અખંડ અને પ્રભાવિક યક્ષપણાની પદવી પ્રાપ્ત કરી–યક્ષ થયો.

બાદ અવધિજ્ઞાનથી પોતાના પૂર્વભવને જાણીને, બીજા કાર્યો છોડી દઇને વેગપૂર્વક તે ગિરિવર પર આવી પહોંચ્યો. બાદ પ્રભુને સ્નાન કરાવીને, તેમની પૂજા કરીને અને ત્રિભુવન સ્વામી પરમાત્માની પ્રાર્થના કરીને બુધ્ધિશાળી તેમજ કૃતજ્ઞી (કરેલ ઉપકારને જાણનાર) કપર્દી યક્ષ ગુરુમહારાજની પાસે આવ્યો. બાદ ગુરુમહારાજને નમસ્કાર કરીને, દિવ્ય રૂપધારી તે યક્ષે તેમની સમક્ષ પોતાનું વૃત્તાંત જણાવી બે હાથ જોડીને કહ્યું કે–"હે પૂજ્ય ! મારી આ યક્ષપણાને અંગે સુલભ એવી સુખસંપત્તિ એ તમારા ઉપદેશરૂપી કલ્પવૃક્ષની વિકસિત થયેલ પર્ણરૂપી લક્ષ્મી છે. બીજા લોકો તો નજરે દેખાતાં કષ્ટોથી પીડાતા પ્રાણીઓને રક્ષવા શકિતવાન હોય છે, પરન્તુ ગુરુમહારાજ તો જોવાયેલા અને નહીં જોવાયેલા કષ્ટોને ચૂર્ણ કરવામાં શકિતમાન હોય છે. અન્ય કોઇ પણ આપેલી વસ્તુનું ફળ વારંવાર ક્ષય પામતું જાય છે પરન્તુ ગુરુના ઉપદેશનું ફળ તો ઉત્તરોત્તર વૃદ્ધિ પામતું જાય છે, તો હે ગુરુમહારાજ ! આપ આદેશ કરો કે–હવે મારે શું કરવું ? કે જેથી મારું દેવાદારપણું કંઇક ઓછું થાય." ત્યારે ગુરુએ કહ્યું કે–"તારા જેવા કૃતજ્ઞ માટે આ ઉચિત જ છે. તને જે આ વૈભવ મળ્યો છે તે તીર્થના પ્રભાવને લીધે પ્રાપ્ત થયેલ છે, તો તારે અહીં રહીને જ, પરમાત્માની આરા-



પરમ પવિત્ર શ્રી શત્રુંજયગિરિ

શ્રી મહોદય પ્રેસ–ભાવનગર

**ધના** કરનાર પ્રાણીઓના પાપસમૂહને દૂર કરતાં તારે હમેશાં પરમાત્માની સેવા–ઉપાસના કરવી.'' પછી ગુરુમહારાજની આજ્ઞાથી અન્યત્ર કોઇ પણ પ્રદેશમાં જવાને નહીં ચાહતો કપર્દી યક્ષ આ તીર્થ ઉપર લોકોના કષ્ટોને નાશ પમાડતો રહેવા લાગ્યો.

કપર્દીનું તે પ્રમાણેનું વૃત્તાંત સાંભળીને કપર્દીની સ્ત્રી અનઘા સ્વનિંદાની શંકા રાખતી (બીતી) શાકિનીની માફક અતિ દુષ્ટ હોવા છતાં પણ પોતાના પાપથી સંતાપ પામવા લાગી. પછી વિવેક સરખા શત્રુંજયના શિખર પર ચઢીને, પરમાત્માને નમસ્કાર કરીને, કર્તવ્યને જાણનારી તેણીએ ભક્તપાનનો ત્યાગ કર્યો–અણુશણ કર્યું. બાદ મૃત્યુ પામીને તીર્થના માહાત્મ્યને અંગે આભિયોગિકપણાને અંગે હસ્તીના રૂપને ધારણ કરવાવાળો દેવ બનીને પોતાના સ્વામીના વાહનરૂપ બન્યો. ત્યારથી પ્રારંભીને હસ્તીના વાહનવાળા કપર્દી યક્ષ ઉપરના ડાબા હાથમાં ચકચકિત પાશ અને જમણા હાથમાં પ્રકાશિત અંકુશ તેમજ નીચેના બંને હાથ પૈકી એકમાં વરદ અને બીજામાં બીજોરું ધારણ કરવાવાળો આ શત્રુંજયના શિખર પર સ્થાપન કરાયો છે અને લોકોની પૂજાને પાત્ર બન્યો છે. તીર્થયાત્રા કરનારા સમસ્ત સંઘના દુરિતનો નાશ કરવાથી આ યક્ષ વિશેષ હર્ષ આપે છે. તીર્થની રક્ષા કરવામાં કુશળ યક્ષ હમણાં પણ પ્રતિસ્પર્ધી લોકોનો હમેશાં નિગ્રહ કરે છે.

**શ્રી શત્રુંજયના ઉદ્ધારનું વર્ણન**

આ ગિરિરાજ પર **ભરત મહારાજાએ** કરાવેલ શ્રી ઋષભસ્વામીનું ચૈત્ય હતું પણ સમય જતાં જીર્ણ બનેલ તે ચૈત્યનો અનેક રાજાઓએ જીર્ણોધ્ધાર કર્યો છે. ઇક્ષ્વાકુ વંશમાં જન્મેલા પોતાના પૂર્વજોને યાદ કરતાં **સગર** ચક્રવર્તીએ તે ચૈત્યને નૂતન કરાવ્યું હતું. બાદ કાળાંતરે રાવણને જીતીને પૃથ્વીનો ઉદ્ધાર કરવામાં અગ્રેસર **રામચંદ્રે** તે ચૈત્યનો જીર્ણોધ્ધાર કરાવ્યો. બાદ બલીષ્ઠ અને સ્વભુજાના બળથી દુર્યોધનાદિ સો ભાઇઓના પરાક્રમને પરાજિત કરનાર **પાંડવોએ** તે મંદિરનો પુનરુધ્ધાર કર્યો. બાદ મધુમતી(મહુવા)માં જન્મેલ, સત્ત્વશાળી, તપ તેમજ બ્રહ્મચર્યને પાળનાર **જાવડશાહે** શાસનદેવનો આદેશ પ્રાપ્ત કરીને વિપુલ દ્રવ્યના વ્યયપૂર્વક મહાપુણ્યના ઉદયને લીધે પ્રાપ્ત કરી શકાય તેવું ચંદ્રકાંતમણિનું બિંબ તે જિનાલયમાં સ્થાપન કર્યું. પછી વલ્લભી રાજાઓને જીતનાર **શિલાદિત્ય** નામના રાજાએ નવીન તારુણ્યથી પવિત્ર એવું જિનાલય કરાવ્યું. ગુર્જરભૂમિના સ્વામી સિદ્ધરાજજયસિંહના સમયમાં **આશુક** મંત્રીએ આ તીર્થની પૂજા કરી અને આ ગિરિરાજની તળાટીમાં ચૈત્ય કરાવીને શ્રી નેમિનાથનું ભક્તિપુરસ્સર બિંબ ભરાવ્યું. પછી લોકોની તૃષાને દૂર કરનારી, પરમાત્માના ઉપદેશરૂપી નિર્મળ જળવાળી એક વાવ બંધાવી. વધારે શું કહીએ ? આ તીર્થની પૂજા માટે સિદ્ધરાજદ્વારા મંત્રીશ્વરે બાર ગામ અપાવ્યા. કુમારપાળ ભૂપાળ પૃથ્વીનું પાલન કરી રહ્યા હતા ત્યારે ઉદયન મંત્રીશ્વરના પુત્ર **વાગ્ભટ** (બાહડ) થયા. સોરઠપતિ સાથે પ્રતિસ્પર્ધીપણું (દુશ્મનાવટ) ધરતા રાજા કુમારપાળની આજ્ઞાથી લડવા માટે ગયેલા પોતાના પિતાના આ તીર્થે થયેલ આગમન બાદ આ તીર્થનો ઉદ્ધાર કરવાનો મનોરથ, કુશળ એવા તે વાહડ મંત્રીશ્વરે લાંબા સમય બાદ પોતાના પરિજન વર્ગદ્વારા જાણ્યો. એટલે સંસારરૂપી સાગરમાંથી પુણ્યલક્ષ્મીને ગ્રહણ કરવાને પુરુષોત્તમ (કૃષ્ણ) સરખા તેણે

મંદરાચળ (મેરુ) સરખું શ્રી ઋષભપ્રભુનું જિનાલય કરાવ્યું. તે ગિરિ પરની તળાટીમાં વિશાળ કિલ્લાવાળું, મોતીના જેવા કાંગરાવાળું અને પૃથ્વીદેવીના કર્ણાભરણ સરખું '**કુમારપુર**' નામનું નગર વસાવ્યું. વળી આ તીર્થ પર કુમારપાળ ભૂપાલે બનાવેલ, અતુલ સૌભાગ્યવાળા (શોભાવાળા) નીલમણિને પણ જીતનાર પાર્શ્વનાથના બિંબવાળું "**શ્રી ત્રિભુવનપાળ-વિહાર**" (ચૈત્ય) આસપાસના બધા ચૈત્યોને વિષે "પુષ્પગુચ્છ" સમાન દેખાય છે. વાગ્ભટ્ટ મંત્રીએ તે નગરના સીમાડામાં જિનેશ્વર ભગવાનની પૂજા કરવાને માટે, નંદનવનની સ્પર્ધા કરવાને માટે જ પુષ્પરૂપી સાડીઓને ધારણ કરનાર નર્તકી સરખી વાડીઓ (ઉદ્યાનો) તૈયાર કરાવી. હે વસ્તુપાળ! આ પ્રમાણે મેં શાસ્ત્રાનુસારે તીર્થપ્રભાવ તને કંઈક સંભળાવ્યો છે. આ તીર્થનું સંપૂર્ણ માહાત્મ્ય મારા જેવાની વાણીદ્વારા કોઈ રીતે વર્ણવી શકાય નહીં. સંસારસાગરમાં બૂડતા પ્રાણીઓને માટે બેટ સમાન, પાપને નષ્ટ કરનાર ધર્મને માટે કિલ્લા સમાન એવા આ ગિરિવર પર ચઢતા પ્રાણીઓને શિવપદની પ્રાપ્તિ થાય છે. તે પુણ્ય-લક્ષ્મીના પુંજ સમાન શ્રી શત્રુંજય ગિરિરાજ જયવંત વર્તે છે.

× × ×

લક્ષ્મીનો વાસ કરવાને માટે જેમનું મુખ કમળ સમાન છે, પાંચે પ્રકારના દેવતાઇ કલ્પવૃક્ષો જેમની પાંચ આંગળીના બહાનાથી જમણા હાથની પાંચ શાખારૂપે શોભી રહ્યા છે અને સ્નેહીજનોના વાંછિતોને પૂર્ણ કરવામાં જેમની જિહ્વા (જીભ) ચિંતામણિ રત્ન જેવી છે તે વસ્તુપાળની બીજી કેટલીક પ્રશંસા કરવી ?

× × ×

શત્રુંજય ગિરિવર પરથી યક્ષરાજ કપર્દી, હે વસ્તુપાળ ! ભૂમિ પર રહેલા તમને ક્ષેમ-કુશળ પુછાવે છે. જવાબમાં વસ્તુપાળે કહેવરાવ્યું કે–હે સૌમ્ય! સંઘસમૂહમાં અદ્ભુત સામીપ્ય (સહાયક) કરતાં તમારાવડે ત્રણ જગતને વિષે અસાધારણ સુખનો હું ભાજન બનાવાયો છું તેથી હું સર્વ પ્રકારે કુશળ છું અને તેથી હે યક્ષરાજ! તમે ક્રોડો વર્ષ સુધી જીવંત રહો!

## સર્ગ આઠમો

# શ્રી જંબૂસ્વામી ચરિત્ર

[ સર્ગસારાંશ—જંબૂસ્વામીનો પૂર્વભવ-ભવદેવના ભવનું વૃત્તાંત-નાગિલા સાથે સ્નેહ-ભવદત્તનું કપટપૂર્વક ભવદેવને દીક્ષા અપાવવું-નાગિલાના સ્મરણથી ભવદત્તનું સ્વગૃહે પુનરાગમન-નાગિલાએ કહેલ બોધ-મહાવિદેહમાં શિવકુમારનો ભવ-જંબૂસ્વામીના ભવનું વર્ણન-આઠ કન્યા સાથે પાણિગ્રહણ-સુધર્માસ્વામીની દેશનાથી વૈરાગ્યવાસિત જંબૂકુમાર-રાત્રિએ આવેલ પ્રભવ-તેની બંને વિદ્યાઓની નિષ્ફળતા-પ્રભવે પૂછેલ વૃત્તાંત-જંબૂસ્વામીએ મધુબિંદુ વિગેરેનું આપેલ ઉદાહરણ-જંબૂકુમારની સ્ત્રીઓએ તેને સંસારમાં રાખવા માટે આપેલ વિવિધ દૃષ્ટાન્તો-જંબૂકુમારે આપેલ તેના પ્રત્યુદાહરણો-પ્રાંતે જંબૂકુમાર વિગેરે પાંચ સો ને સત્તાવીશ જણની દીક્ષા. ]

**ચિંતામણિ** જેવા રત્નના તેજને પરાજિત કરનાર, અચિંત્ય પ્રભાવવાળું બ્રહ્મચર્યરૂપી તેજ જયવંત વર્તે છે. પાપરૂપી અંધકારસમૂહને નષ્ટ કરવામાં ઔષધ સમાન આ પ્રકાશિત બ્રહ્મચર્યનું, જેમ જંબૂસ્વામીએ પાલન કર્યું તેમ, પ્રાણીએ મન, વચન અને કાયા-એ ત્રણ પ્રકારે પાલન કરવું જોઇએ.

**જંબૂસ્વામીનો પૂર્વભવ**

પૃથ્વીના અલંકારભૂત, મુસાફર જનોના થાકને દૂર કરનાર, લક્ષ્મીના સ્થાનભૂત અને સ્વર્ગભૂમિ કરતાં પણ ચઢિયાતો **મગધ** નામનો દેશ છે. પોતાના સામર્થ્યથી પ્રજાજનોનાં દુઃખોનો નાશ કરનાર, ઝળહળતા છત્રની અત્યંત શોભાવાળા અને વેદપાઠોનું ઉચ્ચારણ કરતાં દ્વિજસમૂહથી પરિવરેલ રાજાઓ જેમ શોભે તેમ તે મગધ દેશમાં પોતાની છાયાથી તાપને દૂર કરનાર, છત્રના જેવી વિશાળ ઘટાવાળા અને કિલકિલાટ કરતાં પક્ષીવૃંદથી વ્યાપ્ત વૃક્ષો શોભી રહ્યા હતા. વળી તે દેશમાં હમેશાં લીલાછમ કિનારાવાળી નદીઓ પૃથ્વીરૂપી રમણીના કાળા વસ્ત્રની લીલી કિનારની સુંદર શોભાને ધારણ કરી રહી છે. ( કાળી સાડીને લીલી કોર જેમ શોભાયમાન બનાવે તેમ પૃથ્વીરૂપી રમણીની શ્યામ ભૂમિરૂપી સાડીને માટે લીલાછમ કિનારાઓવાળી નદીઓ કિનારરૂપ કલ્પી છે. ) વળી તે દેશમાં ઉનાળામાં પણ

મહીષ( પાડા )ના રૂપને ધારણ કરીને પાણી આપતાં મેઘો જળનો દુકાળ પડવા દેતા નહોતા. તે દેશમાં દશે દિશામાં પ્રસિધ્ધિ પામેલ અને વિદ્વાન તેમજ તેજસ્વી પુરુષોથી અલંકૃત **સુગ્રામ** નામનું ગામ હતું. તે ગામની અનર્ગળ સંપત્તિ-સમૃધ્ધિથી પાતાળપુરી અને અમરાવતી જીતાઇ હતી, જેથી લજ્જા પામીને પહેલી નીચે ચાલી ગઇ અને બીજી અમરાવતી શૂન્ય ( અદૃશ્ય ) બની ગઈ.

તે સુગ્રામમાં રાષ્ટ્રકૂટ ( રાઠોડ ) વંશમાં જન્મેલ, લક્ષ્મીસંપન્ન, નિર્દોષ વાણીવાળો અને વિશાળ ધાન્યરાશિવાળો **આર્યવાન** નામનો શ્રેષ્ઠ કૌટુંબિક વસતો હતો. મર્યાદાના સાગર સમાન તે કૌટુંબિકને નિર્મળ જળવાળી ગંગા નદી જેવી ગુણશાળી તેમજ શીલાલંકૃત **રેવતી** નામની પત્ની હતી. તેમને દુ:ખને નષ્ટ કરનારા અને ધર્મપરાયણ **ભવદત્ત** તથા **ભવદેવ** નામના પ્રખ્યાતિ પામેલ પુત્રો હતા.

એકદા પોતાના ગૃહને વિષે પણ નિઃસ્પૃહી શ્રેષ્ઠી ભવદત્તે આ. શ્રી **સુસ્થિતસૂરિ** પાસે વૈરાગ્યવાસિત બનીને ઇચ્છાપૂર્વક દીક્ષા લીધી. બાદ જેમ શરાણને શસ્ત્ર અનુસરે તેમ ભવદત્ત મુનિ સૂરિમહારાજના પગલે-પગલે પૃથ્વીતલ પર વિચરવા લાગ્યા. એવામાં પોતાના બંધુને દીક્ષા આપવાને ઇચ્છતા કોઇ એક સાધુ સૂરિજીની આજ્ઞા લઇને પોતાના ગામે ગયા, પરન્તુ વિવાહના કાર્યમાં આસક્ત બનેલા તેમજ અતિશય હર્ષને અંગે મોહાંધ બનેલા તેમના લઘુબંધુએ તે સાધુની સન્મુખ જોયું પણ નહીં, એટલે નાના ભાઇને ધિક્કારતા તેમજ વિલખા બનેલા તે સાધુ ગુરુમહારાજ પાસે પાછા આવ્યા. **લાખો સૂર્યથી પણ અધિક તપઃતેજવાળા મુનિવર બીજું શું કરી શકે?** ગુરુ સમક્ષ તે મુનિ પોતાના ભાઈ સંબંધી સત્ય હકીકત જણાવી રહ્યા હતા ત્યારે ભવદત્ત મુનિએ તેમને કહ્યું કે-" હે સાધુ! તમારા ભાઈના કઠોરપણાને ધિક્કાર હો! " તેવામાં કોઇ એક અન્ય મુનિએ ભવદત્ત મુનિને નીચે પ્રમાણે કહ્યું કે-" આ સાધુનો બંધુ તો કઠોર છે, તમે તમારા કોમળ અંતઃકરણવાળા ભાઇને દીક્ષા અપાવો. " એટલે હર્ષ પામીને ભવદત્ત મુનિએ પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું કે-" હે મુનિવર! જ્યારે ગુરુમહારાજ મગધ દેશમાં જશે ત્યારે હું તે કાર્ય કરીશ. "

એક ખંડમાંથી બીજા ખંડમાં વિચરતો સૂર્ય જેમ નિર્મળ-સ્વચ્છ આકાશપ્રદેશમાં આવી પહોંચે તેમ દેશોદેશ વિહાર કરતાં કાંતિમાન્ સૂરિવર મગધ દેશમાં આવી પહોંચ્યા. ગુરુની આજ્ઞા મેળવીને ભવદત્ત મુનિ એકલા પોતાના ગામે આવ્યા. **સિંહની માફક મહામુનિને માટે એકલાપણું ભયપ્રદ બનતું નથી.**

આ બાજુ લઘુ બંધુ ભવદેવે **નાગદત્ત** અને **વાસુકીની** પુત્રી **નાગિલાનું** સ્નેહપૂર્વક પાણિગ્રહણ કર્યું હતું. લોકો પાસેથી આ વૃત્તાંત જાણીને 'હવે શું કરવું?' એવી રીતે વિચારમગ્ન બનેલા અને અત્યંત કાંતિમાન્ ભવદત્ત મુનિ ધીમે ધીમે ઘર તરફ ગયા, એટલે રાત્રિથી પીડા પામેલા ( સંકુચિત બનેલા ) કમળ વનને જેમ સૂર્ય દૂરથી જ વિકસ્વર બનાવે તેમ પોતાની સમીપ રહેલા સ્વજનવર્ગને હર્ષ પમાડતાં તે મુનિવર શાંતિદાતા બન્યા. તે ઉદ્યમશાળી લોકોએ પુણ્યના હેતુભૂત તેમને નમસ્કાર કર્યો અને સાથોસાથ પોતાના પાપ-

રાશિને પણ દૂર કર્યો. બાદ જેમ ચંદ્ર દિશાઓના અંધકારસમૂહને છેદી નાખે તેમ તે મુનિવરે સ્વજનવર્ગના અજ્ઞાનરૂપી અંધકારને નષ્ટ કરનાર નિર્મળ "ધર્મલાભ" આપ્યો અને જણાવ્યું કે–"નજીકના ગામમાં અજ્ઞાનરૂપી અંધકારને નષ્ટ કરનાર તેમજ શાંતસ્વભાવી મારા ગુરુ બિરાજે છે માટે ત્યાં જઇને મારે આહાર કરવાનો છે." એટલે સ્વજનવર્ગે જલ્દી જવાને ઇચ્છતા તે મુનિવરને, સદાચારરૂપી આંબાને શોભાવવાને પોપટ સમાન એષણીય આહાર જલ્દી વહોરાવ્યો.

દીર્ઘ અને રમણીય લોચનવાળી પત્ની નાગિલાના વક્ષસ્થળ (છાતીપ્રદેશ) પર અલંકારો પહેરાવતો ભવદેવ પોતાના ભાઇને આવેલા સાંભળીને, અર્ધ શણગારાએલ પોતાની પત્નીને ત્યજી દઇને, જેમ લતાવૃંદને નહીં ગણકારતો હસ્તી આગળ વધે તેમ સખીસમૂહને અવગણીને આગળ વધેલો, અંતઃકરણમાં ઉત્સાહિત થયેલો તે ભવદેવ સાક્ષાત્ ધર્મસ્વરૂપ પોતાના વડીલ બંધુ પાસે ગયો અને તેમને નમસ્કાર કર્યો. બાદ ભવદત્તે અર્પણ કરેલ એષણીય ઘૃતનું પાત્ર, જાણે કે વ્રતગ્રહણનું પ્રસ્થાનું હોય તેમ બુદ્ધિમાન ભવદેવે હાથમાં ગ્રહણ કર્યું. અપ્રમાદી તેમજ શ્રેષ્ઠ ભવદત્ત મુનિ ઘણા બંધુજનોથી ચોતરફ વીંટળાઇને આગળ ચાલવા લાગ્યા ત્યારે જેમ સમુદ્રના તરંગો પવનને અંગે પાછા વળે તેમ તે બંધુજનો ભવદત્ત મુનિને નમી–નમીને પાછા વળવા લાગ્યા પરન્તુ બાલવયની ક્રીડા વિગેરેની સુખકર કથાઓવડે આનંદ પામેલો ભવદેવ તો ઘીનું પાત્ર હાથમાં લઇને મુનિની સાથે જ ચાલ્યો. 'હે પ્રતિજ્ઞાપાલક ! શું તમારા ભાઇને દીક્ષા માટે લઈ આવ્યા છો ?' એમ બીજા સાધુઓદ્વારા પૂછાયેલ ભવદત્ત મુનિ ગુરુ પાસે આવી પહોંચ્યા અને સુંદર ચારિત્રરૂપી રત્નના સાગર સમાન ગુરુવર્યને વંદન કરીને દીક્ષાર્થે આવેલ સ્વબંધુને ઓળખાવ્યો. ત્યારે 'શું આ હકીકત સત્ય છે ?' એમ આચાર્ય મહારાજવડે પુછાયેલ ભવદેવે પણ 'વડીલ બંધુ અસત્યવાદી ન થાય' એમ વિચારીને તે કથન સ્વીકારી લીધું, એટલે પોતાના ભાઈના સ્નેહબંધનથી બંધાયેલ ચિત્તવાળા અને નાગિલાના ગુણોને વિષે આસક્ત બનેલા ભવદેવને ગુરુમહારાજે દીક્ષા આપી. બાદ ભવદત્ત મુનિદ્વારા પ્રાર્થના કરાયેલ ગુરુમહારાજની આજ્ઞા મેળવીને તે ભવદેવ મુનિ પણ કોઇએક અન્ય સાધુની સાથે બીજે ગામ ગયા.

આ બાજુ 'હજી સુધી ભવદેવ આવ્યો નહીં' એમ વિચારતાં, આવેલા સ્વજનવર્ગે અને લોકોએ જાણ્યું કે–"તે ભવદત્ત મુનિની સાથે ગયો જણાય છે." ભાઇના આગ્રહને વશ થયેલ ભવદેવ ચારિત્રમાં રહ્યા છતાં હમેશાં મનદ્વારા નાગિલાનું ચિંતન કરતો. દીર્ઘ સમય બાદ તપરૂપી સૂર્યને પ્રગટાવવામાં ઉદયાચળ સમાન ભવદત્ત મુનિ નિર્મળ ચંદ્રની માફક સ્વર્ગે સંચર્યા. ભાઇના સ્વર્ગગમન બાદ વ્રતનું યથાર્થ પાલન નહીં કરતાં ભવદેવ મુનિ નાગિલાનું ધ્યાન ધરવા લાગ્યા, અને જેમ ભ્રમર રાત્રિને વિષે કમલિનીનો ત્યાગ કરીને પોતાને પ્રિય કુમુદિની પાસે જાય તેમ ભવદેવ મુનિ પણ સૂતેલા સાધુવૃંદને ત્યજી દઇને પોતાની પ્રિયા નાગિલા પાસે જવા ચાલી નીકળ્યા. સુગ્રામના સીમાડે જઇને શિથિલ આચારવાળા ભવદેવ મુનિ મંડપવાળા કોઈ એક ચૈત્યમાં રહ્યા તેવામાં તે મંદિરમાં કામરૂપી વૃક્ષને ઉખેડી નાખવામાં વાતસમૂહ સરખી અને પ્રૌઢા એવી કોઇએક સ્ત્રી વિવેકી વૃદ્ધા સ્ત્રીની સાથે આવી.

તેને મુનિએ રેવતી તથા આર્યવાન સંબંધી વૃત્તાંત પૂછયો. તેને મૃત્યુ પામેલા સાંભળ્યા બાદ નાગિલા સંબંધી હકીકત પૂછી ત્યારે તેને ભવદેવ જ જાણીને નાગિલાએ પૂછ્યું કે–" શું તમે નાગિલાના સ્વામી ભવદેવ છો ?" એટલે પ્રિયા પ્રત્યે અધિક ઉત્કંઠાવાળા અને કામાગ્નિથી પીડિત ભવદેવ મુનિ બોલ્યા કે–" હે ભદ્રે ! હું ભવદેવ છું, એમ તમે કઇ રીતે જાણ્યું ? પૂર્વે મારા વડીલ બંધુએ માયાપૂર્વક મને ઘરેથી લઈ જઇને, હું નાગિલાને વિષે રક્ત અને અનહદ પ્રેમવાળો હોવા છતાં, મને દીક્ષા અપાવી. ભાઈના સ્વર્ગવાસ બાદ નાગિલા પ્રત્યેની પ્રીતિ મારા નિરંકુશ મનને વિહ્વળ બનાવી રહી છે. મારા મનરૂપી આંબાની મેના સમાન તે વાસુકીની પુત્રી નાગિલા હૈયાત છે કે નહિ ? તે તું મને જલ્દી કહે." આ પ્રમાણે ભવદેવ મુનિ બોલી રહ્યા હતા તેવામાં નાગિલાની સખી વૃધ્ધાનો લઘુ પુત્ર ત્યાં આવી ચઢ્યો અને બોલ્યો કે–" હે માતા ! મને જમવાનું નોતરું મળ્યું છે, તો હું દક્ષિણાને માટે જઇશ, તું જલ્દી ઘરે ચાલ. શ્રાદ્ધ ભોજનમાં જમેલા ક્ષીરાન્ન( ખીર )ને હું ઘરે આવીને વમી નાખીશ, તમારે તે પાત્ર રાખી મૂકવું, જેથી ફરીને આવીને હું તે વમેલા ક્ષીરાન્નને પી જઈશ." આ પ્રમાણે બોલતાં તે બાળકને ભવદેવે હસતાં હસતાં કહ્યું કે–" આ પ્રમાણે કરવાથી શું તું નિંદાને પાત્ર નહીં બને ?" તે સમયે નાગિલાએ ભવદેવને કહ્યું કે–" જો તમે આ વસ્તુ સમજો છો તો હું જ તમારી પત્ની નાગિલા છું. વમેલી એવી મને તમે પુનઃ ભોગવવાને કેમ યત્ન કરી રહ્યા છો ? હે મૂઢમતિ ! નવી પરણેલી સ્ત્રીની માફક મને યાદ કરતાં તમે અહીં આવ્યા છો, પણ મારો જરા( વૃદ્ધાવસ્થા )થી જીર્ણ થઇ ગયેલો દેહ તો જુઓ ! **આ સંસારમાં સારપણું ( ચિરસ્થાયીપણું ) કયાં છે ?** પવિત્ર વસ્તુને મલિન કરનાર અને વૃદ્ધાવસ્થાથી ગ્રસિત( આધીન ) આ શરીરને વિષે પ્રાણીઓ વ્યર્થ મોહ પામે છે. મને વિષ સદશ અને ચારિત્રને અમૃત સમાન સમજીને બીજો વિચાર મૂકી દ્યો. જલ્દી પાછા ફરીને ગુરુ પાસે જાઓ અને ચારિત્રનું પાલન કરો." આ પ્રમાણે નાગિલાની વાણીથી બોધ પામેલ અને હર્ષિત બનેલ ભવદેવ મુનિએ નાગિલાને ધન્યવાદ આપ્યો અને પોતે શીઘ્ર સૂરિમહારાજ પાસે આવીને, આલોયણ( પ્રાયશ્ચિત્ત ) સ્વીકારીને દઢતાથી સંયમનું પાલન કર્યું જેથી સૌધર્મ દેવલોકમાં દેદીપ્યમાન દેવ તરીકે ઉત્પન્ન થયા.

આ બાજુ દેવલોકમાંથી ચ્યવીને ભવદત્તનો જીવ મહાવિદેહ ક્ષેત્રમાં, **પુષ્કલાવતી** વિજયમાં, **વિશ્વપ્રિય** નામના દેશમાં, **પુંડરીકિણી** નગરીમાં **વજ્રદત્ત** ચક્રવર્તીની **યશોધરા** નામની પત્નીની કૂખે **સાગરદત્ત** નામના પુત્ર તરીકે જન્મ્યો. બાદ શત્રુરૂપી વૃક્ષોનું ઉન્મૂલન કરવામાં હસ્તી સમાન વજ્રદત્ત ચક્રીએ તેને સુંદર લાવણ્યવાળી હજારો કન્યાઓ પરણાવી. તે સ્ત્રીઓની સાથે ક્રીડા કરતો સાગરદત્ત કુમાર, જાણે પોતાના નિર્મળ સાક્ષાત્ ભોગફળને આપનાર કર્મપ્રકૃતિઓની સાથે વિલાસ કરી રહ્યો તેમ શોભતો હતો. એકદા પોતાના મહેલની અગાશીમાં અનેક સ્ત્રીજનથી પરિવરેલા તેણે, આકાશને વિષે સુવર્ણની જેવી કાંતિવાળા મેઘમંડલને જોયું. વાદળાઓના સ્વર્ણવર્ણી શિખરોથી વ્યાપ્ત થયેલા આકાશને મેરુની માફક નીહાળતો સાગરદત્ત કુમાર આશ્ચર્ય પામ્યો. તેવામાં પવનથી વીખરાઇ ગયેલ વાદળાઓ ક્ષણમાત્રમાં અસ્તવ્યસ્ત થઇ ગયા, એટલે તે પદાર્થોની ક્ષણભંગુરતાનો વિચાર કરવા લાગ્યો. આ પ્રમાણે વિચારણા કરતાં સ્વયંબુદ્ધ થયેલ સાગરદત્તે ઉત્સાહપૂર્વક **અમૃતસાગર** સૂરિવર્ય

પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. ખડ્ગની તીક્ષ્ણ ધારાને જીતનાર વ્રતનું પાલન કરનારા તેમણે અવધિજ્ઞાન પ્રાપ્ત કર્યું.

ભવદેવનો જીવ સ્વર્ગથી ચ્યવીને તે જ પુષ્કલાવતી વિજયમાં **વીતશોક** નામના નગરમાં **પદ્મરથ** રાજા અને **વનમાળા** રાણીના **શિવ** નામના પુત્રપણે ઉત્પન્ન થયો અને તેને અતિ સુકુમાળ કન્યાઓ સાથે પરણાવ્યો. એકદા પોતાના મહેલની અગાશીમાં પોતાની પત્નીઓ સાથે રહેલા શિવકુમારે **કામસમૃદ્ધ** નામના સાર્થવાહના ઘરને વિષે ભિક્ષા ગ્રહણ કરતાં સાગરદત્ત મુનિને જોયા. અને તે સમયે દેવોએ કરેલી સુવર્ણવૃષ્ટિ જોઇને અત્યંત હર્ષ પામ્યો. બાદ સ્વસ્થાને જઈને પારણું કરેલા તે મુનિવરની પાસે જઇને, નમસ્કાર કરીને પાપને નષ્ટ કરનાર તેમની પાસે તે રાજપુત્ર બેઠો એટલે અભિમાનરૂપી ગજને હણવામાં કેશરીસિંહ સમાન મુનિવરે તેને ઉપદેશ આપ્યો અને પૂર્વજન્મનો સર્વ વૃત્તાંત સંભળાવ્યો. નિર્મળ ચિત્તવાળો રાજપુત્ર પણ તે સાંભળીને પ્રતિબોધ પામ્યો અને મુનિવરને નમીને વ્રત લેવાના નિશ્ચયવાળો તે કુમાર માતપિતાની રજા લેવા ગયો ત્યારે માતપિતાએ આજ્ઞા નહીં આપવાથી ભોજન નહીં કરતો તે રાજપુત્ર પુણ્યના સ્થાનરૂપ પૌષધશાળામાં રહ્યો. બાદ રાજાની આજ્ઞાથી **દૃઢધર્મ** નામના શ્રેષ્ઠીપુત્રના સમજાવવાથી તેણે છઠ્ઠને પારણે આયંબિલ કરીને પારણું કર્યું. આ પ્રમાણે સાધુની માફક છઠ્ઠને પારણે આયંબિલ કરતા તે શિવકુમારની, કર્મની નિર્જરા કરતો દૃઢધર્મ શુશ્રુષા-વૈયાવચ્ચ કરતો હતો. આ પ્રમાણે તપશ્ચરણ કરતાં બાર વર્ષને અંતે ભાવચારિત્ર પાળતો તે શિવકુમાર કાળધર્મ પામીને **બ્રહ્મ** દેવલોકમાં અદ્ભુત કાંતિવાળો **વિદ્યુન્માલી** નામનો દેવ થયો. શ્રી **વીર પરમાત્મા** રાજગૃહી નગરીએ આવીને સમવસર્યા ત્યારે તે વિદ્યુન્માલી આવીને પરમાત્માના ચરણોની ઉપાસના કરવા લાગ્યો. તે સમયે **શ્રેણિક** રાજાએ વીરભગવંતને પૂછ્યું કે-"ઇંદ્રો અને સુરવૃંદરૂપી કાચને વિષે મણિની પ્રભા જેવા ઝળહળતા આ તેજસ્વી દેવે પૂર્વજન્મમાં કયું દુષ્કર તપ કર્યું છે ?" ત્યારે પરમાત્માએ વિદ્યુન્માલીના પૂર્વભવ સંબંધી વૃત્તાંત જણાવ્યો. બાદ શ્રેણિક રાજવીએ બીજો પ્રશ્ન પૂછયો કે-"હે સ્વામિન્! આ દેવ ચ્યવીને કયાં ઉપજશે ?" એટલે પરમાત્માએ કહ્યું કે-

"હે રાજન્! આ જ અવસર્પિણી કાળમાં, આ જ રાજગૃહી નગરીને વિષે **ઋષભ** શ્રેષ્ઠીના પુત્ર તરીકે **જંબૂ** નામના છેલ્લા કેવળી થશે." બાદ વિદ્યુન્માલીની

**જંબૂસ્વામીનું ચરિત્ર-**

ચાર દેવીઓએ પણ પરમાત્માને પૂછ્યું કે-"હે પ્રભો! અમારી ચારેની કઇ ગતિ થશે ?" એટલે શ્રી વીરપ્રભુએ કહ્યું કે-"તમે પણ આ જ નગરીમાં અન્ય શ્રેષ્ઠીઓને ત્યાં પુત્રી તરીકે જન્મીને તેમની પત્નીઓ થશો."

બાદ તે જ દિવસથી પ્રારંભીને સાતમે દિવસે વિદ્યુન્માલી દેવ ઋષભ શ્રેષ્ઠીની **ધારિણી** નામની પત્નીની કુક્ષિમાં અવતર્યો. દિવસો પૂર્ણ થતાં આનંદમગ્ન શ્રેષ્ઠીપત્નીએ, સરોવર જેમ કમળને પ્રગટાવે તેમ પુત્રનો જન્મ આપ્યો.

પૂર્વે ગણધર શ્રી સુધર્માસ્વામી આ નગરીના **વૈભારગિરિ** નામના ઉદ્યાનમાં સમવસર્યા હતા તે વખતે ધારિણી તેમને વંદન કરવા ગઇ હતી. તે સમયે **સિદ્ધપુત્ર** નામના વિદ્યાધરને ઉદ્દેશીને શ્રી સુધર્માસ્વામીએ કહેલ **જંબૂવિચાર** તેણે સાંભળ્યો હતો. તે જંબૂવિચારનું

સ્વરૂપ વર્ણવાયા બાદ ધારિણીએ શ્રી સુધર્માસ્વામીને પૂછેલ કે-"હે સ્વામિન્! મને પુત્ર થશે કે કેમ? તે આપ જણાવો." એટલે આવા સાવદ્ય પ્રશ્નને અંગે ગણધર શ્રી સુધર્માસ્વામીને મૌન રહેલ જોઇને સિદ્ધપુત્રે શિયળવતી ધારિણીને કહ્યું કે-"હે સતી! ગણધર ભગવંત, આ સાવદ્ય પ્રશ્નનો જવાબ આપશે નહી, પરન્તુ હું આપના પુત્ર સંબંધી કહીશ. તમે એક સો આઠ આયંબિલ કરો. તે તપ પૂર્ણ થયા બાદ સિંહસ્વપ્નથી સૂચિત તમને પુત્ર થશે." આ પ્રમાણે સાંભળીને, ઘરે જઇને, તેણીએ સિદ્ધપુત્રના કથન મુજબ તપશ્ચર્યા કરી અને કોઇએક દિવસે તેણે સ્વપ્નમાં સિંહને પોતાના ખોળામાં બેઠેલો જોયો. પ્રાતઃકાળમાં તે વૃત્તાંત ઋષભ શ્રેષ્ઠીને કહીને જિનેશ્વર પરમાત્માની તેણે પૂજા કરી. બાદ પૂર્વ દિશા જેમ સૂર્યને જન્મ આપે તેમ તેણીએ પુત્રનો જન્મ આપ્યો અને જંબૂવિચારના શ્રવણસમયે પુત્ર સંબંધી પ્રશ્ન ઉદ્ભવ્યો હતો એટલે માતા-પિતાએ તેમનું **જંબૂકુમાર** નામ રાખ્યું.

તે જ નગરીમાં **સમુદ્ર** શ્રેષ્ઠીની **પદ્માવતી** નામની પ્રિયાએ પૂર્ણિમાના ચંદ્રની જેવી ઉજ્જવળ કાંતિવાળી **સમુદ્રશ્રી** નામની પુત્રીને જન્મ આપ્યો. **સમુદ્રદત્તની કમળમાળા** નામની પત્નીએ કમળ જેવા વિકસિત લોચનવાળી **પદ્મશ્રી** નામની પુત્રીનો જન્મ આપ્યો. **સાગરદત્ત**ની **વિજયશ્રી** નામની ભાર્યાએ કામદેવરૂપી રાજાની અદ્ભુત સેના જેવી **પદ્મસેના** નામની પુત્રીનો જન્મ આપ્યો. **કુબેરદત્ત** શ્રેષ્ઠીની **જયશ્રી** નામની સ્ત્રીએ સુવર્ણ સરખી કાંતિવાળી **કનકસેના** નામની પુત્રીનો જન્મ આપ્યો. વિદ્યુન્માલી દેવની ચાર દેવીઓ સ્વર્ગથી ચ્યવીને ઉપર જણાવેલ શ્રેષ્ઠીઓને ત્યાં પુત્રીરૂપે જન્મી હતી. વળી **કુબેરસેન** શ્રેષ્ઠીની **કમળવતી** પત્નીના ઉદરરૂપી સરોવરમાં હંસી સમાન **નભસેના** નામની પુત્રી જન્મી, **શ્રમણદત્ત**ની **સુષેણા** નામની નારીએ **કનકશ્રી** નામની પુત્રીનો જન્મ આપ્યો, કે જેને કોણ લક્ષ્મી સદૃશ નહોતું માનતું? અર્થાત્ તે લક્ષ્મી જેવી હતી. **સુષેણ** નામના શેઠની **વીરમતી** નામની પ્રિયાએ સ્વર્ગની સાક્ષાત્ લક્ષ્મી સમાન **કમળવતી** નામની પુત્રીનો જન્મ આપ્યો. **પાલિત** શેઠની **જયસેના** નામની ભાર્યાએ રતિના રૂપને જીતનારી **જયશ્રી** નામની પુત્રીનો જન્મ આપ્યો. જંબૂકુમારના ગુણોથી જયશીલ રાજગૃહી નગરીને, આઠ દિક્પાળની રાજધાનીઓની લક્ષ્મી સરખી તે આઠ કન્યાઓ સેવી રહી છે અર્થાત્ તે આઠે કન્યાઓ રાજગૃહી નગરીને વિષે વસતી હતી. તેના પિતાઓએ પોતપોતાની પુત્રી જંબૂકુમારને પરણાવવા માટે ઋષભ શ્રેષ્ઠીને વિજ્ઞપ્તિ કરી, જે તેમણે કબૂલ રાખી. **આ જગતમાં સમાન ગુણવાળી વ્યક્તિઓના સંબંધને માટે કોણ ઇચ્છા નથી ધરાવતું?**

તે સમયે વૈભારગિરિના ઉદ્યાનમાં મહામોહરૂપી મેઘ-ઘટાને દૂર કરવામાં વાયુ સમાન શ્રી સુધર્માસ્વામી સમવસર્યા. તેઓને સમવસરેલા સાંભળીને, સૂર્યનો ઉદય થવાથી ભમરાઓ જેમ કમળમાંથી બહાર આવે તેમ લોકો નગરીમાંથી નીકળીને વૈભારગિરિના ઉદ્યાનમાં ગયા. અતિ હર્ષાન્વિત બનેલ જંબૂકુમાર પણ શ્રી સુધર્માસ્વામીને વંદન કરવાને આવી પહોંચ્યા. ગણધર મહારાજે પણ મૂર્તિમંત પ્રસાદ સરખા દંતકિરણોથી જંબૂકુમારના દેહને સિંચન કરતી દેશના શરૂ કરી.

"જો આ સંસારરૂપી સમુદ્રમાં લક્ષ્મીની પ્રાપ્તિ અને અપ્રાપ્તિરૂપ ઉગ્ર-પ્રચંડ તરંગો

ન હોત તો તે સમુદ્ર પ્રાણીઓને સહેલાઇથી તરવા યોગ્ય બન્યો હોત. મેઘના પાણીની માફક લોકોનું આયુ ઝરી (ગળી) રહ્યું છે, વિદ્યુતના જેવી લક્ષ્મી ચંચળ છે અને દેહ પણ પાંડુવર્ણો બની જાય છે અર્થાત્ જરાજર્જરિત બને છે; તો તથાપ્રકારના આયુ, લક્ષ્મી અને અસ્થિર દેહવડે વિવેકી પ્રાણીએ ચિરસ્થાયી જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયીને ગ્રહણ કરવી જોઇએ. જ્ઞાની પુરુષને ઉપાશ્રય, ઔષધ, પુસ્તક અને વસ્ત્રાદિવડે સહાય કરીને ગૃહસ્થે **જ્ઞાન**ની આરાધના (પ્રાપ્તિ) કરવી જોઇએ. સાધર્મીવાત્સલ્ય, જિનભવન, તીર્થયાત્રા અને પૂજાદિવડે પરમાત્માના તીર્થની પ્રભાવના કરીને પ્રાણીએ સમ્યક્ પ્રકારે **સમ્યક્ત્વ(દર્શન)** ઉપાર્જવું જોઈએ. મુનિજનો પ્રત્યેના ભક્તિભાવથી તેમજ છ આવશ્યક અને તપશ્ચરણથી શ્રાવકે **ચારિત્ર**ની પ્રાપ્તિ કરવી જોઈએ. સાધુપુરુષો યોગ્ય સમયે સ્વાધ્યાયાદિવડે જ્ઞાન, શંકા, કાંક્ષાદિ રહિતપણે દર્શન અને શુદ્ધ મૂળ તથા ઉત્તમ ગુણોવડે ચારિત્રને આરાધે છે. આવા પ્રકારની રત્નત્રયીથી મોહરૂપી અંધકારનો નાશ કરેલ શ્રાવકો તેમજ સાધુઓએ શાશ્વત પદ(મોક્ષ) પ્રાપ્ત કર્યું છે. જે મોહને આધીન થયેલ છે, પ્રમાદને વશ પડેલ છે તે અશરણ પ્રાણીઓ આ ભવરૂપી અરણ્યમાં ભટક્યા કરે છે."

મેઘ સરખા ગુરુમહારાજની નિર્મળ જળ સરખી દેશના સાંભળીને જંબૂકુમારે વૃક્ષની માફક સંસારરૂપી દાવાનળની વ્યથાનો શીઘ્ર ત્યાગ કર્યો અને શ્રી સુધર્માસ્વામીને નમસ્કાર કરીને વ્રતને ગ્રહણ કરવાના મહોદ્યમવાળા તેમજ કામદેવને ધિક્કારતા તે માયારહિત બનીને સ્વગૃહે ગયા. બાદ માતપિતાને પ્રણામ કરીને શંખની જેવા નિર્મળ યશવાળા જંબૂકુમારે કહ્યું કે–"ચારિત્ર અંગીકાર કરીને હું મારા આત્માને સંતોષ પમાડવા ઇચ્છું છું." એટલે તપાવેલા સીસાની જેવા કર્ણને કટુ વચન સાંભળીને ચારિત્રનો નિષેધ કરવા માટે ઋષભ શ્રેષ્ઠી તથા ધારિણીએ કહ્યું કે–"પૃથ્વી અને આકાશને પ્રકાશિત કરનાર સૂર્યની માફક તું અમારા બંનેને માટે દીપક સમાન છો. તારા વિના હે પુત્ર! ગાઢ અંધકાર(અજ્ઞાન) અમને પરાજિત કરશે, અર્થાત્ તારા વિના અમે અંધ તુલ્ય બનશું. અતિ દુષ્કર તપશ્ચર્યાદ્વારા સેંકડો મનોરથોને અંતે હે પુત્ર! ઉંબર નામના વૃક્ષને ફૂલની માફક તું મહામુશ્કેલીએ પ્રાપ્ત થયો છો, તો લાંબા સમયે પ્રગટેલા મારા મનોરથરૂપી વૃક્ષને, હે ચતુર! તું આવી વાણીરૂપી જ્વાળાથી બાળવાને કેમ તૈયાર થયો છો? રતિ કરતાં પણ ચઢિયાતા સૌંદર્યવાળી જે આઠ કન્યાઓની તારા માટે માગણી કરાઈ છે તેને હે પુત્ર! તું કેમ ત્યજી દે છે? જેમ હાથણીઓથી હસ્તિ વીંટળાય તેમ વિવાહમંડપમાં તે આઠ કન્યાઓથી પરિવરેલ તું અમારા બંનેના ચિત્તને હર્ષિત બનાવ. તારા સંગને ઇચ્છતી આઠે કન્યાઓને પરણતો તું, ગીતધ્વનિને સાંભળતા અમારા બંનેના કુતુહલને પૂર્ણ કર અર્થાત્ અમને આનંદ પમાડ. આઠ દિશાઓ સરખી તે આઠ કન્યાઓના અંતઃકરણમાં ચંદ્ર સરખા પુણ્યવાન પુત્ર! અમારા બંનેના નેત્રરૂપી કુમુદને હર્ષ પમાડ."

માત–પિતાના આવા વચનો સાંભળીને વ્રત લેવાના અડગ નિશ્ચયવાળા અને સમયોચિત જાણનારા જંબૂકુમારે મધુર વાણીથી કહ્યું કે–"તમે ચારિત્ર અંગીકાર કરવાની રજા નહીં આપો ત્યાં સુધી હું બ્રહ્મચર્યનું પાલન કરવાનો છું. તમારા બંનેના કુતુહલને માટે હું

પાણિગ્રહણુ કરીશ પરન્તુ લગ્નને બીજે દિવસે હું વ્રત ગ્રહણુ કરીશ. પુત્ર પ્રત્યેના વાત્સલ્યભાવથી પ્રેરાઇને તમારે મને સંસારરૂપી દાવાનળમાં ફેંકવો જોઇએ નહીં." બાદ ' મૃગલોચની એ આઠ કન્યાઓના પ્રેમ-સંબંધમાં ઝકડાયેલ જંબૂકુમાર મોક્ષ માટે કયાંથી યત્ન કરવાનો હતો ?' એમ પરસ્પર વિચારીને માતપિતાએ તેનું કથન સ્વીકાર્યું અને હર્ષપૂર્વક લગ્નોત્સવ શરૂ કર્યો.

જંબૂકુમારના વ્રત-ગ્રહણુનો નિશ્ચય જાણ્યા બાદ ' હવે શું કરવું ?' એ પ્રમાણે વિચારમગ્ન બનેલા જંબૂકુમારના સાસરાઓને તે આઠે કન્યાઓએ જણાવ્યું કે-" સૂર્યકાંત મણિની કાંતિ જેમ સૂર્યને અનુસરે તેમ આ ભવમાં તેમજ પરભવમાં જંબૂકુમાર જ અમારા શરણુભૂત છે. કાં તો અમે તેમને વિષયવિલાસી બનાવશું અથવા તે અમને તેમના માર્ગે (ચારિત્રગ્રહણુને માર્ગે) લઈ જશે. ખરેખર અત્યારે અમારા વચ્ચે સ્પર્ધા( હરિફાઈ )નો પ્રસંગ ઉપસ્થિત થયો છે."

સતીશિરોમણિ તે કન્યાઓના વચનો સાંભળીને આનંદિત બનેલા તેના પિતાઓ લગ્નદિવસની પ્રતીક્ષા કરવા લાગ્યા. સ્ત્રીઓના મુખ-ચંદ્રમાંથી પ્રગટેલ લગ્નગીતરૂપી અમૃતથી, શંકરદ્વારા દગ્ધ થયેલ કામદેવને સ્ત્રીઓએ સજીવન કર્યો ત્યારે, સ્વજન વર્ગના આગ્રહથી, મનનો વિરોધ હોવા છતાં, જંબૂકુમારે તે કન્યાઓનું પાણિગ્રહણુ કર્યું, અને ગૃહવાસમાં આસક્તિ વિનાના તેઓ, કામજ્વરથી પીડિત તે કન્યાઓની સાથે શયનાગારમાં વિવિધ વાર્તાલાપ કરવા લાગ્યા.

આ બાજુ **વિંધ્યાચળ** ઉપર વસતાં **વિંધ્ય** રાજવીએ પોતાના લઘુપુત્ર **પ્રભુને જયપુર** નગરનો રાજા બનાવ્યો એટલે રોષિત બનેલ જયેષ્ઠ પુત્ર **પ્રભવકુમાર** નગર છોડી ચાલી નીકળ્યો. પાંચસો ચોરો યુક્ત તે કુમાર પૃથ્વી પર ચોરી કરવા લાગ્યો અને **અવસ્વાપિની** તથા **તાલોદ્ઘાટિની** નામની બે વિદ્યા પ્રાપ્ત કરી. જે સમયે જંબૂસ્વામી શયનાગારમાં પોતાની પ્રિયાઓ સાથે વાર્તાલાપ કરી રહ્યા હતા ત્યારે તે આવાસસ્થળમાં આવીને, બંને વિદ્યાનો પ્રયોગ કરીને ચોરી કરતો હતો તેવામાં તે સ્તંભની માફક સ્થિર થઈ ગયો, એટલે ' હું મારા સેવકવર્ગ સહિત કોનાથી સ્તંભિત કરાયો છું ?' એમ વિચારતાં તે **પ્રભવ** ચોર બધી દિશામાં નજર ફેરવવા લાગ્યો ત્યારે રાત્રિસમયે કમળસમૂહમાં જેમ કુમુદો વિકસિત રહે તેમ બધા લોકો ઊંઘી રહ્યા હતા ત્યારે સ્ત્રીથી પરિવરેલા અને જાગૃત જંબૂકુમારને જોયા. એટલે નમ્ર બનીને તેણે જંબૂકુમારને કહ્યું કે-" તમે મને તમારી સ્તંભિની વિદ્યા આપો અને મારી બંને વિદ્યા ગ્રહણુ કરો." ત્યારે શમપ્રધાન શ્રી જંબૂકુમારે તેને કહ્યું કે-" મારી પાસે સ્તંભિની વિદ્યા છે જ નહીં. વળી મારે તારી બે વિદ્યાનું પણુ શું પ્રયોજન છે ? મમત્વભાવ વિનાનો હું ગૃહસ્થાવાસને ઇચ્છતો નથી એટલે પ્રાતઃકાળે હું શ્રી સુધર્માસ્વામી પાસે ચારિત્ર અંગીકાર કરીશ." જંબૂકુમારનું આ કથન સાંભળીને પ્રભવે કહ્યું કે-"હે શ્રીમાન્ ! તમે અત્યંત ઋદ્ધિવાળા હોવા છતાં આ ભોગોને કેમ ભોગવતા નથી ? વ્રતને માટે કેમ તૈયાર થયા છો ?" જંબૂકુમારે કહ્યું કે-" તું સાવધાન થઇને મારું કથન સાંભળ.

જેમ મેઘસમૂહથી તારાઓનો સમૂહ આવરી લેવાય તેમ કોઇએક મહાઅરણ્યમાં અશરણુ-

એવો કોઈ સાર્થ ચોરોવડે લુંટાયો. તે બધો સાર્થ નાસી ગયો એવામાં ઉગ્ર દાવાનળથી બચી ગયેલા કોઇએક વૃક્ષની માફક કોઈક પુરુષ ખાડામાં સંતાઇ ગયો. એવામાં

**મધુબિંદુનું દૃષ્ટાંત–** મદોન્મત્ત હસ્તીથી ભય પામેલો તે ત્યાંથી દોડીને જીર્ણ કૂવામાં કૂદી પડ્યો. કૂવામાં પડતા એવા તેણે કૂવાને કાંઠે રહેલા વડવૃક્ષની વડવાઇને ઇષ્ટ બંધુની માફક પકડી લીધી. બાદ કૂવામાં નીચે નજર કરતાં યમરાજના નગર જેવો ભયપ્રદ મુખવાળો અજગર જોયો. વળી હતાશ બનેલા તેણે ચારે દિશાઓમાં યમરાજના જાણે પહેરેગીર હોય તેવા ચાર સર્પો જોયા. વળી જે શાખાને પોતે વળગી રહ્યો હતો તેના મૂળને કાપતાં નિષ્કારણ વૈરી જેવા શ્વેત અને શ્યામ બે ઊંદરો જોયા. જેમ દુષ્ટ રાજાએ નાખેલા કર( દાણ )ને જોઇને વિશાળ કુટુંબવાળો કાયર પુરુષ ભયભીત બની જાય તેમ કૂવાના કાંઠે રહેલ હાથીની વિસ્તરતી ( લાંબી ) સૂંઢને પણ તેણે જોઈ. વળી હસ્તીએ પોતાની સૂંઢનો વળ દઇને વૃક્ષને ધ્રુજાવ્યું ત્યારે વૃક્ષ પર રહેલ મધપુડામાંથી ઊડેલી માખીઓ તેને, જેમ સરળ ક્રેષ્ઠાન લોભીયાઓ વીંટળાઇ વળે તેમ વળગી પડી–કરડવા લાગી, અને જેમ ચાતકના મુખમાં ધીમે વરસતા મેઘબિંદુઓ પડે તેમ મધપુડામાંથી ઝરતાં મધબિંદુઓ પડવા લાગ્યા. આ પ્રમાણે મધના આસ્વાદમાં રક્ત બનેલ તે પ્રાણી હર્ષિત બનીને અનેક પ્રકારનાં દુઃખો ભૂલી ગયો. તેવામાં આકાશપથમાં વિચરતો કોઇએક વિદ્યાધર તેને તથાપ્રકારે જોઇને, દયાળુભાવથી તેને બંધુની માફક તે કષ્ટમાંથી ખેંચી કાઢવાને તેની પાસે આવ્યો અને પોતાના હસ્તનું અવલંબન આપીને તેને ખુશી કર્યો. હે પ્રભવ! તું કહે કે તે પ્રાણીએ તે સ્થાનમાં રહેવું કે બહાર નીકળવું એ બેમાં શું ઉચિત છે?" ત્યારે પ્રભવે હસતાં હસતાં જવાબ આપ્યો કે–" હે કુમાર! તેમાં આપ શું પૂછો છો? મૂર્ખ માણુસ પણ જાણે છે કે–તેણે બહાર નીકળી જવું જોઇએ." એટલે હાસ્યપૂર્વક સ્પષ્ટ જવાબ સંભળાવીને હર્ષિત કરાયેલા જંબૂકુમારે તેને અમૃતમય વાણીથી કહ્યું કે–

"જે પુરુષ છે તે સંસારી પ્રાણી, મહાટવી તે સંસાર, કૂવો તે મનુષ્ય જન્મ, અજગર તે નરકભૂમિ, ચાર દિશાને વિષે રહેલા ચાર સર્પો તે ક્રોધાદિ ચાર કષાયો, હાથી તે મસ્તક પર રહેલ યમ ( મૃત્યુ ), માખીઓ તે વ્યાધિયો, ડાળીને છેદતાં બે

**મધુબિંદુ દૃષ્ટાંતનો ઉપનય–** ઊંદરો તે આયુને ઓછું કરતાં શુકલ તથા કૃષ્ણપક્ષ, મધુબિંદુ તે દુઃખમાં પ્રાણીઓને ખુશ કરનાર વિષયવિલાસો અને વિદ્યાધર સમાન શ્રી સુધર્માસ્વામી છે. આવા પ્રકારના કષ્ટમાંથી બહાર ખેંચાતા મને તું વિષયની ઇચ્છામાત્રથી શા માટે નિષેધ કરી રહ્યો છે?" આ પ્રમાણે મધુબિંદુના દૃષ્ટાંતથી નિરુત્તર કરાયેલ પ્રભવ બોલ્યો કે–" આ પ્રમાણે સમગ્ર કુટુંબનો ત્યાગ કરીને, માતપિતાને દુઃખદાયક થતાં તને શું શરમ નથી આવતી?" ત્યારે જંબૂકુમારે તેને કહ્યું કે–" કુટુંબ સંબંધીનું એક દૃષ્ટાંત તું સાંભળ–

મથુરામાં **કુબેરસેના** નામની વેશ્યા હતી જેના મુખ પાસે ચંદ્ર સ્નાન કરાવેલ પ્રતિમા જેવો જણાતો હતો અર્થાત્ તેણીનું મુખ ચંદ્રકાંત કરતાં પણ અધિક તેજસ્વી હતું. જેમ રાજાની તલવાર નવીન કીર્તિ અને પ્રતાપ પ્રસરાવે તેમ તેણીએ એકદા

કષ્ટપૂર્વક પુત્ર તથા પુત્રીના જોડલાને જન્મ આપ્યો. તે બંનેનો ત્યાગ કરાવવાને ઈચ્છતી કુટ્ટિનીના વચનરૂપી વિષનો તિરસ્કાર કરીને તેણીએ તે યુગલને અગિયાર દિવસ સુધી સ્તનપાન કરાવ્યું. પુત્રનું **કુબેરદત્ત** અને પુત્રીનું **કુબેરદત્તા** એવું નામ રાખીને તેવી મુદ્રિકા તૈયાર કરાવી અને કુટ્ટિનીના ભયથી ભીરુ બનેલી તેણીએ રત્નજડિત પેટીમાં તે બંને સંતાનોને મૂક્યા. બાદ જાણે પોતાના સુખની પેટી હોય તેવી તે પેટીને **યમૂના** નદીના જળપ્રવાહમાં, જાણે પોતાના અશ્રુજળથી અંજલિ આપતી હોય તેમ તરતી મૂકી. યમૂનાના જળપ્રવાહમાં તણાતી તણાતો તે પેટી **સૂર્યપુર** નગરની નજીકમાં હૃદયમાં આનંદ પામેલા બે શ્રેષ્ઠીઓવડે જોવાઇ, એટલે તે પેટીને બહાર ખેંચી કાઢીને, તેને ઉઘાડીને, તેની અંદર બે બાળકોને જોઇને, જેમ ભાગીદારો પોતાનો હિસ્સો વહેંચી લે તેમ તે બંનેએ એક એક બાળકને ગ્રહણ કર્યું. બંને શ્રેષ્ઠીના પ્રયાસથી તે બંને બાળકો શુકલપક્ષના ચંદ્ર તથા ચાંદનીની માફક વૃદ્ધિ પામવા લાગ્યા. બાદ કાળક્રમે આંગળીને વિષે રહેલી મુદ્રિકાને આધારે તે બંને શ્રેષ્ઠીઓએ યુગલિકની માફક કુબેરદત્ત તથા કુબેરદત્તાનો લગ્નોત્સવ કર્યો. કોઈએક દિવસે કુબેરદત્તે પોતાની પ્રિયા કુબેરદત્તાની આંગળીમાં, વૈરાગ્યની પત્રિકા (ચોઠ્ઠી) જેવી પોતાની મુદ્રિકા પહેરાવી. પોતાની મુદ્રિકા જેવી તે વીંટી જોઇને કુબેરદત્તાએ પોતાના પ્રિયતમને કહ્યું કે–"જેવી રીતે આપણે બંને દેહથી સમાન રૂપવાળા દેખાઇએ છીએ તેમ આ બંને મુદ્રિકા પણ નામથી સરખી જણાય છે; તેથી આપણે બંને સગા ભાઇબ્હેનો હોઇએ એવું મારું માનવું છે. આપણે આ બંને શ્રેષ્ઠીનાં સંતાનો નથી. તેઓએ આપણને કોઈપણ સ્થળેથી મેળવીને અજ્ઞાનતાથી પરણાવ્યા જણાય છે, તો આપણે બંનેએ તેમને આગ્રહપૂર્વક પૂછવું જોઇએ અને આપણા જન્મ સંબંધી સર્વ હકીકત જાણવી જોઇએ." આ પ્રમાણે નિશ્ચય કરીને તેઓ બંને ઊઠ્યા. બાદ આગ્રહપૂર્વક શ્રેષ્ઠીઓને પૂછીને, પોતાનું ચારિત્ર જાણીને, સગા ભાઈ-બહેનપણાનો નિર્ણય કરીને થયેલ પાણિગ્રહણ માટે અત્યંત દિલગીર થયા. આ પ્રમાણે અસાર સંસારને શત્રુ સદૃશ જાણીને વૈરાગ્યવાસિત બનેલા તે બંને, પ્રાતઃકાળે જેમ કુમુદિની અને ચંદ્ર મ્લાન બની જાય તેમ નીચું મુખ રાખીને રહ્યા અર્થાત્ અતિશય લજ્જા પામ્યા. બાદ કુબેરદત્તને તથા પાલક માતાપિતાને પૂછીને વિરક્ત અને અતિ ચતુર કુબેરદત્તાએ દીક્ષા અંગીકાર કરી, અને કુબેરદત્તના સાક્ષાત્ નિર્મળ બોધરૂપ પોતાના નામથી અંકિત તે મુદ્રિકા પોતાની પાસે છુપાવી રાખી.

**કુબેરદત્ત અને કુબેરદત્તાનું કથાનક–**

પુષ્કળ કરિયાણા લઇને કુબેરદત્ત વ્યાપારાર્થે મથુરાનગરીએ ગયો અને જેમ ચંદ્ર રાત્રિનો જ ધણી બને છે તેમ, જે કુબેરસેનાના ઉદરથી તે અવતર્યો હતો તેનો જ સ્વામી બન્યો. **ખરેખર વિધિની લીલાને ધિક્કાર છે.** કાળાંતરે સાંસારિક વિષયાસ્વાદના ફળસ્વરૂપ કુબેરસેનાને કુબેરદત્તથી પુત્ર થયો. અવધિજ્ઞાની કુબેરદત્તાએ આ સર્વ અનુચિત ઘટના જોઇ અને સંસારરૂપી સમુદ્રમાં ડૂબતા પોતાના ભાઈને માટે નૌકા સમાન મુદ્રિકાને સાચવી રાખી અને ગુરુણીના આજ્ઞા લઇ તે મથુરા ગઇ અને કુબેરસેના પાસે વસતિ(ઉપાશ્રય)ની માગણી કરીને રહી. **વિચક્ષણ પ્રાણીઓને પરોપકાર એ જ ખરો ધર્મ છે.** એકદા કુબેરદત્તના આળોટતા પુત્રને જોઇને ચારિત્રનિષ્ઠ તેમજ સત્યવાદી કુબેરદત્તા સાધ્વીએ કહ્યું કે—

"હે બાળક! તું મારા સ્વામીનો ભાઈ હોવાથી મારો **દિયર** છો, આપણા બંનેની માતા એક છે તેથી તું મારો **ભાઈ** છો, તું મારા ધણીથી ઉત્પન્ન થયેલો હોવાથી મારો **પુત્ર** પણ છો, તારા પિતા મારી શોકના પુત્ર હોવાથી તું મારો **પૌત્ર** છો, મારા માતાના સ્વામીનો તું ભાઈ હોવાથી મારો **કાકો** છો અને તું મારા ભાઇનો દીકરો હોવાથી **ભત્રીજો** પણ છો. તારી માતા એ મારી **માતા** છે કારણ કે આપણે બંને તેના ઉદરથી ઉત્પન્ન થયા છીએ, તારી માતા મારી **પિતામહી** (દાદી) છે, મારા શોકના પુત્રની તારી માતા પત્ની હોવાથી મારી **વહુ** છે, મારા સ્વામીની માતા હોવાથી મારી **સાસુ** પણ છે, મારા ભાઇની પત્ની હોવાથી મારી **ભાભી** છે અને મારા સ્વામીની પત્ની હોવાથી મારી **શોકય** છે. મારી માતાને ભોગવનાર હોવાથી તારો પિતા તે મારો પણ **પિતા** છે, મારા કાકા એવો તારો તે પિતા હોવાથી મારો **દાદો** છે, મારી અને તારા પિતાની માતા એક હોવાથી તે મારો **ભાઈ** છે, મારા સ્વામીની માતાનો તારો પિતા ધણી હોવાથી મારો **સાસરો** છે, મારી સાથે પરણનાર હોવાથી તારા પિતા મારા **સ્વામી** છે અને મારા શોકયના તે પુત્ર હોવાથી મારા પણ **પુત્ર** છે."

આ પ્રમાણે પરસ્પર વિરુધ્ધ સાધ્વીના વચનો સાંભળીને આશ્ચર્ય પામેલા કુબેરદત્તે આવીને પૂછયું કે-"આ શું?" ત્યારે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવામાં દીપક સમાન મુદ્રિકા સાધ્વીએ તેને આપી. સૂર્ય સરખી તે મુદ્રિકાથી જાગૃત બનેલા (સમજેલા) તેણે, જેમ સૂર્યોદય સમયે કમળ ભ્રમરને મુક્ત કરે તેમ આંતરિક મોહનો ત્યાગ કર્યો, અને પોતાના આવા પ્રકારના વર્તનથી લજ્જા પામેલો તે યુવાવસ્થામાં જ ચારિત્ર લઇને વનમાં ચાલ્યો ગયો. વ્રતરૂપી લતાના આધારભૂત વૃક્ષ સમાન, યશરૂપી ઝરણાંને વહેવરાવવામાં પર્વત સમાન, તેમજ કર્મરૂપી હસ્તીઓને હણવામાં સિંહ સમાન કુબેરદત્તવડે વન શોભી ઊઠયું. (જે વનમાં વૃક્ષ, લતા, ઝરણાં, પર્વત, હસ્તી અને સિંહ હોય તો જ તે વન સુંદર ગણાય છે.) બાદ શુભ ભાવના ભાવતો અને પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરતો અને કામરૂપી હસ્તીને વિદારવામાં કેશરીસિંહ સમાન તે કાળ કરીને સ્વર્ગે ગયો. કુબેરસેના પણ તથાપ્રકારના વિષયની વિડંબના જાણીને સંસારથી ઉદાસીન બની અને શ્રાવિકા ધર્મ સ્વીકાર્યો. આ પ્રમાણે કથાના જળથી ધોવાઇ ગયેલ છે મોહરૂપી મળ જેમનો એવા મને હે પ્રભવ! કૌટુંબિક પ્રેમ કયાંથી હોઇ શકે?"

આ પ્રમાણે સાંભળીને પ્રભવે પુનઃ પૂછયું કે-"પુત્રહીન એવા તમારી સદ્‌ગતિ કયાંથી થશે?" તેના જવાબમાં જંબૂકુમારે કહ્યું કે-"હે પ્રભવ! હું **પુત્ર સંબંધી** વાત કહું છું તે તું સાંભળ—

**મહેશ્વરદત્તની કથા**– દેવમંદિરના ઉત્તુંગ સ્તંભોને લીધે ગગનને સ્પર્શ કરતી, હવેલીઓથી શોભતી એવી **તમાલિની** નામની નગરી હતી. તે નગરીમાં મિથ્યાત્વરૂપી સાગરમાં જળહસ્તી સમાન અને પૌર લોકોમાં મુખ્ય એવો **મહેશ્વરદત્ત** નામનો શ્રેષ્ઠી વસતો હતો. તેને વ્યભિચારી સ્ત્રીઓમાં અગ્રેસર અને કામરૂપી બગીચાને પ્રપુલ્લ રાખવામાં નીક સમાન **નાગિલા** નામની પ્રખ્યાતિ પામેલી પત્ની

હતી. એકદા પોતાના પિતાના શ્રાધ્ધને દિવસે તે શ્રેષ્ઠી કોઇએક પાડાને હણીને તેના માંસની પોતાના ખોળામાં બેઠેલા પુત્રને ભોજન કરાવતો હતો તેવામાં તેના આંગણામાં આવીને વાંકી નજરે શ્રેષ્ઠીને નિહાળતાં કોઇએક શ્રેષ્ઠ મુનિવર નીચે પ્રમાણે વારંવાર શ્લોકનું ઉચ્ચારણ કરતાં પાછા વળી ગયા. "પોતાના પિતાના માંસથી ખોળામાં બેઠેલા શત્રુ સદશ પુત્રને પોષી રહેલ છે અને પિતાનું શ્રાધ્ધ કરે છે. ખરેખર મોહરાજાની આ ચેષ્ટા વિચિત્ર છે." આ પ્રમાણે સાંભળીને મહેશ્વરદત્તે, મુનીશ્વર પાસે શીઘ્ર આવીને નમસ્કાર કરીને પૂછયું કે-"હે સ્વામિન્! અસંબદ્ધ એવું આપ આ શું કરી રહ્યા છો?" એટલે કરુણાળુ મુનિવરે તેના પ્રત્યેની ઉપકારબુધ્ધિથી જ્ઞાનદ્વારા જાણીને કહ્યું કે-"પૂર્વે તારા ઘરમાં સ્વેચ્છાપૂર્વક તારી સ્ત્રી **નાગિલા** સાથે ભોગવિલાસ કરતાં તેના જે યારને તેં હણી નાખ્યો હતો તે તત્કાળ મૃત્યુ પામીને, તારી પત્નીની કૂખે, પોતાના જ વીર્યમાં પુત્રરૂપે જન્મ્યો છે. તારા પિતાના શ્રાધ્ધસમયે તેં જે પાડાને હણ્યો તે તારો પિતા **સમુદ્રદત્તનો** જીવ હતો. વળી તારા ગૃહને બારણે જે આ કૂતરી પાડાના હાડકાંને ચાટી રહી છે તે તારી **બહુલા** નામની માતા છે. તારા ઘરને વિષે આ બધી અઘટિત બીના બની રહી છે, તે જ્ઞાન દ્વારા જાણીને તારા પ્રતિબોધને માટે આ પ્રમાણે વારંવાર ઉચ્ચારણ કરીને હું પાછો વળ્યો છું." મુનિવરનું આવા પ્રકારનું કથન સાંભળ્યા બાદ મહેશ્વરદત્તે પૂછયું કે-"હે પ્રભો! આપે જે કહ્યું તેની ખાત્રી શી?" એટલે મુનિવરે જણાવ્યું કે-"જો તું આ કૂતરીને તારા ગૃહને વિષે લઈ જઈશ તો જાતિસ્મરણ જ્ઞાન થવાથી તે દાટેલું રત્નનિધાન તને બતાવશે." આ પ્રમાણે કહીને મુનિના ચાલ્યા જવા બાદ મહેશ્વરદત્ત કૂતરીને ઘરમાં લઇ ગયો, અને તે કૂતરીએ પણ મુનિરાજના કથન પ્રમાણે રત્નસમૂહ ખોદી બતાવ્યો, એટલે સાધુરૂપી મહાવતના વચનરૂપી અંકુશથી આ શ્રેષ્ઠીરૂપી હસ્તીએ ઉન્માર્ગનો સરલભાવે ત્યાગ કર્યો. આ પ્રમાણે પિતા તથા પુત્રના સંબંધને દુઃખદાયી જાણીને હે મિત્ર! આત્મા પણ શરણભૂત નથી તો પછી પુત્રની તો વાત જ શા માટે કરવી?"

બાદ સૌંદર્યવતી **સમુદ્રશ્રીએ** જંબૂકુમાર પ્રત્યે કહ્યું કે-"હે **પ્રેમશૂન્ય** સ્વામિન્! હું પણ કંઈક ઉચિત કહું છું તે આપ સાંભળો. આ પ્રાપ્ત થયેલ સંપત્તિનો ત્યાગ કરીને મોક્ષને વિષે ચાહનાવાળા તમે ખેડૂતની માફક ઉભયભ્રષ્ટ ન થાઓ.

અત્યંત સમૃદ્ધિવંત **સુસીમ** નામનું ગામ હતું, કે જે પોતાની ચારે બાજુ ધાન્યસમૂહને કારણે લક્ષ્મીને વસવાને માટે કિલ્લા જેવું હતું. તે ગામમાં કોઇએક **ગામેતી** (મુખી) હતો કે જે પોતાના ખેતરમાં કાંગ અને કોદ્રવાદિનું વાવેતર કરતો હતો. પોતાના પૂર્વ પુણ્ય જેવો ધાન્યરાશિ ઉત્પન્ન થયો તેવામાં પ્રિયજનને મળવા માટે તે દૂરના ગામમાં ગયો. જેમ મેઘને જોઇને

**ખેડૂતની કથા—**

આતુર બનેલા મયૂરો હર્ષ પામે તેમ તે ખેડૂતને જોવાથી તેના સ્વજનો અત્યંત ખુશી થયા. કેટલાકોએ તેને પ્રણામ કર્યાં અને કેટલાકને તે પણ નમ્રભાવથી નમ્યો. આ રીતે તે ઘર આનંદસાગરમાં ગરકાવ બની ગયું. બાદ ભોજનસમયે, કોઈ દિવસ નહીં ખાધેલા અને પૂર્ણચંદ્ર જેવા પુષ્કળ ગોળ સહિત સ્વાદિષ્ટ માંડાઓ તેને ખવરાવ્યા, એટલે અત્યંત હર્ષ પામેલા તેણે પોતાના સ્વજનોને કહ્યું કે-"જયાં ભોજનમાં આવા ગોળમિશ્રિત માંડાઓ મળે છે ત્યાં

અમૃત પણ નિરર્થક છે. મને આનું બી આપો, હું મારા ખેતરમાં જઇને તે વાવીશ, જેથી મારા ગામના લોકો અમૃતસરખું ભોજન કરનારા થાય. ” તેના સ્વજનોએ શેરડી તથા ગોધમના બીજો આપ્યા તેમજ રેંટ અને શેરડીના વાઢ સંબંધી માહિતી પણ આપી. જેમ દરિદ્રી ધનને મેળવીને પોતાના સ્થાનમાં પાછો ફરે તેમ હર્ષપૂર્વક બીજ લઇને પોતાના ગૃહ પ્રત્યે આવવાને ઉત્સાહિત બનેલ તે તે ગામથી નીકળ્યો. શીઘ્ર પોતાના ઘરે આવીને, પુત્રોએ નિષેધ કર્યા છતાં હીનબુદ્ધિવાળા તેણે લગભગ પાકવા આવેલા ધાન્યવાળા તે ખેતરને લણી નાખ્યું. બાદ માંડાના લોલુપ્ત તેણે પોતાના સંચિત કરેલા દ્રવ્યમાંથી પાતાળ જેવો ઊંડો કૂવો ખોદવાનું શરૂ કર્યું. જેમ ભાગ્યહીન પુરુષ અલ્પ દ્રવ્ય પણ મેળવી શકે નહીં તેમ તેણે કૂવાને વારંવાર ખોદવા છતાં પાણીનું એક બિંદુ પણ મેળવ્યું નહીં. અતિલોભી અને નિર્ભાગી એવા તેને ધાન્ય, સંચિત કરેલ દ્રવ્ય અને ગોળમિશ્રિત માંડા પણ પ્રાપ્ત થયા નહીં. હે નાથ! તમે પણ આ પ્રાપ્ત થયેલ ભોગોને ત્યજીને મોક્ષસુખના અભિલાષી બન્યા છો, તેથી જરૂર ઉભયભ્રષ્ટ બનશો.” જવાબમાં જંબૂકુમારે કહ્યું કે–“ હે ચતુરા! માંસલોલુપ્ત કાગડાની જેવો હું નથી.

**કાગડાની કથા–**

પૃથ્વીના અંબોડા જેવો **વિંધ્ય** નામનો પર્વત છે, જ્યાં ગર્જના કરતાં પુષ્કળ હાથીઓના ધ્વનિદ્વારા મયૂરો ઉત્સાહિત બને છે. તે વિંધ્ય પર્વતની અંદર, જાણે તેનું લઘુ રૂપ હોય તેવો હાલતાચાલતા પ્રતાપ જેવો કોઇએક મહાબલીષ્ઠ હસ્તી ક્રીડા કરતો હતો. દુષ્ટ રાજાની માફક ઉગ્ર ગ્રીષ્મ ઋતુ પૃથ્વીને સંતપ્ત કરી રહી હતી ત્યારે તે હસ્તી વિંધ્યાદ્રિમાંથી નીકળી **રેવા** નદીના કિનારે સ્નાન કરવા ગયો અને વૃદ્ધાવસ્થાને લીધે શક્તિહીન બનેલ તેમજ શિલા ઉપરથી પગ સ્ખલિત થવાથી તે નાના શિખરની માફક નદીના કિનારે આવી પડ્યો. જંગલના મધ્ય ભાગમાં પડેલ તે દુર્બળ હસ્તીના પ્રાણરૂપી રત્નો, યમરાજના દૂતોવડે ચોરોની માફક તરત જ હરી લેવાયા અર્થાત્ તે હસ્તી શીઘ્ર મૃત્યુ પામ્યો. મૃત્યુ પામેલ તે હસ્તીની આસપાસ, જેમ સ્વામી વિનાની નગરીને શત્રુઓ ઘેરી લે તેમ શિયાળ પ્રમુખ પ્રાણીઓ ફરી વળ્યા. દુષ્ટ બુધ્ધિવાળો પ્રાણી જેમ માંસનો આહાર કરીને પોતાને માટે નરકનું દ્વાર વિશાળ બનાવે તેમ શિયાળ પ્રમુખ જાનવરોએ તેના શરીરમાંથી માંસ ખેંચી–ખેંચીને તે હસ્તીનું ગુદાદ્વાર વિશાળ બનાવી દીધું. તે ગુદાદ્વારદ્વારા હજારો કાગડાઓ, ચોરોની માફક દાખલ થઇને તેના શરીરના સારભાગને ખાવા લાગ્યા. સંસારમાં પરિભ્રમણ કરતાં જીવો પૈકી કોઇએક અભવી જીવ નિગોદમાં જ વાસ કરે તેમ આ પ્રમાણે જતાં–આવતાં હજારો કાગડાઓ પૈકી કોઈ એક કાગડે તેના શરીરમાં જ વાસ કર્યો. જેમ સુરંગ ખોદનાર પ્રાણી પૃથ્વીના પેટાળમાં ઊંડો ઊતરતો જાય તેમ હસ્તીના દેહને પોલો કરતો તેમજ તેના માંસનું આસ્વાદન કરતો તે કાગડો તેના શરીરમાં અંત્યંત ઊંડો ઊતરી ગયો. ચોરની માફક તે નિર્દય કાગડો હસ્તીના મધ્ય ભાગમાં પહોંચી ગયો તેવામાં કોટવાળ સરખી ગ્રીષ્મ ઋતુએ તેનું ગુદાદ્વાર બંધ કરી દીધું– સૂર્યકિરણોથી વ્યાપ્ત બનેલ તે હસ્તીની ગુદા બીડાઈ ગઈ. વર્ષાકાળમાં પુષ્કળ વરસાદ થયો ત્યારે, માતા જેમ પોતાના પુત્રને ગોદમાં લે તેમ નદીએ પોતાના તરંગોથી તે મૃત્યુ પામેલ હસ્તીના કલેવરને પોતાના ખોળામાં લીધું અર્થાત્ તે હસ્તી નદીના પ્રવાહમાં તણાયો. આ

પ્રમાણે રેવા નદીના જળમાં તણાએલ તે જહાજ સરખો હસ્તી સાગરમાં દાખલ થયો અને સાથો-સાથ તે કાગડાને પણ લઇ ગયો. સમુદ્રમાં પ્રવેશ કરતાં જળને અંગે ઊઘડી ગયેલ તે ગુદાદ્વારમાંથી જેમ સર્પથી ડસાયેલ પ્રાણી લાંબા સમયે સચેતન થાય તેમ તે કાગડો બહાર નીકળ્યો. જલ્દીથી બહાર નીકળીને હસ્તીના શરીર પર બેસીને દીન એવો તે કાગડો ચારે દિશામાં જોવા લાગ્યો પરંતુ સમગ્ર વિશ્વને જળરૂપ જોતો અને ચારે દિશામાં ઊડતો તે પુનઃ પુનઃ આવીને હસ્તી કલેવર પર બેસવા લાગ્યો. બાદ જેમ સ્વામીનું મૃત્યુ થવાથી તેના આધારે રહેલ સેવક પણ મૃત્યુવશ બને છે તેમ હસ્તીનું કલેવર જળપૂર્ણ થવાથી સાગરમાં ડૂબી ગયું એટલે તેને આધારે રહેલ કાગડો પણ ડૂબી ગયો. સ્રી દેહરૂપ હસ્તીના શરીરમાં આસક્ત બનેલ કાગડાની માફક હું મોહરૂપી સાગરમાં શા માટે ડૂબું ? અર્થાત્ હે સમુદ્રશ્રી ! હું તમારા વિષે આસક્ત બનીને ભવસાગરમાં ડૂબીશ નહીં."

બાદ સૌંદર્યશાળી બીજી **પદ્મશ્રી** નામની સ્ત્રીએ કહ્યું કે-" હે નાથ ! તમારી બુદ્ધિ વાનર જેવી છે.

**વાનરનું વૃત્તાંત-**

આ પૃથ્વીપીઠ પર **હસ્તિનાગર** નામનું નગર હતું, જ્યાં ચંદ્રકાંત મણિના કળશોદ્વારા સ્વયં પ્રગટેલા જળની નીકો વહી રહી છે. તે નગરમાં **અરિકેશરી** નામનો રાજા હતો, જેના યશથી જગત હમેશાં ચંદ્રિકાવાળું બન્યું હોય તેમ શોભી રહ્યું હતું. એકદા પોતાના સેવક તુલ્ય અનેક રાજાઓની સાથે શ્યામ બખ્તરવાળો તે રાજા શિકાર માટે ગયો અને જેમ અનેક તારાઓની સાથે ચંદ્ર એક વાદળમાંથી બીજા વાદળામાં જાય તેમ હજારો સુભટોની સાથે તે રાજા એક વનમાંથી બીજા વનમાં દાખલ થયો. તે વીર પુરુષો મેઘની માફક બાણવૃષ્ટિ કરવા લાગ્યા ત્યારે વનચર પ્રાણીઓ લતાગૃહોમાં છુપાઇ ગયા. વળી અભિમાનને અંગે તે સુભટો પ્રત્યે એક દષ્ટિવાળા બનેલા તે સિંહો તથાપ્રકારના સ્થિર થઇ ગયા કે ભય પામેલા અને ફાળો ભરતા હરણિયા તેમને ઓળંગી ગયા, એટલે કે સિંહો એવા ડઘાઇ ગયા કે પાસે થઈને હરણીઆ ચાલ્યા જવા છતાં કશું કરી શકયા નહિ.

બાદ શિકારને અંગે શ્રમિત થએલ તે રાજા તાપને દૂર કરવાને માટે પોતાના યશની સખી સરખી ગંગા નદીના **કિનારે** ગયો. ગંગા નદીના કિનારા પર રહેલ અરણ્યમાં વિચરતા અને વિવિધ પ્રકારના અમૃત જેવા સ્વાદિષ્ટ ફળોને ખાવાને આતુર બનેલ તે વીર સુભટોએ પુષ્પાભરણથી ભૂષિત, સાક્ષાત્ વનદેવી સરખી અને જંગમ (હાલતીચાલતી) વનલક્ષ્મી સરખી કોઈ એક સ્ત્રીને જોઇ એટલે વનરૂપી સમુદ્રમાંથી પ્રાપ્ત થયેલ લક્ષ્મી સરખી તેને પકડીને તેઓએ કામદેવ સરખા રાજા પાસે રજૂ કરી. ગંગા નદીના સેવાના ફળરૂપ તેને જાણીને મોગરાના જેવી દંતપંકિતવાળી તેણીને રાજા પોતાના નગરમાં લઈ ગયો, અને પુણ્યરૂપી કરિયાણાથી ખરીદાયેલા તે રાજવીએ તેને રત્નાલંકારોથી સુશોભિત બનાવીને તેને પૃથ્વીરૂપી સ્ત્રીની શોકય બનાવી. (પૃથ્વીમાં ઘણા રત્નો હોય છે તેથી 'બહુરત્ના વસુંધરા' કહેવાય છે. આ સ્ત્રીને પણ અનેક રત્ન પહેરાવીને તેની શોકય બનાવી.)

એકદા તે નગરમાં કોઇ એક પુરુષ (મદારી) સુકોમળ અને મનુષ્ય કરતાં પણ

અધિક ચાતુરી દર્શાવતા વાનરને નચાવીને નગરજનોને હર્ષ પમાડવા લાગ્યો. કોઇએ રાજાને તે સંબંધી કૌતુક જણાવ્યું એટલે રાજાએ તે પુરુષને વાનર સહિત બોલાવ્યો. બાદ દેવાંગનાના રૂપની સ્પર્ધા કરતી તે પોતાની પ્રિયાને અર્ધાસન પર બેસાડી રાજાએ સભાને શોભાવી ત્યારે લોકોના મનને રંજિત કરવાને ઇચ્છતો તે પુરુષ ચારે દિશામાં વાજિંત્રો વગાડતો વાનરને નચાવવા લાગ્યો પરન્તુ તેનાથી વારંવાર તાડન કરાવા છતાં વાનર તો સ્થિર થઈ રહ્યો અને રાજાની રાણીના મુખકમળ પ્રત્યે દૃષ્ટિ રાખીને રુદન કરવા લાગ્યો. વાનર નૃત્ય ન કરતો હોવાને કારણે તે પુરુષ વિલખો બની ગયો ત્યારે રાણીએ તે વાનરને કહ્યું કે-" હે વાનર! મેં તને તે વખતે ના પાડી હતી છતાં તેં તેમ શા માટે કર્યું? અતિશય લોભને અંગે તું આ દશાને પ્રાપ્ત થયો છો. **સકળ કળાને હરી લેનાર અતિલોભ સારો નથી અર્થાત્ અતિલોભ તે પાપનું મૂળ છે,** તો તારા પોતાના આત્માને સમજાવીને હે વાનર! તું અભિમાન ન કર, અને સમય અનુસરીને વર્તન કર." આ પ્રમાણે સમજાવેલા તે વાનરે નિષ્કપટભાવે અતિ સુંદર નૃત્ય કરીને રાજાને હર્ષ પમાડ્યો. તે મદારીને ઈનામ આપીને સપરિવાર રાજાએ રાણીને " આ શું ? " એવો પ્રશ્ન કર્યો. આશ્ચર્ય પામેલ રાજાએ પૂછેલા પ્રશ્નના જવાબમાં રાણીએ સ્પષ્ટ જણાવ્યું કે-

" સ્વર્ગના પગથિયા સરખા કલ્લોલવાળી ગંગા નદીના કિનારાના જંગલમાં અત્યંત પ્રીતિવાળું અને નિર્મળ કામકેલીમાં રક્ત વાનરમિથુન વસતું હતું. એકદા ગ્રીષ્મ ઋતુમાં ક્રીડામગ્ન તે યુગલ કિનારા પર રહેલ નેતરના વૃક્ષ પર એક સાથે જ ચઢ્યું. ડાળીને ધીમે ધીમે હીંચકાવતો વાનર અસાવધપણાને અંગે અચાનક નીચે પડી ગયો. એટલે તે તીર્થભૂમિના પ્રભાવથી વાનર મટીને મનુષ્ય બની ગયો તેમજ હર્ષ-ભરપૂર દૃષ્ટિથી પોતાની પ્રિયા વાનરીને જોવા લાગ્યો. બાદ પુરુષ બનેલા પોતાના સ્વામીને પતિ તરીકે મેળવવાને ચાહતી તે વાનરીએ પણ ભૈરવ સરખા તે નેતરના વૃક્ષ પરથી પડતું મૂકયું એટલે જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયેલ વ્યક્તિની જેમ વાનર જન્મને યાદ કરતા તે ખરેખર માનવીપણાને પ્રાપ્ત થઇ, અને જેમ કામદેવની સાથે રતિ ક્રીડા કરે તેમ આનંદયુક્ત સ્વામીની સાથે હર્ષોત્કર્ષપૂર્વક તે જંગલમાં ક્રીડા કરી. અમૃતરસ કરતાં પણ ચઢિયાતા શ્રેષ્ઠ ફળોના આસ્વાદથી તેઓ બંને દેવોને પણ હસી કાઢવા લાગ્યા અર્થાત્ દેવ કરતાં પણ ચઢિયાતું સુખ ભોગવવા લાગ્યા, એકદા તે સ્ત્રીની સાથે ક્રીડા કરતો તે યુવાન પુરુષે નેતરના વૃક્ષ પાસે આવીને પોતાની પત્નીના મુખ પ્રતિ સ્નેહાળ દૃષ્ટિ ફેંકીને કહ્યું કે-" આ નેતરનું ઝાડ પશુને મનુષ્ય બનાવે છે તો હું માનું છું કે-તે મનુષ્યને દેવ બનાવશે માટે હે વહાલી! ચાલ નેતરના ઝાડ પર ચઢીને, ફરીથી પૃથ્વી પર પડીને આપણે દેવપણાનો અનુભવ કરીએ." ત્યારે સ્ત્રીએ કહ્યું કે-" આપણને આ મનુષ્યપણામાં સુખની શું ન્યૂનતા છે? અતિશય લોભ કરવો તે ઇષ્ટ નથી." આ પ્રમાણે નિષેધ કરવા છતાં તે મનુષ્ય બનેલા વાનરે નેતરના ઝાડ પરથી ઝંપાપાત કર્યો અને ફરીથી વાનર બની ગયો; એટલે અત્યંત દુઃખી બનેલા તેણે મનુષ્યપણાની ઇચ્છાથી ફરી વાર નેતરના ઝાડ પરથી પડતું મૂકયું પરન્તુ તે ફરી વાર મનુષ્ય બની શકયો નહીં, ત્યારે તેણે તે સ્ત્રીને મનુષ્યપણાનો ત્યાગ કરવા માટે ઘણા કાલાવાલા કર્યા પરન્તુ ચતુર એવી તેણીએ તે પ્રમાણે કર્યું નહીં. હું તેણીની પત્ની છું. નિર્જન વનમાં રહેલી એવી હું મારા પુણ્યરૂપી તંતુથી ખેંચાયેલા તમારા સૈનિકો

દ્વારા નદીના કિનારે વસતી એવી હું તમને પ્રાપ્ત થઈ છું. એટલામાં ભ્રમણ કરતાં આ મદારીએ મારા પતિને પકડી લીધો અને કુશળ એવા તેણે તેને નૃત્ય શિખવ્યું પરન્તુ મને જોઇને તે વિહ્વળ બની ગયો. હે સ્વામિન્! નિર્બુદ્ધિ એવા તેને મેં હમણાં સમજાવ્યો, તેથી મારા વિષેનો પોતાનો પૂર્વનો પ્રેમ તે ભૂલી ગયો."

આ પ્રમાણે વાનરની આશ્ચર્યાન્વિત કથા સાંભળીને તે રાજાએ તેના અતિલોભીપણાની નિંદા કરી; તો હે સ્વામિન્! આ પ્રાપ્ત થયેલા ભોગોને ત્યજી દઇને, મોક્ષફળને ઇચ્છતા આપ ઉભયભ્રષ્ટ બનીને તે વાનરની માફક હાંસીને પાત્ર ન બનો."

આ પ્રમાણે તેણીનું કથન સાંભળીને શ્રી જંબૂકુમારે તેને કહ્યું કે-"હું **પુણ્યસારની** માફક વિષયાધીન બનીશ નહીં."

**પુણ્યસારની કથા-**

વિલાસપ્રધાન નારીઓથી સુશોભિત અને હસ્તીઓના મદની સુવાસથી શોભતું રાજમહાલયવાળું **ભોગપુર** નામનું નગર છે. તે નગરીમાં લોકપ્રિય **ધનાવહ** નામનો શ્રેષ્ઠી હતો કે જેના વૈભવ પાસે કુબેર પણ ઝંખવાણો પડી જતો અર્થાત્ તે શ્રેષ્ઠીની સંપત્તિ અતુલ હતી. વિષ્ણુને જેમ લક્ષ્મી તેમ તેને **ગુણવતી** નામની પત્ની હતી, જેના લાવણ્યરૂપી ( સૌંદર્યરૂપી ) સાગરમાં કામદેવ મત્સ્ય જેવો જણાતો હતો. સેંકડો દેવોની માનતા કરવાથી અને પૂજ્ય જનોની અનેક પ્રકારે પૂજા કરવાથી તેણીએ અત્યંત પ્રમોદ પમાડનારા ગર્ભને ધારણ કર્યો. તેને કોઇએક બ્રાહ્મણે કહ્યું કે-"તને અનેક કળામાં કૂશળ પરન્તુ પુણ્યહીન જનોમાં અગ્રેસર પુત્ર થશે." દિવસો પૂર્ણ થતા, જેમ ઉદ્યાન નવીન આમ્રવૃક્ષને પ્રગટાવે તેમ તેણીએ **પુણ્યસાર** નામના પુત્રને જન્મ આપ્યો. બાદ જેમ સાગર સરિતાદ્વારા જળનું પાન કરે-સંગ્રહ કરે તેમ પુણ્યસારે અનેક કળાચાર્યો પાસેથી કળાઓ શીખી લીધી. ધનાવહ શ્રેષ્ઠીએ તેને પ્રેમપૂર્વક **બંધુદત્ત** શ્રેષ્ઠીની **બંધુમતી** નામની પુત્રી સાથે પરણાવ્યો. કાળયોગે પિતાના મૃત્યુ પછી તેની ઉત્તરક્રિયા કર્યા બાદ ગૃહભારને ઉપાડવાને સમર્થ તે ગૃહવ્યવહાર ચલાવવા લાગ્યો, પરન્તુ સૂર્યના કિરણોથી જેમ તળાવનું પાણી સુકાઇ જાય છે તેમ દુર્ભાગ્યને અંગે ઘણા સમયથી સંચિત કરેલું તેનું ધન નાશ પામ્યું. દ્રવ્યના નાશથી હીનપ્રતિષ્ઠાવાળા તેણે **સુસ્થિત** નામના શ્રેષ્ઠી સાથે સમુદ્રયાત્રા કરી, અને જેમ મહાસુભટ યુદ્ધમાં અશ્વદળને જીતીને સામે કાઠે પહોંચે-વિજય વરે તેમ તેનું જહાજ સમુદ્ર-તરંગોને પસાર કરીને, સમુદ્રને તરી જઈને કોઇએક કિનારે પહોંચ્યું. જાણે પોતાની ધ્વજાઓથી બોલાવાયેલ અને સન્મુખ આવેલ રત્નદ્વીપે તે વહાણ વાયુ-વેગે આવી પહોંચ્યું. અને અતિશય વજનવાળા લંગરોએ સમુદ્રના જળમાં પ્રવેશ કરીને વહાણને અત્યંત સ્થિર બનાવ્યું. પ્રાણના સંશયરૂપ તે વહાણમાંથી ધૈર્યપૂર્વક ઊતરીને 'હું પહેલો, હું પહેલો' તેવી રીતે લોકો રત્નદ્વીપને વિષે ઊતર્યા. પુણ્યસાર તે રત્નદ્વીપને વિષે પોતાના દારિદ્રયને ખોદી કાઢતો હોય તેમ રત્નવાળી પૃથ્વીને ગ્લાનિ રહિતપણે ખોદવા લાગ્યો; પરન્તુ પરિણામે પુણ્યહીન પુણ્યસારે અસાર રત્નો મેળવ્યા, ઇચ્છિત ચિંતામણિ રત્નને મેળવી શકયો નહીં. સુસ્થિત શ્રેષ્ઠી જવાની ઈચ્છાવાળો થયો ત્યારે પુણ્યસારે તેને કહ્યું કે-"મારી ઇચ્છા ચિંતામણિ રત્ન મેળવવાની પૂર્ણ થઇ ન હોવાથી હું તમારી સાથે આવીશ નહીં"

એટલે પોતાની સાથે નહીં આવતા તેને દ્રવ્ય આપીને સુસ્થિત શ્રેષ્ઠીએ ખુશી કર્યો અને પોતે જહાજદ્વારા સમુદ્ર તરી ગયો.

આ બાજુ પુણ્યસાર, તેના અધિષ્ઠાયક દેવોએ વારંવાર ના પાડવા છતાં હમેશાં તે રત્નખાણો ખોદવા લાગ્યો. આ પ્રમાણે ખોદતાં તેને કોઇએક દિવસે દારિદ્રયરૂપી અંધકારને નષ્ટ કરવામાં દીપક સમાન ચિંતામણિ રત્નને પોતાની નજર સન્મુખ જોયું. **દઢ મનોબળવાળાને શું પ્રાપ્ત થવું મુશ્કેલ છે?** બાદ તે ચિંતામણિ રત્નને નમસ્કાર કરીને તેની આગળ લાખ સોનામહોરની માગણી કરી, એટલે તરત જ તેણે પોતાના ઘરમાં સાક્ષાત્ તે સોનામહોરો જોઇ. પછી તે લક્ષ સોનામહોર તથા ચિંતામણિ રત્નને લઇને સમુદ્રને કિનારે આવ્યો અને ભાંગી ગયેલા વહાણવાળા પુરુષની માફક સંજ્ઞા કરીને ( નિશાની દર્શાવીને ) રહ્યો તેવામાં ભોગપુર નગરે જતાં **ધનદેવ** નામના સાર્થવાહે, તે નિશાનીને આધારે પોતાના માણસોને મોકલીને તે પુણ્યસારને બોલાવ્યો અને પોતાના વહાણમાં બેસાડ્યો. લોકોએ તેની પાસેના લક્ષ સોનામહોરની હકીકત જાણી પરન્તુ તેણે ગુપ્ત વાર્તાની માફક ચિંતામણિ રત્નની વાત કરી નહીં.

એકદા રાત્રિના બે પ્રહર વીત્યા બાદ અતિહર્ષિત થયેલ તે પુણ્યસાર જાગ્યો અને અતિશ્રેષ્ઠ કાંતિવાળા ચંદ્રને જોયો. તે સ્વયં મનમાં વિચારવા લાગ્યો કે-શ્રમને દૂર કરનાર આ ચંદ્રના કિરણો તેજસ્વી છે કે દારિદ્રયને ચૂર્ણ કરનાર ચિંતામણિ રત્નની ક્રાંતિ દેદીપ્યમાન છે? આવા પ્રકારનો પોતાનો સંશય દૂર કરવા માટે હર્ષભરપૂર તેણે કડમાં રાખેલ વાંસળીમાંથી પૂર્ણિમાના ચંદ્રની હરિફાઇ કરનાર ચિંતામણિરત્ન બહાર કાઢયું અને એક સાથે જન્મેલ પુત્રયુગલને જોવામાં આતુર સ્ત્રી સરખો તે ઘડીકમાં ચંદ્રને તો ઘડીકમાં ચિંતામણિ રત્નને જોવા લાગ્યો. તેવામાં પવનના ઝપાટાથી તેના હર્ષના પિંડ સરખું તે ચિંતામણિ રત્ન તેના હાથમાંથી, જેમ સૂર્ય અસ્તાચળ પરથી સમુદ્રમાં ડુબી જાય તેમ સમુદ્રમાં પડી ગયું. એટલે "વહાણને રોકો, રોકો. સાગરે મારું રત્ન ચોરી લીધું છે." એમ ઉચ્ચ સ્વરે બોલતાં તેણે આકાશને પણ ભરી દીધું અર્થાત્ તેણે મોટેથી બૂમો પાડવા માંડી. તેનો ધ્વનિ સાંભળી ધનદેવે વહાણને થંભાવ્યું અને તેને પૂછયું કે-"તમે શા માટે ગભરાઇ ગયા છો?" પુણ્યસારે મિત્રતાથી કહ્યું કે-"ચંદ્રની કાંતિને પણ જીતી લેનાર મારું ચિંતામણિ રત્ન પડી ગયું છે, માટે આ સાગરમાંથી રત્નનો અને દુ:ખમાંથી મારો ઉધ્ધાર કરો. હર્ષપૂર્વક આ સમુદ્રમાંથી રત્ન કાઢી આપો અને મને જીવિતદાન આપી તમારી કીર્તિ ફેલાવો." ત્યારે ધનદેવે કહ્યું કે-"લોકોને આશ્ચર્યકારી ધ્વનિ જે સ્થળે તમે કર્યો હતો તે સ્થળ તો વાયુથી જલ્દી હંકારાયેલ વહાણને લીધે ઘણે દૂર રહી ગયું. હવે તમારો તે મણિ મળશે નહીં." આ પ્રમાણે શાંત્વન પમાડાયેલ પુણ્યસારે પણ મૌન ધારણ કર્યું. હે વિચક્ષણા! આ સંસાર-સાગરમાં શ્રી સુધર્માસ્વામી જેવું વહાણ મળવા પછી હું શા માટે મનુષ્ય-જન્મરૂપી રત્ન હારી જઉં?"

બાદ કામદેવની મનોહર સેના સરખી **પદ્મસેનાએ** દીક્ષા લેવાને આતુર બનેલ જંબૂકુમારને કહ્યું કે-"સ્વામિન્! રાણી અને શિયાળની માફક આપ ઉભયભ્રષ્ટ ન થાઓ. તેની કથા તમે સાંભળો.

આ જ નગરીમાં ધનસંપત્તિથી કુબેર સમાન **દેવદત્ત** નામનો શ્રેષ્ઠ સોની વસતો હતો. તેને વિષ્ણુના પુત્ર કામદેવ જેવો **દેવદિન્ન** નામનો પુત્ર હતો, તેને કામદેવના કિલ્લા સરખી **દુર્ગિલા** નામની પત્ની હતી. એકદા તે દુર્ગિલા પોતાના સ્તન સરખા બે ઘડાઓને મસ્તકે ધારણ કરીને જળ ભરવાને માટે નદી-કિનારે ગઈ. સ્નાન કરવાની ઇચ્છાથી નદીકિનારે બંને ઘડાઓ મૂકીને તેણીએ જલ્દી જળમાં નિર્લજ્જપણે પ્રવેશ કર્યો. ક્રીડા કરતી અને મદમસ્ત બનેલી તેણીને કામદેવ પીડિત કોઇએક યુવાન પુરુષે જોઇ, એટલે સાહસના ભંડાર તેણે તેને પૂછ્યું કે–" હે કોમળાંગી ! આ વૃક્ષો તને પૂછે છે કે–તારું સ્નાન તને સુખરૂપ થયું ને ? " ત્યારે દુર્ગિલાએ તેના મનની શાંતિ માટે હર્ષપૂર્વક કહ્યું કે–" તે વૃક્ષોનું કલ્યાણ થાઓ, પૂછનારની ( તારી ) ઇચ્છા પૂર્ણ થશે. " આ પ્રમાણે તેણીના તીક્ષ્ણ ( માર્મિક ) વચનથી મસ્તક ધ્રુજાવતા તેને કામદેવે જલ્દી હૃદયમાં ઘાયલ કર્યો. તેના વચન–અમૃતથી સિંચાયેલા તે પુરુષના શરીરમાં શૃંગારરસના અંકુરાની શ્રેણિ સરખી શ્યામ રોમાવલિ પ્રગટી નીકળી.

**રાણી તથા શિયાળની કથા–**

બાદ ફળોની ઇચ્છા કરતાં બાળકોને નદીકિનારે રહેલા આમ્રવૃક્ષોની નીચે લઇ જઇને, ફળોવડે તેઓને હર્ષ પમાડીને તેણે તેઓને દુર્ગિલા સંબંધી પૃચ્છા કરી, અને તેઓના દ્વારા તેણીનું નામ તથા સ્થળ જાણીને કામદેવ સરખા તેણે પોતાની જાતને કૃતકૃત્ય માની સ્નાન કરીને, જળથી ભીંજાયેલા અંગ પર ચોંટેલા વસ્ત્રમાંથી દેખાતી દેહકાંતિવાળી તે દુર્ગિલા પણ સખીઓ સાથે નદીકિનારે ઊભી રહી. પોતાના ભ્રૂકુટીરૂપી ધનુષ્યમાંથી કટાક્ષ બાણોદ્વારા તે યુવાનને ઘાયલ કરતી અને કામપીડિત તેણી પોતાના ઘર તરફ ચાલી નીકળી. તેણી દેખાતી બંધ થઈ એટલે સંતપ્ત ચિત્તવાળા તે યુવાન પુરુષે પણ તેણીના સ્નાનથી સુવાસિત બનેલ જળમાં સ્નાન કર્યું.

બાદ તે કામી પુરુષે વિવિધ પ્રકારના આતિથ્યદ્વારા વ્યભિચારી સ્ત્રીઓની કુળદેવી સરખી કોઇએક તાપસીને પ્રસન્ન કરી, એટલે મદનતાપથી સંતપ્ત અંગવાળા તેમજ કામથી હણાયેલ તેને તે તાપસીએ કહ્યું કે–" દાનથી ખરીદાયેલ હું ખુશી થઈ છું. સેવકની માફક હું તારું શું કામ કરું ?" એટલે તે યુવાન પુરુષે તેને જણાવ્યું કે–" હે માતા ! દેવદત્તની પુત્રવધૂ અને દેવદિન્નની સ્ત્રી દુર્ગિલાનો મારી સાથે મેળાપ કરાવો. નદીના જળમાં ક્રીડાસમયે પ્રાર્થના કરાયેલ તેણીએ માર્મિક વાણી બોલવાપૂર્વક મારો મેળાપ સ્વીકાર્યો હતો."તે કામી પુરુષનું કથન સ્વીકારીને, ભિક્ષાના બહાનાથી ઘરે ઘરે ભ્રમણ કરતી તાપસીએ વાસણ ધોવાના કામમાં વ્યગ્ર બનેલી દુર્ગિલાને તે યુવાન પુરુષ સંબંધી હકિકત સંભળાવી એટલે તે તાપસી પ્રત્યે રોષિત બનેલ દુર્ગિલાએ તેને તિરસ્કારી કાઢીને, તેની પીઠ પર થાળીની શાખથી ખરડાયેલ હાથનો પંજો માર્યો. આવા પ્રકારના તિરસ્કારથી પશ્ચાત્તાપવાળી તાપસીએ તે યુવાન પુરુષના ઘરે જઇને બધી હકીકત કહી, પણ ચતુર એવા તે પુરુષે જાણી લીધું કે–તેની પીઠ પર લગાડેલા કાળા પંજાની નિશાનીથી તેણે પોતાને કૃષ્ણપક્ષની પાંચમે બોલાવ્યો છે. જ્યારે કૃષ્ણપક્ષની પાંચમ આવી ત્યારે કામક્રીડામાં કુશળ તે યુવાને ભક્તિપૂર્વક તાપસીને

રીઝવીને ફરીથી દુર્ગિલા પાસે મોકલી એટલે સાવધાન એવી તે ભિક્ષાના બહાનાથી દેવદત્તના ઘરે ગઇ અને સાહસપૂર્વક દુર્ગિલાને કહ્યું ત્યારે ક્રોધને અંગે ભયભીત બનતી તે તાપસીનો તિરસ્કાર કરીને ઘરના પાછલા દ્વારથી કાઢી મૂકી, એટલે લજ્જાજન્ય પીડાને લીધે જેની ડોક નીચે નમી ગઇ છે તેવી, રડતી તેમજ સારી દંતપક્તિવાળી તાપસીએ તે કામી પુરુષને સર્વ હકીકત સંભળાવી. તેણીને પશ્ચિમ દ્વારથી કાઢી મૂકવાની વાત સાંભળીને યુવાને નિર્ણય કરી લીધો કે–મને પશ્ચિમ દ્વારથી બોલાવ્યો છે. આ રીતે પોતાનું કાર્ય સિદ્ધ થયું માનીને તેણે તાપસીને કહ્યું કે–" હે માતા ! તેણી પાપીષ્ઠ છે તેવી વાત તમારે કયાંય પણ કહેવી નહીં."

બાદ કામના સ્મરણથી મસ્ત બનેલા તેણે પોતાની સિદ્ધિના કારણરૂપ તે તાપસીને ઉચિત પારિતોષિક આપીને સંતાપ રહિત બનાવી. કામદેવરૂપી દીપકના પ્રકાશથી પ્રકાશિત બનેલા રસ્તાથી રાત્રિને વિષે તે કામપીડિત યુવાન દેવદત્તને ઘરે ગયો. પાછળના દ્વારથી દાખલ થતા અને કામવિહ્વળ તેણે પોતાની સમક્ષ દુર્ગિલાને જોઇ અને તેણીએ પણ તેને સ્નેહાળ દૃષ્ટિથી નિરખ્યો. બાદ ઘરનાં કાર્યો આટોપીને, પતિ દેવદિન્ન નિદ્રામાં પડયો ત્યારે હર્ષ પામેલી દુર્ગિલા ઘરના બગીચામાં તે યારપુરુષ પાસે ગઈ અને અતિશય રતિક્રીડાને અંગે થાકી ગયેલ તેણી ત્યાં જ પોતાના પતિ સરખા તે યારની સાથે ગાઢ નિદ્રામાં પડી.

આ વખતે દેહચિંતાર્થે ઊઠીને ઉદ્યાનમાં ગયેલા દેવદત્તે પોતાની પુત્રવધૂને તે સ્થિતિમાં સૂતેલી જોઇ એટલે ખાત્રી કરવાને માટે તે પુત્રના શયનાગારમાં ગયો અને ત્યાં પુત્રને એકલો સૂતેલો જોઇ તે ફરીથી ઉદ્યાનમાં આવ્યો અને વિચક્ષણ એવા તેણે તેના બોધને માટે ધીમે-ધીમે તેણીના પગમાંથી ઝાંઝર કાઢી લીધું. ઝાંઝરને ધીમે ધીમે બહાર કાઢીને લઈ જતાં એવા પોતાના સસરાને જાગી ગયેલી તેણીએ જોયા એટલે દીન બની ગયેલી તેણીએ તત્કાળ ઊઠીને પોતાના યારને ઝાંઝર સંબંધી સર્વ વૃત્તાંત કહ્યો, અને જણાવ્યું કે–" હે પ્રિય ! પ્રાતઃકાળે હું જે કંઈ *દિવ્ય કરું તેમાં તારે મને સહાય કરવી." આ પ્રમાણે સૂચના આપીને તેને વિદાય કર્યો. તે યુવાન પણ અત્યંત ભય પામીને જલ્દી જે રસ્તેથી આવ્યો હતો તે રસ્તેથી નીચું મુખ રાખીને ઘરે ગયો.

આ બાજુ અત્યંત પ્રેમ દર્શાવતી દુર્ગિલાએ ગાઢ નિદ્રામાં પડેલા પતિને આલિંગન આપીને જગાડ્યો, અને અતીવ કામોદ્દીપન કરતી, લજ્જા રહિત બનેલ તેણીની સાથે નિદ્રારહિત થયેલ તે પણ કામક્રીડા કરવા લાગ્યો. કામ–ક્રીડાજન્ય થાકને દૂર કરવા માટે તેણી તેને બગીચામાં લઈ ગઇ અને ત્યાં આગળ નિદ્રાને લીધે મીંચાયેલા નેત્રવાળા તેને, જાણે લજ્જાપૂર્વક કહેતી હોય તેમ કહેવા લાગીઃ " જુઓ, જુઓ મારા પગમાંથી ઝાંઝર કાઢીને શરમ રહિત તમારા પિતા ચાલ્યા જાય છે. શું આવો તમારો કુળાચાર છે ? હું માનું છું કે–બગીચામાં કોઇ યારની સાથે ગુપ્ત રીતે હું સૂતી છું એમ વિચારીને તેમણે મારા પગમાંથી ઝાંઝર કાઢી લીધું છે, તો હે નાથ ! તમારા પિતાને તમો આ વાત કરો. નહીં તો તેઓ પ્રાતઃકાળમાં મને કલંકિની

*પોતે સાચો છે એવું સાબિત કરવા માટે કરાતી ક્રિયા.

બનાવશે." આ પ્રમાણે સાંભળીને દેવદિન્ને તેને કહ્યું કે-"શીલવતી! અત્યારે મારા પિતાને વાત કરતાં મને શરમ આવે."

સ્વામીએ આ પ્રમાણે કબૂલ કરવાથી કપટકળામાં ચતુર અને ચિંતારહિત બનેલ દુર્ગિલા સૂઈ ગઈ. પ્રાતઃકાળે પ્રિયાએ જગાડેલ તે દેવદિન્ન, અગ્નિ સરખા ક્રોધથી ધમધમાયમાન થઈને પિતા પાસે જઈને કહેવા લાગ્યો કે-"મારી સાથે સૂતેલી તમારી પુત્રવધૂના પગમાંથી ભ્રમને લીધે તમે જે ઝાંઝર લઈ લીધું છે તે પાછું આપો." આ પ્રમાણે બોલતા દેવદિન્નને દેવદત્ત સોનીએ કહ્યું કે-"તારા આવાસમાં તને સૂતેલો જોયા પછી જ તે વ્યભિચારિણી સ્ત્રીનું ઝાંઝર મેં લઈ લીધેલ છે." એટલે દુર્ગિલાએ ધૈર્યપૂર્વક શ્વસુરને કહ્યું કે-"મારી જાત અને પિતૃકુલને નિષ્કલંક બનાવ્યાં પછી જ હું ભોજન કરીશ." બાદ સોનીએ પોતાના કુટુંબીજનોને એકત્ર કર્યાં અને સાથોસાથ દુર્ગિલાના સ્વજનોને પણ ચારે તરફથી બોલાવ્યા; અને જે યક્ષ અસત્ય બોલનારને બે સાથળ વચ્ચે પીસી નાખતો તેના મંદિરમાં ગયા. સ્નાન કરીને, પવિત્ર શરીરવાળી બનીને જેવામાં દુર્ગિલા યક્ષમંદિરે જવા નીકળી તેવામાં તેનો યાર ગાંડો બનીને તેની ડોકે વળગી પડયો. એટલે "દૂર રહે, દૂર રહે. મને અડક નહીં." આ પ્રમાણે બોલતી દુર્ગિલાને તેના સ્વજનોએ છોડાવી અને તે દુર્ગિલાને ફરી વાર સ્નાન કરાવ્યું. પછી તે યક્ષચૈત્યમાં જઈને, યક્ષને પૂજીને, ભાલસ્થળમાં અંજલિ જોડીને વિજ્ઞપ્તિ કરી કે-"દેવ! એક મારા પતિ અને તે ગાંડા માણસ સિવાય બીજા કોઈ પુરુષે મારા અંગને સ્પર્શ કર્યો હોય તો તું મને બાળીને ભસ્મ કરી નાખજે." આ પ્રમાણેના કથનથી યક્ષ સંશયમાં પડયો તેવામાં બુદ્ધિનિધાન તેણી યક્ષના પગમાંથી પસાર થઈ ગઈ, એટલે હજારો લોકોએ તાલી પાડવાપૂર્વક "આ શુદ્ધ છે-પવિત્ર છે." એમ ધ્વનિવડે આકાશને ભરી દીધું. પોતાની નજરે અન્ય પુરુષ પાસે સૂતેલી પુત્રવધૂને જોવા છતાં તેની શુદ્ધિ થવાથી ચિંતાને લીધે દેવદત્તની નિદ્રા ઊડી ગઈ. 'કેટલાક દિવસોથી તેની નિદ્રા નષ્ટ થઈ છે' એમ વિચારીને રાજાએ તેને પોતાના અંતઃપુરનો રક્ષક (પહેરેગીર) બનાવ્યો.

આ બાજુ 'આ જાગે છે કે ઊંઘે છે?' એમ વારંવાર જોતી કોઈએક રાણીને જાણીને તે દેવદત્ત કપટપૂર્વક સૂઈ ગયો, એટલે તેને ખરેખરો સૂતેલો જાણીને જાળી (ગવાક્ષ)માંથી નીકળેલ રાણીને નીચે રહેલ હાથીએ પોતાની સૂંઢદ્વારા નીચે ઉતારી. રાણી મોડી આવવાથી ક્રોધે ભરાયેલા મહાવતે તેણીના જઘનપ્રદેશમાં હાથીને બાંધવાની સાંકળવડે ગાઢ માર માર્યો, પરન્તુ રાણીએ પહેરેગીરના જાગૃતપણાનો વૃત્તાંત કહેવાથી પ્રસન્ન થયેલા અને ક્રોધવિહીન બનેલા તેણે તેણીની સાથે વિલાસ કર્યો. આ બાજુ કૌતુકી અને આશ્ચર્ય પામેલા સોનીએ જલ્દી ગવાક્ષમાં આવીને તે બંનેને ભોગવિલાસ ભોગવતા નીહાળ્યા. પ્રાતઃકાળ થતાં મહાવતને આલિંગન આપીને-ભેટીને રાણી હાથીની સૂંઢદ્વારા પાછી ગવાક્ષમાં આવી પહોંચી. સોની પણ પોતના સ્થાને શીઘ્ર આવીને સૂઈ ગયો. રાણી પણ પોતાના આવાસભવનમાં જઈને સૂઈ ગઈ. રાણીના ચારિત્રથી વિસ્મય પામેલ સોની મનમાં વિચારવા લાગ્યો કે-"રાજામહારાજાઓના અંતઃપુરમાં પણ આવું અનુચિત કાર્ય થાય છે તો પછી મારા જેવાની શી

ગણુત્રી ?" આવી રીતે મનશાંતિ કરીને તે સોની, લાંબા સમયે પ્રાપ્ત થવાથી ગાઢ આલિંગન આપતી પ્રિયા સરખી નિદ્રાનું સેવન કરવા લાગ્યો અર્થાત્ તે ગાઢ નિદ્રામાં પડયો.

તેને ગાઢ નિદ્રામાં સૂતેલો જોઇને સેવકવર્ગે રાજાને જણાવ્યું કે-" હે રાજન્ ! પહેરેગીર સોની તો ઘોર અવાજ કરતા નિદ્રાધીન મોટા વરાહપતિની માફક ગાઢ નિદ્રા લઈ રહ્યો છે." રાજાએ કહ્યું કે-" નિદ્રાહીન તેને આજે નિદ્રા આવી ગઈ તેમાં કોઈપણ પ્રકારનું કારણ હોવું જોઇએ એમ હું માનું છું, તમે તેને હમણાં જગાડશો નહીં." આ પ્રમાણે સેવક વર્ગને ફરમાવીને, સાતમે દિવસે જાગૃત થયેલ તેને રાજાએ એકાંતમાં બોલાવીને નિદ્રાનું કારણ પૂછયું ત્યારે સોનીએ સર્વ વૃત્તાત કહી સંભળાવ્યો. તેના ગયા બાદ રાજા ક્રોધ ને લજ્જાને લીધે અત્યંત દુઃખી થયો. ત્યારબાદ રાજાએ કાષ્ઠનો કૃત્રિમ હાથી બનાવીને, એકાંતમાં બધી રાણીયોને બોલાવીને નીચે પ્રમાણે કહ્યું કે-" આજે મને એક દુષ્ટ સ્વપ્ન આવ્યું છે તો તેને સાર્થક કરીને તેના પ્રભાવને હણી નાખો-તેનો પ્રભાવ *મિથ્યા કરો, માટે આ હાથી ઉપર નગ્નાવસ્થામાં આરોહણ કરો." આ પ્રમાણે રાજાથી ફરમાવાયેલી શુદ્ધ અંતઃકરણવાળી સર્વ રાણીઓ, જેમ તારાઓ ઉદયાચળ પર જઇને નીચે ઉતરે તેમ, હાથી ઉપર ચઢીને નીચે ઊતરી; પરન્તુ તે દુરાચારવાળી રાણીએ કહ્યું કે-" હું હાથીથી ભય પામું છું." રાણીએ આ પ્રમાણે કહ્યું ત્યારે રાજાવડે, જાણે મંત્રિત હોય તેવા કમળવડે પ્રહાર કરાયેલ તે પૃથ્વીપીઠ પર પડી ગઈ એટલે રાજાએ શેવાલથી વ્યાપ્ત ગંગા નદીના કિનારા જેવા તેના જઘનપ્રદેશને સાંકળના પ્રહારના ચિહ્નવાળો (ચાઠા પડી ગયેલો) જોયો. બાદ ક્રોધને અંગે રક્ત નેત્રવાળા, અને અન્ય ભીરુ રાણીઓને વિશેષ ભયભીત બનાવતો રાજા તે રાણીને કહેવા લાગ્યો કે-" હાથીની સુંઢદ્વારા યાર પાસે જઇ શકે છે અને આ લાકડાના હાથીથી ભય પામે છે ! સાંકળના પ્રહારથી તું ખુશી થાય છે જ્યારે કમળના પ્રહાર માત્રથી મૂર્ચ્છા પામે છે." આ પ્રમાણે બોલીને અતિશય ગુસ્સે થયેલા રાજાએ તેણીનો કેશકલાપ પકડીને, ખેંચીને ખૂબ મારી. પછી રાજાએ તે મહાવત, હાથી તેમજ રાણી એ ત્રણેને નવીન પ્રકારે હણવાનો વિચાર કર્યો અને ભયને અંગે ધ્રૂજતા પોતાના પરિવારની સાથે વૈભારગિરિ ઉપર ગયો અને તે ત્રણેને પણ સાથે લીધા. ત્યાં જઇને મહાવતને હુકમ કર્યો કે-" આ રાણી સાથે હાથી પર ચઢીને આ હાથીને વેગપૂર્વક પર્વતના શિખરે લઇ જા, એટલે સમાન મૃત્યુ, સરખું સ્થાન અને સરખી ગતિના હર્ષના કારણે તેઓ બંને, જેમ ચંદ્ર તથા રોહણી મેઘ ઉપર આરોહણ કરે તેમ હાથી પર ચઢયા અને જેમ મંદ પવનથી વાદળ (મેઘ) પર્વતના શિખરે આવે તેમ મહાવતથી હંકારાયેલ હસ્તી ગિરિશિખર પર ચઢયો ત્યારે રાજાએ મહાવતને આદેશ કર્યો કે-"કૈલાસ પર્વત સરખા આ પર્વત પરથી હાથીને નીચે પડતો મૂક." રાજાનો આદેશ સાંભળ્યા બાદ મહાવતની પ્રેરણાથી હાથીએ એક પગ ઊંચો કર્યો. ફરીથી હાથીને નીચ પાડવાનો રાજાએ હુકમ કર્યો એટલે મહાવતથી પ્રેરાયેલા હાથીએ, આકાશમાં જાણે ચઢવાને ઇચ્છતો હોય તેમ બીજો પગ પણ ઊંચો લીધો એટલે "હાહાકાર" કરીને શોકાકુળ નગરજનોએ હાથીના રક્ષણ માટે રાજાને વિજ્ઞપ્તિ કરી, પરન્તુ ક્રોધાંધ બનેલ રાજાએ પૌરજનોના કથન પ્રત્યે લક્ષ ન આપતાં મહાવતને કહ્યું કે-" હાથીને પડતો મૂક" ત્યારે મહાવતથી પ્રેરાયેલ હસ્તી ત્રીજો

* જે અશુભ સ્થાન આપ્યું હોય તે પ્રમાણે કરી લેવાથી સ્વપ્નનું ફળ નાશ પામે છે.

પગ પણ ઊંચો કરીને પર્વત પર એક પગવડે ઊભો રહ્યો તે વખતે જાણે મોક્ષને માટે તપશ્ચર્યા કરતો હોય તેમ જણાયો. હાથીને આવી સ્થિતિમાં જોઇને નગરજનોએ અતિશય હાહાકાર કરીને હાથી પ્રત્યેના રાજાના ક્રોધાગ્નિને શાંત કર્યો ત્યારે રાજાએ મહાવતને પૂછ્યું કે-"કોઇપણ પ્રકારે આ હસ્તી પર્વત પરથી જીવતો ઊતરી શકે ?" મહાવતે જવાબ આપ્યો કે-"જો અમને બંનેને જીવતાં છોડી મૂકો તો હાથી પર્વત પરથી જીવતો નીચે ઉતરી શકે" રાજાએ કહ્યું કે-"તમને અભયદાન આપું છું. લક્ષ્મીના સ્થાનરૂપ આ હાથીને તું પર્વત પરથી જલ્દી નીચે ઉતાર." રાજાના આદેશથી હર્ષ પામેલા મહાવતે હસ્તીને પર્વત પરથી નીચે ઉતાર્યો અને સાથો-સાથ પોતાની જાતને પણ યમરાજના મંદિરમાંથી મુક્ત કરી.

બાદ તે મહાવત રાજાની નજરથી અદ્રશ્ય થઇને રાણીની સાથે ઉતાવળી ગતિથી દેશાંતર ચાલ્યો ગયો. રાત્રિસમયે કોઇએક ગામને છેડે આવેલ દેવમંદિરમાં, જેમ કમળના મધ્ય ભાગમાં ભ્રમર અને ભ્રમરી પરસ્પર આસક્ત થઇને રહે તેમ, તેઓ બંને રહ્યા. મધ્ય રાત્રિએ, જેની પાછળ સુભટો આવી રહ્યા છે તેવો કોઇ એક ચોર, ચોરીના માલ સાથે તે મંદિરમાં દાખલ થઇ ગયો. 'સૂર્યોદય થશે ત્યારે આપણે ચોરને પકડી લઈશું' એમ વિચારીને તે આરક્ષકોએ મંદિરને ચારે બાજુથી ઘેરી લીધું.

આ બાજુ ચૈત્યની અંદર પોતાનો એક હાથ લાંબો કરીને આગળ ચાલતાં તે ચોરે પોતાના હાથવડે સૂતેલા મહાવતના શરીરને સ્પર્શ કર્યો, પણ તેને ગાઢ નિદ્રામાં સૂતેલો જાણીને તે ચોરે પોતાનો કમળ સરખો કોમળ હાથ બીજી બાજુ ફેરવ્યો, એટલે પ્રાણનું રક્ષણ કરવાને કિલ્લા સમાન રાણીના સ્તનરૂપી પર્વતના શિખર પર ( સ્તન પર ) તેનો હાથ ગયો અર્થાત્ તેને રાણીના સ્તનનો સ્પર્શ થઇ ગયો. તેના કોમળ હસ્તના સ્પર્શનો અનુભવ કરીને કામપીડિત રાણીએ તેને પૂછ્યું કે-"તમે કોણ છો ?" ત્યારે ચોરે કહ્યું કે-"હું ચોર છું. અને મારું મૃત્યુ નજીક આવી રહ્યું છે, કારણ કે સુભટ લોકોએ આ મંદિરને ચારે બાજુથી ઘેરી લીધું છે." આ પ્રમાણે ભયભીત બનેલા તેને રાણીએ કહ્યું કે-"હે ચતુર ! તું ભય પામીશ નહીં. હું તારું રક્ષણ કરીશ. તું જે ચોરીને લાવ્યો છો તે આ સૂતેલા પુરુષના મસ્તક પાસે ( ઓશીકા પાસે ) મૂકી દે અને ચાલ અહીંથી દૂર ચાલ્યા જઈને આપણે ભોગક્રીડા કરીએ." પ્રાપ્ત થયેલ મૃત્યુની શાંતિ માટે મહાઔષધ જેવું તેણીનું વચન સાંભળીને ચોરે જેમ રાણી-એ કહ્યું તેમ કર્યું. ચોર પ્રત્યે આસક્ત બનેલ તે રાણીએ ક્ષણમાત્રમાં તે મહાવતનો ત્યાગ કર્યો. **ખરેખર સ્ત્રીહૃદયને કોણ પારખી શકે ?**

અંધકારરૂપી વૃક્ષને બાળવામાં દાવાનળ સમાન સૂર્યોદય થયો ત્યારે ચોરને પકડવાને ઇચ્છતા તે સુભટો હર્ષપૂર્વક ચૈત્યમાં દાખલ થયા અને મહાધ્વનિપૂર્વક ચોરીના માલ સાથે સુભટોએ તે મહાવતને ક્રોધપૂર્વક પકડી લીધો ત્યારે "આ સ્ત્રી મારી પત્ની છે. ચોરે તેને પકડી લીધી છે, હું ચોર નથી." એમ બોલતાં તેને ( મહાવતને ) સુભટોએ પકડીને ખેંચ્યો.

આ બાજુ સ્વામી તરીકે સ્વીકારેલ તે ચોરની સાથે અધમ અને કલંકના સ્થાનભૂત રાણી-તે ચૈત્યમાંથી ચાલી નીકળી. આગળ ચાલતાં તે બંનેએ બંને કાંઠામાં ભરપૂર વહેતી એક

નદી જોઇ. તે વખતે ચોર વિચારવા લાગ્યો કે-" જે સ્ત્રી પોતાના સ્વામીની ન થઇ તે કામથી પીડિત એવી મારી કયાંથી થશે ? માટે આ સ્ત્રીનું સર્વસ્વ કપટપૂર્વક હરી લઇને ચાલ્યા જવું જોઇએ. આ બાબતમાં આ નદી જ મારો મનોરથ પૂર્ણ કરશે." આ પ્રમાણે વિચારીને ચોરે તે ચપળ નેત્રવાળી( સ્ત્રી )ને કહ્યું કે-" ગજગામિની ! આ નદી પાર કરવી મુશ્કેલ છે. એક જ સમયે તને અને વસ્ત્ર તેમજ આભૂષણોને સામે પાર લઈ જવા માટે હું શક્તિમાન નથી, તો આભૂષણાદિ સર્વ પહેલાં આપ. તેને સામે કાંઠે મૂકીને તને લેવા માટે હું જલ્દી પાછો આવીશ." ચોરના કથનથી હર્ષ પામેલ તેણીએ વસ્ત્ર તથા આભૂષણાદિક સર્વસ્વ તેને આપીને નગ્નાવસ્થામાં છયા( કિનારે ઊગેલ ઘાસ )ની પાછળ લપાઇને રહી. તેણીની દુષ્ટતાને લીધે નિર્દય બનેલ તે ચોર સ્વભાવથી જ નિર્લજ્જ એવી તે રાણીને જોતો જોતો ભાગીદારની માફક સર્વસ્વ ગ્રહણ કરીને નદી ઉતરવા લાગ્યો અને રાણીને કહ્યું કે-" પોતાના પતિનો ત્યાગ કરનારી તને હું સ્વપ્નમાં પણ ઇચ્છતો નથી." આ પ્રમાણે કહીને નદી તરીને તે ચોર અદશ્ય થઇ ગયો.

'હવે હું શું કરું ?' એમ શૂન્યચિત્તવાળી વિચાર કરે છે તેવામાં મુખમાં માંસના ટુકડાવાળા શિયાળને તેણીએ જોયો. નદીના કાદવમાંથી માછલાંને ખાઈ જવાની ઇચ્છાવાળો તે શિયાળ માંસના ટુકડાને એક બાજુ મૂકીને મત્સ્યને પકડવા જલ્દીથી દોડ્યો તેવામાં તે મત્સ્ય જળમાં ડૂબી ગયું અને માંસનો ટુકડો સમળી ઉપાડી ગઈ, એટલે પાછો વળેલ ને દુઃખી બનેલ શિયાળ રુદન કરવા લાગ્યો. તે શિયાળને દુઃખી બનેલ જોઇને, જાણે દુઃખરહિત બનેલ હોય તેમ તે રાણી હસવા લાગી. **ખરેખર કૌતુકો મહાન્ દુઃખોને પણ ભુલાવે છે.**

કુલટા એવી તે રાણીને હસતી જોઇને મત્સ્ય ને માંસ ઉભયથી ભ્રષ્ટ બનેલ શિયાળ બોલ્યો કે-" હે નગ્ન અને નિર્લજ્જ સ્ત્રી ! તું કેમ હસે છે ? પોતાના યાર અને ચોરથી ભ્રષ્ટ થયેલ તું તારી જાતને કેમ હસતી નથી ? **મૂર્ખ માણસ પર્વત પર બળતું જુએ છે, પરન્તુ પોતાના પગ નીચે બળતું જોતો નથી.**" તે શિયાળને મનુષ્ય વાણીથી બોલતો જોઇને આશ્ચર્ય પામેલ રાણી વિચાર કરે છે તેવામાં તે શિયાળ દિવ્ય પુરુષનું રૂપ ધારણ કરીને, પુષ્કળ આભૂષણોથી ભષિત બનીને તેને ઉચ્ચ સ્વરે કહેવા લાગ્યો કે-" હે પૂર્ણિમાના ચંદ્ર જેવા મુખવાળી ! હંસ જેવી ગતિવાળી લલના ! હું તારો યાર મહાવત છું. તું ચોરની સાથે ચાલી ગઇ ત્યારે સુભટોએ મને દુઃખરૂપી વેલડીના મૂળરૂપ શૂળી ઉપર ચઢાવ્યો. તેવામાં નજીકમાં ચાલતા **જિનદાસ** નામના વણિકને જોઇને, જેમ તૃષાપીડિત ચાતક મેઘરાજા પાસે પાણીની યાચના કરે તેમ મેં પણ પાણીની માગણી કરી. તે વખતે **નમોऽर्हद्भ्यः**( અરિહંતને નમસ્કાર થાઓ ) એવો મંત્ર બોલવાનું સૂચન કરીને તે શ્રેષ્ઠી પાણી માટે ગામમાં ગયો એટલે કેતકી( કેવડા )ના પાંદડા પર રહેલ રજમાં ગુંજારવ કરતાં ભ્રમરની જેમ હું પણ શૂળી પર રહીને વારંવાર તે મંત્રનો જાપ કરવા લાગ્યો. કોટવાળની રજાથી મને પાણી પાવાને માટે માતાની માફક ઉતાવળે આવતાં તે શ્રેષ્ઠીને મેં હર્ષપૂર્વક નીહાળ્યો. દષ્ટિપથમાં આવેલા તે પાણીને નહીં પીવા છતાં પણ હું તૃપ્ત બની ગયો અને તે મંત્રનું વારંવાર સ્મરણ કરતાં તરત જ હું મૃત્યુ પામ્યો. તે મંત્રના જાપના પ્રભાવથી બુદ્ધિશાળી દેવ થયો અને તારા

મોહનો નાશ કરવા માટે જ મેં આ શિયાળનો પ્રસંગ યોજ્યો છે. હે સ્ત્રી! તું પણ **જૈન ધર્મ**નું સેવન કર, તેના પ્રભાવથી સ્વર્ગ ને મોક્ષની લક્ષ્મી પણ સહેલાઇથીપ્રાપ્ત થાય છે."

બાદ તેને ચંદ્રકિરણ જેવા ઉજ્જવળ વસ્ત્રો પહેરાવીને, તેને પ્રતિબોધ પમાડીને કોઈએક નગરને વિષે સાધ્વીના ઉપાશ્રયમાં તે દેવ લાવ્યો. સૂર્યથી વિકસિત કરાયેલ કમલિની જેમ હંસને ધારણ કરે તેમ તે દેવથી પ્રતિબોધ પમાડાયેલ રાણીએ પોતાના હૃદયમાં નિર્મળ સાધુધર્મને ધારણ કર્યો. તેમ હે સ્વામિન્! તમે પણ તે રાણી તેમજ શિયાળની માફક મુક્તિને માટે વૈભવનો ત્યાગ કરીને ઉભયભ્રષ્ટ ન બનો." એટલે પોતાની પત્નીઓના મનને પ્રતિબોધ પમાડતા જંબૂકુમારે કહ્યું કે-"હું **વિદ્યુન્માલી**ની માફક મોહમાં મગ્ન થઈશ નહીં.

પ્રતિદિન પરિભ્રમણ કરતાં તારાઓને આશ્રયસ્થાનરૂપ તેમજ મેઘરૂપી હસ્તીઓના આલાનસ્તંભ સદૃશ **વૈતાઢ્ય** નામનો પર્વત છે. પૃથ્વીના સ્તનરૂપ તે પર્વતના શિખર પર કેશરના પત્રની જેમ મણિસમૂહથી ભરપૂર **ગગનવલ્લભ** નામનું નગર છે. વૈતાઢ્ય પર્વતની લક્ષ્મીના મુખરૂપ આ નગરની બે ચક્ષુઓ સમાન **વિદ્યુન્માલી** અને **મેઘરથ** નામના બે વિદ્યાધરો વસતા હતા.

**વિદ્યુન્માલીની કથા—**

એકદા પરસ્પર ગાઢ મૈત્રીવાળા તે બંનેએ **માતંગી** નામની વિદ્યા સાધવા માટે વિચાર કર્યો. "ચાંડાલ કન્યાને પરણીને, તેના ઘરમાં જ નિવાસ કરીને એક વર્ષને પર્યંત બ્રહ્મચર્યના પાલનપૂર્વક માતંગી વિદ્યા સાધી શકાય છે. પૃથ્વીપીઠના આભૂષણરૂપ કોઈએક નગરમાં જઇને આપણે આ વિદ્યા સાધીએ." આ પ્રમાણે વિચારીને તે બંને **વસંતપુર**માં ગયા. તે નગરમાં ચાંડાલવાસમાં, ચાંડાલનો વેષ ધારણ કરીને રહ્યા અને ચાંડાલના અગ્રેસરોની સેવા કરવા લાગ્યા. તેની સેવાથી પ્રસન્ન થયેલા ચાંડાલમુખ્યોએ તે બંનેને પૂછ્યું કે-"હે પુત્રો! તમે ક્યાંથી આવ્યા છો? અને તમારી શી ઈચ્છા છે?" એટલે તે બંનેએ કહ્યું કે-"સાકેતપુર નગરના ચાંડાલના અમે પુત્રો છીએ અને અમારા પિતાએ અમને બંનેને કુટુંબથી બહાર કાઢી મૂક્યા છે; તેથી અમે બંને અહીં આવીને તમારી સેવા કરી રહ્યા છીએ. **સારા સ્વામીની સેવા સિવાય મનોરથ ક્યાંથી પૂર્ણ થાય?**" તેઓ બંનેની વાણી સાંભળીને તે ચાંડાલો હર્ષને લીધે આનંદિત બન્યા અને તેઓને પોતાના જ સંબંધી બનાવવાને માટે જેમ બે લતા સાથે બે વૃક્ષોને જોડવામાં આવે તેમ તે બંનેને પોતપોતાની બે પુત્રીઓ સાથે પરણાવ્યા. બુદ્ધિશાળી મેઘરથે વર્ષ પર્યંત ત્યાં જ બ્રહ્મચર્યપૂર્વક રહીને માતંગી વિદ્યા સિદ્ધ કરી જ્યારે મૂર્ખ વિદ્યુન્માલીએ તે ચાંડાલિણી સાથે ભોગવિલાસ કર્યો, જેથી તેણીએ પણ તેને સ્થિર કરવામાં વશીકરણ સમાન ગર્ભ ધારણ કર્યો. વિદ્યાસિદ્ધ થયેલ મેઘરથે વિદ્યા પ્રાપ્ત નહીં કરનાર વિદ્યુન્માલીને કહ્યું કે-"અરે મૂર્ખ! તેં આ શું કર્યું? ચંડાળ કુળરૂપી સાગરમાં તું કેમ આસક્ત બન્યો?" આ પ્રમાણે સાંભળીને લજ્જાથી નમ્ર બનેલા વિદ્યુન્માલીએ તેને કહ્યું કે-"હે પવિત્ર આચારવાળા! મારો આ અપરાધ એક વાર માફ કરો. હવે હું બ્રહ્મચર્યના પાલનપૂર્વક માતંગી વિદ્યા સાધીશ, અને તમારે પણ સ્નેહના સંબંધથી એક વર્ષે આવીને મને જણાવવું." "ભલે એમ થાઓ." એમ કહીને, જેમ પક્ષી વૃક્ષની ટોચ ઉપર આરોહણ કરે તેમ વિદ્યારૂપી પાંખવાળો મેઘરથ આકાશમાં ઊડ્યો. એક વર્ષને અંતે બંધુ પ્રત્યેના પ્રેમથી

આકર્ષાયેલ ચતુર મેઘરથ વિદ્યુન્માલી પાસે આવ્યો ત્યારે તેણે હાથમાં બાળકને ધારણ કરતો અને ફરીથી ચાંડાલણીને ગર્ભ ધારણ કરાવનાર વિદ્યુન્માલીને જોયો. તે પણ મેઘરથને જોઇને, જાણે પાતાળમાં પ્રવેશ કરવાને માટે પૃથ્વીમાં છિદ્ર જોતો હોય તેમ શરમથી નીચું જોઈ ગયો એટલે મેઘરથે તેને કહ્યું કે-" હે ભાઇ ! જેમ જીર્ણ થયેલ દોરડાથી હાથી ન બંધાય તેમ તું આ ચાંડાલણીના પ્રેમમાં બદ્ધ કેમ બન્યો ? " ત્યારે નીચું મુખ રાખીને વિદ્યુન્માલીએ કહ્યું કે- " હે ભાઈ ! આ વર્ષે હું જરૂર વિદ્યા સાધીશ. ફરી વાર તારે મારી સંભાળ લેવી. " આ પ્રમાણે વિદ્યુન્માલીનું કથન સાંભળીને મેઘરથ ગયો અને તે પ્રમાણે ત્રણ વર્ષ પર્યંત આવ-જાવ કરી છતાં તે અધમ વિદ્યુન્માલી મોહમાં જ મગ્ન બન્યો. સ્ત્રીરૂપી વેલસમૂહથી વીંટળાએલ મોહાટવીમાં રહેલ ઝાડ સમાન હું, તે વિદ્યુન્માલીની જેમ દુઃખરૂપી દાવાનળથી દગ્ધ થઇશ નહીં. "

બાદ કામદેવની સ્ત્રી રતિ સરખી **કનકસેનાએ** અમૃત ઝરતી વાણીદ્વારા જંબૂકુમારને કહ્યું કે-" શાસ્ત્રનિપુણ, બુદ્ધિશાળીઓમાં શ્રેષ્ઠ એવા તમારે **શંખધમક**(શંખ વગાડનાર)ની માફક પશ્ચાત્તાપ કરવો પડશે.

પૃથ્વીના આભૂષણ સમાન, ચપળ એવી લક્ષ્મીને ક્રીડા કરવાને માટે પર્વત સરખા ધાન્યરાશિવાળું **શાલિગ્રામ** નામનું વિશાળ ને પ્રસિદ્ધ ગામ છે. તે ગામમાં કોઇએક કણબીને ત્યાં ક્ષેત્રની રક્ષા કરનાર દાસ હતો કે જે ઉચ્ચ સ્વરે શંખ ફૂંકીને ધાન્ય ખાઇ જનારાઓને ( પશુ-પક્ષીઓ વિગેરેને ) ભય પમાડતો હતો.

## શંખધમકની કથા-

એકદા ક્ષેત્રની રક્ષા કરવામાં કુશળ તે હાથમાં શંખ લઇને સંધ્યાસમયે ખેતરે ગયો. અર્ધરાત્રિએ કેટલાક ચોરો પુષ્કળ ગાયનું ધણ ચોરીને તેના ક્ષેત્રની પાસેથી જવા લાગ્યા તેવામાં તે ખેતરમાં માળા પર રહેલ તેણે ક્રીડાપૂર્વક મેઘધ્વનિ જેવો શંખ વગાડયો. એટલે તે શંખનો શબ્દ સાંભળીને કોટવાળની શંકાથી ચોરો ગાયના ધણને ત્યજીને જલ્દી નાશી ગયા. ચોરોને છેતરનાર વિશાળ શંખધ્વનિ તે ક્ષેત્રરક્ષકને ગાયના ધણની પ્રાપ્તિમાં મંત્ર સદૃશ બન્યો. પ્રાતઃકાળે આસપાસ જોતાં તે ગાયના ધણને જોઇને, તેને દોરીને, ગામલોકોને આપવા માટે ચાલ્યો. પુષ્કળ ગાય સમૂહથી ગામ લોકોની ઇચ્છાને પૂર્ણ કરતો તે ક્ષેત્રરક્ષક જેમ દરિદ્ર માણસ જનતાની ઇચ્છા પૂર્ણ કરીને કુબેર જેવો મનાય તેમ શંખધમક પણ કુબેર સદૃશ મનાયો.

એકદા ફરી વાર ગોધનને પ્રાપ્ત કરવાની ચાહનાથી તે ધૈર્યવાન શંખધમક અર્ધરાત્રિએ માળા પર ચઢીને શંખ ફુંકવા લાગ્યો. તેજ રાત્રિએ યમરાજના કિંકરોને પણ જીતનાર તે જ ચોરો પુષ્કળ ધન ચોરીને તેજ ક્ષેત્રની નજીક આવ્યા. બુદ્ધિહીન ક્ષેત્રરક્ષકે પણ તે જ ક્ષણે, જાણે પોતાના સંકટને બોલાવતો હોય તેમ ઉચ્ચ સ્વરે શંખ વગાડયો. મેઘધ્વનિને જીતનાર શંખનો અવાજ સાંભળીને વિહ્વળ બનેલા તે ચોરો " આ શું ? " એમ વિચારવા લાગ્યા કે-" આ જ સ્થળે અગાઉ આપણને અચાનક ભયભીત બનાવનાર શંખધ્વનિ થયો હતો. ચોક્કસ અહીં કોઈ ક્ષેત્રપાલ શંખ વગાડનારો જણાય છે, તે દુરાત્માએ જ પૂર્વે આપણને

ભરમાવ્યા હતા-છેતર્યા હતા." આ પ્રમાણે વિચારીને શંખના અવાજને અનુસારે જ્યાં તે શંખધમક હતો ત્યાં ગયા અને તેને મુઠીઓવડે મારીને, શંખને ભાંગી નાખીને, તેનું ધન હરી લઈને હર્ષિત થતાં ચોરો ચાલ્યા ગયા.

હે સ્વામિન્! પુષ્કળ ધનસંપત્તિ હોવા છતાં અધિકની વાંછાથી તે શંખધમકની માફક તમે ચતુર હોવા છતાં પણ, દુઃખના ભાજન ન બનો." ત્યારે સજ્જનોના ઉપદ્રવોને નષ્ટ કરનાર શ્રી જંબૂકુમારે જણાવ્યું કે-"મૂર્ખપણાને લઈને હું શું વાનરની માફક મરણને શરણ થાઉં? અર્થાત્ નહીં જ.

**વાનરનું દૃષ્ટાન્ત-**

હસ્તિસમૂહથી ઉખેડાયેલા અને **રેવા** (નર્મદા) નદીથી વહન કરાયેલા રત્નોવડે સાગરને 'રત્નાકર' બનાવતો **વિંધ્યાચળ** નામનો પર્વત છે. (વિંધ્યાચળ રત્નોની ખાણ મનાય છે. તે પર્વતને હાથીઓએ પોતાની સૂંઢદ્વારા ખોદીને રત્નો બહાર કાઢ્યા. તે રત્નોને પર્વત પરથી વહેતી નર્મદા નદીએ પોતાના જળમાં ઢસડ્યા અને એ રીતે એ રત્નો સાગરમાં જવાથી સમુદ્ર 'રત્નાકર' કહેવાયો એવી કવિએ અહીં કલ્પના કરી છે.) અનેક મુનિવરોના પ્રભાવથી જેમ દાવાનળ અદાહકપણાને પામે તેમ તે પર્વતના વનમાં કોઈએક વાનરરાજ શાંત પ્રકૃતિવાળો બનીને રહેતો હતો જેમ ચંદ્ર અત્યંત તેજસ્વી તારાઓનો સ્વામી બને તેમ તે વાનર સર્વ વાનરીઓ સાથે ભોગ ભોગવતો હતો.

એકદા કોઈએક મદનાતુર યુવાન વાનર, પોતાને બલિષ્ઠ માનીને, તે વાનરરાજને છેતરીને નિર્ભયપણે તેની પ્રિયાઓ સાથે ક્રીડા કરવા લાગ્યો. વૃધ્ધાવસ્થાને અંગે તે વાનરરાજથી ઉદ્વિગ્ન બનેલ તે વાનરીઓ પણ, નવા વાનરને યુવાન તેમજ બલિષ્ઠ જાણીને તેના પ્રત્યે આસક્ત બનીને અત્યંત હર્ષ પામી જેમ તે વાનરીઓ યુવાન વાનર સાથેના આલિંગનાદિકને અંગે કામવિહ્વળપણાથી કંપ અનુભવવા લાગી તેમ તે વૃદ્ધ વાનર પણ ક્રોધવશ બનીને ધ્રૂજવા લાગ્યો. તે યુવાન વાનર તેમજ વાનરીઓ એકાંતમાં અત્યંત રક્ત બનીને પરસ્પર નખ, દંતાદિકવડે સુકોમળ સ્પર્શ કરવા લાગ્યા. આ બાજુ તે વૃધ્ધ વાનર દૂરથી જ આ દુઃસહ્ય દૃશ્ય જોઈને ઉચ્ચ સ્વરે અવાજ કરતો દોડ્યો. તેને આવતો જોઇને યુવાન વાનર પણ, પોતાનું રક્ત બનેલ મન વાનરીઓની વચ્ચે મુકીને વેગપૂર્વક તેની સામે દોડયો. (યુવાન વાનર દેહથી તે વૃદ્ધ વાનર સાથે લડતો હતો પરન્તુ તેનું મન તો પાછળ વાનરીઓમાં જ લાગેલું હતું.) પોતાની પત્ની **તારા** પ્રત્યેના ક્રોધને અંગે પરવશ હૃદયવાળા સુગ્રીવની સાથે જેમ **વાલીએ** યુધ્ધ કર્યું હતું તેમ આ વૃદ્ધ વાનરની સાથે યુવાન વાનર યુદ્ધ કરવા લાગ્યો- પરસ્પર ફેંકાતા મોટા પથ્થર તેમજ ઢેફાં આદિના પ્રહારથી તાડન કરતાં તે બંનેએ લાંબા સમય સુધી વનદેવીને આશ્ચર્ય પમાડી. પોતપોતાના પૂંછડાને અમળાવતાં ને સુભટ સરખા તે બંને પોતાના પાછલા પગ પર ઊભા રહીને પરસ્પર અંગે-અંગમાં મળી ગયા અર્થાત્ ખૂબ બાથંબાથ કરવા લાગ્યા. છેવટે વાનરીઓની દૃષ્ટિથી ઉત્સાહિત થયેલ યુવાન વાનરથી પરાજિત થવાથી તેમજ દૂરથી આવવાને અંગે ગ્લાનિ પામવાથી વૃદ્ધ વાનર અત્યંત ત્રાસ પામ્યો.

યુદ્ધ કરવાથી અત્યંત તૃષાતુર બનેલ વૃષ્ધ વાનરે પાણીની ઇચ્છાથી શિલારસમાં મુખ નાખ્યું, પરન્તુ તેને ઉચકવાને-ત્યાંથી ખસેડવાને અશક્ત બનતાં તે મૂર્ખ વાનરે પોતાના બંને હાથ તેમાં બોળ્યા એટલે તેના બંને હાથ પણ વજ્રલેપની માફક તેમાં ચોંટી ગયા. તે બંને હાથ ખસેડવાને માટે તેણે પોતાના પગ પણ તેમાં જોડ્યા ત્યારે બંને ચરણો પણ તેમાં ચોંટી ગયા. આ પ્રમાણે સમગ્ર શરીરે જડાઈ જવાથી તે મૃત્યુ પામ્યો.

જો તેણે પોતાના ચરણો શિલારસમાં ન મૂકયા હોત અને સમગ્ર દેહના બળપૂર્વક ફક્ત મુખ જ ખેંચી લેવાનો પ્રયત્ન કર્યો હોત તો દુર્બુદ્ધિવાળા વાનરનું આવું અપમૃત્યુ ન થાત હે સ્ત્રી! તમારી જેવાની વાણીરૂપી તૃષ્ણાથી પ્રેરાઇને વાનરની માફક હું આસક્ત થઇશ નહીં."

બાદ **નભઃસેનાએ** કહ્યું કે-" હે નાથ! મહાલોભને અંગે અક્કલહીન **બુદ્ધિ** નામની સ્ત્રીની માફક આપ હાંસીપાત્ર બનશો.

**બુદ્ધિ નામક સ્ત્રીનું વૃત્તાંત-**

વિશાળ ખેતરોને અંગે વ્યાપ્ત ભૂમિપ્રદેશવાળું અને ધાન્યરૂપી લક્ષ્મીના સ્થાનરૂપ **નંદિગ્રામ** નામનું ગામડું હતું. તે ગામમાં દારિદ્રયના સાક્ષાત્ મંદિરરૂપ **સિદ્ધિ** અને **બુદ્ધિ** નામની બે વૃષ્ધ સ્ત્રીઓ બહેનપણીઓ હતી. તે ગામમાં પોતાની સેવા કરનાર વ્યક્તિને પુષ્કળ દ્રવ્યનું દાન આપનાર, અપાર વૈભવવાળો **ભોલિંગ** નામનો યક્ષ હતો. ભક્તિપરાયણ સિધ્ધિ તે યક્ષની આરાધના કરવા લાગી, જેથી પ્રસન્ન થયેલ યક્ષ તેને હમેશાં બે સોનામહોર આપવા લાગ્યો. જે કાષ્ઠ(લાકડા)ના વાસણમાં ભોજન કરતી તે સોનાના ભાજનમાં જમવા લાગી, જે બીજા લોકોનું દાસીપણું કરતી તેને ઘરે અન્ય સ્ત્રીઓ દાસીપણું કરવા લાગી, જે ભાંગેલીતૂટેલી ઝૂંપડીમાં રહેતી હતી તેને બદલે મહેલમાં વસવા લાગી તેમજ જે જીર્ણ વસ્ત્ર ધારણ કરતી તે ઉત્તમ પટકુળ વસ્ત્ર પહેરવા લાગી-આ પ્રમાણે સિદ્ધિને વૈભવશાળી જોઇને બુદ્ધિએ કૌતુકને અંગે તેને એકાંતમાં પ્રેમપૂર્વક પૂછયું કે-" આપણે બંનેને દારિદ્રય વંશપરંપરાથી વરેલું છે તો તું વૈભવરૂપી સાગરમાં જળદેવી ( લક્ષ્મી ) સદશ કયાંથી બની ગઈ?" ત્યારે સિધ્ધિએ કહ્યું કે-" પ્રસન્ન થયેલ ભોલિંગ યક્ષ મને હમેશાં, અંધ પ્રાણીને સુંદર બે નેત્ર સરખી, બે સોના-મહોર આપે છે." તેની તેવા પ્રકારની વાણી સાંભળીને, મનમાં નિર્ણય કરીને, ભક્તિભરપૂર બનેલી બુધ્ધિ પણ તે યક્ષનું આરાધન કરવા લાગી. પ્રસન્ન થયેલા યક્ષે બુધ્ધિને કહ્યું કે-"તારે શું જોઇએ છીએ?" એટલે તેણે હર્ષપૂર્વક જણાવ્યું કે-" સિદ્ધિ કરતાં મને બમણું આપવું. " યક્ષ તેને હમેશાં ચાર સોનામહોર આપવા લાગ્યો. સિધ્ધિની માફક બુધ્ધિ પણ પ્રતિદિન વૈભવ ભોગવવા લાગી. બુદ્ધિને આ પ્રમાણે પ્રાપ્ત થતું જાણી સિદ્ધિએ યક્ષની ફરી વાર આરાધના કરી અને ભક્તજનોના વાંછિત પૂરવામાં કલ્પવૃક્ષ સરખા યક્ષે તેને બુદ્ધિ કરતાં બમણું આપ્યું, એટલે બુદ્ધિથી ફરી વાર આરાધાયેલ યક્ષે પ્રત્યક્ષ થઇને સિદ્ધિ કરતાં બમણું આપવાનું વરદાન આપ્યું.

બાદ દુષ્ટ બુદ્ધિવાળી સિધ્ધિએ યક્ષની આરાધના કરી એટલે યક્ષે તેને કહ્યું કે-"હું

તુષ્ટમાન થયો છું; હું તને શું આપું ? તે કહે." ત્યારે તેણીએ કહ્યું કે-"હે સ્વામિન્! મારી એક આંખ કાણી કરો." યક્ષ પણ તેમ કરીને અંતર્ધ્યાન થઈ ગયો. હવે બુધ્ધિથી આરાધિત થયેલ યક્ષ પ્રત્યક્ષ થઇને તેને કહેવા લાગ્યો કે-"પ્રીતિપૂર્વક હું તને શું વરદાન આપું ?" એટલે બુદ્ધિએ કહ્યું કે-"હે નાથ! સિદ્ધિને જે આપ્યું હોય તે કરતાં બમણું મને આપો." તે સાંભળીને તેને આંધળી બનાવીને યક્ષ અદૃશ્ય થઈ ગયો. હે સ્વામિન્! તમે પણ તેની માફક દુર્લભ ઋદ્ધિને પ્રાપ્ત કરીને પણ મોક્ષલક્ષ્મીને ઇચ્છતાં સંકટમાં પડશો."

ત્યારે દૃઢ નિર્ણયવાળા જંબૂકુમારે કહ્યું કે-"હું વાજિરાજ( ઉત્તમ અશ્વ )ની માફક કદાપિ ઉન્માર્ગગામી નહીં થઉં.

**વાજિરાજનું વૃત્તાંત–**

લક્ષ્મીને વશ કરવામાં સૌંદર્ય સરખું, પૃથ્વીરૂપી સ્ત્રીના કંઠમાં રહેલ હારની શોભાને ધારણ કરતા સુંદર કિલ્લાયુક્ત **વસંતપુર** નામનું નગર હતું. તે નગરમાં પોતાના બાહુદંડરૂપી વજ્રથી અન્ય રાજાઓને પરાભવ પમાડનાર અને લક્ષ્મીને અંગે ઇંદ્ર સરખો પરાક્રમી **જિતશત્રુ** નામનો રાજા હતો, જેના વિસ્તરેલ યશરૂપી કુમારનો મિત્ર ચંદ્ર લાંબા સમય સુધી આકાશ-પથમાં શોભી રહ્યો હતો.

એકદા અશ્વપરીક્ષકોને રાજાએ પૂછ્યું કે-"મારા રાજ્યમાં કોઇ ઉત્તમ અશ્વ હોય તો કહો." રાજાએ આ પ્રમાણે ફરમાવ્યું એટલે અશ્વપરીક્ષકોએ, જેમ દેવોએ ઇંદ્રના વાહન માટે સાગરમાંથી અશ્વ મેળવ્યો હતો તેમ અશ્વસૈન્યમાંથી એક અશ્વને શોધી કાઢ્યો અને જાણે સૂર્યના રથમાંથી આઠમા અશ્વને ખેંચી લાવ્યા હોય તેમ પૂર્ણ લક્ષણવાળા અને અતિશય દેખાવડા તે અશ્વને રાજાને બતાવ્યો. બાદ રાજાને કહ્યું કે-"વંશપરંપરાથી જેના રાજ્યમાં આ અશ્વ હોય તે શત્રુઓથી કદી પરાભવ પામતો નથી, માટે પૃથ્વીના આભૂષણ સમાન હે રાજન્! દેવી અશ્વ જેવા અને સંપૂર્ણ અષ્ટાંગ લક્ષણવાળા આ અશ્વનું તમારે પ્રયત્નપૂર્વક પણ પાલણ ( રક્ષણ ) કરવું."

આ પ્રમાણે અશ્વપરીક્ષકોની વાણી સાંભળીને વિશેષ પ્રકારે હર્ષને વહન કરતાં રાજાએ અશ્વને થાપણ તરીકે સોંપવા માટે કંઈક વિચાર કર્યો. વિચાર કરતાં કરતાં રાજાને **જિનદાસ** નામનો વણિક યોગ્ય જણાયો. જેનો યશરૂપી મેરુ પ્રથમ દેવલોક પર્યન્ત પહોંચેલ છે, તે વણિક અનિંદ્ય ગૃહસ્થના વ્રતોરૂપી મણિઓનો મહાસાગર છે તો ધર્મપરાયણ તે વણિકને આ અશ્વ થાપણ તરીકે સોંપવો ઉચિત છે. આ પ્રમાણે વિચારીને, તેને બોલાવીને, કાર્યા-કાર્યના વિવેકવાળા ને પૃથ્વીના ઇંદ્ર સરખા રાજાએ તે અશ્વ તેને સોંપ્યો, એટલે સમુદ્રથી અર્પણ કરાયેલ ચંદ્રને જેમ વિશાળ આકાશે ગ્રહણ કર્યો તેમ મહાન્ રાજાથી અર્પણ કરાયેલ અશ્વને જિનદાસે ગ્રહણ કર્યો. અદ્‌ભુત માહાત્મ્યવાળા તે અશ્વને ગ્રહણ કરીને જિનદાસ, જેમ તેજસ્વી સૂર્ય પ્રાતઃકાળમાં આવી પહોંચે તેમ પોતાના ગૃહે આવી પહોંચ્યો.

મનોહર અંગવાળા અને લક્ષ્મીના સ્થાનરૂપ તે અશ્વને માટે પોતાના આવાસમાં એક

તબેલો કર્યો અને તે શ્વેત અશ્વની નીચે કોમળ રેતી પથરાવી તે જાણે કે તેની કાંતિથી જીતાઇને તેની સેવા કરવા માટે આવેલ ચંદ્રગોલિકા (ચંદ્રિકા) હોય તેમ જણાતું હતું. બાદ તે ધીર બુદ્ધિવાળો જિનદાસ શ્રેષ્ઠી સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત લક્ષ્મીને વશીકરણ કરવામાં કારણભૂત શ્રી જિનેશ્વર દેવનું તેમજ તે અશ્વનું જ ધ્યાન કરવા લાગ્યો. જેમ જેમ અશ્વ વૃદ્ધિ પામવા લાગ્યો તેમ તેમ તે રાજાના વિપત્તિરૂપી વેલાના મૂળોને પોતાની ખરીઓવડે ખોદી નાખવા લાગ્યો. પોતાના રાજ્યની સમૃદ્ધિની સાથે શત્રુ રાજાની આપદાને વૃદ્ધિંગત કરવાની સાથેસાથ તે કાંતિમાન અશ્વ પણ સર્વ અંગોથી પુષ્ટ બન્યો-વૃદ્ધિ પામ્યો. રક્ષા કરવામાં કુશળ શ્રેષ્ઠી પોતે તેના પર સ્વારી કરીને પાણી પાવા માટે હમેશાં સરોવરે લઈ જતો અને પાછા વળતાં વચ્ચે ઘોડા પર બેઠા બેઠા જ તે શ્રેષ્ઠી પરમાત્માને ત્રણ વાર પ્રદક્ષિણા આપીને અને નમીને પોતાના આવાસે આવતો. શ્રેષ્ઠીનો આવાસ, તીર્થંકર ભગવંતનો પ્રાસાદ અને સરોવર-એ ત્રણ રસ્તા સિવાય અશ્વ નગરનો બીજો કોઇ માર્ગ જાણતો ન હતો.

એકદા શત્રુ રાજાઓ મનમાં આ પ્રમાણે વિચારવા લાગ્યા કે-કયા કારણથી જિતશત્રુ રાજાનું રાજ્ય વૃદ્ધિ પામે છે અને આપણું ઓછું થતું જાય છે? શત્રુ રાજાઓના ગુપ્તચર પુરુષોએ તે તે રાજાઓને જણાવ્યું કે-"આ બધો પ્રતાપ તેજસ્વી અશ્વરત્નનો છે." બાદ કોઇ એક રાજાના સાહસિક મંત્રીએ કહ્યું કે-"ચોરી કરીને હું તે અશ્વને જલ્દી લઇ આવીશ." આ પ્રમાણે પોતાની જાતને પંડિત માનતો તે પ્રધાન પ્રતિજ્ઞા કરીને, રાજાના આદેશથી પુષ્કળ દ્રવ્ય સાથે લઇને, શ્રાવકનો વેશ ધારણ કરીને ચાલ્યો. અનુક્રમે વસંતપુર નગરે જઇને, શ્રાવક-ધર્મનું સ્વરૂપ જાણતા ને દુષ્ટ આશયવાળા તેણે ચૈત્ય પરિપાટી શરૂ કરી. અને કપટી અંતઃ-કરણવાળો તે શ્રાવક ગૃહમંદિરને વિષે શ્રદ્ધાળુની જેમ જિનપૂજા કરતો જિનદાસ શ્રેષ્ઠીના ઘરે ગયો. પોતાના આવાસમાં વિધિપૂર્વક તીર્થંકર ભગવંતની પૂજા કરતાં તેને જિનદાસ શ્રેષ્ઠીએ આનંદપૂર્વક આવકાર આપ્યો. બાદ ભક્તિભરપૂર જિનદાસે સાધર્મિકના વાત્સલ્ય-ભાવથી પ્રેરાઇને તેને માનપૂર્વક કહ્યું કે-"નિષ્પાપ જૈનધર્મના પાલનથી બંધુ તુલ્ય! આજે અહીં ભોજન કરીને મારા ગૃહને પાવન કરો." અત્યંત ભક્તિપૂર્વક જિનદાસે વિજ્ઞપ્તિ કરવાથી, જાણે ઇચ્છા ન હોય તેવો દેખાવ કરીને, મનમાં પોતાનું કાર્ય સફળ થયું તેમ વિચારતો, ત્યાં જ રહ્યો. પછી તેની આગતા-સ્વાગતા કરીને અત્યંત પ્રેમપૂર્વક તેને ભોજન કરાવ્યું અને રાત્રિને વિષે પણ જિનદાસે તેને પોતાના આવાસમાં જ સુવાર્યો.

તેવામાં કોઇએક મિત્ર મહોત્સવ નિમિત્તે રાત્રિ પર્યન્ત રોકવાને માટે જિનદાસને પોતાના મહેલે લઈ ગયો. એટલે મધ્યરાત્રિએ ઊઠેલો તે કપટી પ્રધાન શીઘ્ર તે અશ્વ પર ચઢીને જલ્દીથી બહાર નીકળ્યો. બીજી દિશાએ લઇ જવા માટે પ્રેરણા કરવા છતાં પણ તે અશ્વ સરોવરે ગયો, ત્યાં પાણી પીને, પાછા વળીને જ્યાં જિનમંદિર હતું ત્યાં આવ્યો. તે સ્થળે ત્રણ પ્રદક્ષિણા આપીને ઘરે પાછો આવ્યો. વારંવાર અન્યત્ર જવાની પ્રેરણા કરવા છતાં પણ તે અશ્વ બીજે કોઈ પણ સ્થળે ગયો નહીં. આ પ્રમાણે કરતાં પ્રભાતકાળ થવા આવ્યો ત્યારે ભયભીત બનેલ તે ધૂર્ત મંત્રી અશ્વને ત્યજી દઇને નાશી ગયો. સમગ્ર રાત્રિમાં વારંવાર

ગમનાગમન કરવાથી થાકી ગયેલ અશ્વરત્ન પણ જેમ ચંદ્ર અસ્તાચલ પર્વતની ગુફામાં પ્રવેશ કરે તેમ પોતાના તબેલામાં ગયો. પ્રાતઃકાળ થતાં જેમ સૂર્ય આકાશપથમાં આવે તેમ માયારૂપી વૃક્ષને બાળવામાં અગ્નિ સમાન જિનદાસ શ્રેષ્ઠી પણ પોતાના આવાસે આવ્યો. લોકોદ્વારા અશ્વનો રાત્રિ સંબંધી વૃત્તાંત પુછાયાથી ગભરાયેલ તે તબેલામાં જઈને, અશ્વને જોવાથી અત્યંત હર્ષિત થયો. મનોહર પર્વત સરખા અને બીજે સ્થાને ગતિ નહીં કરતા તે અશ્વની હર્ષિત જિનદાસે ઉલ્લાસપૂર્વક શુશ્રૂષા કરી. હે કામિનીઓ ! તે અશ્વની માફક, તમારાથી વારંવાર પ્રેરણા કરાવા છતાં પણ રત્નત્રયરૂપી માર્ગને નહીં છોડતો હું સત્પુરુષોને અવશ્ય પૂજનીય થઈશ."

બાદ **કનકશ્રીએ** કહ્યું કે-"હે સ્વામિન્! દીક્ષા લેવાની આતુરતાવાળા તમે પ્રબળ પુણ્યવાન હોવા છતાં પણ **પુણ્યહીનની** માફક પરિતાપ પામશો.

**પુણ્યહીનની કથા-**

હંસની કાંતિ જેવી ધ્વજાઓથી આકાશગંગાને શોભાવતી અને સ્વર્ગપુરીને જીતનારી **જયંતિ** નામની નગરી હતી. તે નગરીમાં દાનવીર **ધનદત્ત** નામનો શ્રેષ્ઠી વસતો હતો અને તેને **વસુમતી** નામની ભાર્યા હતી. જેમ પૂર્વ દિશા સૂર્યને અસ્ત પમાડનાર ચંદ્રને ધારણ કરે તેમ તે વસુમતીએ એકદા દોષની ખાણ સમાન ગર્ભને ધારણ કર્યો. પુત્રના જન્મવા માત્રથી, સંધ્યા સમયે જેમ આકાશનો સૂર્ય અસ્ત પામી જાય તેમ ઘરની લક્ષ્મી નષ્ટ થઈ ગઈ. તે આઠ વર્ષનો થયો ત્યારે તેની માતા પણ મૃત્યુ પામી એટલે લોકોમાં તે "**પુણ્યહીન**" એવા નામથી પ્રસિદ્ધિ પામ્યો. બીજાઓના ઘરોને વિષે સ્વેચ્છાપૂર્વક કાર્ય કરીને તે પોતાની આજીવિકા ચલાવે છે એમ જાણીને સારા આશયથી તેના મામા તેને પોતાના ઘરે લઈ ગયા. તેના મામાના ઘરે તેના આગમન બાદ કેટલાક દિવસ પછી ચોરોએ ખાતર પાડીને પુષ્કળ ધન ચોરી લીધું, એટલે લોકોએ તેને નિર્ભાગીઓમાં પણ શિરોમણિ ઠરાવ્યો. તે પણ ખિન્ન બનીને દેશાન્તર ચાલ્યો ગયો. **તમાલિની** નામની નગરીને વિષે અસ્વચ્છ અંગવાળા તેણે વિનયશીલ **વિનયંધર** શ્રેષ્ઠીનો સેવા સ્વીકારી. તેના ત્યાં રહેવા બાદ કેટલાક દિવસો વીત્યા પછી તે શ્રેષ્ઠીનો આવાસ બળી ગયો, પરન્તુ તે જીવતો નીકળ્યો તેને પણ લોકોએ પુણ્યવાન માન્યો, અર્થાત્ તેનું એટલું નસીબ કે તે પુણ્યહીન જીવતો નીકળ્યો.

બાદ અતિશય ગ્લાનિ પામેલ પુણ્યહીન ધનાઢ્ય **ધનાવહ** વણિકની સાથે વહાણમાં ચઢી સમુદ્રની સફરે ઉપડ્યો. જેમ વીરપુરુષ દુશ્મનની સેનાને પાર પામી જાય તેમ તે વહાણ સાગરના તરંગોને ભેદીને અન્ય કિનારે પહોંચ્યું. પુષ્કળ ધન ઉપાર્જન કરીને ધનાવહ શ્રેષ્ઠી ધનોપાર્જન કરેલા પુણ્યહીનની સાથે પાછો વળ્યો. માર્ગમાં સમુદ્રના જળમાં તેનું વહાણ ડૂબી ગયું, પરન્તુ કોઈ એક પાટિયાનું અવલંબન મળી જવાથી પુણ્યહીન બહાર નીકળ્યો. જેમ સાધુપુરુષ સંસારને તરી જાય તેમ સમુદ્રને તરીને પુણ્યહીન, પૃથ્વીરૂપી સ્ત્રીના કસ્તૂરી પત્રના જેવી શ્યામ( ભયંકર ) કોઈએક અટવીને વિષે આવી ચઢ્યો. તે અટવીમાં ફરતાં ફરતાં આશ્ચર્ય પામેલા તેણે હર્ષના કારણભૂત અને અટવીરૂપી સ્ત્રીના અંબોડા( વેણી ) જેવું યક્ષમંદિર જોયું, એટલે ધૈર્યવાન અને અદ્ભુત ભક્તિભાવવાળા તેણે પોતે લાવેલા જળ, પુષ્પ

અને ફૂળોવડે તે યક્ષની પૂજા કરી, ત્યારે તુષ્ટમાન થયેલા યક્ષે તેને કહ્યું કે–"સોનાનો એક મોર મારી સમક્ષ નાચવાને માટે આવશે અને જતો એવો તે મોર એક પીંછું મૂકતો જશે તો હમેશાં તારે તે સોનાનું પીંછ જલ્દી ગ્રહણ કરી લેવું."

યક્ષના આવા વચનથી હર્ષિત થયેલ તે પુણ્યહીન ત્યાં રહ્યો અને નૃત્ય કરીને જતાં તે મોરનું સુવર્ણમય એક પીંછ પ્રતિદિન લેવા લાગ્યો. એક દિવસે તે મૂર્ખાએ, બધા પીંછો લઈ લેવાની ઇચ્છાથી જતાં એવા તે મોરને પકડી લીધો. તેના હાથના સ્પર્શ માત્રથી મોર કાગડો બની ગયો અને પૂર્વે ગ્રહણ કરેલા પીંછા પણ કાગડાના પીંછા બની ગયા, એટલે એકી જ વખતે લક્ષ્મી દેવી તથા સુખને બંને નેત્રોદ્વારા જળ( જળાંજલિ-અશ્રુ )આપતો પુણ્યહીન પોતાના નિર્ભાગી આત્માનો શોક કરવા લાગ્યો અર્થાત્ રુદન કરવા લાગ્યો. હે સ્વામિન્! તમે પણ તે પુણ્યહીનની માફક મૂર્ખાઈ ન કરો. *આશ્રમના ક્રમને જાણનાર હોવા છતાં પણ તમે કેમ અજ્ઞાનીની માફક આચરણ કરો છો? યૌવનાવસ્થામાં વ્રતને ગ્રહણ કરવાની ઇચ્છાવાળા હોવા છતાં કાળયોગે વિકૃત માનસવાળા બનવાથી તમે પૂર્વોપાર્જિત પુણ્યનો નાશ કરનારા બનશો."

ત્યારે અમૃત સરખી વાણીથી જંબૂકુમારે તેને કહ્યું કે–"હું (કૂર્મ) કાચબાની માફક મનને સંતાપ આપનારો થઇશ નહીં.

## કૂર્મનું કથાનક.

**વિંધ્ય** નામનો પર્વત હતો કે જ્યાં પરસ્પરની હરિફાઇને કારણે આકાશમાં રહેલા મેઘો અને વિંધ્યભૂમિ પર વસનારા હસ્તીઓ ગર્જારવ કરી રહ્યા છે. તેની તળાટીમાં કામિની (સ્ત્રી) સરખી **કાદંબિની** નામની અટવી હતી કે જેમાં તેની નાભિરૂપ (મધ્ય પ્રદેશ) એક ઊંડો કૂવો હતો. અતિશય શેવાળના સમૂહથી આચ્છાદિત જળવાળા તે કૂવામાં મસ્ત (વિશાળકાય) કરોડો જળજંતુઓ હતા. એકદા પવનને અંગે દૂર થયેલ શેવાળના છિદ્રમાંથી કૂવામાં રહેલ કોઇએક કાચબાએ શરદ ઋતુનો ચંદ્ર જોયો. પોતાના જન્મની સફળતારૂપી લક્ષ્મીનું જાણે નિર્મળ મુખ હોય તેવા તે પૂર્ણિમાના ચંદ્રને નીરખીને તે હર્ષ પામ્યો. બાદ 'મારો પરિવાર વર્ગ પણ આ અદ્દભુત વસ્તુને ભલે જુએ.' એ પ્રમાણે વાત્સલ્યભાવથી પ્રેરાઇને તે જળમાં ઊંડો ગયો અને જેટલામાં અદ્દભુત વસ્તુને જોવાને આતુર બનેલા પોતાના પરિવાર વર્ગને ઉપર લઇ આવ્યો તેટલામાં શેવાળ સમૂહથી તે છિદ્ર ઢંકાઇ ગયું. બાદ વારંવાર પાણીમાં ભમી ભમીને તે કાચબાએ ઊંચું જોયું પરન્તુ શેવાળથી વ્યાપ્ત બની ગયેલ તે કૂવામાં તેણે ચંદ્રનું દર્શન કર્યું નહીં. આ આચાર્ય મહારાજ( શ્રી સુધર્માસ્વામી )રૂપી ચંદ્રને પ્રાપ્ત કરીને હું કાચબાની જેમ તેનો ત્યાગ કરીશ નહીં. મોહથી આચ્છાદિત આ સંસારરૂપી કૂવામાં તેમનું દર્શન ફરી વાર કયાંથી થાય?"

* ઇતર દર્શનોમાં ચાર પ્રકારના આશ્રમ કહ્યા છે. ૧૦૦ વર્ષના આયુષ્યની કલ્પના કરીને ૨૫–૨૫ વર્ષના ચાર વિભાગ પાડવામાં આવ્યા છે. ૧. બ્રહ્મચર્યાશ્રમ, ૨ ગૃહસ્થાશ્રમ ૩ વાનપ્રસ્થાશ્રમ અને ૪. સંન્યસ્તાશ્રમ.

બાદ બૃહસ્પતિની બુદ્ધિને પણ જીતનાર પોતાના સ્વામી પ્રત્યે **કનકવતી** બોલી કે-"હે સ્વામિન્! તમે **માસાહસ** પક્ષીનું અનુકરણ કરો નહીં.

**માસાહસ પક્ષની કથા-**

યમરાજના સેનાના પડાવ જેવી અને ઘાતકી પ્રાણીઓના સમૂહથી ભયંકર તેમજ આકાશ જેટલા ઊંચા પર્વતવાળી કોઈ એક અટવી હતી. કોઈએક દિવસ બળતણને માટે કોઇએક સાર્થની સાથે તે અટવીને વિષે કોઇ મનુષ્ય એક પર્વતની તળેટીમાં ગયો. ત્યાં આગળ તેણે, ચંદ્રનો ગ્રાસ કરવાથી શેષ ચોંટી રહેલ ચંદ્રની એક કળા જેવી તીક્ષ્ણ દાઢવાળો સૂતેલો સિંહ, જાણે અંગધારી યમરાજ હોય તેવો જોયો. યમરાજ જેવા તે સિંહના ફાડેલા મુખમાં દાંતના અગ્રભાગમાં ચોંટેલ માંસની પેશીના લોભથી કોઇએક પક્ષી દાખલ થયું. 'તું સાહસ ન કર' એ પ્રમાણે વારંવાર બોલતા એ પક્ષીએ 'માસાહસ' એવા નામથી પોતાની ખ્યાતિ પ્રાપ્ત કરી.

તે પુરુષવડે વારંવાર નિષેધ કરાવા છતાં-અટકાવવા છતાં પણ માંસાસક્ત બનેલ તે પક્ષીએ પોતાનું સાહસ ત્યજ્યું નહીં અને જાગૃત થયેલા સિંહે પોતાના મુખમાં પ્રવેશક રતાં તે માસાહસ પક્ષીને પોતાના ઊંચા કરેલ પંજાદ્વારા હણી નાખ્યું. સ્ત્રીઓથી વારંવાર અટકાવવા છતાં પણ તે પક્ષીની માફક પશ્ચાત્તાપને પાત્ર બનશો માટે પ્રાપ્ત થયેલ સામર્થ્યને નિષ્ફળ ન બનાવો."

બાદ જંબૂકુમારે નિષ્પાપ વાણીદ્વારા કહ્યું કે-"હું **સોમશર્માની** માફક દુઃખપાત્ર બનીશ નહીં

**સહજ મિત્ર વિ. ત્રણ મિત્રોવાળા સોમશર્માની કથા-**

પૃથ્વીના આભૂષણરૂપ પાટલીપુત્ર નામનું નગર હતું કે જ્યાં શૌર્યરૂપી વજ્રાયુધવાળો **વજ્રાયુદ્ધ** નામનો રાજા હતો. તેને રાજ્યકારભારનું વહન કરનાર **સોમશર્મા** નામનો પુરોહિત હતો કે જે સુખરૂપી લક્ષ્મીના ક્રીડામંદિર જેવો હતો. તેને **સહજમિત્ર** નામનો એક મિત્ર હતો કે જે જાણે પ્રેમરૂપી દોરડાથી બંધાયેલ હોય તેમ હંમેશા તેની સાથેને સાથે જ રહેતો. બીજો **પર્વમિત્ર** નામનો મિત્ર હતો કે જે પર્વદિવસોમાં, જેમ પ્રભાતકાળે ભ્રમર વિકસ્વર બનેલ કમળ પાસે જાય તેમ લક્ષ્મીના આવાસરૂપ પુરોહિત પાસે જતો. ત્રીજો **પ્રણામમિત્ર** નામનો ભાઈબંધ હતો કે જે દ્વિતીયાના ચંદ્રની જેમ કોઈએક દિવસે આવીને પુરોહિતને પ્રણામ કરતો. સહજમિત્રની સાથે પ્રતિદિન તે નગરીના લોકોના નેત્રરૂપી લક્ષ્મીનું ભાજન બન્યો અર્થાત્ લોકો તે બંનેને સાથે ને સાથે જ વિચરતા નિહાળતાં.

એકદા રાજાને કોપાયમાન થયેલ જાણીને પુરોહિત સોમશર્મા રાત્રિસમયે સહજમિત્રના ગૃહે ગયો, પણ ગુંજારવ કરતો ભ્રમર જેમ અણુવિકસિત કમળને ત્યજીને અન્યત્ર ચાલ્યો જાય તેમ બહાર ઊભા રહીને બોલાવવા છતાં પણ બારણું ન ઉઘાડવાથી તે તેના ગૃહનો ત્યાગ કરીને ચાલ્યો ગયો. ત્યારબાદ જેમ હસ્તી પર્વતની લતાકુંજમાં જાય તેમ તે પર્વમિત્રના આવાસે ગયો; એટલે હર્ષિત બનેલ તે "આવો આવો, આજ મારું ઘર પાવન થયું છે."

એમ બોલતો પુરોહિતની સામે ગયો અને પર્વમિત્રે બતાવેલા પલંગ પર અતિગાઢ સ્નેહવાળા પુરોહિતે બેસીને આગળ રહેલા પર્વમિત્રને કહ્યું કે-"હાલમાં યમરાજ જેવો રાજા મારા પ્રત્યે ગુસ્સે થયેલ છે, તો જો હું હાલમાં નાશી ન જાઉં તો તે મને મારી નખાવે, તો તું બધા કાર્યોનો ત્યાગ કરીને મને સહાય કર. અત્યારે મારા પ્રાણોની રક્ષા થશે તો ભવિષ્યમાં હું પરદેશ જઈશ." તેનું આવા પ્રકારનું કથન સાંભળીને ખિન્ન બનેલા પર્વમિત્રે કહ્યું કે-"હે મિત્ર, મારા શરીર, ઘર અને વૈભવથી તમારી રક્ષા થતી હોય તો હું હર્ષપૂર્વક સહાય આપવા તૈયાર છું પરન્તુ કુટુંબ પરિવારવાળો હું રાજ્ય વિરુદ્ધ કાર્યમાં શું કરું? તને કેવી રીતે સહાય આપી શકું? તું જો મારો સાચો મિત્ર હો તો તું કોઇપણ હિસાબે દેશાન્તર ચાલ્યોજા. હે મિત્ર! તું મારે ઘરે આવ્યો હતો તેમ રાજા પ્રાતઃકાળમાં જાણશે તો મારા કુટુંબને યંત્રમાં પીલી નાખશે."

આ પ્રમાણે તેના કહેવાથી ચાલ્યા જતાં સોમશર્માને દાક્ષિણ્યતાને અંગે પર્વમિત્ર પોતાના ઘરના આંગણા સુધી વળાવા ગયો. તેના ઘરથી બહાર નીકળતાં સોમશર્મા પુરોહિતે વિચાર્યું કે-"મંદ ભાગ્યવાળા મારું કોઇ રક્ષણ કરી શકે તેમ નથી. તે મારા મિત્રો તેના તે જ છે, હું પણ તેનો તે જ છું, છતાં હમણાં તેઓ કેમ આવા વિપરીત બની ગયા? હા, સમજાયું. **ખરેખર રાજા કોઇનો પણ મિત્ર થતો નથી.** આ જગતમાં મારું કોઇ સ્થળે કોઇ પણ સ્નેહી-સંબંધી નથી. શું હું આકાશમાંથી પડ્યો છું? જે બંનેની મને શ્રધ્ધા હતી તેઓનું વર્તન તો આવા પ્રકારનું વિપરીત છે. ખરેખર મારા અવિવેકીપણાને ધિક્કાર હો! કે આ બંનેને મેં મારા મિત્ર બનાવ્યા; કારણ કે કષ્ટમાં પડેલા મારા પ્રત્યે તેઓ દાક્ષિણ્ય રહિત બન્યા, મને સહાય કરવાની ના પાડી. હવે હું ત્રીજા મિત્રના મિત્રભાવને જોઉં, જેથી પાછળથી મારે પસ્તાવાનું કારણ ન રહે."

આ પ્રમાણે મનમાં વિચાર કરીને સોમશર્મા પ્રણામમિત્રના ઘરે ગયો; અને સજ્જન-શિરોમણિ તેણે પણ ઘરે આવેલ તેનું સન્માન કર્યું. બાદ પૂછ્યું કે-"તમારી આવી દુર્દશા કેમ થઇ? અને ગુપ્ત રીતે અહીં આવવાનું પ્રયોજન શું છે?" ત્યારે પુરોહિતે પોતાનો વૃત્તાંત કહી સંભળાવ્યો અને પૂર્વના બંને મિત્રોએ કરેલ પોતાનો ત્યાગ દર્શાવી પોતાના રક્ષણની માંગણી કરી. મેં પૂર્વે તમારા ઉપર કોઈ પણ પ્રકારનો ઉપકાર કર્યો નથી, તેથી મારી લઘુ-તાને કારણે તમારી પાસે ગુપ્ત રીતે શરમ રહિત આવવું થયું છે.

આ પ્રમાણેનું તેનું કથન સાંભળીને પ્રણામમિત્રે કહ્યું કે-"હે મિત્ર! હું કંઇ પણ પદાર્થ-ની ચાહના રાખતો નથી. હું ફક્ત ભક્તિને જ વશ છું. કોઈપણ પ્રકારે તમારી જાતને ન્યૂનતા-વાળી માનવાનું કારણ નથી, તો હે ભદ્ર! તમારે મનમાં લેશમાત્ર શંકા લાવવાની જરૂર નથી. મારી જેવો મિત્ર તમારું રક્ષણ કરનાર હોય તો પછી તમને રાજાથી ભય શાનો હોય? તમારે લેશ માત્ર ભય પામવાની જરૂર નથી." આ પ્રમાણે પ્રણામમિત્રે વાણીરૂપી અમૃતવડે પુરોહિતને આશ્વાસન આપીને અત્યંત વેગવાળા અશ્વો યુક્ત રથ તૈયાર કર્યો. અસાધારણ બાહુબળવાળા તેણે રથને વિષે ભાતું તેમજ તે પુરોહિતને સ્થાપન કર્યો-બેસાર્યો અને બીજા

રાજ્યમાં લઇ જઇને, ત્યાંના રાજા સાથે મુલાકાત કરાવીને **પ્રણામમિત્રે** પુરોહિતને કીર્તિ તેમજ સુખ-સંપત્તિને પાત્ર બનાવ્યો. બાદ સોમશર્મા પુરોહિતે ત્રણે મિત્રોના સ્વભાવનો વિચાર કરતાં પ્રણામ મિત્રને પોતાના પ્રાણ કરતાં પણ અતિ વલ્લભ માન્યો.

આ કથાનકનો **ઉપનય** એ છે કે-જે **રાજા** છે તે **કર્મપરિણામ** છે, **પુરોહિત** જે છે તે **જીવ** છે, **સહજમિત્ર** તે **શરીર**, જે રાજાની કોપદૃષ્ટિ થતાં જીવની સાથે જતું નથી, **પર્વમિત્ર** સરખા **જ્ઞાતિજનો** છે, કે જે જીવને શ્મશાન પર્યન્ત અનુસરે છે, **પ્રણામમિત્ર** તે **ધર્મ** છે, કે જે અન્ય ભવમાં જતાં જીવને અનુસરે છે. જંબૂકુમારે કહ્યું કે-"હે સ્ત્રીઓ! જે ધર્મ પરલોકમાં પણ ઇષ્ટ લક્ષ્મી આપે છે તે ધર્મને આરાધવાને માટે, જ્ઞાતિ તથા દેહરૂપી મિત્રોને ત્યજીને હું તૈયાર થયો છું."

ત્યારે જયરૂપી લક્ષ્મીવડે કામદેવને સાક્ષાત્ મૂર્તિસ્વરૂપ **જયશ્રીએ** પવિત્ર અંતઃકરણવાળા જંબૂકુમારને કહ્યું કે-"હે નાથ! આ પ્રમાણે **નાગશ્રીની** માફક જુઠાણાઓવડે મોહ પમાડતા એવા તમારો અપરાધ મજબૂત મનને પણ શું પીડા ન ઉપજાવે?

**નાગશ્રીનું વૃત્તાંત—**

ઉજ્જવળ કિલ્લાથી સુશોભિત, વ્યાધિ રહિત **રમણીય** નામના નગરમાં **કથાપ્રિય** નામનો રાજા હતો. તે નિરંતર નાગરિક લોકો પાસે વારંવાર કથા કહેવરાવતો હતો. કોઇએક દિવસે કોઇ એક બ્રાહ્મણનો વારો આવ્યો. દુષ્કર્મને લીધે વંશપરંપરાથી જાણે આવેલ હોય તેવા મૂર્ખતા, દરિદ્રતા, વ્યસન અને આપત્તિના મંદિરરૂપ તે બ્રાહ્મણ વિચારવા લાગ્યો કે-"મારી જીભ બ્રહ્માએ ફક્ત ભોજન લેવા માટે જ બનાવી છે." જે જીભ મારા પોતાનું નામ બોલવામાં પણ લોઢાની કોશની માફક અક્કડ બની જાય છે. જો હું રાજાને જણાવું કે-હું વાર્તા કહેવાનું જાણતો નથી તો કદાગ્રહી દુષ્ટ રાજા મને કેદખાનામાં પૂરે. એટલામાં તેની યુવાન પુત્રીએ તેને ચિંતાનું કારણ પૂછતાં તેણે હકીકત જણાવી એટલે તેણીએ પોતાના પિતાને કહ્યું કે-"હે પિતા! તમારા મનને ચિંતાના સંતાપરહિત બનાવો અર્થાત્ તમે ચિંતા ન કરો. તમારા વારાને દિવસે હું કથા કરીશ."

આ પ્રમાણે કહીને, સ્નાન કર્યા બાદ ઉજ્જવળ વસ્ત્રો ધારણ કરીને, રાજા પાસે જઇને, 'જય પામો' એવો આશીર્વાદ આપીને, તે બોલી કે-"હે શ્રીમાન્! કથા સાંભળવામાં કૌતુકી આપ મારી કથા સાંભળો." તેના જેવી સ્ત્રીનું ક્ષોભરહિતપણું જોઇને ચતુર રાજાએ કથા કરતાં પણ તેના વચનવિલાસને જ મહાકૌતુક માન્યું. બાદ તેણીએ કથા શરૂ કરી કે-

"આ નગરીમાં **નાગશર્મા** બ્રાહ્મણની **સોમશ્રી** નામની પત્નીને **નાગશ્રી** નામની પુત્રી હતી. કોઇએક **ચટ્ટ** નામના બ્રાહ્મણને તે નાગશ્રી આપીને (વેવિશાળ કરીને) તેના માતાપિતા તેના લગ્નકાર્ય અંગેની સામગ્રી લેવા બીજે ગામ ગયા. તે નાગશ્રી ઘરમાં એકલી હતી. તેવામાં સાયંકાળે ચટ્ટ તેના ઘરે આવ્યો, એટલે પોતાની સ્થિતિ પ્રમાણે ભોજન વિગેરેથી તેનો નાગશ્રીએ આદર સત્કાર કર્યો. પછી પોતાના ઘરના સર્વસ્વરૂપ તળાઈ સહિત પલંગ તેને સૂવા માટે આપીને તે વિચારવા લાગી કે-ઘરમાં ચારે તરફ સર્પો ફર્યા કરે છે, બીજો

પલંગ નથી તો પલંગ વિના મારે ભૂમિ પર કેવી રીતે શયન કરવું ? તો હું પલંગના પ્રાંત-ભાગમાં (પાંગતે) શયન કરું. ગાઢ અંધકારને અંગે રાત્રિને વિષે મને કોઇ જોઇ શકશે નહીં."

આ પ્રમાણે વિચારીને નિર્વિકારી નાગશ્રી ત્યાં સૂઈ ગઇ, પણ તેના અંગના સ્પર્શથી ચટ્ટ બ્રાહ્મણ વિકારી (કામાસક્ત) બન્યો, પરન્તુ લજ્જા, ક્ષોભ વિગેરે કારણોને અંગે મનને રુંધવાથી શૂળ વિગેરે રોગોથી પીડિત થયેલ તે ચટ્ટને, જાણે નિંદાના ભયથી જ હોય તેમ પ્રાણોએ તજી દીધો તે મરણ પામ્યો. બાદ તેણીએ વિચાર્યું કે-" પાપીષ્ઠ એવા મારું શયન કરવારૂપી પાપ-વૃક્ષ એકી સાથે જ સફળ બન્યું તે માટે તે ખરેખર ધિક્કારને પાત્ર છે! જ્યાં સુધી પ્રાતઃકાળ ન થાય ત્યાં સુધીમાં હું આ બ્રાહ્મણને ભૂમિમાં દાટી દઉં, જેથી બીજો કોઈ આ કૃત્ય જાણી ન શકે."

તરત જ તેણીએ તેના દેહના ટુકડા કરી નાખ્યા અને ખાડો ખોદીને નિધાનની જેમ શીઘ્ર તેમાં ટુકડા દાટી દીધા. બાદ તે ખાડાને પૂરીને, તેને છાણ વિગેરેથી લીંપીને, તે ભૂમિને પુષ્પ, ગંધ અને ધૂપથી વાસિત કરી. તેણીના માતા-પિતા પણ લગ્ન સંબંધી વસ્તુઓને લઇ આવી પહોંચ્યા, હે રાજન્! વાર્તાનો સમય પૂરો થયો છે, તે બંને મારી રાહ જોઇ રહ્યા હશે."

ત્યારે રાજાએ તેને પૂછ્યું કે-" તે નાગશ્રીને હું કેવી રીતે જોઈ શકું ?" એટલે તેણીએ જવાબ આપ્યો કે-" હે સ્વામિન્! હું જ તે સંસારરૂપી નાટિકાની નટી છું." રાજાએ પુનઃ પૂછ્યું કે-" તેં જે કહ્યું છે તે શું સાચું છે ?" તેણીએ જવાબ આપ્યો કે-" હે રાજન્! પૂર્વે તમે જે કથાઓ સાંભળી છે તે જેવી સત્ય છે તેવી જ આ કથા પણ તમારે જાણવી."

જેવી રીતે નાગશ્રીએ રાજાને વિસ્મય પમાડ્યો તેમ તમે પણ હે નાથ! કલ્પિત કથાઓ-દ્વારા શા માટે અમને છેતરો છો ?" ત્યારે કલ્યાણરૂપી જળના આધાર માટે પાત્ર સમાન જંબૂકુમારે ઉજ્જવળ મુક્તાહાર સરખી વાણીથી કહ્યું કે-" હે સુંદરી ! તે પ્રકારની કથાઓ ભલે હર્ષદાયક હો, પરન્તુ હું તમને છેતરવા માંગતો નથી.

**લલિતાંગની કથા-**

પૃથ્વીને વિષે કામદેવના અભિમાનની જન્મભૂમિરૂપ તેમજ સ્વર્ગનગરીના વૈભવને જીતનાર **કંદર્પકોશ** નામનું નગર છે. તે નગરમાં **શતાયુધ** નામનો રાજા હતો જેને જોઇને ત્રણે લોકના પ્રાણીઓ કામદેવને પણ તણખલા સમાન માનતા. મેરુપર્વતની આસપાસ રહેલા લઘુપર્વત સરખા સ્તનવાળી, **લીલાવતી** નામની તેને રાણી હતી.

એકદા તે રાણી શણગાર સજીને, મોહ પામેલા લોકોથી નિરીક્ષણ કરાતી ઝરુખામાં આવીને બેઠી. તે સમયે ચંદ્રની કાંતિરૂપી નટડીને નચાવવામાં નટ સમાન અને મોતીના કર્ણાભરણરૂપી પ્રતિહારીથી રમણીય તેણીનો મુખરૂપી ચંદ્ર શોભી રહ્યો હતો. તેણીના લાવણ્ય-સૌંદર્યરૂપી અમૃતથી વ્યાપ્ત બનેલ મુખને વિષે કરેલ સિંદુરનું તિલક શંકરથી બાળી નખાયેલ કામદેવ રૂપી વૃક્ષનું નૂતન અંકુર હોય તેમ શોભતું હતું. તેણીના મુખરૂપી મહેલમાં કામદેવ

માટે મંદ-મંદ પવનથી ઉછળતા કેશોએ ભ્રૂકુટીરૂપી બંને છત્રોની બાજુમાં ચામરનું રૂપ ધારણ કર્યું (ભ્રૂકુટીને છત્રો બનાવ્યા અને મસ્તક પર રહેલ કેશોને ચામર દર્શાવ્યા.) વળી નાસિકારૂપી વૃક્ષની શાખા(ડાળી)રૂપ ભ્રૂકુટીથી અદ્‌ભુત બનેલ બંને નેત્રના કિરણરૂપી હીંચકાને વિષે તેનો કામદેવ ક્રીડા કરી રહ્યો હતો (અર્થાત્ તેણી કટાક્ષ ફેંકતી હતી). તેની દંતપંક્તિની નિર્મળ કાંતિને તરુણ પુરુષોએ મનોરથરૂપી કામદેવના ધનુષ્યમાંથી પ્રગટેલા બાણ જેવી જોઇ. પુષ્પથી ભરપૂર તેના અંબોડાએ, પોતાની ફરતી બાંધેલી વેણીરૂપી ધનુષ્યવાળા કામદેવના ભાથાની શોભા ધારણ કરી (અંબોડો ભાથું, અંદર રહેલા પુષ્પો તે બાણ અને અંબોડા ફરતી બાંધેલી વેણી તે ધનુષ્ય સમજવું.)

આ પ્રમાણે પ્રતિદિન વસ્ત્રાલંકારરૂપી સૌભાગ્યના મંદિરરૂપ બનેલ તેણી અતિ હર્ષિત બનેલા કામદેવરૂપી પિશાચથી સર્વાંગે આલિંગન કરાઇ-તેણીને રોમ-રોમમાં કામ પ્રગટ્યો. શંકરને ક્ષુબ્ધ-વ્યાકુળ કરવા માટે સ્વર્ગથી ઊતરી આવેલા કામદેવ સરખા, મસ્તકની આસપાસ ફરતા મયૂરપીંછના છત્રવાળા, સ્ત્રીઓના ચિત્તરૂપી રત્નોને ચોરી લેવામાં ચોર સમાન, અંગ પર વિલેપન કરેલ મનોહર ચંદન રસને કારણે ત્રણ લોકને જીતવામાં ધારણ કરેલ બખ્તરવાળા કામદેવ સરખો, સ્ત્રીઓનું માનભંગ કરવા માટે ધારણ કરેલ શ્વેત વસ્ત્રના બહાનાથી પૂર્ણિમાના ચંદ્રના શીત કિરણોથી જાણે વીંટળાએલ હોય તેવો, સ્કંધપ્રદેશ પર રહેલ અને વૃદ્ધિ પામેલા કેશ સમૂહના બહાનાથી સાક્ષાત્ શૃંગારરસના ભારને હમેશ વહન કરનાર અને અશ્વ પર બેઠેલા **લલિતાંગ** નામના પુરુષને તેણીએ જોયો. પોતાના રાજ્યમાં ભંગ પડાવનાર તે કુમારને વિષે દૃષ્ટિક્ષેપ કરતાં તેણીને કામદેવે પાંચ બાણોવડે ઘાયલ કરી. કામદેવના સૌંદર્ય કરતાં પણ વિશેષ સુંદરતાવાળા અને કૌતુકને અંગે વિશાળ લોચનવાળા લલિતાંગે પણ તે જ સમયે તેને નીહાળી. કામદેવની સાક્ષાત્ શરીરધારી, જગતનું વશીકરણ કરનાર મંત્રસિદ્ધિ સરખી તેણીને જોઇને સ્તંભની માફક સ્થિર બનેલ લલિતાંગ તેની સન્મુખ મુખ રાખીને નીચે પ્રમાણે વિચારવા લાગ્યો કે-"હું માનું છું કે-તેણીના મુખ ઉપર કામદેવ વાસ કરી રહ્યો જણાય છે, નહીં તો તેણીના મુખ પર વારંવાર રતિ(સ્નેહ) શા માટે સ્ફુરાયમાન થાય? (રતિ એ કામદેવની સ્ત્રી છે. જ્યાં રતિ હોય ત્યાં કામદેવ હોય.) શું આ નારી વિષ અને અમૃતનું ઉપાદાન (મુખ્ય) કારણ છે? કે જેથી તેણીના આ નેત્ર-કટાક્ષો મૂર્ચ્છા તેમજ સુખ આપવામાં સમર્થ છે. (વિષ ખાવાથી મૂર્ચ્છા પમાડે અને અમૃતના ઉપભોગથી સુખ થાય.) આ સ્ત્રીનો સ્રષ્ટા-બનાવનાર કામદેવ પોતે જ હોય તેમ જણાય છે, નહીં તો આવું મનોહર રૂપ સર્જવાને બ્રહ્મા કઇ રીતે શક્તિમાન થાય? (**બ્રહ્મા** પોતાની અત્યંત રૂપવાળી પુત્રી ને જોઇ (**સરસ્વતીને**) કામાસક્ત બન્યો હતો, તો આવું સુંદર ને મનોરમ રૂપ ઘડતાં તે કઇ રીતે પોતાનો સંયમ સાચવી શકે? માટે આ સ્ત્રીને બ્રહ્માએ નહીં પણ કામદેવે પોતે જ સર્જી જણાય છે.)"

આ પ્રમાણે વિચારીને જાણે કામદેવના બાણોને અહીંતહીં ફેંકતો હોય તેમ પોતાના મસ્તકને ધુણાવતો તે શ્રેષ્ઠીપુત્ર લલિતાંગ પોતાના ઘર તરફ ચાલી નીકળ્યો. લલિતાંગ પોતાની નજરથી દૂર થયા બાદ કામવિહ્વળ બનેલ લીલાવતી રાણી યોગિનીની માફક સ્થિર ચિત્તવાળી બની. તેણીને સંગીતમાં પ્રીતિ ન ઉપજી, ચંદનના વિલેપનમાં આનંદ ન પ્રગટ્યો. ચંદ્રના

દર્શનમાં તે ધીરજ ધારણ કરી શકી નહીં, આત્મા વિના જેવી દશા દેહની થાય તેમ તે શ્રેષ્ઠીપુત્ર વિના લીલાવતીની દશા થઈ-તે જડવત્ બની ગઇ.

આકૃતિ અને ચેષ્ટાદ્વારા તેના મનોવિકારોને જાણીને યથાર્થ નામવાળી **ચતુરિકા** નામની દાસીએ લીલાવતીને કહ્યું કે-"હે સ્વામિની! શું તું ખરેખર તે યુવાનને ચાહે છો? અથવા તે વાત બરાબર વ્યાજબી જ છે, કારણ કે કમલિનીનો સ્વામી (સુખદાતા) સૂર્ય જ હોય." એટલે કામદેવના દાહને લીધે સ્ખલના પામતી વાણીવડે રાણીએ જણાવ્યું કે-"હે સખિ! તારું આવું કુશળપણું છે તેથી તું ખરેખર **ચતુરિકા** જ છે! પુષ્પની જેવી મૃદુ દૃષ્ટિથી સ્રીસમૂહને વશ કરવામાં કામદેવ સરખા તે કુમારને તું મારી પ્રીતિ માટે કોઈપણ પ્રકારે મેળવી આપ-કોઇપણ હિસાબે તેનો તું મને સંગમ કરાવ."

પછી કોઈપણ માણસ પાસેથી 'તે સમુદ્રપ્રિય શ્રેષ્ઠીનો પુત્ર છે' એમ જાણીને, લલિતાંગકુમાર પાસે જઇને તેને મનોરમ વાણીથી ચતુરિકા કહેવા લાગી કે-"હે ચોર! તેં ખરેખર લીલાવતીનું મન હરી લીધું છે. આશ્રયવિહુણો બનેલ કામદેવ તેણીને પોતાના બાણોથી હણી રહ્યો છે. તારા વિયોગના કારણથી તેણીના અશ્રુજળથી તથાપ્રકારે વર્ષાઋતુ પ્રગટી કે જેથી અત્યંત પીડાયેલ તેણીનો આત્મારૂપી હંસ પ્રયાણ કરવાની તૈયારીમાં છે-તારો વિયોગ જો આવુ જ રહેશે તો તેણી જીવી શકશે નહીં. (વર્ષાઋતુમાં વરસાદના જળથી સરોવરો ડોળાઇ જતા હોવાથી હંસો માનસરોવરમાં ચાલ્યા જાય છે.) આ વિયોગ તો વનના દાવાનળ જેવો છે, દીપકની શિખા જેવો નથી; હે મુગ્ધ! તે દાવાનળ શાંતિ પામતો નથી, પરન્તુ ઊલટો વૃદ્ધિ પામી રહ્યો છે. આ પ્રમાણે તમારા વિયોગથી પ્રગટેલ સંતાપને શાંત કરવાની આશાથી કેળના પાંદડાવડે (પંખાવડે) પવન નાખતી મને તે હસે છે-મારી હાંસી કરે છે. તેના વિહ્વળ મનને શાંત કરવાના મારા ઉપચારો નિષ્ફળ નીવડે છે. તમારા વિયોગે તેને **વિશિષ્ટ યોગ**વાળી (અનન્ય મનવાળી) બનાવી છે, આથી તે સમસ્ત પૃથ્વીને તારામય જ જુએ છે, તે તમે પોતે જ તેની પાસે આવીને તેના કામ-તાપને દૂર કરો. તેણીને ગ્રહણ કરવાથી તમારો અપયશ થશે નહીં-હું આ વાત કોઇપણ સ્થળે ખુલ્લી કરીશ નહી."

એટલે પોતાના આશયને છૂપાવનાર લલિતાંગે તેણીને કહ્યું કે-"અરે! હું વણિક ક્યાં અને તે રાજરાણી ક્યાં? ગુપ્ત રીતે પણ આવું કર્મ કેમ કરી શકાય? સૂતેલા સિંહની દાઢને જોવા શું કોઇ પણ સમર્થ થઈ શકે?" એટલે તેણીએ કહ્યું કે-"હે સૌમ્ય! તારે આ બાબતમાં કશી પણ ચિંતા ન કરવી. તમારા બંનેનો મેળાપ કરાવવાના વિષયમાં મને તું ભાગ્યદેવી જાણ." (વિધાતાના લેખ કોઇ જાણી શકે નહીં, તેમ તમારું આ કાર્ય મારા સિવાય કોઇ પણ કોઇ જાણી શકશે નહીં.)

પછી તેની સંમતિ મેળવીને ચતુરાઇવાળી તે દૂતી જલ્દી રાણી પાસે પહોંચી અને તેણીને બધું વૃત્તાંત જેવું હતું તેવું કહી સંભળાવ્યું. તેના મેળાપને ચાહતી તે રાણી રહેલ છે તેવામાં કોઈ એક દિવસે તે નગરમાં હર્ષદાયક કૌમુદી મહોત્સવ આવી પહોંચ્યો. તે સમયે

શરદ્ ઋતુની શોભાને હર્ષપૂર્વક જોવાને માટે અરણ્યમાં રાજા શિકારાર્થે ગયો. તે વખતે જનરહિત બનેલા રાજમહેલમાં, કામદેવની પ્રતિમાના બહાનાથી લલિતાંગને પ્રવેશ કરાવવામાં આવ્યો. લાંબા સમય પછી લલિતાંગને પ્રાપ્ત કરીને લીલાવતીએ તેને તથાપ્રકારે આલિંગન આપ્યું કે જાણે આત્માની સાથે ચેતના એકતાને પામી ગઈ. વિચારને જાણવામાં કુશળ એવા કંચુકીઓ તે સમયે અહીં 'કોઈપણ પુરુષનો પ્રવેશ થયો છે' એમ જાણીને, રાત્રિના પ્રાંતભાગમાં શીકાર કરીને પાછા ફરેલા રાજાને જણાવ્યું કે–"વગર બહાને અહીં કોઇપણ વ્યક્તિ આવી જણાય છે." એટલે અવાજ કરતાં બંને ઉપાનહ( મોજડી )નો ત્યાગ કરીને તે રાજા, ચોર કરતાં પણ અતિશય મંદમંદ પગલે અંતઃપુરમાં ગયો. તે સમયે દરવાજા પર જ નજર રાખીને ઊભી રહેલ ચતુરિકા દાસીએ રાજાને આવતો જોઇને જલ્દીથી લીલાવતીને જણાવ્યું. ત્યારે લીલાવતીએ અને તે દાસીએ બંનેએ લલિતાંગને ખાળના જાળીયાદ્વારા ફેંકી દેવાથી દુષ્ટ બુદ્ધિવાળો તે પાછળના પ્રદેશમાં રહેલ અશુચિ કૂપ( ખાળકુવા )માં પડ્યો. તે કૂવામાં દુર્ગંધને લીધે સંતાપ પામેલો, પૂર્વે ભોગવેલા સુખોનું સ્મરણ કરતો તે વિચારવા લાગ્યો કે–"અહીંથી બહાર નીકળીને હું આવા ભોગો ફરી વાર ભોગવીશ નહીં." રાણી અને દાસી તે કૂવામાં પ્રેમને લીધે હંમેશાં એઠું અન્ન ફેંકતી હતી, તે ઉચ્છિષ્ટ અન્નથી તેની આજીવિકા ચાલતી.

બાદ વર્ષાઋતુમાં ખાળકૂવામાં ઊંચે આવેલ મલિન( ગંદા ) પાણીએ કિલ્લાના ગરનાળાદ્વારા તેને તાણી જઇને કિલ્લાની બહારની ખાઈમાં નાખ્યો. ઉછળતાં જળના મોજાંઓદ્વારા ખાઇને કિનારે ફેંકાયેલ તેને અચાનક આવી ચડેલ દેવી સરખી તેની ધાવમાતાએ મેળવ્યો–જોયો. તેની મૂર્છા નષ્ટ થવા બાદ ગુપ્ત રીતે ધાવમાતા તેને ઘરે લઇ ગઇ અને ત્યાં અભ્યંગ ( તેલમર્દન ), સ્નાન અને ભોજન વિગેરેથી પોષાયેલ તે પુનઃ સાજો થયો.

હે નિર્મળ હાસ્યવાળી સ્ત્રી ! આ દૃષ્ટાન્તનો ઉપનય આ પ્રમાણે જાણવો. અતિવિષયાભિલાષી જે **લલિતાંગ** છે તે કામભોગને વિષે અતૃપ્ત કાંક્ષાવાળો **સંસારી પ્રાણી** છે. આ વિષયજન્ય સુખ તે રાણીના ભોગવિલાસની માફક પ્રારંભમાં સુખદાયક છે પરન્તુ પરિણામે અત્યંત દુઃસહ છે. **ખાળકૂવા સમાન ગર્ભાવાસ** છે, અને માતાએ ખાધેલ **અન્ન–પાણી તે ઉચ્છિષ્ટ** ( એઠા ) અન્ન જેવા છે. આવા પ્રકારની આ સંસારી જીવની ભોજનક્રિયાને ધિક્કાર હો ! કૂવા સરખા ગર્ભાવાસમાંથી બહાર લવાયેલ સંસારીજીવનું **સૂતિકામંદિર** એ **ખાઈ**–રૂપ છે. સર્વ પ્રકારની સારવાર કરનારી **ધાત્રી** જેવી પૂર્વકર્મની **પરિણતિ** જાણવી. તે લલિતાંગને સાજોતાજો જોઇને કામાતુર રાણી જો તેને ફરીવાર પોતાના અંતઃપુરમાં બોલાવે તો શું તે ત્યાં જાય ખરો ?"

એટલે તે સર્વ સ્ત્રીઓ બોલી કે–"હે સ્વામિન્ ! તે અલ્પ બુદ્ધિવાળો હોય તો પણ વિષ્ટાના કૂવામાં અનુભવેલા દુઃખોને યાદ કરતો તે અંતઃપુરમાં શા માટે જાય ?" ત્યારે જંબૂકુમારે કહ્યું કે–"કદાચ અલ્પ બુદ્ધિવાળો તે તે વસ્તુનો સ્વીકાર કરે પણ ખરો, અંતઃપુરમાં પુનઃ જાય પણ ખરો; પરન્તુ હું તો સંસારના હેતુભૂત તમારું વચન કદાપિ સ્વીકારીશ નહીં."

આવા પ્રકારના જંબૂકુમારના વૈરાગ્યરૂપી અમૃતના ઝરણાં સરખા વચનોથી તે સ્ત્રીઓનો વિષયાભિલાષરૂપી તાપ શમી ગયો અને આંતરિક વૈરાગ્ય રસથી ભીંજાયેલ અંતઃકરણવાળી તે આઠે સ્ત્રીઓએ એકી સાથે જંબૂકુમારને કહ્યું કે–" હે નાથ! શરૂઆતમાં સુખકારક પરન્તુ પરિણામે દુઃખકારક વિષયોવડે અમે, ખરેખર ખેદની વાત છે કે, આટલા સમય પર્યન્ત છેતરાએલી–ઠગાએલી છીએ. તમારા વિવાહ સંબંધે અજ્ઞાનરૂપી અંધકારમાં ડૂબતી એવી અમારો તમોએ ઉદ્ધાર કર્યો છે. **ખરેખર સજ્જનોનો સમાગમ કલ્યાણ માટે થાય છે.** તમે જે રસ્તો ગ્રહણ કર્યો છે તે રસ્તાનો અમે પણ આશ્રય લીધો છે. હે સ્વામિન્! તમારી સાથે જ અમોને મોક્ષનગર લઇ જાઓ."

બાદ પ્રભવ પણ બોલ્યો કે–" હે મહાસત્ત્વશાલી! તમારા ગુણોથી આકર્ષાયેલ હું માતા–પિતાની રજા લઇને ચોક્કસ તમારો અનુગામી થઇશ, અર્થાત્ હું પણ તમારી સાથે દીક્ષા લેવા ઇચ્છું છું." ત્યારે " હે મહાભાગ્યશાલી! પ્રમાદ ન કરીશ. વિવેકવાળું આચરણ તારે કરવું." આ પ્રમાણે જંબૂકુમારથી સૂચવાયેલ પ્રભવ પોતાના ગૃહે ગયો.

સ્ત્રીઓની સહિત જંબૂકુમારનો નિર્ણય જાણીને તેમના સાસુ–સસરાઓ તેમજ માતા–પિતા પણ તેને અનુસરવાની ઇચ્છાવાળા થયા–દીક્ષા લેવાની ભાવનાવાળા થયા.

બાદ જંબૂકુમારે જિનપૂજા કરીને, સંઘનું વિધિપૂર્વક અર્ચન કરીને, સ્વજનવર્ગનું સન્માન કરીને, સ્નાન કરવાના સુગંધી જળથી કર્યું છે મંગળ સ્નાન જેણે, શુકલધ્યાન સરખા ચંદન રસવડે સમસ્ત અંગોથી સુશોભિત, જાણે શ્રેષ્ઠ સત્ત્વોના સારભૂત હોય તેવા રત્નના અલંકારોથી વ્યાપ્ત, પોતાના યશ સરખા વિવિધ પુષ્પોથી શોભાયમાન, કર્પૂર તેમજ અગુરુના ધૂપથી સુવાસિત અને સૌંદર્યરૂપી સમુદ્રના ફીણસમૂહ જેવા દિવ્ય શ્વેત વસ્ત્રોથી વ્યાપ્ત, દાન દેવાપૂર્વક દીનજનોને આનંદ પમાડતા, વાજિંત્રોદ્વારા આકાશને શબ્દાયમાન કરતા, હજાર પુરુષોથી વહન થાય તેવી શિબિકા પર બેઠેલા, પૂર્વભવના સ્નેહથી આવેલા **અનાદ્રત** નામના દેવવડે કરાયેલ નિષ્ક્રમણ મહોત્સવવાળા, આક્રમણ કરીને ( સમજાવીને ) ચારિત્ર રાજાની સેનામાં દાખલ કરાયેલ કામદેવની સેના સરખી તે આઠ પ્રિયાઓવડે યુક્ત, " જય જય " એવા શબ્દોથી દિશાઓને ગજવતા, માંગલિક ગીતોના ધ્વનિથી પૌરવધૂઓને આકર્ષણ કરતા, રાજમાર્ગમાં જનસમૂહની ન ઘટી શકે તેવી ભીડને કરાવતા, મયૂરપીંછના છત્ર–સમૂહથી સૂર્યમંડલને આચ્છાદિત કરતા, આશ્ચર્યવડે મસ્તક ધૂણાવતા લોકોવડે જોવાતા, નાગરિક સ્ત્રીઓથી અક્ષતદ્વારા વધાવવાપૂર્વક આશીર્વાદ અપાતા, કામદેવરૂપી અસાધારણ વીરને જીતવાને લીધે સ્તુતિપાઠકો( ભાટ )થી મુખદ્વારા ગવાતા યશવાળા જંબૂકુમાર મહાન્ મોહરાજાને જીતવાને માટે ચાલી નીકળ્યા.

બાદ સુધર્માસ્વામીના ચરણકમળથી પવિત્ર વનમાં આવી પહોંચ્યા. પછી શિબિકામાંથી નીચે ઊતરીને, દીક્ષા યોગ્ય માંગલિક કાર્ય કરીને, પર્ષદામાં પ્રવેશ કરીને, પંચાંગ પ્રણિપાતપૂર્વક ગણધર શ્રીસુધર્માસ્વામીને નમસ્કાર કરીને જંબૂકુમારે વિજ્ઞપ્તિ કરી કે–" સંસારરૂપી

સાગરનો પાર પહોંચાડવામાં સુકાની (કપ્તાન) સરખા હે મુનીશ્વર! મને તથા મારા કુટુંબને ચારિત્રરૂપી નૌકાદ્વારા તારો." ત્યારે ગણધરોમાં શ્રેષ્ઠ શ્રી સુધર્માસ્વામીએ કુટુંબીજનોથી યુક્ત જંબૂકુમારને પોતાના હસ્તકમળથી દીક્ષા આપી.

પછી કોઈએક દિવસે આવીને ભાવ શત્રુને હાંકી કાઢવામાં ચતુર પ્રભવે પણ સુધર્માસ્વામી પાસે દીક્ષા લીધી. સુધર્માસ્વામીએ તે પ્રભવને જંબૂસ્વામીના ચરણકમળમાં ભ્રમર સમાન બનાવ્યા–શિષ્ય બનાવ્યા.

લઘુ હસ્તિ સરખા જંબૂસ્વામી આદિ શિષ્યોથી પરિવરેલા ગજરાજ સરખા શ્રી સુધર્માસ્વામી કોઈએક દિવસ ચંપાનગરીએ ગયા. તે નગરીના બહારના ઉપવનમાં પ્રાણીઓના દેહધારી પવિત્ર દિવસ સરખા ગણધર મહારાજા સપરિવાર સમવસર્યા. તે સમયે ગણધર મહારાજાના ચરણકમળ વાંદવાની ઇચ્છાવાળા લોકો અશ્વ પ્રમુખ વાહનો પર બેસીને આવ્યા. લોકોને જતાં જોઇને શ્રેણિક રાજવીના પુત્ર કોણિક મહારાજા હર્ષિત બનીને શીઘ્ર તે ઉદ્યાનમાં ગયા, અને મહાપુણ્યથી મેળવી શકાય તેવા ગણધર ભગવંતના ચરણકમળને પૂજીને–વાંદીને પર્ષદામાં બેસીને કર્ણપ્રિય દેશના સાંભળવા લાગ્યા.

દેશના પૂર્ણ થતાં રાજાએ ગણધર મહારાજાના શિષ્યવર્ગમાં ભવભીરુપણાને અંગે સંયમ સ્વીકારેલા અને કામદેવ સરખા જંબૂસ્વામીને પોતાની પાસે રહેલા જોયા એટલે તેમણે શ્રી સુધર્માસ્વામીને પૂછયું કે–"હે સ્વામિન્! હસ્તીઓને વિષે ઐરાવણ હસ્તી જેવા, નક્ષત્રોમાં ચંદ્ર સરખા, પર્વતોને વિષે મેરુગિરિ જેવા, અન્નમાં ડાંગર (ચોખા) જેવા, વૃક્ષોમાં કલ્પવૃક્ષ સરખા, સમુદ્રોમાં ક્ષીરસાગર જેવા, ફૂલોને વિષે ચંપાના પુષ્પ જેવા, લોહ વિગેરે ધાતુઓમાં સુવર્ણ જેવા, રસોમાં અમૃત રસ જેવા તમારા શિષ્યવર્ગમાં આ કોણ પુરુષ છે જે અત્યંત તેજસ્વી છે?" એટલે મુનીશ્વર સુધર્માસ્વામીએ કોણિક રાજાને પૂર્વજન્મથી આરંભીને જંબૂસ્વામીનું ચરિત્ર કહી સંભળાવ્યું. "તેમનું આ રૂપ અને સૌભાગ્ય એ તપનો જ પ્રભાવ છે. તે ચરમકેવળી છે અને ત્યારબાદ (તેમના મોક્ષગમન બાદ) કેવળીપણાનો વિચ્છેદ થશે."

આ પ્રમાણે સાંભળીને હર્ષિત બનેલા કોણિક રાજા ચંપાનગરીમાં ગયા અને સુધર્માસ્વામી પણ જંબૂસ્વામી સહિત શ્રી મહાવીર ભગવંત પાસે પધાર્યા. અને તેમની નિશ્રામાં રહીને ઈંદ્રિયોને દમનાર સુધર્માસ્વામી પ્રાણીઓ પર ઉપકાર કરવા માટે પૃથ્વીતલ પર વિચરવા લાગ્યા. શ્રી વીરનિર્વાણ પછી દશ વર્ષ વ્યતીત થયા બાદ શ્રી જંબૂસ્વામીને ગચ્છભાર સુપ્રત કરીને શ્રી સુધર્માસ્વામી મોક્ષે ગયા, અને નૂતન સૂર્ય સમાન શ્રી જંબૂસ્વામી પ્રાણીવર્ગને પ્રતિબોધવા લાગ્યા. શ્રી વીરનિર્વાણ ૬૪ મા વર્ષ બાદ શ્રી જંબૂએ પોતાની પાટે શ્રી પ્રભવસ્વામીને સ્થાપ્યા.

આ પ્રમાણે બ્રહ્મચર્યરૂપી તેજદ્વારા અજ્ઞાનરૂપી અંધકાર સમૂહને હરી લેનાર, વિશ્વજનતાને જાગૃત કરનાર–પ્રતિબોધનાર, જંબૂમુનિરૂપી સૂર્યે નિત્યોદયને કારણે પોતાને સૌભાગ્યશાળી માનતી અને અસાધારણ સંયમ–પાલનથી મહામાહાત્મ્યવાળી કેવળ–લક્ષ્મીને પ્રાપ્ત કરી

પૃથ્વીતલને વિષે વિશ્વને જીતનારી શ્રી જંબૂસ્વામીની અપૂર્વ એવી સૌભાગ્યલક્ષ્મી જય

પામો કે જે જંબૂસ્વામીને પ્રાપ્ત કરીને પોતાને ધન્ય માનતી કેવળજ્ઞાનની લક્ષ્મી અન્ય કોઈને વરી નહીં-પ્રાપ્ત થઈ નહીં. (શ્રી જંબૂસ્વામીના મોક્ષગમન બાદ કોઈ પણ આ ભરતક્ષેત્રમાં પંચમજ્ઞાન-કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકયું નથી.)

× × ×

ખર અને દૂષણ નામના રાક્ષસોનો નાશ કરવાથી રમણીય, ક્ષીરસાગરને વિષે સેતુ (પૂલ) બાંધવાથી પ્રગટેલ અને રાવણનો નાશ કરવાથી દશે દિશામાં વિસ્તરેલ દેદીપ્યમાન યશવડે શોભિત સૂર્યવંશી રામચંદ્રની સ્પર્ધાને લીધે જ હોય તેમ શઠ લોકોના દૂષણો દૂર કરવાથી રમણીય, ક્ષીર જેવા નીરવાળા જળાશયોને બનાવવાથી ઉદ્ભવેલ, રાવણ-દુષ્ટ રાજાઓનો નાશ કરવાથી દેદીપ્યમાન યશવાળો અને સોમ (સોમદેવ-વસ્તુપાલના પિતામહ અને બીજા પક્ષે સોમ એટલે ચંદ્ર)ના પુત્ર હોવા છતાં ચતુર વસ્તુપાલે પૃથ્વીને અલંકૃત કરેલ છે.

ચંદ્રને વિષે જે કાળી રેખા પ્રકાશે છે તેને મૂઢ પુરુષો લાંછન (ડાઘો) કહે છે, પરન્તુ સૂક્ષ્મ દષ્ટિથી જોનારા અમે તેમ કહેતા નથી કારણ કે હે વસ્તુપાલ! અદ્ભુત યાત્રા-ઉત્સવને કરતા તારાવડે ચંદ્રને વિષે પણ પોતાનું નામ લખાવાયું છે, જે પ્રત્યક્ષ જોવાઈ રહ્યું છે.



# સર્ગ નવમો

## તપમાહાત્મ્ય વિષે યુગબાહુ કથાનક

[ **સર્ગસારાંશ**–પાટલીપુત્રમાં શત્રુમર્દન રાજવીને ત્યાં યુગબાહુનો જન્મ–કલાશિક્ષણ–ઉપાધ્યાયને ત્યાં કોઇએક પંડિતનું આગમન–' પુરુષ કોણ ?'ના લક્ષણ–યુગબાહુએ શસ્ત્ર અને શાસ્ત્રમાં પ્રાપ્ત કરેલી પ્રવીણતા–યુગબાહુની સત્ત્વપરીક્ષા નિમિત્તે ગંગાનદીનું પાટલીપુત્ર તરફ વહન–લોકોમાં વ્યાપેલો ત્રાસ–રાજવીએ યુગબાહુને કરેલ ગંગાના પ્રવાહને રોકવાનો આદેશ–યુગબાહુનું સુવર્ણના પૂતળા સાથે ગમન–અચાનક કોઇએક સ્ત્રીના કરુણધ્વનિનું શ્રવણ–તેના ઉદ્ધાર માટે ગંગામાં યુગબાહુએ કરેલ ઝંપાપાત–શારદાદેવીના સ્થાનમાં આગમન–શારદાદેવીએ તેને સંભળાવેલ તેનો પૂર્વભવ–પ્રાંતે આપેલ મહામંત્ર–યુગબાહુનું સ્વનગરે આગમન–રાત્રિએ અચાનક કરુણ સ્વરનું શ્રવણ–યુગબાહુનું એકાકી ખડ્ગ લઇને પ્રયાણ–પવનવેગ વિદ્યાધર સાથે તુમુલ યુદ્ધ–પ્રાપ્ત કરેલ વિજય–અનંગવતી વિદ્યાધરકુમારીની યુગબાહુ પ્રત્યે પ્રીતિ–યુગબાહુએ તેના ચાર પ્રશ્નોનો આપેલ ઉત્તર–અનંગવતીના પિતા મણિચૂડે લીધેલ દીક્ષા અને યુગબાહુનું વિદ્યાધરપતિ તરીકે સ્થાપન. ]

**તપશ્ચર્યા** એ સંપત્તિરૂપી વેલડીઓનું મૂળ છે, દુઃખરૂપી કાષ્ઠોને દગ્ધ કરવામાં અગ્નિ સમાન છે, ઇષ્ટ પદાર્થોરૂપી કમળવનને વિકસિત કરવામાં સૂર્ય સમાન છે, મોક્ષલક્ષ્મીરૂપી મહેલના અગ્રભાગે જવાની ઇચ્છાવાળાએ જેવી રીતે **યુગબાહુ**એ કર્યું તેમ, તપરૂપી પગથિયાની શ્રેણિનું અવલંબન કરવું જોઇએ.

**તપના પ્રભાવ વિષે યુગબાહુનું વૃત્તાંત–**

દેવોની રાજધાની અમરાપુરી સરખું **પાટલીપુત્ર** નામનું નગર છે કે જ્યાં રત્નોના મહેલોની કાંતિને અંગે સૂર્યનો પ્રકાશ વૃથા બને છે. પૃથ્વીના રહસ્ય ( નિચોડ ) સરખા તે નગરમાં ધનવાન લોકો કુબેરને પણ સામાન્ય લેખતા હતા અર્થાત્ શ્રેષ્ઠી લોકો કુબેર કરતાં પણ અત્યંત ઋદ્ધિવાળા હતા. તે નગરમાં રાજાઓના મુગટોથી પ્રપુલ્લિત ચરણકમળવાળો (પૂજિત), તે ચરણકમળમાંથી પ્રસરતા યશરૂપી સાગરવાળો, વળી સાગર જેવી ગંભીર બુધ્ધિવાળો, પોતાની કીર્તિથી ચંદ્રને પણ જીતનાર, સૂર્ય સરખો દુષ્પ્રેક્ષ્ય અને શત્રુસમૂહનું મર્દન કરનાર **શત્રુમર્દન** નામનો રાજા હતો. તે રાજાને **મદનરેખા** નામની રાણી હતી.

જેના મુખનું કલંકિત ચંદ્રે દાસપણું સ્વીકાર્યું હતું. (ચંદ્ર તો કલંકવાળો છે, રાણીનું મુખ નિષ્કલંક હતું એટલે ચંદ્રે પરાજિત થઈને તેનું દાસપણું સ્વીકાર્યું હતું અર્થાત્ તેણીનું મુખ ચંદ્ર કરતાં પણ ચઢિયાતું હતું. તે રાજાને **મતિસાગર** નામનો મંત્રી હતો કે જેના બુધ્ધિ-પ્રભાવથી શત્રુરહિત બનેલ તે રાજ્યમાં પાયદળ સૈન્ય માત્ર શોભારૂપ જ હતું. (આ મંત્રીની એવી બુદ્ધિ-પ્રભા હતી કે જેથી શત્રુઓ સ્વયમેવ જ શાન્ત થઇ જતા એટલે કદી પણ યુધ્ધ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થતો નહી, સૈનિકોનો ઉપયોગ કરવો પડતો નહીં, સૈનિકો માત્ર શોભારૂપ જ હતા.) તે મંત્રીએ સર્વ રાજ્યભાર વહન કરેલ હોવાથી શત્રુમર્દન રાજા પોતાની પ્રિયા સાથે ભોગો ભોગવવામાં જ રક્ત રહેતો.

કોઈએક દિવસે પ્રાતઃકાળમાં અંતઃપુરમાં ગયેલા મનોહર શોભાવાળા રાજાએ પોતાની પત્નીને ચિંતાતુર જોઇ એટલે સ્વરૂપથી કામદેવને પણ જીતનાર, તેણીના દુઃખને જાણવાની ઇચ્છાવાળા, તેમજ અનેક પ્રકારના તર્ક-વિતર્કથી વ્યાકુળ ચિત્તવાળા રાજાએ **મદનરેખાને** આદરપૂર્વક કહ્યું કે-"હે દેવિ! કાજળયુક્ત નેત્રમાંથી વહેતા અશ્રુજળદ્વારા તારા કપોલપ્રદેશ પર જે લિપિ લખાઈ છે તે જ તારા શોકને જાહેર કરી રહી છે. દુઃખને સૂચવનાર નિઃસાસા-રૂપી ધૂમાડાને અંગે તારા ચિત્તમાં કોઈએક ચિંતારૂપી અગ્નિ સળગી રહ્યો છે, તેમ હું માનું છું. હે પ્રિયે! તું પ્રસન્ન થા, અને મને તારા શોકનું કારણ કહે. પોતાના જીવિતને નહીં ચાહતી કઇ વ્યક્તિએ તારો આજ્ઞાભંગ કર્યો છે? યમસદન(મૃત્યુ ઈચ્છતા)માં જવા ઇચ્છતા કોણે તારો અપરાધ કર્યો છે? અથવા તો મરવાને ચાહતા કયા મૂર્ખાએ તારો પરાભવ કર્યો છે? અથવા તો મારાથી તારું કંઇ પણ અપમાન થયું નથી ને? હે પ્રિયે! મારા રાજ્યને વિષે તેવી કોઇપણ વસ્તુ નથી કે જે તારે આધીન ન હોય. સેંકડો પ્રકારના તર્ક-વિતર્કોથી મૂઢ બનેલું મારું મન હાલમાં સંતપ્ત બની રહ્યું છે કે જેવું મહાન શત્રુસંકટમાં પણ દુભાયું નહીં હોય, તો હે દેવિ! અશ્રુજલથી મલિન બનતાં મુખને જળદ્વારા ધોઇ નાખીને કલંકરૂપી કાદવ-થી ખરડાયેલા ચંદ્રને તું જલ્દી તિરસ્કારી કાઢ. હે વિશાળ નેત્રવાળી! તું આ બાજુ જો અને મારા પ્રત્યે પ્રસન્ન થા. નીલ કમળો જેવા તારા નયનો મને દર્શાવી કૃતાર્થ બનાવ. હે પ્રિયે! તારા મિષ્ટ વાર્તાલાપથી રાજમહેલની ભૂમિ ફરીથી પણ રાજહંસીઓના મનોહર ધ્વનિવાળી થાઓ."

મૌન રહેવા છતાં શત્રુઓને મૂંગા બનાવનારો—પરાભવ પમાડનારો રાજા બોલતો બંધ થયો ત્યારે દંત-કિરણોને સ્ફુરાવવાના બહાનાથી જાણે દેહધારી વાણીનું ઉચ્ચારણ કરતી હોય તેમ રાણી બોલી-"હે સ્વામિન્! તમારા જેવા પતિથી લાલના-પાલના કરાતી મને, નિઃ-સંતાનપણા સિવાય બીજું કોઇપણ દુઃખનું કારણ નથી." પોતાની રાણીની આવા પ્રકારની પ્રશંસનીય વાણી સાંભળીને રાજાએ તાત્કાલિક કુળદેવીની ત્રણ કાળ આરાધના શરૂ કરી. કુળ-દેવીનું શીઘ્ર વરદાન મેળવીને હર્ષિત ચિત્તવાળા રાજવીએ ક્ષત્રિયશિરોમણિ પુત્ર પ્રાપ્ત કર્યો. તેનું **યુગબાહુ** નામ રાખવામાં આવ્યું અને રાજાના મનોહર મનોરથની સાથે વૃદ્ધિ પામતા,

કેટલોક સમય વીત્યાબાદ પંડિતોદ્વારા અભ્યાસ કરતા, બુધ્ધિચાતુર્યથી બૃહસ્પતિનો પણ તિરસ્કાર કરતા તેણે સર્વ કળાઓ પ્રાપ્ત કરી લીધી.

કોઇએક દિવસે યુગબાહુના ઉપાધ્યાયના ગૃહે આવેલા કોઈ એક પંડિતે મધુર વાણીથી પૂછ્યું કે–" પુરુષ અલૌકિક પ્રતાપવાળો–સામર્થ્યવાળો કઈ રીતે થાય ?" આ પ્રમાણે ગોડ નામના વિદ્વાનથી પુછાયેલા અન્ય પંડિતોએ કહ્યું કે–" શસ્ત્ર અને શાસ્ત્રવિદ્યામાં જેણે અપૂર્વ કીર્તિ પ્રાપ્ત કરી છે તેને જ પંડિતો લોકોત્તર શક્તિવાળો કહે છે. હે યુગબાહુ રાજપુત્ર! તું તથાપ્રકારનો પ્રયત્ન કર જેથી શસ્ત્ર ને શાસ્ત્રવિદ્યામાં તારો અપૂર્વ યશ ફેલાય."

આ પ્રમાણે પોતાના ગુરુની વાણીને વિચારતો, પુરુષોને વિષે અગ્રેસર યુગબાહુ રાજપુત્ર નગરની બહારના ઉદ્યાનમાં કોઇએક મુનિરાજ પાસે ગયો અને સાહસિક એવા તેણે મુનિને નમસ્કાર કરીને પૂછ્યું કે–" કયા ઉપાયથી લોકોત્તર કલાની પ્રાપ્તિ થાય ?" ત્યારે મુનિરાજ બોલ્યા કે–" ઇંદ્ર જેવા પરાક્રમશીલ હે રાજપુત્ર ! તું સાંભળ. કર્મની અનુકૂળતાને લીધે જ આ સર્વ શુભ સામગ્રી પ્રાપ્ત થાય છે. જ્ઞાનપંચમી આદિ તિથિની તપશ્ચર્યાથી તેમજ સરસ્વતીની આરાધનાથી પ્રાણીઓનો શુભ કર્મોદય થાય છે."

આ પ્રમાણે તે મુનીશ્વરની પ્રશંસનીય, કલેશને નષ્ટ કરનારી રમણીય વાણી સાંભળીને રાજપુત્રે તેને ચિત્તમાં ધારણ કરી–સ્વીકારી. તે નગરમાં **કલાકામગવી** નામનું સરસ્વતીનું મંદિર હતું ત્યાં જઇને યુગબાહુએ તપશ્ચર્યાપૂર્વક તેની આરાધના શરૂ કરી. આરાધન એ જ છે ધન જેનું એવો તે બુદ્ધિમાન અને તપરૂપી સૂર્યથી દુઃસહ બનેલ કુમાર છ માસ પર્યન્ત ત્રણે કાળ આરાધનામાં લયલીન બની ગયો.

બાદ મુસાફરોની સ્ત્રીઓના કોપયુક્ત કટાક્ષોથી શ્યામવર્ણો બનેલ વર્ષાકાળ વીજળી સહિત આવી પહોંચ્યો. વર્ષાઋતુએ આકાશને વિષે ચંદ્રને પોતાના વાદળાંઓથી ઢાંકી દીધો અને સાથોસાથ મુસાફરોની સ્ત્રીઓના મુખચંદ્રને કાજળ યુક્ત અશ્રુજળથી આવરી લીધો. તે સમયે કલ્લોલોની અલ્પતાને લીધે સાગર કૃશ બન્યો ( વર્ષાઋતુમાં સાગરનું જળ ક્ષીણ થઈ જાય છે એટલે મોજાંઓ ઓછા થાય. ) અને સૂર્યપ્રકાશ આચ્છાદિત બની ગયો, વિકસિત બનેલ રક્ત કમળની શ્રેણિઓ ખંડિત થઇ ગઈ અને પર્વત પરની જે નદીઓ સંકોચ પામેલી હતી તે વિશાળતાને ધારણ કરવા લાગી.

આવા સમયે શત્રુમર્દન રાજાને મંત્રીએ જણાવ્યું કે–" હે નાથ ! ઊંચા–ઉછળતાં મોજાંઓના સમૂહથી નજીકના વનોને પાડી નાખતી–છિન્નભિન્ન કરતી **ગંગા** નદી મર્યાદારહિત બનીને આપણા નગર તરફ આવી રહી છે. સાગર સરખી એ ગંગા નદીના પ્રવાહથી નાગરિક લોકો વ્યાકુળ બન્યા છે, તો હે સ્વામિન્ ! આ વિષયમાં પ્રયાસ કરો. હે નાથ! આ વિષયમાં જે કરવા લાયક હોય તે ફરમાવો."

આ પ્રમાણેની હકીકત સાંભળીને રાજવીએ યુગબાહુને કહ્યું કે–" હે પુત્ર ! સુવર્ણનું

પૂતળું લઇને જા અને પૂજા કરીને જલ્દી લોકોને શાંતિ પમાડ." રાજાનું વચન સ્વીકારીને રાજપુત્ર ગંગાના જળ નજીક આવ્યો અને વિવિધ પ્રકારની પૂજા કરીને તેના જળમાં સોનાનું પૂતળું પધરાવ્યું.

તે સમયે તે પ્રદેશના નજીકના ભાગમાં વિચક્ષણ રાજપુત્રે કોઇએક સ્ત્રીનો કરુણ ધ્વનિ સાંભળ્યો. દુઃખી સ્ત્રીને જોવાની ઇચ્છાથી દિશાઓમાં નેત્ર ફેંકતો તે રાજકુમાર જેવામાં ઉપકાર કરવાની વૃત્તિવાળો થાય છે તેવામાં ટીંટોડીની જેવા કરુણ ધ્વનિથી જળચરોને દ્રવિત કરતી કોઇએક સ્ત્રી જળમધ્યે પ્રગટી નીકળી, અને તેણી બોલી કે–" આ પૃથ્વીપીઠને વિષે કોઇ એવો સાહસિકશિરોમણિ પુરુષ છે કે જે ગંગાને ભેટણા તરીકે અપાયેલ મારો ઉધ્ધાર કરે–શરણભૂત બને. હે પૃથ્વી દેવિ! તું રત્નગર્ભા હોવા છતાં વાંઝણી છે, કારણ કે મારા પ્રાણોનું રક્ષણ કરે તેવા કોઈપણ પુરુષને તારાથી જન્મ અપાયો જણાતો નથી, અર્થાત્ મારું રક્ષણ કરે તેવો કોઇપણ પુરુષ જન્મ્યો જણાતો નથી."

તેણીનું આવા પ્રકારનું વચન સાંભળીને, બીજા પુરુષો પરાક્રમહીન થયે છતે અતુલ બળને અંગે ગજરાજ જેવો તે કુમાર નદીના કિનારાથી આગળ ચાલ્યો. પોતાના પરિવાર વર્ગના નિવારણને નહીં ગણકારતો, નિશ્ચળ પગલાંથી જાણે પૃથ્વીને કંપાવતો હોય તેવો, સન્મુખ આવતાં અને ઉછળતાં જળથી અટકાવાતો, યશના અંકુરા સમાન પાણીના કણિયાઓથી (જલબિંદુથી) સેવાતો, નદીના પ્રવાહમાં તણાતી બાળાને બહાર કાઢવાની ઇચ્છાવાળો યુગબાહુ પરોપકાર માટે ઉત્સાહપૂર્વક નદીમાં દાખલ થયો.

આ પ્રમાણે સૈનિકોથી જોવાયેલ, પૃથ્વી સરખી તે કન્યાનો ઉદ્ધાર કરવાને ઇચ્છતો કુમાર જળને વિષે નારાયણ જેવો શોભવા લાગ્યો. તરતો તરતો તે કુમાર જેવામાં તેણીની નજીક ગયો તેવામાં તે કન્યા પણ દૂર–દૂર જવા લાગી. બાદ તે કન્યા દ્વારા સૈન્યના હર્ષોલ્લાસની સાથે કુમાર પણ તે જ સમયે અદૃશ્ય થઇ ગયો.

પછી કર્તવ્યમૂઢ બનેલા અને અશ્રુપૂર્ણ લોચનવાળા તે સૈનિકો જેવામાં કુમારના દર્શનની આશાથી ગંગાનદીના કિનારે રહેલા છે તેવામાં રાજકુમારના નાશના સાક્ષીપણાને અંગે થયેલ પાપને લીધે ઝંપાપાત કરવાને ઇચ્છતો હોય તેમ સૂર્ય અસ્તાચળ પર આવી પહોંચ્યો. દેદીપ્યમાન સૂર્ય અસ્ત પામ્યો ત્યારે શોકનિમગ્ન લોકસમૂહ ચક્રવાક પક્ષીની જેમ રુદન કરવા લાગ્યો. કામદેવના જેવા શરીરવાળા તે કુમારને જાણે જોવાને ઇચ્છતો હોય તેમ સૂર્ય સાગરના માર્ગદ્વારા પાતાળમાં પહોંચ્યો. (સૂર્ય અસ્ત પામે ત્યારે જાણે સાગરમાં પડતો હોય તેવો દેખાવ નજરે પડે છે. કવિએ કલ્પના કરી કે–કુમાર નદીના જળમાં ડૂબી જવાથી પાતાળમાં પહોંચી ગયો હશે અને તેને જોવાને માટે જ હોય તેમ સૂર્ય પણ પાતાળમાં પહોંચ્યો અર્થાત્ અસ્ત પામ્યો.)

પછી રાત્રિસમયે દુઃખી અને સંતપ્ત હૃદયવાળા સૈનિકોએ નગરમાં આવીને બનેલી સમસ્ત હકીકત રાજાને કહી સંભળાવી એટલે તે વૃત્તાંતના દુઃખની પ્રગટેલ, વજ્ર સરખા શોકરૂપી ખીલાવડે હૃદયમાં તાડના પામેલ તે રાજા પૃથ્વીપીઠ પર પડી ગયો, ત્યારે લોકો પણ કુમાર-

ના શોકને છોડી દઇને સુખડ અને પંખાને હસ્તમાં ધારણ કરીને રાજાની સમીપે દોડી આવ્યા. તે પ્રકારનાં શીતોપચારથી ચૈતન્યવાળા બનેલ વિચક્ષણ રાજાએ કહ્યું કે-"હે કુમાર! તે તારી ભક્તિ, શક્તિ, ક્ષમા અને બુધ્ધિ કયાં ? તે તારા ગુણો પૈકી એક-એક પણ ગુણ કયાંય જોવામાં આવતા નથી. હે પુત્ર ! જન્મથી પ્રારંભીને તને હું અતિ પ્રિય હતો તો અત્યારે વૃધ્ધાવસ્થાથી જીર્ણ થયેલા મને ત્યજીને કયાં ચાલ્યો ગયો ? જોવા લાયક વસ્તુઓમાં પણ શ્રેષ્ઠ એવા હે પુત્ર ! પોતાની કુળ લક્ષ્મીની ઉપેક્ષા કરીને એક કન્યાની ખાતર પ્રાણોનો ત્યાગ કરતો તું ખરેખર સ્થૂલ લક્ષ્યવાળો છો, તને સૂક્ષ્મદૃષ્ટિ આવી નથી. ( નહીં તો એક કન્યા માટે તું કેમ પ્રાણોનો ત્યાગ કરે ? )"

આ પ્રમાણે પુત્રના વિયોગજન્ય સંતાપથી વિલાપ કરતાં રાજાને મંત્રીશ્વરે આચાર અને વિચારથી રમણીય વચનદ્વારા કહ્યું કે-"સાગર જેવા ગાંભીર્યવાળા હે પૃથ્વીનાથ ! આ સંસારમાં તમારી જેવાને શોક કરવો ઉચિત નથી. આ સંસારરૂપી સમુદ્રમાં પ્રાણીઓ પોતાના કર્મ-ફળથી જળના પરપોટાની માફક ઉત્પન્ન થાય છે અને કેટલાંક નાશ પામે છે. વિશ્વમાં ઈષ્ટ વસ્તુના વિયોગાદિ સજ્જન પુરુષોને જે વૈરાગ્યનું કારણ બને છે તે જ ઇષ્ટ વિયોગાદિ મોહથી અંધ બનેલા પ્રાણીઓ માટે ઉત્કૃષ્ટ ક્રોધ અને શોકના કારણભૂત બને છે. ચક્રવર્ત્તી ઈંદ્ર જે દૈવ(વિધિ)ના પરાક્રમને જીતી શકતા નથી તેવા પ્રકારના દૈવ(નસીબ)ને પંડિત પુરુષો વિશ્વના અસાધારણ વીર તરીકે માને છે. હે નાથ ! સૈન્યથી સેવાતી વ્યક્તિઓ, દીનતાથી શોક યુક્ત બનવા છતાં સ્વભાવથી દુર્દમનીય એવો યમરાજ કોનાથી વશ કરી શકાય ? અર્થાત્ યમરાજને કોઈપણ વશ કરી શકતું નથી."

મતિસાગર મંત્રીના આ પ્રમાણેના વચનો સાંભળીને, હસ્તવડે ખડ્ગ ખેંચી કાઢીને શત્રુ-મર્દન રાજા દોડયો. " હે યમરાજ ! તારા અભિમાનથી સર્યું. ( તું બસ કર. ) તું મારા દૃષ્ટિ-પથમાં આવ-મારી સામે આવ, જેથી પ્રપંચના મંદિરરૂપ તારા આ વર્તનને હું હણી નાખું." આ પ્રમાણે વારંવાર બોલતા અને દુશ્મનના પરાક્રમને નષ્ટ કરનાર તેમજ અત્યંત રોષ યુક્ત બનેલા રાજવીને મંત્રીશ્વરે પુનઃ કહ્યું કે-" હે નાથ ! તે દૈવ કોણ અને તમે કોણ ? આટલો બધો ક્રોધ કોના પરત્વે છે ? આવેશનો ત્યાગ કરીને વિચાર કરો કે-આ કાર્ય (દૈવને હણ-વાનું ) શકય નથી. પ્રાણી જે શુભાશુભ કર્મબંધ કરે છે તે જ " દૈવ " કહેવાય છે; સૃષ્ટિની ઉત્પત્તિ અને સંહાર કરનારનું વર્ણન માત્ર શોભારૂપ જ જાણવું. ( કોઈપણ સૃષ્ટિની રચના કરતો નથી તેમજ કોઇ તેનો સંહાર પણ કરતો નથી ) માત્ર શુભાશુભ કર્મના આધારવડે જ આ સંસારચક્ર ચાલી રહ્યું છે; માટે ક્રોધનો ત્યાગ કરીને ઉત્તરક્રિયા કરો. આ વિશ્વને અનિત્ય જાણીને-જોઇને આપ સ્થિરતા ગુણવાળા બનો અર્થાત્ આપ મનને શાન્ત કરો."

પછી સુંદર પ્રાતઃકાળના મંગળ વિધાનોથી રમણીય, દુંદુભીનાદથી વિશાળ અને પુષ્ટ એવો શંખનો ધ્વનિ પ્રકટી નીકળ્યો તેવામાં ઉછળતા આનંદના સમૂહથી હર્ષાશ્રુવાળો કોઇ એક આશ્ચર્ય યુક્ત પુરુષ શીઘ્ર આવીને કહેવા લાગ્યો કે-" અંધત્વના કારણભૂત અંધકાર સમૂહના નાશ કરનાર દેદીપ્યમાન સૂર્ય સરખા યુગબાહુ કુમારનું અહીં આગમન થવાથી આપ મહાભાગ્યશાળી બન્યા છો. " એટલે ઈનામ આપવાદ્વારા તે પુરુષનો સત્કાર કરીને

વિસ્મયથી વિકસિત મુખવાળા રાજા જેવામાં પોતે ઊભા થાય છે તેવામાં પરિજનવર્ગરૂપી ચક્રવાકોના શોકને નષ્ટ કરતો, નિર્મળ કાંતિવાળા અલંકારોથી શોભિત દેહવાળો, નેત્રરૂપી કમળોને પ્રફુલ્લિત કરવામાં જીવનૌષધી સમાન, વૃદ્ધિ પામતા તેજથી દુર્નિરીક્ષ્ય સૂર્યસમાન રાજપુત્ર યુગબાહુ સ્વયં પ્રાતઃકાળમાં આવી પહોંચ્યો. ચંદનરસના વિલેપનથી સુંદર દેહવાળા અને નમસ્કાર કરતાં પુત્રને આલિંગન આપીને રાજાએ તેને પૂછ્યું કે-" તું તે સ્ત્રીની સાથે અદૃશ્ય થઇ ગયો ત્યાં સુધીનું વૃત્તાંત તારા સેવકોએ મને જણાવ્યું છે. હે બુદ્ધિશાલી પુત્ર! ત્યાર પછીનું જે કંઈ અદ્‌ભુત વૃત્તાંત હોય તે બધું તું મને ઉચ્ચ સ્વરે (બધા સાંભળે તેમ) કહે." ત્યારે સૌંદર્યને અંગે કામદેવ સરખા તે રાજપુત્રે અત્યંત ઉજ્જવળ દંતકિરણોથી જાણે પ્રક્ષાલિત કરી હોય તેવી વાણીદ્વારા જણાવ્યું કે--

"તે સમયે મૂર્ચ્છા પામેલી તે સ્ત્રીની પાછલ-પાછળ જતો હું કોણ છું? શા માટે આ ક્રિયા કરી રહ્યો છું? અને હું કયાં છું? તે જાણી શકયો નહીં. ત્યાર બાદ હે પિતાજી! મોતીના ચૂર્ણ જેવી વિપુલ રેતીવાળા પ્રદેશ ઉપર મેં મારી જાતને ક્ષણવારમાં જ સચેતન જોઇ. તે સમયે જળનું તે પૂર, તે ગંગા નદી, તે કન્યા અને તે પૃથ્વી પણ ત્યાં નહોતી. બુદ્ધિમાં ન સમાઇ શકે તેવું આ અચાનક શું બની ગયું? શું આ ઇંદ્રજાળ છે? શું આ તે કંઇ સ્વપ્ન છે કે મારી ચેતનાનો નાશ થયો છે? જાતિ સ્મરણજ્ઞાનવાળા મારો શું આ લોકમાં ફરી વાર જન્મ થયો કે શું? આ પ્રમાણે ક્ષણભર વિચારીને, હે સ્વામિન્! ઊભા થઈને પરિભ્રમણ કરતાં અને હસતા મુખવાળા મેં કલ્પવૃક્ષવાળું એક વન જોયું. તે વનમાં વસનારા પક્ષીઓથી કુશળ પુછાતો, આગળ વધતો હું તે વનની અંદર બગીચો જોઈને અત્યંત ખુશી થયો. આગળ ચાલતાં મેં શીઘ્ર આશ્ચર્યકારક ને સંતાપને દૂર કરનાર સાત માળવાળો એક મહેલ જોયો. તેમાં પ્રવેશ કરીને જેવો હું છઠ્ઠે માળ ગયો તેવામાં કોઇએક પ્રતિહારિણીએ આવીને મને કહ્યું કે-'તમને બોલાવવા માટે **શારદા** નામની દેવીએ **શબ્દવિદ્યા** નામની પ્રતિહારિણી એવી મને મોકલી છે તો તમે ચાલો.' તેણીની સાથે હું શારદા દેવીના ચરણ નજીક પહોંચ્યો અને **તુંબુરુ** નામના ગંધર્વોના મનોહર સંગીતજન્ય પ્રીતિને લીધે પ્રફુલ્લિત નેત્રવાળી, પોતાની સમક્ષ અપ્સરાઓના કુતુહળવાળા અને મનોહર હાવભાવવાળા નૃત્યને ક્ષણવાર એકી ટસે નિહાળતી, હંસથી સેવા કરાતી, દેવ દાનવોથી ઉપાસના કરાતી, પોતે જ વીણા વગાડતી, સુવર્ણકમળ પર બેઠેલી, પોતાની કાંતિરૂપી અમૃત પ્રવાહથી સેવક જનોને સિંચન કરતી, હસ્તમાં મહામોહને દૂર કરવામાં મહાઔષધ સમાન પુસ્તકને ધારણ કરતી, ડાબી અને જમણી બાજુમાં **તર્કવિદ્યા** અને **સાહિત્યવિદ્યા** રૂપધારી ચામરધારિણી બે પ્રતિહારિણીઓથી વારંવાર વીંજાતી, વાણીને અગોચર એવી શાંત ને પવિત્ર મૂર્તિને ધારણ કરતી તેમજ શરદ્ ઋતુના મેઘ જેવા ઉજ્જવળ વસ્ત્રવાળી શારદા દેવીને મેં જોઈ.

બાદ તે સમયે અધિક હર્ષવાળા અને પ્રફુલ્લ મનવાળા તેમજ સ્નેહપૂર્વક જોવાયેલા મેં દેવીને નમસ્કાર કર્યો. તે વખતે શારદા દેવીએ મને પાદપીઠ પર બેસાડ્યો એટલે મેં મારી જાતને મોક્ષ કરતાં પણ શ્રેષ્ઠ પદની પ્રાપ્તિવાળી માની. બાદ તે દેવીએ દ્રાક્ષ કરતાં પણ મીઠી વાણીથી મને કહ્યું કે-'પુત્ર! હે રાજકુમાર! તું તારા મનને આશ્ચર્યમાં ન નાખીશ. આ

પ્રમાણે સ્તવન અને પૂજનદ્વારા આરાધના કરનાર તારી મેં ગંગા નદીની કન્યાના રૂપથી સત્ત્વની પરીક્ષા કરી છે. વળી હે પુત્ર ! મારું ક્રીડાભવન તને બતાવવાને માટે મારી દાસીને મોકલીને તને હાલમાં અહીં બોલાવ્યો છે. તારા આ સાહસથી હું ખરેખર આશ્ચર્ય પામી છું. હે પુરુષશિરોમણિ ! તું શા માટે મારી આવા પ્રકારની આરાધના કરી રહ્યો છે ? તારા પૂર્વના શુભ કર્મોથી, નહીં આરાધવા છતાં પણ પરતંત્ર વ્યક્તિની જેમ હું પ્રસન્ન થયેલી જ છું. હે વિચક્ષણ ! તું તારો પૂર્વભવનો વૃત્તાંત સાંભળ-

**યુગબાહુ કુમારનો પૂર્વભવ-**

પૂર્વે સ્વર્ગપુરીને પણ જીતનાર **પુષ્પપુર** નામના નગરમાં શરીરધારી દારિદ્રયની રાજધાની સરખો કોઇએક દરિદ્ર પુરુષ હતો. કોઇએક દિવસે કૌમુદી ઉત્સવ પ્રસંગે યાચકજનોની ઇચ્છાને પૂર્ણ કરવામાં જાણે સાક્ષાત્ કલ્પવૃક્ષ હોય તેવા નાગરિકલોકોને ઉદ્યાનમાં જોઈને તે વિચારવા લાગ્યો કે-'આ સમસ્ત પૃથ્વીતલને વિષે મારા જેવો મંદભાગી, અતિ નિર્લજ્જ અને નિંદનીય બીજો કોઈપણ નહીં હોય. આ ઉત્સવમાં દાન વિગેરેથી શોભતા પુરજનોને જોઇને પાષાણ જેવા મારા કઠોર પ્રાણોથી હું હજી સુધી ત્યજાતો નથી, અર્થાત્ હું મૃત્યુ પામતો નથી. આ નગરજનોના લાલ માણિકય-સમૂહને વિષે સરખામણીમાં કોલસા પાડનારની જેવી મારી સંપત્તિ ઉત્તમ છે અર્થાત્ હું દરિદ્ર-શિરોમણિ છું. ( અંગારા લાલ હોય છે, માણિકય પણ લાલ હોય છે. નગરજનો પાસે માણિકય છે, મારી પાસે અંગારા છે. બંને રક્તવર્ણા છે, પણ તેના મૂલ્યમાં આસમાન જમીન જેટલો તફાવત છે.) મનુષ્યપણું સમાન હોવા છતાં ખરેખર અસાધારણ તફાવત છે, તેથી હું માનું છું કે-આ વિષયમાં પુણ્ય ને પાપ કારણભૂત છે. પૂર્વે મેં કંઇ પણ પુણ્યકાર્ય કર્યું નથી, જેથી આ ભવમાં સંપત્તિને અભાવે હું દુ:ખી બન્યો છું. હવે હું ભૈરવ નામના પર્વત પર જઇને ઝંપાપાત કરું જેથી ભવાંતરમાં હું દુ:ખી ન બનું.'

આ પ્રમાણે વિચારીને ઉત્સુક મનવાળો તે ભૈરવ નામના પર્વત પર ગયો અને ત્યાં આગળ ઇષ્ટ દેવને નમસ્કાર કર્યો. બાદ ઝંપાપાત કરવાને ઇચ્છતો તે જેવામાં દિશાઓમાં દૃષ્ટિ ફેંકે છે તેવામાં **અશોક** નામના વૃક્ષની નીચે મૂર્તિમાન સમતાધારી એક મુનિરાજને જોયા. તેમને જોઇને ભાવથી પવિત્ર મનવાળા તેણે તેમને નમસ્કાર કર્યો અને તેમની સેવા કરવાની ઇચ્છાથી ક્ષણ માત્ર તેમની પાસે બેઠો.ધ્યાન પૂર્ણ થતાં ત્રણ ( મતિ, શ્રુત અને અવધિ) જ્ઞાનવાળા તે મુનીશ્વરે ઉપકારનું કારણ જાણીને અમૃત જેવી મિષ્ટ વાણીથી તેને કહ્યું કે-'હે વત્સ ! તું કયાંથી આવ્યો છે ? આ વન તો નિર્જન છે. પ્રાપ્ત થયેલા રત્નવાળા પુરુષની પેઠે તું અદ્ભુત આનંદવાળો કેમ જણાય છે ? '

જવાબમાં તે દરિદ્રી પુરુષે જણાવ્યું કે-'હે મહામુનીશ્વર! દારિદ્રયરૂપી સમુદ્રના કાંઠા સમાન આ "ભૈરવ" તીર્થ પ્રાપ્ત કરીને હું આનંદિત થયો છું. વળી આ સ્થળે હમણાં આપ જેવા મુનીશ્વરના દર્શનથી કૃતાર્થ થયો છું. આટલા માત્રથી હું મારો આગામી ભવ વિશુદ્ધ થશે તેમ માનું છું.' ત્યારે મિષ્ટ અમૃત સરખી વાણીવડે મુનીશ્વરે તેને કહ્યું કે-' હે વત્સ ! તત્ત્વના ભાન વિનાના પુરુષની માફક તું કેમ મૂઢ બન્યો છે ? આ જગતમાં ધીરજ, લક્ષ્મી,

સુખ અને સંપત્તિઓ પ્રાપ્ત થવી સુલભ છે. પરન્તુ ચિંતામણિ રત્ન જેવો મનુષ્ય જન્મ મળવો દુર્લભ છે. તે માનવભવનો ઉપયોગ કર્યા સિવાય તેનો ત્યાગ (આપઘાત) કરવો એ શું ઉચિત છે? કારણ કે હજારો જન્મો પછી પણ મનુષ્ય જન્મની પ્રાપ્તિ થતી નથી. મૃત્યુ(આપઘાત)થી પ્રાણીનો દેહ માત્ર જ નાશ પામે છે, પરન્તુ પૂર્વોપાર્જિત લાભાન્તરાય કર્મ નાશ પામતું નથી, તો તે તે કર્મના વિનાશ માટે બુધ્ધિમાન પ્રાણીઓ તપરૂપી અગ્નિવડે દેહનું શોષણ કરીને પોતાના આત્માને નિર્મળ કરે છે. અજ્ઞાન દશાને લીધે કરાયેલ તે અંતરાય કર્મ જ્ઞાન-પૂર્વકના તપથી નાશ પામે છે. હે મહાનુભાવ! પૂર્વના દુષ્કર્મોને નષ્ટ કરવાની ઇચ્છાથી તારે **જ્ઞાનપંચમી** તપનું આરાધન કરવું જોઇએ. જ્યાં સુધી તપરૂપી સૂર્યનો પ્રકાશ થતો નથી ત્યાં સુધી પ્રાણીઓ પ્રમાદરૂપી જ્વર(તાવ)થી જીતાય છે. જે પ્રાણીઓનો તીક્ષ્ણ તપરૂપી કુહાડો ચમકે છે તેઓની દુષ્કર્મરૂપી લતાઓ મૂળમાંથી જ નાશ પામે છે. જે પ્રાણી ભાવ-પૂર્વક અતિનિર્મળ તપધર્મનું સેવન કરે છે તેનાથી દાન અને શીલ ધર્મની આરાધના ચોક્કસ કરાય છે. વિશિષ્ટ તેમજ સામાન્ય તપસમૂહથી સિંચન કરાયેલ મનોરથરૂપી વૃક્ષ સુંદર ફળો પ્રાપ્ત કરે છે; તો હે વત્સ! આ પંચમીની તપશ્ચર્યાથી અંતરાય કર્મ રહિત થયેલ તારો મનોરથરૂપી વૃક્ષ તને સર્વ વાંછિત આપશે.

આ પ્રમાણે મુનિદ્વારા ઉપદેશ અપાયેલ તે દરિદ્રી પુરુષ આપઘાતથી પાછો વળીને, ઘરે આવીને અદ્‌ભુત તપશ્ચર્યા કરવા લાગ્યો. પોતાની શક્તિ પ્રમાણે જિનેશ્વર ભગવંતની પૂજા કરતાં, ગુરુઓની વૈયાવચ્ચ કરતાં તેણે પોતાનો જન્મ સફળ કર્યો. બાદ આયુષ્ય પૂર્ણ કરીને તે અન્ય ભવમાં **યુગબાહુ** નામનો રાજપુત્ર થયો. હે કુમાર! સત્ત્વના સ્થાનરૂપ તે તમે પોતે જ છો. પહેલાં શ્રેષ્ઠ રીતે ધર્મનું આરાધન કરતા તેં મને તુષ્ટ કરી છે, તો તારે જે મનોવાંછિત હોય તે તું શંકા રહિત થઇને મને કહે."

આ પ્રમાણે પ્રસન્ન થઇને દેવીએ મને કહ્યું ત્યારે મેં "શસ્ત્ર અને શાસ્ત્રવિદ્યામાં શ્રેષ્ઠ કુશળતા પ્રાપ્ત કરું." એવું વરદાન માગ્યું અને તે તેણે કબૂલ કર્યું અને શત્રુને પરાભવ પમાડવામાં સમર્થ તેમજ કળાને વિષે કૌશલ્ય આપનાર એક મહામંત્ર દેવીએ મને આપ્યો. જેટલામાં તે મંત્રને ગ્રહણ કરીને શારદા દેવીને નમસ્કાર કરું છું તેવામાં મેં મારી જાતને નદીના કિનારા પર રહેલી જોઇ. પછી હર્ષ અને વિસ્મયને અંગે પ્રફુલ્લ મનવાળો હું ઉત્સુક બનીને આપના ચરણકમળમાં જલ્દી આવી પહોંચ્યો છું."

શત્રુમર્દન રાજાએ પોતાના પુત્રનું અદ્‌ભુત મહિમાવાળું વૃત્તાંત સાંભળીને સમસ્ત નગરને શણગારીને તેને યુવરાજપદ અર્પણ કર્યું. યુવરાજ યુગબાહુએ પણ આમ્રવૃક્ષ(આંબા)ની માફક યુવરાજપણાની લક્ષ્મીને પ્રાપ્ત કરીને યાચકજનોને અત્યંત કૃતાર્થ કર્યા અર્થાત્ યથેચ્છ દાન આપ્યું.

કોઇએક દિવસે મધ્યરાત્રે પોતાના શયનાગારમાં પલંગ પર સૂતેલા યુવરાજ યુગબાહુએ રુદનનો ધ્વનિ સાંભળ્યો ત્યારે દયાળુ કુમારે તે ધ્વનિના ઉત્પત્તિસ્થાનને જાણવાની ઇચ્છાથી હસ્તમાં ખડ્‌ગ લઇને, મહેલની બહાર નોકળીને જે સ્થાનમાંથી ધ્વનિ આવી રહ્યો હતો તે

તરફ ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં કોઇએક વનને વિષે ગયો. ત્યાં ભયભીત નેત્રવાળી, સંધ્યાકાળે કમલીનીની જેમ કરમાએલા મુખવાળી, પ્રાતઃકાળની ચંદ્રકલાની જેમ સુંદર દેહ-વાળી, રુદન કરતી, સુંદર દાંતવાળી કોઇએક કન્યાને વિસ્મય પામેલા કુમારે જોઇ. ઉગામેલા ખડ્ગવાળા કોઇએક દિવ્ય પુરુષથી વિષયાભિલાષ માટે પ્રાર્થના કરાતી તેણીને જોઇને તે યુગબાહુકુમાર વૃક્ષની પાછળ ઊભો રહ્યો. સુંદર વાણીથી સમજાવવા છતાં તિરસ્કાર કરાયેલા તે દિવ્ય પુરુષે પરાંગમુખ બનેલ તે સુંદર મુખવાળી કન્યાને અત્યંત કઠોર વાણીથી કહ્યું કે-"તારા દાસપણાને સ્વીકારવાને હું તૈયાર છતાં તું મને ઉત્તર આપતી નથી તો આ ખડ્ગને તું જો અને તારા ઇષ્ટ દેવનું સ્મરણ કર." એટલે તે કન્યાએ કહ્યું કે-"અરે મૂઢ! હું કઈ બીજી વ્યક્તિને યાદ કરું? અદ્વિતીય પરાક્રમવાળા **યુગબાહુ** કુમાર મારા હૃદયમાં રહેલા છે. જો કદાચ મંદ ભાગ્યવાળી મને, દૈવયોગથી તેનું દર્શન ન થયું તો ભવાંતરમાં તે મારા સ્વામી થાવ."

પોતાના નામના શ્રવણથી હર્ષ પામેલ અને નામની સમાનતાના કારણથી શંકાશીલ બનેલ, કન્યાના રૂપથી આશ્ચર્ય પામેલ તેમજ નિર્દય કર્મને લીધે જુગુપ્સા દર્શાવતો તે કુમાર "અરે સ્ત્રી હત્યાને કારણે પાપીષ્ઠ! નિર્દય તું કયાં જઇશ?" એ પ્રમાણે બોલીને ક્રોધપૂર્વક ખડ્ગ ખેંચીને દોડયો. એટલે તે પુરુષ બોલ્યો કે-"હે ભદ્ર! તું અહીંથી દૂર થા! ધોબીનું મૃત્યુ થતાં ગર્દભની માફક તું શા માટે મરવાને ઈચ્છી રહ્યો છે?" કુમારે જવાબ આપ્યો કે-"શીઘ્ર ચાલી જનારા આ પ્રાણોદ્વારા યશથી પવિત્ર બનેલા સ્વાર્થવાળા મને તું શા માટે તિરસ્કારે છે? વળી આવા પ્રકારનું નિર્દય કર્મ કરવું તારે માટે ઉચિત નથી. **શું બુદ્ધિમાન પુરુષ આ લોક તેમજ પરલોકથી વિરુદ્ધ કાર્ય કદી કરે?**" દિવ્ય પુરુષે જવાબ આપ્યો કે-"શું મારા ઘરમાં તારું મંત્રીપણું છે? (મારા ઘરમાં ડાહ્યો થનાર તું કોણ?) જેથી લડવાને ઈચ્છતો છતાં હમણાં મને હિતોપદેશ આપી રહ્યો છે?"

આ પ્રમાણે બોલીને યુદ્ધ કરવાને આતુર દિવ્ય પુરુષ દોડ્યો ત્યારે તે બંનેનું પરસ્પર ખડ્ગાખડ્ગી યુધ્ધ ચાલ્યું. કામદેવ જેવા પરાક્રમી તે કુમારને અજેય જાણીને ક્રૂર દિવ્ય પુરુષે ક્રોધપૂર્વક **નાગાસ્ત્ર** મૂકયું ત્યારે તે નાગાસ્ત્રને છેદવા માટે, ભયભીત નહીં બનેલા કુમારે શારદા દેવીએ આપેલ શત્રુનો નાશ કરનાર મહામંત્ર યાદ કર્યો. આ પ્રમાણે તે બંને પરસ્પર અસ્ત્રથી અસ્ત્રને રોકી રહ્યા હતા તેવામાં શારદા દેવીના મંત્રના પ્રભાવથી શત્રુ સર્વ અંગે સ્તંભિત થઈ ગયો. બાદ કુમારના અસાધારણ પ્રભાવથી ગર્વ રહિત બનેલ તેમજ આશ્ચર્ય પામેલ તેણે વચનામૃતદ્વારા પોતાના દુર્જનપણાથી પ્રગટેલ મળને ધોઈ નાખ્યો-માફી માગી. ત્રણે લોકમાં ખ્યાતિ પામેલ તેનું પરાક્રમ, પરોપકારપરાયણ ઉત્સાહ, અસાધારણ રૂપ, અદ્દ્ભુત સૌભાગ્ય જોઇને આશ્ચર્યથી પ્રફુલ્લ અંતઃકરણવાળી તે કન્યા નીચે પ્રમાણે વિચારવા લાગી-'તે જ રાજપુત્ર જો અહીં પોતે જ આવ્યો હોય તો આ અધમ વિદ્યાધરે આ અવસરે મારા પર ઉપકાર જ કર્યો છે.' બાદ જેવામાં દિવ્ય પુરુષના વચનોથી (કાલાવાલાથી) પ્રસન્ન થયેલા કુમારના ચરણે, બંધન રહિત તેમજ પરાજિત થયેલ તે પુરુષ આવ્યો તેવ માં વિમાનમાંથી ઉતરીને દિવ્ય વસ્ત્રોને ધારણ કરનાર કોઈએક શ્રેષ્ઠ વિદ્યાધર કુમાર

**સમક્ષ** પ્રગટ થયો. કુમારની સમક્ષ હસ્તાંજલિ જોડતો તે વિદ્યાધર બોલ્યો કે–" હે યુગબાહુ ! શાંત ચિત્તે તમે મારું કથન સાંભળો." બાદ કુમાર તથાપ્રકારે સ્વસ્થ બન્યો તેમજ તે દિવ્ય પુરુષ સમક્ષ ઊભો હતો ત્યારે વિદ્યાધરે કથા શરૂ કરી.

" ભરતક્ષેત્રની મર્યાદારૂપ વૈતાઢ્ય પર્વતની ઉત્તર દિશામાં આવેલું, સ્વર્ગપુરીને પણ જીતનાર **ગગનવલ્લભ** નામનું નગર છે. ત્યાં **મણિચૂડ** નામનો વિદ્યાધર રાજા છે. અને તેની પૂર્ણિમાના **ચંદ્ર જેવા** વદનવાળી **મદનાવલિ** નામની પ્રિયા છે. તે બંનેને કુળદેવીએ આપેલ તેમજ અદ્વિતીય ચોસઠ કલામાં નિપુણ **અનંગવતી** નામની પુત્રી છે. તેણી યૌવનવતી થઈ ત્યારે તેણીએ એવી પ્રતિજ્ઞા કરી કે–'જે કોઈ મારા ચાર પ્રશ્નોના જવાબ આપશે તે વિદ્યાધર કે મનુષ્ય હશે તો પણ મારો સ્વામી થશે.'

આ પ્રમાણેની તેણીની પ્રતિજ્ઞા સાંભળીને અભિમાનને અંગે સર્વ સ્થળોથી વિદ્યાધરો આવ્યા પણ પ્રશ્નોનો ઉત્તર નહીં આપી શકવાથી, પુણ્યહીનને લક્ષ્મીની પ્રાપ્તિ ન થાય તેમ તે બધા નિષ્ફળ નીવડ્યા એટલે દુઃખી બનેલા તેના પિતાવડે પુછાયેલા નૈમિત્તિકે કહ્યું કે– 'તેણીનો સ્વામી યુગબાહુ નામનો મનુષ્ય થશે.' ત્યારથી પ્રારંભીને જેમ કૃષ્ણમાં લક્ષ્મી આસક્ત બની જાય તેમ, કર્ણપથ પર આવેલા ( સાંભળેલા ) તે યુગબાહુના ગુણોને લીધે તે કન્યા તેના પ્રત્યે અનુરાગવાળી બની. ગઈ કાલે પ્રાતઃકાળમાં સભામાં બેઠેલા મણિચૂડ વિદ્યાધરની પાસે **શંખ** નગરનો સ્વામી **પવનવેગ** નામનો વિદ્યાધર આવ્યો. અનંગવતીને પરણવાને ચાહતો તે તેના પ્રશ્નોનો જવાબ નહીં આપી શકવાથી ખિન્ન બનીને તેને, કાગડો જેમ મોતીની માળા હરી જાય તેમ, ઉપાડી ગયો. તેને શોધવા માટે સેવકો બધી દિશામાં ગયા; અને તેણીનો મામો હું દૈવયોગથી અહીં આવી ચઢયો. આ ઊભો છે તે પવનવેગ છે અને આ કન્યા મારી ભાણેજ છે. અમને સર્વને જીવતદાન આપનાર તમારો હું શું પ્રત્યુપકાર કરું ?"

તે કન્યાનો મામો રત્નચૂડ વિદ્યાધર આ પ્રમાણે કહી રહ્યો હતો તેવામાં કન્યાનો પિતા **મણિચૂડ** પણ પોતાના પરિવાર સાથે તે જ સ્થળે આવી ચઢયો, અને કુમારને ઉદ્દેશીને કહ્યું કે–"હે મહાબાહો ! આ પુત્રી મારું જીવન છે. જે મારું સર્વસ્વ છે તેને તમે પોતાનું કરી લીધું છે. નૈમિત્તિકે પૂર્વે 'તમે આ મારી પુત્રીના સ્વામી થવાના છો ' તેમ જણાવ્યું હતું. અને મારા વિદ્યાધરોએ પણ "તમે તે જ છો " એમ મને જણાવ્યું છે. આ મારી પુત્રી તમને અર્પણ કરવામાં મારી મોટાઇ નથી, પરન્તુ તેણીની પ્રતિજ્ઞાનું પાલન તમારે કરવું જોઇએ. નિષ્કારણ પરોપકાર કરનારા તમારા જેવા આ જગતમાં કયાંથી હોઈ શકે? અથવા તો જગતને જીવાડનાર સૂર્ય શું તથાપ્રકારે જોવામાં આવતો નથી ?"

આ પ્રમાણે વિદ્યાધરપતિ આનંદપૂર્વક કહી રહ્યો હતો તેવામાં આ હકીકતને જાણીને **વિક્રમબાહુ*** પણ ત્યાં આગળ આવી પહોંચ્યો. તે સમયે ગંગા અને યમૂના નદીના પ્રવાહના

* યુગબાહુના પિતાનું આ અપરનામ જણાય છે; કારણ કે કથાનકની શરૂઆતમાં તો **શત્રુમર્દન** એવું નામ જણાવેલ છે.

સંગમની જેમ ત્યાં આગળ તે બંને રાજાઓનો પ્રશંસાપાત્ર મેળાપ થયો. પછી પવનવેગે યુગબાહુના પિતા વિક્રમબાહુને પ્રણામ કરીને કહ્યું કે–" હે પૂજ્ય! યુગબાહુના પરાક્રમથી જીતાયેલ હું તેમનો સેવક છું."

પછી વિક્રમબાહુએ મણિચૂડ વિગેરે સર્વ વિદ્યાધરપતિઓને રહેવા માટે મહેલ આપીને તેમનો વસ્ત્ર અને ભોજનાદિકથી સત્કાર કર્યો. તે રમણીય નગરના બાહ્ય ભાગમાં સુધર્મા સભાની પ્રતિકૃતિ સરખી તેમજ વિશ્વની ચક્ષુઓને આકર્ષવામાં વશીકરણ સમાન મંડપ રચીને વિક્રમબાહુ રાજાએ તેની ચારે બાજુ વિમાન સમૂહથી પણ અતિ વિશાળ પ્રમાણવાળા તેમજ ગીચ માંચડાઓ ઊભા કરાવ્યા. કૌતુક પેદા કરનારા તે માંચડાઓ ઉપર પોતાની યોગ્યતા પ્રમાણે અત્યંત શોભાવાળા રાજાઓ અને વિદ્યાધરો બેઠા. પૂર્ણિમાના દિવસે જેમ ચંદ્ર અને સૂર્ય આકાશપથમાં રહે તેમ વિક્રમબાહુ અને મણિચૂડ બંને ત્યાં આગળ મંડપમાં બેઠા.

એટલામાં, સભ્યો વિસ્મયસહિત રૂઆબપૂર્વક રહ્યા હતા, અને પંડિતસમૂહ પણ ગીચોગીચ બેસી ગયો હતો ત્યારે, કૌતુકપૂર્વક સ્વદેશ અને પરદેશથી આવેલા અન્ય લોકો પણ પોતપોતાને યોગ્ય સ્થાને બેસી ગયા હતા ત્યારે લક્ષ્મી ને સરસ્વતીના હાલતાચાલતાં સંગમ સરખો યુગબાહુ કુમાર આવીને, પિતાના ચરણકમળ પાસે બેઠો. પછી કામદેવની પ્રત્યક્ષ આજ્ઞા સરખી, ક્ષીરસાગરમાંથી પ્રગટેલ લક્ષ્મી સરખી, શરીરધારી કલા જેવી પ્રતિહારિણીથી પરિવરેલ, તારાઓના સમૂહથી વીંટળાયેલ ચંદ્રકલા સરખી અનંગવતી શિબિકામાંથી ઊતરીને, પોતાના અંગૂઠા પર દૃષ્ટિ રાખતી તેમજ જનતાના નેત્રરૂપી છેડાથી વીંજાતી, માતાપિતાને નમસ્કાર કરીને તેમની આગળ બેઠી.

બાદ અનંગવતીના ગુરુએ કુમારને કહ્યું કે–" હે કુમાર! રાજપુત્રી જે ચાર પ્રશ્નો તમને પૂછે તેનો જવાબ આપો." એટલે માતપિતાને આનંદ પ્રગટાવતો, અને અત્યંત મૌન બનેલા લોકોથી આતુરતાપૂર્વક જોવાતો કુમાર બોલ્યો કે–" જે આ વાચાહીન સોનાની પૂતળી સામે રહેલ છે તે મારા કહેવાથી બધા પ્રશ્નોના જવાબ આપશે." બાદ તે અનંગવતીએ અને સુવર્ણપૂતળીએ એક જ આર્યા છંદથી અનુક્રમે પ્રશ્નોત્તરરૂપે જે જવાબ ઉચ્ચ સ્વરે આપ્યો તે નીચે પ્રમાણે—

**कः सकलः ? सुकृतरुचिः, कः सद्बुद्धिर्विधेयकरणगणः ।**
**कः सुभगः ? शुभवादी, का विश्वजयी ? जितक्रोधः ॥**

પ્રશ્ન ૧—કલાવાન કોણ ?

ઉ. પુણ્યકાર્ય કરવાની રુચિવાળો.

પ્રશ્ન ૨—સારી બુધ્ધિવાળો કોણ ?

ઉ. કર્તવ્ય કાર્યમાં નિપુણ.

પ્રશ્ન ૩—સૌભાગ્યશાળી કોણ ?

ઉ. સત્યવાદી.

પ્રશ્ન ૪—જગતને જીતનાર કોણ ?

ઉ. ક્રોધને વશ કરનાર.

આ પ્રમાણેના ઉત્તરોથી સભાસદ લોકો સંતોષ પામ્યા અને ગુણી પુરુષો સ્તુતિ (વખાણ) કરવા લાગ્યા, અને કુમારી પણ ચમત્કારપૂર્વક કુમારને નિરખવા લાગી.

આ પ્રમાણે વર-વધૂના સંબંધને કરતાં વિધિ(નસીબ)ના અનુચિત કાર્ય કરવારૂપી કલંકને લોકોએ દૂર કર્યું. (લોકો નસીબનો દોષ માને છે કે-તે યોગ્ય વ્યક્તિને યોગ્ય સાથે જોડતો નથી. દંપતીમાં એક શ્રેષ્ઠ હોય તો અન્ય કંઇ મંદ હોય, પણ સરખે સરખી જોડી તો યોજતો જ નથી પણ અહીં આ સંબંધમાં વિધિની તે અનુચિતતા કામ લાગી નહીં કેમકે યુગબાહુ ને અનંગવતી ઉભય સરખે સરખી જોડી થઇ હતી. આ પ્રમાણે લોકોએ વિધિની વિચિત્રતાને ધોઈ નાખી.) તે સમયે દ્વિજોના મંત્રધ્વનિથી, લોકોના હર્ષોદ્‌ગારથી, ભાટ-ચારણના કોલાહળથી, તેમજ વાજિંત્રોના નાદથી તે મંડપ શબ્દમય બની ગયો. સર્વ ગ્રહો ઉચ્ચ સ્થાનમાં હતા તેવા જ્યોતિષીઓએ બતાવેલ શુભ લગ્નમુહૂર્તમાં વિક્રમબાહુ અને મણિચૂડે પોતાના સંતાનોનો હસ્તમેળાપ કરાવ્યો. બાદ તે બંનેએ વર-વધૂને પ્રીતિ, વૈભવ અને પ્રતિષ્ઠાને અનુરૂપ હાથી, ઘોડા, અલંકાર અને વસ્ત્રાદિક અર્પણ કર્યાં. મણિચૂડે પોતાના જમાઇ યુગબાહુને તે તે ક્રિયા કરવામાં સમર્થ પાઠસિધ્ધ તેમજ સાધવા યોગ્ય વિદ્યાઓ આપી. બાદ વિક્રમબાહુ રાજાએ વર-વધૂને, વિશાળ મંચવાળા, દ્વાર-દ્વાર પર તોરણવાળા તેમ જ ધ્વજા-પતાકાવાળા નગરમાં પ્રવેશ કરાવ્યો. પછી હર્ષિત થયેલ વિક્રમબાહુ રાજવીએ મણિચૂડ વિગેરે વિદ્યાધરપતિઓનું સન્માન કરીને તેમની નગરીએ જવા માટે વિદાય આપી. વિનયી પવનવેગનો પણ સત્કાર કરીને કર્તવ્યને જાણનાર વિક્રમબાહુએ રજા આપી. પછી શ્રેષ્ઠ નાગરિક જનોની રજા લઇને, નગરદેવીનું પૂજન કરીને, કેદીઓને બંધનમુક્ત કરીને, દીનજનોને દાન આપીને, પુણ્યશાળી યુગબાહુ કુમારને રાજ્ય આપીને, બીજાઓને દુષ્પ્રાપ્ય એવી ચારિત્રલક્ષ્મીનો રાજાએ સ્વીકાર કર્યો અર્થાત્ દીક્ષા લીધી. વિદ્યાની સિદ્ધિથી અતુલ પરાક્રમી યુગબાહુએ પ્રતિસ્પર્ધી રાજારૂપી વૃક્ષોને નીચા નમાવ્યા અર્થાત્ પોતાને વશ કર્યા. વળી મન, વચન અને કાયાદ્વારા મનોરથરૂપી બગીચાને સફળ-વિકસ્વર કરવામાં કારણભૂત ધર્મનું આરાધન કર્યું.

આ બાજુ દીક્ષા ગ્રહણ કરવાને ચાહતા મણિચૂડ વિદ્યાધરે પોતાનું રાજ્ય આપીને યુગબાહુને વિદ્યાધરપતિ બનાવ્યો.

આ પ્રમાણે પૂર્વભવમાં આરાધેલ તપને અંગે પ્રાપ્ત વૈભવવાળા યુગબાહુ રાજવીએ બંને રાજ્યનું પાલન કરવા સાથે બંને લોકની સાધના કરી.

હે મંત્રીશ્વર વસ્તુપાલ ! આ પ્રમાણે યુગબાહુનું પવિત્ર ચરિત્ર તમને મેં સ્પષ્ટ રીતે કહ્યું તો નિરૂપમ સુખલક્ષ્મીને ક્રીડા કરવામાં દીપક સમાન એવી તપશ્ચર્યાનું મોક્ષસુખની ઇચ્છાવાળા પ્રાણીઓએ સદૈવ સેવન કરવું જોઈએ.

× × ×

આસ્તિક જનોમાં શિરોમણિ હે વસ્તુપાલ! તમારો જે યશરૂપી પ્રવાહ હિમાલયનું **ઉલ્લંઘન** કરીને ચંદ્રના કિરણોને બળાત્કારે ચોરી લે છે અને હંસની **નિંદા** કરવામાં ચતુર (હંસ કરતાં પણ ઉજવળ) યશ પરલોકથી પણ **ભય** પામતો નથી તો તારો તે યશરૂપી પ્રવાહ કયા પ્રકારની નાસ્તિકતાને ભજી રહ્યો છે? (આદેશનું ઉલ્લંઘન, નિંદા કરવાની ટેવ, પરલોકથી ભય રહિતપણું—આ બધા લક્ષણો નાસ્તિકનાં હોય છે. તારો યશ આ બધા અવગુણો સેવી રહ્યો છે છતાં ખરેખર આશ્ચર્યની વાત છે કે તું લોકોમાં આસ્તિકશિરોમણી તરીકે પ્રખ્યાતિ પામી રહ્યો છે.)

આ સંસારરૂપી માર્ગમાં સ્થાને સ્થાને વસનારા કયા મુસાફરો(પ્રાણીઓ)એ જન્મ લીધો નથી? કોણ નાશ પામી રહ્યા નથી? અને કોણ મૃત્યુ પામશે નહિ? અર્થાત્ પ્રત્યેક જન માટે તે માર્ગ છે જ પરન્તુ આશ્ચર્ય પમાડનાર બુધ્ધિના સાગર સમા શ્રી વસ્તુપાલ આ વિશ્વમાં ચોર-લૂંટારાઓનો નાશ કરીને, પુણ્ય ભંડારને હસ્તગત કરીને, પૃથ્વીને અત્યંત પ્રફુલ્લિત કરી રહ્યા છે અર્થાત્ પૃથ્વીને શોભાવી રહેલ છે. મતલબ એ છે કે-આ પૃથ્વીતલ વિષે અનેક મનુષ્યોએ જન્મ મરણ કર્યાં છે, કરે છે અને કરશે પરન્તુ તમારા જેવા પુરુષવર્યનું નામ જ ચિરસ્મરણીય રહે છે.

# સર્ગ દશમો.

## ( દીનજનો પ્રત્યે-અનુકંપા વિષે )

## શ્રી નેમિનાથ ભગવંતના પૂર્વભવો.

---

[ **સર્ગસારાંશ**-પહેલો ભવ ધન રાજવી ને ધનવતી રાણી-મુનિનું રક્ષણ કરતાં સમકિતની પ્રાપ્તિ-બીજો ભવ સૌધર્મ દેવલોક-ત્રીજો ભવ ચિત્રગતિ ને રત્નવતી-રત્નવતીના પિતાની પોતાની પુત્રીના પતિ સંબંધી નૈમિત્તિકને પૃચ્છા-ચિત્રગતિએ સુમિત્રને આપેલ જીવતદાન--ચોથો ભવ માહેંદ્ર દેવલોક--પાંચમો ભવ અપરાજિત કુમાર ને પ્રીતિમતી-અપરાજિત કુમારનું મંત્રીપુત્ર સાથે દેશાટન-કનકમાળા, રત્નમાલા, કુમુદિની, કમલિની, રંભા વિગેરે કન્યાઓ સાથે પાણિગ્રહણ-પ્રીતિમતી માટે સ્વયંવર-વિવિધ દેશોના રાજવીઓનું આગમન-પ્રીતિમતીના પ્રશ્નોનું અપરાજિત કુમારે પૂતળીદ્વારા કરાવેલું સ્પષ્ટીકરણ-પ્રીતિમતી સાથે પાણિગ્રહણ-છઠ્ઠો ભવ આરણ દેવલોકે-સાતમો ભવ શંખકુમાર ને યશોમતી-હસ્તિનાપુરના રાજવી પ્રત્યે સમરકેતુ પલ્લીપતિનો ઉપદ્રવ-શંખકુમારનું પલ્લી પ્રત્યે ગમન ને વિજય-શ્રીષેણનૃપતિએ શંખકુમારને અર્પણ કરેલ રાજ્ય-શંખ રાજવીએ ને યશોમતીએ લીધેલ દીક્ષા-આઠમો ભવ-અપરાજિત નામના અનુત્તર વિમાનમાં ઉત્પત્તિ ]

**દીનજનો** પ્રત્યે અનુકંપા-કરુણા એ સુખરૂપી લક્ષ્મીનું વશીકરણ, ધર્મરૂપી વૃક્ષનું મૂળ અને સંપત્તિઓના એકમાત્ર સ્થાનભૂત છે તેથી શ્રી **નેમિનાથ** જિનેશ્વરની માફક મોક્ષફલના અર્થી બુદ્ધિમાન પુરુષે પ્રયત્નપૂર્વક અનુકંપાનું પાલન કરવું જોઈએ.

**દીનજનો પ્રત્યે અનુકંપા વિષે શ્રી નેમિનાથ ભગવંતનું ચરિત્ર-**

જંબૂદ્વીપના આભૂષણ સમાન આ જ ભરતક્ષેત્રમાં તેજથી સ્વર્ગસમાન **અચલપુર** નામનું નગર હતું. જે નગરમાં સાત માળવાળા મહેલોને જોઈને, જાણે તે પોતાના આરામ-સ્થળો હોય તેમ માનીને, મધ્યાહ્ન સમયે સૂર્યના સાત અશ્વો ક્ષણ-માત્ર સ્ખલના પામે છે. તે નગરમાં **વિક્રમધન** નામનો રાજા હતો, જેના **યમૂના** નદીના જળ જેવા શ્યામ અસિપથમાં-તલવારના માર્ગમાં આવેલા શત્રુઓ સ્વર્ગમાં જાય છે અર્થાત્ મૃત્યુ પામે છે. પરાજિત થયેલા શત્રુઓના યશરૂપી વૃક્ષના શાખા-ડાળીઓના પુષ્પ સરખા હણાયેલા હાથીના દંતરૂપી મૌક્તિકવડે જેનું યુદ્ધરૂપી

આંગણું શોભી રહ્યું છે. તે રાજાને શંકરને જેમ પાર્વતી છે તેમ કેળના જેવા સાથળવાળી તેમજ કમળ જેવા નેત્રોવાળી **ધારિણી** નામની પત્ની હતી.

એકદા સુખપૂર્વક સૂતેલ તેણીએ રાત્રિના પ્રાંતભાગમાં સ્વપ્નને વિષે માંજરોથી મનોહર આમ્રવૃક્ષને રોપતા કોઈએક પુરુષને જોયો. તે પુરુષે તેણીને કહ્યું કે-"હે દેવિ! તમારા ગૃહને આંગણે કલ્પવૃક્ષના જેવી શોભાવાળો આંબો રોપવામાં આવે છે. આ પ્રમાણે વારંવાર આરોપણ કરાયેલ આમ્રવૃક્ષ નવમે વખતે (ભવે) અપૂર્વ ફળભોક્તા થશે-મોક્ષ મેળવશે." તેવામાં પ્રાતઃકાળ થતાં સંતુષ્ટ મંગલપાઠકોએ પાકી ગયેલા આમ્રફળ(કેરી)ના રસ સરખી વાણી-વડે મંગલોચ્ચારણ કર્યું, એટલે અદ્વિતીય ફલને પ્રકાશિત કરનાર સૂર્યને પ્રગટાવનાર નવીન આમ્રવૃક્ષ સરખો પ્રાતઃકાળ શોભી ઊઠયો અર્થાત્ પ્રાતઃકાળ થયો.

બાદ શય્યામાંથી ઊભી થઇને, વિકસ્વર મુખવાળી રાણીએ રાજાને પોતાનો અદ્ભૂત સ્વપ્ન-વૃત્તાંત કહ્યો એટલે રાજાએ કહ્યું કે-"તમને ઉત્તમ પુત્રરત્નની પ્રાપ્તિ થશે, પરન્તુ આમ્રવૃક્ષનું નવ વાર આરોપણ કરવાનું કારણ સમજી શકાતું નથી." બાદ સંપૂર્ણ આનંદવાળી તેણી શુભ દોહદ સમૂહથી સૂચિત અદ્ભુત લક્ષણવાળા ગર્ભને ધારણ કરવા લાગી.

ગર્ભકાળના દિવસો પૂરા થયા ત્યારે પૂર્ણિમાની જેમ તેણીએ અસાધારણ તેજવાળા પૂર્ણચંદ્ર જેવા પુત્રરત્નને જન્મ આપ્યો. દશ દિવસો વીત્યા બાદ આનંદને અંગે વિશેષ ઉત્સાહવાળા રાજાએ પુત્રનું નામ **ધન** પાડયું. બીજના ચંદ્રની માફક અનુક્રમે વૃદ્ધિ પામતો દેહલક્ષ્મી-વાળા, આઠ પ્રકારની બુધ્ધિવાળા તે કુમારે સર્વકળાઓ શીખી લીધી. ભાગ્યને અંગે લક્ષ્મીસંપન્ન, સૌભાગ્યને અંગે મનોહર કાંતિવાળો અને અસાધારણ કલાવાન તે કુમાર બીજી વય-યુવાવસ્થાને પ્રાપ્ત થયો ત્યારે રાજાએ તેને યુવરાજ પદ આપ્યું. બાદ સુખેચ્છુ તે વિવિધ પ્રકારની ક્રીડા કરવા લાગ્યો.

કોઇએક વખતે સમાન વયવાળા ને મિત્ર સરખા મંત્રીપુત્રોની સાથે વનમાં ગયેલા ધનને કોઈ એક પુરુષે આવીને કહ્યું કે-"મહારાજાએ મને આજ્ઞા કરી છે કે **સિંહ** રાજાના દૂતને કુમાર પાસે લઇ જા અને તેનો સંદેશો તેમને સંભળાવ. હે સ્વામિન્! તે દૂત અત્યારે ઉદ્યાનની બહાર રહેલ છે, આપ આજ્ઞા આપો કે-તે અત્યારે આવે કે જાય?" બાદ રાજકુમારની સંમતિ મળવાથી શીઘ્ર ગતિવાળા તે રાજપુરુષે તે દૂતને સભામાં પ્રવેશ કરાવ્યો અને પ્રતિ-હારીએ દર્શાવેલા વિશિષ્ટ આસન પર તે દૂત બેઠો ત્યારે કુમારે તેને આશ્ચર્યપૂર્વક વચન કહ્યું કે-

"**પાટલીપુર** નગરના રાજવી સિંહને કુશળ છે ને? તું કયા કાર્ય માટે આવ્યો છે? તે શીઘ્ર કહે." ત્યારે વિચક્ષણ દૂત બોલ્યો કે-"તે પુરુષનું અકુશળ કયાંથી હોઇ શકે? જેનો નિર્ભય અંતઃકરણવાળો વિક્રમધન રાજા મિત્ર હોય; પણ આ સમયે હું અહીં જલ્દી આવ્યો છું તેનું કારણ આપ સાંભળો. આ સંબંધમાં આપ જ નિમિત્તભૂત છો, અથવા આપને નિમિત્તે જ મારું આગમન થયું છે. હે નાથ! સિંહ રાજાની **વિમલા** નામની રાણીને સૌંદર્યની દેવી સરખી **ધનવતી** નામની પુત્રી છે. પોતાની નગરીને વિષે ચિત્રકળામાં કુશળ તે રાજ-

કુમારીએ દિવ્ય ચિત્રપટને ધારણ કરનાર કોઈ એક ચિત્રકારને જોયો. તે ચિત્રપટમાં શ્રેષ્ઠ રાજલક્ષણોથી હૃદયને આહ્‌લાદ ઉપજાવનાર કોઈએક રાજપુત્રને તેણીએ જોયો એટલે તેણીએ ચિત્રકારને પૂછ્યું કે-"તેં આ જે ચિત્રને ચિતર્યું છે તે તારી કલાકુશળતા દેખાડવા માટે જ છે કે કોઇની પ્રતિકૃતિ છે?' ત્યારે ચિત્રકારે જવાબ આપ્યો કે-'મેં જે આ ચિત્ર ચિતર્યું છે તે મારી અદ્‌ભુત કળાકુશળતા હોવા છતાં તે અત્યંત ન્યૂનતાવાળી છે અર્થાત્ તે રાજપુત્રની પ્રતિકૃતિને હું પૂરેપૂરી રીતે ચિતરી શકયો નથી. જેની આ પ્રતિકૃતિ છે તે ચંદ્ર સમાન આકૃતિવાળો પુરુષ જો નજરે ચઢે તો પણ ચિત્રકાર તેને સર્વાંગપણે ચિત્રી શકે નહી. સજ્જન પુરુષોના અંતઃકરણમાં વાસ કરેલ તે પુરુષ, જાણે બીજો કામદેવ હોય તેમ કીર્તિરૂપી પુષ્પ-બાણથી ત્રણે લોકને જીતી લે છે.'

"ચિત્રકારની આ પ્રમાણેની વાણી સાંભળીને ચંદ્રમુખી રાજપુત્રીએ તેને પૂછ્યું કેઃ- 'તે કોણ છે? તે કોનો પુત્ર છે? અને તેનું શું નામ છે?' એટલે ચિત્રકારે જણાવ્યું કે-'અચલપુર નગરના વિક્રમધન રાજાનો ધન નામનો પુત્ર છે. તેની આ પ્રતિકૃતિ મેં મારા કૌતુકને અંગે જ ચિત્રી છે.' આ પ્રમાણેનું ચિત્રકારનું કથન સાંભળીને તે સમયથી જ તમારા વિષે વિશેષ અનુરાગવતી બનેલ તેણી ક્રીડાને પણ કષ્ટરૂપ માનીને અંતઃપુરને વિષે આવી પહોંચી. તમારા વિષે જ લયલીન ચિત્તવાળી તેણી ઈંદ્રિયોનો ઉપયોગ કરવા છતાં પણ યોગિનીની માફક સમગ્ર વિશ્વને માત્ર તમારામય જાણે છે. અર્થાત્ વિશ્વને વિષે માત્ર તમેજ તેના ધ્યાનના વિષય બન્યા છો. હે સ્વામિન્! તમારા સિવાય તે રાજપુત્રી સમસ્ત વિશ્વને સ્ત્રીમય અથવા નપુંસકમય માને છે અર્થાત્ તેણીને મન ખરેખરા પુરુષ તો તમે જ છો. વિમલારાણીના મુખથી સિંહરાજાએ આ હકીકત જાણીને, ગુણશાળી તમને આ હકીકત જણાવવા માટે મને મોકલેલ છે. મારું અચલપુર સંબંધી આગમન જાણીને ધનવતી રાજકુમારીએ દૂતની જેવો હાર તેમજ આ લેખરૂપી પ્રતીહાર મોકલાવ્યો છે."

આ પ્રમાણે બોલીને દૂતે કુમારના ચરણમાં લેખ તેમજ ભેટણા તરીકે મુક્તાહાર રજૂ કર્યો. ત્યારે તે લેખને ઉખેળીને, રૂપથી કામદેવને જીતનાર, તેમજ અત્યંત સંતોષથી ચમત્કાર પામેલ તે ધન રાજકુમારે તેને શીઘ્ર બાંચવો શરૂ કર્યો. "અશ્રુજળથી સિંચાયેલ અને તમારા વિષે જ આસક્ત બનેલ મારા મનને, તમારાથી હાંકી કઢાયેલો કામદેવ દગ્ધ કરી રહેલ છે. (અહીં કર્તાએ કાવ્યચમત્કૃતિ એ દર્શાવી છે કે-જલથી સિંચિત થવાને લીધે બળતો હોય તો પણ કોઇપણ પદાર્થ શાંત થાય તેને બદલે જલથી સિંચિત હોવા છતાં કામદેવ તેને બાળી રહ્યો છે.) હે નાથ! મારું મન શાંતિ પામતું નથી. મારા પ્રત્યે મહેરબાની દર્શાવો અને દૃઢ આલિંગનરૂપી અમૃતપ્રવાહવડે તેને શાન્ત કરો. કામદેવરૂપી અગ્નિજવાળાથી ચારે બાજુ તપ્ત અંગવાળી મને વૃદ્ધિ પામતાં પ્રેમ કલ્લોલવાળા તમારા અંતઃકરણમાં સ્થાપન કરો." આ પ્રમાણેના મનોહર ઉજ્વલ વર્ણવાળા અને હર્ષના કારણભૂત લેખના ભાવને તેમજ તે હારને કુમારે પોતાના હૃદયને વિષે ધારણ કર્યા.

બાદ વિચાર કરીને કુમારે જાણે સાક્ષાત્ શૃંગારરસ હોય તેવા કસ્તૂરી જળથી (કસ્તૂરી-

મિશ્રિત શાહીથી) તેનો જવાબ લખ્યો કે–"રતિની શોકય સરખી તને હૃદયને વિષે ધારણ કરનાર મારા પ્રત્યે જાણે ક્રોધને લીધે જ હોય તેમ કામદેવ સતત બાણો ફેંકી રહ્યો છે, તેમ હું માનું છું. કર્ણદ્વારા તારા ગુણોએ મારા મનમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે, પરન્તુ સુખની ઇચ્છાથી મારી સર્વ ઇદ્રિયોને વિષે તે ગુણો દાખલ થઈ ગયા છે."

આ પ્રમાણે કુમારવડે લેખથી, દાનથી અને સન્માનથી કૃતાર્થ કરાએલ તે દૂત ભેટણા સહિત રવાના કરાયો. દૂતના મુખથી સુંદર સમાચાર સાંભળીને, કુમારના આગમનની આશાથી સિંહ રાજા તેમજ ધનવતી રાજપુત્રી બંને અત્યંત સંતોષ પામ્યા. પછી વિનયી ધન રાજકુમાર પણ સપરિવાર, નિર્ણીત થયેલ લગ્નને માટે કેટલાક પ્રયાણો પછી પાટલીપુત્ર નગરે આવી પહોંચ્યો, અને સત્કારને માટે સામે આવેલા સિંહ રાજાની સાથે, ધ્વજાઓવડે જાણે નૃત્ય કરતી હોય તેવી તે નગરીને વિષે વીર રાજકુમારે પ્રવેશ કર્યો. નગરીને વિષે દરેક ગૃહોમાં રહેલા રત્નમય સ્તંભોને વિષે પ્રતિબિંબિત થવાથી ક્ષણમાત્ર ભાનભૂલી બનેલી સ્ત્રીઓવડે આલિંગન અપાતા, કામદેવના નગર જેવી પૌરસ્ત્રીઓના મનપ્રદેશમાં એકકાળે પ્રવેશ કરવાપૂર્વક પોતાની બહુરૂપીપણાની વિદ્યાને દેખાડતા ધન રાજકુમારે, રત્નની ભીંતોના કિરણોદ્વારા દરવાજાને નહી દર્શાવતા ઉત્તમ શ્રેષ્ઠ રાજમહેલમાં, દ્વારપાળના સૂચનથી પ્રવેશ કર્યો. પછી જેમ સૂર્ય ઉદયાચળ પર્વતના શિખરપ્રદેશમાં આવી પહોંચે તેમ કુમાર પણ રાજમહેલના સૌથી ઊંચા ભાગને વિષે આવી પહોંચ્યો.

તે સમયે જ્યારે વિપુલ આભૂષણોને ધારણ કરવાવડે પોતાની કાંતિને બેવડી કરતો સ્ત્રી-સમૂહ મંગળગીતોરૂપી અમૃતવડે કામદેવને જીવિત કરી રહ્યો હતો ત્યારે, સ્પર્ધાને અંગે જ રાજમહેલના આંગણાની ભૂમિને ભરી દેતો બ્રાહ્મણોનો સમૂહ વેદોના ઉચ્ચારણરૂપી ચમત્કારથી સૂર્યને પ્રતાપવંત બનાવી રહ્યા હતા ત્યારે, કાહલ(વાદ્યવિશેષ)રૂપી યંત્રથી ઉત્પન્ન થયેલ સેવકવર્ગના મુખધ્વનિદ્વારા લોકોના ચિત્તને વિષે કામદેવરૂપી અગ્નિ પ્રદીપ્ત થઈ રહ્યો હતો ત્યારે, વારંવાર અદ્‌ભુત રીતે મૃદંગો વાગી રહેવાને અંગે મેઘધ્વનિની ભ્રાંતિથી–શંકાથી મયૂરો નાચી રહ્યા હતા ત્યારે પુરોહિતે કુમાર તથા કુમારીનો હસ્તમેળાપ કરાવીને તે બંનેને અગ્નિની પ્રદક્ષિણા કરાવી.

તે સમયે હોમને અંગે ધૂમાડો ફેલાવાથી તે બંનેની આંખમાં અશ્રુઓ આવ્યા તે કંઈ આશ્ચર્યકારક હકીકત નથી પરન્તુ અગ્નિના નજીકમાં જ રહેવા છતાં તેઓ બંનેએ વિસ્મય-કારક કંપ અનુભવ્યો. (અગ્નિ હોય ત્યાં તો શીત–થંડી ઊડી જવી જોઈએ, તેને બદલે તેઓએ કંપ (શીત) અનુભવ્યો; તેનું કારણ સ્નેહને અંગે રોમરાજીનું વિકસ્વરપણું સમજવું.) બાદ અમૃતને વર્ષાવનારો તેઓનો પરસ્પર હસ્તમેળાપ થયો ત્યારે રોમાંચનાં બહાનાથી શૃંગારરસે તેઓના શરીરમાં અંકુરાઓ પ્રગટાવ્યા. કામરસ(શૃંગરરસ)વડે સર્વાંગે પરિપૂર્ણ બનેલા તેઓ બંનેના હસ્તમેળાપને લીધે, પ્રસ્વેદનાબહાનાથી કામરસ કંઇક બહાર નીકળી આવ્યો. વળી રાજકુમારીના મુખરૂપી કમળને વિકસિત કરવામાં કારણભૂત કુમારના અપૂર્વ મુખરૂપી ચંદ્રે તે સમયે વિશિષ્ટ પ્રકારની કાંતિ ધારણ કરી. (કમળ તો સૂર્યના દર્શનથી

વિકસ્વર થાય, ચંદ્રોદય વખતે તો કરમાઈ જાય, પરન્તુ અહીં તો કુમારના મુખચંદ્રે કુમારીના મુખકમળને વિકસિત કર્યું, તેમ જણાવી કર્તાએ પોતાની કાવ્યચમત્કૃતિ દર્શાવી છે.) પછી બાંધેલ વસ્ત્રના છેડાવાળી (છેડાછેડી બાંધેલી) પત્નીની સાથે ધન રાજકુમારે ક્રમપૂર્વક ગુરુવર્ગને તેમજ વડીલ જનોને નમસ્કાર કર્યો. પછી કેટલાએક દિવસો પાટલીપુત્રમાં વીતાવીને, રાજકુમાર ધન પોતાના નગર અચલપુરમાં આવ્યો અને ધનવતી સાથે સુખપૂર્વક ક્રીડા કરવા લાગ્યો.

કોઇએક દિવસે પૃથ્વીપીઠને પવિત્ર કરનાર, ચાર જ્ઞાનવાળા **વસુંધર** નામના મુનિવર અચલપુરમાં આવ્યા એટલે તેઓને નમસ્કાર કરવાને માટે અખંડ ગુરુભક્તિવાળો વિક્રમધન રાજા કુમાર સાથે નગરના ઉદ્યાનપ્રદેશમાં ગયો. હર્ષપૂર્વક મુનિને પ્રણામ કરીને, પાદપીઠની નજીકની ભૂમિપ્રદેશ પર રાજા બેઠો. બાદ રાણીથી પ્રેરણા કરાયેલ વિક્રમધન રાજાએ ગુરુને નવ(૯) સ્થળે રોપાયેલા આમ્રવૃક્ષના સ્વપ્ન–રહસ્યને પૂછ્યું એટલે મનદ્વારા સર્વજ્ઞ ભગવંતને તે સંબંધી પૃચ્છા કરીને તે મુનીશ્વરે તેમને જણાવ્યું કે–"આ કુમાર નવમા ભવમાં તીર્થંકર થઇને મોક્ષ ફળ પ્રાપ્ત કરશે." આ પ્રમાણે સાંભળીને હર્ષિત બનેલ રાજા, મુનિવરને પ્રણામ કરીને, અશ્વસમૂહની ખરીઓથી ઉડાડાયેલી ધૂળવડે દિવસને ઝાંખો બનાવતો પોતાના નગરમાં ગયો.

કોઇએક દિવસે ક્રીડાપ્રિય ધનકુમારે વનભૂમિમાં જઇને, જેમ હસ્તી પોતાના બચ્ચાંઓ સાથે ક્રીડા કરે તેમ, મિત્રોની સાથે લાંબા સમય સુધી ક્રીડા કરી. તેવામાં તેણે, આધાર રહિત આકાશમાં ભ્રમણ કરવાથી ખિન્ન બનેલા સૂર્ય સરખા કોઇએક મુનિને ભૂમિ પર પડેલા જોયા એટલે ચંદનરસથી તેમજ અનુકૂળ પવનથી તેમને સચેતન કરીને કુમારે ધર્મરૂપી વૃક્ષ જેવા તે મુનિને છાયાવાળા–કાંતિવાળા બનાવ્યા અર્થાત્ પુનઃ સ્વસ્થ બનાવ્યા. આ પ્રમાણે કુમારવડે સંકટના સાગરમાંથી પાર ઉતારાયેલા તે મુનિવરે પણ તે કુમારને સંસાર–સાગરમાંથી પાર પહોંચાડવાને માટે ધર્મદેશના આપી. તે જ ક્ષણે તે કુમારના ચિત્તમાં **સમકિત**-રૂપી વૃક્ષનું આરોપણ કરીને તેને પોતાની વાણીરૂપી અમૃતરસથી સો શાખાવાળો બનાવ્યો અર્થાત્ ધનકુમારને સમકિતની પ્રાપ્તિ કરાવી. બાદ કુમારના આગ્રહથી કેટલાક દિવસો સ્થિરતા કર્યા બાદ તે નિષ્પાપ મુનિવર ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા.

પછી કોઇએક દિવસે પોતાના **ધનદેવ** તેમજ **ધનદત્ત** નામના બે બંધુઓ તેમજ **ધનવતી** રાણી સહિત ધનકુમારે વસુંધર મુનિવર્ય પાસે ચારિત્ર અંગીકાર કર્યું. સાધુજીવનમાં પુષ્કળ તપશ્ચર્યા કરીને, આયુ પૂર્ણ થયે તે સર્વ સૌધર્મ દેવલોકને વિષે કલ્યાણકારી લક્ષ્મીને પ્રાપ્ત થયા.

આ જ ભરતક્ષેત્રને વિષે વૈતાઢ્ય પર્વતની ઉત્તર શ્રેણીના આભૂષણરૂપ **સૂરતેજ** નામના નગરને વિષે શત્રુરૂપી અંધકારને નષ્ટ કરવામાં સૂર્યસમાન **સૂર** નામના વિદ્યાધર રાજાની **વિદ્યુન્મતિ** નામની પ્રિયાના ઉદરરૂપી કમળને વિષે ધનકુમારનો પુણ્યશાળી જીવ, સ્વર્ગથી

ચ્યવીને, હંસના જેની **મનોહર** ગતિવાળા **ચિત્રગતિ** નામના પુત્ર તરીકે જન્મ્યો. તે ચિત્રગતિ વિદ્યાધરકુમારે વિદ્યાઓની વિચક્ષણતારૂપી ક્ષીરસાગરમાં કલ્લોલોદ્વારા વિદ્યાધરોના આનંદરૂપી અંકુરાઓને વિકસ્વર કર્યા.

આકાશ પર્યન્ત પહોંચેલા તે જ વૈતાઢ્ય પર્વતની દક્ષિણ શ્રેણિના મુકુટરૂપ **શિવમંદિર** નામના નગરને વિષે **અનંગસેન** રાજાની ચંદ્રની કાંતિ જેવી મુખકાંતિવાળી **શશિપ્રભા** નામની પ્રિયાને વિષે ધનવતીનો જીવ, સૌધર્મ દેવલોકથી ચ્યવીને, રત્નખાણ સરખી પ્રભાવાળી **રત્નવતી** નામની પુત્રી તરીકે જન્મ્યો.

કોઇએક સમયે અનેક કળાઓમાં કુશળ તેમજ અનુક્રમે યુવાવસ્થાને પહોંચેલી રત્નવતીને પોતાના ખોળામાં બેસારીને અનંગસેન રાજાએ પોતાની સન્મુખ આસન પર બેઠેલા કોઇએક નૈમિત્તિકને પૂછ્યું કે–"જેમ કમલિનીનો પ્રિય (સ્વામી) સૂર્ય છે તેમ મારી આ પુત્રીનો પતિ કોણ થશે?" એટલે જ્યોતિષ સંબંધી અગણિત ગ્રંથરૂપી સાગરને વલોવવામાં મંદરાચલ પર્વત સરખા તેમજ જ્ઞાનામૃતને ધારણ કરનારા તે જ્યોતિષીએ શીઘ્ર જણાવ્યું કે–"યુદ્ધને વિષે તમારા હસ્તમાં રહેલ, ભીષણ મૃત્યુરૂપી મહાસાગરને પાર કરવામાં અસાધારણ નાવ સમાન ખડ્ગને જે ઝુંટવી લેશે, વળી સિદ્ધાયતનમાં સ્તુતિ કરતાં જેમના મસ્તક પર આકાશ-ગંગા સરખી દિવ્ય પુષ્પવૃષ્ટિ થશે તે, જેમ રાજહંસીનો બંને પાંખોથી ઉજ્જવળ ને નિર્મળ રાજહંસ સ્વામી બને તેમ માતૃપક્ષ અને પિતૃપક્ષ–એ બંને પ્રકારથી ઉજ્જવળ તેમજ પવિત્ર એવો વિષ્ણુ સરખો પુરુષ આ રાજકુમારીનો સ્વામી બનશે." આ પ્રમાણે સાંભળીને હર્ષિત બનેલ અનંગસેન વિદ્યાધરે તે નૈમિત્તિક–શિરોમણિને વિપુલ દાનવડે પ્રસન્ન કરીને વિદાય કર્યો.

કોઈ સમયે આ ભરતક્ષેત્રમાં આકાશને વિષે વિચરતો ચિત્રગતિ દુઃખી થતાં કોઇએક નગરને નીહાળીને ગગનમાંથી શીઘ્ર પૃથ્વીપીઠ પર ઊતર્યો, અને કોઇએક ભદ્ર આકૃતિવાળા પુરુષને પૂછ્યું કે–"આ કઈ નગરી છે? અને અહીંનો રાજા કોણ છે? અને કઈ જાતનું સંકટ આવી પડયું છે?" ત્યારે સંપૂર્ણ હકીકત જાણનાર તે પુરુષ બોલ્યો કે–"પૃથ્વીપીઠના આભૂષણરૂપ આ **ચક્રપુર** નામનું નગર છે. શત્રુ રાજાઓની સંપત્તિને ગ્રહણ કરનાર **સુગ્રીવ** નામનો અહીં રાજા છે અને તેને મનોહર **યશોમતી** તથા **ભદ્રા** નામની સ્ત્રીઓ છે. યશો-મતીને જગતના મિત્ર સમાન **સુમિત્ર** નામનો અને ભદ્રાને કપટની ખાણરૂપ **પદ્મ** નામનો પુત્ર થયો. 'યશોમતીનો પુત્ર જીવતો હશે ત્યાં સુધી મારા પુત્રને રાજ્ય મળશે નહીં.' એમ વિચારીને ભદ્રાએ સદાચારી સુમિત્રને ઝેર આપ્યું અને તે ઝેર તેની નસેનસમાં વ્યાપવા લાગ્યું ત્યારે ભદ્રારાણીથી સુમિત્રે અંધકારની માફક કષ્ટ પ્રાપ્ત કર્યું અને પદ્મકુમારે હર્ષ પ્રાપ્ત કર્યો તે ખરેખર આશ્ચર્યકારક છે. (સુમિત્ર–સૂર્ય, પદ્મ–કમળ. અંધકાર સૂર્યને પીડી શકે નહિ, કમળને વિકસિત કરી શકે નહિ છતાં અહીં સુમિત્ર–સૂર્યને પીડા થઈ અને પદ્મ–કમળ વિકસ્વર બન્યો, તે ખરેખર આશ્ચર્યકારક છે.) સૂર્યની માફક તેજના નિધિરૂપ સુમિત્રકુમાર મૂર્છા પામ્યો છે એ જ ચક્રપુરને માથે દુઃસહ્ય દુઃખ આવી પડયું છે."

આ પ્રમાણે સાંભળીને પરોપકારપરાયણ ચિત્રગતિ તેને જીવાડવાને માટે વેગથી રાજમહેલમાં દાખલ થયો અને તેના બંધુવર્ગની દૃષ્ટિની સાથોસાથ સુમિત્રના દેહ પર મંત્રિત જળ છાંટયું, જેથી સુમિત્રના ચક્ષુએ તેમજ તેની સાથોસાથ સ્વજનવર્ગે પ્રફુલ્લતા ધારણ કરી. આ પ્રમાણે સુમિત્ર પુનર્જીવિત થયો ત્યારે નેત્રરૂપી પાત્રમાં રહેલા બંધુવર્ગના દુઃખજન્ય ચક્ષુઓએ હર્ષાશ્રુના સ્વરૂપને ધારણ કર્યું અર્થાત્ સુમિત્રની મૂર્ચ્છાથી જેઓ દુઃખી બન્યા હતા તેઓ તેના સચેતન થવાથી આનંદ પામ્યા.

બાદ સુમિત્રરૂપી ચંદ્રે પ્રજાસમૂહના સંતાપને દૂર કર્યો ત્યારે પદ્મકુમાર હર્ષરહિત બન્યો અને ભમરી સરખી ભદ્રા રાણી તો કોઈપણ સ્થળે ચાલી ગઈ. યશસમૂહથી મનોહર પોતાના જીવનદાતા ચિત્રગતિને હર્ષિત બનેલા સુમિત્ર રાજકુમારે પ્રણામ કર્યો. પછી પોતાના ચરણમાં નમેલા પુત્રને માતા-પિતાએ નેત્રરૂપી ઘટમાંથી નીકળતા આનંદાશ્રુ-જળથી સ્નાન કરાવ્યું અને વિદ્યાધરકુમાર ચિત્રગતિને ગાઢ આલિંગન આપીને, તેની ઈચ્છા નહીં હોવા છતાં પણ તેનો વસ્ત્ર અને આભરણદ્વારા સત્કાર કર્યો. સ્નેહને અંગે રજા નહીં અપાએલા ચિત્રગતિ સાથે, જેમ વિષ્ણુ સાથે ઈંદ્ર ક્રીડા કરે તેમ, સુમિત્ર ક્રીડા કરવા લાગ્યો.

એકદા તે નગરમાં **સુયશા** નામના કેવળી ભગવંત પધાર્યા ત્યારે પોતાના પરિજનવર્ગ સાથે સુગ્રીવ રાજા તેમને વંદન કરવા ગયો. તેમને વંદન કરીને, નીચે બેસીને, દેશના સાંભળ્યા બાદ પ્રાંતે તેણે તેમને પૂછયું કે-"ભયભીત બનીને ભદ્રા કયાં ચાલી ગઈ?" ત્યારે કેવળી ભગવંતે જણાવ્યું કે-"નાશી જતી તેણીને ચોરલોકોએ પકડી. તેઓએ તેણીને કોઇએક વણિકને ઘેર વેચી, ત્યાંથી પણ નાશી ગએલી તેણી દાવાનળથી બળી જઇને દુર્ગતિમાં ગઈ છે અને અત્યંત શોક કરવા લાયક અનંત સંસારમાં પરિભ્રમણ કરશે." આ પ્રમાણે વૃત્તાંત સાંભળીને રાજા સુગ્રીવ વિચારવા લાગ્યો કે-"જેને માટે તેણીએ આ અકૃત્ય કર્યું તે (પદ્મ) અહીં જીવતો છે અને તેણી નરકે ગઇ. ખરેખર સાંસારિક વાત્સલ્યભાવ વિચિત્ર છે!" આવી રીતે સંસાર પ્રત્યે ઉદ્વિગ્ન બનેલ તેમજ માયાભાવ રહિત તેણે સુમિત્રને રાજ્ય આપીને તેમજ પદ્મને કોઇ એક દેશ આપીને પોતે ચારિત્ર અંગીકાર કર્યું. પછી કોઈપણ પ્રકારે સુમિત્રની રજા લઇને તેનાથી સત્કાર કરાયેલ ચિત્રગતિ પોતાના નગરે ગયો.

આ બાજુ અનંગસેનના પુત્ર અને રત્નવતીના ભાઈ **કમલે** સુમિત્ર રાજવીની બહેન, જે **કલિંગ** દેશના રાજાની રાણી હતી તેને કપટપૂર્વક હરી લીધી. પોતાના મિત્ર સુમિત્રની બહેનને પાછી લાવવાને માટે ચિત્રગતિ શીઘ્ર શિવમંદિર નગરે આવ્યો, અને ઉદ્યાનને વિષે દીનમુખવાળી સુમિત્રની બહેનની પ્રાર્થના કરતા કમલને તેણે ત્રાસ પમાડયો. પોતાના પુત્રના પરાભવથી ક્રોધને અંગે અનંગસેન પણ શૂરવીર સૈન્ય સહિત ચિત્રગતિની સાથે યુદ્ધ કરવા પોતાના નગરમાંથી બહાર નીકળ્યો. યુદ્ધમાં અનુક્રમે સર્વ અસ્ત્રો નાશ પામવાથી વિલખા બનેલ અનંગસેન સાથે ચિત્રગતિ યુદ્ધ કરવા લાગ્યો ત્યારે, પોતાના પુત્રના વિરોધી સાથે યુદ્ધ કરવાને અડગ ધૈર્યવાળા તેણે ખડ્ગરત્નને યાદ કર્યું, એટલે માયાદ્વારા અંધકારથી આકાશને

ભરી દેતા ચિત્રગતિએ તેના હાથમાંથી ખડ્ગ ઝુંટવી લઇને, સુમિત્રની બહેનને લઇને, શીઘ્ર ચક્રપુરમાં જઇને, સુમિત્રને તેની બહેન સોંપીને, જેમ સૂર્ય ઉદયાચળ પર આવી પહોંચે તેમ વૈતાઢ્ય પર્વતે આવી પહોંચ્યો.

હવે રાજ્યને યોગ્ય પુત્રવાળો ચતુર સુમિત્ર રાજા સંસાર પ્રત્યે ઉદાસીન બનીને, દીક્ષા અંગીકાર કરીને પૃથ્વી પર વિચરવા લાગ્યો. શિકારને માટે ગયેલા પોતાના ભાઇ પદ્મવડે, પૂર્વના દ્વેષને કારણે, બાણથી હણાયેલ સુમિત્ર મુનિ પૃથ્વી પર પડી ગયા અને ' આ મારો ભાઈ મારાથી અનંતસંસારી થાય છે ' એમ સ્વાત્માની નિંદા કરતાં કાળધર્મ પામીને બ્રહ્મ દેવલોકને વિષે અગણિત પુણ્યના અસાધારણ આવાસરૂપ ઈંદ્ર સામાનિક દેવ થયા. ભયંકર સર્પથી ડસાએલ પદ્મ પણ મૃત્યુ પામીને સાતમી નરકે ગયો. ગ્રંથકર્તા કહે છે કે-કાળે (યમરાજે) જ કૌતુકવડે તેને પગદ્વારા પકડીને ખેંચી લીધો હોય તેમ હું માનું છું.

કોઇએક દિવસે આનંદી વિદ્યાધરોનો સમૂહ ' હું પહેલો, હું પહેલો ' એવી ત્વરાપૂર્વક **નંદીશ્વર**દ્વીપે ગયો અને ભક્તિભરપૂર તેઓએ સર્વ પ્રકારના ગીત તેમજ વાદ્યોથી શ્રી જિનેશ્વર ભગવંતોની પૂજા કરી. આ બાજુ સ્વર્ગમાં ગયેલા સુમિત્રે મનમાં વિચારણા કરી કે-" કયા પુણ્યોને લીધે દુઃખમાત્રને નાશ કરનારું આવું પદ મને પ્રાપ્ત થયું છે ? " આ પ્રમાણે વિચાર કરતાં તેના નિર્મળ મનમાં અતિપ્રેમને લીધે વિચક્ષણ મિત્ર ચિત્રગતિનું સ્મરણ થઇ આવ્યું એટલે તેને નંદીશ્વરદ્વીપ ઉપર જિનપૂજા કરતો જોઇને, મિત્રસ્નેહથી મુગ્ધ બનેલ તે દેવ વેગપૂર્વક ત્યાં આવી પહોંચ્યો અને વિદ્યાધરો સાંભળી રહ્યા હતા તેવામાં ચિત્રગતિના મસ્તક પર હર્ષિત બનેલા તેણે પુષ્પવૃષ્ટિ કરી. તેના પર થયેલ પુષ્પવૃષ્ટિથી આશ્ચર્ય પામેલ સર્વ વિદ્યાધરોએ ગર્વનો ત્યાગ કરીને અધિક ગુણશાળી ચિત્રગતિને નમસ્કાર કર્યો.

અનંગસેન વિદ્યાધરે પણ નૈમિત્તિકનું કથન યાદ કરીને, પુષ્પવૃષ્ટિથી તેમજ પોતાના ખડ્ગના અપહરણથી ચિત્રગતિને જ પોતાની પુત્રીનો પતિ જાણ્યો. રત્નવતી પણ, જેમ મરુભૂમિના માર્ગમાં મુસાફરો જળસમૂહને આદરપૂર્વક પીવે તેમ અનિમેષ દૃષ્ટિથી તેને જોવા લાગી. ચિત્રગતિએ પણ કુમુદિની જેવાં લોચનવાળી તેણીને જોઇને, તેણીના લાવણ્યરૂપી સરોવરમાં ડૂબેલી પોતાની દૃષ્ટિને કષ્ટપૂર્વક પાછી ખેંચી. આ પ્રમાણે પરસ્પર એકરૂપપણાને પ્રાપ્ત થયેલા તે બંનેએ પ્રેમના ભંડારી જેવું મન એક બીજાને અર્પણ કર્યું અર્થાત્ તેઓ બંને પ્રથમ મિલને જ પરસ્પર અત્યંત આસક્ત બન્યા.

ચિત્રગતિની તથાપ્રકારની સ્તુતિથી હૃદયમાં હર્ષને વધારતાં તેમજ સંતોષ પામેલા સર્વ વિદ્યાધરો પોતપોતાના નગરે ગયા. પછી **સૂર** અને **અનંગસેન** વિદ્યાધરથી ફરમાવાએલા નૈમિત્તિકે પરસ્પર અનુરાગી બનેલા તે બંનેનો લગ્ન દિવસ નક્કી કર્યો. ચિત્રગતિનો રત્નવતી સાથે વિવાહ કરીને, તેને રાજ્ય પર બેસારીને સૂરરાજાએ વિદ્યુન્મતી પ્રિયા સાથે દીક્ષા લીધી. પોતાના બંધુ ધનદેવના જીવ **મનોગતિ**ને તેમજ ધનદત્તના જીવ **ચપલગતિ**ને પણ ચિત્રગતિએ આનંદિત કર્યા. વળી પોતાના મૃત્યુ પામેલા સામંત રાજા **મણિચૂડ**ના બે પુત્ર

**શશિ** તેમજ **સૂર**ને પણ વૈભવનો ભાગ પાડી આપીને સંતુષ્ટ કર્યા. એક પદાર્થની અભિલાષાથી પરસ્પર યુદ્ધ કરતાં તે બંનેના મૃત્યુના સમાચાર સાંભળીને ચિત્રગતિને વૈરાગ્ય ઉદ્ભવ્યો એટલે પોતાના બંને ભાઇ તથા સ્ત્રીની સાથે **દમધર** આચાર્ય પાસે ખડ્ગની ધાર જેવી તીક્ષ્ણ પ્રવ્રજ્યા અંગીકાર કરી. ચિત્રગતિનો અતિ બુદ્ધિશાળી, ઇંદ્ર જેવો પરાક્રમી **પુરંદર** નામનો પુત્ર રાજ્યનું પાલન કરવા લાગ્યો. છેવટે પાદપોપગમ અણશણ કરીને ચતુર ચિત્રગતિ માહેંદ્ર દેવલોકમાં ઇંદ્રસામાનિક દેવ થયો.

આ બાજુ પશ્ચિમ મહાવિદેહમાં **પદ્મ** નામનો મહાન્ દેશ છે કે જ્યાં ગામડાઓને વિષે ધાન્યરાશિના સમૂહ અને પર્વતો વચ્ચે કઈ અંતર જણાતું નહોતું અર્થાત્ એટલું વિપુલ ધાન્ય પાકતું કે તેના મોટા મોટા ઢગલાઓ કરવામાં આવતા અને તે ઢગલા મોટા પર્વત જેવા જણાતા. તે દેશને વિષે પ્રખ્યાતિ પામેલ **સિંહપુર** નામનું નગર છે જ્યાં મહેલની અગાશીમાં રહેલ સ્ત્રીઓના મુખરૂપી કમળ પાસે ચંદ્ર પણ દાસ જેવો દેખાતો હતો. તે નગરમાં **હરિનંદી** નામનો રાજા હતો કે જેના પ્રતાપનો પ્રતિનિધિ હોય તેમ સૂર્ય શોભતો હતો. યાચકજનોને ઇચ્છિત આપનાર તે રાજવીને **પ્રિયદર્શના** નામની પત્ની હતી કે જેના બંને સ્તનો રતિ અને પ્રીતિના ક્રીડા કરવાના પર્વત સરખા શોભતા હતા. ચિત્રગતિનો જીવ માહેંદ્રકલ્પમાંથી ચ્યવીને અત્યંત તેજસ્વી તેનો **અપરાજિત** નામનો પુત્ર થયો. મંત્રીપુત્ર **વિમલબોધ,** જેમ કિરણસમૂહ સૂર્યને અનુસરે તેમ તેનો હમેશાં સાથે રહેનાર મિત્ર બન્યો.

કોઇએક દિવસે અશ્વક્રીડાર્થે અશ્વ પર ચઢેલા તે બંને પુણ્યશાળી દૂર દેશમાં અરણ્યને વિષે ગયા. તે સ્થળમાં નીચે ઊતરીને, પોતાના પરાક્રમથી ઇંદ્રને પણ જીતનાર તે બંને, તૃષાથી પીડિત થયેલ બંને અશ્વોને જળની નજીક લઇ ગયા અને બંધન શિથિલ કરતાં જ, દેશાંતરમાં વિચરવાને માટે નેત્ર સમાન તે બંને અશ્વો તરત જ મૃત્યુ પામ્યા, એટલે કલિયુગના માહાત્મ્યને લીધે મલિન બનેલા જાણે અંગધારી ન્યાય અને ધર્મ હોય તેવા તે બંને નિરાશ તેમજ શોભાહીન બનીને ત્યાં રહ્યા. એટલામાં 'હું હણાઉં છું, હું હણાઉં છું' એમ પોકાર પાડતાં કોઇએક પુરુષને અભયદાન આપીને કુમારે સ્થિર કર્યો. તે પુરુષ જેવામાં સ્થિર થઇને રહ્યો તેવામાં 'મારો, મારો' એમ બોલતાં રખેવાળો (કોટવાળો) હરણની જેવી ઝડપી ગતિથી ત્યાં આવી પહોંચ્યા, અને તે પુરુષના વધને રોકનારા કુમારની સાથે તેઓનું ભયંકર યુદ્ધ શરૂ થયું. જેમ અગસ્ત્ય ઋષિ સમુદ્રનું પાન કરી ગયા તેમ યુદ્ધમાં હણી નાખતાં કુમારના ખડ્ગે તેઓના સામર્થ્યરૂપી સાગરને શોષી લીધો. આ પ્રમાણે કુમારવડે પરાજિત કરાયેલ તેઓએ જલ્દી પાછા વળીને પોતાના રાજાને વિજ્ઞપ્તિ કરી જેથી આરક્ષકોના પરાભવથી ક્રોધી બનેલ રાજાએ સેનાધિપતિ સાથે અતુલ બળવાળું સૈન્ય મોકલ્યું; પણ અભિમાનના સાગર સમાન કુમારના ખડ્ગે અસાધારણ વેગવાળી તે સેનાને નસાડી મૂકી એટલે ક્રુદ્ધ બનેલ રાજા પોતે જ મદોન્મત્ત હસ્તી પર આરોહણ કરીને યુદ્ધ માટે આવી પહોંચ્યો. કુમારે પણ મંત્રીપુત્રને તે પુરુષના રક્ષણ માટે નિયુક્ત કરીને, યુદ્ધને માટે ઉગ્ર એવા અભિમાનરૂપી હસ્તી પર આરોહણ કર્યું. પછી રાજકુમારની ભુજથી ધ્રુજાવાયેલ

અસિધારા (ખડ્ગ) શોભી ઊઠી તે જાણે કે દુશ્મનના વધની પ્રતિજ્ઞાને કારણે વાયુવડે ધ્રુજાવાતી ને છૂટી મુકાયેલી ચોટલી (શિખા) સરખી જણાતી હતી. રોમાંચને કારણે વિચિત્ર કાંતિવાળી તેની ભુજામાં રહેલ તેમજ શત્રુઓનો સંહાર કરતી તે અસિધારા યમરાજની ખેંચી કાઢેલ જિહ્વા સમાન શોભતી હતી. જેનું મન એ જ **મંત્રી** છે, બંને ભુજા એ જ **મિત્ર** છે, અભિમાન એ જ **ધન** છે અને ખડ્ગ એ જ **બલ** છે તેવા વીરકુમારે રાજા સાથે જે યુધ્ધ કર્યું તે ખરેખર ઉચિત જ હતું. પોતાનું સૈન્ય નાશવા લાગ્યું ત્યારે દૂતદ્વારા તેને રાજપુત્ર જાણીને, યુધ્ધનો ત્યાગ કરીને, કોશલ દેશના તે રાજાએ તે કુમારના કુશળ સમાચાર પૂછયા. મંત્રીની વાણીદ્વારા તે રાજાને પોતાના પિતાનો મિત્ર જાણીને, અહંકારનો ત્યાગ કરવાથી તેજસ્વી બનેલા કુમારે પણ નમસ્કાર કર્યો. બાદ જેમ હિમાચલે પોતાની પુત્રી પાર્વતી શંકરને પરણાવી તેમ કોશલ દેશના તે રાજાએ પોતાની **કનકમાલા** નામની પુત્રી **અપરાજિત** કુમારને પરણાવી.

બાદ દેશાંતર જોવાને કૌતુકી તે રાજપુત્ર અને મંત્રીપુત્ર રાત્રિને વિષે બહાર નીકળીને અન્યત્ર ચાલ્યા ગયા. આગળ જતાં કોઇએક જંગલમાં કોઇ સ્ત્રીનો કરુણ સ્વર સાંભળીને તેઓ બંને જલદીથી **કાલિકા** દેવીના મંદિરમાં ગયા, અને અગ્નિકુંડની નજીકમાં કોઈએક ખડ્ગધારી પુરુષથી આક્રમણ કેરાયેલી અને રૂદન કરતી સ્ત્રીને જોઈ. એટલે અત્યંત ઉત્સાહવાળા કુમારે તે ખડ્ગધારી પુરુષને કહ્યું કે "હે નિર્દય ! આ પૃથ્વીનો હું માલીક છું તે શું તું જાણતો નથી ? તારામાં જો સામર્થ્ય હોય તો તું મારી સાથે યુધ્ધ કર." આ પ્રમાણે કુમારનું કથન સાંભળીને ક્રોધાંધ બનેલ તે કુમારની સામે લડવા ચાલ્યો. પોતપોતાના ખડ્ગને ચમકાવતા તે બંને, વિશાળ વસ્તુઓને ઉખેડી નાખતી સુંઢવાળા બે હસ્તીઓની માફક યુધ્ધ માટે તૈયાર થયા. પોતપોતાની ખડ્ગધારાથી સામાની તલવારને વારંવાર રોકતા તેઓ બંને, જેમ બે હસ્તી પોતાના દંતુશળથી યુધ્ધ કરે તેમ પરસ્પર લડવા લાગ્યા. બાદ કુમારને ખડ્ગથી જીતવો મુશ્કેલ માનીને તે પુરુષે તેને ક્રીડામાત્રમાં નાગપાશથી બાંધી લીધો. પરંતુ જેમ હાથી વેલડીઓના બંધનને તોડી નાંખે તેમ જગતને કૌતુક પમાડનાર અપરાજિત કુમારે પોતાની શક્તિથી જ નાગપાશને તોડી નાંખ્યો. પછી યુધ્ધ કરતાં કરતાં તે પુરુષના બંને નેત્રોને ઠગીને, જેમ નદીનો જળપ્રવાહ વૃક્ષને પાડી નાંખે તેમ પોતાના ખડ્ગથી તેને ભૂમિ ઉપર પાડી દીધો. એટલે ગાઢ અંધકારવાળી રાત જેમ કમળવનને કરમાવે તેમ મૂર્ચ્છાએ તે પુરુષના ઈંદ્રિયસમૂહને અચેતન બનાવી દીધો અર્થાત્ તે પુરુષ મૂર્ચ્છા પામ્યો.

બાદ પાણી લાવીને તેનું તેના પર સિંચન કરીને કુમારે પોતાના ફરફરાવતા વસ્ત્રના છેડાથી પવન નાંખીને તેને સચેતન બનાવ્યો. મૂર્ચ્છા દૂર થવાથી હર્ષિત બનેલા તે પુરૂષે અપરાજીત કુમારને કહ્યું કે "આ મૂળીયા(ઔષધી)ને ઘસીને મારા ઘા ઉપર તેનો લેપ લગાડો." આ પ્રમાણે તેનું કથન સાંભળીને રાજપુત્રે તે પ્રમાણે કર્યું એટલે પાણીમાં રેખાની માફક તેના દેહ પરના ખડ્ગના બધા ઘા મળી ગયા અર્થાત્ રૂઝાઇ ગયા. પછી ઊભા થયેલા તેને કુમારે પ્રફુલ્લ મુખરૂપી કમળમાંથી ઝરતાં મકરંદની જેવી મિષ્ટ વાણીથી પૂછયું કે "આ સ્ત્રી કોણ છે અને તું કોણ છો ?" ત્યારે તેણે જણાવ્યું કે:—

નગરોની લક્ષ્મીની મર્યાદારૂપ **રથનુપૂર** નામનું નગર છે જ્યાં **અમૃતસેન** નામનો વિદ્યાધર રાજા છે. તેને **કીર્તિમતી** નામની પત્ની છે. તે બંનેની રતિ સરખા રૂપવાળી આ **રત્નમાલા** નામની પુત્રી છે. જ્ઞાની પુરુષે જણાવેલ હરિનંદી રાજાનો પુત્ર અપરાજિત કુમાર તેણીનો પતિ થવાનો છે. શ્રીષેણ વિદ્યાધરનો **સુરકાંત** નામનો હું પુત્ર છું અને સૌંદર્યના મોજાંનાં સાગર સમી આ બાળાની મેં માગણું કરી પરંતુ આ બાળાએ એવો નિર્ણય કર્યો છે કે હરિનંદીનો પુત્ર અપરાજીત જ મારો સ્વામી થશે; નહીં તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ. પછી ક્રોધી બનીને, તેણીનું અપરહરણ કરીને હું તેને આ વનમાં લાવ્યો અને ચપળતાને લીધે મેં ભક્તિ તેમજ શક્તિથી તેણીની અત્યંત પ્રાર્થના કરી પરંતુ મારી પ્રાર્થના ન સ્વીકારવાથી મેં તેને કહ્યું કે 'હું તારી અગ્નિપ્રવેશની પ્રતિજ્ઞાને પૂર્ણ કરીશ.' એમ કહીને જેવામાં મેં તલવાર ખેંચી તેવામાં હે વીર! તમે આવી પહોંચ્યા."

આ પ્રમાણે સુરકાન્ત વિદ્યાધર કન્યા સંબંધી વૃત્તાંત જણાવી રહ્યો હતો, તેવામાં રત્નમાલાના માતાપિતા પુત્રીને જોવાને માટે ત્યાં આવી પહોંચ્યા. મંત્રીપુત્ર વિમલબોધની વાણીથી 'આ અપરાજિત કુમાર જ છે' એમ જાણીને રત્નમાલાના માતાપિતાએ, જેમ કામદેવને રતિ પરણાવે તેમ અપરાજિત કુમારને પોતાની પુત્રી પરણાવી. સુરકાન્ત પણ અપરાજિત કુમારને વ્રણસંરોહણી (ઘા રૂઝાવવાની) ઔષધિ તેમજ ચિંતિત કાર્યને કરનારી ગૂલિકા (ગોળી) આપીને કોઈપણ સ્થળે ચાલ્યો ગયો. બાદ સર્વ જેમ આવ્યા હતા તેમ ચાલ્યા ગયા એટલે તે બંને, આકાશમાં જેમ ચંદ્ર ને સૂર્ય ભ્રમણ કરે તેમ તે વનને વિષે દીર્ઘ સમય સુધી પરિભ્રમણ કરવા લાગ્યા, એવામાં તરસ્યો થયેલો કુમાર આંબાના ઝાડ નીચે બેઠો અને મંત્રીપુત્ર જળ લાવવા માટે ગયો. જેવામાં કોઈ પણ સ્થળેથી પાણી લઈને મંત્રીપુત્ર આવી પહોંચ્યો તેવામાં તેણે આંબાના ઝાડ નીચે રાજકુમારને જોયો નહીં એટલે રાજકુમારના વિયોગને સહન કરવામાં અશક્ત તે નિરભિમાની મંત્રીપુત્ર યુથથી (ગજસમૂહ) ભ્રષ્ટ થયેલ હાથીની માફક તે અરણ્યમાં લાંબા સમય સુધી રખડયો. આ પ્રમાણે ભ્રમણ કરતો મંત્રીપુત્ર **નદીપુર** નામના નગરની નજદીકમાં રહેલા દેવાલયમાં ગયો એટલામાં દુઃખી બનેલા બે વિદ્યાધરોએ આવીને કહ્યું કે–"તમારા મિત્ર અપરાજિત તમને બોલાવે છે. તે સમયે અરણ્યમાંથી અમો તેને હરી ગયા હતા. અમારા સ્વામી **કમલભાનુ** વિદ્યાધરે પોતાની **કુમુદિની** ને **કમલિની** નામની પુત્રીઓને માટે તેમનું હરણ કરાવ્યું હતું. આ બંને કન્યાની બાળવયમાં જ્ઞાની ભગવંતે કહ્યું હતું કે–'તે બંનેનો સ્વામી અપરાજિત કુમાર થશે.' અમારા સ્વામીથી બનાવાયલા મહેલમાં કુમાર તમારા વિના દુઃખી બનીને રહેલ છે. તમારી વિના તે લગ્ન કરવા પણ ઉત્સાહવંત થતા નથી તો ચાલો અને જેમ ચંદ્ર સાગરને હર્ષ પમાડે તેમ તમે તમારા મિત્રને આનંદ પમાડો." આ પ્રમાણે સાંભળીને અંતઃકરણમાં આનંદ પામેલ મંત્રીપુત્ર તે બંનેની સાથે ગયો અને તેના આગમનથી પ્રસન્ન થયેલા અપરાજિતકુમારે તે બંને કુમારીઓનું પાણિગ્રહણ કર્યું.

કાળક્રમે અતિસત્વશાળી તે બંને **મંદિરપૂર** નામના નગરમાં જઈને **કામલતા** નામની ગણિકાના આવાસમાં રહ્યા. કોઈએક દિવસે તે નગરમાં સૂર્યનાં અશ્વોને વ્યાકુળ કરીને માર્ગ-

ભ્રષ્ટ બનાવતો મહાન્ કોલાહલ થયો. કર્ણપરંપરાથી ઘાતકી પુરુષોથી રાજાનું ઘાયલ થવું જાણીને મંત્રીપુત્રે વેશ્યાને વ્રણસંરોહણી ઔષધી સંબંધી વાત કરી એટલે વેશ્યાએ પણ તે હકીકત મંત્રીને શીઘ્ર જણાવી કે–"મારા આવાસમાં રહેનાર પુરુષ મહાન્ ઔષધ જાણે છે." ત્યારે ભક્તિથી નમ્ર બનેલા મંત્રીએ તે બંનેને રાજમહેલમાં તેડાવ્યાં અને તેઓએ પણ પોતાની ઔષધીવડે રાજાના દેહને ક્ષણ માત્રમાં ક્ષતરહિત બનાવ્યો અર્થાત્ તેના બધા ઘા રૂજવી દીધા. "આ કુમાર હરિનંદી રાજાનો પુત્ર છે." એમ જાણીને રાજાએ તેને પોતાની **રંભા** નામની પુત્રી પરણાવી. તે રંભાકુમારીને તે સ્થળે મૂકીને તેઓ બંને ચાલી નીકળ્યા અને માર્ગમાં કોઇ એક કેવળી ભગવંતને જોઇને **કુંડપુર** નામના નગરને વિષે રહ્યા. ભક્તિ-ભરપૂર અંતઃકરણવાળો અપરાજિત કુમાર મિત્ર સહિત કેવલી ભગવંતને નમસ્કાર કરીને પૃથ્વી-પીઠ પર બેઠો અને નિર્મળ બુદ્ધિવાળા તેણે પોતાના તેમજ મિત્રના ભવિષ્યમાં થનારા શુભ અને અશુભ સંબંધી પૃચ્છા કરી. ત્યારે "ભરતક્ષેત્રમાં તમે પાંચમે ભવે બાવીશમા **શ્રી નેમિનાથ** તીર્થંકર થશો, અને આ તમારો મિત્ર તમારો પ્રથમ ગણધર થશે." આ પ્રમાણેની મુનિવરની પ્રશસ્ય વાણી સાંભળીને કુમાર ભવિષ્યમાં થનારી મુક્તિના આનંદને સૂચવનાર હર્ષ પામ્યો. કેવળી ભગવંત ત્યાંથી વિહાર કરી ગયા એટલે કુતુહલથી તેઓ બંનેએ ફરીથી દેશાટન શરૂ કર્યું.

આ બાજુ લંકાપુરી સમાન **જનાનંદ** નામના નગરને વિષે **જિતશત્રુ** રાજાની **ધારિણી** નામની પ્રિયા હતી. રત્નવતીનો જીવ માહેન્દ્ર દેવલોકથી ચ્યવીને તે રાણીની કુક્ષીરૂપી સરો-વરમાં હંસી સમાન **પ્રીતિમતી** નામની પુત્રી તરીકે જનમ્યો. અનુક્રમે તે યુવાવસ્થાને પ્રાપ્ત થઈ ત્યારે તેણીએ પ્રતિજ્ઞા કરી કે–'જે મને વિદ્યાવડે જીતશે તે મારો સ્વામી થશે.' એટલે જિતશત્રુ રાજાએ તેના સ્વયંવર માટે મંડપની રચના કરીને કામદેવ સરખી કાંતિવાળા ઘણા રાજાઓને આમંત્ર્યા. પુતળીઓની રચનાવાળા માંચડા ઉપર બેઠેલા તે રાજાઓ આભૂષણોમાં જડેલા રત્નોની કાંતિના બહાનાથી દરેક અંગોમાંથી પ્રેમને ફેંકતા હતા, અર્થાત્ સ્નેહ દર્શાવવા લાગ્યા.

આ સમયે અપરાજિત તથા વિમળબોધ આશ્ચર્યભરપૂર પૃથ્વીને નિહાળતાં નિહાળતાં તે સ્થળે આવી પહોંચ્યા. ગૂલિકાના પ્રયોગથી બંને જણા અન્ય વેશ ધારણ કરીને કોઇ એક માંચડાની પાસે કૌતુકપૂર્વક ઊભા રહ્યા. માચડાની પુતળીઓના મસ્તક પર હાથ મૂકીને ઊભો રહેલો કુમાર અન્ય રાજાઓને તૃણવત્ લેખતો હતો. બાદ આગળ ચાલતી પ્રતિહારિણીથી રસ્તો બતાવાતી પ્રીતિમતી તે સમયે સ્વયંવર મંડપમાં આવી પહોંચી. તેને આવતી જોઇને તે રાજાઓ તત્કાળ અસ્થિર ચિત્તવાળા બનીને વિવિધ ચેષ્ટાઓ કરવા લાગ્યા.

કોઇએક રાજા ક્રીડાની ખાતર હસ્તમાં રાખેલ અને આમતેમ ભમાડતાં કમળને વિષે, પ્રીતિમતીના મુખની શોભા તેમાં છે કે નહીં તેમ જોતો જોતો પોતાની દૃષ્ટિ તે કમળ પર ફેંકવા લાગ્યો. (અર્થાત્ કમળ જેવું પ્રીતિમતીનું મુખ છે કે નહીં તેની તપાસ કરવા લાગ્યો.) કોઇ એક રાજાના હસ્તની બે આંગળીઓવડે ભમાડાતું ચંપાનું પુષ્પ પૃથ્વીપીઠ પર પડી ગયું

તે જાણે કે પ્રીતિમતીની કાંતિથી જીતાવાને લીધે શરમાઇને પડી ગયું હોય તેમ જણાતું હતું. કોઇ એક રાજા, પ્રીતિમતીની દંતપંક્તિના વિકસિત કિરણોની લક્ષ્મી-શોભાને ચોરી જતાં કેતકી(કેવડા)ના પાંદડાને નખોવડે તોડી નાખવા લાગ્યો. કોઈએક રાજા તેના આલિંગનને કરાવનારાં પોતાના હાથના કંકણુને દૂર કરવા માગતો હોય તેમ ભમાડવા લાગ્યો.

આ પ્રમાણે ચેષ્ટા કરતાં રાજાઓની સન્મુખ પ્રતિહારિણી પ્રીતિમતીને ઉદ્દેશીને હર્ષપૂર્વક કહેવા લાગી કે–"હે દેવિ! જગતને જીતવાથી ઉજ્જવળ પરાક્રમવાળા, કામદેવ સરખા રૂપવાળા અને ગુણના ભંડાર આ રાજવીઓ તારા માટે આવેલા છે. આ રાજાઓ પૈકી કોઇપણ જે તને વિશિષ્ટ આનંદ આપી શકે તે ભાગ્ય તેમજ સૌભાગ્યના આવાસરૂપ રાજાને તું વર. આ મૌક્તિકના કર્ણાભૂષણોરૂપી હંસથી શોભિત મુખકમળવાળો **ભુવનચંદ્ર** નામનો રાજા શૌર્ય, ધૈર્ય ને બુદ્ધિનો ભંડાર છે. આ કંઠમાં હાર પહેરેલ **સમરકેતન** નામનો રાજા છે કે જેને, શંકરની ભીતિથી વ્યાકુળ બનેલા કામદેવને ત્યજી દઇને રૂપલક્ષ્મી(સૌંદર્ય) વરેલી છે. જે આ મિત્રના મુખને જોઇ રહેલ છે તે **કુબેર** નામનો રાજા છે, તે જાણે કે શંકરના ભયને લીધે સ્વર્ગમાંથી પૃથ્વી પર ઉતરી આવેલ કામદેવ હોય તેમ જણાય છે. ક્રીડાની ખાતર હસ્તમાં દડાને ઉછાળતો આ **સોમપ્રભ** નામનો રાજા છે કે જે સ્ત્રીઓના હૃદયમાં દાખલ થયેલ કામદેવ જ હોવો જોઇએ. ક્રીડાની ખાતર નીલ કમળને ધારણ કરનાર આ **સૂર** નામનો રાજા છે કે જેને રતિ, પોતાનો સ્વામી કામદેવ અંગ વિનાનો હોવાથી આ રાજાને જ કામદેવરૂપ માનીને હંમેશાં સેવી રહી છે. જે આ પોતાના હસ્તને કુંડળ પર મૂકે છે તે **ભીમ** નામનો રાજા છે, જેને પ્રીતિ, કામદેવને રતિમાં આસક્ત થયેલ માનીને ભજી રહી છે. ઝળહળતા નીલમણિના મુકુટવાળો આ **ધવલ** નામનો રાજા છે કે જેની કાંતિથી દાસરૂપ બનેલ કામદેવ ત્રણે જગતમાં પરિભ્રમણ કરી રહ્યો છે."

આ પ્રમાણે પ્રતિહારિણીના વચનથી બધા રાજાઓને ઓળખીને, તેણી ક્રમપૂર્વક વિદ્યા સંબંધી પ્રશ્ન પૂછવા લાગી, પરન્તુ કોઈપણ તેનો ઉત્તર ન આપી શકવાથી પુરુષો કરતાં સ્ત્રીઓ શ્રેષ્ઠ છે એમ જાણીને પ્રીતિમતી અત્યંત હર્ષ પામી; પણ પીડા પામેલ અપરાજિત કુમારે પોતાની પાસે રહેલ રત્નના સ્પર્શથી તેજ માંચડાની પૂતળીદ્વારા, પોતાના વિજયથી ગર્વીષ્ઠ બનેલ પ્રીતિમતી રાજકુમારીને ઉદ્દેશીને બોલાવરાવ્યું. પુરુષોને ચમત્કાર પમાડતી તે પૂતળીએ આક્રોશપૂર્વક ગર્વીષ્ઠ વાણીથી રાજકુમારીને કહ્યું કે–"હે સ્ત્રી! મનુષ્યોમાં પશુ સરખા આ રાજાઓને જીતીને તું વૃથા શા માટે ગર્જારવ કરી રહી છે? તારી સન્મુખ રહેલી સ્ફુરાયમાન કૌતુકવાળી મને તું શું જાણતી નથી? જો તું મને જીતી જાય તો મારા મસ્તક પર હસ્ત મૂકનાર હરિણંદી રાજાનો પુત્ર, જે મારો ગુરુ છે તે લજ્જાને પાત્ર બને." પૂતળીની આ પ્રમાણેની વાણીથી ચમત્કાર પામેલ, સુંદર લોચનવાળી ને વાદ કરવામાં સરસ્વતી સરખી કુશળ પ્રીતિમતી હર્ષિત બની.

બાદ રાજકુમારીએ તેને પૂછ્યું કે-હે પૂતળી! આ જગતમાં શૂરવીર કોણ?

પૂતળી—જિતાત્મા. જેણે પોતાની ઈંદ્રિયોને વશ કરી છે.

રાજકુમારી—ચતુર કોણ ?

પૂતળી—જે લક્ષ્મીથી ઠગાયો નથી અર્થાત્ લક્ષ્મીને આધીન ન બનતાં તેનો સદ્વ્યય કરે.

રાજકુમારી—દુઃખી કોણ ?

પૂતળી—જે તૃષ્ણાવાન છે.

રાજકુમારી—ધનવાન કોણ ?

પૂતળી—જે પુણ્યશાળી છે, જે સુકૃત્યો કરે છે.

આ પ્રમાણે પ્રશ્નોત્તરદ્વારા પૂતળીથી જીતાયેલ રાજકુમારીએ હર્ષપૂર્વક અપરાજિત કુમારના કંઠમાં માળા પહેરાવી, એટલે કુમાર પ્રત્યે રોષયુક્ત બનેલ તે સર્વ રાજાઓએ એકી વખતે સમસ્ત સેનાને સજ્જ કરી, પરન્તુ બળવાન કુમારે સઘળી સેનાને જીતી લઈને દરેક રાજાઓની સાથે યુદ્ધ શરૂ કર્યું. ક્રીડામાત્રમાં સર્વ રાજાઓને જીતીને અપરાજિત કુમાર સિંહની માફક **સોમપ્રભ** રાજાના હાથી પર ચડી ગયો એટલે મામા એવા તેણે ‘ આ મારી બેનનો પુત્ર છે ’ એમ કેટલાક લક્ષણોદ્વારા અપરાજિતને ઓળખી કાઢયો. બાદ આંખમાંથી અશ્રુ વહાવતાં તેમજ અત્યંત હર્ષ પામતાં સોમપ્રભે ભાણેજ અપરાજિતને આલિંગન આપ્યું.

પછી તેણે સઘળા રાજવીઓને જણાવ્યું કે–“ હરિણંદી રાજાના પુત્ર આ અપરાજિત કુમારને મારા ભાણેજ તરીકે જાણો. ” એટલે હર્ષિત બનેલ તે સમસ્ત રાજાઓ કુમારના સ્વજન ( જાનૈયા ) બન્યા અને ઉત્સાહી બનેલ તેઓએ કુમારનો વિવાહ–મહોત્સવ કર્યો. પછી જિતશત્રુથી સન્માન કરાએલ સોમપ્રભ વિગેરે રાજવીઓ પોતપોતાના સ્થાને ગયા.

અપરાજિતને જનાનંદ નગરમાં રહેલો સાંભળીને તેને બોલાવવાને માટે મુખ્ય મંત્રી જલ્દી આવ્યો. જેમ નદીઓનો સમૂહ સાગરને મળે તેમ પૂર્વે પરણેલી સ્ત્રીઓના પિતા વિગેરે વિદ્યાધરો પણ તેમની પાસે આવી પહોંચ્યા. જેમ નક્ષત્રોથી ચંદ્ર વીંટળાય તેમ તે કુમાર મિત્ર, મંત્રી, રાજાઓ અને વિદ્યાધરોથી વીંટાયો. બાદ સૈન્યની ગતિથી કંપતી, હસ્તીઓના મદજળથી આર્દ્ર બનેલી, અનુરાગવાળી પોતાની નગરીરૂપી પત્ની પાસે કુમાર આવી પહોંચ્યો અર્થાત્ પોતાના નગરે આવી પહોંચ્યો. જેમ મેઘને જોઈને વૃક્ષ ખુશી થાય તેમ પિતાને જોઇને કુમાર ખુશી થયો, અને ચંદ્રને જોઇને સાગર ઉલ્લાસ પામે તેમ હરિણંદી પણ પુત્રને જોઇને હર્ષ પામ્યો. રોમાંચને અંગે વિચિત્ર કાંતિવાળો, તેમજ બંને ભુજારૂપી પાંખને વિસ્તારતો વીર કુમાર પિતાના ચરણકમળમાં ભમરની જેમ નમી પડયો. બાદ પોતાના બંને હાથવડે પ્રીતિમાન રાજાએ કુમારને ઊભો કરીને મસ્તક પર હર્ષાશ્રુ વર્ષાવતા તેણે તેને હૃદય સાથે ચાંપ્યો. બાદ માતાના બંને ચરણમાં નખ અને મુકુટની કાંતિથી પરસ્પર મળી ગયેલ મસ્તક નમાવીને તેણે મસ્તક ઊંચું કર્યું નહીં. બાદ માતાએ મુશ્કેલીએ તેને ઊભો

કરીને હર્ષપૂર્વક મસ્તક પર ચુંબન કરાએલ કુમારે દેવોને પણ દુર્લભ પોતાના બાલ્યાવસ્થાના સુખને યાદ કર્યું.

મનોગતિ અને ચપલગતિના જીવો કે જે સ્વર્ગથી ચ્યવીને અપરાજિતના લઘુબંધુ તરીકે જન્મેલા **સૂર** અને **સોમ** નામના બંધુઓએ તેના ચરણમાં નમસ્કાર કર્યો. અપરાજિતને સમર્થ જાણીને તેને રાજ્ય અર્પણ કરીને હરિણંદીએ હર્ષપૂર્વક દીક્ષા લીધી. તપરૂપી સૂર્યના વિસ્તારથી કર્મરૂપી અંધકારસમૂહને નષ્ટ કરનાર હરિનંદી મુનિવરે મોક્ષપદ પ્રાપ્ત કર્યું.

પટ્ટરાણીપદથી વિભૂષિત પ્રીતિમતી તેમજ પોતાના બંને બાંધવ સૂર અને સોમ સહિત અપરાજિત પૃથ્વીનું પાલન કરવા લાગ્યા. અત્યંત તેજસ્વી દીપકના અસાધારણ મંદિરરૂપ અને અનંત બુદ્ધિમાન મિત્ર વિમલબોધ પણ તેનો મંત્રી થયો. તીર્થયાત્રા તેમજ રથયાત્રા કરતાં રાજાએ નવયૌવનવાળા **અનંગદેવ** નામના શ્રેષ્ઠીને જોયો. વળતે જ દિવસે તે અનંગદેવનું મૃત્યુ સાંભળીને–જાણીને અપરાજિત મહારાજાએ 'આ અસાર સંસારને ધિક્કાર હો!' એમ શ્રેષ્ઠ વિચારને અંતઃકરણમાં સ્થાપન કર્યો અર્થાત્ તેને વૈરાગ્ય ઉપજ્યો. તેવામાં નગરની નજીકમાં એક કેવળી મુનિ આવી પહોંચ્યા જેનું તેમણે પૂર્વે કુમારાવસ્થામાં કુંડપુર નગરમાં દર્શન કર્યું હતું. બાદ પ્રીતિમતીથી ઉપજેલ **પદ્મકુમાર**ને રાજ્ય અર્પણ કરીને પ્રીતિમતી, વિમલબોધ, સૂર અને સોમ સહિત તે મુનિવર પાસે દીક્ષા લીધી. મુનિ અવસ્થામાં ઘણી તપશ્ચર્યા કરીને આયુ પૂર્ણ થયે તે સપરિવાર **આરણ** નામના દેવલોકમાં ઈંદ્રસામાનિક દેવ થયો.

આરણ દેવલોકથી ચ્યવેલો અપરાજિતનો જીવ આ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં કુરુ દેશના મુકુટરૂપ **હસ્તિનાપુર** નગરને વિષે **શ્રીષેણ** રાજાની **શ્રીમતી** પ્રિયાની કુક્ષીથી, સંપૂર્ણ ચંદ્રના સ્વપ્નથી સૂચિત **શંખ** નામના પુત્ર તરીકે અવતર્યો. વિમળબોધનો જીવ પણ શ્રીષેણ રાજાના ગુણસાગર સમાન **કિરીટ** મંત્રીનો પુત્ર **મતિપ્રભ** તરીકે જન્મ્યો. યુવાવસ્થામાં આવેલ તેમજ હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરતા તે બંને, પૂર્વની માફક મિત્ર બનીને ક્રીડા કરવા લાગ્યા.

કોઇએક દિવસે ચોરીરૂપી દાવાનળથી દુઃખી થએલ એવા સીમાડામાં રહેલ લોકો આવીને શ્રીષેણ નૃપતિને વિજ્ઞપ્તિ કરવા લાગ્યા કે–" **વિશાલશંગ** નામનો પર્વત અને **ચંદ્રશિશિરા** નામની નદી, જેની નજીક છે તેવા કિલ્લામાં રહેલ **સમરકેતન** પલ્લીપતિ મુશ્કેલીથી જીતાય તેવો છે. તે પ્રદેશમાં રહેલ પલ્લીપતિ, જેમ ચંદ્ર પોતાના કિરણોવડે કમળવનની શોભાને નષ્ટ કરે છે તેમ, પોતાના બાહુથી દેશની લક્ષ્મીને હરી જાય છે. તે પ્રદેશમાં રહેતા લોકોની દુઃખજન્ય પીડાથી ગદ્ગદ્ વાણી સાંભળીને રાજા ક્રોધરૂપી અગ્નિની સગડી(સ્થાન)રૂપ બન્યો. હૃદયમાં પીડિત રાજાએ યુદ્ધનો વિચાર કરીને પોતાના પાયદળ, હસ્તીદળ, અશ્વદળ અને રથદળના અધિપતિઓને સંગ્રામ માટે હુકમ કર્યો, એટલે હૃદયમાં અત્યંત કોપ હોવા છતાં નિર્વિકાર મુખાકૃતિવાળા કુમારે શ્રીષેણ નૃપતિને વિનતિ કરી કે–" હે સ્વામિન્! સ્વર્ગથી ઈંદ્ર આવ્યો નથી તેમ પાતાલમાંથી બલીષ્ઠ બલિ રાજા આવ્યો નથી તો સામાન્ય પલ્લીપતિ પ્રત્યે આપનો આવો કોપ શો? આપ ક્રોધ ન કરો, હું જાતે જઇને ક્રીડામાત્રમાં તેને જીતી લઇશ. જેને નખવડે છેદી શકાય તેને માટે કુહાડાનો ઉપયોગ કોણ કરે?"

આ પ્રમાણે કુમારનું કથન સાંભળીને હર્ષિત બનેલા રાજાથી ફરમાવાયેલા શંખકુમારે શત્રુના વિનાશ માટે સૈન્ય તૈયાર કર્યું. કેટલાએક સૈનિકોને કિલ્લામાં રોકીને પલ્લીપતિ પણ પોતાના સૈન્ય સાથે કપટપૂર્વક દૂર સ્થળે જઈને રહ્યો. સમરકેતુના પ્રપંચને જાણી લઈને સજ્જ સેનાવાળા કુમારે પણ કેટલાએક આગળ મોકલેલા પાયદળદ્વારા કિલ્લો જીતી લીધો; એટલે 'શંખકુમાર પોતાના સૈન્ય સાથે કિલ્લામાં દાખલ થયો છે' એમ માનીને પલ્લીપતિએ પણ પોતાની પુષ્કળ બલિષ્ઠ સેનાથી કિલ્લાને ઘેરી લીધો. કિલ્લાને ઘેરતા તે ધૃષ્ટ પલ્લીપતિને કુમારે પણ પોતાના પરાક્રમી સૈન્યદ્વારા ઘેરી લીધો.

'આ પ્રમાણે અંદર તેમજ બહારના સૈન્યસમૂહથી પોતે હણાશે' એમ વિચારીને સમરકેતુએ પોતાનું અભિમાન છોડી દીધું અને જાણે અભિમાનરૂપી મશનો પિંડો હૃદયમાંથી સાક્ષાત્ બહાર આવ્યો હોય તેમ પોતાના ખભા ઉપર કુહાડાને ધારણ કરતો તે પલ્લીપતિ કુમારને શરણે આવ્યો.

સમરકેતનની સાથે પોતાના નગર તરફ પાછાં ફરતાં, અર્ધા રસ્તામાં મધ્યરાત્રિએ કુમારે પોતાના સૈન્યના પડાવની નજીકમાં કોઈક સ્ત્રીનો રુદનધ્વનિ સાંભળ્યો, એટલે તે શબ્દને અનુસારે ખડ્ગરૂપી લતાને અંગે સુશોભિત ભુજારૂપી વૃક્ષવાળો કુમાર એકલો જ ત્યાં ગયો. કુમારે તેણીને પૂછ્યું કે–"હે ભીરુ! તું શા માટે રુદન કરે છે?" એટલે કુમારની આકૃતિથી વિશ્વાસ પામેલી તે દુઃખી સ્ત્રી બોલી કે–

"**અંગદેશની ચંપા** નામની નગરીને વિષે **જીતારી** રાજાની **કીર્તિમતી** રાણીને ઘણા પુત્રો ઉપર **યશોમતી** નામની પુત્રી જન્મી. શ્રીષેણ રાજાના શંખકુમાર પ્રત્યે, તેના ગુણોનું શ્રવણ થવાથી, જેમ કમલિનીને સૂર્ય પ્રત્યે પ્રેમ ઉદ્‌ભવે તેમ અનુરાગ પ્રગટ્યો; એટલે પોતાની પુત્રીના વિવાહ માટે જીતારી રાજાએ શ્રીષેણ નૃપતિ પ્રત્યે વાણીરૂપી અમૃતના સાગર સમાન કોઈએક યોગ્ય પુરુષને મોકલ્યો. આ સમય દરમિયાન તેજથી સૂર્યને પણ ઝંખવાણો કરતા **મણિશેખર** નામના વિદ્યાધરે મારી સાથે તે રાજકુમારીનું અપહરણ કર્યું. આ અટવીને વિષે મને મૂકીને તે વિદ્યાધર કુમારીને અન્યત્ર લઈ ગયેલ છે. હે શ્રીમાન! હું તેની ધાવમાતા છું અને તેના વિયોગથી રુદન કરું છું." બાદ 'કોઈપણ સ્થળેથી તેણીના સમાચાર મેળવીશ' એ પ્રમાણે વિચારતા કુમારે ધાવમાતાને મિષ્ટવાણીથી આશ્વાસન આપ્યું.

પછી રાજકુમારીની તપાસ કરવા માટે કુમાર તત્પર થયો તેવામાં પ્રભાવાળા ચંદ્રે પર્વત પર દીપક સરખા સૂર્યને પ્રગટાવ્યો અર્થાત્ સૂર્યોદય થયો. કન્યાને શોધવામાં તલ્લીન બનેલા કુમારે તે અટવીમાં ભ્રમણ કરતાં કરતાં વિશાલશૃંગ પર્વતની ગુફામાં 'શંખ એ જ મારો સ્વામી છે.' એમ બોલતી બાળાને તેમજ તે બાળાની પ્રાર્થના કરતા મણિશેખર વિદ્યાધરને જોયો. એટલે ક્રોધપૂર્વક પોતા તરફ દોડતા અને કન્યાને સ્નેહપૂર્વક જોતા તે કુમારને 'ખરેખર આ કન્યાનો પ્રિયતમ છે.' તેમ વિદ્યાધરે નિર્ણય કર્યો, અને 'હે કન્યા! આ તારો સ્વામી શંખ આવી પહોંચ્યો છે, હું તેને હણી નાખું છું' એ પ્રમાણે તેણીને જણાવીને વિદ્યાધર

કુમાર સામે ચાલ્યો; પરન્તુ તીક્ષ્ણ ખડ્ગવાળા મણિશેખર સાથે ઘોર યુદ્ધ કરીને શંખકુમારે નિસ્તેજ બનેલા તેને જીતી લઇને પોતાનો સેવક બનાવ્યો. પ્રાતઃકાળે ચંદ્રને હાંકી કાઢનાર સૂર્યને કમલિની જેમ નીરખે તેમ તે બાળા હાસ્ય કરીને શત્રુને પરાભવ પમાડનાર કુમારને જોવા લાગી.

તેવામાં મણિશેખરના, મનના જેવા વેગવાળા સૈનિકો, જેમ હંસો સરોવરના કાંઠે ઉતરે તેમ રાજકુમારની સમીપમાં ઊતર્યા. બાદ એ વિદ્યાધરને પોતાના નગરમાં તેમજ સૈન્યના પડાવમાં સમાચાર આપવા માટે કુમારે મોકલ્યા તેમજ એક વિદ્યાધરને યશોમતીની ધાવમાતાને બોલાવી લાવવા મોકલ્યો. બાદ યશોમતી સાથે સિદ્ધ ભગવંતોના ચૈત્યોને પ્રણામ કરતો કુમાર, પૃથ્વીરૂપી સ્ત્રીના લલાટ સદૃશ વૈતાઢ્ય પર્વતના તિલકરૂપી કનકપુર નામના વિદ્યાધરના નગરમાં આવ્યો. ત્યાં આગળ વિદ્યાધરોના સૌજન્યરૂપી સાગરમાં વિષ્ણુ સમાન કુમાર કેટલાક દિવસો રોકાયો. મણિશેખરે પોતાની પુત્રી તેને પરણાવી અને બીજા વિદ્યાધરોએ પણ પોતપોતાની કન્યાઓ પરણાવી.

બાદ સમસ્ત વિદ્યાધરોથી ચારે બાજુ પરિવરેલ કુમાર શત્રુઓના ભયથી રહિત ચંપાપુરીના ઉદ્યાનને વિષે આવી પહોંચ્યો. અને જેમ ચંદ્ર દક્ષ રાજાની રોહિણી વિગેરે પુત્રીઓને પરણે તેમ શંખકુમાર યશોમતી વિગેરે કન્યાઓને પરણ્યો. ઉઘાડાયેલ દ્વારરૂપી બે ઓષ્ઠને અંગે દરવાજારૂપી મુખમાંથી નીકળેલા મહેલોની કાંતિથી જાણે હાસ્ય કરતી હોય તેવી ચંપાપુરીમાં કુમારે પ્રવેશ કર્યો.

ચંપાપુરીથી પોતાના નગર હસ્તિનાપુર આવતાં, સૂર અને સોમના જીવો ચ્યવીને કુમારના **યશોધર** ને **ગુણધર** નામના લઘુબંધુ તરીકે જે જન્મ્યા હતા તે કુમારના સ્વાગતાર્થે સામે આવ્યા. ડાબી અને જમણી બાજુ બે બાહુરૂપ બનેલ બંને બંધુઓથી તે કુમાર નગરજનોથી ચાર ભુજાવાળા વિષ્ણુ સરખો જોવામાં આવ્યો. પછી માત-પિતાને નમસ્કાર કરીને પોતાને કૃતાર્થ માનતો કુમાર વિશાળ પ્રીતિરૂપી વેલથી પ્રફુલ્લ વૃક્ષરૂપ બન્યો અથાત્ અત્યંત હર્ષ પામ્યો.

પછી પૃથ્વીરૂપી ધોંસરીને વહન કરવામાં વૃષભ સમાન (રાજ્યને યોગ્ય) પુત્રને રાજ્યાસન પર બેસાડીને શ્રીષેણ નૃપતિએ **ગુણધર** આચાર્ય પાસે દીક્ષા લીધી. ઉદ્યાન સરખી આ પૃથ્વીને નીતિરૂપી જળ વારંવાર સિંચીને તે રાજાએ, માળીની માફક તેને યશરૂપી પુષ્પોથી વિકસાવી અર્થાત્ પોતાનો વિપુલ યશ વિસ્તાર્યો.

કોઇ એક દિવસે દેવોથી સેવાતા, ઘાતી કર્મનો ક્ષય કરનાર શ્રીષેણ કેવળજ્ઞાની હસ્તિનાપુરની નજીક સમવસર્યા, એટલે પોતાના પરિવાર સહિત શંખ રાજવીએ મુનીશ્વરને નમસ્કાર કરીને દેશના સાંભળ્યા બાદ વિજ્ઞપ્તિ કરી કે–"હે સ્વામિન્! આ યશોમતીને વિષે પ્રેમને અંગે મને અત્યંત આસક્તિ શા માટે છે?" આ વિષયમાં કેવળી ભગવંતે તેણીનો અનેક ભવોથી ચાલ્યો આવતો સંબંધ જણાવ્યો. "આવતા મનુષ્યભવમાં તમે બાવીશમા **નેમિનાથ**

નામના તીર્થંકર થશો અને મંત્રી તથા તારા બંને ભાઇઓ તારા ગણધરો થશે તેમજ આ યશોમતી **રાજીમતી** તરીકે જન્મીને, તમારામાં જ લયલીન બનતી, અવિવાહિત અવસ્થામાં તમારાથી પાસેજ દીક્ષા લઇને મોક્ષ પ્રાપ્ત કરશે."

આ પ્રમાણે કેવળી ભગવંતની વાણી સાંભળીને શંખ જેવા ઉજ્જવળ શંખ રાજવીએ પોતાના **પુંડરીક** નામના શૂરવીર પુત્રને રાજ્ય અર્પણ કર્યું. બાદ યશોમતી, મંત્રી અને પોતાના બંને બંધુઓની સાથે શંખ રાજાએ મુક્તિરૂપી સ્ત્રીના ચક્ષુ સમાન દીક્ષા લીધી, અને અર્હદ્ ભક્તિ આદિ સ્થાનકોની ઉપાસનાદ્વારા શંખમુનિએ **તીર્થંકરનામકર્મ** ઉપાર્જન કર્યું. પ્રાંતે આરાધના કરીને પાદપોપગમ અણશણ કર્યું. પરીષહો અને ઉપસર્ગોથી નહીં જીતાએલ શંખ મુનિ અપરાજિત નામના અનુત્તર વિમાનને વિષે દેદીપ્યમાન દેવ તરીકે ઉપજ્યા. તે દેવલોકમાં અખંડ સુખરૂપી અમૃતના પાનમાં લયલીન અને શ્રેષ્ઠ રૂપ-કાંતિવાળા તે દેવે અધિક હર્ષવાળા અને અદ્‌ભૂત સૌભાગ્ય-લક્ષ્મીવાળા સમયને વ્યતીત કર્યો.

× × ×

અમૃતથી પણ અત્યંત મીષ્ટ, ચંદ્રની જ્યોત્સ્ના-ચાંદની સમૂહ કરતાં પણ નિર્મળ, નવીન આમ્રવૃક્ષના માંજરસમૂહથી પણ અત્યંત સુગંધી, સરસ્વતીના મુખમાંથી નીકળતા સ્નેહાર્દ્ર વચનોચ્ચારથી પણ અતિ રમણીય એવી વસ્તુપાલની વાણી કોના ચિત્તને આનંદ અર્પતી નથી?

# સર્ગ અગિયારમો

## વસુદેવ યાત્રાવર્ણન

[યદુવંશની ઉત્પત્તિ–વસુદેવ સાથે કંસની મિત્રાચારી–સિંહરથનું કંસથી પરાજિત થવું–જરાસંધે કંસને આપેલ મથુરા નગરીનું રાજ્ય–કંસે પિતાને કરેલ કેદ–વસુદેવનું રીસાઈને પરદેશગમન–અનેક પત્નીઓનું કરેલ પાણિગ્રહણ–ગંધર્વસેનાના વૃત્તાંતની સાથોસાથ ચારદત્તે પણ કહેલ વિસ્તૃત આત્મવૃત્તાંત–દમયંતીના જીવ કનકવતી સાથે વસુદેવનો વિવાહ–કુબેરનું આગમન–તેણે કહેલ પોતાનો ને કનકવતીનો પૂર્વવૃત્તાંત–નલનો જીવ એ જ કુબેર–તેણે જણાવેલ નલ–દમયંતીનો વિસ્તૃત હેવાલ–વિદ્યાધરે વસુદેવનું કરેલ અપહરણ–રુધિર રાજાની પુત્રી રોહિણીના સ્વયંવરમાં આગમન–વસુદેવે લીધેલ પડહ ( ઢોલક ) વગાડનારનું રૂપ–જરાસંધ, સમુદ્રવિજય વિગેરે સંખ્યાબંધ રાજાઓનું આગમન–દેવીવચન અનુસારે રોહિણીનું ઢોલકને વરવું–અન્ય રાજાઓનું આ બનાવથી ઉશ્કેરાવું–રુધિર રાજા સાથે શરૂ થયેલ સંગ્રામ–રુધિરનું પરાભવપણું–વસુદેવે દર્શાવેલ પોતાનું રણ–કૌશલ્ય–જરાસંધે ગભરાઈને સમુદ્રવિજયને વસુદેવ સામે લડવા જવાનો કરેલ આદેશ–પરસ્પર તુમુલ યુદ્ધ–વસુદેવે તેમને પોતાના વડીલ બંધુ જાણી નમ્રભાવસૂચક ફેંકેલું બાણ–બાણની અક્ષરપંકિત વાંચીને સમુદ્રવિજયનું વસુદેવ પ્રતિ ઉલટભેર ગમન–વસુદેવનું પણ સામે જવું–પરસ્પર મિલન ને હર્ષ–વસુદેવનું ગગનવલ્લભ નગરે જવું અને સમુદ્રવિજય વિગેરે યાદવોનું સ્વનગરે આગમન–પોતાની પરણેલી પત્નીઓ સહિત વસુદેવનું પણ આવી મળવું.]

**હરિવંશ**માં અનેક રાજાઓ થયા બાદ **મથુરા** નગરીમાં **બૃહદ્રથ** રાજવીનો **યદુ** નામનો પુત્ર રાજા થયો. યદુનો **શૂર** નામનો પુત્ર થયો જેને **શૌરી ને સુવીર** નામના બે પુત્રો થયા, જે પૈકી શૌરીને મથુરાનું રાજ્ય અર્પણ કરીને વિચક્ષણ શૂર રાજવીએ દીક્ષા લીધી. બંધુ પ્રત્યે સ્નેહાળ શૌરી રાજાએ પોતાનું મથુરાનું રાજ્ય સુવીરને અર્પણ કરીને પોતે **કુશાર્ત્ત** દેશમાં **શૌરીપુર** નામનું નગર વસાવીને રાજ્ય કરવાનું શરૂ કર્યું. શૌરીને **અંધકવૃષ્ણિ** આદિ અને સુવીરને **ભોજવૃષ્ણિ** આદિ બળવાન પુત્રો થયા. અંધકવૃષ્ણિને રાજ્ય સોંપીને શૌરી રાજાએ **સુપ્રતિષ્ઠ** નામના મુનિવર પાસે ચારિત્ર અંગીકાર કરીને મોક્ષ પ્રાપ્ત કર્યું. સુવીરે પણ ભોજવૃષ્ણિને રાજ્ય સુપ્રત કરીને, પોતાને માટે **સિંધુ** દેશમાં **સૌવીર** નામનું

નગર વસાવ્યું. મથુરારૂપી કમળને વિકસાવવામાં સૂર્યસમાન ભોજવૃષ્ણિ રાજાને ગુણવાન **ઉગ્રસેન** નામનો પુત્ર થયો. અંધકવૃષ્ણિને **સુભદ્રા** નામની રાણીથી નીચે પ્રમાણે (૧) જયશાલી **સમુદ્રવિજય,** (૨) શત્રુઓને વ્યાકુળ બનાવનાર **અક્ષોભ્ય,** (૩) શત્રુઓનું શમન કરનાર **સ્તિમિત,** (૪) સમુદ્ર સરખો ગંભીર **સાગર,** (૫) હિમાચલ જેવી ઉજ્જ્વળ કીર્તિવાળો **હિમવાન,** (૬) દૃઢનિર્ણયવાળો **અચલ,** (૭) પૃથ્વીના આભૂષણરૂપ **ધરણ,** (૮) શત્રુઓનું મર્દન કરનાર **પૂરણ** (૯) પ્રમાદ રહિત **અભિચંદ્ર** અને (૧૦) વિશ્વને જીતનાર **વસુદેવ** નામના દશ પુત્રો થયા. અંધકવૃષ્ણિએ પોતાના રાજ્ય પર **સમુદ્રવિજયને** સ્થાપીને **સુપ્રતિષ્ઠ** નામના મુનિવર્ય પાસે સંયમ સ્વીકારીને મુક્તિ મેળવી. મહાબળવંત ને ઇંદ્રિયને દમનાર ભોજવૃષ્ણિએ પણ ઉગ્રસેનને રાજ્ય સોંપીને તેજ **સુપ્રતિષ્ઠ** મુનિરાજ પાસે દીક્ષા લીધી.

**સુભદ્ર** નામના વણિકના **કંસ** નામના પુત્રની સાથે મથુરામાં અભ્યાસ કરતાં વસુદેવને મિત્રાચારી થઇ. ત્યારબાદ ચૈતન્યવાળા દેહના પડછાયાની માફક તેઓ બંને પરસ્પર સદૈવ વિવિધ ક્રીડા કરવા લાગ્યા. (દેહથી જેમ પડછાયો કદી છૂટો ન પડે તેમ કંસ વસુદેવથી કદી છૂટો પડતો નહિ. બન્ને વચ્ચે ગાઢ મિત્રાચારી થઇ.)

કોઇએક દિવસે સભામાં બેઠેલા સમુદ્રવિજય રાજાને પ્રતિવાસુદેવ **જરાસંધ** રાજાનો આદેશ મળ્યો કે-"વૈતાઢ્ય પર્વતની તળેટીમાં અમારા વંશમાં ઉત્પન્ન થયેલ **સિંહરથ** નામનો રાજા છે. અતિ અભિમાની તેને જે કોઇ બાંધીને મારી પાસે લાવશે તેને ઇચ્છિત દેશ તથા મારી **જીવયશા** નામની પુત્રી આપવામાં આવશે." ત્યારે 'આ રાજાનું ફરમાન છે' એમ વિચારીને સમુદ્રવિજયે તે આદેશ સ્વીકાર્યો. જરાસંધના હુકમને સફળ કરવામાં શક્તિશાળી વસુદેવે સમુદ્રવિજય પાસે તે પ્રતિજ્ઞા પૂર્ણ કરવાની માગણી કરી. સમુદ્રવિજયનો આદેશ મેળવીને, કંસને સારથી બનાવીને શ્રેષ્ઠ સેના યુક્ત અસાધારણ પરાક્રમી ને વીર વસુદેવ વૈતાઢ્ય પર્વતે ગયો; એટલે ડુક્કર જેમ સિંહની સામે જાય તેમ યુદ્ધને વિષે દુઃસહ્ય સિંહરથ રાજા શીઘ્ર વસુદેવની સામે આવ્યો. યુધ્ધના વ્યૂહથી પોતાનું સૈન્ય ભગ્ન બન્યું ત્યારે વસુદેવે પોતે સિંહરથની સાથે સંગ્રામ શરૂ કર્યો. તેવામાં કંસે ગદા ઉપાડીને, અચાનક શત્રુને તાડન કરીને, બાંધીને વસુદેવ પાસે હાજર કર્યો. બાદ દૈત્યના જેવા પરાક્રમી સિંહરથનો પરાજય કરનાર વસુદેવે આવીને સમુદ્રવિજયના ચરણમાં હર્ષપૂર્વક પ્રણામ કર્યો.

પછી સમુદ્રવિજયે વસુદેવને કહ્યું કે-"આ કાર્યથી તુષ્ટ થયેલ જરાસંધ રાજા તને **જીવયશા** પુત્રી પરણાવશે પરન્તુ 'પિતૃ તેમજ પતિ એમ ઉભય કુળનો ઉચ્છેદ કરનારી જીવયશા છે' એમ મેં "**ક્રોષ્ટુકી**" નામના જ્ઞાનીના વચનથી જાણ્યું છે માટે તું તેનો ત્યાગ કર." ત્યારે વસુદેવે વિચારીને તેમને જણાવ્યું કે-"હે રાજન્! યુદ્ધમાં કંસે જ સિંહરથને બાંધી લીધો છે તેથી આ સર્વ યશ તેને જ ઘટે છે." સમુદ્રવિજયે પુનઃ પ્રશ્ન કર્યો કે-"જરાસંધ બલિષ્ઠ પરન્તુ વણિકપુત્ર કંસને પોતાની પુત્રી કેવી રીતે પરણાવશે?" વસુદેવે જવાબ આપ્યો કે-"તેના અતુલ પરાક્રમને કારણે તે વણિકપુત્ર જણાતો નથી. આપણે તેના માતા-પિતાને બોલાવીને પૂછવું જોઇએ."

સમુદ્રવિજયે સુભદ્ર શ્રેષ્ઠીને બોલાવીને, કંસની હાજરીમાં જ તેને સોગનપૂર્વક પૂછ્યું કે–"શું કંસ તારો જ પુત્ર છે?" ત્યારે તેણે જેવી હકીક્ત બની હતી તેવી નીચે પ્રમાણે કહી સંભળાવી—

"એકદા સ્નાન કરવા માટે હું યમુના નદીયે ગયો હતો, તેવામાં મેં એક કાંસાની પેટી તરતી જોઈ એટલે તેને શીઘ્ર ખેંચી લાવીને મેં ઉપાડી તો તેમાં આ તેજસ્વી કંસ મારા જોવામાં આવ્યો. એ વીંટી પહેરેલા આ કુમારના મસ્તકની નીચે રહેલી એક ચીઠ્ઠી મારા હાથમાં આવી." આ પ્રમાણે જણાવીને સુભદ્રે તે ચીઠ્ઠી સમુદ્રવિજયના ચરણમાં મૂકી. "**ધારિણી** રાણીની કુક્ષિથી ઉત્પન્ન થયેલ આ ઉગ્રસેનનો પુત્ર પોતાના પતિ(ઉગ્રસેન)ના આંતરડાઓ ખાવાના દોહદવાળો હોવાથી, મંત્રીઓદ્વારા કપટપૂર્વક તે દોહદ પૂર્ણ કરવા પછી 'આ પિતૃવૈરી થશે' એમ વિચારીને પોતાને પ્રાણથી પણ પ્રિય હોવા છતાં અતિનિંદ્ય હોવાને કારણે માતાએ યમુના–જળમાં વહેતો મૂકી દીધો છે." આ પ્રમાણેની તે ચીઠ્ઠી વાંચીને પોતાના જ ગોત્રના આભૂષણરૂપ તેને જાણીને સમુદ્રવિજય તે ક્ષણે હર્ષ પામ્યા.

પછી જરાસંધ પાસે જઈને, સમુદ્રવિજયે કંસનું પરાક્રમ વર્ણવીને, બાંધી આણેલા સિંહરથને તેમને સુપ્રત કર્યો, એટલે કંસને પોતાની જીવયશા પુત્રી પરણાવીને 'તમારે કયો દેશ જોઈએ છીએ' એમ જરાસંધે પૂછ્યું ત્યારે પિતા પ્રત્યેના દ્વેષથી કંસે મથુરાપુરીની જ માગણી કરી એટલે જરાસંધે આપેલ પ્રચંડ સૈન્યવાળો કંસ મથુરા નગરીએ ગયો અને ઉગ્રસેન રાજવીને કાષ્ઠના પાંજરામાં પૂર્યો. ધારિણી માતાએ તેને કહ્યું કે–"તારો ત્યાગ મેં કર્યો છે. આ સંબંધમાં તારા પિતા ઉગ્રસેન કંઈપણ જાણતા નથી." છતાં કંસે ઉગ્રસેનને છોડ્યા નહીં. પછી પોતાના પિતાના દુઃખથી વ્યાકુળ બનેલ કંસના નાનાભાઈ બુદ્ધિમાન **અતિમુક્તકે** મોક્ષ-માર્ગના પ્રયાણમાં સરોવર સમાન સંયમ સ્વીકાર્યો. બાદ જરાસંધથી સત્કાર કરાયેલ અને શૂરવીરોમાં અગ્રણી સમુદ્રવિજય શૌરીપુર આવી પહોંચ્યા.

કોઇએક સમયે નીતિને જાણનારા તેમજ વસુદેવના દેહ-સૌંદર્યથી આકર્ષિત બનતી સ્ત્રીસમૂહથી વ્યાકુળ બનેલા નગરજનોએ સમુદ્રવિજયને વિજ્ઞપ્તિ કરી એટલે તેવા પ્રકારની હકીકતથી ભય પામેલ તેમણે વસુદેવને પોતાના ખોળામાં બેસારીને કહ્યું કે–"હમેશાં બહાર પરિભ્રમણ કરવાથી તું દુર્બળ બન્યો છો તો કલાનો અભ્યાસ કરતાં તારે નિરંતર મારા મહેલમાં જ રહેવું" એટલે વડીલ બંધુની આજ્ઞા, શેષની માફક, મસ્તકે ધારણ કરીને વસુદેવ મહેલમાં જ રહીને હંમેશાં કલાભ્યાસ કરવા લાગ્યો.

**વસુદેવનું પરદેશ ગમન–**

એકદા શિવાદેવીવડે સમુદ્રવિજય રાજા માટે મોકલાતા ચંદનરસને વસુદેવે મશ્કરીથી દાસીના હાથમાંથી લઇ લીધો ત્યારે હાસ્ય કરતી દાસીએ તેને કહ્યું કે–"સ્ત્રીઓની આવા પ્રકારની મશ્કરી કરવાને લીધે જ તમોને રાજાએ બંદીવાન બનાવ્યા છે." પોતાનું આ પ્રમાણેનું નિયંત્રણ (બંધન) જાણીને વસુદેવ રાત્રિને વિષે દેશાંતર જોવાને માટે નગરીથી બહાર નીકળી

ગયો. પછી અતિ બુદ્ધિમાન તેણે શ્મશાનને વિષે એક ચિતા રચી અને તેની અંદર કોઇએક શબને ફેંકીને હર્ષપૂર્વક બાળ્યું. બાદ તે ચિતાની નજીક એક સ્તંભ ઊભો કરીને ચીઠ્ઠીમાં તેણે લખ્યું કે-"વડીલ જનોથી દૂષિત ગુણવાળા મનાયેલા વસુદેવે અગ્નિમાં પ્રવેશ કર્યો છે." આ પ્રમાણે કહીને, માર્ગમાં જતો વસુદેવ કોઇએક સ્ત્રીથી જોવાયો એટલે ખિન્ન બનેલ બ્રાહ્મણ વેષધારી તેને તેણીએ પોતાના રથમાં બેસાર્યો. તે સ્ત્રીના ગામમાં જઇ, તેના ઘરને વિષે સ્નાન તેમજ ભોજન ક્રિયાથી પરવારીને યક્ષમંદિરમાં ગયેલા તેણે સાંભળ્યું કે-"અગ્નિમાં બળીને દગ્ધ થયેલ વસુદેવ માટે તેના સ્વજન વર્ગે અત્યંત શોક કર્યો છે." એટલે પોતાના પકડાઇ જવાના સંબંધમાં નિર્ભય બનેલ બળવાન તે વસુદેવ આગળ ચાલ્યો એટલે રસ્તે જતાં કોઇએક સ્ત્રીએ તેને પોતાના રથમાં બેસાર્યો. બાદ **વિજયખેટ** નામના નગરમાં **સુગ્રીવ** રાજાની, પોતાની કલાદ્વારા જીતાયેલી **શ્યામા** અને **વિજયસેના** નામની બે રાજકુમારીને વસુદેવ પરણ્યો. વિજયસેનાને **અક્રૂર** નામના પુત્રનો જન્મ થયા બાદ અટવીમાં પરિભ્રમણ કરતો તે **જલાવર્ત** નામના સરોવર પાસે આવી પહોંચ્યો. તે સરોવરને વિષે આવેલા મદોન્મત્ત હસ્તીને વશ કરતા વસુદેવને **અર્ચિમાલી** ને **પવનંજય** નામના વિદ્યાધરોએ તત્કાળ હરી લીધો.

પછી **કુંજરાવર્ત** નામના ઉદ્યાનમાં લવાયેલા તેને **અશનિવેગ** નામના વિદ્યાધરે હર્ષપૂર્વક પોતાની **શ્યામા** નામની પુત્રી પરણાવી. શ્યામાએ પણ પોતાની વીણાવાદનની કળાથી ચતુર વસુદેવને તુષ્ટ કર્યો ત્યારે તેણે તેણીને વરદાન માગવા કહ્યું એટલે તેણીએ માગ્યું કે-"તમારી સાથે મારો કદાપિ વિયોગ ન થાઓ." વસુદેવે તેણીને પૂછ્યું કે-"હે પ્રિયા! તેં મારી સાથેના અવિરહની માગણી શા માટે કરી?" એટલે મૃગલીના જેવા લોચનવાળી તેણી બોલી કે-"વૈતાઢ્ય પર્વતના ભૂષણરૂપ **કિન્નરગીત** નામના નગરમાં **અર્ચિમાલિનો** પુત્ર **જ્વલનવેગ** નામનો રાજા હતો. તેને **અશનિવેગ** નામનો બલીષ્ઠ લઘુબંધુ અને **અંગારક** નામનો પુત્ર હતો. અશનિવેગની હું પુત્રી છું અને જ્વલનવેગે મારા પિતાને રાજ્ય આપીને દીક્ષા લીધી છે. વિદ્યા અને બળથી શૂરવીર અંગારકે મારા પિતાને જીતીને અદ્ભુત રાજ્ય લઇ લીધું.

કોઇએક દિવસે **અષ્ટાપદ** પર્વત પર ચારણઋષિએ મારા પિતાને જણાવ્યું કે-'**જલાવર્ત** સરોવરને વિષે જે પુરુષ હસ્તીને જીતશે તે તમને તમારું રાજ્ય પાછું અપાવશે.' ત્યારથી પ્રારંભીને ત્યાં આગળ મૂકવામાં આવેલા બે વિદ્યાધરોવડે તમને અહીં લાવવામાં આવ્યા છે, અને રાજ્યના લોભથી મારા પિતાએ તમારી સાથે મને પરણાવી છે. વિદ્યાધરોના શાસ્ત્રોમાં એવો આચાર બતાવવામાં આવ્યો છે કે-જે કોઇ વિદ્યાધર સ્ત્રી સાથે રહેલા વિદ્યાધરનો નાશ કરે છે તે વિદ્યારહિત બની જાય છે. હે સ્વામિન્! ક્રૂર અંગારક તમારું અનિષ્ટ ન કરે તે કારણથી મેં તમારી સાથેના અવિયોગની માગણી કરી છે." બાદ તેણીનું કથન સ્વીકારીને વસુદેવ શ્યામાની સાથે ત્યાં સુખપૂર્વક રહેવા લાગ્યો.

એકદા રાત્રિને વિષે સ્ત્રી સાથે સૂતેલો વીર વસુદેવ અંગારકવડે હરણ કરાવાથી જાગી ઊઠ્યો અને 'મને આ કોણ ઉપાડી જાય છે' એમ વિચારતાં તેણે અંગારકની સાથે તલવારથી યુદ્ધ કરતી પોતાની શ્યામા પત્નીને જોઇ. તેવામાં અંગારકે ખડ્ગથી શ્યામાના બે

વિભાગ કરી નાખ્યા ત્યારે વસુદેવે યુદ્ધ કરતી બે શ્યામાને જોઇ, એટલે આને માયા માનીને, જેમ સિંહ હસ્તીને પ્રહાર કરે તેમ વસુદેવે હર્ષપૂર્વક અંગારકના મસ્તક પર મુષ્ટિ મારી ને ગાઢ પ્રહારથી પીડિત થયેલા અંગારકવડે છોડી દેવાયેલ વસુદેવ ચંપાપુરીના નજીકના સરોવરના જળમાં પડયો. બાદ શીઘ્ર સરોવરને તરીને કિનારે રહેલ શ્રી **વાસુપૂજ્ય** તીર્થંકરના જિનાલયમાં ગયો અને જિનેશ્વર ભગવંતની પ્રતિમાને પ્રણામ કરીને કોઇએક બ્રાહ્મણની સાથે ચંપાપુરીમાં ગયો.

તે નગરીમાં યુવાન પુરુષોને વીણા વગાડતા જોઈને તે બ્રાહ્મણને વસુદેવે કારણ પૂછયું એટલે તે શ્રેષ્ઠ બ્રાહ્મણે તેને નીચે પ્રમાણે જણાવ્યું કે–

" આ નગરીમાં **ચારુદત્ત** વણિકની **ગંધર્વસેના** નામની પુત્રી છે. જેણે એવી પ્રતિજ્ઞા કરી છે કે–' જે મને વીણાવાદનમાં જીતશે તે મારો સ્વામી થશે. આ નગરમાં **યશોગ્રીવ** અને **સુગ્રીવ** નામના બે વીણાચાર્ય રહે છે, જેની પાસે આ બધા યુવાન પુરુષો તેણીને મેળવવાની ઈચ્છાથી વીણાવાદનનો અભ્યાસ કરી રહ્યા છે. મહિને મહિને આ સંબંધી પરીક્ષા થાય છે, પરંતુ હજુ સુધી કોઈ તેણીને જીતી શકયું નથી. "

આ પ્રમાણે સાંભળીને વિદ્યાથી કદરૂપા બ્રાહ્મણનો વેશ ધારણ કરીને, સુગ્રીવ નામના આચાર્ય પાસે જઇને વસુદેવે કહ્યું કે–" ગંધર્વસેના મેળવવાની ઇચ્છાથી હું તમારો શિષ્ય થવા માગું છું." એટલે ઉપાધ્યાયે પણ તેને હાંસીપૂર્વક પોતાની પાસે રાખ્યો અને વસુદેવે પણ પોતાની મૂખાઇ ( અજ્ઞપણું ) દર્શાવતો લોકોને આનંદ પમાડવા લાગ્યો. મહિનો પૂરો થયો એટલે ગંધર્વસેના પોતે યુવાનોની વીણા–વાદન સંબંધી પરીક્ષા કરવા આવી પહોંચી ત્યારે મશ્કરી કરવાને માટે ઉપાધ્યાય તેમજ અન્ય શિષ્યોએ સુંદર વસ્ત્રોને ધારણ કરનાર વસુદેવને મોટા આસન પર બેસાર્યો. ગંધર્વસેનાએ સર્વ યુવાનોને જીતી લીધા એટલે મશ્કરા તે યુવાન લોકોએ ગંધર્વસેના સાથે વાદ કરવા–હરીફાઇ કરવા વસુદેવને પ્રેરણા કરી, ત્યારે તેણે પોતાનું માણસોને ચમત્કાર ઉપજાવે તેવું રૂપ ધારણ કરીને, યુવાન પુરુષોની વીણાને દૂષિત જણાવીને ગંધર્વસેનાના હસ્તમાં રહેલી વીણા ગ્રહણ કરી. પછી ગંધર્વસેનાએ તેને કહ્યું કે– " **વિષ્ણુકુમારનું** ત્રણ પગલાં સંબંધી પરાક્રમ વર્ણવો." એટલે વસુદેવને તે પ્રમાણે સર્વ કહ્યું એટલે હર્ષ પામેલ ચારુદત્ત તેમને આનંદપૂર્વક પોતાના આવાસે લાવ્યો અને વિવાહ અવસરે ગોત્રાદિકની પૃચ્છા કરવામાં આવી ત્યારે ચારુદત્ત હસવા લાગ્યો અને બોલ્યો કે– " આ વણિકપુત્રી છે" એમ માનીને તમે ઉપહાસ ન કરશો. આ ગંધર્વસેનાનું વૃત્તાંત સાંભળવા લાયક છે." ગંધર્વસેનાના વિવાહ બાદ વસુદેવ યશોગ્રીવ અને સુગ્રીવની **શ્યામા** અને **વિજયા** નામની પુત્રીને પણ પરણ્યો.

બીજે દિવસે ચારુદત્તે હર્ષપૂર્વક વસુદેવને ગંધર્વસેનાનો વૃત્તાંત કહેવાની શરૂઆત કરી. " પૂર્વે **સુભદ્રા** અને **ભાનુ** નામના મારા માતા–પિતા જીવતા હતા ત્યારે મિત્રોની સાથે હું ક્રીડા કરવા માટે સિંધુ નદીના કિનારે ગયો હતો. ત્યાં આગળ કોઇએક સ્ત્રી–પુરુષના પગલાંને અનુસારે ભમતાં એવા મેં શય્યાવાળા કેળના મંડપને જોયો. ત્યાં આગળ વૃક્ષની સાથે જડી દીધેલ કોઇએક યુવાન પુરુષને તેમજ તેની તલવારના મ્યાનમાં રહેલ ત્રણ ઔષધીઓને જોઇ, તે

**ચારુદત્ત ને ગંધર્વસેનાનું ચરિત્ર–**

ઔષધી પર લગાડેલ ચીઠ્ઠીમાં જણાવેલ માહિતીથી તે ઔષધીઓદ્વારા મેં તે તરુણને ખીલારહિત, વ્રણ (ઘા) રહિત તેમજ મૂર્ચ્છા રહિત બનાવ્યો. બાદ ચૈતન્ય યુક્ત બનેલા તેણે ચક્ષુ ઉઘાડીને મને કહ્યું કે-“ હે નિષ્કારણ બંધુ ! તારું હું શું પ્રિય કરું ? હું વૈતાઢ્ય પર્વતના મુકુટરૂપ **શિવમંદિર** નગરના **મહેંદ્રવિક્રમ** નામના વિદ્યાધર રાજાનો **અમિતગતિ** નામનો પુત્ર છું. તપશ્ચર્યા કરતાં **હિરણ્યરોમ** નામના મારા મામાની પુત્રી યથાર્થ નામવાળી **સુકુમારિકા**ને હું પરણ્યો. તેણીને વિષે આસક્ત એવા મારા મિત્ર **ધૂમશિખ**ને હું જાણતો હતો પરન્તુ દાક્ષિણ્યને અંગે મેં તે મિત્રનો ત્યાગ કર્યો નહીં; કારણ કે જગતમાં **મિત્રનો ત્યાગ કરવો દુર્ઘટ છે.** સાથે આવેલ વિશ્વાસઘાતી એવા તે મારા મિત્રે કપટપૂર્વક મને આ વૃક્ષ સાથે જડી દીધો અને મારી પત્નીનું અપહરણ કરીને ચાલ્યો ગયો. હે કરુણાળુ ! હમણા માતાની માફક જીવિત આપનાર તમારો, આ જન્મમાં હું કેવી રીતે બદલો વાળી શકીશ ?” “તમારા દર્શન માત્રથી જ હું કૃતકૃત્ય થયો છું.” એમ મેં તેને જણાવ્યું ત્યારે મારી સાથે મિત્રાચારી કરીને તે આકાશમાં ઊડી ગયો.

કાળક્રમે **સર્વાર્થ** નામના મારા મામાની **મિત્રવતી** નામની પુત્રી સાથે મારા માતા-પિતાએ મને મહોત્સવપૂર્વક પરણાવ્યો. મને કળાઓને વિષે આસક્ત તેમજ ભોગવિલાસોથી પરાંગમુખ જાણીને પિતાએ જ મને હર્ષપૂર્વક મોહક્રીડાઓમાં જોડ્યો. **કલિંગસેના** વેશ્યાની હર્ષરૂપી મકરંદને અર્પવામાં મકરંદ સમાન **વસંતસેના** નામની પુત્રીમાં હું આસક્ત બન્યો. તેના આવાસે બાર વર્ષ પર્યન્ત રહીને મેં સોળ ક્રોડ દ્રવ્ય ખર્ચી નાખ્યું. બાદ મને નિર્ધન જાણીને કલિંગસેનાએ ઘર બહાર કાઢી મૂકયો. પછી મારા આવાસે ગયેલા મેં માત-પિતાને મૃત્યુ પામેલા જાણીને અત્યંત દુઃખ અનુભવ્યું અને મિત્રવતીના આભૂષણો વેચી નાખીને કંઈક દ્રવ્ય મેળવ્યું. પછી મારા મામાની સાથે **ઉશિરવર્ત્ત** નામના નગરે ગયો અને મેં કપાસ ખરીદ્યો પરન્તુ તે અગ્નિથી બળી ગયો. બાદ ‘ હું નિર્ભાગી છું ’ એમ માનીને મામાવડે ત્યજાયલો હું અશ્વ પર બેસીને કોઇએક દિશા તરફ ચાલી નીકળ્યો પણ માર્ગમાં તે અશ્વ પણ મૃત્યુ પામતાં હું પગે ચાલવા લાગ્યો.

પછી ઘણી મુશ્કેલીથી **પ્રિયંગુપુર** નામના નગરે જતાં મારા પિતાના મિત્ર **સુરેંદ્રદત્તે** મને હર્ષપૂર્વક રોકયો. વ્યાપારદ્વારા એક લક્ષ દ્રવ્ય પ્રાપ્ત કરીને સમુદ્રમાં ગમનાગમન કરતાં મેં આઠ કરોડ સુવર્ણ પ્રાપ્ત કર્યું. પછી મારા નગર તરફ આવતાં સમુદ્રમાં વહાણ ભાંગી જવાથી, પાટિયું હાથ આવતાં સાતમે દિવસે **ઉદુંબરાવતી** નામના બંદરે આવી પહોંચ્યો. ત્યાંથી આગળ વધતાં **રાજપુર** નગરની નજીકમાં રહેલ વનમાં વસતા **દિનકર** નામના ત્રિદંડીને નમસ્કાર કરીને, થાકી ગયેલો હું તેની પાસે બેઠો. તેણે મને કહ્યું કે-“ હે ભદ્ર ! તું દ્રવ્યનો અર્થી હો તેમ જણાય છે. તારી પ્રત્યેની કરુણાથી હું તને રસ( સિધ્ધરસ )નો કૂવો બતાવીશ.” આ પ્રમાણે કહીને તે ચાલ્યો એટલે તેની પાછળ હર્ષપૂર્વક ચાલતો હું પણ સર્પાદિકથી વ્યાપ્ત એવી પર્વતની નજીકમાં રહેલી અટવીને વિષે ગયો. પછી મંત્રવડે ઘણી યંત્રશિલાથી વ્યાપ્ત દ્વાર ઉઘાડીને **દુર્ગપાતાલ** નામના બિલ( ગુફા )માં તે દાખલ થયો. લોભરૂપી પાશથી જકડાએલો હું પણ તેને અનુસર્યો અને અંધકારમાં મુશ્કેલીથી ભમતાં મેં રસકૂપ જોયો.

પછી તે યોગીએ દોરડાથી બાંધેલ માંચી પર મને બેસાડીને, હાથમાં તુંબડું આપીને રસની ઇચ્છાથી કૂવામાં ઊતાર્યો. તે કૂવામાં ચાર માથોડા સુધી ઊંડા ઊતરીને મેખલા પર રહેલા મેં રસ જોયો અને જેવામાં હું 'અર્હંત ભગવંતને નમસ્કાર થાઓ' એમ બોલ્યો તેવામાં કૂવામાં રહેલા કોઇએક મહાત્મા પુરુષે મને સ્પષ્ટ વાણીમાં કહ્યું કે–" હે ભાગ્યશાળી! હે સાધર્મિક બંધુ! તું જાતે આ રસને ગ્રહણ કરીશ નહીં. ધનનો ઇચ્છક હું વણિક રસને માટે જ તે ત્રિદંડીવડે આ કૂવામાં નખાયેલો છું. રસને અંગે મારો નાભિ નીચેનો ભાગ ખવાઈ ગયો છે. તું રસમાં દાખલ થઇશ નહીં–અડીશ નહીં. તારું તુંબડું તું મને આપ. હું તને તે ભરી આપીશ." મેં પણ તેને તુંબડું આપ્યું એટલે તેણે ભરીને મને પાછું આપ્યું. પછી દોરડાના હલાવવાથી ત્રિદંડીએ માંચી ખેંચી અને કૂવાના કાંઠા સુધી આવેલા મારી પાસે તુંબડાની માગણી કરી પણ તે મને બહાર કાઢતો નહોતો તેથી 'આ દગાખોર છે.' એમ માનીને મેં રસ કૂવામાં ફેંકી દીધો ત્યારે તેણે પણ મને ક્રોધપૂર્વક કૂવામાં ફેંકી દીધો. હું પણ કૂવાના કંદોરા( મેખલા )પર પડ્યો. મને મેખલા પર પડેલો જોઇને કૂવામાં રહેલા તે વણિકે કહ્યું કે–" સારું થયું કે તું રસમાં પડ્યો નથી. તું ગભરાઇશ નહીં. રસ પીવા માટે એક ચંદન ઘો અહીં આવે છે તે રસ પીને જાય ત્યારે તું, જેમ દુઃખી માણસ ધર્મનું અવલંબન લે તેમ, તેનું પૂંછડું પકડી લેજે. પરલોકના ભાતારૂપ **નમસ્કાર મંત્ર** તું મને સંભળાવ." મેં તેને નમસ્કાર મંત્ર સંભળાવ્યો તેવામાં તે વણિક મૃત્યુ પામ્યો.

પછી રસ પીવા આવેલ ચંદન ઘોના પુંછડાને પકડવાથી બહાર નીકળેલ હું મૂર્ચ્છા પામ્યો. પછી સચેત બનેલ હું અરણ્યમાં ભટકવા લાગ્યો તેવામાં જંગલી પાડાએ મારા પર હુમલો કર્યો. હું એક મોટી શિલા પર ચઢી ગયો. પાડાને કોઇએક અજગરે પકડ્યો એટલે ભયભીત બનીને હું ત્યાંથી નાશી છૂટ્યો. અટવીને છેડે રહેલ ગામમાં ગયેલ હું વ્યાધિગ્રસ્ત બન્યો એટલે મારા મામાના મિત્ર **રુદ્રદત્તે** મારું પાલન કર્યું.

બાદ અળતો લઈને વ્યાપારાર્થે હું સમુદ્રદત્તની સાથે **સુવર્ણભૂમિ** તરફ ચાલ્યો. **ઇષુવેગવતી** નામની નદીને તરીને, **ગિરિકૂપ** નામના પર્વતને ઓળંગીને ક્રમપૂર્વક નેત્ર-(નેતર)ના વનમાં જઇને અમે બંને **ટંકણ** નામના દેશમાં આવ્યા. ત્યાં બે બકરાં ખરીદીને, તેના પર ચઢીને વજ્રભૂમિનું અમે ઉલ્લંઘન કર્યું. પછી રુદ્રદત્તે મને કહ્યું કે–" હવે અહીંથી પગે ચાલીને જવાનો રસ્તો નથી. બંને બકરાઓને મારી નાખીને, તેના ચામડા ઉલટાવીને, તેની કોથળી બનાવીને, તેની અંદર રહેલ આપણ બંનેને, માંસની શંકાથી **ભારુંડ** પક્ષીઓ ઉપાડી જઇને, સમુદ્રને વિષે રહેલ સુવર્ણભૂમિ શીઘ્ર પહોંચાડી દેશે." આ પ્રમાણે સાંભળીને મેં કહ્યું–" હે મામા! વિષમ માર્ગમાંથી પાર કરવાને કારણે આ બંને બકરા આપણા બંધુ તુલ્ય છે; તો તેને મારીને તમે ઘોર પાપ ન કરો." ત્યારે 'આ બકરાં તારા નથી.' એમ કહીને તેણે ક્રોધપૂર્વક પોતાના બકરાને મારી નાખ્યો. મારો બકરો મારા આગળ દીનમુખ કરીને ઊભો હતો તેને મેં જોયો. મેં તે બકરાને ઉદ્દેશીને કહ્યું કે–" તારું રક્ષણ કરવા હું શક્તિમાન નથી, પરન્તુ પરલોકની શુધ્ધિ માટે તને જૈન ધર્મનું શરણ હો!" ત્યારે મારાથી અપાયેલ જૈન ધર્મને મનથી સ્વીકારીને, મેં સંભળાવેલ **નવકારમંત્રને** હર્ષપૂર્વક સાંભળતાં તે

બકરાને **રુદ્રદત્તે** હણી નાખ્યો. પછી ચામડાની કોથળીમાં રહેલ અને છરીવાળા અમને બંનેને ભારુંડ પક્ષીઓએ ઉપાડ્યા પરન્તુ રસ્તામાં બીજા કોઇ ભારુંડ પક્ષીએ મને લઇ જતા ભારુંડ પક્ષી પર હુમલો કર્યો એટલે તેનાથી મૂકી દેવાયેલ હું કોઇએક સરોવરને વિષે પડયો. પછી છરીવડે કોથળીને ચીરીને, સરોવરને તરીને જંગલમાં ભમતો હું કોઇએક પર્વત પર ચઢ્યો અને કાયોત્સર્ગમાં રહેલા કોઈએક મુનિવરને મેં નમસ્કાર કર્યો ત્યારે મને '**ધર્મલાભ**' આપીને મુનિવરે કહ્યું કે–" હે ચારુદત્ત ! વિદ્યાધરોને લાયક આ સ્થાનમાં તું કયાંથી આવી ચઢયો ? હે મહાત્મન્ ! જેને તેં મુક્ત કર્યો હતો તે જ વિદ્યાધર હું છું. તે સમયે તારી રજા લઇને મારી સ્ત્રીનું અપહરણ કરનાર શખ્સને શોધવા ચાલ્યો ગયો હતો. પછી હર્ષિત બનેલ હું અષ્ટાપદ પર્વત પર ગયો અને મારી પત્નીને એકલી જોઇ. મારી પત્નીએ મને જણાવ્યું કે–" ભયભીત બનેલ તે શત્રુ નાશી ગયો છે. " પછી મારી પત્નીને લઇને હું મારા નગરે ગયો અને મારા પિતાએ મને રાજ્ય અર્પણ કર્યું અને **હિરણ્યકુંભ** અને **સુવર્ણકુંભ** નામના વિદ્યાધર મુનિ પાસે દીક્ષા લીધી. મારી **મનોરમા** નામની પત્નીથી **સિંહયશા** નામનો પુત્ર જન્મ્યો. બીજો **વરાહગ્રીવ** નામનો પુત્ર થયો જે અભિમાની પુરુષોને પણ માનવા લાયક હતો. વળી **વિજયસેના** નામની મારી બીજી પત્નીથી **ગંધર્વસેના** નામની પુત્રી જન્મી, જે સમસ્ત ગાંધર્વ (સંગીત) કળાના અસાધારણ સ્થાનભૂત હતી. બાદ સિંહયશાને રાજવી પદ તેમજ વરાહગ્રીવને યુવરાજ પદ આપીને તેઓને વિદ્યાઓ શીખવીને મેં પિતા પાસે દીક્ષા લીધી. લવણ સમુદ્રની મધ્યમાં આવેલ આ **કુંભકંઠ** નામનો દ્વીપ છે, જેમાં આવેલ આ **કર્કોટક** નામનો પર્વત છે તો તું અહીં ક્યાંથી આવી ચઢ્યો ? " ત્યારે મેં તેને સર્વ હકીકત જણાવી તેવામાં આવી પહોંચેલા તેના બંને વિદ્યાધરપુત્રોએ તેને નમસ્કાર કર્યો. તેઓ બંનેને ઉદ્દેશીને તે વિદ્યાધર મુનિએ કહ્યું કે–" આ ચારુદત્ત છે, તેને તમે નમસ્કાર કરો. " તે બંનેએ મને નમસ્કાર કર્યો તેવામાં કોઇએક દેવે આવીને પહેલાં મને અને પછી તે વિદ્યાધર મુનિને પ્રણામ કર્યા. સિંહયશા ને વરાહગ્રીવે તે દેવને વંદન–વિધિના ઊલટા ક્રમ સંબંધી પૃચ્છા કરી એટલે હર્ષભરપૂર તે વૈમાનિક દેવે જણાવ્યું કે—

" ટંકણ દેશમાં પૂર્વે હું બકરો હતો. રુદ્રદત્તે મને મારી નાખ્યો. તે સમયે આ ચારુદત્તે મને **જૈનધર્મ** પમાડ્યો, જેથી હું સૌધર્મ દેવલોકમાં દેવ થયો. આ ચારુદત્ત મારો ધર્માચાર્ય છે, જેથી મેં કૃપાના ભંડાર એવા તેમને પ્રથમ વંદન કર્યું છે. મેં ક્રમનું ઉલ્લંઘન કર્યું નથી. " આ પ્રમાણે તે બંને વિદ્યાધરોને જણાવીને તે દેવે મને ઉદ્દેશીને જણાવ્યું કે–" હું તમારો કેવો પ્રત્યુપકાર કરું ? તમારા ઉપકારનો બદલો કઈ રીતે વાળું ? " મેં તે દેવને જણાવ્યું કે–" જ્યારે હું તમને યાદ કરું ત્યારે તમારે આવવું. " પછી તે દેવ ચાલ્યો ગયો અને સિંહયશા તથા વરાહગ્રીવ મને તેમના નગરે લઈ ગયા. ત્યાં આગળ તેમની માતા તથા બંને ભાઇઓવડે સત્કાર કરાયેલો હું રહ્યો.

કોઇએક દિવસે તેઓની બહેન ગંધર્વસેનાં મને દેખાડી અને કહ્યું કે–" દીક્ષા લેતા એવા અમારા પિતાએ અમને સૂચના કરી છે કે–' મને જીવિતદાન આપનાર ચારુદત્ત

નામનો મનુષ્ય મારો મિત્ર છે. નિષ્કારણ બંધુ એવા તેણે મને શલ્ય ( ખીલા ) રહિત કર્યો હતો તો તમારે તેને ગંધર્વસેના સોંપવી. જ્ઞાની પુરુષે મને જણાવ્યું છે કે–' કલાથી જીતાએલ ગંધર્વસેનાને વસુદેવ પરણશે ' માટે તમારે મારા કથન પ્રમાણે કરવું ' તો તમે તમારી આ બહેનને ગ્રહણ કરો. "

આ પ્રમાણે તેઓનું વચન સાંભળીને, તેને લઇને જલ્દી ઘરે આવવા હું ઉતાવળો બન્યો એટલામાં બકરાનો જીવ જે દેવ થયો હતો તે ત્યાં આવ્યો એટલે તે દેવ તેમજ બંને વિદ્યાધરોની સાથે હું અહીં આવ્યો. તે દેવ મને પુષ્કળ સુવર્ણ અને રત્ન આપીને દેવલોકમાં ગયો અને તે બંને વિદ્યાધરો વૈતાઢ્ય પર્વતે ગયા. એટલામાં મેં મારા મામા સર્વાર્થને, તેમજ શિયલના મંદિરરૂપ મારી પત્ની મિત્રવતીને અને બાંધેલી વેણીવાળી ( મારા વિરહકાળ દરમ્યાન જેણે પોતાનો કેશકલાપ સરખો કર્યો નથી તેવી ) વસંતસેના વેશ્યાને જોઇ. હે વીર વસુદેવ ! આ પ્રમાણે આ ગંધર્વસેનાની ઉત્પત્તિ મેં કહી. તે વણિકપુત્રી નથી." આ પ્રમાણે ગંધર્વસેનાનો વૃત્તાંત સાંભળીને લક્ષ્મી સરખી તેણીને વસુદેવ પરણ્યો.

પછી દેશ–દેશાંતરમાં ભ્રમણ કરતો વસુદેવ રાજાઓની, વિદ્યાધરોની, બ્રાહ્મણોની અને વણિકલોકોની સૌંદર્ય, સૌભાગ્ય અને લાવણ્યાદિ ગુણોથી વિભૂષિત અનેક કન્યાઓ કોઇ એક સ્થળે પ્રીતિપૂર્વક, કોઇક સ્થળે વૈરભાવથી, કોઇકવાર કપટપૂર્વક, કોઇક સ્થળે બળથી, કોઈકવાર કલામાં જીતી લેવાથી, કોઈક સ્થળે આગ્રહથી, કોઇક સ્થળે હઠાગ્રહથી અને કોઈક સ્થળે કૌતુકપૂર્વક પરણ્યો.

**કોશલ** નામના વિદ્યાધરની **સુકોશલા** નામની પુત્રીનું **કોશલા** નામની નગરીને વિષે વસુદેવે પાણિગ્રહણ કર્યું. તેણીની સાથે સંભોગ ક્રીડા કર્યા બાદ થાકી જવાથી સૂતેલા વસુદેવને કોઇએ અંગૂઠો હલાવીને ઉઠાડ્યો અને પોતે બહાર જઇને ' આ કોણ છે ? ' એમ વિચારવા લાગ્યો તેવામાં પોતાના ચરણમાં નમસ્કાર કરતાં તેને ' આ **ચંદ્રહાસ** નામનો પોતાનો વિદ્યાધર અનુચર છે ' એમ ઓળખી કાઢ્યો ત્યારે હર્ષને અંગે શીઘ્ર વિકસિત અંતઃકરણવાળા તેણે વસુદેવને ગૌરવપૂર્ણ વાણીવડે કહ્યું કે–" હે કુમાર ! " આ પ્રમાણે વિદ્યાધર જેવામાં આગળ કંઈક કહે છે તેવામાં તેને વચ્ચે જ વસુદેવે પૂછ્યું કે–" આવી ઘોર અંધારી રાત્રિએ તું ક્યા કારણથી અને કયા સ્થાનથી અહીં આવ્યો છે ? તે તું સત્ય કહે " ત્યારે અત્યંત હર્ષિત બનેલા ચંદ્રહાસે જણાવ્યું કે–" હે દેવ ! કુતુહળવાળી એક કથા આપ સાંભળો—

પૃથ્વીના આભૂષણરૂપ **પેઢાલપુર** નામનું નગર છે, જે નગરમાં વસતી સ્ત્રીઓના કટાક્ષોને અંગે તે નગર કામદેવની ધનુર્વિદ્યાના અભ્યાસ–સ્થળ જેવું બની રહેલ છે. તે નગરમાં શત્રુરૂપી હસ્તીને હણવામાં સિંહ સમાન, ચંદ્ર જેવા ઉજ્જવળ યશવાળો અને કીર્તિરૂપી પુષ્પના ઉદ્યાનના માળી સમાન **હરિચંદ્ર** નામનો રાજા છે. તેને રૂપમાં લક્ષ્મી સરખી **લક્ષ્મીવતી** નામની રાણી છે, જેના મુખના દાસીપણાને માટે જળને વિષે કમળો તપશ્ચર્યા કરી રહેલ છે.

સતી એવી લક્ષ્મીવતીએ, જેમ સરોવર કમળને પ્રગટાવે તેમ લોકોના લોચનરૂપી ચપળ ભ્રમરોથી જોવાતી સુખકમળવાળી પુત્રીને જન્મ આપ્યો. તેણીના જન્મદિવસે ઉત્કર્ષ કરનારી સુવર્ણવૃષ્ટિ થઈ તે તેણીની કાંતિથી જીતાવાને લીધે સેવા કરવાને માટે મેરુપર્વતથી આવી હોય તેમ જણાતું હતું. બાદ કૌતુક અને સ્નેહભરપૂર તેણીના માત-પિતાએ તેણીનું યથાર્થ **કનકવતી** એવું નામ રાખ્યું. અનુક્રમે કલાઓનો અભ્યાસ કરતી તે યુવાવસ્થાને પ્રાપ્ત થઈ છે, જે વયમાં કામદેવ, રતિનો વલ્લભ હોવા છતાં તેણીને વિષે નિવાસ કરવાની ઇચ્છાવાળો બન્યો છે. નિર્મળ ચંદ્ર સરખી કાંતિવાળી તેણીએ સૂર્ય સમાન ગુરુ પાસેથી કલાભ્યાસ કરતાં બધી કલાઓ શીખી લીધી, તેથી હરિચંદ્ર રાજાએ પોતાની કન્યાના રૂપને યોગ્ય વરને નહીં જોતા સ્વયંવર મંડપ કરેલ છે. સ્વયંવરના દિવસને એક મહિનો બાકી રહ્યો હતો તેવામાં તેણી, જેમ આંખમાં કીકી રહે તેમ પોતાના મહેલના ઝરૂખામાં બેઠી હતી.

તેવામાં તેની સમક્ષ કોઇએક સુંદર ગતિવાળો, કંઠમાં પહેરેલા હારથી જાણે હાસ્ય કરતો હોય તેવો કોઈએક હંસ આકાશમાંથી ઊતર્યો. સોનાની ઘુઘરીઓવાળા મનોહર આભૂષણોથી રણકાર કરતા તે હંસને તેણીએ પોતાના કમળ જેવી કાંતિવાળા હાથ ઉપર બેસાર્યો ત્યારે તે હંસે હંમેશના કમળના મકરંદના સ્વાદથી પણ અતિ મનોહર ચમત્કારપૂર્ણ મનુષ્યવાણીથી તેણીને કહ્યું કે-" હે બાલા ! તને જો કંઇ પણ કૌતુક સાંભળવાની ઇચ્છા થઇ હોય તો અદ્ભુત અને અમૃતના રસ જેવી મનોહર કથા સાંભળ."

જવાબમાં કનકવતીએ પણ તેને કહ્યું કે-" તું મનુષ્યવાણીથી બોલે છે તે પણ મહાન્ અદ્ભુત છે તેથી તારી વાર્તા પણ આશ્ચર્યકારક હશે માટે તે તું જલ્દી કહે." એટલે હંસ બોલ્યો કે-" હે દેવિ ! અમૃતના રસને પણ નિષ્ફળ બનાવતી તે વાર્તા તમારા હર્ષને માટે થશે, માટે તમે સાવધાન થઇને સાંભળો-

એકદા પરિભ્રમણ કરતાં કરતાં હું કોશલા નામની નગરીમાં ગયો હતો. હે દેવિ ! તેવામાં મેં સૂર્યની કાંતિને જીતનાર તેજસમૂહ દૂરથી જ જોયો એટલે 'આ શું છે ?' એમ વિચારતો હું જેવામાં તે જોવાને માટે નીચે ઊતર્યો તેવામાં પોતાની કાંતિથી આકાશને ભરી દેતા કોઇએક પુરુષને અને અત્યંત રૂપવાળી હોવા છતાં તે પુરુષની પાસે રંકની લક્ષ્મી જેવી નિસ્તેજ જણાતી **કોશલ** વિદ્યાધરની **સુકોશલા** નામની પુત્રીને મેં જોઈ. મેં વિચાર્યું કે-આ પુરુષનો હૈયાતિમાં કામદેવ અનંગ (અંગ વિનાનો) નથી અને દેખાતી એવી **રતિ** ખરેખર અનંગા ( શરીર વિનાની ) જણાય છે, જે આ પુરુષની પાસે નથી. ( કામદેવ અંગ વિનાનો મનાય છે, તેની સ્ત્રી રતિ અંગવાળી મનાય છે પણ હંસ કલ્પના કરે છે કે-કામદેવને અંગ વિનાનો કહેવો તે મિથ્યા છે. કારણ કે તે પુરુષ સાક્ષાત્ કામદેવ જેવો સ્વરૂપવાન જણાતો હતો અને તેની પાસે રહેલી સુકોશલા નિસ્તેજ જેવી હોવાથી રતિના સ્થાનને શોભાવવા લાયક ન હતી. હંસ વિચારે છે કે-તે રતિ જ જો હોય તો તેના જેવા સૌંદર્યવતી હોવી જોઇએ. રતિ ખરેખર અદૃશ્ય ( અંગવિનાની ) થઇ ગઇ જણાય છે. કહેવાનો ભાવાર્થ એ છે કે-કામદેવ સરખા તે પુરુષ ( વસુદેવકુમાર ) પાસે

સુકોશલા શોભતી ન હતી.) આ પૃથ્વીને ખરેખર ધન્ય છે, જેમાં મુકુટ સરખો આ પુરુષ શોભી રહ્યો છે, પરન્તુ તેને સ્ત્રીરૂપી રત્ન પ્રાપ્ત થયું નથી તેથી હું માનું છું કે-તેનું કંઈક પુણ્ય ન્યૂન હશે. યોગ્ય પ્રિયા વિનાના તે પુરુષને વારંવાર જોતો તેમજ તેના ભાગ્યનો વિચાર કરતો હું આકાશમાં ઊડી ગયો. તેના જન્મની નિષ્ફળતા વિચારતાં મારા અંતઃકરણમાં હાલમાં હે દેવિ! તમારા દર્શનરૂપી અમૃતથી સફળતાનો શીઘ્ર સંચાર થયો છે. જો હું તે પુરુષ પાસે રહેલા તમને નિહાળું તો કલ્પવૃક્ષની સાથે કલ્પલતા વીંટળાઈને રહી હોય તેમ માનું."

આ પ્રમાણે સાંભળીને કામપીડિત બનેલ, અને દંતપંક્તિની કાંતિરૂપી દૂધથી હંસને વારંવાર સ્નાન કરાવતી કનકવતી બોલી કે-"વિમાર્ગ સરખા મારા કર્ણદ્વારા તે પુરુષે મારા અંતઃકરણમાં પ્રવેશ કર્યો છે, પરન્તુ રાજમાર્ગ સરખા નેત્રથી તે મારા હૃદયપ્રદેશમાં કયારે પ્રવેશશે? અર્થાત્ હે હંસ! હું તેને કયારે નજરે નિહાળીશ?"

આ પ્રમાણે કનકવતી બોલી રહી હતી તેવામાં તે કથાને પૂર્ણ નહીં કરતો તે હંસ અચાનક ઊડી જઈને, તેણીની નજરની સાથોસાથ ઊંચું મુખ કરીને આકાશમાર્ગે ચાલ્યો ગયો. તે હંસના ઊડી જવાથી કનકવતી વિલાપ કરવા લાગી કે-"તે પુરુષનું દર્શન તો દૂર રહો, પરન્તુ તેની વાર્તા કહેનાર હંસ પણ ચાલ્યો ગયો. હા દૈવ! આ હંસનું તેં મને શા માટે દર્શન કરાવ્યું? અને મારી નજરે પાડયો તો અકસ્માત્ તેં શા માટે હરી લીધો?" આ પ્રમાણે તે વિલાપ કરી રહી હતી તેવામાં તેણીની સમક્ષ આકાશમાંથી એક સુંદર ચિત્રપટ પડયો અને દિવ્ય વાણી થઈ કે-"હું તે જ હંસ છું અને મેં જ તે પુરુષનો ચિત્રપટ તારી પાસે નાખ્યો છે. આ ચિત્રપટના અનુસારે તારે સ્વયંવર મંડપમાં તે પુરુષને ઓળખી કાઢવો. તારી માફક તેને પણ અનુરાગ (પ્રેમ) પ્રગટાવવા માટે હું જાઉં છું **કારણ કે આ જગતમાં ઉષ્ણ ને ઠંડી વસ્તુનું જોડાણ થતું નથી."** (લોઢાની સાથે બીજા લોઢાને મિશ્ર બનાવવું હોય ત્યારે બંનેને ઉષ્ણ કરવા પડે છે અને પછી તેને સંયુક્ત કરતા એકરૂપ બને છે પણ એક ભાગ ઉષ્ણ હોય અને બીજો ભાગ ઠંડો હોય તો તે કદાપિ એકરૂપ થતા નથી. તને મેં મદનાર્ત્તા બનાવી, હવે મારે તે પુરુષને પણ મદનાતુર બનાવવો જ જોઈએ.)

ઉપર પ્રમાણે કહીને હંસ બોલતો બંધ થયો એટલે હે વસુદેવ કુમાર! યત્નપૂર્વક જાળવી રાખેલા જીવિત સમાન તમારા ચિત્રપટને તેણી પહેરેગીરની માફક જોઈ રહી છે, (પહેરેગીરનું કાર્ય છે રક્ષણ કરવાનું. તે ચિત્રપટ તેણીનું રક્ષણ કરી રહેલ છે. જો તેને ચિત્રપટ ન મળ્યો હોત તો તેણી મૂર્ચ્છિત બની જાત) તો હે સ્વામિન્! તમારે તેણીના સ્વયંવર સ્થળે જવું. યોગ્ય એવા તમારા બંનેનો મેળાપ કામદેવ ને રતિને જીતનારો બનશે."

આ પ્રમાણે ચિત્તને ચમત્કાર ઉપજાવતું વચન સાંભળીને વસુદેવ બોલ્યો કે-"હે મિત્ર! ખરી રીતે તે હંસ ન હોઈ શકે. સરખે સરખાના યોગ માટે કામદેવે ચંદ્રને મોકલ્યો હશે, અથવા તો તેણીનું અને મારું મૂર્તિમાન પુણ્ય હોય તેમ જણાય છે. (ચંદ્રને કામદેવનો

મિત્ર માનવામાં આવે છે. ) હે મિત્ર ! ચંદ્રાપીડ* ! તેં આ કથા કઈ રીતે જાણી ? અથવા તો શું તેં પોતે જ હંસ બનીને મારા માટે આ કાર્ય કર્યું છે ?"

વસુદેવે તેને આ પ્રમાણે પૂછયું એટલે તે કંઇક હસ્યો ત્યારે જાણે પોતામાં તેને સમાવી દેવા ઇચ્છતો હોય તેમ પોતાના બંને બાહુથી તેને આલિંગન આપ્યું. પછી તેની સાથે સ્વયંવર મંડપમાં જવાના માર્ગનો નિર્ણય કરીને તેમજ તેને રવાના કરીને પલંગમાં બેઠેલા ચતુર વસુદેવે રાત્રિ વ્યતીત કરી.

પ્રાતઃકાળમાં સુકોશલાની રજા લઇને ઉત્કંઠિત બનેલ વસુદેવ પેઢાલપુર નગરની નજીકમાં **લક્ષ્મીરમણ** નામના ઉદ્યાનમાં ગયો ત્યારે વાણીરૂપી અમૃતને ઝરવામાં ચંદ્ર સમાન હરિચંદ્ર રાજાવડે સત્કાર કરાયેલ વસુદેવે તે ઉદ્યાનભૂમિમાં પોતાના સૈન્યનો પડાવ નાખ્યો. પૂર્વે શ્રી **નમિજિનેશ્વરની** સમક્ષ લક્ષ્મીએ આ વનમાં રાસક્રીડા કરી હતી જેથી આ લક્ષ્મીરમણ નામનું ઉદ્યાન છે એમ માનીને હર્ષાન્વિત તેમજ વિકસ્વર રોમરાજીવાળા તેણે તે ઉદ્યાનમાં રહેલ શ્રી નેમિ જિનેશ્વરના જિનાલયમાં રહેલા ભગવંતોને પૂજીને પ્રણામ કર્યા.

તેવામાં આ નગરના ધનાઢ્યોથી જીતાયેલ હોય તેમ **ધનદ** ( કુબેર ) સંધી કરવાને માટે જ જાણે આવ્યો હોય તેમ આકાશમાંથી વિમાનવડે તે જ વનમાં આવ્યો. ઉદ્યાનમાં રહેલા જિનેશ્વરને ભક્તિપૂર્વક પૂજીને તેમજ નમીને વિસ્મિત બનેલા તેણે પોતાની આંગળીની ઇશારતથી વસુદેવને પોતાની નજીક બોલાવ્યો ત્યારે 'આ કોઇ મહર્દ્ધિક દેવ છે, વળી તીર્થંકર ભગવંતોની ભક્તિવાળો હોવાથી માનનીય છે' એમ વિચારીને વસુદેવ હર્ષપૂર્વક તેની પાસે ગયો. સૌંદર્યના સાગર સમાન તેને પોતાની પાસે આવતો જોઇને ઇંદ્રના રૂપ સંબંધી પણ કુબેરને શંકા થઇ અર્થાત્ ઇંદ્રિ કરતાં પણ વસુદેવનું રૂપ ચઢિયાતું હતું. બાદ 'મને હુકમ ફરમાવો' એમ બોલતાં વસુદેવને કુબેરે કહ્યું કે–" હે વિચક્ષણ ! કનકવતી પાસે જઇને તમે મારું દૂતપણું કરો. 'તમારે કુબેરને વરવું એ જ યોગ્ય છે, તારા માટે જ તે, સ્વર્ગથી અહીં આવેલ છે, તો આ દેહથી જ તું જાતે જ તેમની સાથે સ્વર્ગે જા અને મનુષ્યણી હોવા છતાં પણ તું દેવી બન.' આ પ્રમાણે તમારે જઇને તેણીને કહેવું; માટે તું જલ્દી જાતે જ તેના અંતઃપુરમાં જા. મારા પ્રભાવથી પહેરેગીરો તને જોઇ શકશે નહીં."

કુબેરનું આ પ્રમાણેનું શિક્ષા–વચન પ્રાપ્ત કરીને, દેવોથી પણ ઇચ્છવા લાયક અને ધન્યવાદને પાત્ર તે કન્યાનું ચિંતવન કરતો ધૈર્યશાળી, નિર્મળ બુદ્ધિવાળો વસુદેવ હર્ષપૂર્વક ચાલ્યો. સામાન્ય જનને ઉચિત વેષને ધારણ કરતો વસુદેવ, પહેરેગીરોથી નહીં જોવાતો કનકવતીના અંતઃપુરમાં ગયો એટલે પોતાની સમક્ષ અચાનક તેને જોઈને વિસ્મય પામેલી, કંઇક ધ્રૂજતી ને અંતરમાં આનંદ પામતી તેણીએ તેનો સત્કાર કર્યો. પછી કનકવતી વિચારવા લાગી કે–બ્રહ્માએ મારા અગણિત પુણ્યને કારણે ચિત્રપટમાં રહેલા ચિત્રને જીવિત બનાવ્યું કે શું ?

---

* અગાઉ તેનું નામ ચંદ્રહાસ જણાવેલ છે, પણ આ નામાંતર માત્ર જાણવું

અંગવિનાના કામદેવને પોતાની સમક્ષ અંગધારી દર્શાવતો હોય તેમ વીર વસુદેવ કુમારે અમૃત સરખી વાણીથી તેણીને કહ્યું કે-“હે કુમારી! શંકરનો મિત્ર, લક્ષ્મીથી ઇંદ્ર સરખો કુબેર તારા માટે સ્વર્ગથી આ પૃથ્વીપીઠ પર આવેલ છે. હે સુંદરી! તેના દૂત તરીકે હું અહીં આવ્યો છું. સ્વયંવર મંડપને વિષે રાજા મહારાજાઓમાં તારે તે કુબેર જ પસંદ કરવા યોગ્ય છે.”

જવાબમાં કનકવતીએ ધ્રૂજતાં સ્વરથી કહ્યું કે-“હું તો માનવી છું અને તે તો દેવ છે, તો હું તેને કઈ રીતે વરી શકું? પોતાની જાતને છુપાવીને, દૂત બનેલા તમે આ શું બોલી રહ્યા છો? હે જગત્ શ્રેષ્ઠ! વિશ્વને વિષે તો તમે જ મારા સ્વામી થવાના છો. તે કુબેર શંકરનો મિત્ર કે ઇંદ્ર સમાન ભલે રહ્યો, તેથી મારે શું? મારા માટે તો તમે જ શંકર અને ઇંદ્ર છો.”

આ પ્રમાણે કનકવતીનું કથન સાંભળીને આશ્ચર્ય પામેલા વસુદેવે મનમાં ચિંતવ્યું કે-“ખરેખર ચિત્રપટના આધારે કનકવતીએ મને ઓળખી કાઢ્યો છે.” બાદ તેણીને કહ્યું કે-“હું કુબેરના દૂતપણાને માટે આવ્યો છું. તારી આવા પ્રકારની વાણીને સાંભળતો હું ખરેખર પાપથી લેપાઉં છું તો હવે હું જઉં છું.” આ પ્રમાણે કહીને, વસુદેવ, સૂર્યની જેમ શીઘ્ર તેણીની નજર બહાર ચાલ્યો ગયો એટલે કનકવતી પણ કરમાયેલા મુખકમળવાળી બની. વસુદેવના ચાલ્યા જવા બાદ તેણી ચિત્રપટને જોઈને હર્ષ ન પામી કારણ કે તેમાં વસુદેવના હજારમા અંશનું સૌંદર્ય તેણી જોતી ન હતી.

આ બાજુ વિનયી વસુદેવે પણ જઈને જેવામાં જે બીના બની હતી તે કહેવાની શરૂઆત કરી તેવામાં ‘મેં એ સઘળું વૃત્તાંત જાણ્યું છે’ એમ તેને કહીને કુબેરે તેને રોકયો. પછી કુબેરે હર્ષપૂર્વક ઈનામ તરીકે વસુદેવને બે દેવદૂષ્ય વસ્ત્રો પહેરાવ્યા. પછી તેની આંગળીમાં અર્જુન જાતિના સુવર્ણની વીંટી પહેરાવી જેથી તે વસુદેવ કુબેર જેવો બની ગયો.

હવે સ્વયંવરના દિવસે રાજાઓ મંડપમાં ગયા અને કામદેવની સરખા અલંકારોવાળા તે સર્વ માંચડાઓ પર બેઠા, તે સમયે સમસ્ત દેવોને વિષે જેમ ઇંદ્ર અને ઉપેંદ્ર શોભે તેમ સમસ્ત રાજાઓને વિષે એક સરખી આકૃતિવાળા કુબેર અને **વસુદેવ** શોભી રહ્યા હતા. નક્ષત્રોથી શોભતા આકાશમાં જેમ ચંદ્રલેખા દાખલ થાય તેમ જનસમૂહથી વ્યાપ્ત તે સ્વયંવર મંડપને વિષે રાજકુમારી કનકવતી દાખલ થઇ. ધનુષ્ય સરખી પુષ્પમાળાને હાથમાં ધારણ કરતી તે જાણે કે કામદેવની હાલતીચાલતી આયુધશાળા હોય તેમ શોભતી હતી. તેણે સર્વ રાજાઓ પ્રત્યે પોતાની દૃષ્ટિ ફેંકી પણ આકૃતિથી કુબેર જેવા બનેલા પોતાના પ્રિયતમને ઓળખી શકી નહીં. પુષ્કળ રાજાઓવાળા સ્વયંવર મંડપને વિષે પોતાના પ્રિય સ્વામીને નહીં જોવાથી કનકવતી, જેમ ભમરી ચંપકવૃક્ષ વિનાના ઉદ્યાનમાં હર્ષ ન પામે તેમ આનંદ ન પામી. કનકવતી વિલખી બની ગઈ ત્યારે મશ્કરી કરવાનું ત્યજી દઈને કુબેરે વસુદેવ પાસેથી અર્જુન જાતિના સુવર્ણની વીંટી માગી લીધી એટલે તે વીંટીને આપી દેવાથી, જેમ વાદળાથી

મૂકાયેલ સૂર્ય પ્રકાશી ઉઠે તેમ વસુદેવ પોતાના મૂળ સ્વરૂપમાં પ્રકાશી ઊઠયો, એટલે લવણ સમુદ્રના જળ જેવા તે સમસ્ત રાજાઓ પ્રત્યે ફેંકાતી કનકવતીની તૃષિત બે દૃષ્ટિ (આંખ) અમૃતના કૂવા સરખા પ્રિયજનને જોવાથી તૃપ્ત બની ગઇ. ભમરાના અવાજથી વ્યાપ્ત પુષ્પની કાંતિના બહાનાથી હર્ષપૂર્વક હાસ્ય કરતી હોય તેવી તેમજ પોતાની જાતને ધન્ય માનતી માળાને તેણીએ વસુદેવના કંઠમાં પહેરાવી. પછી કુબેરની આજ્ઞાથી થયેલ દુંદુભી નાદને લીધે, સમાન યુગલના સમાગમથી હર્ષિત બનેલ દિશાઓ પણ હાસ્ય કરવા લાગી. જેમ શંકર પાર્વતીને પરણે તેમ વસુદેવ દીર્ઘ સમયે પ્રાપ્ત કરેલ પ્રીતિ સરખી કનકવતીને પરણ્યો. પછી અતિ હર્ષવાળા વસુદેવે કુબેરને પૂછ્યું કે-"કનકવતી પ્રત્યે તમારો આવો સ્નેહભાવ કયા કારણથી થયો ?" એટલે દંતપંક્તિની કાંતિથી વસુદેવને પ્રકાશિત કરતાં કુબેરે દીર્ઘસમયની પ્રીતિનો સેનારૂપી વાણીવડે કહ્યું કે-

**કોશલ** દેશના મુગટરૂપ **કોશલા** નામની નગરી છે; જેના દરવાજા પર લટકતા તોરણના પાંદડાંરૂપી ભૃકુટી સ્વર્ગપુરીને પણ તિરસ્કારી કાઢે છે. તે નગરીમાં આવાસોને વિષે રહેલ કન્યાઓ, સુખપૂર્વક તોડેલા આકાશગંગાના કમળોવડે આભૂષણો બનાવે છે. તે નગરીમાં લાલ મણિઓવાળા મહેલોની કાંતિથી નષ્ટ થયેલા અંધકારમાં લોકો વાવડીઓમાં રહેલા કમળોના વિકસ્વર થવાથી થતાં ભમરોના ગુંજારવથી પ્રાતઃકાળ જાણી શકે છે. (લાલ મણિઓના સદૈવના પ્રકાશથી સૂર્ય કયારે અસ્ત પામ્યો અને કયારે ઉદય પામ્યો તે જાણવું મુશ્કેલ હતું પરન્તુ પ્રાતઃકાળમાં જ કમળો વિકસ્વર બને. એવા અનુમાનથી લોકો સૂર્યોદયની કલ્પના કરી લેતા.) તે નગરીમાં રત્નોના સમૂહથી શોભતા લોકો વસતા હોવાથી સમુદ્ર ખાઇના બહાનાથી તે નગરીને ચારે બાજુ વીંટળાઈ રહ્યો છે. (રત્નોની ખાણ તો સમુદ્ર મનાય છે, પરન્તુ આ નગરીના લોકો પાસે વિપુલ રત્નરાશિ હતો તેથી જાણે પરાભવ પામીને સમુદ્ર પોતે જ તે નગરીની ખાઇરૂપે બનીને આવ્યો હોય તેમ કવિએ કલ્પના કરી છે.)

**કનકવતીનો પૂર્વભવ-**

તે નગરીમાં દુશ્મનોના પરાક્રમને માટે કસોટી સમાન, ક્રીડામાત્રમાં શત્રુસમૂહને જીતનાર **નિષધ** નામનો રાજા હતો. તે રાજાના પ્રતાપરૂપી અગ્નિમાં રાજાઓના વૃધ્ધિ પામતા અપયશરૂપી ધૂમાડાથી આકાશને મલિન બનાવનારા ઘણા વંશો બળી ગયા અર્થાત્ ઘણા રાજાઓ નાશ પામી ગયા. જે રાજાના હસ્તરૂપી સ્તંભને વિષે ભવ્ય દાનરૂપી સુવાસથી એકત્ર થતાં યાચકજનરૂપી ભ્રમર ગણવાળો ઐશ્વર્યરૂપી હસ્તી બંધાયેલ છે; અર્થાત્ તે રાજા પુષ્કળ દાન આપે છે. લક્ષ્મીના દાનના અવસરે જેમના ચરણરૂપી કમળની નખની કાંતિથી પ્રકાશિત ભાલપ્રદેશ(લલાટ)વાળા શત્રુ રાજાઓ, જાણે કેશરથી વિલેપન કરાએલ હોય તેમ શોભી રહ્યા છે. તે રાજાને અસાધારણ સૌંદર્યવાળી **સુંદરા** નામની રાણી હતી, જેના મુખથી જાણે જીતાવાને લીધે જ હોય તેમ કમળ-લક્ષ્મી તેના બંને ચરણમાં રહેલ છે અર્થાત્ તેના ચરણ કમળ જેવા હતા. આમ્રવૃક્ષના રસનું પાન કરી-કરીને કોયલે તેણીની વાણીની મીઠાશ પ્રાપ્ત ન કરી તેથી પ્રગટેલ સંતાપ કોયલના શ્યામપણાનું કારણ બન્યો. હું (કવિ) માનું છું કે-અમૃતરસને પણ જીતનાર વચનરસથી સિંચાયેલ તેણીના અધરે (હોઠે) પણ માધુર્યને ધારણ

કર્યું. તે બંનેનો અગ્નિના કરતાં પણ અતિ તેજસ્વી **નળ** નામનો પુત્ર થયો, જેના શરીરનું ઉપાદાન કારણ અંગ વિનાનો કામદેવ બન્યો. (ઉપાદાન કારણ એટલે મુખ્ય કારણ. કામદેવના સર્વ ગુણો અને લક્ષણો નલમાં સમાવી દેવામાં આવ્યા એટલે તે અંગ વિનાનો બની ગયો.) તેણે દિગ્ગૂહસ્તીની ગતિને પ્રાપ્ત કરી તેથી તે દિગ્ગૂહસ્તીઓ પૃથ્વીને ધારણ કરવાના બહાનાથી દિશાઓમાંથી પગલું પણ ચાલતા નથી. (નલનું ગતિગૌરવ અપૂર્વ હતું તેથી જાણે શરમાઇને દિગ્ગૂરાજો સ્થિર થઈ ગયા હોય તેમ કવિ કલ્પના કરે છે.) તે નલની સમસ્ત પ્રકારના આયુધો ધારણ કરવાની કુશળતા જોઇને, શંકર પણ કામદેવના બહાનાથી શંકાશીલ બને છે. (કામદેવને દગ્ધ કરીને શંકરે સંતોષ માનેલ કે-હવે કોઈપણ શત્રુ રહ્યો નથી. પણ આ નવીન કામદેવ સરખા નલને જોઇને તેમને પાછી ભીતિ ઉપજી હોય તેમ જણાય છે.) પોતાના વૈભવથી જેણે કુબેરને પણ પરાભવ પમાડ્યો છે તેવો તેમજ યુદ્ધરૂપી અટવીને વિષે કેશરીસિંહ સમાન **કુબેર** નામનો તેને લઘુબંધુ થયો.

કોઇએક દિવસે પ્રતિહારીથી જણાવાયેલ કોઇએક દૂતે સભામાં આવીને, નમસ્કાર કરીને, નિષધરાજાને વિજ્ઞપ્તિ કરી કે-"હે રાજન્! **વિદર્ભ** દેશમાં પૃથ્વીના આભૂષણ સમાન, પુણ્યરૂપી અમૃતના પ્રવાહના કુંડ સમાન **કુંડિનપુર** નામનું નગર છે. તે નગરમાં સમુદ્રની સીમાપર્યન્ત શાસન ચલાવનાર તેમજ શત્રુઓના મુખરૂપી કમળોને મ્લાન કરવામાં ચંદ્ર સરખો **ભીમરથ** નામનો રાજા છે. તેને ગજેંદ્રના જેવી ગતિવાળી, અતિશય ઉજ્જવળ કાંતિને કારણે સુવર્ણની કાંતિને તિરસ્કારી કાઢતી **પુષ્પદંતી** નામની રાણી છે.

કોઇએક દિવસે રાણીએ આનંદથી રમણીય મુખરૂપી ચંદ્રની ચંદ્રિકા સમાન વાણીથી રાજાને એકાંતમાં વિનંતિ કરી કે-"હે સ્વામિન્! જાણે દાવાનળથી ભયભીત બનેલ હોય તેવા ઐરાવણ હસ્તી જેવા ઉજ્જવળ કાંતિવાળા કોઇએક હસ્તીને તમારા મહેલમાં પ્રવેશ કરતાં મેં સ્વપ્નને વિષે જોયો." રાજાએ પણ તેણીના ઓષ્ઠ રસની મીઠાશ જેવી વાણીથી આનંદપૂર્વક કહ્યું કે-"હે દેવિ! આ સ્વપ્નને કારણે તું સર્વ સ્ત્રીસમૂહને વિષે ધન્યવાદને પાત્ર છો, કારણ કે-તમારા ઉદરને વિષે જે ગર્ભ રહ્યો છે તે તેજથી સૂર્ય સરખો તેજસ્વી જણાય છે." આ પ્રમાણે તેઓ બંને વાર્તાલાપ કરી રહ્યા હતા તેવામાં ધ્વનિ કરતાં લોકોએ મદના સાગર સમાન કોઈએક હસ્તીને રાજમહેલમાં પ્રવેશ કરતો જોયો. તે વખતે કુતુહલને કારણે તે હસ્તીને જોવા માટે ચપળ અને હર્ષિત બંને દંપતી રાજદ્વાર આગળ આવ્યા. બાદ શ્વેત અંગવાળા તે હાથીને દરવાજા પાસે આવેલ જોઇને, પોતાની સમક્ષ જાણે મૂર્તિમાન પુણ્યનો રાશિ આવી રહ્યો હોય તેમ તેઓએ જાણ્યું. પછી તે હસ્તીએ તે બંનેને પોતાના સ્કંધ પર બેસાર્યા તે જાણે કે-કૈલાસ પર્વત પર બેઠેલા શંકર અને પાર્વતી સરખા શોભતા હતા. ચપળ, મદરૂપી નદીને વહાવવામાં પર્વત સમાન તેમજ કોઈથી પણ ન રોકી શકાય તેવો તે હસ્તી નગરની અંદર ભ્રમણ કરવા લાગ્યો. પછી તે બંને દંપતીને રાજમહેલમાં ઉતારીને તે હસ્તી, જાણે હંમેશની જાણીતી હોય તેવી ગજશાળામાં પોતાની મેળે જ દાખલ થઇ ગયો.

ગર્ભકાળ પૂર્ણ થતાં પુષ્પદંતીએ, જેમ સૂર્ય આકાશને દીપાવે તેમ રાજમહેલના આંગ-

ણાને પ્રકાશિત કરતી પુત્રીને જન્મ આપ્યો. સ્વપ્નને વિષે દાવાનળથી ભયભીત બનેલા હસ્તીને જોવાથી માતા-પિતાએ તેનું **દવદંતી** નામ (**દવ** એટલે દાવાનળ અને **દંતી** એટલે હસ્તી) રાખ્યું. તેણી અલ્પ અભ્યાસ કરતી હોવા છતાં, યોગ્ય પાત્ર નહીં મળવાને કારણે પીડા પામેલો કલાસમૂહ તેણીને વિષે જ રક્ત બન્યો અર્થાત્ તેણી અભ્યાસ માટે અલ્પ પરિશ્રમ કરતી હોવા છતાં સકલ કળામાં પારંગત બની. સંપૂર્ણ અંધકારને નષ્ટ કરનાર જાણે બાળ-સૂર્ય હોય તેવું તિલક તેણીના લલાટપ્રદેશમાં હમેશાં શોભી રહ્યું હતું. હું (કવિ) માનું છું કે-મુખરૂપી કમળ તેમજ તિલકના બહાનાથી સૂર્ય ને ચંદ્રની શોભા, જાણે રાહુથી ભયભીત બની ગઇ હોય તેમ, આ કન્યાને આવી મળી. તેણીના મુખરૂપી ચંદ્રનું લાંછન, પુષ્કળ લોકોની દૃષ્ટિરૂપી લાકડીથી જાણે ખંડિત થયું હોય તેમ વેણીના બહાનાથી પાછળ ચાલ્યું ગયું. (આકાશને વિષે રહેલ ચંદ્ર તો સકલંક છે, પણ આ દવદંતીનો મુખરૂપી ચંદ્ર એવો અપૂર્વ હતો કે તેને વિષે કલંક જ નહોતું.) બ્રહ્માએ દેવાંગનાઓનું રૂપ બનાવવાનો અભ્યાસ કરીકરીને પોતાના આત્મવિશ્વાસને માટે આ દવદંતીને બનાવીને આરામ લીધો, અર્થાત્ દવદંતી સરખી કોઇપણ સ્ત્રી બ્રહ્મા સર્જી શક્યા નહીં. તેણીના મુખ, નેત્ર, હસ્ત અને ચરણને કમળના જેવા બનાવવાને માટે બ્રહ્મા પોતે જ કમળને વિષે દાખલ થયા. ભીમરથ રાજા દવદંતીના રૂપને યોગ્ય કોઈ પણ વરને પૃથ્વીને વિષે જોતા નથી, તેથી તેમણે સ્વયંવર મહોત્સવ શરૂ કર્યો છે. ભીમરથ રાજાની વિનંતિથી ઘણા રાજાઓ આવ્યા છે તો હે સ્વામિન્ ! આપે પણ બંને પુત્રો સહિત ત્યાં પધારવું."

તે દૂતનું કથન સ્વીકારીને, તેનો સત્કાર કરીને વિચક્ષણ **નિષધ** રાજા ચાલ્યા. જેના સૈન્યના હસ્તીઓએ રસ્તામાં વૃક્ષનું ખંડન કર્યું છે તેવા નિષધ રાજા પોતાના બંને પુત્રો સહિત **કુંડિનપુર** આવી પહોંચ્યા એટલે ભીમરાજાએ સન્મુખ આવીને, નિષધરાજનો સત્કાર કરીને હર્ષ પામેલા તેણે કુંડિનપુરની નજીકના વનપ્રદેશમાં વાસ કરાવ્યો. પોતાની ફરફરતી ઊંચી ધ્વજાઓરૂપી અંગુલીઓથી જાણે બોલાવતો હોય તેવા સ્વયંવરમંડપમાં રાજાઓ આવી પહોંચ્યા.

કામદેવની કાંતિને પણ જીતનારા રાજાઓ પોતાના તેમજ બીજાના રૂપને વારંવાર જોતાં માંચડાઓ પર બેઠા. એક મંચ ઉપર નિષધ રાજા પોતાના બંને પુત્રો સહિત બેઠા તે જાણે કે-પડખે રહેલી બંને પાંખોથી શોભતાં ગરુડ જેવા જણાતા હતા. પછી કંઠને વિષે રહેલ, મુખરૂપી ચંદ્રના અમૃતબિંદુઓ સરખા મોતીઓના નાભિપર્યંત લટકતા હારથી સુશોભિત, મુખ તેમજ તિલકની શોભાથી જાણે જીતાયેલ ચંદ્ર ને સૂર્ય સરખા માણેકના આભરણો-(કુંડલ)થી સેવાયેલી, પ્રગટેલ કામદેવરૂપી હસ્તીના મદના ઝરણ જેવી મનોહર નેત્રની કાંતિથી સભામંડપને ચારે બાજુથી આર્દ્ર બનાવતી, પોતાના નખની કાંતિથી હસ્તી તેમજ હંસની ગતિને જાણે હસી કાઢતી હોય તેવા બંને ચરણમાં ચમત્કારપૂર્ણ ધ્વનિવાળા નુપૂરને ધારણ કરતી, કામદેવની પ્રત્યક્ષ કીર્તિ સમાન તેમજ ભમરાઓથી ગવાતી અને સખીએ ધારણ કરેલ સ્વયંવરમાલાને જોતી દવદંતી, જેમ હંસી કમળોથી વ્યાપ્ત સરોવરને વિષે દાખલ થાય

તેમ રાજાઓથી વ્યાપ્ત સ્વયંવરમંડપને વિષે દાખલ થઈ. મણિના સ્તંભોને વિષે તેણીની આકૃતિ પ્રતિબિંબિત થવાથી 'આમાં કઇ દવદંતી છે?' એમ ક્ષણમાત્ર રાજાઓની દૃષ્ટિ ચપળ બની.

બાદ દંતપંક્તિને મુક્તાહાર સદૃશ બનાવતી તેમજ રાજાઓને ઓળખાવતી પ્રતિહારિણીએ દવદંતીને ઉદ્દેશીને કહ્યું કે–"જેણે પોતાની દેહકાંતિથી લક્ષ્મીને તિરસ્કારી કાઢી છે તે આ **ચંપાનગરી**નો રાજા **ભાનુ** છે, જેના દેહનું નિર્માણ કર્યા બાદ બાકી રહેલા દ્રવ્યોથી કામદેવને બનાવવામાં આવ્યો. આ **રોહિત** નામના દેશરૂપી સાગરને ઉલ્લસિત કરવામાં ચંદ્ર સમાન **ચંદ્રશેખર** નામનો રાજા છે, જેના ભ્રમને (આશંકાને) લીધે માત્ર ચિત્રમાં રહેલા પ્રતિબિંબને જોવા માત્રથી જ નહીં પરન્તુ સ્મરણ કરવા માત્રથી જ શત્રુઓ ત્રાસ પામે છે. આ **કાશી** દેશનો **શશલક્ષ્મા** નામનો રાજા છે, જેના ચરણના નખની કાંતિ શત્રુઓના ભાલપ્રદેશવડે ઝળહળી ઊઠે છે. આ મનોહર અને કામદેવ સરખી કાંતિવાળો યજ્ઞદેવ નામનો રાજા છે, જેને જોઇને દુશ્મનોની સ્ત્રીઓ કેદખાનામાં હોવા છતાં પણ જીવન–સાફલ્ય માને છે. આ **હૂણ** દેશનો યુધ્ધકુશળ **કૃષ્ણ** નામનો રાજા છે, જેને પોતાના પુત્ર પ્રદ્યુમ્નના ભ્રમથી વિષ્ણુએ આ પૃથ્વીનો ભાર સુપ્રત કર્યો છે. આ **સુંસમારનગર** શહેરનો સ્વામી અને કલાના સાગર સમો **દધિપર્ણ** નામનો રાજા છે, જેનો નિત્ય ઉદયવાળો યશરૂપી ચંદ્ર પ્રકાશી રહ્યો છે તે તું જો. શત્રુઓને નષ્ટ કરવામાં ચતુર એવો **કોશલ** દેશનો સ્વામી **નિષધ** છે, જે કામદેવ કરતાં પણ અતિશય રૂપશાળી હોવાથી તેના તેજરાશિથી શંકરના ત્રીજા નેત્રમાંથી નીકળેલ અગ્નિ પણ જીતાઇ ગયો છે. (શંકરના ત્રીજા નેત્રની જ્વાળાથી કામદેવ તો દગ્ધ થઇ ગયો હતો પણ આ તો એવો અપૂર્વ કામદેવ છે કે જેના રૂપતેજથી તે ત્રીજા નેત્રથી પ્રગટેલ અગ્નિ પણ જીતાઇ ગયો–શાંત થઈ ગયો.) નિષધરાજનો આ **નળ** નામનો પુત્ર છે, જેની આગળ રહેલા અને કામદેવને તિરસ્કારી કાઢવાથી પોતાની જાતને ધન્ય માનનારા આ સર્વ રાજવીઓ નિસ્તેજ જેવા બની ગયા છે."

પછી પુષ્કળ રાજાઓને ઓળંગીને *દમયંતીની દૃષ્ટિ લાવણ્યના સાગર સમા નળને વિષે, નદીની માફક લયલીન બની ગઈ. નિર્મળ કટાક્ષોની કાંતિવડે લેપાયેલા નળના કંઠને વિષે દમયંતીએ પુષ્પમાલા પહેરાવી. તે સમયે અન્ય રાજાઓ અત્યંત ક્રોધી બનવા છતાં નળનો પરાભવ કરવા સમર્થ થયા નહીં, તે જાણે કે દમયંતીના સતીપણાના કારણે અગ્નિની માફક સ્તંભિત થઇ ગયા હોય તેમ જણાતા હતા. પછી તેજસ્વી અગ્નિદેવ જેમ **સ્વાહા** નામની પત્નીને પરણે તેમ દેદીપ્યમાન નળરાજા હર્ષિત બનેલ દવદંતીને પરણ્યા.

ભીમરાજાએ પણ હસ્તીઓ, અશ્વો, વસ્ત્રો અને અલંકારોવડે જમાઇ નળનો હર્ષપૂર્વક સત્કાર કર્યો. અન્ય રાજાઓનો પણ ભોજન અને વસ્ત્રાદિકથી સત્કાર કરીને વિચક્ષણ ભીમરાજે તેઓ સર્વને પોતપોતાના નગરે વિદાય કર્યા. પોતાની નગરીના લોકોને–પોતાની પ્રજાને

* દમયંતી એ દવદંતીનું અપર નામ છે. પોતાના ભાલપ્રદેશમાં રહેલ તિલકના પ્રભાવથી તે રાત્રિને વિષે અંધકારનું પણ દમન કરતી તેથી તેનું દમયંતી એવું સાર્થક નામ પડેલ.

જોવાને આતુર બનેલા નિષધ રાજાએ પણ રાત્રિએ જ કોશલા નગરી તરફ પ્રયાણ કર્યું, એટલે થોડા રસ્તા સુધી સાથે જઇને પાછા વળતા ભીમરાજાએ દમયંતીને ગદ્‌ગદ્‌વાણીથી કહ્યું કે-

"હે પુત્રી! તું આચરણથી પવિત્ર છો, તને શિખામણ આપવાની કંઇ જરૂર નથી પરન્તુ પિતૃસ્નેહના મોહાવેશથી હું તને કંઇક કહું છું. તારે નિર્મળ મન, વચન ને કાયાથી પતિનું આરાધન કરવું. સ્વામી એ જ સ્ત્રીઓનો દેવ, ચિત્ત, ધન, ગુરુ અને મિત્ર છે. વૈભવને પ્રાપ્ત કરીને મલિન આશયવાળી, પોતાની જાતેજ નજીકમાં વૃદ્ધિ પમાડાયેલ વૃક્ષોને વેગથી પાડી નાખતી, વળી સંપત્તિવિહીન બનતી થકી નિર્મળતાને પામતી એવી નદીની માફક **સ્ત્રી-સ્વભાવ** હોય છે તેવી લોકોક્તિ તું સત્ય ન કરીશ. (નદીમાં પુર આવે ત્યારે જળ મલિન બની જાય છે, કાંઠા ઉપરના વૃક્ષો પૂરના પ્રવાહથી પડી જાય છે પરન્તુ જ્યારે પુર ઊતરી જાય છે અને કચરો બધો ચાલ્યો જાય છે ત્યારે નદી પૂર્વવત્ નિર્મળ-સ્વચ્છ બને છે. તેની માફક જ સ્ત્રી સ્વભાવ હોય છે. સંપત્તિ વધતાં તે અભિમાનમાં આવી જાય છે. કુટુંબી જનોને તુચ્છકારી કાઢે છે પણ વૈભવ ચાલ્યો જતાં તે પુનઃ શાંત બની જાય છે. આવા પ્રકારના સ્ત્રીસુલભ સ્વભાવને તું ત્યજી દેજે. કદાપિ અભિમાન કરીશ નહીં અને વિનય ને વિવેક ત્યજીશ નહીં.) હે પુત્રી! જેમ દૂર સુધી ફેંકાયેલ પ્રાતઃકાળની છાયા પોતાના સ્વામીરૂપ વૃક્ષને અનુસરે છે તેમ તું નિર્મળ ચિત્તથી તારા સ્વામીને અનુસરજે."

આ પ્રમાણે દમયંતીને શિખામણ આપીને ભીમરથ રાજા, જાણે દમયંતીના વિયોગથી પ્રગટેલ સંતાપને પોતાના અશ્રુઓથી શાંત કરતા હોય તેમ પાછા ફર્યા. પ્રેમરૂપી રજ્જુ-(દોરી)થી બંધાવાને કારણે જુદા પડવાને જાણે અશક્ત બન્યા હોય તેમ નળ-દમયંતી એક રથમાં આરૂઢ થઈને ચાલવા લાગ્યા. ખાડા ખડિયાવાળા રસ્તાને અંગે રથની ધરી વારંવાર સ્ખલના પામતી હોવાથી તે દ્વારા તે બંનેની પરસ્પર થતી અથડામણ, મનોરથને પૂર્ણ કરવાને કલ્પવૃક્ષ સમાન બની. (તેઓ બંનેને પરસ્પર આલિંગન આપવાની ઇચ્છા ઉદ્‌ભવી હતી તેવામાં રથ ઊંચો-નીચો થવાથી તેઓ પરસ્પર અથડાયા અને એ રીતે આલિંગન આપવાની ઇચ્છા પૂર્ણ બની.) પર્વતોની ગુફાઓમાંથી ઝળહળતી ઔષધીઓવડે જાણે હાંકી કઢાયેલ હોય તેવો તેમજ ચક્રવાક પક્ષીઓને વિયોગરૂપી અગ્નિ પ્રગટાવવામાં ધૂમાડા સરખો અંધકાર તે સમયે ફેલાઈ ગયો. (એક એવી માન્યતા છે કે-પર્વતોની ગુફામાં રહેલી દિવ્ય ઔષધીઓ રાત્રિ પડતાં જ પ્રકાશી ઊઠે છે.) આ પ્રમાણે મેઘ જેવો ગાઢ અંધકાર ચારે બાજુ વ્યાપ્ત બન્યો એટલે તે બંનેની પ્રેમરૂપી લતા ચુંબન અને આલિંગનદ્વારા વિકસ્વર બની. અંધકાર-દ્વારા રસ્તો રુંધાઇ જવા છતાં પણ નિષધ રાજાએ માર્ગમાં પડાવ નાખ્યો નહીં ત્યારે લોકો હસ્તી પર રહેલા રત્નના દર્પણને અનુસારે ચાલવા લાગ્યા.

તે સમયે મનોહર માધુર્યવાળા ભમરાઓના ધ્વનિને સાંભળીને દમયંતીએ નળને કહ્યું કે-"આ વનમાં કોઈપણ સ્થળે સુવાસ આવતી નથી છતાં કુતુહળને પ્રગટાવનાર ભમરાઓનો અવાજ કયાંથી આવે છે?" ત્યારે "હે પ્રિયા! આ અંધકારમાં તેનું કારણ કયાંથી જણાય?" એમ નળે કહ્યું ત્યારે દમયંતીએ પોતાના હસ્તરૂપી કમળથી પોતાનું લલાટ લુંછ્યું તેથી

સૂર્યના પ્રકાશ સરખું તેણીનું તિલક પ્રકાશવા લાગ્યું, અને અકસ્માત્ વનને વિષે અંધકાર-સમૂહને નષ્ટ કર્યો. તેવામાં વનહસ્તીના ગંડસ્થળમાંથી વહેતા મદજળથી ખરડાયેલ અંગવાળા કોઈ એક મુનિવરને કાયોત્સર્ગમાં રહેલા જોઇને નળ હર્ષ પામ્યો. હસ્તીવડે આ પ્રમાણે ઘર્ષણ થવા છતાં ભમરાઓના બહાનાથી બહિષ્કાર કરાયેલા કર્મોવડે તે મુનિવર અંશમાત્ર પણ ચલિત થયા નહીં. **શત્રુઓના ગુણો પણ ગ્રહણ કરવા જોઇએ** ( કમળ તો રાત્રિના સંકોચાઇ જાય. ભમરાઓ પણ કમળના અભાવમાં ગુંજારવ કરતાં શાંત થઇ જાય છતાં રાત્રિએ ભમરાઓનો ગુંજારવ કયાંથી થયો ? હસ્તીએ પોતાનું શરીર મુનિવરના દેહ સાથે ઘસેલું એટલે તેનો મદજળ મુનિના દેહ સાથે ચોંટી ગયો. તેની સુગંધથી આકર્ષાઇને ભમરાઓ ત્યાં આવ્યા અને ગુંજારવ કરવા લાગ્યા. કવિ કહે છે કે-તે ભમરાઓ નહોતા પણ મુનિવરે પોતાના હૃદયપ્રદેશમાંથી કાઢી મૂકેલા અશુભ કર્મો હતા કારણ કે અશુભ કર્મો પણ કાળા હોય છે.)

પછી દમયંતી સાથે રથમાંથી શીઘ્ર ઊતરીને નળ તે મુનિવરને પ્રણામ કરીને, ફરી વાર રથ ઉપર ચઢ્યો. કાકિણીરત્નની સ્પર્ધા કરતા દમયંતીના તિલકના પ્રકાશથી અંધકાર નષ્ટ થવાથી સૈન્ય ચક્રવર્તીની સેનાની માફક ચાલવા લાગ્યું. આ પ્રમાણે પ્રયાણ કરતાં રાજાઓને વિષે હસ્તી સમાન નિષધ રાજા, ફરફરતી ધ્વજાઓના બહાનાથી જાણે પોતાના હાથને નચાવી રહી હોય તેવી કોશલા નગરીને વિષે આવી પહોંચ્યો. નળને રાજ્ય સોંપીને અને કુબરને યુવરાજપદે સ્થાપન કરીને નિષધ રાજાએ પોતાના આત્માને શમરૂપી સામ્રાજ્યમાં જોડયો. અર્થાત્ દીક્ષા લીધી. નળરાજા પણ ચારે વર્ણના લોકોથી વ્યાપ્ત નગરી હોય તેની માફક સમુદ્ર પર્યન્ત પૃથ્વીનું પાલન કરવા લાગ્યો. શત્રુરાજાઓના વંશને દગ્ધ કરવામાં કુશળ નળના અને દાવાનળના પ્રકાશમાં ( દગ્ધપણામાં ) કંઇ પણ અંતર નહોતું.

કપટી ને નિર્દય અંતઃકરણવાળા કુબારે બંધુભાવવાળા નળને દ્યૂતક્રીડામાં આસક્ત બનાવ્યો. દમયંતીએ અને મિત્રોએ જુગટું રમવાનું વ્યસન છોડી દેવા નળને ઘણા પ્રકારે સમજાવ્યો, પરન્તુ તે વ્યસન તેણે ત્યજ્યું નહીં. ખરેખર વિધિને ધિક્કાર હો ! કુબેરની સાથે દ્યૂતક્રીડા કરતાં મોહાંધકારથી વ્યાકુળ બનેલ નળ, અંતઃપુર અને પરિવાર સહિત રાજ્યને હારી ગયો; એટલે ક્રૂર એવા કુબેરથી છેતરાયેલ નળ માત્ર પોતાનો દેહ લઈને જ દેશાંતર જવા ચાલી નીકળ્યો. નળની પાછળ જતી દમયંતીને સાહસિક કુબરે કહ્યું કે-" તને પણ નળ હારી ગયેલ છે, તેથી તું તેની પાછળ જવાને લાયક નથી." આ પ્રમાણે તે બોલ્યો ત્યારે પૌર લોકોએ તેને કહ્યું કે-" નિર્દય, આ તું શું કરી રહ્યો છે ? **સાધુપુરુષો તો ભાઈની વહુને (ભાભીને) માતા તુલ્ય માને છે.** જો તું અત્યારે તેને માતા તુલ્ય માનીશ નહીં તો હે પાપીષ્ઠ! તેણીના શાપથી તું બળીને ભસ્મ થઇ જઇશ." આ પ્રમાણે નગરવાસીઓવડે કહેવાયેલ અને શિખામણ અપાયેલ કુબરે દમયંતીને રથમાં બેસાડીને નળની પાછળ જવા દીધી.

પછી રથનો ત્યાગ કરીને, જેણે પોતાના ચરણસ્પર્શથી પૃથ્વીને પવિત્ર કરી તેવો તે નળ પ્રિયા સાથે ચાલવા લાગ્યો. વન તરફ વિદાય થતાં તેઓને જોઇને પૌરલોકોએ નેત્રરૂપી કમળમાંથી ઝરતા અશ્રુપ્રવાહવડે રાજમાર્ગને આર્દ્ર (ભીનો) બનાવ્યો અર્થાત્ નગરલોકો રુદન

કરવા લાગ્યા. "હા, હા, અમે દૈવથી હણાયા છીએ." આ પ્રમાણે દરેક ગૃહોમાંથી પ્રગટતા ધ્વનિથી આકાશરૂપી ગુફા શબ્દમય બની ગઇ. નગરીના નજીકના સીમાડામાં નળ રોકાયો અને અમાત્ય તથા નાગરિક લોકોને સમજાવીને પાછા વાળ્યા. તે લોકોએ રાજ્ય ત્યાગ કરવાનો નિષેધ કર્યો તો પણ શાંત ચિત્તવાળો નળ સત્યનો સ્વીકાર કરીને ચાલી નીકળ્યો. દમયંતીને માતા તરીકે સ્વીકારીને કુબરે તેને જવાને માટે મના કરી અને નળે તેમાં સંમતિ આપી તો પણ દમયંતી રોકાઇ નહીં. "આર્ય પુત્ર નળના ચરણોથી જે પ્રદેશ પવિત્ર કરાતો હોય તે વન-પ્રદેશ મારે મન મહેલ સમાન અને વૃક્ષો કલ્પવૃક્ષ સમાન છે." એ પ્રમાણે બોલીને, પરિવાર-વર્ગને રજા આપીને, ઉજ્જવળ મુખચંદ્રવાળી તેણી નળની પાછળ ચાલી નીકળી.

માર્ગમાં નળરાજા દમયંતીને વારંવાર ફળ ખવરાવતો હતો, પાણી પીવરાવતો હતો અને વિસામો ખવરાવતો હતો. બાદ ગાઢ વૃક્ષરાજીવાળી અને અત્યંત અંધકારને કારણે પ્રવેશ ન થઇ શકે તેવી કોઇએક અટવીને વિષે તે આવી પહોંચ્યો. એટલે દમયંતી નળના ચરણ-કમળમાં પડીને વિનંતિ કરવા લાગી કે–"હે નાથ! આપ મારા પિતાની નગરીને અલંકૃત કરો." એટલે નળે કહ્યું કે–"હે દેવિ! તું જે કહી રહી છે, તે હું આવતી કાલે કરીશ" આ પ્રમાણે નળની વાણી સાંભળીને દમયંતી જાણે કૃતકૃત્ય બની હોય તેમ હર્ષ પામી.

તેવામાં નળરાજાના યશ સરખો સૂર્ય અસ્ત થઇ ગયો અને કુબરની અપકીર્તિરૂપી અંધ-કારથી જગત વ્યાપ્ત બની ગયું. પછી પોતાનો ખેસ પાથરીને, હાથનું ઓશીકું બનાવીને, નળરાજા દમયંતી સાથે સૂઇ ગયો. દમયંતી સૂઇ ગઈ ત્યારે અર્ધરાત્રિએ દુર્ભાગ્યને વશ પડેલ નળ ચિત્તમાં વિચારવા લાગ્યો કે–"પ્રાતઃકાળમાં દમયંતી મને પોતાના પિતાને ઘરે આવવાનું કહેશે; પરન્તુ **નીચ પુરુષો જ સસરાના ઘરનો આશ્રય લે છે,** તો હવે હું શું કરું? 'હે દેવી! તું જે કહે છે તે આવતી કાલે કરીશ.' એ પ્રમાણે મેં કહેલું તે દાક્ષિણ્યપૂર્ણ વચન મને દુઃખ આપી રહ્યું છે. જો હું આ સૂતેલી દમયંતીનો ત્યાગ કરું તો જગતમાં મારો દુર્યશ ફેલાશે અને નહીં તો પ્રાતઃકાળમાં તે મને અવશ્ય કુંડિનપુર લઇ જશે. પોતાના શિયલથી આત્માનું રક્ષણ કરવાને સમર્થ દમયંતીનો હું ત્યાગ કરું. કુંડિનપુર જઇને હું દીન બનીને રહેવા ઈચ્છતો નથી."

આ પ્રમાણે નિર્ણય કરીને પોતાથી વિખુટી પડવાને નહીં ચાહતી હોય તેવી ભુજાને નળે પ્રિયાના કપોળપ્રદેશ પરથી ધીમેથી ખેંચી લીધી. નીચે પાથરેલા ઉત્તરીય (ખેસ) વસ્ત્રને અર્ધું ગ્રહણ કરવાની ઇચ્છાથી નળે નિર્દય બનીને છરી ગ્રહણ કરી, આંખમાં અશ્રુવાળા તેમજ શોકને લીધે ચૈતન્યહીન બનેલા વ્યાકુળ નળે વસ્ત્ર લેવાને માટે પોતાનો હાથ લંબાવ્યો. પછી ક્ષણ માત્ર કંઇક વિચારીને, એક હાથથી બંને આંખો લૂંછીને વસ્ત્રને કાપવાની ઇચ્છાવાળા તેના હાથમાંથી કંપને લીધે છરી નીચે પડી ગઇ. ફરી વાર છરીને હાથમાં ગ્રહણ કરીને દુઃખી બનેલ નળ દુઃખાક્રાંત સ્વરે બોલ્યો કે–"છરીની શોકય સરખી દમયંતીનો વનમાં ત્યાગ કરવામાં છરી મારા હાથથી પૃથ્વી પર પડી ગઈ. ખરેખર મને ધિક્કાર હો! (શોકય તો હંમેશા પોતાની પ્રતિસ્પર્ધી સ્ત્રીનું અહિત કરવા તૈયાર જ રહે. આ છરી અત્યારે દમયંતીની શોકય સરખું કાર્ય કરી રહી છે, કારણ કે તે મારો વિયોગ કરાવી રહી છે પણ છરી તે

કાર્ય કરવા કંપ અનુભવે છે, મારા હાથમાંથી પડી જાય છે. આવા વનમાં ખરેખર હું જ ધિક્કારને પાત્ર છું.) અતિ તીક્ષ્ણ ધારવાળી! સારા હાથાવાળી! હે છુરી! નિર્દય એવા મને મારા આ કુકાર્યમાં સહાય કર." આ પ્રમાણે બોલીને, ધૈર્યને ધારણ કરીને, નળે પોતાના પ્રેમની સાથોસાથ વસ્ત્રને પણ ચીરી નાખ્યું.

દમયંતીના મુખકમળને જોવાને આતુર નળે તેજસ્વી તિલકની પ્રભાવાળા કપાળને પોતાના હસ્તવડે લુંછયું. પછી તેણે વિચાર્યું કે-"અહો! મારી સ્ત્રીના મુખનું તેજ અત્યંત છે, જેથી તે જાગે છે કે ઊંઘે છે તે બાબતનો નિર્ણય થઇ શકતો નથી." બાદ નળ બોલ્યો કે-"હે દેવિ! તારા મુખનું દર્શન કરવાનું મારી બંને આંખોના ભાગ્યમાં નથી, અને તારી સેવા માટે બલહીન એવી મારી લાયકાત રહી નથી." આ પ્રમાણે બોલતો અને પ્રિયાના મુખ તરફ દૃષ્ટિ ફેંકતો નળ, તેણીના જાગી જવાના ભયના કારણે પોતાની આંખના અશ્રુને વારંવાર હાથથી લૂંછી નાખતો હતો. "હે દયાળુ! કુળને દીપાવનારી! સદાચારી એવી હે દમયંતી! નિર્દય, કુલને વિષે કલંક સમાન તેમજ દુરાચારી એવો નળ તને છેલ્લો નમસ્કાર કરું છું. હે દેવિ! તારા ચરિત્રથી ચંદ્ર કલંક રહિત બન્યો છે, જ્યારે સારા આચરણથી મારા પૂર્વજો પણ કલંકિત બન્યા છે. નીડર અને બલીષ્ઠ એવો નલ, ભીરુ અને અબલા એવી દમયંતીને વનમાં ત્યજી દઇને ચાલ્યો જાય છે અને નગરમાં જઇને વાસ કરે છે. તે ખરેખર આશ્ચર્યકારક છે." આ પ્રમાણે બોલતાં દીન એવા નળે પોતાનું અંગ ચીરીને રુધિરથી દમયંતીના વસ્ત્રના છેડે નીચે પ્રમાણે અક્ષરો લખ્યા. "હે વામા! આ વડલાની ડાબી બાજુનો રસ્તો વિદર્ભ દેશમાં (તારા પિતાના દેશમાં) જાય છે અને હે ચતુરા! આ કેશુડાઓની જમણી બાજુનો રસ્તો કોશલા નગરી તરફ જાય છે. હે દેવિ! આ બંનેમાંથી જે રસ્તો તને પસંદ પડે તેનું ગ્રહણ કરજે. હે ઉત્તમ ગુણવાળી! અધમ એવો હું તારી નજરે ચડીશ નહીં."

આ પ્રમાણે લખીને, પાછું વાળીને પોતાની આંખોવડે દમયંતીના મુખરૂપી કમળને જોતો નલ ધીમે પગલે ચાલી નીકળ્યો. 'સૂતેલી એવી દમયંતીનું રાત્રિ પર્યન્ત હું રક્ષણ કરું' એમ વિચારીને પ્રિયાને જોતો થકો નળ વેલોના માંડવામાં છુપાઈ ગયો. પ્રાતઃકાળ થતાં દમયંતીના જાગૃત થવાના અવસરે, ધીમા પરન્તુ ઉતાવળા પગલે નળ ચાલી નીકળ્યો.

આગળ જતાં નળે પોતાની સમક્ષ બળતો દાવાનળ જોયો તે જાણે કે પોતાના હૃદયનો સંતાપ પ્રત્યક્ષ થઇને બહાર નીકળ્યો હોય તેમ જણાતું હતું. એટલામાં 'હે સૂર્યવંશમાં ઉત્તમ! નિષધ રાજાના પુત્ર! મહાબળવાન! રક્ષણ કરવામાં સમર્થ એવા હે નળ! આ દાવાનળથી તું મારી રક્ષા કર.' આ પ્રમાણેની દાવાનળના મધ્ય ભાગમાંથી પ્રગટેલી વાણી સાંભળીને નળ વિચારવા લાગ્યો કે-"આવા નિર્જન વનમાં મને કોણ ઓળખે છે?'

બાદ નળ બોલ્યો કે-"તું કોણ છો? જે મને ઓળખીને આ પ્રમાણે બોલે છે?" ત્યારે દાવાનળમાંથી ફરી વાર નીચે પ્રમાણે વાણી પ્રગટી કે-"હું સર્પ છું અને નહીં બળેલી એવી વેલને વિષે સંકોચાઇને રહ્યો છું, પૃથ્વીના તાપને કારણે આ દાવાનળમાંથી બહાર નીકળવાને હું સમર્થ નથી. હે રાજન્! હું તારા ઉપર મહાન્ ઉપકાર કરીશ તો સાક્ષાત્ યમ-

રાજના ક્રોધ સરખી આ અગ્નિમાંથી તું મને બહાર ખેંચી કાઢ." આ પ્રમાણે સાંભળીને તે તરફ જોઇને નળે પોતાના વસ્ત્રનો છેડો ફેંકયો એટલે તેના અગ્રભાગ પર સર્પ ચઢી ગયો એટલે તેણે તત્કાલ પોતાનું વસ્ત્ર ખેંચી લીધું. પછી બહાર નીકળેલા સર્પે નળની આંગળીને ડંખ માર્યો એટલે તરતજ તે કુબડાપણાને પ્રાપ્ત થઇ ગયો-કુબ્જ બન્યો.

આ પ્રમાણેના પોતાના કુબડાપણાને જોઇને નળ મનમાં વિચાર કરવા લાગ્યો કે-"ખરેખર મને ધિક્કાર હો! દમયંતીના ત્યાગરૂપ પાપ-વૃક્ષના ફલની ઉત્પત્તિમાં પુષ્પરૂપ આ કુબડાપણું મને શીઘ્ર પ્રાપ્ત થયું. વનમાં આવેલી દમયંતી ઉપર હમણાં મેં જેવો ઉપકાર કર્યો તેવો જ ઉપકાર દવથી બહાર ખેંચી કઢાયેલા આ સર્પે મારા પર કર્યો છે." પછી વિલખા બનેલા નળે સર્પને હાસ્યપૂર્વક કહ્યું કે-"તેં ખરેખર ઉપકાર કર્યો છે! તારું કલ્યાણ થાઓ. તારે ઇચ્છિત સ્થળે તું ચાલ્યો જા."

તેવામાં કોઇ એક પ્રસન્ન થયેલા પુરુષે નળની આગળ ઊભા રહીને કહ્યું કે-"હે વત્સ! તું મને તારા દેવ થયેલા પિતા તરીકે જાણ. આફતમાં પણ ક્ષાત્રતેજથી પ્રકાશતા તને શત્રુઓ જાણી ન શકે તે માટે મેં તને કુબજ બનાવ્યો છે. આ ડાબડો તું ગ્રહણ કર. જ્યારે તારે જરૂર પડે ત્યારે આ ડાબડામાંથી બે દેવદૂષ્ય વસ્ત્ર તારે પહેરી લેવા." આ પ્રમાણે ડાબડો અર્પણ કરતાં દેવે પોતાના પુત્રરૂપ નળને પૂછયું કે-"તને હું કયે સ્થળે મુકું? કેમકે **પગે ચાલવું દુઃખકારક છે.**" "મને સુંસમારપુરે મૂકો" એમ નલે કહ્યું તેવામાં તો તે દેવ કયાંય ચાલ્યો ગયો અને નળે પોતાને તે નગરને વિષે રહેલો જોયો. આશ્ચર્ય પામેલ નળ નગરને જોતો જેવામાં આગળ ચાલે છે તેવામાં તેણે પોતાની આગળ અકસ્માત્ કોલાહલ સાંભળ્યો.

"આ શું?" એમ વ્યાકુળ નળ અંતરમાં વિચારે છે તેવામાં ઘોડેસ્વારો ઉચ્ચ સ્વરે બોલવા લાગ્યા કે-"નાસો, નાસો." તેવામાં સ્પર્ધાને કારણે દોડતી એવી પોતાની છાયા-(પડછાયા)ને પણ જાણે હણતો હોય તેવો, ભયને લીધે જ હોય તેમ વાયુવડે પણ વારંવાર સ્પર્શ નહીં કરાતો, મદજળના પાનની ઇચ્છાથી જલ્દી દોડતા ભમરાઓને પણ પોતાની ઉતાવળી ગતિને કારણે કર્ણપત્ર સુધી નહીં આવવા દેતો, ઉડેલા પક્ષીઓનું પતન કરવાને માટે ઊંચી સૂંઢ કરવાને કારણે જાણે ક્રોધને લીધે ક્ષયને માટે ઊંચા કરેલા મહાદંડવાળા યમરાજ સરખો હોય તેવો, પોતાના શબ્દની સ્પર્ધા કરતા અવાજવાળા મેઘના ધર્મપુત્રો સરખા વૃક્ષસમૂહને પગલે પગલે પોતાના દંતુશૂળથી પાડી નાખતો, મસ્તકને અત્યંત કંપાવવાથી ગંડસ્થળ પર ઊડેલા ભમરાઓના બહાનાથી જાણે આકાશપથને ટૂકડે ટૂકડા કરી નાખીને ફેંકી રહેલો, મસ્તકને અત્યંત કંપાવવાથી જાણે શીર્ષભાગમાંથી નીકળેલ પ્રચંડ ક્રોધાગ્નિના કણિયા હોય તેવા ગંડસ્થળને વિષે રહેલ સીંદુરને નીચે ફેંકતો, પોતાના ચરણના આઘાતથી પૃથ્વીને પણ ક્ષોભ પમાડતો કોઈએક અતુલ પરાક્રમી હસ્તીને નળે જોયો.

એવામાં અશ્વ પર બેઠેલા અને વ્યાકુળ ચિત્તવાળા **દધિપર્ણ** રાજાએ એક હાથ ઊંચો કરીને નીચે પ્રમાણે કહ્યું કે-"જે કોઈ આ અત્યંત ક્ષુબ્ધ બનેલા હસ્તીને વશ કરશે તેને તેના આવાસરૂપ ખોળામાં નૃત્ય કરતી લક્ષ્મી આપીશ અર્થાત્ તેને અત્યંત ઋદ્ધિ આપીશ."

આ પ્રમાણે રાજાનું વચન સાંભળીને કૌતુકી એવો નળ, યમરાજ સરખા હાથી તરફ, તેને શિયાળ સરખો માનીને ચાલ્યો ત્યારે લોકોએ પોકાર કર્યો કે–" હે કુબડા ! યમરાજના મુખમાં પ્રવેશ ન કર." છતાં પણ ધીર એવો નળ સિંહની માફક તે હસ્તી તરફ ગયો અને બોલ્યો કે–"હે હસ્તી ! બાળક, બ્રાહ્મણ, ગાય અને સ્ત્રીઓનો તું વધ ન કર, હે મદને અંગે દુર્દાન્ત ! તું મારી પાસે આવ, જેથી તને મદરહિત બનાવું." હાથી પણ ક્રોધને અંગે, સુંઢથી જેના મસ્તકને સ્પર્શ નથી થઈ શકતો તેવા, વાચાળ અને ગર્વીષ્ઠ તે કુબડાની પાછળ પાછળ દોડવા લાગ્યો.

પછી કપટપૂર્વક નીચે પડતા, ઊભા થતા, પરસ્પર ભેગા થઇ જતા, હાથીને હણતા, તેના ઘાને ચૂકવી જતા, તેના શરીર પર ચોંટીયા ભરી જઇને પુષ્કળ પીડા પમાડતા, જમણી બાજુથી ભમીને ચક્રની માફક તેને વારંવાર ભમાડતા (ફેરવતા), તેના ચાર પગોની નીચે પ્રવેશ કરીને નીકળી જતા, અર્ધનિમેષમાં સન્મુખ, અર્ધનિમેષમાં પાછળ તેમજ અર્ધનિમેષમાં બંને પડખે દેખાતા એવા નળે પોતે એકલો હોવા છતાં અનેક માણસની માફક તે હાથીને ખેદ પમાડ્યો. ખેદ પામેલા, ક્રોધપૂર્વક દોડતા અને મદોન્મત્ત બનેલા તે હસ્તીને વશ કરવા માટે નળે પ્રત્યક્ષ બુદ્ધિ સરખું વસ્ત્ર તે હાથીની આગળ ફેંકયું. તે વસ્ત્રને કુબડો માનીને તેને હણવા માટે નીચે નમતા એવા હાથીના બંને દંતુશૂળ ઉપર પગ મૂકીને નળ, જેમ કેશરીસિંહ પર્વત પર ચડે તેમ હાથી પર ચડી ગયો. પછી હાથીના ગળે બાંધવાના દોરડામાં ભરાવેલા પગવાળા અને રોમાંચરૂપી કવચવાળા નળે, અંકુશ લઇને તે હસ્તીને ચલાવ્યો. "શું આપણા નગર પ્રત્યેની કરુણાથી આ કોઈ દેવ અહીં આવ્યો ? અથવા તો નાગરિક જનોના પુણ્યથી શું બ્રહ્મા પ્રગટ થયા છે ? જગતને પણ ભયંકર અને ઐરાવત કરતાં પણ વિશેષ પરાક્રમવાળો આ હાથી જેને વશ થઈ ગયો." આ પ્રમાણે પગલે પગલે હર્ષિત પૌર-લોકોથી પરસ્પર સ્તુતિ કરાતો અને જોવાતો કુબડો શોભવા લાગ્યો.

પ્રસન્ન થયેલા દધિપર્ણ રાજાએ ઝરુખામાં ચઢીને તેની નીચેથી પસાર થતાં કુબડાના કંઠમાં રત્નનો હાર પહેરાવ્યો. પછી નળે ગજને ગજશાળામાં લઇ જઇને તેને લીલાપૂર્વક ઉછાળાતી સૂંઢવડે આહાર કરતો બનાવ્યો અર્થાત્ તેને આહાર કરાવ્યો. પછી તુષ્ટ બનેલા રાજાએ તેને રત્નો, વસ્ત્રો અને આભરણો આપીને, મિત્રની માફક પોતાની પાસે બેસાર્યો, અને 'તમે કલાભ્યાસ કયાં કર્યો ? તમે કોણ છો ? કયાં રહો છો ?' એ પ્રમાણે હર્ષ પામેલા રાજાએ પૂછયું એટલે નળે જવાબ આપ્યો કે–" હું હુંડિક નામનો નળનો રસોયો છું. નળ પાસે જ મેં વિદ્યાભ્યાસ કર્યો છે અને **કોશલા** નગરીમાં જ હું રહું છું. નળરાજા જે જે કળાઓ શિખ્યા તે સર્વ તેમણે મને શીખવી અને એકદા **સૂર્યપાક** નામની રસવતી પણ તેમણે મને શીખવી. કુબર નામના દુષ્ટ ભાઇથી હારી ગયેલા ઐશ્વર્યવાળા નળરાજા પ્રિયાની સાથે વનમાં જતાં મૃત્યુ પામ્યા. હે રાજન ! કુળમાં કલંકી કુબરનો ત્યાગ કરીને નળની માફક કલાવાન હું આપને શરણે આવેલ છું." આ પ્રમાણે નળરાજાની વાર્તા સાંભળીને દધિપર્ણ રાજા, વસ્ત્રથી મુખ ઢાંકીને પરિવાર વર્ગ સહિત દુઃખી સ્વરે રુદન કરવા લાગ્યા. બાદ વિચક્ષણ દધિપર્ણ રાજાએ નળના મૃત્યુ પાછળની ક્રિયા કરીને ચિત્તને વિષે શોક ધારણ કર્યો.

કોઇએક દિવસે નળે ષડ્રસથી પરિપૂર્ણ એવી **સૂર્યપાક** રસવતી રાજાને જમાડી. તુષ્ટ થયેલા દધિપર્ણે તેને વસ્ત્રો, પુષ્કળ રત્નો, પાંચસો ગામડા અને એક લાખ દ્રવ્ય આપ્યું. "નળનું રાજ્ય તો ચાલ્યું ગયું છે તો હું આ ગામડાઓને શું કરું ? " એ પ્રમાણે બોલતા કુબડા પ્રત્યે પ્રસન્ન થયેલા રાજાએ ફરી વાર તેને કહ્યું કે–" હે સત્વશિરોમણિ ! હું તારા સત્વથી પ્રસન્ન થયો છું તો તને પસંદ હોય તે વરદાન માગ. " એટલે નળે કહ્યું કે–" શિકાર, મદિરા અને જુગટું વિગેરે વ્યસનોનો તમારા રાજ્યની હદમાં જિંદગી પર્યંત નિષેધ કરાવો. " આ પ્રમાણેનું તેનું કથન સાંભળીને દધિપર્ણ રાજવીએ તે પ્રમાણે કર્યું.

કેટલાએક વર્ષો વીતી ગયા બાદ, પ્રતિહારીથી જણાવાયેલો કોઇએક બ્રાહ્મણ સભામાં આવીને, આશીર્વાદપૂર્વક રાજાને કહેવા લાગ્યો કે–" આવી પહોંચેલી દમયંતીની વાણીથી ભીમરાજાવડે નળની પ્રવૃત્તિ જાણવાને ( તેને શોધવાને ) માટે હું તમારા પ્રત્યે મોકલાયો છું. " ત્યારે દમયંતીને જીવતી જાણીને, નળ પણ કોઇક સ્થળે જીવે છે એ પ્રમાણે તે દ્વિજની વાણીથી નિર્ણય કરીને હર્ષિત બનેલા દધિપર્ણે તેને કહ્યું કે–" નળનો રસોયો ગુણશાળી કુબડો મારા રાજ્યમાં છે. તેના કથનથી મેં સાંભળ્યું હતું કે નળ, પ્રિયા સાથે મૃત્યુ પામ્યો છે, પરન્તુ તારા આ વૃત્તાંતથી હું પ્રસન્ન થયો છું, હે બ્રાહ્મણ ! તું કહે કે-તે બંનેનો વિયોગ કેવી રીતે થયો ? અને દમયંતી ત્યાં કઈ રીતે આવી ચડી ? "

બ્રાહ્મણ બોલ્યો કે–" હે સ્વામિન્ ! નળે વનમાં પ્રવેશ કર્યો અને સૂતેલી દમયંતીને એકલી ત્યજી દઈને બીજે દિવસે કોઇક સ્થળે નળ ચાલ્યો ગયો. રાત્રિના પ્રાંતભાગમાં તેણીએ એક સ્વપ્ન જોયું કે પુષ્પ અને ફલવાળા કોઇએક આમ્રવૃક્ષ પર પોતે ચઢી છે અને તેના અમૃતને પણ જીતનારા ફળો ખાઇ રહી છે તેવામાં કોઇએક હાથીએ આવીને તે આંબાનું વૃક્ષ પાડી નાખ્યું અને પોતે પૃથ્વી પર પડી ગઇ. સ્વપ્નને અંતે નિદ્રા રહિત બનેલ, તેમજ વિકસિત નયનકમળવાળી તેણી પ્રાતઃકાળમાં પોતાના પ્રિયને નહીં જોતી વ્યાકુળ બનીને આ પ્રમાણે વિચારવા લાગી–' શું વનદેવી કે કોઈ વિદ્યાધરીએ મારા સ્વામીનું અપહરણ કર્યું છે ? અથવા તો પ્રાતઃકાર્ય કરવાને માટે જળ લેવાને માટે તે ગયા જણાય છે. અથવા તો મશ્કરી કરવાને માટે વેલોના ઝુંડમાં સંતાઈ ગયા હશે તો હું જલસ્થાન, વેલો કે વૃક્ષોમાં તપાસ કરું. ' આ પ્રમાણે વિચારીને, ઊભા થઇને સ્વામીને જોવા માટે તેણી જે જે સ્થળે ગઇ તે તે સ્થળે નળને નહીં જોતી તેણી અત્યંત વિલખી બની ગઈ. ભમતી એવી તેણી લતાઓને વિષે જલ્દી ઊભા થતાં હરણોને જોઇને પોતાના સ્વામીના ભ્રમથી હર્ષ પામી; પરન્તુ તે તો મૃગલાં છે એમ નિર્ણય થવાથી વારંવાર ખેદ પામવા લાગી. આ પ્રમાણે સ્થળે સ્થળે ભમીને થાકી ગયેલી ને વ્યાકુળ બનેલી દમયંતી પોતાના હસ્તરૂપી પલ્લવને ઊંચો કરીને રુદન કરતી કરતી આ પ્રમાણે બોલવા લાગી—

' આવો, આવો. મને દર્શન આપો. મને આલિંગન આપો ! હે સ્વામિન્ ! અત્યંત કરાતી મશ્કરી સુખને માટે થતી નથી.' આ પ્રમાણે બોલતી તે પોતાની વાણીના પડઘા સાંભળીને હર્ષિત બની હોય તેમ ' મને સ્વામી બોલાવી રહ્યા છે ' એમ વિચારીને પર્વતની ગુફાઓમાં ગઇ. ત્યાં પણ નળને નહીં જોતી શાંત બનેલી તેણી રાત્રિના પ્રાંતભાગમાં જોયેલા સ્વપ્નને

વિચારવા લાગી કે-'આમ્રવૃક્ષ તે નલ, ફૂલ તથા ફલો તે રાજ્યવૈભવ, મહારાણીપદ પર આરૂઢ થયેલ હું ફલનો ઉપભોગ કરનારી બની, તે વૃક્ષનું ઉન્મૂલન કરનાર હસ્તી તે કુબર, આમ્રવૃક્ષથી ભ્રષ્ટ થવું-નીચે પડવું તે મારો નલ સાથેનો વિયોગ-આ સ્વપ્નથી સૂચિત થાય છે કે-મને મારા પ્રાણનાથ સહેલાઇથી પ્રાપ્ત નહીં થાય. દિશાઓ પર્યન્ત પહોંચેલા યશવાળા નલ રાજાએ ત્યજી દીધી છે એવી મને ધિક્કાર હો! તે સ્વમાની પુરુષને મારા પિતાના ઘરે લઇ જવાના મારા કદાગ્રહને પણ ધિક્કાર હો! સ્વમાની, બુદ્ધિશાળી તેમજ શ્વસુરવાસને નહીં ઇચ્છતા નલે મારો આગ્રહ જોઇને મારો પણ ત્યાગ કર્યો જણાય છે. **ધૈર્યશાળી પુરુષો પ્રાણોનો ત્યાગ કરે છે પરન્તુ પોતાના સ્વમાનને ત્યજતા નથી.** તેથી સ્વમાની એવા નલે, માનને ભંગ કરવાના આગ્રહવાળી હું પ્રાણ સમાન પ્રિય હોવા છતાં, મને ત્યજી દીધી છે. હે નાથ! કુળને વિષે મુગટ સમાન! હે વિવેકશાળી નળ! દાસી એવી મારો એક પણ અપરાધ તમારાથી સહન ન કરાયો? હે સ્વામિન્! મેં કદી પણ તમારા આદેશની અવગણના કરી છે? હે દેવ! તેથી જ મારા કદાગ્રહનો નિષેધ ન કરીને તમે મારો ત્યાગ કર્યો. હા, જણાયું. તમે કદી પણ મારા વચનનો ભંગ નથી કર્યો પરન્તુ વાણીથી પણ જેનું માનભંગ નથી કરાયું એમ મારું રક્ષણ કરવાને બદલે ત્યાગ કર્યો જણાય છે. હા દૈવ! જેમ નળની દ્યૂતમાં દુર્મતિ થઇ તેવી રીતે આ કદાગ્રહમાં મને આમ દુર્મતિ તેં કેમ આપી?' આ પ્રમાણે વિચાર કરતી, પોતાને મંદભાગ્યવાળી માનતી વિયોગી દમયંતી 'હે પ્રાણનાથ! મારું રક્ષણ કરો, રક્ષણ કરો!' એ પ્રમાણે બોલતી મૂર્ચ્છા પામીને પડી ગઇ. ક્ષણ માત્રમાં મૂર્ચ્છા નષ્ટ થયા બાદ વિરહથી અત્યંત વ્યાકુળ બનેલા 'હે નાથ! હે નાથ! ન જાવ, ન જાવ.' એ પ્રમાણે કરુણ સ્વરથી ગરીબડી એવી દમયંતી રુદન કરવા લાગી. પછી પોતાના સ્વામીનું નામ લઇ-લઇને તેણે વારંવાર આક્રંદ કર્યું કે જેથી પર્વતોની શિલાઓ પણ તૂટી પડી.

એટલામાં અગ્નિના મિત્ર-વાયુએ કરુણાને અંગે તેણીનું વસ્ત્ર ઉડાડીને નળે લખેલી અક્ષરપંક્તિઓ બતાવી. નળે પોતાના હાથથી અને પોતાના જ રુધિરથી લખેલી તે લિપિને જોઇને દમયંતીએ તેને નળની માફક અંતરથી તેમજ બાહ્યથી પોતાના હૃદય પર ધારણ કરી. તે પંક્તિઓને જોઇને હર્ષ પામેલ દમયંતીએ અંતઃકરણમાં વિચાર્યું કે-'અહો! હજી પણ હું મારા સ્વામીના હૃદયપ્રદેશમાં વિરાજી રહી છું, જેથી તેમણે પોતાના રુધિરથી લખેલા અક્ષરોવડે મને રસ્તો બતાવ્યો છે. હવે હું આ અક્ષરપંક્તિના આધારે પિતાના ઘરે જઇશ.' આ પ્રમાણે નિર્ણય કરીને, પોતાના ચરણથી દબાતા પાંદડાઓના ધ્વનિથી પણ ગભરાતી દમયંતી વડલાના રસ્તાથી ચાલી નીકળી. પોતાની શોક સરખા પૃથ્વીના પુત્રોરૂપ વૃક્ષોને વિષે વારંવાર આરામ લેતી તેણી ચાલવા લાગી. ચાલતી એવી તેણીના તિલકની પ્રભાથી પ્રકાશિત થયેલ પૃથ્વી દાવાનલથી વ્યાપ્ત બની હોય તેમ માનીને હિંસક પશુઓ ત્રાસી ગયા.

આગળ ચાલતાં તેણીએ, જાણે કિલ્લાવાળું નગર હોય તેમ સેંકડો ગાડાઓથી વ્યાપ્ત બનેલ સાર્થને પડાવ નાખીને રહેલ જોયો. 'આ સાર્થની સાથે સુખપૂર્વક અટવીનું ઉલ્લંઘન થશે' એમ વિચારતી વૈદર્ભી હૃદયમાં અત્યંત આનંદ પામી. જેવામાં તેણીએ, હંસી જેમ સરોવરને શોભાવે તેમ સાર્થને શોભાવ્યો તેવામાં નિર્દય ચોર લોકોએ, જેમ સાત પ્રકારની

ઇતિઓ ખેતીને વીંટી વળે તેમ તે કાફલાને ઘેરી લીધો. 'મારાથી રક્ષણ કરાયેલા આ સાર્થમાં તમે ઉપદ્રવ ન કરો, કારણ કે સિંહણથી વ્યાપ્ત વનને વિષે હાથીઓ વૃક્ષાને ભાંગી શકતા નથી.' આ પ્રમાણે બોલતી દમયંતીની, ગાંડી સ્રીની માફક અવગણના કરીને ચોર લોકો, જેમ કમળ ઉપર ભમરાઓ પડે તેમ સાર્થમાં દાખલ થયા ત્યારે પતિવ્રતા તેણીએ પાંચ-છ વાર હુંકાર શબ્દ કર્યો જેથી સૂર્યના કિરણોથી અંધકાર નાશી જાય તેમ તે ચોર લોકો નાશી ગયા. આ પ્રમાણે સાર્થનું રક્ષણ થયું એટલે જાણે અધિષ્ઠાતા દેવી હોય તેમ અત્યંત શીલવતી દમયંતીની સાર્થવાહે પૂજા કરી અને શીઘ્ર પોતાના આવાસે તેને તેડી ગયો. 'આ મારી માતા છે' એ પ્રમાણે માનતા સાર્થવાહના પૂછવાથી હૃદયને ભેદી નાખતી દમયંતીએ જુગાર વિગેરેનું વૃત્તાંત દુઃખપૂર્વક કહી સંભળાવ્યું. ત્યારે 'આ નળપત્ની દમયંતી છે' એમ વિચારીને વિવેકને લીધે અદ્‌ભુત ભક્તિવાળા સાર્થવાહે તેને પોતાના આવાસમાં જ રાખી.

એકદા વર્ષાઋતુ આવી પહોંચી ત્યારે કૃશ બનેલા સમુદ્રમાંથી પ્રગટતા વડવાનલના ધૂમસમૂહ સરખા પ્રચંડ વાદળાઓથી આકાશ વ્યાપ્ત બની ગયું. ગર્જારવરૂપી વાદ્યોથી, વીજળીરૂપી નૃત્યથી અને જળધારાના શબ્દરૂપી ગીતધ્વનિથી મેઘે ત્રણ દિવસ સુધી એકધારી યાત્રા કરી અર્થાત્ ત્રણ દિવસ સુધી મુશળધાર વરસાદ વરસ્યો. કાદવથી ભયંકર પૃથ્વીને જોઇને, દમયંતી સાર્થ લોકોને નહીં જાણવા દેતાં, શુદ્ધ ભૂમિના રહેઠાણ માટે ચાલી નીકળી. તેવામાં વીજળી સરખા પ્રકાશિત મુખવાળા, ભયંકર અવાજથી દુઃસહ્ય, બગલાના સમૂહ સરખી ખોપરીઓના આભૂષણવાળા અતિવૃષ્ટિને લીધે આકાશમાંથી ત્રુટી પડીને જાણે વાદળું નીચે આવ્યું હોય તેવા યમરાજ સરખા રાક્ષસને જોયો એટલે તે રાક્ષસ બોલ્યો કે- તું ઊભી રહે. હું તને ખાઇ જઈશ. જેમ લાંબા કાળે ચાતક પક્ષી મેઘ-જળને પ્રાપ્ત કરે તેમ તું મને પ્રાપ્ત થઇ છે. એટલે હાથ ઊંચો કરીને દમયંતીએ ભયંકર રાક્ષસને કહ્યું કે-'હે અજ્ઞ! મારી અવગણના કરતાં તું બળીને ભસ્મ થઈ જઈશ.' આ પ્રમાણે ભય વિનાની તેણીને જોતો તેમજ હર્ષિત બનેલા રાક્ષસે દમયંતીને કહ્યું કે-'તારા ધૈર્યથી હું પ્રસન્ન થયો છું, તો તારે ઇચ્છિત વરદાન માગી લે." ત્યારે દમયંતીએ તેને કહ્યું કે-"જો તું તુષ્ટમાન થયો છો તો કહે કે- નળનો વિરહરૂપી અગ્નિ કેટલા સમય પર્યંત જ્વલિત રહેશે? અર્થાત્ મને નળનો મેળાપ ક્યારે થશે?" એટલે અવધિજ્ઞાનથી જાણીને રાક્ષસે તેને જણાવ્યું કે-"હે દમયંતી! તારા પિતાના ઘરે બારમે વર્ષે હર્ષદાયક એવો પતિનો મેળાપ તને થશે. હે વૈદર્ભી! જો તું કહે તો હું તને તારા પિતાના ઘરે અર્ધ ક્ષણ માત્રમાં પહોંચાડું? તું શા માટે દુઃખી બનીને ભમ્યા કરે છે?" આ પ્રમાણેનું રાક્ષસનું મનોહર વચન સાંભળીને હર્ષિત બનેલી તેમજ પવિત્ર આશયવાળી દમયંતીએ તેને કહ્યું કે-"પતિના મેળાપ સંબંધી હકીકત જણાવીને તમે મારા ઉપર ઉપકાર કર્યો છે. તમે તમારા માર્ગે જાઓ. તમારું કલ્યાણ થાઓ! પરપુરુષની સાથે હું જતી નથી. તમારે પ્રતિદિન ધર્મનું પાલન કરવું." આવી રીતે દમયંતીથી શિખામણ અપાયેલ તે રાક્ષસ પોતાનું દિવ્ય સ્વરૂપ દર્શાવીને અંતર્ધ્યાન થઇ ગયો.

વર્ષોના અંતે કમલિની પોતાના પતિ સૂર્યને પ્રાપ્ત કરે તેમ "બાર વર્ષને અંતે હું મારા સ્વામીને પ્રાપ્ત કરીશ" આ પ્રમાણે વિચારીને તેણીએ નીચે પ્રમાણે અભિગ્રહ (પ્રતિજ્ઞા)

સ્વીકાર્યો કે–તાંબૂલ (પાન), લાલ વસ્ત્ર, પુષ્પ અને *વિગઇઓ આ મારી પ્રિય વસ્તુઓ હોવા છતાં પ્રિયતમનો મેળાપ ન થાય ત્યાંસુધી હું તે ગ્રહણ કરીશ નહીં. આવી રીતે નિર્ણય કરીને તે ધીમે ધીમે આગળ ચાલી તેવામાં કોઈ એક પર્વતની ફલથી વિકસ્વર વૃક્ષરાજીવાળી ગુફા તેણીએ જોઇ એટલે વર્ષાકાળ વ્યતીત કરવાને માટે દમયંતી તે ગુફામાં, જાણે નિર્ભય મનવાળી સિંહણ હોય તેમ એકલી રહી. તે સ્થાનમાં ભાવી તીર્થંકર **શ્રી શાંતિનાથ** ભગવંતની માટીની પ્રતિમા સ્થાપીને તેણી સ્વયં ખરી પડતા પુષ્પોથી પૂજા કરવા લાગી. ઉપવાસાદિ તપ કરતી ચતુર દમયંતી વૃક્ષોના પડી ગયેલા પાકા ફલોથી પારણું કરતી.

જેમ ચક્રવાક ચંદ્રની કાંતિને ન જોતાં દુઃખી બનીને ભ્રમણ કરે તેમ સાર્થમાં દમયંતીને નહીં જોતો વિહ્વળ બનેલ સાર્થવાહ દુઃખપૂર્વક ભ્રમણ કરવા લાગ્યો. દમયંતીને પગલે પગલે ચાલતો તે તે ગુફામાં આવી ચઢ્યો અને શ્રી જિનેશ્વર ભગવંતની પ્રતિમાની પૂજામાં તત્પર દમયંતીને જોઇને હર્ષ પામ્યો. પછી તેને નમસ્કાર કરીને, તેની સન્મુખ બેસીને સાર્થવાહે પૂછ્યું કે–" હે દેવિ! જેની તમે પૂજા કરી રહ્યા છો તે દેવ કોણ છે ?" એટલે હર્ષ પામેલી દમયંતીએ તેને જણાવ્યું કે–" મહાશાંતિને કરનાર સોળમા તીર્થંકર **શ્રી શાંતિનાથ**ની હું સેવા કરી રહી છું." બાદ તેણીએ સાવધાન મનવાળા સાર્થવાહને નિર્મળ એવો આર્હત્ (જૈન) ધર્મ કહી સંભળાવ્યો. દમયંતીના વચનો સાંભળીને તે વનમાં રહેનારા તાપસ લોકો પણ ધર્મ સાંભળવાની ઇચ્છાથી તેણીની નજીક આવીને રહ્યા. મુખરૂપી ચંદ્રની જ્યોત્સ્ના જેવી તેણીની ધર્મકથાની વાણીથી સાર્થવાહનું પવિત્ર અંતઃકરણ કુમુદની માફક બોધ પામ્યું–જાગ્રત થયું. પછી દમયંતીને ગુરુ તરીકે સ્વીકારીને " મારે આ (ધર્મ) કરવા લાયક છે" એમ બોલતા સાર્થવાહે જૈન ધર્મ અંગીકાર કર્યો.

તેવામાં તેણીની વાણીથી જાણે જીતાઈ ગઇ હોય તેમ શરમને લીધે જ આકાશગંગા, મેઘજળના બહાનાથી પૃથ્વીપીઠ પર પડવા લાગી અર્થાત્ વૃષ્ટિ થવા લાગી. દુર્ધર વૃષ્ટિના જલથી વ્યાકુળ બનેલા તાપસ લોકો, અલ્પ જળમાં જેમ માછલાં તરફડે તેમ આમતેમ ભમવા લાગ્યા એટલે દમયંતીએ તેઓને એક સ્થાનમાં બેસારીને તેઓની ચારે બાજુ લાકડીથી પોતે રેખા દોરી. તેણીની આજ્ઞાથી તાપસ લોકો ત્યાં રહ્યા અને વર્ષાદ વરસવા છતાં વર્ષાનું એક બિંદુ પણ તેઓને સ્પર્શી શક્યું નહીં. વરસાદ વરસતો બંધ થયો એટલે 'આ કોઇ અતિ પ્રભાવવાળી છે.' એમ વિચારીને તાપસ લોકોએ જૈન ધર્મના આચરણમાં તેણીને પોતાની ગુરુ બનાવી અર્થાત્ તેઓએ જૈન ધર્મ સ્વીકાર્યો. સાર્થવાહે તે સ્થળે પોતાના નગરની ભ્રાંતિ ઉપજવાથી વિદ્યાધરોની ગતિને પણ સ્ખલિત બનાવતું મનોહર **તાપસપુર** નામનું નગર વસાવ્યું.

કોઇ એક દિવસે તે પર્વત પર દેવોને આવતા જોઇને દમયંતી તે સર્વની સાથે પર્વત પર ચઢી અને દેવોથી પૂજાતા, હમણાં જ કેવળી બનેલા **સિંહકેશરી** નામના મુનિવરને

* દૂધ, દહીં, ઘી, ગોળ, સાકર ને કડા (તળેલી વસ્તુઓ)–આ ૭ વિગય ગણાય છે.

જોઇને, તેમને નમસ્કાર કરીને તેમની સન્મુખ બેઠી. તેવામાં કોઇ એક મુનિવર કેવળી ભગવંતને પ્રદક્ષિણા આપીને, હર્ષિત બનીને પોતાના પરિવાર સહિત ત્યાં બેઠા. કેવળી ભગવંતે કર્મરૂપી વૃક્ષને બાળવામાં અગ્નિ સમાન અને અનંત ગુણોને ક્રીડા કરવા માટે મંદિર સમાન ધર્મનો ઉપદેશ આપ્યો. અમૃતના પ્રવાહને વહાવવામાં જિહ્વા સરખી દેશનાથી હર્ષિત બનેલા તાપસમુખ્યે કેવળી ભગવંત પાસે વ્રત ગ્રહણ કરવાની પોતાની ઈચ્છા જણાવી એટલે અજ્ઞાનરૂપી અંધકારને હણનાર કેવળી ભગવંતે દંતપંક્તિના પ્રકાશના સમૂહથી અત્યંત દીપતી વાણીથી તેને જણાવ્યું કે-"આ મૃગલોચની દમયંતીનો કુબર નામનો દિયર છે, જે નળરાજાનો લઘુ બંધુ છે. કોશલાનગરીના સ્વામી તે કુબરનો હું સિંહકેશરી નામનો પુત્ર છું. **સંગાપુરી**ના સ્વામી **કેશરી**ની પુત્રીનું પાણિગ્રહણ કરીને આવતાં મને **શ્રી યશોભદ્રસૂરિ**નો મેળાપ થયો. તેઓની અમૃત રસને પણ નિષ્ફળ બનાવતી વાણી સાંભળીને અત્યંત હર્ષ પામેલા મેં તેમને પૂછયું કે-'મારું કેટલું આયુષ્ય બાકી છે?' એટલે પવિત્ર જ્ઞાનવાળા તે મુનિવરે મને જણાવ્યું કે-"આજથી પાંચ જ દિવસનું તારું આયુષ્ય બાકી રહેલ છે." આ પ્રમાણે સાંભળીને વિલખો બનેલ તેમજ મોહસાગરમાં બૂડતા એવા મને તે મુનિવરે તપરૂપી નૌકા પર ચઢાવ્યો. વ્રતનું સમ્યગ્ રીતે પરિપાલન કરીને મેં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. મારો મોક્ષે જવાનો આ સમય છે. તમને સૂરિ મહારાજ દીક્ષા આપશે." આ પ્રમાણે બોલીને કર્મરહિત બનેલ સિંહકેશરી કેવળી મોક્ષે ગયા અને દેવોએ તેમનો નિર્વાણ મહોત્સવ કર્યો.

આનંદમાં ગરકાવ બનેલા તાપસમુખ્યે પણ પોતાના તાપસના પરિવાર સાથે શ્રી યશોભદ્રસૂરિ પાસે દીક્ષા લીધી. પ્રાતઃકાળમાં સાર્થવાહે જેનો પ્રવેશ-મહોત્સવ કર્યો છે તેવી દમયંતી સૂરિવરની સાથે તાપસપુરમાં આવી અને હર્ષિત બનેલી તેણીએ શ્રી શાંતિનાથ ચૈત્યની પ્રતિષ્ઠા ગુરુ મહારાજ પાસે કરાવી, અને સાથોસાથ પોતે પણ સમકિત પ્રાપ્ત કર્યું. તે જ સ્થળે દમયંતીના સ્વામીના વિયોગથી બ્રહ્માના વર્ષ જેવા લાંબા બનેલા સાત વર્ષો વ્યતીત થઇ ગયા.

એક દિવસે કોઈ એક પુરુષે આવીને દમયંતીને કહ્યું કે-"વનમાં નળ તમારી રાહ જોઇ રહેલ છે." એટલે 'હું આવું છું. મારો સાર્થ વિશાળ છે' આ પ્રમાણે બોલીને વેગથી જતા એવા તે પુરુષની પાછળ દમયંતી શીઘ્ર ચાલી નીકળી. 'મારા સ્વામીનાથ કયાં છે?' એમ વારંવાર બોલતી દમયંતી ભૂલી પડી ગઇ અને તે પુરુષ પણ અદૃશ્ય બની ગયો. હરણીની માફક અરણ્યમાં ભમતી એવી તેણીએ જીભને બહાર કાઢતી કોઈ એક રાક્ષસીને જોઇ. તેણીએ દમયંતીને કહ્યું કે-"હું કપટવડે શીઘ્ર તને અહીં ખેંચી લાવી છું. જેવી રીતે રાહુની જીભ ચંદ્રના શરીરનો ઉપભોગ કરે તેમ હું તને હમણાં ખાઇ જઇશ." આ પ્રમાણે ભયંકર રાક્ષસીને જોઇને દમયંતીએ ધર્મનું સ્મરણ કર્યું એટલે જેમ સૂર્યથી રાત્રિ નાશી જાય તેમ ધર્મના પ્રભાવથી રાક્ષસી નાશી ગઇ.

પછી તરસી થયેલી દમયંતી જળ વિનાના વનમાં ભમતી ભમતી, જેમ પુષ્પ વિનાના વૃક્ષ ઉપર ભમરી વ્યાકુળ બને તેમ વ્યાકુળ બની ગઇ. તેણી બોલી કે-"હે વનદેવીઓ! મને સહાય કરો. વનની મૃગલીની માફક હું તૃષાનું દુઃખ સહન કરી શકતી નથી." એટલે

ઈંદ્રજાલિકના મંત્રની જાણે સ્પર્ધા કરતી હોય તેમ તેણીની વાણીથી પૃથ્વીના વસ્ત્ર સરખી એક નદી તેની સમક્ષ પ્રકટી નીકળી. જેમ તેલથી ક્ષય પામતી દીપકની શિખા તેજસ્વી બને તેમ જળ પ્રાપ્ત થવાથી મ્લાન વદનવાળી દમયંતી સ્વસ્થ બની ગઇ.

એવામાં કોઇ એક સાર્થમાંથી આવી ચઢેલા પુરુષોએ તેણીને પૂછ્યું કે-" તું કોણ છે ? તું શું વનદેવી છે ? જે સત્ય હોય તે તું જલ્દી કહે." દમયંતીએ તેઓને જણાવ્યું કે-" હું વણિકપુત્રી છું. પતિની સાથે વનમાં જતી હું સાર્થથી ભ્રષ્ટ બની છું. તમે મને વસતીવાળા સ્થાનમાં લઇ જાવ." તેઓએ પણ, દેહધારી કલ્યાણરૂપી લક્ષ્મી હોય તેવી તેને પોતાની સાથે લઈ જઇને **ધનદેવ** નામના સાર્થવાહને સુપ્રત કરી. તેણીને પુત્રી તરીકે માનતાં સાર્થવાહે પણ તેને વાહનમાં બેસારીને **અચલપુર** નગરે પહોંચાડી. લીલા કરતાં ચક્રવાકના સમૂહને પીડા પમાડવામાં મુખરૂપી ચંદ્રિકાવાળી અને તરસી બનેલી દમયંતીએ કોઇએક વાવમાં પ્રવેશ કર્યો. એવામાં પુષ્પદંતી( દમયંતીની માતા )ની નાની બહેન અને **ઋતુપર્ણ** રાજાની રાણી **ચંદ્રયશા**-ની દાસીઓએ તેને જોઇ, એટલે તેણીઓએ જલ્દી જઇને ચંદ્રયશાને બીજના ચંદ્ર સરખી રૂપવાળી તેણીની હકીકત જણાવી. પોતાની બહેન પુષ્પદંતીની પુત્રી અને પોતાની ભાણેજ દમયંતીને નહીં ઓળખતી ચંદ્રયશાએ તેને બોલાવીને કહ્યું કે-" હે સારા નેત્રવાળી ! હે પુત્રી ! મારી પુત્રી **ચંદ્રમતી**નો બહેનની માફક તું હમણાં ઋતુપર્ણ રાજાની લક્ષ્મીને કૃતાર્થ કર, અર્થાત્ તું મારી સાથે મારા મહેલમાં નિવાસ કર. પવિત્ર ગુણ ગૌરવવાળી તું કોણ છે તે પણ તું કહે; કારણ કે સામાન્ય સ્ત્રીનું આવું રૂપ હોતું નથી." એટલે દમયંતીએ તેને માસી તરીકે નહીં ઓળખતા જેવી રીતે ધનદત્ત( ધનદેવ )ના માણસો પાસે પોતાનું સ્વરૂપ જણાવ્યું હતું તેમ ચંદ્રયશાને પણ જણાવ્યું.

કોઇએક સમયે દમયંતીએ, ભોજનને અર્થે આવી પહોંચતા પ્રિયને જોવાની ઇચ્છાથી ચંદ્રયશા પાસે સત્રાગાર( દાનશાળા )ના ઉપરીપણાની માગણી કરી. રાણીએ તેનો સ્વીકાર કરવાથી દમયંતી, યાચક જનોની કલ્પવલ્લી જેવી સત્રાગારની અધિષ્ઠાત્રી બની. તેવામાં એકદા 'હે દેવિ ! મારું રક્ષણ કરો !' એમ બોલતા, બંધાયેલા અને ચોકીદારોથી લઇ જવાતા કોઇએક ચોરને તેણીએ પોતાની સમક્ષ જોયો. દમયંતીએ ચોકીદારોને પૂછ્યું કે-" આ ચોરે શું ચોર્યું છે ?" ચોકીદારોએ જવાબ આપ્યો કે-" ચંદ્રમતીનો રત્નનો ડાબડો ચોર્યો છે." દમયંતીએ તેઓને જણાવ્યું કે-" આ ગરીબ એવા ચોરને છોડી મૂકો." પરન્તુ રાજાના ભયથી તેઓએ દમયંતીના કહેવા છતાં પણ છોડી ન મૂકયો. એટલે દમયંતીએ તેના પર ત્રણ વાર પાણી છાંટયું એટલે, જેમ ગરુડના નખોથી નાગપાશ તૂટી જાય તેમ તેના બધા બંધનો તૂટી ગયા.

આ પ્રમાણે કુતુહળને જોઇને લોકો હર્ષ પામ્યા અને આ આશ્ચર્ય સાંભળીને ઋતુપર્ણ રાજા પણ ત્યાં આવી ચઢ્યો; અને ખુશી થવા છતાં પણ તેણે દમયંતીને પૂછ્યું કે-" હે પુત્રી ! તેં આ ચોરને શા માટે છોડી મૂકયો ? આ પ્રમાણે કરવાથી રાજાઓની વ્યવસ્થા કેવી રીતે સચવાશે ?" દમયંતીએ જવાબ આપ્યો કે-" હે પિતા ! જૈન ધર્મ પાલતી મારાથી જોવાયેલ

ચોર મરવો ન જોઇએ." પછી પુત્રી સરખી દમયંતીના આગ્રહથી રાજાએ હર્ષને લીધે વિકસ્વર લોચનવાળા ચોરને છોડી મૂકયો. હર્ષ પામેલા ચોરે દમયંતીને નમસ્કાર કરીને કહ્યું કે- "હે દેવિ! તું અસાધારણ હોવા છતાં મારી બીજી માતા તુલ્ય છો." બાદ તે ચોર, પ્રતિદિન પ્રાતઃકાળમાં આવીને કુલદેવી સરખી દમયંતીના ચરણમાં નમસ્કાર કરીને ખુશી થવા લાગ્યો.

એકદા દમયંતીથી પુછાયેલા તે ચોરે સત્ય હકીકત જણાવી કે-"હું તાપસપુર નગરના સ્વામી વસંતનો દાસ ( નોકર ) છું, મારું નામ **પિંગલ** છે. મારા સ્વામીનો રત્નસમૂહ ચોરીને નાસતો એવો હું માર્ગમાં ચોરોથી પકડાઇ ગયો. **સ્વામીને છેતરનારાઓથી કદી પણ કલ્યાણ થતું નથી.** ત્યાર બાદ હું આ ઋતુપર્ણ રાજાનો સેવક બન્યો અને અતિ વિશ્વાસને કારણે સર્વ સ્થળે મને જવાની છૂટ મળી હતી. એક દિવસ રાજપુત્રી ચંદ્રમતીનો રત્નનો ડાબડો પ્રાપ્ત કરીને, તમારી જેવી પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી તે મેં હરી લીધો. રત્નકરંડિયા સાથે પહેરેગીરીએ મને બહાર નીકળતો જોઇને, મને રાજાને સુપ્રત કર્યો. અને રાજાએ પણ મને ચોર જાણીને રક્ષકોને સોંપ્યો. તેવામાં તમારા દૃષ્ટિ-ક્ષેપ માત્રથી મારા સર્વ અંગોના બંધનો મારા ચોરી કરવાના મનોરથોની સાથોસાથ તૂટી ગયા. હે દેવિ! તમે તાપસપુરથી ચાલ્યા ગયા એટલે વસંત સાર્થવાહે ભોજનાદિનો ત્યાગ કર્યો. સાતમે દિવસે શ્રી યશોભદ્રસૂરિએ સમજાવીને, તમારા દુઃખથી દુઃખી બનેલા તેને કંઇક ભોજન કરાવ્યું. પછી કોઇએક દિવસે ભેટણું લઇને ચતુર વસંત સાર્થવાહે કોશલા નગરીએ જઇને કુબરને પ્રણામ કર્યો. એટલે પ્રસન્ન થયેલા તેણે સાર્થવાહને તાપસપુરને વિષે, ચામરની શ્રેણીરૂપી હંસીઓથી શોભતા રાજહંસપણાને આપ્યું અર્થાત્ તેને તાપસપુરનો રાજા બનાવ્યો. હર્ષિત બનેલ વસંતરાજા, મોતીઓના સાથિયાનાં બહાનાથી શોભતા પ્રસ્વેદના બિંદુવાળી પોતાના નગરીમાં દાખલ થયો. હે દેવિ! તે સર્વ આપનો જ પ્રભાવ છે કે-વણિક એવો વસંત રાજા બન્યો. દર્પણ, સૂર્યના કિરણોના સ્વીકારથી ભોંયરામાં રહેલ અંધકારને નષ્ટ કરે છે." વસંતરાજા થવાથી હર્ષિત બનેલ દમયંતીએ પિંગલને કહ્યું કે-"જો તારા હૃદયમાં વિવેકરૂપી દીપક પ્રકાશતો હોય તો હે પુત્ર! ઉત્સાહવાળો તું પાપને નષ્ટ કરનાર ચારિત્ર સ્વીકાર." દમયંતીના વચનથી પિંગલે પણ સંયમ સ્વીકારીને ગુરુની સાથે વિહાર કર્યો.

કોઇ એક દિવસે પૂર્વે જોવાયેલ **હરિમિત્ર** નામનો દ્વિજ કુંડિનપુરથી આવીને, ઋતુપર્ણ રાજાને મળીને જલ્દી ચંદ્રયશા રાણી પાસે આવી પહોંચ્યો. તેને જોઇને ચંદ્રયશાએ કુશળ સમાચાર પૂછયા. તેણે પણ દમયંતીના ત્યાગ સંબંધી હકીકત કહી. નળ અને દમયંતીની હકીકતથી દુઃખી અંતઃકરણવાળા ભીમરાજાએ પૃથ્વીપીઠને વિષે તપાસ કરવા માટે મને સ્થાપ્યો છે. મેં અરણ્ય, નગર, ગ્રામ, પર્વત અને લતાકુંજો જોયા પણ તે બંનેના કશા સમાચાર મને પ્રાપ્ત થયા નથી. તે સંબંધી કંઇ પણ સમાચાર અચાનક તમને મળ્યા છે કે નહીં? તે જાણવાને માટે હું અહીં આવ્યો છું. આ સિવાય બીજી કઇ ગતિ હોય? આ વિષયમાં બીજું શું બને?" આ પ્રમાણે તેની હકીકત સાંભળીને ચંદ્રયશા, પોતાના આભૂષણોને પૃથ્વીપીઠ પર ફેંકી દેતી અકસ્માત્ રુદન કરવા લાગી. ચંદ્રયશાના પરિવાર વર્ગે પણ તથાપ્રકારે રુદન કર્યું જેથી આકાશે ગર્જના કરતાં આદિ વરાહની શોભાને ધારણ કરી.

આ પ્રમાણે સમગ્ર રાજકુલ આકુળવ્યાકુળ બન્યું એટલે ભૂખથી સંકોચાઇ ગયું છે ઉદર જેમનું એવો હરિમિત્ર બ્રાહ્મણ દાનશાળાએ ગયો. દરિદ્ર પુરુષ કલ્પલતાને જોઈને આનંદ પામે તેમ દમયંતીને જોઇને તે બ્રાહ્મણ જિહ્‌વાથી પણ ન વર્ણવી શકાય તેવા હર્ષના સ્થાનભૂત બન્યો અર્થાત્ તેને અવર્ણનીય આનંદ થયો. હર્ષ પામેલા તેણે તેને નમસ્કાર કરીને, વાનર કરતાં પણ અતિ ઉતાવળી ગતિવાળો તે આવીને ચંદ્રયશાને કહેવા લાગ્યો કે–" દમયંતી દાનશાળામાં છે." કર્ણને અમૃત સરખી આ વાણી સાંભળીને પ્રસન્ન થયેલ તેણીએ તે બ્રાહ્મણને સોના તથા રત્નના અલંકારો આપ્યા. પછી ' કયાં છે ? કયાં છે ?' એમ બોલતી અને પગે ચાલતી ચંદ્રમુખી ચંદ્રયશા પરિવારવર્ગ સાથે હર્ષપૂર્વક દાનશાળાએ ગઇ, અને દમયંતીને કહ્યું કે–" પુત્રી ! પોતાની જાતને છુપાવીને તેં મને છેતરી છે. **' માતા કરતાં માસી અધિક સ્નેહવાળી હોય છે.'** તે ઉક્તિને પણ તેં નિષ્ફળ બનાવી છે." આ પ્રમાણે ઠપકો આપવાથી રોકાયેલ અશ્રુવાળી ચંદ્રયશા દમયંતીને આગળ કરીને રાજમહેલે આવી. પછી અશ્રુયુક્ત લોચનવાળી ચંદ્રયશાએ પોતાના હસ્તથી જ દમયંતીને આભૂષણો પહેરાવીને, વિનયથી નમ્ર બનેલી તેને ઋતુપર્ણ રાજા પાસે લઇ ગઈ. પછી દમયંતીએ પણ ચંદ્રયશાના કહેવાથી સૂર્ય સરખા પ્રકાશતા લલાટના તિલકને સાફ કરીને પ્રગટ કર્યું. પછી દમયંતીએ પિતાની માફક ઋતુપર્ણ રાજાને નમસ્કાર કરીને તેની આગળ બેઠી અને તેનાથી પુછાયેલ તેણીએ પોતાનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. પોતાના વંશના નળનો વૃત્તાંત સાંભળ્યે છતે ઋતુપર્ણ રાજા, જેમ સૂર્ય સાગરમાં ડૂબી જાય તેમ લજ્જા યુક્ત બનીને નીચું જોઈ ગયા. તેવામાં સૂર્ય અસ્ત થવા છતાં, સભાને વિષે અંધકારને નષ્ટ કરનાર દેદીપ્યમાન પ્રકાશને જોઇને રાજા આશ્ચર્ય પામ્યો. રાણીએ મનમાં વિચારીને રાજાને જણાવ્યું કે–" દમયંતીના લલાટમાં આ તિલક હમેશાં પ્રકાશતું જ રહે છે." એટલે રાજાએ પણ ભીમરાજાની માફક પોતાના હસ્તથી તેનું લલાટ ઢાંકી દીધું એટલે પ્રકાશના દુશ્મનરૂપ અંધકાર પ્રસરી ગયો. પછી રાજાએ પોતાનો હાથ પાછો ખેંચી લીધો એટલે તેના તિલકના કિરણો, જેમ લઘુ અશ્વો (વછેરા) ઘાસસમૂહને ખાઈ જાય તેમ અંધકારને ગળી ગયા અર્થાત્ પ્રકાશ પ્રસરી ગયો.

આ સમયે પોતાના તેજથી આકાશને પ્રકાશિત કરતાં, રમણીય કંઠપ્રદેશવાળા કોઇ એક દેવે આવીને, સભામાં રહેલી દમયંતીને નમસ્કાર કરીને કહ્યું કે–" હે દેવિ ! તે સમયે તમે પકડાયેલા પિંગલ નામના ચોરને છોડાવીને, પ્રતિબોધ આપીને દીક્ષિત કર્યો હતો તે પોતાના ગુરુની સાથે વિહાર કરતો કરતો તાપસપુર ગયો અને શ્મશાનને વિષે પત્થરની મૂર્તિ માફક રહીને, તેણે રાત્રિએ કાયોત્સર્ગ કર્યો. ચિતામાંથી પ્રગટેલ અગ્નિની જ્વાળાઓથી દગ્ધ થયેલા તે મુનિવર ધ્યાનમાં અચલ રહીને સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયા. હે હંસ સરખી ગતિવાળી ! તમારી મહેરબાનીથી આવી વિશિષ્ટ ઋદ્ધિને પ્રાપ્ત થયેલ હું તમને નમસ્કાર કરવાને અહીં આવેલ છું." આ પ્રમાણે કહીને સાત કોટી સુવર્ણની વૃષ્ટિ કરીને તે દેવ ચાલ્યો ગયો. આ બનાવથી ઋતુપર્ણ રાજા પણ જૈન ધર્મી બન્યો.

કોઇ એક વખતે હરિમિત્ર દ્વિજે ઋતુપર્ણ રાજાને તેમજ ચંદ્રયશા રાણીને કહ્યું કે– " દમયંતીને મારી સાથે મોકલો, જેથી લાંબા સમયે પણ માત–પિતા આનંદ પામે." એટલે

ઋતુપર્ણ રાજાએ પોતાના સૈન્ય સાથે દમયંતીને રવાના કરી અને તેને વળાવવા માટે ચંદ્રયશા થોડે સુધી ગઇ. પછી ચંદ્રયશાને પ્રણામ કરીને, માર્ગમાં કેટલાક પડાવો નાખીને પૃથ્વીના આભૂષણરૂપ કુંડિનપુરમાં આવી પહોંચી. લાંબા સમયે આવવાને અંગે ઉત્સુક બનેલા, હાસ્યની કાંતિથી બંને ઓષ્ઠરૂપી પરવાળાને પ્રકાશિત કરતાં દમયંતીના માત-પિતા તેને લેવાને માટે સામા ગયા. પિતાને સ્નેહપૂર્વક જોઇને, શીઘ્ર રથનો ત્યાગ કરીને, બંને ચરણકમળમાં મસ્તક નમાવતી તેણીએ પિતાને પ્રણામ કર્યો. કમળ સરખા નમ્ર મુખથી ભૂષિત ભીમરાજાએ અશ્રુપ્રવાહને વહાવીને તે પ્રદેશને ખરેખર કાદવવાળો બનાવ્યો. પછી ચતુર દમયંતીએ પિતાની સાથે આવેલ અને હર્ષાશ્રુથી ભરપૂર નેત્રવાળી માતાને પ્રણામ કર્યો. પછી ભીમરાજાના સમગ્ર પ્રજાજનોથી નમસ્કાર કરાયેલી અને ત્રણે લોકને વિષે મુગટ સમાન દમયંતીએ કુંડિનપુરને શોભાવ્યું. નગરમાં રાજાએ ગુરુમહારાજ તેમજ જિનેશ્વર ભગવંતની પૂજાપૂર્વક સાત રાત્રિ-દિવસ પર્યંત દબદબાપૂર્વક મહોત્સવ કરાવ્યો. નળરાજાના ધ્યાનમાં જ લયલીન બનેલી દમયંતી અગ્નિ સરખા વિયોગને લીધે દુબળી પડી જઇને અત્યારે કુંડિનપુરમાં રહેલ છે.

આ પ્રમાણે પોતાની માતાને સમસ્ત હકીકત જણાવતી દમયંતીને મેં સાંભળી હતી અને તે પ્રમાણે મેં આપને જણાવી છે. હાલમાં જ તમારા તરફથી આવેલા કોઇ એક દૂતે ભીમરાજાને જણાવ્યું કે-“દધિપર્ણ રાજા પાસે કલાનો ભંડાર કોઈ એક કુબડો છે. “હું રસોયો છું એમ કહે છે” અને નળ પાસેથી શીખેલી **સૂર્યપાક** નામની રસોઈ બનાવે છે. આ પ્રમાણે સાંભળીને નજીક રહેલી દમયંતીએ ભીમરાજાને જણાવ્યું કે-“કોઈ બીજો તે રસોઇ જાણતો નથી. તે કુબડો એ જ નળ હોવો જોઇએ.” હે સ્વામિન્! ભીમરાજાએ તેને જોવાને માટે મને મોકલ્યો છે. લોઢાની ખાણમાં મણિની શંકાની માફક આ કુબડામાં નળની શંકા કરવી તે ધિક્કારને પાત્ર છે!”

આ પ્રમાણે કહેવાયેલી કથામાં આવતાં રસ પ્રમાણે ભાવોને દર્શાવતા અને આંખમાંથી અશ્રુ વહાવતા કુબડાવડે સંભળાયેલા અને વિસ્તારપૂર્વક કહેવાયેલ દમયંતી સંબંધી હકીકત સાંભળીને હર્ષિત બનેલા દધિપર્ણ રાજાએ પોતાના શરીર પર રહેલા અલંકારોના દાનપૂર્વક હરિમિત્રને તુષ્ટ કરીને રવાના કર્યો. એટલે કુબડા એવો નળ તેને પોતાના આવાસે લઇ ગયો. પછી તેણે તેને સૂર્યપાક રસવતી જમાડી અને દધિપર્ણ રાજાએ પોતાને આપેલ સુવર્ણાદિક તેને આપીને ખુશી કર્યો. પછી કુબડાની રજા લઇને, કુંડિનપુર ગયેલા તે બ્રાહ્મણે તેણે આપેલા દાન તેમજ ભોજનાદિકની હકીકત ભીમરાજાને જણાવી.

આ પ્રમાણે વૃત્તાંત સાંભળીને હર્ષિત બનેલી દમયંતીએ ભીમરાજાને જણાવ્યું કે-“કોઇ પણ કારણને લીધે નળરાજા કુબડાપણાને પામ્યા જણાય છે. તમારા જમાઇ નળ સિવાય શ્રેષ્ઠ દાન દેવાની બુદ્ધિ અને સૂર્યપાક રસવતી બીજામાં સંભવી શકતી નથી, તો હે પિતાજી! તમે એવી યુક્તિ ગોઠવો કે નળરાજા પોતે જ શીઘ્ર પોતાનું રૂપ પ્રગટ કરે.” ભીમરાજાએ ઉત્સાહપૂર્વક જવાબ આપ્યો કે-“કોઇએક દૂતને મોકલીને તારા સ્વયંવરના બહાનાથી દધિપર્ણને અહીં બોલાવીએ. તે દૂત જઈને તેને કહેશે કે-‘આવતી કાલે દમયંતીનો સ્વયંવર થવાનો છે.’ તેની

પાસે રહેલ કુબડો જો નળ હશે તો અશ્વકલાને જાણનાર તે દધિપર્ણને શીઘ્ર અહીં લાવશે." આ પ્રમાણે વિચારીને ભીમરાજાએ મોકલેલા દૂતે સુસમારપુરે જઇને દધિપર્ણને નીચે પ્રમાણે કહ્યું કે–"કોઇપણ સ્થળેથી નળના સમાચાર મળ્યા નથી તેથી દમયંતી ફરી વાર સ્વયંવર કરશે, તે માટે ભીમ રાજાએ મને આપની પાસે મોકલ્યો છે; પરન્તુ મારા શરીરના અસ્વાસ્થ્યને અંગે મને રસ્તામાં ઘણો વિલંબ થયો છે. હે સ્વામિન્! આવતી કાલે જ તે સ્વયંવર થશે, તો હે નાથ! તમારે જલ્દી આવી પહોંચવું જોઇએ." આ પ્રમાણે જણાવીને તે દૂત ચાલ્યો ગયો ત્યારે આશ્ચર્ય પામેલ નળે વિચાર્યું કે–"આ શું? શું ચંદ્ર કદી વિષની વૃષ્ટિ કરે? શું મુનિવર કદી અસત્ય બોલે? શું દમયંતી અન્ય સ્વામીને સ્વીકારશે? મારા જીવતા છતાં મારી પત્નીને પરણવાની કોની તાકાત છે? શું સિંહ નજીક રહ્યે છતે સિંહણને મનથી કોઇ સ્પર્શી શકે?" આ પ્રમાણે દીર્ઘ સમય સુધી મનમાં વિચારીને નળે, નજીકમાં આવેલા સ્વયંવરને અંગે અત્યંત દૂર રહેલા **કુંડિનપુર** પહોંચવા માટે ચિંતાતુર બનેલા દધિપર્ણ રાજાને કહ્યું કે–"હે રાજન્! મને જાતિવંત અશ્વો અને મજબૂત રથ આપો જેથી અશ્વકલાને જાણનાર હું તમને શીઘ્ર કુંડિનપુર પહોંચાડું." આ પ્રમાણે કુબ્જનું કથન સાંભળીને પ્રસન્ન થયેલા દધિપર્ણ રાજાથી સંમતિ અપાયેલ કુબડાએ ચાર અશ્વોવાળો મજબૂત રથ ગ્રહણ કર્યો.

પછી બે ચામરધારી અને એક છત્રવાળા દધિપર્ણ રાજાથી શોભતા, અશ્વોવાળા તે રથને કુબડાએ શીઘ્ર ચલાવ્યો. પવન સરખા વેગવંત અશ્વો રથમાં જોડાવાને અંગે રાજાના ખભા પરથી, જેમ પર્વત પરથી નદી પડે તેમ, વસ્ત્ર પડી ગયું. એટલે રાજાએ કુબ્જને કહ્યુ "કે–"હે કુબ્જ! આ અશ્વોને ઊભા રાખ. પૃથ્વી પર પડી ગયેલ વસ્ત્ર હું લઇ લઉં." એટલે કુબ્જે જણાવ્યું કે–"હે રાજન્! જે સ્થળે આપનું વસ્ત્ર પડી ગયું તે સ્થળ અહીંથી પચીશ યોજન દૂર રહી ગયું છે. હે રાજન્! આ તમારા અશ્વો તથાપ્રકારના ગુણવાળા નથી, નહીં તો આટલા સમયમાં તો પચાશ યોજન ચાલ્યા ગયા હોય."

બાદ માર્ગમાં *બેહડાંનું ઝાડ જોઇને પોતાની કલા દર્શાવવાને માટે કુબડાને દધિપર્ણ રાજાએ પૂછ્યું કે–"આ ઝાડ પર કેટલા ફળ છે?" કુબ્જે પોતાનું અજ્ઞાન દર્શાવ્યું એટલે રાજાએ જણાવ્યું કે–"આ વૃક્ષ પર અઢાર હજાર ફળો છે." એટલે નલે દિગ્હસ્તીના પ્રહાર જેવા ભયંકર મુષ્ટિના પ્રહારથી તે બેહડાના ઝાડથી સમસ્ત ફલો નીચે પાડયા અને તેની સંખ્યા ગણી તો રાજાએ જે સંખ્યા કહી હતી તે પ્રમાણે જ થયા. પછી કુબ્જે **અશ્વવિદ્યાના** બદલામાં રાજા પાસેથી **સંખ્યાવિદ્યા** પ્રાપ્ત કરી. બાદ મનોહર ધ્વજારૂપી તિલકવાળા અને દોડતા રથને કુંડિનપુરની નજીકમાં નળે સ્થિર કર્યો અર્થાત્ તેઓ કુંડિનપુર નગરે આવી પહોંચ્યા.

આ બાજુ તે જ રાત્રિના પ્રાંતભાગમાં દમયંતીએ એક સ્વપ્ન જોયું અને તેથી હર્ષિત બનેલ તેણીએ આવીને ભીમરાજાને જણાવ્યું કે–"હે તાત! મેં આજે સ્વપ્નમાં **નિવૃત્તિ**

---

*ત્રિફળામાં વપરાતા હરડા, બેડા અને આમળા એ પૈકી બેડા એ જ બેહડા સંભવે છે, કારણ કે તે ફળો નીચે પાડવા છતાં તૂટી જતા નથી.

દેવીનું દર્શન કર્યું, અને તેણીએ મને આકાશમાં કોશલા નગરીનું ઉદ્યાન લાવીને બતાવ્યું. તેમની સૂચનાથી તે ઉદ્યાનમાં રહેલ ફૂલથી વ્યાપ્ત કોઈએક આમ્રવૃક્ષ પર હું ચઢી અને તેણીએ એક વિકસિત કમળ મારા હાથમાં આપ્યું. તે વખતે મારા ચઢવા પૂર્વે ત્યાં રહેલ કોઈએક પક્ષી સૂર્યથી વ્યાપ્ત બનેલ આકાશમાંથી પૂર્ણચંદ્ર જેમ અદૃશ્ય થઇ જાય તેમ આમ્રવક્ષ પરથી નીચે પડી ગયું." આ પ્રમાણે દમયંતીનું સ્વપ્નવૃત્તાંત સાંભળીને ભીમરાજાએ જણાવ્યું કે–"હે પુત્રી! તને ઉત્તમ સ્વપ્ન આવ્યું. નિર્વૃત્તિ દેવી એ તારી શરીરધારી (સાક્ષાત્) ભાગ્યદેવી છે એમ તું જાણ. કોશલા નગરીનું ઉદ્યાન જોવાથી તને કોશલા નગરીનો વૈભવ પ્રાપ્ત થશે. ફળવાળા આમવૃક્ષના આરોહણથી તને તારા સ્વામી અને રાજ્યની પ્રાપ્તિ થશે. આંબાના વૃક્ષ પરથી નીચે પડતા એવા પક્ષીને તેં જોયું તે તમે રાજ્ય પ્રાપ્ત કરશો ત્યારે કુબરનું પતન થશે એમ સૂચવે છે. આજ તને તારા સ્વામી નળરાજાનો સંગમ થશે. **પ્રાતઃકાળે જે સ્વપ્ન જોવાય છે તે શીઘ્ર ફલદાતા બને છે."**

તે સમયે 'દધિપર્ણ રાજા કુંડિનપુર નજીક આવી પહોંચ્યા છે' એમ કોઇએક પુરુષે આવીને ભીમરાજાને જણાવ્યું ત્યારે સામે આવીને તેમણે સન્માનપૂર્વક દધિપર્ણ રાજાને નગરમાં પ્રવેશ કરાવ્યો. પછી વાર્તાલાપ કરતાં ભીમરાજાએ દધિપર્ણને કહ્યું કે–"મારા આનંદની ખાતર તમે કુબડા પાસે **સૂર્યપાક** રસવતી કરાવો." એટલે દધિપર્ણ રાજાથી સૂચના કરાયેલા કુબ્જે ચંદ્રને પુષ્ટ કરનાર સૂર્યના કિરણના સંસર્ગથી અત્યંત સ્વાદિષ્ટ સૂર્યપાક રસોઇ બનાવી. એ સમયે વિચાર કરવાને અસમર્થ, તેમજ પરસ્પર મુખને જોતાં એવા લોકોની સાથે ભીમરાજાએ તે રસોઈ ખાધી. પરીક્ષાને માટે લાવવામાં આવેલ રસોઇ જમીને દમયંતીએ 'તે કુબ્જ એ નળ છે' એવો નિર્ણય કર્યો. પછી, હર્ષિત બનેલ તેણીએ પોતાના પિતાને કહ્યું કે–"ભલે તે કુબડો હોય કે લંગડો હોય, પણ તે ચોક્કસ નળ જ છે. જ્ઞાની મુનિવરે પૂર્વે મને કહ્યું હતું કે–'ફક્ત એક નળ જ સૂર્યપાક રસવતી જાણે છે, બીજો કોઇ તે જાણતો નથી.' હે પિતાજી! નળને ઓળખવાનું એક બીજું પણ લક્ષણ છે. તેના સ્પર્શથી મારી રોમરાજી વિકસ્વર બનશે; તો આ કુબ્જ પોતાના હસ્તથી મારા અંગને કંઇક સ્પર્શ કરે" આ પ્રમાણે દમયંતીના કહેવાથી ભીમની સૂચનાથી નળે દમયંતીને પોતાના આંગળીથી સ્પર્શ કર્યો, એટલે તેના હસ્તસ્પર્શથી ક્ષણ માત્રમાં દમયંતીના શરીરે, જાણે હર્ષને લીધે બહાર ફેંકાયેલ શોકસરખા રોમાંચને ધારણ કર્યું. એટલે દમયંતી અબલા (અ=નહીં, બલા=બલ-બળ વિનાની) હોવા છતાં બળાત્કારથી નળને અંતઃપુરમાં લઇ ગઇ અને મનોહર પ્રેમામૃતવાળી વાણીથી તેને હર્ષ પમાડ્યો. બાદ દમયંતીના આગ્રહથી ઢંકાયેલ અગ્નિની માફક નળે બિલ્વ અને કરંડિયાદ્વારા પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કર્યું. નળને મૂળ રૂપે જોઇને, હિંમત તથા લજ્જાના સંગમથી ભીરુ બનેલ દમયંતીએ કયા કયા રસનો અનુભવ ન કર્યો ? વિરહરૂપી અગ્નિ શાંત થતાં હર્ષરૂપી જળમાં સ્નાન કરતી હોય તેમ પ્રસ્વેદના કણિયાથી ઝળહળતી દમયંતી અત્યંત શોભી ઊઠી. ચપળ નળરાજાના નેત્રરૂપી વસ્રથી ચારે બાજુથી વીંઝાવાથી જલ્દી પ્રસ્વેદ બિંદુઓ સૂકાઇ જવાથી ચકોર દૃષ્ટિવાળી તેણી ધ્રુજી ઉઠી. દમયંતીએ અંતઃકરણમાં રહેલ કાંતિરૂપી દુર્વાવાળા **બંને નેત્રોની અંજલિદ્વારા નિષ્પાપ એવા પોતાના સ્વામી નળ તેમજ કામદેવને સરખી અંજલિ આપી.**

બાદ અંતઃપુરમાંથી બહાર આવેલા રમણીય કાંતિવાળા નલને લોકોએ, રાહુથી મુકાયેલા સૂર્યની માફક, કુબડાપણા રહિત નીહાળ્યો. એવામાં " હે સ્વામિન્ ! અજ્ઞાનને અંગે મારાથી જે કંઇ પણ અપરાધ થયો હોય તે તમે માફ કરજો ! " એ પ્રમાણે બોલતા દધિપર્ણ રાજા નલના બંને ચરણમાં નમ્યા. પછી સ્વયં પ્રતિહારીરૂપ બનેલા ભીમરાજાએ નલને સિંહાસન પર બેસારીને ' તમે અમારા સ્વામી છો ' એ પ્રમાણે બોલીને નલનો રાજ્યાભિષેક કર્યો.

પછી દમયંતીએ સુખ–દુઃખમાં ભાગીદાર ચંદ્રયશા રાણી સાથે ઋતુપર્ણ રાજા તેમજ સાર્થવાહ વસંતને બોલાવ્યા. ચાર લોકપાળ સરખા વસંત સાર્થવાહ, દધિપર્ણ, ઋતુપર્ણ અને ભીમરાજાની સાથે ઇંદ્ર સરખા પાંચમા લોકપાલ એવા નલે ક્રીડા કરી. ધનદેવ સાર્થવાહ પણ કોઇ પણ સ્થળેથી કુંડિનપુર આવી પહોંચ્યો, એટલે દમયંતીએ રાજા પાસે તેના ઉપકારનો બદલો વળાવી આપ્યો.

કોઇએક દિવસે કોઇએક દેવે સ્વર્ગથી આવીને, રાજાઓના જોવા છતાં દમયંતીને પ્રણામ કરીને કહ્યું કે–" દેવિ ! મારા પ્રત્યે તમારો ઘણો ઉપકાર છે. પૂર્વે પ્રતિબોધ પમાડીને દીક્ષા અપાયેલ તાપસમુખ્ય હું સૌધર્મ દેવલોકમાં **કેસર** નામના વિમાનમાં **કેસર** નામનો દેવ થયો છું. " આ પ્રમાણે બોલીને, તેમની સમક્ષ સાત કોટી સુવર્ણની વૃષ્ટિ કરીને તે દેવ, વીજળીના પ્રચંડ ચમકારાની માફક ઊડીને અંતર્ધ્યાન થઇ ગયો.

નલના આદેશથી ઋતુપર્ણ વિગેરે રાજાઓએ પોતપોતાના દેશમાંથી પોતાની સેનાઓ શીઘ્ર બોલાવી. પછી ઇંદ્ર સરખા પરાક્રમી નલે નૈમિત્તિકે જણાવેલા દિવસે કોશલા નગરી તરફ પ્રયાણ કર્યું. સેનાસમૂહથી સ્થિર એવા પર્વતોને પણ કંપાવતા, પ્રકાશિત સૂર્યના મંડળને ધૂળીથી ભરી દેતા, સૈન્યથી આક્રાંત બનેલા પાતાલેંદ્ર શેષનાગને પણ નમાવતા નલ રાજા કેટલાએક પ્રયાણો પછી કોશલા નગરીએ આવી પહોંચ્યા. કોશલા નગરીના ઉદ્યાનમાં પરાક્રમી નલને આવેલા સાંભળીને, પોતાને યમરાજનો અતિથિ માનતો **કુબર** કંપવા લાગ્યો. નલે દૂતદ્વારા કુબરને બોલાવીને, દ્યૂતમાં પોતાની સમગ્ર લક્ષ્મી મૂકીને, તેને જીતી લઈને નલ રાજાએ કોશલદેશનું રાજ્ય ગ્રહણ કર્યું. પછી ક્રોધને દૂર કરીને, આનંદી નલે, ક્રૂર એવા પોતાના લઘુબંધુ કુબરને મહોત્સવપૂર્વક યુવરાજપદે સ્થાપન કર્યો. પછી દરેક રાજાને વિદાય કરીને, રાજાઓને વિષે હસ્તી સમાન નલે કોશલા નગરીના સમગ્ર ચૈત્યોમાં પ્રિયાની સાથે પૂજા કરી. પછી હજારો વર્ષો સુધી હર્ષિત દમયંતીની સાથે શત્રુઓનો નાશ કરનાર નલે ત્રણ ખંડ પૃથ્વીનું પાલન કર્યું.

એકદા સ્વર્ગથી આવીને નિષધ દેવે નલને કહ્યું કે–" મનુષ્યભવરૂપી વૃક્ષનું ચારિત્રરૂપી ફલ તું ગ્રહણ કર. પૂર્વે મેં તને તારા ચારિત્ર–સ્વીકારનો સમય જણાવવાનું કહ્યું હતું, તો તું હવે ફોગટ વિલંબ ન કર. જલબિંદુની માફક આયુષ્ય ગળી રહ્યું છે. " આ પ્રમાણે બોલીને નિષધ દેવ ચાલ્યા ગયા બાદ નલ દમયંતી સાથે, તે સમયે **જિનસેન** નામના સૂરિવરને આવેલા જાણીને તેમની પાસે ગયો. સૂરિવરને નમીને, ભૂમિ પર બેઠેલા નલે તેમને

પોતાનું તેમજ દમયંતીનું સુખ-દુ:ખનું કારણ પૂછ્યું ત્યારે કામદેવને નિર્મૂલન કરનાર મુનિવર બોલ્યા કે-" સુખ-દુ:ખને આપનાર તારા પૂર્વભવને તું સાંભળ.

જંબૂદ્વીપના મુગટ સમાન ભરતક્ષેત્રના ભૂષણુ સમાન અષ્ટાપદ પર્વતની નજીક **સંગરપુર** નામનું નગર છે. ત્યાં **મમ્મણ** નામનો રાજા હતો અને તેને **વીરમતી** નામની રાણી હતી. એકદા શિકાર માટે જતાં રાજાએ પોતાની સમક્ષ એક મુનિરાજને જોયા એટલે તેમને અપશુકનરૂપ માનતાં તેણે ક્રોધપૂર્વક તે મુનિને રોકી રાખ્યા અને બાર ઘડી પછી દયા આવવાથી છોડી મૂકયા. સાધુએ તેને અહિંસારૂપી જૈન**ધર્મ** સંભળાવ્યો. અને રાજાએ પણ તે ધર્મ વીરમતી રાણી સહિત સ્વીકાર્યો. પછી રાજસભાવ પ્રગટ થવાથી તે બંનેએ મુનિરાજની સેવા કરી અને ' મારા અપરાધની ક્ષમા કરો " એ પ્રમાણે કહીને છોડી મુકાયેલા તે મુનિવર પણ અન્યત્ર ચાલ્યા ગયા.

કોઇએક દિવસે સેવાથી પ્રસન્ન કરાયેલ શાસનદેવી વીરમતીને, તેના ધર્મની દઢતાને માટે અષ્ટાપદ પર્વત પર લઇ ગઇ. આશ્ચર્યકારી ભક્તિથી મનોહર વીરમતીએ દરેક તીર્થંકરને ઉદ્દેશીને વીશ-વીશ આયંબિલો કર્યાં. તેમજ દરેક જિનેશ્વરના કાંતિમાન મણિઓથી જડેલા સુવર્ણના એક-એક તિલક કરાવ્યા. તે વ્રતનું ઉજમણું કરીને, હર્ષ પામેલ તેણીએ ચારણ મુનિઓને દાનવડે આનંદિત કરીને પારણું કર્યું. અષ્ટાપદ પર રહેલ તીર્થંકર ભગવંતોની સેવા કરવામાં આસક્ત બનેલ ને હર્ષિત થયેલ વીરમતી પોતાની રાજધાનીમાં આવી. જિનધર્મની દીર્ઘ સમય સુધી આરાધના કરીને પવિત્ર મમ્મણ ને વીરમતી બંને મૃત્યુ પામ્યા.

મમ્મણ રાજાનો જીવ **બહલી દેશમાં પોતનપુર** નગરને વિષે **ધમ્મિલાભ** નામના ભરવાડની **રેણુકા** નામની પત્નીથી પુત્ર તરીકે જન્મ્યો. તેનું **ધન્ય** એવું નામ પાડવામાં આવ્યું. વીરમતીનો જીવ તેની પ્રિયા **ધુસરી** તરીકે બનીને પૂર્વની માફક પ્રીતિપાત્ર બની. કોઇએક દિવસે વર્ષાઋતુમાં ભેંસોને ચરાવતા ધન્યે વનમાં વરસાદ વરસી રહ્યો હતો ત્યારે એક પગે ઊભા રહેલા કોઈએક મુનિવરને જોયા. તે વખતે ધન્યે સુંદર ભાવનાપૂર્વક તે મુનિશ્રેષ્ઠના મસ્તક પર પુષ્કળ પાણીવાળા મેઘને રોકવામાં સમર્થ છત્ર ધારણ કરી રાખ્યું. તે સમયે વરસાદ વરસતો બંધ પડયો નહીં, તેમ મુનિવરે પોતાનું ધ્યાન પણ છોડયું નહીં, અને ધન્યે પોતે ધરી રાખેલ છત્ર પણ ત્યજી દીધું નહીં. આ પ્રમાણે તે ત્રણે ખરેખર સ્પર્ધાવાળા બન્યા. સાતમે દિવસે વરસાદ વરસતો બંધ પડયો ત્યારે પૂર્ણ પ્રતિજ્ઞાવાળા મુનિવરે કાયોત્સર્ગ પાર્યો અને ધન્યે તેમને નમસ્કાર કર્યો. શાંત વૃત્તિવાળા ધન્યે તે મુનિવરને પૂછ્યું કે-" વિહાર કરતાં એવા આપને આ મેઘ વિઘ્નરૂપ કેમ બન્યો ? " એટલે સાધુવર્યે જણાવ્યું કે-" લંકાને વિષે ગુરુની પાસે હું જઈ રહ્યો હતો તેવામાં મેઘે આ પ્રમાણે વૃષ્ટિ કરી એટલે વૃષ્ટિ બંધ પડે ત્યાં સુધીનો અભિગ્રહ ધારણ કરીને મેં કાયોત્સર્ગ કર્યો. આ વિષયમાં તેં મને સહાયતા કરી છે. " બાદ પોતપોતાના ગૃહે આવવાને માટે તે મુનિરાજને તેણે વિનંતિ કરી જેથી મુનિએ પાડા પર આરોહણ કરવાની ના પાડીને, કાદવવાળા માર્ગે ચાલ્યા. પવિત્ર અંતઃકરણવાળા ધન્યે તે મુનિવરને સાતમે દિવસે પુણ્યના કારણભૂત પારણું કરાવ્યું. કરુણારૂપી સ્ત્રીના હાર સમાન અને વિહારમાં પરાક્રમશાલી તે મુનિવર વર્ષાઋતુ વ્યતીત થતાં સ્વેચ્છાપૂર્વક એક

ગામથી બીજે ગામ વિચરવા લાગ્યા. ધન્ય પણ પ્રિયા સાથે મુનિવરે આપેલ શ્રાવક ધર્મનું દીર્ઘ સમય સુધી પાલન કરી **હૈમવત** ક્ષેત્રમાં યુગલિકપણે ઉત્પન્ન થયાં. ત્યાંથી **ક્ષીરદંડિર** અને **ક્ષીરદંડિરા** નામના દેવ-દેવી તરીકે ઉત્પન્ન થઇને, પુષ્કળ ઋદ્ધિથી શોભવા લાગ્યા. ત્યાંથી ચ્યવીને ક્ષીરદંડિરનો જીવ તું નળ થયો, અને ક્ષીરદંડિરા તારી પત્ની ભીમરાજાની પુત્રી દમયંતી તરીકે જન્મી તારી પત્ની થઇ. મમ્મણના ભવમાં બાર ઘડી સુધી તેં મુનિને પકડી રાખ્યા હતા તેથી તને બાર વર્ષ પર્યન્ત પત્ની તેમજ રાજ્યનો વિયોગ થયો. ધન્ય એવા **ધન્ય**ના ભવમાં તેં જે મુનિવરના મસ્તક પર છત્ર ધારણ કર્યું અને તેમને ક્ષીરનું પારણું કરાવ્યું તેથી તને આ વૈભવ પ્રાપ્ત થયો છે. તારી પત્ની દમયંતીએ વીરમતીના ભવમાં હર્ષપૂર્વક અષ્ટાપદ પર્વત પર અરિહંત ભગવંતોને રત્નતિલકો કરાવ્યા તેથી તેના લલાટમાં પોતાના કિરણસમૂહથી સૂર્યના કિરણોને પણ તિરસ્કારી કાઢતું શાશ્વત તિલક પ્રાપ્ત થયું છે."

આ પ્રમાણે પોતાનું પૂર્વભવનું વૃત્તાંત સાંભળીને નલે, પોતાના **પુષ્કલ** નામના પુત્રને રાજ્ય સોંપીને દમયંતી સાથે દીક્ષા લીધી. અત્યંત ઉગ્ર વ્રતપાલનથી, અન્ય સાધુઓને અત્યંત ચમત્કાર પમાડતા તે બંને જણે પોતાના યશરૂપી અમૃતથી દિશાઓને ઉજ્જવલ કરી-પ્રકાશિત બનાવી. કોઇએક દિવસે દમયંતીને જોઇને કામવિહ્વલ બનેલ નલ મુનિને ગુરુએ તિરસ્કાર્યા અને સ્વર્ગથી આવીને નિષધે તેમને પ્રતિબોધ આપ્યો. પછી વ્રત-પાલનમાં અસમર્થ નલે અણશણ સ્વીકાર્યું અને દમયંતી સાધ્વીએ પણ નલ પ્રત્યેના અનુ-રાગથી તેનું અનુકરણ કર્યું. હે વસુદેવ! તે હું નલ છું જે કુબેર બન્યો છું. તે દમયંતી કાળધર્મ પામીને મારી પત્ની બની હતી. તે મારી દેવી શીઘ્ર ચ્યવીને કનકવતી થઇ છે. તેના પ્રત્યેના પૂર્વના સ્નેહથી બંધાયેલો હું અહીં આવ્યો છું. આ કનકવતીના જ ભવમાં કર્મનો નાશ કરીને તે મુક્તિ પામશે. આ હકીકત મહાવિદેહ ક્ષેત્રમાં રહેલા શ્રી **વિમલસ્વામી** તીર્થંકરે મને જણાવેલ છે." આ પ્રમાણે કહીને, પોતાની શરીરની કાંતિથી આકાશને ભરી દેતો કુબેર અંતર્ધ્યાન થઇ ગયો.

કોઇએક દિવસે વિદ્યાધરીઓ સાથે પ્રતિદિન ખેલતાં વસુદેવનું સૂર્પક નામના વિદ્યાધરે હરણ કર્યું અને ગંગા નદીના જળમાં તેને પડતો મૂકયો. પરાક્રમી વસુદેવે ગંગાને પાર કરીને માર્ગમાં મુસાફરો સાથે ભમતા ભમતા તે કોઇએક પલ્લીને વિષે ગયો. ત્યાં પલ્લીપતિની કામદેવના ભાલા સરખી **જરા** નામની પુત્રીને, જેમ ચંદ્ર ચંદ્રિકાને પરણે તેમ પરણ્યો અને તેની સાથે ક્રીડા કરવા લાગ્યો. તેને વિષે **જરાકુમાર** નામના પુત્રને પ્રગટા-વીને બીજી બાજુ વિચારતા તેને કોઇએક દેવીએ પ્રત્યક્ષ થઇને જણાવ્યું કે-"હું તને **રુધિર** રાજાની **રોહિણી** નામની પુત્રી આપું છું તો તું તેણીના સ્વયંવરમાં પંડહ(ઢોલક) વગાડ-નાર બનીને જલ્દી જા."

આ પ્રમાણે દેવીથી સૂચના કરાએલ વસુદેવ **અરિષ્ટપુર** નામના નગરે ગયો. પોતાના રૂપથી ત્રણ જગતના પ્રાણીઓના મનને વશ કરનારી રોહિણી, જરાસંધ વિગેરે રાજાઓથી વ્યાપ્ત સ્વયંવર મંડપમાં સ્વયંવરમાળાથી શોભતી આવી પહોંચી. દેખાવમાં મનોહર પણ ગંધ

રહિત એવા કરેણુના પુષ્પોને વિષે ભમરી આસકત ન બને તેમ આભૂષણોથી અલંકૃત હોવા છતાં કાંતિવિનાના તે રાજાઓના સમૂહને વિષે રોહિણીની નજર ઠરી નહીં. અન્ય વેષને ધારણ કરનાર, વાજિંત્રો વગાડનારાઓને વિષે દેદીપ્યમાન વસુદેવે નીચે પ્રમાણે સ્પષ્ટ અક્ષરો વગાડવાપૂર્વક પડહ વગાડ્યો કે–" કૃશાંગી ! તું મારી પાસે આવ, આવ. તું શું જોઈ રહી છે ? હે સુંદર કંઠવાળી ! તારા માટે ઉત્સુક બનેલ હું તારે યોગ્ય છું." આ પ્રમાણે ઢોલક વગાડતાં પરાક્રમી વસુદેવને જોઇને આનંદ પામેલી રોહિણીએ તેને વરમાળ પહેરાવીને આનંદિત બનાવ્યો. આ પ્રમાણે રોહિણી પડહવાદકને પરણવાથી ઈર્ષ્યાને લીધે તે સમસ્ત રાજાઓ હાંસી કરવા લાગ્યા. " અહો ! આ રોહિણીનું કુલીનપણું તો જુઓ કે જેથી તે આવા કુલીન (!) પુરુષને પરણી." આ પ્રમાણે રુધિર રાજાને જોતા થકા અંદરોઅંદર વાતો કરવા લાગ્યા. આ પ્રમાણે તે સર્વ હાંસી કરી રહ્યા હતા એટલે વસુદેવે ક્રોધપૂર્વક કહ્યું કે–" જેના બાહુદંડમાં ખુજલી (ચળ) હોય તેનું કુલિનપણું દેખાઇ આવે છે."

આ પ્રમાણેની વસુદેવની દાવાનળ સરખી ઉગ્ર વાણી સાંભળીને જરાસંધે તેના વધને માટે પોતાના રાજાઓને મોકલ્યા એટલે સજ્જ થયેલા સૈન્યવાળા ને ક્રોધી રુધિર રાજા પણ જરાસંધની સાથે લડવાને વસુદેવની આગળ આવીને ઊભા રહ્યા. અત્યંત પરાક્રમી દધિમુખ નામના વિદ્યાધરે તેનો સારથિ બનીને, યુધ્ધમાં ભયંકર વસુદેવને રથમાં બેસાર્યો. યુધ્ધને માટે સજ્જ થયેલા ક્રોધી વસુદેવે વેગવતીની માતા **અંગારમતી**એ આપેલા ધનુષ્ય ને ભાથાઓ જલ્દી ગ્રહણ કર્યાં. જરાસંધના રાજાઓથી રુધિરને યુધ્ધને વિષે જલ્દી પરાજિત થયેલા જોઇને, વસુદેવની આજ્ઞાથી દધિમુખે રથને આગળ ચલાવ્યો. પોતાના માંડલિક રાજાઓરૂપી હસ્તીઓને વિષે કેસરીસિંહ સમાન વસુદેવને જોઇને જરાસંધે સમુદ્રવિજયને કહ્યું કે–" આ માત્ર પડહ વગાડનાર જણાતો નથી, તો તું જાતે તેને વશ કર. વનને ભાંગી નાખતો હસ્તી, કેશરીસિંહ સિવાય કોનાથી જીતાય ? આ શૂરવીરને જીતી લઇને, રોહિણીનો સ્વામી બનતો તું, આ વીર પુરુષથી બંધ કરાએલા મારા યશરૂપી કુમુદને વિકસ્વર બનાવ." ' અન્ય પુરુષને પરણેલી રોહિણીનો હું સ્વામી થવા માગતો નથી, પરન્તુ તમારા આદેશથી આ જીતવા લાયક છે.' એમ કહીને સમુદ્રવિજય ઊભા થયા.

બાદ સમરાંગણમાં ખેલતા અને અસાધારણ પરાક્રમી સમુદ્રવિજયને જોઇને દેવો કલ્પાંતકાળ માનવા લાગ્યા. તેજથી સૂર્યને તિરસ્કારી કાઢનાર અને ભય રહિત બનેલ તે બંને **શૌરી** રાજાના પુત્રો ક્રોધપૂર્વક લડવા લાગ્યા. પરસ્પર કરાતા શસ્ત્રના ઘાને વિફળ બનાવતા, તે બંને ધીર મનુષ્યોને ચમત્કાર ઉપજાવવાપૂર્વક લાંબા સમય સુધી લડવા લાગ્યા. પછી ' આ સમુદ્રવિજય છે ' એમ ઓળખીને નમ્ર બનેલા વસુદેવે અક્ષરયુક્ત સામાન્ય બાણ ફેંકયું. તે બાણને હાથમાં લઇને સમુદ્રવિજયે લખેલી અક્ષરપંક્તિ વાંચી કે–" તે સમયે કપટપૂર્વક ચાલ્યો ગયેલ વસુદેવ તમને નમસ્કાર છે." એટલે ' હે વત્સ, વત્સ ! ' એ પ્રમાણે બોલતા અત્યંત પ્રીતિવાળા સમુદ્રવિજય, રથનો ત્યાગ કરીને જેમ સાગર ચંદ્ર પ્રત્યે દોડે તેમ, વસુદેવ પ્રત્યે દોડયા. ઉત્સુક બનેલ વસુદેવ પણ પોતાના રથમાંથી ઊતરીને, ચાલ્યો એટલે પોતાના બંને ચરણમાં પડતાં, તેને ઊભો કરીને સમુદ્ર વિજયે બંને હાથથી આલિંગન આપ્યું. પછી ' આટલા સમય સુધી તું કયાં રહ્યો

હતો ?' એમ વડીલ બંધુ સમુદ્રવિજયે પૂછ્યું એટલે વસુદેવે પોતાનો સમસ્ત વૃત્તાંત સંભળાવ્યો.

"અંધકવૃષ્ણિનો દશમો પુત્ર આ વસુદેવ છે" એમ પરાક્રમથી જાણીને રુધિર અને જરાસંધ વિગેરે રાજાઓ હર્ષિત બન્યા. સ્વયંવરને અંગે આવેલા સમસ્ત રાજાઓએ કરેલા ઉત્સવપૂર્વક પવિત્ર દિવસે વસુદેવ રોહિણીને પરણ્યો. બાદ રુધિરથી સન્માનિત થયેલા જરાસંધ વિગેરે રાજાઓ ચાલ્યા ગયા અને કંસ સહિત સમગ્ર યાદવો ત્યાં જ રહ્યા.

કોઇ એક દિવસે સમુદ્રવિજય સભામાં બેઠેલા હતા તેવામાં કોઇક વૃધ્ધ સ્ત્રીએ આકાશમાંથી આવીને કહ્યું કે–"મારી **બાલચંદ્રા** અને **વેગવતી** નામની બે પુત્રીઓ, તમારા વિયોગને કારણે અત્યંત દુર્બલ બની ગઈ છે." આ પ્રમાણે સાંભળીને વસુદેવે સમુદ્રવિજયના મુખ તરફ જોયું એટલે તેણે કહ્યું કે–"હે વત્સ! જા. પરન્તુ પૂર્વની માફક ત્યાં તું દીર્ઘ સમય રોકાઈશ નહીં." આ પ્રમાણે સાંભળીને વસુદેવ તેણીની સાથે આકાશમાર્ગે ત્યાં ગયો અને તેના આગમનની રાહ જોતાં સમુદ્રવિજય પણ પોતાના નગરે આવી પહોંચ્યા.

બાદ ગગનવલ્લભ નગરને વિષે **કાંચનદંષ્ટ્ર** વિદ્યાધરની બે કન્યાઓને પ્રસન્ન મુખવાળો વસુદેવ પરણ્યો. પૂર્વે પરણેલી વિવાહિત સ્ત્રીઓને તેઓના દેશમાંથી લઇને, દરેક દિશાઓમાં ભ્રમણ કરતો દશમો દશાર્હ–ઉજ્જવળ બુદ્ધિવાળો અને અત્યંત વૈભવશાળી વસુદેવ આકાશમાર્ગે, વિદ્યાધરોની સેનાના સમૂહ સાથે પોતાના નગરે આવીને સમુદ્રવિજયને નમ્યો.

× × ×

કોઈથી જોવામાં આવતું નથી, બીજાઓની પ્રાર્થનાને પૂર્ણ કરતું નથી તેવા કલ્પવૃક્ષને વિષે પુણ્યહીન પ્રાણી, પોતાનું હૃદય સંકુચિત હોવાને કારણે ઇચ્છા કરે છે–આ પ્રમાણે દુઃખી બનેલા જગતને જોઇને વિધિએ (બ્રહ્માએ) ખરેખર નવીન કલ્પવૃક્ષ સરખા આ વસ્તુપાલ મંત્રીશ્વરને સર્જ્યા છે.



# સર્ગ બારમો

## કૃષ્ણ–રાજ્યવર્ણન.

[ કૃષ્ણનો પૂર્વભવ–વસુદેવનું કંસના આગ્રહથી દેવકી સાથે પાણિગ્રહણ–અતિમુક્તક મુનિએ કંસના વધ સંબંધી ભાખેલ ભવિષ્ય–કંસે વસુદેવ પાસે કપટથી દેવકીના સાત ગર્ભોની કરેલી માગણી–સાતમા ગર્ભનું દેવકીના આગ્રહથી ગોકુલમાં મોકલવું–વૃંદાવનમાં કૃષ્ણની બાળક્રીડા તથા પરાક્રમો–ગો પૂજનના બહાનાથી દેવકીનું ગોકુલમાં કૃષ્ણદર્શન માટે જવું–શ્રી નેમિનાથનો જન્મ–કંસની નૈમિત્તિકને પોતાના ઘાતક સંબંધી પૃચ્છા–નૈમિત્તિકે જણાવેલ વિવિધ ચિહ્નો–કૃષ્ણે છેવટે કરેલ કંસનો વધ–કંસપત્ની જીવયશાની પ્રતિજ્ઞા–જરાસંધનું સમુદ્રવિજયને રામ તથા કૃષ્ણને સોંપી દેવાનું કથન–યાદવોનો પ્રતીકાર અને સૌરાષ્ટ્ર તરફ પ્રયાણ–કૃષ્ણે દેવારાધનાથી પ્રાપ્ત કરેલ દ્વારિકા નગરી–કુબેરે કૃષ્ણ તથા રામને આપેલ વિવિધ શસ્ત્રો—દ્વારિકામાં પ્રવેશ ]

હસ્તિનાપુર નગરને વિષે કોઇએક શ્રેષ્ઠી વસતો હતો. તેનો **લલિત** નામનો પુત્ર તેની માતાને પોતાના પ્રાણોથી પણ પ્રિય હતો. કાળાંતરે તેણીને ગર્ભમાંથી જ દુઃખ આપનારો, માતાને જ્વરની પીડા ઉપજાવનારો, ગર્ભપાત કરવાના પ્રયત્નોને નિષ્ફળ બનાવીને બીજો પુત્ર જન્મ્યો. દાસીવડે તે બીજા પુત્રને ત્યજી દેવાયેલ જાણીને, પિતાવડે ગુપ્ત રીતે સંતાડાયેલો અને જ્યેષ્ઠ બંધુ લલિતવડે રમાડાતો તે **ગંગદત્ત** વૃદ્ધિ પામવા લાગ્યો. કોઇએક દિવસે લલિતે પિતાને જણાવ્યું કે–"હે પિતા! જો આ ગંગદત્ત આપણા ઘરે જમે તો સારું." એટલે તેના પિતાએ તેને જણાવ્યું કે–"તારી માતાથી ગુપ્ત રીતે આ ગંગદત્તને તારે જમાડવો." પછી લલિતે તેને લાવીને પલંગ નીચે બેસાર્યો. લલિતવડે અપાયેલ ભોજનને જમતા અને હર્ષ પામેલ ગંગદત્તને કોઇપણ પ્રકારે જોઇને તેની માતાએ ક્રોધપૂર્વક લાકડી ઉગામીને, તેના મસ્તકના વાળ પકડીને, વારંવાર માર મારીને શીઘ્ર ઘરની બહાર કાઢી મૂકયો. તેની પાછળ ચાલ્યા ગયેલા અને શોકમગ્ન શ્રેષ્ઠી તેમજ લલિતે પોતાની સમક્ષ કોઇએક મુનિરાજને જોઇને

તેમને ગંગદત્ત તેમજ તેની માતાના વૈર સંબંધી પૃચ્છા કરી એટલે મુનિવરે જણાવ્યું કે–

" કોઇએક ગામને વિષે બે ભાઇઓ રહેતા હતા. એક વખત લાકડાથી ભરેલ ગાડાને તેઓ ગામ તરફ લાવતા હતા. માર્ગમાં આગળ ચાલતાં મોટા ભાઇએ ચક્રલંડા જાતિની મોટી સાપણને જોઈને ગાડું હાંકતાં પોતાના લઘુ બંધુને કહ્યું કે–" ગાડું ચલાવતાં તું આ સાપણની રક્ષા કરજે." આ પ્રમાણે મોટા ભાઈની સૂચનાથી વિશ્વાસ પામેલી તે સાપણ ત્યાં જ રહી ગઇ, પણ હાડકાં ભાંગવાથી થતો ધ્વનિ સાંભળવાના કૌતુકથી નાના ભાઇએ તે સાપણને ગાડાવડે પીલી નાખી. એટલે જ્યેષ્ઠ ભાઇ તરફ પ્રીતિ અને નાના ભાઈ પ્રત્યે અપ્રીતિ ધારણ કરતી, ગાડાના પૈડાથી ભાંગી ગયેલા અંગવાળી તે સાપણ મૃત્યુ પામી. શ્રેષ્ઠિન્! તે સાપણ તારી પત્ની થઇ છે. જ્યેષ્ઠ ભાઇ તે આ લલિત થયો છે, નાનો ભાઇ તે ગંગદત્ત તરીકે જન્મ્યો. પૂર્વ કર્મના અનુસારે એક પ્રિય છે અને બીજો અપ્રિય છે."

આ પ્રમાણે સાંભળીને સંસારથી ઉદ્વિગ્ન બનેલા શ્રેષ્ઠીએ, બંને પુત્રોની સાથે પાપરૂપી હસ્તીને વિદારવામાં સિંહ સમાન જૈની દીક્ષા લીધી. પછી તપસ્વી ને તેજસ્વી શ્રેષ્ઠી તેમજ લલિત બંને આયુ પૂર્ણ કરીને **મહાશુક્ર** નામના દેવલોકમાં ગયા. ગંગદત્ત પણ વિશ્વને વલ્લભ બન્યો અને તપરૂપી સૂર્યને પ્રગટાવવામાં ઉદયાચલ સમાન તે પણ મહાશુક્ર દેવલોકને વિષે ઉત્પન્ન થયો. લલિતનો જીવ મહાશુક્ર દેવલોકમાંથી ચ્યવીને વસુદેવની **રોહિણી** નામની પત્નીના ઉદરને વિષે ઉપજ્યો. રાત્રિના પ્રાંતભાગમાં બળદેવના જન્મને સૂચવનારાં ચંદ્ર, સિંહ અને સાગરને સ્વપ્નને વિષે તેણીએ પોતાના મુખમાં પ્રવેશ કરતાં જોયા. બાદ પૃથ્વી જેમ સૂર્યને તિરસ્કારી કાઢનાર મણિને પ્રગટાવે તેમ પોતાના અંગના તેજસ્વીપણાથી અંધકારને હાંકી કાઢનાર પુત્રને રોહિણીએ જન્મ આપ્યો. મનોહરપણાને કારણે માત-પિતાએ તેનું **રામ** એવું નામ સ્થાપન કર્યું. ક્રીડા કરતો તે રામ બાલક હોવા છતાં પણ સૂર્યની માફક અન્યને ભયંકર બનતો.

કોઇએક દિવસે પ્રીતિવાળા કંસે વસુદેવને બોલાવ્યો એટલે સમુદ્રવિજયની રજા લઈને તે શીઘ્ર મથુરા નગરીએ ગયો. જીવયશા સાથે રહેલા કંસે વસુદેવને કહ્યું કે–" ઇંદ્રપુરી જેવી **મૃત્તિકાવતી** નામની નગરી છે. તે નગરીમાં સેવકજનોને પ્રિય એવો મારો કાકો **દેવક** રાજ્ય કરે છે. તેને લક્ષ્મીને પણ નચાવનારી (તિરસ્કારી કાઢનારી) **દેવકી** નામની પુત્રી છે. સૌંદર્યરૂપી પુષ્પયુક્ત લતા જેવી તે છે અને તું યૌવનરૂપી વૃક્ષ જેવો છે તો લક્ષ્મીના સ્થાનભૂત તમારા બંનેનો સંગમ થાવ-તમે બંને વિવાહ કરો. તેણીનો તું વર થજે અને હું તારો અણુવર થઈશ, તો ચાલ, દેવકન્યા જેવી દેવકીની મારા કાકા પાસે માગણી કરીએ." આ પ્રમાણે વિચારીને, નિર્ણય કરીને વસુદેવ કંસની સાથે મૃત્તિકાવતી નગરીએ ગયો અને દેવક રાજા તેઓને લેવા માટે સન્મુખ ગયો. પોતાના સૈન્યને નગરીની બહાર મૂકીને દેવક રાજવીથી લઇ જવાતા અને નાગરિક લોકોથી જોવાતા વસુદેવ ને કંસ નગરીમાં ગયા. પછી રાજસભામાં જઇને તે ત્રણે બેઠા તે જાણે કે ત્રણ લોકનું રક્ષણ કરવાની મંત્રણા કરી રહ્યા હોય તેમ શોભી રહ્યા હતા.

બાદ મિત્રના પ્રેમરૂપી મોજાંઓને ઉછાળવામાં હંસ સમાન કંસે વાર્તાલાપ દરમ્યાન

દેવક રાજા પાસે વસુદેવ માટે દેવકીની માગણી કરી. એટલે 'દેવકી માટે મારે પ્રાર્થના કરવી જોઈએ તેને બદલે તમે મારી પાસે વિનંતિ કરી રહ્યા છો પરન્તુ હે દેવ! અમે તો તમારે આધીન છીએ તો પછી દેવકીનું તો પૂછવું જ શું?" એમ દેવક રાજાએ જણાવ્યું. પછી, પૂર્વે નારદના મુખથી ગુણવર્ણન સાંભળીને પરસ્પર અનુરાગી બનેલા વસુદેવ અને દેવકીનો વિવાહોત્સવ થયો. દેવકરાજાએ વસુદેવને ઘણું સુવર્ણ આપ્યું તેમજ કરોડો ગાયોવાળા દશ ગોકુલો, તથા તેમનો સ્વામી **નંદ** પણ તેને સોંપ્યો. બાદ અદ્ભુત આનંદવાળો વસુદેવ, નંદ તેમજ દેવકી સાથે કંસ સહિત મથુરાનગરીએ આવી પહોંચ્યો.

બાદ મિત્રના વિવાહને અનુલક્ષીને કંસે, અતિશય મદિરાપાનથી મત્ત બનેલી અંતઃપુરની સ્ત્રીઓના નૃત્યપૂર્વક મહોત્સવ કર્યો. આ સમયે પૂર્વે ચારિત્ર લીધેલ અને તપસ્વી **અતિમુક્તક** મુનિ, જે કંસના લઘુ બંધુ થતા હતા તે પારણાને માટે કંસના મહેલમાં આવી પહોંચ્યા. તેવામાં મત્ત બનેલ કંસની પત્ની જીવયશાએ મુનિવરને જોઈને હર્ષપૂર્વક કહ્યું કે-"હે દિયર! આવો. આપણે બંને નૃત્ય કરીએ." આ પ્રમાણે બોલીને તેમને કંઠે તેણી વળગી પડી. ત્યારે દુભાએલા અતિમુક્તક મુનિએ તેને કહ્યું કે-"જેના નિમિત્તે આ ઉત્સવ થઇ રહ્યો છે તેણીનો સાતમો ગર્ભ તારા પિતા તેમજ સ્વામીનો નાશ કરશે." મુનિનું આ પ્રમાણે કથન સાંભળીને મદરહિત બનેલ જીવયશાએ જલ્દી જઈને, કંસને અત્યંત ખેદકારક આ બીના જણાવી.

પછી "મિત્રભાવને અંગે વસુદેવ પાસે સાત ગર્ભની માગણી કરવી જોઇએ" એમ નિર્ણય કરીને કંસ, જીવયશા સાથે વસુદેવ પાસે ગયો. શરૂ કરેલ પ્રીતિમય વાર્તાલાપના પ્રસંગે મદરહિત હોવા છતાં જાણે મત્ત બનેલ હોય તેવા કંસે વસુદેવ પાસે દેવકીના સાત ગર્ભની માગણી કરી અને વસુદેવે પણ તે માગણી કબૂલ કરી. કોઈ એક દિવસે અતિમુક્તક મુનિરાજ સંબંધી કથા સાંભળીને વસુદેવ," ગર્ભની માગણી સંબંધમાં હું મિત્ર કંસથી કપટપૂર્વક છેતરાયો છું." એમ વિચારીને ખિન્ન બન્યો.

આ બાજુ ભદ્રિલપુરમાં **નાગ** નામનો વણિક વસતો હતો જેને કુલરૂપી સાગરને વિકસાવવામાં ચાંદની સરખી **સુલસા** નામની પત્ની હતી. અતિમુક્તક ચારણ મુનિએ તેણીના બાલ્યકાળમાં કહ્યું હતું કે-"ચંદ્ર સરખા મુખવાળી આ કન્યાના સંતાનો જન્મતાંની સાથે જ મૃત્યુ પામશે." પછી શ્રેષ્ઠ શ્રાવિકા સુલસાએ કોઇ એક દેવનું આરાધન કર્યું અને પ્રસન્ન થયેલા તે દેવ પાસે પુત્રોની માગણી કરી એટલે અવધિજ્ઞાનદ્વારા જાણીને દેવે કહ્યું કે-"હણવાને માટે કંસથી મગાએલ વસુદેવના પુત્રોને હું તારા મૃત પુત્રોને બદલે લાવી આપીશ." આ પ્રમાણે જણાવીને દેવે પોતાની શક્તિથી સુલસા તેમજ દેવકીનો પ્રસૂતિકાળ સરખો બનાવ્યો.

દેવકીએ ક્રમપૂર્વક છ પુત્રોને જન્મ આપ્યો એટલે તે સુલસાને આપ્યા અને સુલસાના મરી ગયેલા પુત્રો દેવકીને આપ્યા. કંસે સુલસાના મૃત્યુ પામેલા તે પુત્રોને વસુદેવના માનીને પત્થર જોરથી પછાડયા, અને સુલસાને ઘરે દેવકીના છએ પુત્રો વૃદ્ધિ પામવા લાગ્યા. તે છએ પુત્રના **અનીકયશા, અનંતસેન, અજિતસૈનિક, નિહતારિ, દેવયશા** અને **શત્રુસેન** એ પ્રમાણે નામ રાખવામાં આવ્યા.

કોઇ એક દિવસે ઋતુસ્નાન કરેલી દેવકીએ રાત્રિના પ્રાંતભાગે સ્વપ્નને વિષે **સિંહ, સૂર્ય, અગ્નિ, હાથી, ધ્વજ, વિમાન અને પદ્મ સરોવર** જોયા. તેણીની કૂક્ષીમાં ગંગદત્તનો જીવ દેવલોકમાંથી ચ્યવીને અવતર્યો. અને શ્રાવણ *શુદિ આઠમની મધ્યરાત્રિએ તેને જન્મ આપ્યો. પૂર્ણપુણ્યવાળા તેના જન્મસમયે દેવોએ સહાય કરી એટલે કંસના પહેરેગીરો ઊંઘમાં પડ્યા. તે સમયે દેવકીએ પોતાના પતિ વસુદેવને બોલાવીને કહ્યું કે–" આ મારા પુત્રની રક્ષા કરો અને શત્રુ સરખા કંસને છેતરીને તેને નંદના ગોકુળમાં મૂકી આવો. નંદની પત્ની યશોદા માતાની માફક આ પુત્રનું વિવિધ પ્રકારના ઉપચારોથી લાલનપાલન કરશે."

વસુદેવે દેવકીનું કથન માન્ય રાખીને, પડખે રહેલી દેવીઓએ કરેલા આઠ દીપક તેમજ ધારણ કરાયેલા છત્ર યુક્ત માર્ગે, વસુદેવ પુત્રને લઇને ચાલી નીકળ્યા. બાલને સહાય કરનારા દેવોએ સફેદ વૃષભનું રૂપ ધારણ કરીને, આગળ જઈને, ગોકુળના દરવાજા ઉઘાડી નાખ્યા. ગોકુળમાં આવી પહોંચેલા વસુદેવને ઉગ્રસેને પૂછ્યું એટલે દેદીપ્યમાન બાલકને દર્શાવતાં વસુદેવે તેમને હર્ષપૂર્વક જણાવ્યું કે–" પુત્રના બહાનાથી તારા શત્રુરૂપ બનેલા કંસને આ બાળક હણશે, અને તને બંધીખાનેથી છોડાવશે. તારે આ હકીકત કોઇપણ સ્થળે જણાવવી નહીં." આ પ્રમાણે સાંભળીને ઉગ્રસેને હર્ષપૂર્વક તે કબૂલ કર્યું અને વસુદેવ પણ **નંદની** પત્ની **યશોદાને** ઘરે ગયો. તેણીને પોતાનો પુત્ર સોંપીને અને તેની પુત્રીને લઇને દેવકી આગળ મૂકી.

આ પ્રમાણે કરીને વસુદેવ ગયો ત્યારબાદ કંસના જાગૃત થયેલા પહેરેગીરોએ આ કન્યાને લઈને જલ્દી કંસને સોંપી. સાતમા ગર્ભને સ્ત્રીરૂપ જોઈને નિર્ભય બનેલા અભિમાની કંસે, અતિમુક્તક મુનિના જ્ઞાનને હસી કાઢવાપૂર્વક તે કન્યાના નાસિકાના અગ્રભાગને છેદી નાખ્યો. પછી તે કન્યાને કંસે દેવકી પાસે મોકલાવી, અને તેણી પણ, તે કન્યા જાણે પુનર્જીવિત થઇ હોય તેમ માનીને અંતઃકરણમાં આનંદ પામી.

શ્યામ અંગવાળો હોવાને લીધે વસુદેવના તે પુત્રને ગોવાળીઆઓ **કૃષ્ણ** એવા નામથી બોલાવવા લાગ્યા. અને તે પણ ગોકુળમાં જ વૃધ્ધિ પામવા લાગ્યો. એક માસ પૂર્ણ થયા બાદ પુત્રને જોવાને આતુર બનેલ દેવકી, વસુદેવને પૂછીને, ગાયોને પૂજવાના બહાનાથી, સખીઓ સાથે ગોકુળમાં ગઇ અને યશોદાના ખોળામાં રહેલ, 'શ્રીવત્સ'ના લાંછનવાળા, સ્નિગ્ધ શ્યામ કાંતિવાળા પોતાના પુત્રને જોઇને દેવકી આનંદ પામી. ત્યારબાદ દેવકી ગોપૂજનના બહાનાથી હંમેશાં ગોકુળમાં જવા લાગી. ત્યારથી લોકોને વિષે **ગોપૂજનનું** વ્રત શરૂ થયું.

કોઇએક દિવસે વસુદેવ પ્રત્યેના વૈરને લીધે **શકુનિ** અને **પૂતના** નામની વિદ્યાધરીઓ, વિદ્યાદ્વારા કૃષ્ણને તેનો પુત્ર જાણીને તેને હણવા માટે આવી. શકુનિ ગાડા પર ચડીને અત્યંત કઠોર અવાજ કરવા લાગી અને બીજી પૂતના કાતીલ વિષ(ઝેર)થી લિપ્ત થયેલા પોતાના

*શ્રી નેમિનાથ ચરિત્ર તેમજ અન્ય ગ્રંથમાં શ્રાવણ વદિ આઠમ જણાવેલ છે. આ કથન મતાંતર-સ્વરૂપ જાણવું.

સ્તનોદ્વારા ધવરાવવા લાગી. તે વખતે નજીક રહેલા સહાય કરનારા દેવોએ હર્ષપૂર્વક કૃષ્ણના દેહમાં દાખલ થઇને, તેણીએ કરેલા પાપને અંગે તે બંનેને મારી નાખી. તેવામાં નંદે આવીને, આ પ્રમાણે જોઇને, મનમાં ખેદ ધારણ કરવાપૂર્વક યશોદાને જણાવ્યું કે–"તારે કોઇપણ પ્રકારે આ બાળકને એકલો રાખવો નહીં." ત્યારપછી હર્ષિત બનેલ યશોદા હમેશાં કૃષ્ણનું રક્ષણ કરવા લાગી, પરન્તુ તે તોફાની કૃષ્ણ કપટપૂર્વક આમતેમ ચાલ્યો જતો.

એકદા કૃષ્ણના ચાલ્યા જવાના ભયથી ડરપોક બનેલ યશોદા, ખાંડણીયા સાથે બાંધેલ દોરડાથી તેના પેટને બાંધીને પાડોશીને ઘરે ગઇ. તે સમયે પોતાના દાદાના દ્વેષથી પ્રેરાયેલ સુર્પક વિદ્યાધરના પુત્રે આવીને, તે બાળકને મધ્યભાગમાં પીસી નાખવાની ઇચ્છાથી પોતે *અર્જુન જાતિના બે વૃક્ષરૂપ બન્યો, અર્થાત્ પોતે બે અર્જુન જાતિના વૃક્ષો વિકુર્વ્યા. કૃષ્ણને સહાય કરનારી દેવીએ તે બંને વૃક્ષોનો નાશ કર્યો એટલે ગોવાળોએ 'આ બંને વૃક્ષોને કૃષ્ણે ભાંગી નાખ્યા' એ પ્રમાણે જાહેર કર્યું. આ પ્રમાણે હકીકત સાંભળીને નંદ તથા યશોદા ત્યાં આવી પહોંચ્યા અને કૃષ્ણને ધૂળથી ખરડાયેલો જોઈને હર્ષ પામેલા તે બંનેએ તેને ચુંબન કર્યું. દોરડાવડે પેટે બંધાવાથી **દામોદર** એવા નામથી ખ્યાતિ પામેલ કૃષ્ણ ગોકુલને વિષે ગોપીઓને હર્ષનું પાત્ર બન્યો. ગાડું, શકુનિ, પૂતના અને અર્જુન વૃક્ષ સંબંધી વૃત્તાંત સાંભળીને વસુદેવે વિચાર કર્યો કે–"આવા પ્રકારના સામર્થ્યથી આ બાળકને કંસ ઓળખી કાઢશે. નિર્દય બુધ્ધિવાળો કંસ તેનું કંઈ અનિષ્ટ ન કરે." એમ વિચારીને વસુદેવે તેની રક્ષા માટે પોતાના કોઈએક પુત્રને તેની પાસે રાખવાનો વિચાર કર્યો.

બાદ મહાપરાક્રમી **રામ**ને બધો વૃત્તાંત જણાવીને યશોદા તેમજ નંદના પુત્ર તરીકે તેને અર્પણ કર્યો. જેવી રીતે તારા યુક્ત આકાશમાં ચંદ્ર અને સૂર્ય વિચરે તેમ ગાયોના ધણવાળા ગોકુળમાં **રામ** અને **દામોદર** ક્રીડા કરવા લાગ્યા. રામદ્વારા સમસ્ત પ્રકારના આયુધોનું શિક્ષણ અપાયેલ અને સ્વભાવથી જ પરાક્રમી કૃષ્ણ, પાંખવાળા ×સર્પની જેમ શોભવા લાગ્યો. યુવાન ગોપકન્યાઓ કૃષ્ણને, બાળકની સાથે કરાતા વ્યવહારના બહાનાથી આલિંગન આપતી તેમજ ચુંબન કરતી. અમુક પ્રકારના આશયવાળી તે ગોપીઓ ગોપ-ગુંથનની ક્રીડાદ્વારા ચુંબન તેમજ આલિંગનાદિકની હોડ(શરત) કરીને, કોઈ પણ પ્રકારના આશયવાળા કૃષ્ણની સાથે ક્રીડા કરવા લાગી.

અસ્પષ્ટ રીતે 'કૃષ્ણ–કૃષ્ણ' એમ વારંવાર બોલતી અને મદિરાપાનથી પ્રગટેલ મદના બહાનાથી કૃષ્ણ ઉપર તે ગોપીઓ પડતી હતી. વળી કૃષ્ણને મધ્યમાં રાખીને ગોપીઓ રાસ લેવાપૂર્વક નૃત્ય પણ કરતી હતી, તેમજ બલરામ હર્ષપૂર્વક વાદ્ય વગાડતા હતા. નિર્વિકારી કોઇ એક ગોપી કોઇપણ પ્રકારે તેને સ્પર્શ કરતી પણ બીજી ગોપીઓ તેને ઈર્ષ્યાપૂર્વક જોતી હતી. કૃષ્ણને જોઇને વિહ્વળ ગોપીઓ, પ્રેમપૂર્વક તેને ઉપાડીને, આંખો બંધ કરીને

---

* અર્જુન જાતિના વૃક્ષ એટલે સાદડ જાતિના વૃક્ષ. સાદડ કાષ્ઠ અતીવ મજબૂત હોય છે. તેની ભીંસમાં આવેલ વ્યક્તિ પીસાઇ જાય. મકાનોમાં ઘણે સ્થળે સાદડ કાષ્ઠનો ઉપયોગ થાય છે.

× પાંખવાળો સર્પ ઘણો જ બળવાન હોય છે. તેને પકડવો ઘણો જ મુશ્કેલ થઇ પડે છે.

પોતાની છાતી સાથે જોરથી દાબતી હતી. હમેશાં મોરપીંછથી સુશોભિત અંગવાળો કૃષ્ણ ગોપકન્યાઓ સાથે રાસો ગાતો હતો. નેત્ર, ગતિ અને કાંતિથી જાણે જીતાયા હોય તેમ હરણ, હસ્તી અને સર્પ કૃષ્ણની બંસરીના ધ્વનિને આધીન બનીને તેની પાછળ-પાછળ ભમતા હતા. ક્રીડામાં મગ્ન બનેલ રામ ને કૃષ્ણના અગીયાર વર્ષ એક દિવસની માફક વ્યતીત થઇ ગયા.

આ બાજુ શૌર્યપુરના રાજવી સમુદ્રવિજયની **શિવા** નામની રાણીની કુક્ષીમાં શંખનો જીવ અપરાજિત વિમાનથી ચ્યવીને, કાર્તિક વદિ ૧૨ ની રાત્રિએ ચંદ્ર આકાશમાં આવ્યે છતે ઉપન્યો અને શિવાદેવીએ તે રાત્રિના પ્રાંતભાગે **હસ્તી, બળદ, સિંહ, લક્ષ્મી, પુષ્પમાળા, ચંદ્ર, સૂર્ય, કળશ, ધ્વજ, પદ્મસરોવર, વિમાન, સાગર, રત્નપુંજ** અને **નિર્ધૂમ અગ્નિ**,-આ પ્રમાણે ચૌદ મહાસ્વપ્ન જોયા. તે સમયે સ્વર્ગવાસી દેવોની જેમ નારકીના જીવોને પણ ક્ષણમાત્ર સુખ ઉપજ્યું અને ત્રણે જગતમાં પ્રકાશ થયો. બાદ ઉત્કંઠિત બનેલ શિવાદેવીએ જાગીને પોતાના સ્વામીને તે સ્વપ્નો જણાવ્યા એટલે તેમણે **ક્રૌષ્ટુકી** નામના જ્યોતિષીને બોલાવીને તે સ્વપ્નો સંબંધી ફલ પૂછ્યું. એટલે તે નૈમિત્તિકે જણાવ્યું કે-"આપને ત્રણ જગતના સ્વામી તીર્થંકર પુત્ર થશે." આ પ્રમાણે સાંભળીને જાણે અમૃતથી સ્નાન કરાવાયા હોય તેમ તે બંને અત્યંત હર્ષ પામ્યા. શ્રી નેમિનાથ ગર્ભમાં આવવાને કારણે, જેમ હંસથી કમલિની શોભે તેમ શિવારાણી વિકસિત મુખકમળવાળા બન્યા. શ્રાવણ શુદિ પાંચમની મધ્યરાત્રિએ, ચંદ્ર આકાશમાં આવ્યે છતે, શિવાદેવીએ શંખના લંછનવાળા અને મેઘની જેવી કાંતિવાળા પુત્રને જન્મ આપ્યો. અનુક્રમે છપ્પન દિશાકુમારીઓએ આવીને, શિવાદેવી તેમજ જિનેશ્વર ભગવંતનું સૂતિકા સંબંધી કાર્ય કર્યું. ઇંદ્ર પણ સૌધર્મ દેવલોકથી આવીને, વિધિપૂર્વક પાંચ રૂપ ધારણ કરીને, પરમાત્માને મેરુપર્વત પર રહેલી **અતિપાંડુકંબલા** નામની શિલા પર લઇ ગયા. ત્યાં આગળ સિંહાસન પર બેઠેલા સૌધર્મેંદ્રે પરમાત્માને પોતાના ખોળામાં બેસાર્યા એટલે અચ્યુતેંદ્રાદિ બાકીના ત્રેસઠ ઇંદ્રોએ સ્નાનાભિષેક કર્યો. પછી સિંહાસન પર બેઠેલા ઈશાનેંદ્રે પરમાત્માને પોતાના ખોળામાં લીધા એટલે સૌધર્મેંદ્રે સ્નાત્ર, આરતી અને સ્તવનાદિક કર્યું. બાદ પાંચ દેવીઓને પરમાત્માની ધાવમાતા તરીકે સ્થાપીને, **શ્રી નંદીશ્વર દ્વીપે** યાત્રા કરીને, હર્ષ પામેલ સૌધર્મેંદ્ર પોતાને સ્થાને ગયા.

પ્રભાવશાળી પોતાના પુત્રને પૂર્ણિમાના ચંદ્રની માફક તેજસ્વી જોઈને સમુદ્રવિજય રાજા ઉલ્લસિત અંતઃકરણવાળા બન્યા. સ્વપ્નને વિષે શિવારાણીએ રિષ્ટમણિના ચક્રની ધારા જોઇ હતી તેથી પિતા સમુદ્રવિજયે તેમનું **અરિષ્ટનેમિ** નામ સ્થાપન કર્યું. વસુદેવે મથુરાને વિષે શ્રીનેમિજિનનો જન્મ મહોત્સવ કર્યો તેથી કંસ તેમના ઘરે આવ્યો. ત્યાં ક્રીડા કરતી છિન્ન નાસિકાવાળી તે પુત્રીને જોઇને, પોતાના લઘુ બંધુ અતિમુક્તક મુનિનું વચન યાદ કરીને કંસ અધિક ભય પામ્યો. પછી પોતાના આવાસે આવેલા કંસે નૈમિત્તિકને પૂછ્યું કે—"મુનિવરે કહેલ જે સાતમો ગર્ભ તે આ કન્યા ખરી કે નહિ?" નૈમિત્તિકે જણાવ્યું કે—"સાધુપુરુષની વાણી નિષ્ફળ જતી નથી. શ્રેષ્ઠ હસ્તી (ઐરાવણ) જેવા પરાક્રમી અને તારા માટે ભયંકર ગર્ભ કોઈપણ સ્થળે છે. તારા **અરિષ્ટ** નામના બળદને, **કેશી** નામના અશ્વને, ગર્દભ ને ઘેટાને અનુક્રમે વૃંદારક(વૃંદાવન)માં છૂટા મૂક. જે વ્યક્તિ ક્રીડામાત્રમાં

અત્યંત બલીષ્ઠ એવા આ પશુઓને હણશે તે અસાધારણ ભુજબળવાળો તારો ઘાતક બનશે. તમારી કુળપરંપરાથી રહેલ જે **શાઙ્ગર્ગ** નામનું ધનુષ્ય, જેને તમારી માતા પૂજી રહી છે તેને દૂધની જેવી ઉજ્જવળ કીર્તિવાળો તે પુરુષ ચડાવશે. તે **કાલિય** નામના સર્પનું દમન કરશે, **ચાણુર** નામના મલ્લનો નાશ કરશે અને તારા **પદ્મોત્તર** અને **ચંપક** નામના ઉત્તમ હસ્તીઓને હણશે."

બાદ ચાણુર અને મૌષ્ટિક નામના મલ્લોને અંગકસરત કરવા માટે સૂચન કરીને, પોતાના દુશ્મનને જાણવાને માટે અરિષ્ટ વિગેરે પ્રાણીઓને તેણે વૃંદાવનમાં છૂટા મૂકયા. શરદ્ ઋતુના મેઘ જેવા ધ્વનિવાળો, વારંવાર ત્રાડો નાખતો, વાસણોને ત્રોડી-ફોડી નાખતો, ઊંચા શીંગડાવાળો તે અરિષ્ટ નામનો બળદ ગોવાળોને ગભરાવવાં લાગ્યો. એટલે "હે રામ! હે ગોવીન્દ! રક્ષણ કરો, રક્ષણ કરો." એ પ્રમાણે વૃંદાવનમાં થતી વાણી સાંભળીને અભિમાની રામ ને કૃષ્ણ દોડ્યા. ક્રોધી અને સામે દોડતા એવા બળદને જોઇને કૃષ્ણે પોતાના હસ્તદ્વારા તેના શીંગડા ઝાલીને, ગળું મરડીને હણી નાખ્યો. યમરાજ સરખા ક્રૂર તે બળદને યમસદનમાં મોકલવાથી ગોવાળોએ કૃષ્ણની ભુજાની હર્ષપૂર્વક પૂજા કરી. ગોવાલણોને માર મારતો, તેમજ યમરાજ જેવો દુઃસહ કંસનો કિશોર અશ્વ **કેશી** ક્રીડા કરતા કૃષ્ણની સમીપ આવ્યો. દેવોને ભયંકર અને અતિ બળવાન તે અશ્વને માર મારતા કૃષ્ણે પોતાની કોણી તેના મુખમાં નાખીને, મોઢું ફાડી નાખીને શીઘ્ર હણી નાખ્યો.

બાદ કોઇએક દિવસે અત્યંત રુષ્ટ અને ગોવાળોને ભય પમાડતા ગર્દભ તથા ઘેટાને કૃષ્ણે હણી નાખ્યા. આ પ્રમાણે અરિષ્ટ વિગેરેના હણાવાથી ભયભીત બનેલ કંસે પોતાના શત્રુનો નિર્ણય કરવાને માટે પૂજાના બહાનાથી રાજસભામાં ધનુષ્ય મંગાવ્યું અને કહ્યું કે—"જે કોઈ આ શાઙ્ગર્ગ ધનુષ્યને ચડાવશે તેને **સત્યભામા** પરણાવવામાં આવશે." કંસનું આ પ્રમાણે કથન સાંભળીને અતિ બલીષ્ટ અને હસ્તની ખુજલીવાળા ઘણા રાજાઓ આવ્યા પરન્તુ તે ધનુષ્યથી પરાભવ પામ્યા. વસુદેવની પત્ની **મદનવેગાનો** પુત્ર, ઉત્કંઠિત બનીને, રથમાં બેસીને ધનુષ્ય ચઢાવવા માટે ગોકુળમાં આવ્યો. કૃષ્ણ અને બલદેવના સ્નેહથી આકર્ષાયેલ તે એક રાત્રિ ગોકુળમાં રહ્યો; અને પ્રાતઃકાળમાં મથુરાના રસ્તે જતાં તેણે ફક્ત એકલા કૃષ્ણને સાથે લીધો. માર્ગમાં કોઇએક વડલા સાથે ભરાઇ ગયેલા રથને તે **અનાધૃષ્ટિ** છૂટો કરવાને અસમર્થ બન્યો એટલે સ્થિર ચિત્તવાળા કૃષ્ણે તે વડલાને ક્ષણમાત્રમાં ઉખેડી નાખ્યો. આ પ્રમાણે પગે ચાલતા કૃષ્ણને બાહુબળવાળો જોઈને હર્ષ પામેલ અનાધૃષ્ટિએ રથમાંથી નીચે ઊતરીને, તેને ભેટીને રથમાં પોતાની પાસે બેસાર્યો. બાદ અનેક રાજાઓથી વ્યાપ્ત મથુરા નગરીમાં તેજસ્વી કૃષ્ણ અને અનાધૃષ્ટિ બંને ધનુષ્યવાળી રાજસભામાં આવી પહોંચ્યા. રાજાઓના સમૂહને લાંબા વખત સુધી જોવાથી તૃપ્ત થયેલ પોતાની આંખને સત્યભામાએ કૃષ્ણના સૌંદર્યરૂપી સાગરમાં ક્ષણમાત્રમાં નવરાવી અર્થાત્ કૃષ્ણને જોઇને સત્યભામાની આંખો તૃપ્ત બની.

ધનુષ્યને ગ્રહણ કરવા માત્રથી જ અનાધૃષ્ટિ પૃથ્વી પર પડી ગયો જેથી તેના દેહ પરના આભૂષણો તૂટી પડયા અને પ્રસ્વેદથી તે રેબઝેબ બની ગયો. તેની આવી સ્થિતિ જોઇને

સભાજનો જેટલામાં તેની હાંસી કરવાની શરૂઆત કરે છે તેટલામાં તો હર્ષપૂર્વક ધનુષ્યને ચઢાવતા ગોવીંદે સભાને વિષે પોતાનું પ્રચંડ બાહુબળ બતાવ્યું. પછી અનાધૃષ્ટિએ આવીને, દરવાજે રહેલા રથમાં કૃષ્ણને બેસારીને, સભામાં આવીને પિતાને જણાવ્યું કે–" મેં આ ધનુષ્ય ચઢાવ્યું છે." ત્યારે વસુદેવે તેને કહ્યું કે–" તું નાશી જા. કંસ તને મારી નાખશે." આ પ્રમાણે પિતાની સૂચના સાંભળીને કૃષ્ણને વૃંદાવનમાં મૂકીને તે પોતાના નગરે પહોંચી ગયો.

'નંદના પુત્રે આ ધનુષ્ય ચઢાવ્યું છે' આ પ્રમાણે ઘોષણા થઇ એટલે કંસ પણ હૃદયમાં શંકારૂપી શલ્યવાળો બન્યો. બાદ પુષ્કળ રાજાઓને માંચડાઓ ઉપર બોલાવીને–બેસાડીને કંસે, ધનુષ્યારોપણનાં ઉત્સવના બહાનાથી મલ્લોને મલ્લયુધ્ધ કરવાનો આદેશ આપ્યો. આ પ્રમાણે મથુરામાં થનાર મલ્લયુદ્ધનો ઉત્સવ સાંભળીને કૃષ્ણે રામને કહ્યું કે–" મલ્લયુધ્ધ જોવાને આપણે બંને જઇએ. તે જોવાનું મને કુતુહલ ઉપજ્યું છે." બાદ કૃષ્ણનું કથન સ્વીકારીને બળદેવે યશોદાને કહ્યું કે–" અમારા બંનેને માટે સ્નાન કરવાનું પાણી જલ્દી તૈયાર કરો." તેવામાં પાણી તૈયાર કરવામાં યશોદાને કંઇક પ્રમાદી જોઇને, બળદેવે, છ ભાઇઓના વધની હકીકત જણાવવાને માટે જ હોય તેમ ક્રોધપૂર્વક કહ્યું કે–" તું તારી જાતને ભૂલી ન જા. મારું કથન તું કેમ કરતી નથી? સ્વામીના આદેશમાં શું દાસીથી ઉદાસીન બની શકાય? અર્થાત્ દાસીએ સ્વામીના આદેશનો તરત જ અમલ કરવો જોઇએ." બળરામના આવા પ્રકારના વચનથી ખેદ પામેલ કૃષ્ણને સાથે લઇને બલરામ સ્નાન માટે યમૂના નદીના કિનારે લઇ ગયો. ત્યાં આગળ બળરામે કૃષ્ણને પૂછ્યું કે–" હે ભાઇ! પ્રાતઃકાળે તેજસ્વી દીપક જેમ ઝાંખો પડી જાય તેમ તું કાંતિરહિત કેમ બની ગયો?" એટલે કૃષ્ણે બલરામને ગદ્દગદ્દ સ્વરે કહ્યું કે–" હે ભાઇ! તેં મારી માતાને દાસી કેમ કહી?" બલરામે કૃષ્ણને શાંતિથી કહ્યું કે–" હે ભાઇ! યશોદા તારી માતા નથી, અને નંદ તારો પિતા નથી. દેવક રાજાની પુત્રી દેવકી તારી માતા છે, જે પ્રત્યેક માસે ગોપૂજનના બહાનાથી તને જોવા માટે આવે છે. ઇંદ્ર સરખા રૂપ અને પરાક્રમવાળા વસુદેવ રાજા તારા પિતા છે, અને તેમણે કંસના ભયથી તને અહીં રાખ્યો છે. હું તારી અપરમાતા રોહિણીનો પુત્ર અને તારો મોટો ભાઇ છું. પિતાએ મને બોલાવીને તારી રક્ષા માટે અહીં મૂકયો છે" ત્યારે કૃષ્ણે પૂછ્યું કે–" કંસથી શો ભય છે?" એટલે બલરામે અતિમુક્તક મુનિને કહેલ ભવિષ્ય તેમજ બંધુ-વધ સંબંધી કથા કહી સંભળાવી. તે વૃત્તાંત સાંભળીને ક્રોધથી અગ્નિની માફક પ્રજ્વલિત બનતા કૃષ્ણ કંસના વધની પ્રતિજ્ઞા કરીને યમુના નદીએ સ્નાન માટે ગયો.

ત્યાં આગળ મણિથી પ્રકાશિત **કાલિય** નાગ સાક્ષાત્ પોતાના મૃત્યુ સરખા કૃષ્ણને જોઇને તેની સામે રોષપૂર્વક દોડયો. " આ શું?" એમ બલદેવે વિચાર કરે છે તેવામાં તો કૃષ્ણે કાલેયને પોતાના ડાબા હાથથી પકડી તેને કમળની ડાંડલીથી નાકે નાથી લીધો–વીંધી લીધો. બાદ તે સર્પની પીઠ પર ચઢીને, બલિષ્ઠ કૃષ્ણે જળમાં હોડીની માફક ક્રીડા કરવા-પૂર્વક તે સર્પને વિલાસપૂર્વક અહીંતહીં ખેલાવ્યો. આ પ્રમાણે અત્યંત બલિષ્ઠ સર્પને મરે-

લાની જેવો બનાવીને છોડી મૂકીને કૃષ્ણુ બહાર આવ્યા ત્યારે અભિમાની ગોવાળીયાઓએ બંને ભાઇઓને ઘેરી લીધા. પછી ગોવાળોની સાથે કૃષ્ણુ અને બલદેવ મથુરા તરફ જતાં તેના દરવાજામાં દાખલ થયા, તેવામાં કંસના હુકમથી યમરાજ સરખા તેમજ શત્રુસ્વરૂપ **પદ્મોત્તર ને ચંપક** નામના બે હસ્તીઓ દોડયા એટલે બલરામ અને કૃષ્ણે તેઓને હણી નાખ્યા.

"અરિષ્ટ વિગેરે શત્રુઓનો ઘાત કરનાર આ બંને નંદના પુત્રો છે" એમ વિચારીને પ્રેમઘેલા બનેલા નાગરિક જનોથી જોવાતા તે બંને, પ્રિય ગોવાળોની સાથે અખાડામાં જઇને, કોઇએક મંચ ઉપર રહેલા લોકોને નીચે ઊતારીને તેઓ બંને ત્યાં બેઠા. પછી બલરામે રૌદ્ર સ્વરૂપવાળો, ઊંચા મંચ પર બેઠેલો અને શત્રુરૂપ કંસ કૃષ્ણને બતાવ્યો. અત્યંત કૌતુકવાળા મંચો પર બેઠેલા, કંસના દુષ્ટ આશયને સમજવાથી સજ્જ સુભટોવાળા અગ્નિ કરતાં પણ અધિક તેજસ્વી સમુદ્રવિજયની પાછા રહેલા દશાર્હોને પણ રામે કૃષ્ણને બતાવ્યા. "અત્યંત તેજસ્વી અને દેવ સરખા આ બંને કોણ હશે ?" એ પ્રમાણે વિચારતા રાજાઓથી તે બંને ક્ષણે ક્ષણે જોવાયા. તેવામાં 'આ બંને કુમારોએ પદ્મોત્તર ને ચંપક નામના બંને હસ્તીનો વધ કર્યો છે' એમ લોકોએ જણાવ્યું ત્યારે ક્રોધી બનેલ તેમજ નેત્રોને વારંવાર ભમાડતો કંસ જાણે સશલ્ય હોય તેવો બન્યો.

બાદ કંસના હુકમથી શ્રેષ્ઠ મલ્લોએ મલ્લયુધ્ધ શરૂ કર્યું. પછી કંસના આદેશથી નિર્દય ચાણુર મલ્લ ઊભો થયો. પોતાના બાહુના આસ્ફાલનથી હુંકાર કરતો, પોતાનું બળ દર્શાવતો, અવાજ કરતો, પોતાના બંને હાથ ઊંચા કરીને રાજાઓ પ્રત્યે આક્ષેપ કરીને બોલવા લાગ્યો કે—"જે કોઈ વીર પુરુષ હોય, જે ગર્વીષ્ઠ હોય તે મારી સાથે યુધ્ધ કરીને મારી ભુજાની ખુજલી દૂર કરે અર્થાત્ જે કોઈ પોતાને વીર પુરુષ માનતો હોય તે મારી સાથે યુદ્ધ કરે." આ પ્રમાણેના ચાણુર મલ્લના કથનને નહીં સહન કરતા, સિંહનાદ કરતા કૃષ્ણે માંચડા પરથી ઊતરીને પોતાની ભુજાનું આસ્ફાલન કર્યું. દુર્ધર, વૃદ્ધિ પામતો એવો ભુજાસ્ફાલનનો ધ્વનિ કૃષ્ણની કીર્તિને પ્રસારવાને માટે આકાશરૂપી પાત્રનો ભંગ કરનાર બન્યો અર્થાત્ ચોતરફ પ્રસરી ગયો. કૃષ્ણના આવા પ્રકારના ભુજાસ્ફોટથી તેને જ પોતાનો ઘાતક માનીને કંસે, તેની સાથે એકી વખતે જ યુધ્ધ કરવાને માટે મૌષ્ટિક મલ્લને પણ આજ્ઞા આપી. મુઠી ઉગામેલા મૌષ્ટિકને જોઇને, કૃષ્ણના પરાભવના સંશયવાળા અને અત્યંત ભયભીત બનેલ બલરામ ક્રોધપૂર્વક દોડયા. પોતાના ચરણના ન્યાસથી સ્થિર એવી પૃથ્વીને પણ અસ્થિર બનાવતા. કૃષ્ણ ને ચાણુર તેમજ બલરામ ને મૌષ્ટિક-એ ચારે યુધ્ધ કરવા લાગ્યા. બાદ યમનગરમાં જવાને ઇચ્છતા પોતાના સ્વામી કંસને માટે જાણે તે માર્ગનું નિરીક્ષણ કરવાને માટે જ હોય તેમ કૃષ્ણ અને બલરામથી તે બંને મલ્લોને આગળથી રવાના કરાયા અર્થાત્ કૃષ્ણ તથા બલદેવે તે બંને મલ્લોને મારી નાખ્યા. ત્યારે 'નંદગોવાળની સાથે આ બંને કુમારોને શીઘ્ર હણી નાખો.' એ પ્રમાણે વારંવાર બોલતા અને ભય તેમજ ક્રોધને અંગે ધ્રૂજતા હોઠવાળા કંસને, સિંહની માફક દોટ મૂકીને, મહામંચ પર ચઢીને કૃષ્ણે વાળોથી પકડીને નીચે પછાડયો. તે સમયે કૃષ્ણ પ્રત્યે રોષે ભરાએલા, કંસનો પક્ષ લેનારા રાજાઓને બલરામે માંચડાઓના સ્થંભોથી હણી નાખ્યા. પછી કૃષ્ણે કંસની છાતી તેમજ મસ્તક પર પોતાનો પગ મૂકીને,

અત્યંત બૂમો પાડતાં તેને બકરાની માફક હણી નાખ્યો. પૂર્વે ભયને કારણે કંસે જે સેના બોલાવેલ તે જરાસંધની મોકલેલી સેના લડવાને માટે ક્રોધપૂર્વક આગળ ધસી. પ્રતિવાસુદેવ જરાસંધની સેના યુદ્ધ કરવાને માટે તૈયાર થઇ એટલે સજ્જ થયેલા સમુદ્રવિજય રાજાએ પોતે જ તે સેનાને નસાડી મૂકી. પછી દાવાનળ જેવા ઉગ્ર તેજસ્વી સમુદ્રવિજયાદિ યાદવો શીઘ્ર વસુદેવના આવાસે ગયા. ત્યાં આગળ રામ અને કૃષ્ણને હર્ષપૂર્વક ચુંબન કરતાં તેમજ પંપાળતા વસુદેવને સમુદ્રવિજયે પૂછ્યું કે—'આ શું?' એટલે વસુદેવે તે સંબંધી સંપૂર્ણ વૃત્તાંત કહેવાથી સમુદ્રવિજયે તે બંને વીરને પોતાના ખોળામાં બેસારીને વારંવાર સ્નેહ દર્શાવ્યો.

બાદ કેદખાનામાંથી મુક્ત કરાયેલ ઉગ્રસેન રાજાની સાથે સમુદ્રવિજય વિગેરેએ યમૂના નદી ઉપર કંસને જલાંજલિ આપી અર્થાત્ તેનું મૃતકાર્ય કર્યું. 'મારા પિતા, જ્યારે મારા સ્વામીના શત્રુને હણી નાખશે ત્યારે જ હું મારા સ્વામી કંસને જલાંજલિ આપીશ.' એવી પ્રતિજ્ઞા જીવયશાએ કરી. બાદ બલદેવ અને કૃષ્ણની આજ્ઞાથી, સમુદ્રવિજયે ઉગ્રસેનને મથુરાનો સ્વામી બનાવ્યો. બાદ ઉગ્રસેનથી અપાયેલી અત્યંત કાંતિવાળી તેની પુત્રી સત્યભામાને કૌષ્ટુકિએ જણાવેલ દિવસે કૃષ્ણ પરણ્યા.

જીવયશાના મુખથી કંસના મૃત્યુ સંબંધી સર્વ વૃત્તાંત જાણીને જરાસંધે ક્રોધપૂર્વક યાદવોના નાશ માટે પ્રતિજ્ઞા કરી. પછી જરાસંધની આજ્ઞાથી **સોમ** નામનો રાજા દૂત બનીને મથુરા નગરીએ સમુદ્રવિજય પાસે ગયો અને સભામાં બેઠેલા સમુદ્રવિજયને ધૈર્યવાળા તેણે કહ્યું કે—"તમારો સ્વામી જરાસંધ, કંસનો વધ કરનારા રામ તથા કૃષ્ણની માગણી કરે છે. બંનેને સોંપીને તમે તમારો વૈભવ ભોગવો. તમારા ઐશ્વર્યના નાશરૂપ આ બંનેનો વિનાશ યોગ્ય જ છે." એટલે ક્રોધથી થરથરતા સમુદ્રવિજયે સોમને કહ્યું કે—"ગર્ભહત્યાને કારણે પાપી બનેલ કંસને આ બંને કુમારોએ મૃત્યુ પમાડયો છે. આ બંને બાળકો મને પ્રાણથી પણ વહાલા છે. હું તેને કોઈપણ પ્રકારે સોંપીશ નહીં. આવા પ્રકારનો વિરોધ ઊભો કરવામાં જરાસંધ સારું ફળ નહીં કાઢે." એટલે સોમે કહ્યું કે—"પોતાનો પ્રિય જમાઇ કંસ હણવાથી ત્રણ ખંડનો સ્વામી જરાસંધ ક્રોધી બનેલ છે, તેની સાથે યુધ્ધ કરવું ઉચિત નથી. ક્રોધને અંગે ઉન્મત્ત બનેલ જરાસંધરૂપી ગંધહસ્તી સમક્ષ વસ્ત્ર સરખા આ બંને કુમારોને ફેંકી દઇને તમે જગતમાં સુખપૂર્વક જીવો."

તે સમયે ક્રોધી અને અત્યંત તેજસ્વી કૃષ્ણે સોમને કહ્યું કે-"જરાસંધ અમારો સ્વામી નથી, પરન્તુ અમે તેના સ્વામી છીએ. જો તેને તેનો જમાઇ કંસ અત્યંત પ્રિય હોય તો ભલે શીઘ્ર તે અહીં આવે, જેથી હું તેને તેના જમાઇ સાથે મેળાપ કરાવી આપું–અર્થાત્ મૃત્યુ પમાડું. અરે સોમ! તું ચાલ્યો જા. તું અમને વધારે ક્રોધી બનાવ નહીં. પોતાના સ્વામીને મૃત્યુ–માર્ગે લઇ જવામાં તું ડિંડિમનાદ સમાન ન બન." આ પ્રમાણે કૃષ્ણથી કહેવાયેલ અને સમુદ્રવિજયથી ઉપેક્ષા કરાયેલ સોમે જઇને, જરાસંધને બનેલ વાત બમણી કરીને જણાવી. ત્યારે જરાસંધ ક્રોધે ભરાયો એટલે શત્રુનો નાશ કરવાની પ્રતિજ્ઞા કરીને યમરાજ સરખો જરાસંધનો પુત્ર **કાલકુમાર** ચાલી નીકળ્યો. યુધ્ધ કરવાને માટે સમુદ્રવિજયે

કૌષ્ટુકિને પૂછયું ત્યારે તેણે જણાવ્યું કે-"હાલ તમે પશ્ચિમ દિશામાં સમુદ્રકિનારે જાવ. જે સ્થળે સત્યભામા બે પુત્રોને જન્મ આપે તે સ્થળે નિવાસ કરવાથી કૃષ્ણ જરાસંધને હણીને અર્ધભરતનો સ્વામી વાસુદેવ થશે." આ પ્રમાણે સાંભળીને, સમુદ્રવિજયે ઉગ્રસેન તેમજ અગિયાર કોટિ યાદવોની સાથે મથુરાનો ત્યાગ કર્યો. શૌરીપુરમાંથી સાત કોટી યાદવોને શીઘ્ર સાથે લઇને, તેઓ વિંધ્યાટવીના પ્રદેશમાં આવી પહોંચ્યા, અને કાલકુમાર પણ તેમનો નજીકમાં આવી પહોંચ્યો. તે સમયે કૃષ્ણને સહાય કરનારી દેવીઓએ માર્ગમાં જ યાદવોની ચિતા રચી. ચિતાની બાજુમાં કોઇ એક રડતી સ્ત્રી વિકુર્વી. ત્યારે 'આ શું ?' એમ કાલકુમારે પૂછયું ત્યારે ભયભીત બનેલ તેણીએ કહ્યું કે—"આવતા એવા કાલકુમારના ભયથી યાદવો આ ચિતામાં પ્રવેશી ગયા છે—મૃત્યુ પામ્યા છે. તેઓની સાથે મારો મોટો ભાઇ પણ આ ચિતામાં પ્રવેશેલ છે. હું પણ તેમાં દાખલ થઇશ." એ પ્રમાણે કહીને તેણીએ ચિતામાં પડતું મૂકયું. બાદ કાલકુમાર વિચારવા લાગ્યો કે—"મારા ભયથી ડરેલા યાદવો આ પ્રજ્વલિત અગ્નિરૂપી કિલ્લામાં દાખલ થઈ ગયા છે તો ત્યાં જઇને પણ હું તેઓને હણું" એ પ્રમાણે વિચારીને, મોહાંધ બનેલ કાલે ચિતામાં પ્રવેશ કર્યો, એટલે ક્ષણવારમાં કાલ બળીને ભસ્મ થઇ ગયો.

કાલના મૃત્યુ બાદ સૈનિકોએ જઇને જરાસંધને કાલકુમારનું સર્વ આચરણ જણાવ્યું. એવામાં ચરપુરુષોએ આવીને જણાવ્યું કે—"યાદવો તો કોઈપણ સ્થળે અત્યંત દૂર ચાલ્યા ગયા છે." ત્યારબાદ જરાસંધ, અમાત્ય વિગેરેની સાથે વિચારણા કરીને તે સર્વ કાર્ય દૈવનું આચરણ છે એમ તેણે માન્યું. માર્ગે ચાલ્યા જતા યાદવોના રાજા સમુદ્રવિજયથી પુછાયેલા અતિમુક્તક ચારણ મુનિએ કહ્યું કે-"તમારા પુત્ર નેમિનાથ બાવીશમા તીર્થંકર થશે, શત્રુઓને જીતનાર રામ ને કૃષ્ણ બળદેવ તેમજ વાસુદેવ થશે, માટે તમે શત્રુઓથી ભય પામો નહીં." આ પ્રમાણે સૂચવીને ચારણ મુનિ ચાલ્યા ગયા બાદ સમુદ્રવિજય સૌરાષ્ટ્ર દેશમાં આવી પહોંચ્યા.

રૈવતાચલના વાયવ્ય ખૂણામાં નિવાસ કરવામાં આવ્યો ત્યારે સત્યભામાએ **ભાનુ** ને **ભામર** નામના બે પુત્રોને જન્મ આપ્યો. તે સમયે ક્રોષ્ટુકીની વાણીથી કૃષ્ણે સમુદ્રનું પૂજન કરીને અટ્ઠમતપ કર્યો; એટલે **સુસ્થિત** નામનો દેવ પ્રત્યક્ષ થયો, તેમજ બળદેવ ને કૃષ્ણને **સુઘોષ** અને **પાંચજન્ય** નામના શંખો આપીને પૂછયું કે-"મને શા માટે યાદ કર્યો છે?" કૃષ્ણે જણાવ્યું કે-"પૂર્વે વિષ્ણુઓની જે **દ્વારિકા** નામની નગરી હતી અને જેને તમે જળવડે સમુદ્રમાં ડુબાડી દીધી છે તે મારે માટે પ્રકટ કરો." આ પ્રમાણે કૃષ્ણનું કથન સાંભળીને સુસ્થિત દેવની પ્રાર્થના કરાયેલ ઇંદ્રે કુબેરને તે પ્રમાણે કરવા આજ્ઞા આપી, એટલે કુબેરે પણ હર્ષપૂર્વક દ્વારિકા નગરીની રચના કરી.

તે નગરી નવ યોજન પહોળી, બાર યોજન લાંબી તેમજ બાર હસ્ત પ્રમાણ પહોળા અને અઢાર હસ્ત પ્રમાણ ઊંચા કિલ્લાવાળી હતી. વળી કુબેરે તે નગરીમાં રત્નસમૂહના તેજથી આકાશને પણ પ્રકાશિત બનાવતા જિનચૈત્યો પણ રચ્યા. કૃષ્ણ તેમજ રામને માટે

નગરીના મધ્ય ભાગમાં કુબેરે **સર્વતોભદ્ર** અને **પૃથિવીજય** નામના બે મહેલો રચ્યા. તે મહેલોમાં આગળ સુધર્મસભા સરખી એક રાજસભા બનાવી અને તેની અંદર એક સો ને આઠ જિનપ્રતિમાવાળું જિનચૈત્ય બનાવ્યું. તે બંનેના મહેલોની આજુબાજુ સમુદ્રવિજય વિગેરે સર્વ યાદવોને માટે કરોડો મહેલો બનાવવામાં આવ્યા. પછી કુબેરે કૃષ્ણને બે પીતાંબર, મોતીની માળા, મુકુટ, કૌસ્તુભ જાતિનું રત્ન, ગરુડના ચિહ્નવાળો રથ, શાઙ્ગર્ ધનુષ્ય, કૌમોદકી ગદા, અક્ષય બાણુવાળા બે ભાથાઓ અને નંદક નામનું ખડ્ગ આપ્યું. બલદેવને પણ વનમાલા, હળ, ધનુષ્ય, તાલના ચિહ્નવાળો રથ, બે ભાથા, મુશળ અને નીલ વસ્ત્રો આપ્યા. દશાર્હોને બહુ મૂલ્યવાળા રત્નો તેમજ અલંકારો આપ્યા. રણસંગ્રામમાં કૃષ્ણને અતિશય બળવાન માનીને હર્ષિત બનેલા યાદવોએ પશ્ચિમ સમુદ્રના કિનારે તેનો અભિષેક કર્યો. **સિદ્ધાર્થ** અને **દારુક** નામના સારથીવાળા બલરામ ને કૃષ્ણ રથમાં ચઢીને, ઉત્સવપૂર્વક દ્વારિકા નગરીમાં દાખલ થયા. યાદવલોકો કુબેરે દર્શાવેલ અને તેજસ્વી મણિરત્નોથી વ્યાપ્ત પોતપોતાના આવાસમાં જલ્દી દાખલ થઈ ગયા. તે ભુવનોમાં રત્નોના સ્તંભો તેમજ ભૂમિતલમાં પ્રતિબિંબિત થયેલા સ્વામીઓને (યાદવોને) જોઇને મૂંઝાયેલા સેવકો, તે યાદવલોકોના ધ્વનિને સાંભળવાથી તેઓના સાચા સ્વરૂપને જાણીને નમસ્કાર કરવા લાગ્યા.

× × ×

લક્ષ્મી હમેશાં ચપળ હોવા છતાં, વસ્તુપાલની તલવારને વિષે કૃષ્ણના મુખને, હસ્તમાં કમળના મુખને, મુખને વિષે ચંદ્રને, બંને ખભાઓને વિષે શ્રેષ્ઠ સુંદર હસ્તીના ગંડસ્થળના સુખને પ્રાપ્ત કરીને, કવિ કહે છે કે–હું માનું છું કે–લક્ષ્મીદેવી વસ્તુપાલને વિષે લાંબા સમયથી સ્થિર બની ગઇ છે, અર્થાત્ લક્ષ્મી વસ્તુપાલને છોડી શકતી નથી. (જેને જે પ્રિય વસ્તુઓ હોય તે મળી જાય તો તેનો ત્યાગ કરવાનું સંભવી શકે નહીં. લક્ષ્મીને કૃષ્ણ, કમળ, હસ્તી, ચંદ્ર એ પ્રિય છે. લક્ષ્મીને વસ્તુપાલનું રૂપ કૃષ્ણ સરખું, તેનો હસ્ત કમળ સરખો, તેનું મુખ ચંદ્ર જેવું અને તેના ખભા હસ્તીના ગંડસ્થળ જેવા જણાયા–એટલે આ બધી વસ્તુઓનું એક વ્યક્તિમાં મિલન થવાથી તે તેનો ત્યાગ કરી શકી નહિ.)

ॐ

# સર્ગ તેરમો

## કૃષ્ણ વિજય.

[ સર્ગસારાંશ—કૃષ્ણે રુકિમણીનું કરેલ અપહરણ—રુકિમણીને પુત્રપ્રાપ્તિ—પ્રદ્યુમ્નનું જન્મ થતાં જ અપહરણ—કાલસંવર વિદ્યાધરે કરેલ પાલનપોષણ—કાલસંવર વિદ્યાધરની પત્ની કનકમાલાને પ્રદ્યુમ્ન પ્રત્યે પ્રગટેલ કામરાગ—પ્રદ્યુમ્ને કરેલ પ્રજ્ઞપ્તિ વિદ્યાની સાધના—પ્રદ્યુમ્ન તેમજ રુકિમણીનો પૂર્વભવ—પાંડવોનું દ્વારિકામાં આગમન ને સ્થળે સ્થળે દર્શાવેલ ચમત્કાર—સત્યભામાની ઈર્ષ્યા—જાંબવતીને શાંબ નામના પુત્રની પ્રાપ્તિ—સત્યભામાનું ચીડાવું—કૃષ્ણે શાંબનું જોયેલ દુશ્ચરિત્ર—તેનું નગર બહાર કાઢી મૂકવું—પ્રદ્યુમ્નનું પણ શાંબને આવી મળવું—સત્યભામાએ પુત્ર ભીરુ માટે પસંદ કરેલ નવાણું કન્યાઓ—કપટથી શાંબનું તે સર્વકન્યાઓ સાથે પરણવું—યાદવોના અસ્તિત્વ સંબંધમાં જરાસંધને થયેલ જાણ—તેની પુત્રી જીવયશાએ કરેલ પ્રતિજ્ઞા—જરાસંધે કરેલ ચઢાઇની તૈયારી—યાદવોનું સામે આવવું—જરાસંધે રચેલ ચક્રવ્યૂહ ને કૃષ્ણે રચેલ ગરુડવ્યૂહ—વિવિધ પ્રકારના શસ્ત્રાસ્ત્રોદ્વારા તુમુલ યુદ્ધ—જરાસંધનું મૃત્યુ—કૃષ્ણ વાસુદેવ બન્યા—દ્વારિકામાં રાજ્યાભિષેક મહોત્સવ ]

દ્વારિકામાં બલરામની સાથે દશાર્હોને આનંદ આપતો કૃષ્ણ, શત્રુઓરૂપી લતાઓનો નાશ કરવામાં દાવાનળ સમાન યાદવોની સાથે લાંબા સમય સુધી ક્રીડા કરવા લાગ્યો. યાદવોને ગર્વીષ્ઠ બનાવનાર શ્રી **નેમિનાથ** ત્રણ જ્ઞાનવાળા હોવા છતાં પણ તેઓની સાથે ક્રીડા કરીને પોતાની બાળવય સફળ કરતા હતા. જન્મથી જ કામદેવને જીતનાર, નિર્વિકારી અને દશ ધનુષ્યની ઊંચાઇવાળા શ્રી નેમિનાથ અનુક્રમે યૌવનવય પામ્યા. પિતા, ભાઇ અને

મિત્ર વર્ગવડે પ્રતિદિન પ્રાર્થના કરાવા છતાં પણ શ્રી નેમિનાથે લગ્ન કરવાનું સ્વીકાર્યું નહીં.

કોઇએક દિવસે ક્રીડારૂપી લતાઓને વિકસિત કરવામાં મેઘસમાન અને પરિભ્રમણ કરતાં **નારદ** મુનિ આવીને, કૃષ્ણથી પૂજન કરાયા બાદ સત્યભામાના આવાસે ગયા. તે અવસરે તેણી દર્પણ જોવાના કાર્યમાં વ્યગ્ર બનવાથી નારદ આવવા છતાં સન્મુખ જઇને તેનું સન્માન કર્યું નહીં, જેથી ક્રોધી બનેલ નારદે વિચાર્યું કે—'હું આ સત્યભામાને એક સપત્ની (શોકય) આપું.' બાદ નારદે **કુંડિનપુર** નગરમાં રહેલ **ભીષ્મક** રાજાની પુત્રી અને **રુકિમ**ની બહેન **રુકિમણી**ને કૃષ્ણના ગુણો જણાવ્યા, એટલે કૃષ્ણને વિષે અનુરક્ત બનેલ તેણીનું નેત્રને અમૃત સમાન ચિત્રપટ ચિતરીને કૃષ્ણને બતાવ્યું. રુકિમણીમાં આસક્ત બનેલ કૃષ્ણે નારદનો સત્કાર કરીને રુકિમણીની માગણી કરવા માટે રુકિમ પ્રત્યે દૂત રવાના કર્યો. દૂત દ્વારા રુકિમણીની માગણી કરાવાથી હાસ્ય કરતાં રુકિમએ કહ્યું કે—"આ મારી બેન **શિશુપાલ**ને પરણાવવાની છે, હું તે ગોવાળને નહીં આપું."

આ પ્રમાણે રુકિમણીની માગણી કરીને દૂત ચાલ્યો ગયો ત્યારે કૃષ્ણમાં આસક્ત બનેલ રુકિમણીએ પોતાની ફુઇ સાથે વિચારણા કરીને કૃષ્ણ પ્રત્યે એક દૂત રવાના કર્યો અને તેની દ્વારા કહેવરાવ્યું કે—"માહ શુદિ આઠમના રોજ નાગપૂજનના બહાનાથી હું વનમાં આવીશ અને તે સ્થળેથી મારું અપહરણ કરવાને માટે તમારે જલ્દી આવવું." દૂતદ્વારા મોકલાવેલ રુકિમણીનો આ સંદેશો સાંભળીને કૃષ્ણ હર્ષ પામ્યા.

આ બાજુ રુકિમએ રુક્મિણીના વિવાહને માટે શિશુપાલને બોલાવ્યો. સંકેત કરેલા દિવસે ગરુડના ધ્વજવાળા રથમાં બેસીને, બીજા રથમાં આરૂઢ થયેલા મોટાભાઇ બલરામની સાથે કૃષ્ણ કુંડિનપુર નગરના ઉદ્યાનમાં આવી પહોંચ્યો. ફુઇથી સંમતિ અપાયેલ રુકિમણી નાગપૂજનના બહાનાથી બહાર નીકળીને કૃષ્ણના રથમાં ચઢી બેઠી.

બાદ પોતાનો દોષ દૂર કરવા માટે રુકિમણીની ફુઈએ પોકારપૂર્વક જાહેર કર્યું કે—"કૃષ્ણ બળાત્કારથી રુકિમણીને ઉપાડી ગયો છે." પાંચજન્ય અને સુઘોષા નામના શંખો વગાડીને, રુકિમણીનું હરણ કરીને કૃષ્ણ તેમજ બલરામ ચાલી નીકળ્યા. પોતાની બહેનનું અપહરણ થયેલું સાંભળીને ક્રોધથી રક્ત નેત્રવાળો રુકિમ, શિશુપાલની સાથે કૃષ્ણની પાછળ પાછળ આવી પહોંચ્યો. તેઓને આવતાં જોઇને તેઓની સાથે યુદ્ધ કરવાને બલરામ ઊભા રહ્યા અને કૃષ્ણ, રુકિમણીના નેત્રની સ્પર્ધા કરનારા ચપળ અશ્વવાળા રથદ્વારા વેગપૂર્વક ચાલી નીકળ્યો. જેમ વિશાળ સુંઢવાળો હસ્તી સરોવરને ક્ષુબ્ધ કરે તેમ યુદ્ધકુશળ બલરામે પોતાના મુશલદ્વારા શત્રુસેનાને નસાડી મૂકી. બળદેવને જોઇને હજારો સૈનિકોની સાથે શિશુપાલ તો નાશી ગયો, પરન્તુ યુધ્ધ કરવાની ઇચ્છાથી રુકિમ ઊભો રહ્યો. યુદ્ધ કરતાં બલરામે તેને રથ વિનાનો બનાવીને તેમજ **ક્ષુરપ્ર** જાતિના બાણદ્વારા તેને મસ્તક તેમજ દાઢી-મૂછના કેશવિહુણો બનાવીને રુકિમએ નીચે પ્રમાણે કહ્યું કે—"તું મારા નાના ભાઇ કૃષ્ણની પત્ની રુકિમણીનો ભાઇ છો એટલે તારા મસ્તક તથા દાઢી મૂછના કેશનું મુંડન કરીને જ જીવતો જવા દઉં છું." આ પ્રમાણે મસ્તક, દાઢી તથા મૂછના કેશ નિર્મૂળ થવાથી, શરમને લીધે પોતાના નગર કુંડિનપુરમાં તે ન ગયો અને તે જ સ્થળે **ભોજકટ** નામનું નગર વસાવીને રહ્યો.

આ બાજુ કૃષ્ણે રુકિમણીને પોતાની નગરી દ્વારિકા બતાવીને કહ્યું કે—"મારા માટે કુબેરે આ નગરી રચી છે. ક્રીડાપર્વત, સરોવર, વાવ અને નદીઓથી રમણીય એવા આ નગરીના ઉપવનોને તું ક્રીડા કરવાપૂર્વક સફળ કર, અર્થાત્ આ સ્થાનોમાં તું સુખપૂર્વક ક્રીડા કરજે." ત્યારે રુકિમણીએ જણાવ્યું કે—"હે નાથ! મને એકલીને આપ હરણ કરીને લાવ્યા છો તો સત્યભામાની માફક મને પણ પરિવારવર્ગ આપો." એટલે 'હું તને તેનાથી અધિક બનાવીશ.' એમ વચન આપીને કૃષ્ણે તેને સત્યભામાના મહેલની નજીક જ સુંદર આવાસ આપ્યો. પછી ગાંધર્વ વિવાહથી તેને પરણીને કૃષ્ણે હર્ષપૂર્વક સમસ્ત રાત્રિ ક્ષણ માત્રમાં વ્યતીત કરી.

એકદા **અતિમુક્તક** મુનિવર રુકિમણીના આવાસે આવી ચઢયા. તે હકીકત જાણીને સત્યભામા પણ ત્યાં આવી પહોંચી. રુકિમણીએ તે મુનિવરને પૂછ્યું કે—"હે પ્રભો! મને પુત્ર થશે કે કેમ?" જવાબમાં મુનિશ્રીએ જણાવ્યું કે—"તમને કૃષ્ણ સરખો પ્રતાપી પુત્ર થશે." પછી તે મુનિવર અન્યત્ર ચાલ્યા ગયા. તેમના ચાલ્યા જવા બાદ સત્યભામાએ રુકિમણીને કહ્યું કે—"મુનિવરે મને પુત્ર થવાનું જણાવ્યું છે." જવાબમાં રુકિમણીએ પણ તેને જણાવ્યું કે—"મુનિવરે મને પુત્ર થવાનું જણાવ્યું છે." આ પ્રમાણે પરસ્પર વિવાદ કરતી અને ક્રોધે ભરાયેલી તે બંને કૃષ્ણ પાસે ગઇ. તેવામાં તે સ્થળે ધૈર્યશાળી દુર્યોધન રાજા આવી ચઢયો. તેને સત્યભામાએ કહ્યું કે—"મારે ઉદરે જન્મ લેનાર પુત્ર તમારી પુત્રીને પરણશે." દુર્યોધને પણ તે બંનેને જણાવ્યું કે—"જેણીને પ્રથમ પુત્ર જન્મશે તેને હું મારી પુત્રી પરણાવીશ." એટલે સત્યભામા પુનઃ બોલી કે—"જેણીનો પુત્ર પ્રથમ પરણશે તેના લગ્નપ્રસંગે પરણનાર પુત્રની માતાને બીજીએ પોતાના મસ્તકના વાળ કાપી આપવા." રાજસભામાં જ આ પ્રમાણે તે બંનેએ નિર્ણય કરીને, કૃષ્ણ, બલરામ તથા દુર્યોધન વિગેરેને સાક્ષી બનાવ્યા.

કોઇ એક દિવસે રુકિમણીએ સ્વપ્નને વિષે પોતાના મુખમાં પ્રવેશ કરતા ઉજ્જવળ વૃષભ(બળદ)ને જોયો. તેણીએ તે વૃત્તાંત કૃષ્ણને જણાવતાં તેણે કહ્યું કે—"તમને અદ્‌ભુત પુત્ર થશે." દાસીના મુખદ્વારા આ હકીકત જાણીને સત્યભામા પણ, સ્વપ્ન ન જોવા છતાં કૃષ્ણ પાસે જઇને કહેવા લાગી કે—"સ્વપ્નને વિષે મારા મુખમાં હસ્તીએ પ્રવેશ કર્યો." તેણીના બોલવાની ચેષ્ટાદ્વારા તેનું કથન અસત્ય માનીને કૃષ્ણે તેણીને ખેદ ન ઉપજે એટલે કહ્યું કે-"તને પણ શ્રેષ્ઠ પુત્ર થશે."

આ બાજુ મહાશુક્ર દેવલોકમાંથી ચ્યવીને કોઇ એક મહર્ધ્ધિક અને પ્રકાશિત સૂર્ય સરખો તેજસ્વી દેવ રુકિમણીના ઉદરમાં અવતર્યો. સત્યભામાએ પણ ગર્ભ ધારણ કર્યો, જેથી તેણીનું ઉદર વૃદ્ધિ પામવા લાગ્યું; જ્યારે રુકિમણી પવિત્ર ગર્ભને ધારણ કરનારી હોવાથી તેનું ઉદર તો જેવું હતું તેવું જ રહ્યું. કોઇએક દિવસે સત્યભામાએ કૃષ્ણ પાસે આવીને કહ્યું કે—"રુકિમણી સગર્ભા છે તે વાત સાચી નથી. તેણીનું ઉદર વિશાળ નથી–વૃદ્ધિ પામતું નથી. જ્યારે મારું ઉદર (ગર્ભ) આપ જુઓ." આ પ્રમાણે સત્યભામા કૃષ્ણને કહી રહી હતી તેવામાં દાસીએ આવીને કૃષ્ણને વધામણી આપી કે—"હે સ્વામિન્!

રુક્મિણીને સુવર્ણના જેવી કાંતિવાળો પુત્ર અવતર્યો છે." આ પ્રમાણે કર્ણને અમૃત સરખું દાસીનું કથન સાંભળીને કૃષ્ણ હર્ષપૂર્વક રુક્મિણીના મહેલે ગયા.

રુક્મિણીના પુત્રજન્મ સંબંધી વૃત્તાંત સાંભળીને ખેદ પામેલી સત્યભામા પોતાના મહેલ તરફ જતાં, ભયભીત બનેલ તેણીએ માર્ગમાં જ **ભાનુક** નામના પુત્રને જન્મ આપ્યો.

આ બાજુ રુક્મિણીના મહેલમાં સિંહાસન પર બેઠેલા શ્રી કૃષ્ણે તેજથી સૂર્યને પણ જીતનાર પોતાના પુત્રને મગાવીને જોયો અને હર્ષસાગરમાં મગ્ન બનેલા તેમણે, તે પુત્ર અત્યંત તેજસ્વી હોવાથી **પ્રદ્યુમ્ન** એવું નામ સ્થાપન કર્યું. તે સમયે પૂર્વના વૈરને કારણે **ધૂમકેતુ** નામના જ્યોતિષી દેવે પ્રદ્યુમ્નને, રુક્મિણીનું સ્વરૂપ ધારણ કરીને કૃષ્ણ પાસેથી લઈ જઈને, તેને ઉપાડીને વૈતાઢ્ય પર્વતે ચાલ્યો ગયો. પછી **ચૂતરમણ** નામના ઉદ્યાનમાં બાલક પ્રદ્યુમ્નને 'આ ભૂખને અંગે મૃત્યુ પામે.' એમ વિચારીને તેને કોઈએક શિખર પર મૂકયો, પણ પ્રદ્યુમ્ન ચરમશરીરી (તે જ ભવમાં મોક્ષે જનાર) હોવાથી અપમૃત્યુ ન પામતાં, પીડા રહિતપણે પુષ્કળ પાંદડાંથી વ્યાપ્ત ભૂમિ પર આવી પડયો.

તેવામાં કોઇએક નગરથી પોતાના નગર તરફ જતાં **કાલસંવર** નામના વિદ્યાધરનું વિમાન પ્રાતઃકાળમાં તે જ સ્થળે સ્ખલિત થયું-અટકી ગયું; એટલે નીચે નજર કરતાં તેણે સૂર્યની જેવી કાંતિવાળા બાળકને જોઈને, પોતાની પત્ની **કનકમાલા**ને પુત્ર તરીકે અર્પણ કર્યો. પછી પોતાના **મેઘકૂટ** નામના નગરે જઈને જાહેર કર્યું કે—"ગૂઢ ગર્ભવાળી મારી પત્ની કનકમાલાએ આ પુત્રનો જન્મ આપ્યો છે." પુત્રનો જન્મોત્સવ કર્યા બાદ સારા દિવસે કાલસંવરે તેનું, દિશાઓને પ્રકાશિત કરવાને કારણે પ્રદ્યુમ્ન એવું નામ રાખ્યું.

આ બાજુ રુક્મિણીએ કૃષ્ણને પૂછયું કે—"મારો પુત્ર કયાં છે?" જવાબમાં કૃષ્ણે જણાવ્યું કે—"તમે હમણાં જ મારી પાસેથી લઈ ગયા છો." "હે નાથ! તમે કોઇનાથી છેતરાયા છો" તેમ બોલતી રુક્મિણી મૂર્ચ્છિત બનીને પૃથ્વી પર પડી ગઇ અને પછી ચૈતન્ય પ્રાપ્ત થતાં રડવા લાગી. સૂર્ય સરખો તેજસ્વી પ્રદ્યુમ્ન પુત્ર ચાલ્યો જવાથી, યાદવો કમળની માફક મ્લાન બની ગયા અને સત્યભામા પોતાના પરિવારવર્ગ સહિત કુમુદિનીની માફક હર્ષ પામી. એટલામાં આ સમયે આવી પહોંચેલા અને 'આ શું?' એમ પૂછતાં નારદને દુઃખી બનેલા કૃષ્ણે સર્વ વૃત્તાંત કહ્યો અને પૂછયું કે-"પૂર્વે અતિમુક્ત નામના મુનિરાજ જ્ઞાની હતા, તે તો હાલમાં મોક્ષે ગયા છે; આ ભરતક્ષેત્રમાં હાલ કોઇ જ્ઞાની નથી; તો હું પૂર્વ-વિદેહમાં શ્રી **સીમંધરસ્વામીને** પૂછીને, સર્વ હકીકત જણાવીશ." આ પ્રમાણે જણાવીને નારદ ચાલ્યા ગયા.

કેવળજ્ઞાનીઓમાં પણ શ્રેષ્ઠ શ્રી સીમંધરસ્વામીની પાસે જઈને, નમસ્કાર કરીને નારદે પ્રદ્યુમ્ન સંબંધી હકીકત પૂછી. એટલે શ્રી સીમંધરસ્વામીએ કહ્યું કે—"પૂર્વ ભવના વૈરને અંગે ધૂમકેતુ નામના જ્યોતિષી દેવે તેનું હરણ કર્યું છે અને તે વિદ્યાધરના આવાસમાં વૃદ્ધિ પામી રહ્યો છે." આ પ્રમાણે હકીકત જાણીને તેના પૂર્વના વૈર સંબંધી પૃચ્છા કરતાં નારદને શ્રી સીમંધરસ્વામીએ નીચે પ્રમાણે વૃત્તાંત કહી સંભળાવ્યો.

જંબૂદ્વીપને વિષે પૃથ્વીના આભૂષણરૂપ **હસ્તિનાપુર** નામનું નગર છે, જેમાં ચતુરંગી સેનાથી દુશ્મનોનો પરાભવ કરનાર **વિષ્વક્સેન** નામનો રાજા હતો. તે **મધુ** તેને **કૈટભ** નામના બે પુત્રો હતા. મધુને રાજા ને કૈટભને યુવરાજ બનાવીને રાજાએ દીક્ષા લીધી. કોઇએક વખતે **ભીમ** નામનો પલ્લીપતિ કપટથી તેના પ્રદેશને ઉપદ્રવ કરવા લાગ્યો, જેથી તેને હણવાને માટે મહાપરાક્રમી મધુ રાજા ચાલી નીકળ્યો. રસ્તામાં **વટપુર**ના રાજા **કનકપ્રભે** મધુનું ભોજન ને વસ્ત્રાદિકથી હર્ષપૂર્વક સન્માન કર્યું. તે સ્થળે કનકપ્રભની **ચંદ્રાભા** નામની પત્નીને જોઇને, રક્ત બનવાથી મધુ પોતાના મનને તેણીને વિષે જ મૂકીને ભીમ પલ્લીપતિ સાથે યુદ્ધ કરવા ગયો. જેમ સિંહ હસ્તીને હણે તેમ પલ્લીપતિને હણીને પાછા ફરતા મધુને કનકપ્રભે ફરી વાર આમંત્રણ આપ્યું. બાદ ચંદ્રાભાની માગણી કરવા છતાં કનકપ્રભે તે ન આપવાથી, વિષયસુખ માટે આતુર બનેલ મધુએ તેણીને બલાત્કારે ગ્રહણ કરી. ચંદ્રાભાના વિરહથી કનકપ્રભ ગાંડો બની ગયો અને મધુ રાજવી હસ્તિનાપુર જઇને, તેણીની સાથે ભોગવિલાસ કરવા લાગ્યો.

**પ્રદ્યુમ્નનો પૂર્વભવ.**

કોઈએક દિવસે ચંદ્રાભાએ મધુ રાજવીને મોડો આવવાનું કારણ પૂછ્યું. ત્યારે મધુએ કહ્યું કે—"કોઇએક પરસ્ત્રીલંપટ પુરુષના ન્યાયની ખાતર હું રોકાયો હતો." એટલે પ્રસંગ જોઇને ચંદ્રાભા બોલી કે-"કેવો ન્યાય? શું પરસ્ત્રીલંપટ પુરુષો પૂજ્ય હોય છે?" ત્યારે મધુએ કહ્યું કે—"હું પરસ્ત્રીલંપટ પુરુષોનો વધ કરું છું." ચંદ્રાભાએ ફરી વાર કહ્યું કે-"પરસ્ત્રીલંપટ પુરુષો તો ચોક્કસ પૂજવા યોગ્ય હોય છે અને આ વિષયમાં આપ પોતે જ પ્રત્યક્ષ દૃષ્ટાન્ત સ્વરૂપ છો." રાણીનું આ પ્રમાણેનું કથન સાંભળીને મધુએ શરમાઈને નીચે જોયું. તેવામાં ગાંડા પુરુષની માફક નૃત્ય કરતો કનકપ્રભ રાજવી પણ રાજમાર્ગ પર આવી ચઢયો.

પોતાના વિયોગથી ગાંડા અને દુઃખી બનેલા પોતાના સ્વામી કનકપ્રભને જોઇને અશ્રુ ઝરતી આંખવડે તેણીએ મધુને પોતાનો સ્વામી બતાવ્યો. બાદ ચંદ્રાભાને કનકપ્રભ રાજવીને સુપ્રત કરીને, કૈટભના પુત્રને રાજ્ય આપીને મધુએ કૈટભ સાથે **વિમલવાહન** નામના મુનિવર પાસે દીક્ષા લીધી. બાદ તીવ્ર તપ કરીને, સાધુઓની વૈયાવચ્ચ કરીને, અણશણ કરવાપૂર્વક તે બંને કાળધર્મ પામીને મહાશુક્ર દેવલોકમાં મહર્દ્ધિક દેવ તરીકે ઉત્પન્ન થયા.

કનકપ્રભ મરીને ધૂમકેતુ નામનો જ્યોતિષી દેવ થયો. બાદ ત્યાંથી ચ્યવીને તાપસ થયો અને ત્યાંથી મૃત્યુ પામીને ફરીવાર ધૂમકેતુ નામનો જ્યોતિષી દેવ થયો. મધુનો જીવ પણ મહાશુક્રમાંથી ચ્યવીને રુકિમણીનો પુત્ર પ્રદ્યુમ્ન થયો. ધૂમકેતુ અને પ્રદ્યુમ્નને સ્ત્રીને અંગે પૂર્વભવનું આ વૈર છે. વિદ્યાધરોની મનોહર વિદ્યાઓને હૃદયમાં ધારણ કરતો પ્રદ્યુમ્ન સોળ વર્ષ બાદ રુકિમણીને પ્રાપ્ત થશે."

બાદ નારદે સીમંધરસ્વામીને પૂછ્યું કે-"રુકિમણીને સોળ વર્ષ પર્યન્ત પુત્રવિયોગ થવાનું કારણ શું?" એટલે શ્રી સીમંધરસ્વામીએ જણાવ્યું કે—

" જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં **મગધ** નામના દેશમાં **લક્ષ્મીગ્રામ** નામના નગરમાં **સોમદેવ** નામનો બ્રાહ્મણ હતો. કોઈએક દિવસે તેની **લક્ષ્મીવતી** નામની સ્ત્રીએ ઉદ્યાનને વિષે કુંકુવાળા હાથથી મોરના ઈંડાને અડકીને તેને રક્તવર્ણું બનાવ્યું એટલે તેને પારકું માનીને મયૂરીએ સોળ ઘડી સુધી તે ઈંડાનો ત્યાગ કર્યો; અર્થાત્ તેને સેવ્યું નહીં. બાદ મેઘવૃષ્ટિ થવાથી ધોવાઈ ગએલ તે ઈંડાનો મયૂરીએ સ્વીકાર કર્યો. ફરીવાર ઉદ્યાનમાં ગયેલ લક્ષ્મીવતી તે બાલ-મયૂરને, તેની માતા શોકાન્વિત બનવા છતાં પણ પોતાના ઘરે લઇ આવી. પોતાના ગૃહે સોળ મહિના સુધી તેને રાખીને, પોતાના સ્વજનવર્ગના કહેવાથી દયાળુ બનેલ તેણીએ તેને લઇને, આતુર એવી તેની માતા સમક્ષ મૂકયો. લક્ષ્મીવતી બ્રાહ્મણના પ્રમાદના કારણથી સોળ વર્ષ પર્યંતનું પુત્રવિયોગરૂપી કર્મ બંધાયું.

**રુકિમણીનું પૂર્વભવ ચરિત્ર અને પુત્ર-વિયોગનું કારણ.**

કોઈએક દિવસે પોતાના ગૃહે ભિક્ષા માટે આવેલા **સમાધિગુપ્ત** નામના મુનિનો તિરસ્કાર કરવા પૂર્વક ઘર બહાર કાઢી મૂકીને પોતાના ઘરના બંને બારણા બંધ કરી દીધા. બાદ સાધુની નિંદાના કારણે, સાતમે દિવસે ઝરતા કોઢવાળી બનીને, ખેદ પામેલી તેણી અગ્નિથી મૃત્યુ પામીને પુષ્કળ ભવોમાં ભ્રમણ કર્યું. બાદ **ભરુચની** નજીકમાં, **નર્મદા** નદીના કિનારે તે માછીમારની પુત્રી થઇ, અને તે **દુર્ભગા** કાણી તેમજ અત્યંત દુર્ગંધવાળી હોવાથી માત-પિતાએ તેનો ત્યાગ કર્યો.

યુવાન બનેલ તેણીએ કોઇએક દિવસે શીત ઋતુમાં રાત્રિને વિષે કાયોત્સર્ગમાં રહેલા **સમાધિગુપ્ત** નામના મુનિવરને જોયા. એટલે આ મુનિરાજ અત્યંત શીત(ગઢ)થી રાત્રિને વિષે પીડા ન પામો. એમ વિચારીને દયાળુ મનવાળી તેણીએ મુનિને તૃણસમૂહથી ઢાંકી દીધા. પ્રાતઃકાળે તેણે મુનિને પ્રણામ કર્યો અને મુનિરાજે તેને "ધર્મલાભ" જણાવ્યો. પછી તેણીએ મુનિને જણાવ્યું કે–" મેં આપને કોઇપણ સ્થળે જોયા છે." ત્યારે મુનિવરે તેણીને પૂર્વભવનો સર્વ વૃત્તાંત સંભળાવ્યો એટલે મુનિનિંદાને કારણે પોતાને દુર્ગંધપણું પ્રાપ્ત થયું છે એમ માનીને, જાતિસ્મરણ જ્ઞાનથી હર્ષ પામેલ તેણે તે મુનિને ખમાવ્યા. પછી સમાધિગુપ્ત મુનિરાજે **ધર્મશ્રી** નામની સાધ્વીને દુર્ભગા શ્રાવિકા સોંપી. **ગાંગિલ્લ** નામના શ્રાવકે પણ સાધર્મિકપણાના સ્નેહથી તેનો સ્વીકાર કર્યો. તે સ્થળે બાર વર્ષ સુધી એકાંતર ઉપવાસ કરીને, અણુશણદ્વારા કાળધર્મ પામીને, ઈંદ્રાણી થઈ. બાદ ત્યાંથી ચ્યવીને રુકિમણી થઇ. મયૂરના પ્રસંગથી સોળ વર્ષ સુધી તે પુત્રવિયોગથી દુ:ખી થશે."

આ પ્રમાણે શ્રી સીમંધરસ્વામીના મુખથી વૃત્તાંત જાણીને, ઊડીને, વૈતાઢ્ય પર્વત પર તે પ્રદ્યુમ્નકુમારને જોઇને, તે સમસ્ત બીના રુકિમણી તેમજ કૃષ્ણને જણાવીને નારદ ચાલ્યા ગયા. "શ્રી જિનેશ્વર ભગવંતના વચનથી, સોળ વર્ષને અંતે પુત્રનો મેળાપ થશે." એમ જાણીને કૃષ્ણ તેમજ રુકિમણી સુખપૂર્વક રહેવા લાગ્યા.

એકદા સમુદ્રવિજય રાજવી સભામાં બેઠા હતા તેવામાં તેમની બહેન કુંતી પોતાની વહુ **દ્રૌપદી** તેમજ પાંચ પુત્રો સાથે આવી. પછી કુંતીએ રાજાનું પૂજન કર્યા બાદ તેના

આગમન સંબંધમાં પૃચ્છા કરતાં કુંતીએ જે પ્રમાણે બન્યું હતું તે પ્રમાણે કહ્યું. ભાઇ પાસે શું અકથ્ય હોય ? યુધિષ્ઠિરને રાજ્ય સોંપીને પાંડુ રાજા મૃત્યુ પામ્યા. માદ્રી પણ નકુલ તથા સહદેવને મૂકીને તેમની પાછળ સતી થઇ. યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન કરતાં પણ અધિક પ્રિય, અને ચંદ્ર તેમજ સૂર્ય જેવી કાંતિવાળા તે બંનેને હું ઉછેરવા લાગી. દ્યૂત(જુગાર)માં રાજ્ય હારી જવાથી ધૃતરાષ્ટ્રના પુત્ર દુષ્ટ દુર્યોધને અમને વનમાં હાંકી કાઢયા. આ અમારી વહુ દ્રૌપદી પણ જુગારમાં હારી જવાઈ હતી, પણ ભીમની ભ્રકુટીથી ભયભીત બનેલ દુર્યોધને તેને શીઘ્ર તજી દીધી. યમરાજ સરખા કાલકુમારને અગ્નિમાં ફેંકીને તમે જીવતા રહ્યા છો એમ સાંભળીને હર્ષ પામેલ અમે સર્વ કૃષ્ણ તથા બલરામને જોવાને આવ્યા છીએ.”

આ પ્રમાણે સાંભળીને અક્ષોભ્ય વિગેરે ભાઇઓની સાથે, તેમજ રામ ને કૃષ્ણ વિ૦ પુત્રોની સાથે સમુદ્રવિજયે પોતાના ભાણેજયુક્ત કુંતીનું સન્માન કર્યું. દશાર્હોએ પાંચે પાંડવોને પોતાની લક્ષ્મીવતી, વેગવતી, સુભદ્રા, વિજયા ને રતિ નામની પુત્રીઓ ક્રમશઃ પરણાવી.

આ બાજુ પ્રદ્યુમ્નને કલાવાન ને યુવાન જોઇને કામથી પીડિત કનકમાલાએ તેને કહ્યું કે–“ માર્ગમાં ત્યજી દેવાએલ તું મારા સ્વામી કાલસંવરને પ્રાપ્ત થયેલ છે. તું ખરેખર મારો પુત્ર નથી. હે કામદેવ સરખા સ્વરૂપવાન ! તું મારો અંગીકાર કર, મારી માગણી અન્યથા ન કરીશ. મારી પાસેથી પ્રજ્ઞપ્તિ ને ગૌરી નામની વિદ્યાઓ પ્રાપ્ત કર જેથી મારા પુત્રો પણ તને જીતી શકે નહીં. ” કનકમાલાનું આવું કથન સાંભળીને મનમાં ‘ હું આવું અકાર્ય કરીશ નહી. ’ એમ નિર્ણય કરીને, તેનું કથન સ્વીકારીને, બુધ્ધિમાન તેણે બંને વિદ્યાઓ સાધી લીધી. પછી પ્રદ્યુમ્ને તેને કહ્યું કે–“ મારું લાલનપાલન કરવાથી તેમજ વિદ્યાદાન આપવાથી તું ખરેખર મારી માતા જ છો.” આ પ્રમાણે જણાવીને વિષયવિલાસને ઇચ્છતી તેણીનો તેણે નિષેધ કર્યો.

પછી તે નગરની નજીક આવેલ કલંબુકા નામની વાવડીએ ગયો એટલે કનકમાલાએ પોતાના જ નખથી શરીર પર ઉઝરડા કરીને કોલાહલ કરી મૂકયો. “ આ સઘળું પ્રદ્યુમ્ને કર્યું છે ” એમ પોતાના પુત્રોને કનકમાલાએ જણાવતાં તેઓ ક્રોધી બનીને તેની સાથે લડવા ગયા, પરન્તુ પ્રદ્યુમ્ને તે સર્વને જીતી લીધા. પુત્રોના પરાભવથી દોડતા એવા કાલસંવર વિદ્યાધરને પ્રદ્યુમ્ને જીતી લીધો અને પછી કનકમાલા સંબંધી સમસ્ત બીના જણાવીને તેને ખેદ પમાડયો.

આ સમયે ત્યાં આવી પહોંચેલા નારદે પ્રદ્યુમ્નને તેના જન્મ અને વિયોગને લગતી બીના શરૂઆતથી જ કહી સંભળાવી. બાદ વિશેષમાં જણાવ્યું કે–“ સત્યભામાનો પુત્ર ભાનુક હાલમાં પરણશે અને તેના લગ્નપ્રસંગે તારી અપરમાતા સત્યભામા તારી માતાના કેશોને ગ્રહણ કરશે. ” આ પ્રમાણે સાંભળીને પ્રજ્ઞપ્તિ વિદ્યાવડે રચેલ વિમાનપર આરૂઢ થઇને પ્રદ્યુમ્ન નારદ સાથે શીઘ્ર દ્વારિકાએ આવી પહોંચ્યો. વિમાનમાં નારદને બેસારીને, પોતે એકલો જ નીચે ઉતરીને ભાનુક સાથે પરણનારી કન્યાનું હરણ કરીને વિમાનમાં લઇ ગયો.

પછી અશ્વનું રૂપ ધારણ કરીને ઘાસની ગંજી તેમજ જળાશયોને સાફ કરીને અને વાનર બનીને સત્યભામાના ઉપવનને ફળરહિત બનાવીને પ્રદ્યુમ્ન ઘોડાનો વેપારી બન્યો. તે વખતે 'હું અશ્વ મૂલ્યથી ખરીદ કરીશ, તેના પર ચઢીને હું પરીક્ષા કરીશ." આ પ્રમાણે બોલતા ભાનુકને તેણે અશ્વ આપ્યો. અશ્વ પર ચઢેલા ભાનુકને તે અશ્વે, પવનથી ધ્રૂજતા વૃક્ષની શાખાદ્વારા પાકા ફલની જેમ ભૂમિ પર પાડી નાખ્યો.

પછી પ્રદ્યુમ્ને બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને, સત્યભામાની કુબડી દાસીને સૌંદર્યશાળી બનાવી ત્યારે હર્ષ પામેલી તેણી તે કપટી બ્રાહ્મણને સત્યભામા પાસે લઇ ગઇ. સત્યભામાએ તેને કહ્યું કે-"મને તું રુકિમણી કરતાં પણ અત્યંત રૂપવતી બનાવ." ત્યારે પ્રદ્યુમ્ને જણાવ્યું કે-"તું મસ્તક મુંડાવીને સર્વ શરીરે મેશ ચોપડ." રૂપને ઈચ્છતી સત્યભામાએ તેના કહેવા પ્રમાણે કર્યા બાદ પ્રદ્યુમ્ને તેણીને કહ્યું કે-"ભૂખ્યા થયેલા મને મારી વિદ્યા યાદ આવતી નથી." બાદ ભોજન માટે બેસાડાયેલો ને ક્રોધી કપટી દ્વિજ અતૃપ્ત અકરાંતીયાની માફક સર્વ અન્ન ખાઈ જઇને બહાર નીકળી ગયો.

પછી બાલસાધુનો વેશ ધારણ કરીને તે રુકિમણીને ઘેર ગયો. અને જેવામાં રુકિમણી તેને બેસવાને માટે આસન લઇને આવે તેવામાં તો તે કૃષ્ણના સિંહાસન પર જઇને બેઠો એટલે "આ કોઈ સામાન્ય નથી, આ દેવોને પણ માન્ય છે. આનો અવિનય સિંહાસનની અધિષ્ઠાત્રી દેવીએ પણ સહન કર્યો છે." આ પ્રમાણે વિચારીને વાત્સલ્યભરપૂર વાણીવડે રુકિમણીએ કહ્યું કે-"હે બાલ ઋષિ! કયા કાર્ય માટે તમે હમણાં અહીં આવ્યા છો? તે કહો." એટલે બાલમુનિએ જવાબ આપ્યો કે-"હું ભૂખ્યો છું. સોળ વરસથી મેં જન્મથી માતાનું સ્તનપાન કર્યું નથી. હમણાં હું તારી પાસે આવ્યો છું તો મને પારણું કરાવ." ત્યારે હર્ષ તેમજ વિષાદયુક્ત ચિત્તવાળી રુકિમણી બોલી કે-"હે મુને! તમારા દર્શનથી હું મારા આત્માને ધન્ય માનું છું. સત્પાત્રદાનના પુણ્યથી વંચિત મને ધિક્કાર હો!" ત્યારે સાધુએ પૂછયું કે—"તું ખિન્ન બનીને શા માટે વાત કરે છે?" રુકિમણીએ જણાવ્યું કે—"આજે ઉદ્વેગને કારણે મેં કંઈ પણ રસોઈ કરી નથી." એટલે બાલસાધુએ રુકિમણીને તેના વિષાદનું કારણ પૂછયું ત્યારે તેણીએ જણાવ્યું કે—"પાપી એવો કોઈ પુરુષ મારા પુત્રને જન્મતાં જ હરી ગયો છે. તેના મેળાપને માટે મેં કુલદેવીની આરાધના કરી તો પણ મારો પ્રયત્ન સફળ ન થવાથી મારું મસ્તક છેદવા હું તૈયાર થઇ ત્યારે પ્રસન્ન થયેલ ગોત્રદેવીએ જણાવ્યું કે—'હે પુત્રી! આવું કાર્ય કરવાની તને કયાંથી બુદ્ધિ ઉત્પન્ન થઇ? આ સુંદર આમ્રવૃક્ષ અકાલે પણ પુષ્કળ માંજરયુક્ત બનીને તને તારા પુત્રનો મેળાપ કરાવશે અર્થાત્ આ આંબો ફળશે તે સમયે તારા પુત્રનો મેળાપ થશે. આ પ્રમાણે આશાતંતુથી બંધાયેલ જીવિતને ધારણ કરતી અને પુત્રવત્સલતાવાળા મેં સોળ વર્ષ વ્યતીત કર્યાં, તો હવે કોયલોને મદયુક્ત બનાવતો આંબો તો વિકસ્વર થયો તો પણ મંદભાગ્યવાળી મારો મનોરથ સફળ થયો નહીં. હું તે ગાયોની નિરંતર ચાહના કરું છું (ધન્ય માનું છું) કે જે ગાયોના સ્તનપાનને વાછડાઓ ઉત્કંઠાપૂર્વક કરે છે. જો દેહ, પુત્રના શરીરના આલિંગન યુક્ત બને તો પછી ચંદન, અમૃતબિંદુ અને ચંદ્રથી પણ શું? અર્થાત્ તે ત્રણે વસ્તુઓ

કરતાં મને મારા પુત્રનું આલિંગન વધારે શીતળતા અર્પે. અત્યારે મારા પુત્રના અભાવમાં મને ભોજન દુઃખકારક, વસ્ત્ર-પરિધાન ઝેરતુલ્ય, આભૂષણો યુદ્ધસમાન અકારા, અને આવાસ વનરૂપ બનેલ છે, તો હે મુને! તમે કહો કે તે દિવસ કયારે આવશે જે દિવસે મારો પુત્ર મારા ખોળામાં આળોટશે? મને મારા પુત્રનો મેળાપ કયારે થશે?"

બાલમુનિએ તેણીને જણાવ્યું કે—"હું ભૂખથી પીડાઉં છું, તો મને કંઇ પણ ભોજન આપ. ભોજન કરીને સ્વસ્થ થયા બાદ હું તારા પુત્રના આગમનનો દિવસ જણાવીશ." રુકિમણીએ કહ્યું કે—"કૃષ્ણને માટે સિંહકેશરીયા મોદક છે, બીજું કંઇ ભોજન નથી. તે મોદક બીજા કોઇને પચી શકતા નથી; તો હે મુને! હું તમને શું આપું?" મુનિવરે જવાબમાં જણાવ્યું કે—"મને કંઈ પણ દુર્જર નથી, અર્થાત્ સર્વ કંઇ પચી જાય છે." રુકિમણીએ તેને એકેક લાડવો આપવો શરૂ કર્યો; અને તે બાલસાધુ પણ ક્રમપૂર્વક બધા મોદક ખાઇ ગયો.

આ બાજુ સત્યભામાએ મોકલેલ અને ટોપલી લીધેલ દાસીઓએ રુકિમણી પાસે આવીને જીતાયેલ વાળની માગણી કરી એટલે હર્ષ પામેલા પ્રદ્યુમ્ને તે જ દાસીઓના કેશથી ટોપલીઓ ભરીને તેણીને તેઓની સ્વામિની સત્યભામા જેવી બનાવીને મોકલી. દાસીઓને મુંડિત જોઇને, ક્રોધે ભરાયેલ સત્યભામાએ હજામોને મોકલ્યા; એટલે રુકિમણીના વાળની માગણી કરતાં તેઓને પ્રદ્યુમ્ને ખૂબ માર માર્યો. ત્યારે ક્રોધયુક્ત બનેલ સત્યભામાએ રાજસભામાં જઈને કૃષ્ણને કહ્યું કે-"તમે રુકિમણીના કેશો લાવી આપો, કારણ કે તમે આ બાબતમાં સાક્ષી બન્યા છો." કૃષ્ણે બલરામને કેશ ગ્રહણ કરવાને માટે રુકિમણીના આવાસે મોકલ્યા તેવામાં પ્રદ્યુમ્ન કૃષ્ણનું સ્વરૂપ ધારણ કરીને માતાની પાસે રહ્યો. કૃષ્ણને ત્યાં રહેલા જોઇને, હૃદયમાં શરમાયેલ બલરામ પાછા વળ્યા અને ક્રોધાન્વિત બનેલા તેમણે કૃષ્ણને કહ્યું કે-"મને મોકલીને તું મારી પહેલાં ત્યાં ગયો હતો." બલદેવની તે હકીકત સાંભળીને રુષ્ટ બનેલ સત્યભામા "તમે સર્વ કપટી છો" એમ કહીને પોતાના આવાસે ચાલી ગઇ.

આ બાજુ નારદે આવીને રુકિમણીને જણાવ્યું કે-"આ તારો પુત્ર પ્રદ્યુમ્ન છે." ત્યારે પ્રદ્યુમ્ને પણ પોતાનું રૂપ દર્શાવીને માતાને નમસ્કાર કર્યો. તે સમયે સ્નેહને અંગે રુકિમણીના બંને સ્તનોમાંથી ઝરતા ઉજ્જવળ દૂધને અને બંને આંખોમાંથી પડતા આંજણ યુક્ત જળને પોતાના મસ્તક પર પડતાં સ્નાનરૂપ જાણીને, પ્રણામ કરતાં પ્રદ્યુમ્ને રુકિમણીને ગંગા તેમજ યમુના નદી સરખી જાણી. પછી રુકિમણીને તેણે જણાવ્યું કે—"હું જયાં સુધી કંઇ પણ આશ્ચર્ય ન પમાડું ત્યાં સુધી તમારે મને કૃષ્ણને ઓળખાવવો નહીં." આ પ્રમાણે માતાને સૂચના આપીને, માયાવી પ્રદ્યુમ્ન માતાને રથમાં બેસારીને ચાલી નીકળ્યો. અને લોકોને ઘોષણાદ્વારા જણાવ્યું કે—"સિંહની દાઢ સરખી કૃષ્ણની પત્ની રુકિમણીને હું હરી જાઉં છું." આ પ્રમાણે જણાવીને અત્યંત પરાક્રમી તેણે શંખ ફુંકયો. એટલે 'મરવાની ઇચ્છાવાળો આ કોણ મૂર્ખ છે?' એમ બોલતાં ને ક્રોધી બનેલ કૃષ્ણ, બલરામની સાથે, ધનુષ્યને ધ્રુજાવતાં તેની પાછળ દોડયા.

બાળક હોવા છતાં પ્રદ્યુમ્ને કૃષ્ણની સેનાને નસાડીને નિષ્ફળ પ્રયત્નવાળા કૃષ્ણને પણ

આયુધ વિનાના બનાવ્યા. તે સમયે હર્ષ પામેલા નારદે આવીને કૃષ્ણને જણાવ્યું કે-" તમે ખેદ ધારણ ન કરો; કારણ કે રુકિમણીનો પુત્ર પ્રદ્યુમ્ન તમારી સાથે લડી રહ્યો છે." આ પ્રમાણે સાંભળીને હર્ષ પામેલ કૃષ્ણના બંને ચરણમાં પ્રદ્યુમ્ને, પોતાના અશ્રુરૂપી મુક્તાફળથી પૂજન કરવાપૂર્વક નમસ્કાર કર્યો. પછી ક્રોધ રહિત બનેલ, અભિમાની અને પ્રદ્યુમ્ન તેમજ રુકિમણીથી શોભતા કૃષ્ણ પોતાના સૈન્ય સાથે દ્વારિકામાં દાખલ થયા. પછી પ્રદ્યુમ્ને છોડી મૂકેલ દુર્યોધનની પુત્રીને સત્યભામાનો પુત્ર ભાનુક પરણ્યો.

પ્રદ્યુમ્નના ઐશ્વર્યથી ખેદ પામેલ સત્યભામાને કૃષ્ણે પૂછયું કે-" તું કેમ ખિન્ન બની છો ? હું તારી કઇ ઇચ્છા પૂર્ણ કરું ?" એટલે સત્યભામાએ જણાવ્યું કે-" હે નાથ ! જો તમે ખરેખર મારા પર પ્રસન્ન થયા હો તો પ્રદ્યુમ્ન સરખો તેજસ્વી અને ચિત્તને આનંદ આપનાર પુત્ર આપો." ત્યારે કૃષ્ણે તપશ્ચર્યાદ્વારા હરિણગમેષી દેવને આરાધીને તેમની પાસે સત્યભામા માટે પ્રદ્યુમ્ન સરખા પુત્રની માગણી કરી. તે દેવ પણ 'આ હાર આપીને (પહેરાવીને) તમે જેની સાથે ક્રીડા કરશો તેને અદ્દભુત પુત્ર જન્મશે' એમ કહીને કૃષ્ણને હાર આપીને ચાલ્યો ગયો.

પ્રજ્ઞપ્તિ વિદ્યાદ્વારા આ વૃત્તાંત જાણીને પ્રદ્યુમ્ને માતા રુકિમણીને કહ્યું કે-" હે માતા ! હું તને ફરીથી મારી જેવો પુત્ર આપીશ." જવાબમાં રુકિમણીએ કહ્યું કે-" તારા એક માત્રથી જ હું અત્યંત સંતુષ્ટ છું. જો તું પુત્ર આપવાને સમર્થ હો તો મારી શોક જાંબવતીને તારા સરખો પરાક્રમી પુત્ર આપ." બાદ પ્રદ્યુમ્ને જાંબવતીને સત્યભામાનું રૂપ ધારણ કરાવીને, સત્યભામાના જવાના દિવસે કૃષ્ણ પાસે મોકલી. આ પ્રમાણે સત્યભામા બનેલ માયાવી જાંબવતીને હાર આપીને કૃષ્ણે તેણીની સાથે ભોગવિલાસ કર્યો અને તેને પરિણામે મહાશુક્ર દેવલોકમાંથી ચ્યવેલ કૈટભનો જીવ તેણીના ગર્ભમાં ઉત્પન્ન થયો.

જાંબવતીના ચાલ્યા જવા બાદ સત્યભામા આવી એટલે 'પોતે કોઇથી છેતરાયો છે' એમ માનીને કૃષ્ણે તેણીની સાથે પણ વિલાસ કર્યો. આ સર્વ પ્રદ્યુમ્નનું ચેષ્ટિત છે, એમ કંઇક ભયભીત બનેલા કૃષ્ણે નિર્ણય કર્યો કે-સત્યભામાને ભીરુ (ડરપોક) પુત્ર થશે. ગર્ભના દિવસો પૂર્ણ થતાં જાંબવતીએ શાંબ નામના પુત્રને જન્મ આપ્યો, જે પૂર્વભવમાં બંધુ હોવાને કારણે પ્રદ્યુમ્નને પ્રિય બન્યો. સત્યભામાને હમેશાં ભય પામતો ભીરુક નામનો પુત્ર જન્મ્યો. કૃષ્ણની બીજી પત્નીઓને પણ પુત્રો જન્મ્યા.

કોઈ એક દિવસે રુકિમણીએ મોકલેલા દૂતે ભોજકટનગરે જઇને, રુકિમ પાસે તેની પુત્રી વૈદર્ભીની પ્રદ્યુમ્નને માટે માગણી કરી એટલે પૂર્વના વૈરને યાદ કરતાં ક્રોધે ભરાયેલા રુકિમએ દૂતને જણાવ્યું કે—" હું મારી પુત્રી મ્લેચ્છોને આપીશ, પણ કૃષ્ણના કુળમાં પરણાવીશ નહીં." આ પ્રમાણે રુકિમએ રુકિમણીના દૂતને તિરસ્કારી કાઢયો એટલે પ્રદ્યુમ્ન અને સાંબ, ચાંડાળનું રૂપ લઇને ભોજકટ નગરે ગયા, અને વૈદર્ભીને ખોળામાં ધારણ કરતા રુકિમને તેઓ બંનેએ મધુર સંગીતથી ખુશ કર્યો. તેવામાં ઐરાવણ સરખો કોઇએક બળવાન હસ્તી, ક્રોધથી પોતાનો આલાનસ્તંભ ઉખેડી નાંખીને ભ્રમણ કરતો કરતો પ્રજાને પીડવા લાગ્યો એટલે રુકિમએ જાહેર કર્યું કે-" જે કોઇ આ હાથીને વશ કરશે

તેને હું તેની ઇચ્છિત વસ્તુ ચોક્કસ આપીશ.” બાદ સંગીતદ્વારા તે હસ્તીને તે બંને ચાંડાલોએ વશ કરી લીધો એટલે હર્ષ પામેલ રુકિમએ તે બંનેને ઇચ્છિત માગવા કહ્યું. તે બંનેએ રસોઇને માટે રાજા પાસે વૈદર્ભીની માગણી કરી. આ પ્રમાણે સાંભળીને ક્રોધે ભરાયેલા રુકિમએ તે બંને ચાંડાળોને નગરની બહાર કાઢી મૂકયા. બાદ રાત્રિસમયે પ્રદ્યુમ્ન આકાશદ્વારા વૈદર્ભી પાસે ગયો અને તેણીને ચાંડાળ આદિ રૂપ સંબંધી વૃત્તાંત જણાવ્યું ત્યારે ‘ આ પ્રદ્યુમ્ન છે ’ એમ જાણીને હર્ષિત તેમજ અનુરક્ત થયેલ તેણીને પ્રદ્યુમ્ન ગાંધર્વ વિવાહથી પરણ્યો.

રાત્રીને વિષે તેણીની સાથે સ્વેચ્છાપૂર્વક ભોગવિલાસ કરીને પ્રદ્યુમ્નરૂપી ચંદ્ર ચાલ્યો ગયો એટલે તેણીએ પ્રાતઃકાળે પોતાના નેત્રરૂપી કુમુદોને બંધ કર્યાં અર્થાત્ વૈદર્ભી ઊંઘી ગઈ. પ્રાતઃકાળે તેણીને વિવાહિત જેવી જોઇને રુકિમએ તેને તે સંબંધી કારણ પૂછ્યું એટલે તેણી કંઈપણ બોલી ન શકી ત્યારે ક્રોધે ભરાયેલા તેણે તે બંને ચાંડાલોને બોલાવીને વૈદર્ભી આપી અને પોતે અત્યંત દુઃખી બન્યો; જ્યારે વૈદર્ભી તે બંનેને પ્રદ્યુમ્ન તેમજ સાંબ જાણીને અત્યંત હર્ષ પામી.

બાદ સાંબ **હેમાંગદ** રાજાની **સુહિરણ્યા** નામની પુત્રીને પરણ્યો. તેમજ નિરંતર સત્યભામાના પુત્ર ભીરુકને ક્રીડા-પ્રસંગે માર મારવા લાગ્યો. કૃષ્ણે જાંબવતીને શાંબનું તે દુષ્ટાચરણ કહ્યું ત્યારે તેણીએ કૃષ્ણને જણાવ્યું કે—“ મારો પુત્ર તો શાંત છે, તેણે કયું દુષ્ટાચરણ કર્યું છે તે મને બતાવો ” એટલે જાંબવતીને વિશ્વાસ પમાડવા માટે કૃષ્ણે જાંબવતીની સાથે ભરવાડનો વેશ ધારણ કરીને તેઓ બંને નગરને દરવાજે છાશ વેચવા માટે ઊભા રહ્યા. નગરને દરવાજે છાશ વેચનાર તે બંનેને જોઇને છાશ લેવાના બહાનાથી સાંબે ભરવાડણને બોલાવી. ભરવાડની સાથે તે ભરવાડણી સાંબની પાછળ પાછળ દેવાલયની નજીક ગઈ એટલે સાંબે દેવાલયની અંદર દાખલ નહીં થતી તેણીને હાથ ઝાલીને ખેંચી. તે સમયે ક્રોધ પામેલા ભરવાડે સાંબને તિરસ્કારપૂર્વક કહ્યું કે-‘તું આ શું કરે છે ? ’ એટલે સાંબ પણ તે બંનેને પોતાના માતાપિતા જાણીને શીઘ્ર ત્રાસ પામ્યો.

કૃષ્ણે જાંબવતીને કહ્યું કે-“ તારા પુત્રની સૌમ્યતા તેં જોઇ ? ” પછી કાષ્ઠની ખીલી બનાવતો સાંબ પ્રાતઃકાળે રાજસભામાં ગયો. ‘ ગઈકાલની હકીકત જે કોઇ જાહેર કરશે તેના મુખમાં આ ખીલી ખોડવામાં આવશે ’ એ પ્રમાણે બોલતાં તેણે કૃષ્ણના હૃદયમાં ક્રોધ તેમજ હાસ્ય પ્રગટાવ્યા. પછી ‘ આ અન્યાયી છે ’ એ જાણીને કૃષ્ણે સાંબને દ્વારિકામાંથી બહાર કાઢી મૂકયો, અને જતાં એવા તેને પ્રદ્યુમ્ને **પ્રજ્ઞપ્તિ** વિદ્યા આપી.

કોઇએક દિવસે ભાનુકને માર મારતાં પ્રદ્યુમ્નને સત્યભામાએ કહ્યું કે-“ અરે વૈરી ! સાંબની માફક તું હજુ પણ નગરીમાંથી કેમ ચાલ્યો જતો નથી ? તું ચાલ્યો જા અને સ્મશાનને વિષે રહે. જ્યારે હું સાંબને નગરમાં હાથ પકડીને લાવું ત્યારે તારે આવવું ” આ પ્રમાણે સત્યભામાથી કહેવાયેલ પ્રદ્યુમ્ન સ્મશાનમાં ગયો અને ત્યાં આગળ સ્વેચ્છાચારી સાંબ પણ તેને આવી મળ્યો.

આ બાજુ સત્યભામાએ ભિરુને માટે નવાણું સુંદર કન્યાઓ મેળવી અને કોઇપણ સ્થળેથી એક કન્યા મળે તે માટે તપાસ કરવા લાગી. આ પ્રમાણે હકીકત જાણીને પ્રદ્યુમ્ને સેના વિકુર્વીને પોતે **જીતશત્રુ** નામનો રાજા બન્યો અને સાંબ તેની પુત્રી બન્યો. આ પ્રમાણે વૃત્તાંત જાણીને સત્યભામાએ જીતશત્રુ પાસે પોતાનો માણુસ મોકલ્યો. અને તેણે જઇને ભીરુને માટે એ કન્યાની માગણી કરી. જીતશત્રુએ તે મોકલેલા માણુસને કહ્યું કે—"સત્યભામા પોતે જ મારી પુત્રીને પોતાના હસ્તથી પકડીને લઇ જાય તેમજ પાણીગ્રહણ અવસરે મારી પુત્રીનો હાથ ભીરુના હસ્ત પર રાખવામાં આવે તો મારી પુત્રી ભીરુને પરણાવું." તે માણુસે જઇને સત્યભામાને સઘળી બીના જણાવી ત્યારે તે કથન સ્વીકારીને સત્યભામા પોતે તે કન્યા લેવાને માટે ગઇ.

આ બાજુ સાંબકુમારે પ્રજ્ઞપ્તિ વિદ્યાને કહ્યું કે-"હે દેવિ ! જ્યારે સત્યભામા મને હસ્ત ઝાલીને લઈ જાય ત્યારે લોકો મને સાંબકુમાર તરીકે જુએ તેવું કરો." પછી સત્યભામાએ આવીને, તે કન્યાને પોતાના હસ્તવડે પકડીને, લોકોવડે સાંબરૂપે જોવાતી તેને પોતાના આવાસે લઇ ગઇ. બાદ ભીરુના હસ્ત પર પોતાનો હસ્ત રાખતાં સાંબે પોતાના જમણા હાથથી નવાણું કન્યાઓના હસ્તને ગ્રહણ કરીને તેઓ સર્વની સાથે લગ્ન કર્યાં. બાદ તે કન્યાઓની સાથે સાંબ વિલાસભુવનમાં ગયો અને પોતાની ભ્રૂકુટીથી બીવરાવાયેલ ભીરુએ જઇને પોતાની માતાને સઘળી હકીકત જણાવી. ત્યારે ગુસ્સે થયેલ સત્યભામા વિલાસભુવનમાં આવી એટલે સાંબે તેને નમસ્કાર કર્યો ત્યારે ક્રોધપૂર્વક તેણીએ કહ્યું કે-"હે લુચ્ચા! તને અહીં કોણ લાવ્યું ?" ત્યારે સાંબે કહ્યું કે—"હે માતા! તમે પોતે જ લાવીને મને આ કન્યાઓ સાથે પરણાવ્યો. આ વિષયમાં સમગ્ર જનતા સાક્ષીરૂપ બની છે." તે સમયે 'માયાના મંદિરરૂપ તેં મને કન્યાના બહાનાથી છેતરી છે.' એમ બોલતી સત્યભામા જેવી આવી હતી તેવી પાછી ચાલી ગઈ. પછી કૃષ્ણે સાંબને તે કન્યાઓ આપી અને જેમ તારાઓથી ચંદ્ર શોભે તેમ તે કન્યાઓથી શોભવા લાગ્યો.

આ બાજુ યવનદ્વીપથી આવેલા વણિકો દ્વારિકા નગરીએ આવીને રત્નકંબલો વેચવાને માટે **રાજગૃહ** નગરે ગયા. જીવયશાએ તે રત્નકંબલો અલ્પ મૂલ્યે માગી, એટલે તે વણિકોએ કહ્યું કે-"દ્વારિકા નગરીમાં આ રત્નકંબલોનું વિશેષ મૂલ્ય આવતું હતું." જીવયશાએ પૂછ્યું કે-"દ્વારિકા નગરી કઇ ? અને તેનો રાજા કોણ છે ?" એટલે રત્નકંબલ વેચનારાઓએ જણાવ્યું કે-"દેવોએ સાગરના મધ્યમાં દ્વારિકા નામની નગરી રચી છે, ત્યાં દેવકી ને વસુદેવનો પુત્ર કૃષ્ણ રાજ્ય કરે છે."

આ પ્રમાણે સાંભળીને પોતાના હસ્તવડે છાતી કૂટતી મંદબુદ્ધિવાળી જીવયશા સખીસમૂહને દુઃખ ઉપજાવતી રડવા લાગી. ત્યારે જરાસંધે પૂછ્યું કે-"હે પુત્રી ! તું કેમ રુદન કરે છે ?" જીવયશાએ જણાવ્યું કે-"મારા સ્વામી કંસનો ઘાતક જીવે છે. અને પૃથ્વી પર રાજ્ય કરે છે; તો અભિમાન કરવાને અશક્ત અને દીન હું શું કરું ? હે પિતા! તમારા પ્રતાપનો મિત્ર સરખો અગ્નિ જ મારા માટે શરણરૂપ છે અર્થાત્ હવે હું બળી મરીશ."

અગ્નિના નામ માત્રથી પ્રજ્વલિત થયેલ જરાસંધે જીવયશાને કહ્યું કે-" તું શાંત થા. હું કૃષ્ણની સ્ત્રીઓને અગ્નિમાં ફેંકાવીશ." આ પ્રમાણે બોલીને મહાપરાક્રમી જરાસંધે તે સમયે એકદમ નગરને વિષે યુદ્ધ કરવા પ્રયાણ કરવાની ભંભા વગડાવી. બાદ નવીન પરાક્રમવાળા **સહદેવ** વિગેરે જરાસંધના પુત્રો, સાહસિક સુભટોની સાથે તેને ઘેરી વળ્યા. જેમ હસ્તીઓ વિંધ્યાચળને વીંટળાઇ વળે તેમ શત્રુરૂપી રાજાઓને યમરાજ સરખો તેમજ ક્રૂર દૃષ્ટિવાળો **શિશુપાળ** તેમજ દુશ્મનોનો વધ કરવામાં અગ્રેસર **દુર્યોધન** નામનો કૌરવ અને કરોડો દુશ્મનોને ધ્રુજાવનાર કરોડો રાજાઓ જરાસંધને વીંટળાઇ વળ્યા.

જેમ નગરમાંથી પ્રસ્થાન કરતો પ્રાણી તેનાથી અળગો થાય તેમ જરાસંધનો મુકુટ મસ્તક પરથી નીચે ભૂમિ પર પડી ગયો. અને તૂટી ગયેલા હારમાંથી આયુષ્યના બિંદુ સરખા મણિઓ નીચે પડ્યા. બાદ યમરાજે કરેલ આહ્વાન સરખી છીંક તેની સમક્ષ થઈ અને યમરાજના નાશ સરખા વસ્ત્રથી તેનો પગ સ્ખલના પામ્યો. જરાસંધ નીતિજ્ઞ હોવા છતાં ક્રોધને અંગે અંધ બનવાથી તેણે પ્રત્યક્ષ થયેલાં અસંખ્ય અપશુકનોની ગણના કરી નહીં. સ્વપ્રતાપથી પૃથ્વીને પ્રકાશિત કરનાર જરાસંધ, સૂર્યની માફક અસ્ત થવાને માટે જ પશ્ચિમ દિશા તરફ ચાલી નીકળ્યો.

આ બાજુ કલેશ કરાવવામાં કૌતુકી નારદ મુનિએ શીઘ્ર આવી જરાસંધના પ્રયાણના સમાચાર કૃષ્ણને જણાવ્યા. એટલે અતિ હુંકારવાળા, દુશ્મનરૂપી દાવાનળને બુઝાવવામાં મેઘ સમાન તેમજ વિશાળ બાહુબળવાળા કૃષ્ણે યુદ્ધપ્રયાણને માટે પડહ વગડાવ્યો. પોતાના સૈન્યના ધ્વનિથી સમુદ્રગર્જનાને જીતી લેનાર સમુદ્રવિજય વિગેરે દશાર્હો ચાલી નીકળ્યા. કૃષ્ણની ફઈના તેમજ માસીના પુત્રો અને હર્ષ પામેલા પુષ્કળ રાજાઓ પણ યાદવોને આવી મળ્યા. સમરાંગણને માટે સજ્જ થયેલ, પ્રયાણ મંગળને કરનાર, બ્રાહ્મણોના મુખકમળમાંથી નીકળેલ સૂક્તિઓદ્વારા વૃદ્ધિ પમાડાયેલ ઉત્સાહવાળો, ભાટ-ચારણોના સમૂહથી ગવાતા પરાક્રમવાળો, સંબંધીજનો તેમજ બંધુવર્ગની વૃદ્ધસ્ત્રીઓના આશીર્વાદથી ઉત્સાહિત બનેલો, 'જય જય' શબ્દ કરતાં નગરજનોવડે સત્કારાતો, અનુકૂળ શકુનોદ્વારા પોતાના વિજયનો નિર્ણય કરતો, ન રોકી શકાય તેવા વાજિંત્રોના ધ્વનિથી દિશાઓને ભરી દેતો, નગરસ્ત્રીઓથી આનંદપૂર્વક અક્ષતોવડે વધાવવાપૂર્વક જોવાતો, **દારુક** નામના સારથિવાળો કૃષ્ણ રથમાં બેસીને, કૌષ્ટુકીએ જણાવેલા દિવસે સૈન્યની સાથે ઇશાન દિશામાં ચાલી નીકળ્યો.

પોતાની દ્વારિકા નગરીથી પીસ્તાલીશ યોજન દૂર જઇને, **શતપલ્લી** નામના ગામમાં કૃષ્ણે પડાવ નાખ્યો. જરાસંધના લશ્કરથી કૃષ્ણ વિગેરે ચાર યોજન દૂર રહ્યા તેવામાં વિદ્યાધરોએ આવીને સમુદ્રવિજયને વિજ્ઞપ્તિ કરી કે-" હે સ્વામિન્! તમારા ભાઇ વસુદેવના ગુણથી વશ બનેલા અમે વૈતાઢ્ય પર્વત પરથી આપના હિતનું કંઈક કહેવા માટે આવ્યા છીએ. તમારી જેવા મહા પરાક્રમીને બીજાની સહાયની અપેક્ષા શી હોઇ શકે? છતાં સજ્જન પુરુષો પ્રત્યેના પ્રેમને લીધે કહીએ છીએ. વૈતાઢ્ય પર્વત પર જરાસંધના મિત્રો વિદ્યાધરો છે. તેઓ ન આવી પહોંચે તે પહેલાં શત્રુઓને જીતી લેવા જોઇએ; તો આપ પ્રદ્યુમ્ન અને સાંબ

સહિત વસુદેવને આદેશ આપો જેથી જરાસંધના મિત્ર વિદ્યાધરોની સાથે અમે યુદ્ધ કરીએ.” સમુદ્રવિજયે તે વિદ્યાધર મિત્રોનું કથન સ્વીકાર્યાં બાદ ફરમાવાયેલા વસુદેવ ચાલ્યા ત્યારે ભગવંત શ્રી **નેમિનાથે** તેમને **“અસ્રવારણી”** નામની ઔષધી આપી.

આ બાજુ જરાસંધે **હંસ** અને **ડિમ્ભક** નામના પ્રધાનોને આદેશ આપીને શત્રુસમૂહથી પણ અભેદ્ય **ચક્રવ્યૂહ** રચાવ્યો. આ ચક્રવ્યૂહના હજાર આરાએ પુષ્કળ રથ, હસ્તી, અશ્વ અને પાયદળ સૈન્યથી વીંટળાએલ હજાર રાજાઓ રહ્યા. છ હજાર રાજાઓ તે ચક્રની ધરીરૂપે રહ્યા અને તેની મધ્યમાં પાંચ હજાર રાજાઓ સાથે જરાસંધ પણ રહ્યો. તેની પાછળ સિંધુ દેશ તેમજ ગાંધાર દેશની સેના હતી; અને જમણી બાજુ યુદ્ધકુશળ કૌરવો હતા. તે ચક્રનાભિ (ધરી) ઉપર વચ્ચે વચ્ચે પચાસ રાજાઓના સમૂહવાળો દુર્ભેદ્ય **શકટ-વ્યૂહ** રચવામાં આવ્યો. ચક્રવ્યૂહની બહાર પણ વિવિધ પ્રકારના વ્યૂહને રચનારા મહા-પરાક્રમી અને તેજસ્વી રાજાઓ સ્થાને સ્થાને રહ્યા. જરાસંધે **હિરણ્યનાભ** રાજાને સેનાધિપતિ તરીકે સ્થાપ્યો ત્યારે જાણે તેના ભયને લીધે જ હોય તેમ સૂર્ય અસ્ત પામ્યો.

આ બાજુ અગ્નિ કરતાં પણ તેજસ્વી અને દુર્ધર્ષ યાદવોએ રાત્રિને વિષે ચક્રવ્યૂહને જીતવાની ઈચ્છાથી **ગરુડવ્યૂહ** રચ્યો. અર્ધ કોટિ કુમારો તેના મુખ પર રહ્યા જ્યારે યુધ્ધમાં અજેય બલદેવ અને કૃષ્ણ તેના શિરોભાગમાં રહ્યા. કૃષ્ણની પાછળ અક્રૂર વિગેરે તેમના અજેય બાર બંધુઓ લાખ રથ લઇને રહ્યા. તેઓની પાછળ કોટિ રથો સાથે **ઉગ્રસેન** રાજા રહ્યા અને તેની પાછળ રક્ષક તરીકે તેના ચાર પુત્રો રહ્યા. ગરુડવ્યૂહની જમણી પાંખે પોતાના વીર ભાઇ, ભત્રીજાઓ અને પુત્રો સાથે પરિવરેલા સમુદ્રવિજય રહ્યા. પરાક્રમી બીજા રાજાઓ પચીશ લાખ રથો સાથે સમુદ્રવિજયને વીંટળાઇને રહ્યા. તેમની ડાબી પાંખ પર પ્રચંડ તેજવાળા બલરામના પુત્રો અને **યુધિષ્ઠિર** વિગેરે પાંડવો રહ્યા. તે પાંચ પાંડવની પાછળ અસ્રોને નચાવતા તેમજ કૌરવોના વધને ચાહતા દેદીપ્યમાન પુષ્કળ રાજાઓ રહ્યા. યમરાજના દંડ જેવા પ્રંચડ બાહુબળવાળા તેમજ સૂર્યના જેવા ઉગ્ર તેજવાળા પુષ્કળ રાજાઓ તે વ્યૂહના રક્ષણ માટે ચારે બાજુ રહ્યા. આ પ્રમાણે કૃષ્ણે **ગરુડવ્યૂહ** રચ્યો, જેને જોઇને શત્રુઓનો અભિમાનરૂપી સર્પ નાશ પામ્યો.

બાદ જયશાળી શસ્રોથી યુક્ત તેમજ ઇંદ્રથી મોકલાયેલા **માતલિ** સારથિવાળા રથ પર લડવાને ઈચ્છતા **શ્રી નેમિનાથ** આરૂઢ થયા. સમુદ્રવિજયે કૃષ્ણના મોટા ભાઇ મહાબલવાન **અનાધૃષ્ટિને** સેનાપતિ તરીકે સ્થાપ્યો. કૃષ્ણની સેનામાં દુશ્મન રાજાઓને ક્ષુબ્ધ કરનાર અને બ્રહ્માંડરૂપી પાત્રને ભેદનાર મહાન્ જયજયારવ પ્રગટયો. પ્રલયકાળના મેઘની માફક ભયંકર ગર્જના કરતાં તેમજ અસ્રોને વર્ષાવતાં સુભટો બંને સૈન્યમાં લડવા લાગ્યા. ગજેંદ્રોનો ગર્જારવથી, વાજિંત્રોના નાદથી, અશ્વોના હેષારવથી, રથના ઘોષથી અને સુભટોના શબ્દોથી જગત શબ્દમય બની ગયું. જરાસંધના સુભટોથી પોતાના સુભટોને ભગ્ન થયેલા જોઇને કૃષ્ણે પોતાનો હાથ ઊંચો કરીને, તેઓને ધીરજ આપી અને ગરુડની બંને પાંખ તથા ચાંચને સ્થાને રહેલ શ્રી **મહાનેમિ અર્જુન** અને **અનાધૃષ્ટિ** એ ત્રણે પુષ્કળ રાજાઓથી વીંટળાઇને

યુદ્ધ માટે તત્પર બન્યા. અજેય એવા તે ત્રણેએ પોતપોતાના શંખો તેવી રીતે ફુંક્યા કે જેથી **શ્રી નેમિનાથને** પણ ચમત્કાર ઉદ્ભવ્યો. અભિમાની ને યુધ્ધ કરતાં તે ત્રણે મહાસુભટોએ જલ્દીથી ચક્રવ્યૂહને ત્રણ સ્થળે ભેદી નાખ્યો; એટલે મજબૂત વસ્ત્રમાં સોયની પાછળ દોરો દાખલ થાય તેમ વ્યૂહમાં દાખલ થતાં તે ત્રણે વીર પુરુષોની પાછળ મજબૂત મનોબળવાળા અન્ય રાજાઓ પણ દાખલ થઇ ગયા.

સન્મુખ આવી પહોંચેલા મહાનેમિ, અર્જુન અને અનાધૃષ્ટિની સામે દુર્યોધન, રુધિર રાજાનો પુત્ર અને રુક્મિ લડવા ઊઠયા અને તેઓ છ વચ્ચે દ્વંદ્વ યુદ્ધ શરૂ થયું. ક્રોધ પામેલા યમરાજની સરખા તેજવાળા તે તે રાજાઓના સુભટોનું ત્રણ જગતને ત્રાસ પમાડનારું યુધ્ધ શરૂ થયું. કેટલાક ભય પામ્યા, કેટલાક ક્રોધે ભરાયા અને શત્રુઓના મસ્તકરૂપી દડાઓથી ખેલતા કેટલાંકને ક્રોધ પણ ન પ્રગટયો. તરવારથી મસ્તક કપાઇ જવા છતાં પણ ક્રોધને અંગે પોતાના દાંતથી હોઠને પીસતા કોઈએક વીર પુરુષે દુશ્મનને બળપૂર્વક ગળાથી પકડીને હાથથી હણી નાખ્યો. દુશ્મનોને હણી નાખતો કોઇએક પ્રસન્ન ને ગંભીર મુખમુદ્રાવાળા વીરપુરુષે પોતાના નેત્ર, ઓષ્ઠ તેમજ ભૃકુટીમાં વિકૃતિ દર્શાવી નહીં. અર્થાત્ હસતાં હસતાં (રમત માત્રમાં) તેણે પોતાના દુશ્મનને હણી નાખ્યો. દુશ્મનના બાણોથી છેદાએલ તેમજ લાંબા કેશવાળા મસ્તકે તલવાર યુક્ત રાહુની ભીતિથી દેવોને પણ ભય પમાડ્યા. મસ્તક કપાવા છતાં દૃષ્ટિ અને ભૃકુટીના વિક્ષેપપૂર્વક નૃત્ય કરતા કોઇએક દુશ્મને પોતાના હણનારના મસ્તકને પોતાની લોહમયી તરવારથી ધ્રૂજાવ્યું અર્થાત્ છેદી નાખ્યું. પોતાને હણવાને માટે આવતા કોઇએક હસ્તીને સુંઢવડે પકડીને, કોઈએક શસ્ત્રરહિત બનેલ વીરપુરુષે તેને આકાશમાં ભમાડીને તે હસ્તીને પોતાના શસ્ત્રરૂપ બનાવ્યો. યુધ્ધમાં પોતાના સમસ્ત શસ્ત્રો નષ્ટ થવાથી સિંહ જેવા પરાક્રમી કોઇએક સુભટે પોતાના શત્રુઓને નખ અને દાંતથી ચીરી નાખ્યો. દૃષ્ટિવડે વીરપુરુષને ભયભીત બનાવતા તેમજ હુંકારાથી હાથીઓને ત્રાસ પમાડતા કોઇએક વીરપુરુષે પોતાનું શસ્ત્ર ઊંચું કરીને શત્રુસૈન્યને વિખેરી નાખ્યું. ધૂળથી પ્રગટેલ અંધકારમાં દુશ્મનોને ચીરી નાખતું કોઈએક સુભટનું ખડ્ગ બાજુબંધના રત્નમાં પ્રતિબિંબિત થવાથી જાણે દીવો ધારણ કરીને રહ્યું હોય તેમ શોભવા લાગ્યું. કોઈએક વીરપુરુષે વજ્રના આઘાત સરખી લપાટથી હસ્તીઓને, જેમ ઇંદ્ર પર્વતોને પૃથ્વી પર પાડી દે તેમ, પૃથ્વી પર પાડી દીધા. ભુજાબળવાળા કોઈએક કૌતુકી વીરપુરુષે પોતાના હસ્તવડે શત્રુઓના મસ્તકને પરસ્પર અથડાવીને નાળિએરની જેમ તોડી-ફોડી નાખ્યા. હુંકારાથી પાછા ભાગેલા કોઇ એક હસ્તીને વીરપુરુષે પુંછડાથી પકડી લીધો એટલે રાડો-બૂમો પાડતા તે હસ્તીને અચાનક છૂટો કર્યો ત્યારે તે હસ્તી પૃથ્વીપર મોંભર પડી ગયો. પ્રજ્વલિત અગ્નિની જેવા ભુજબળવાળા સુભટોની પરસ્પર અફળાવાથી ઝરતા અગ્નિ-કણિયાવાળી તરવારોએ ધૂમાડાનું સ્વરૂપ ધારણ કર્યું. શત્રુના મસ્તકના વાળ પકડવાને સજ્જ થયેલા શત્રુની તરવારવડે ખભામાં ઘાયલ થયેલ અને નીચે નહીં પડેલ સુંઢ સરખા કોઈએક શત્રુના હસ્તે હાથીની શોભાને ધારણ કરી.

મહાપરાક્રમી મહાનેમિએ રુકિમને રથ વિનાનો બનાવ્યો એટલે શત્રુંતપ રાજાએ મહાનેમિ પ્રત્યે પોતાની શક્તિ ફેંકી. તે સમયે માતલિ સારથિએ **શ્રી નેમિનાથ** સાથે

વિચાર કરીને મહાનેમિના બાણમાં વજ્રનું સંક્રમણ કર્યું અને તેનાથી હણાયેલી શક્તિ નીચે પડી ગઈ. અર્જુને દુર્યોધનને બાણોથી ત્રાસ પમાડયો અને અનાધૃષ્ટિએ પણ બાણવર્ષાથી રૌધિરને વિલખો બનાવી દીધો. આ બાજુ પરાક્રમી યાદવોએ શત્રુસૈન્યને ભગ્ન કરી દીધું અને ગર્વીષ્ઠ દ્રુમ વિગેરે ઘણા રાજાઓને હણી નાખ્યા. મદોન્મત્ત હસ્તી સરખા બળરામના પુત્રો યુક્ત **ભીમ** અને **અર્જુને** ક્રોધપૂર્વક કૌરવોને પરાજિત કર્યાં. વળી બાણોને છોડતા તેમજ જેનું બાણ ચડાવવું તેમજ છોડવું જણાતું નથી એવા શ્યામ કાંતિવાળા અર્જુને વૃષ્ટિને કરતાં મેઘની શોભા ધારણ કરી.

યમરાજ જેવા અર્જુનને જોઇને યુદ્ધ કરવાને આતુર તેમજ ગર્જના કરતા દુર્યોધને પુષ્કળ રાજાઓ સાથે તેને અટકાવ્યો. બાણ સમૂહને છોડતાં અર્જુનથી રથ વિનાનો કરાયેલ દુર્યોધન કૂદીને શકુનિના રથમાં બેઠો. જેમ મેઘ અતિવૃષ્ટિથી કમળોને છિન્નભિન્ન કરી નાખે તેમ અર્જુને બાણસમૂહથી ક્રોધપૂર્વક, પોતાની જાતને વીર માનતા અન્ય રાજાઓને નસાડી મૂકયા. જેમ ઇંદ્ર અમોઘ વજ્રવડે પર્વતને તોડી નાખે તેમ યુદ્ધને વિષે **યુધિષ્ઠિરે** દુશ્મનોને શલ્યરૂપ બનેલ **શલ્ય** રાજાને શક્તિદ્વારા હણી નાખ્યો. દ્યૂતના કપટથી જીત મેળવનાર **દુઃશાસન** પર ક્રોધે ભરાયેલા **ભીમે** તેને ગદાવડે હણીને, તેની છાતી ચીરી નાખી. **સહદેવના** હસ્તથી છોડાયેલા અને વેગથી પસાર થતાં બાજ પક્ષી સરખા બાણે શકુનિના મસ્તકને કાપી નાખ્યું. રણસંગ્રામમાં પોતાના બાણોવડે અર્જુને કૌરવસેનાના ઝળહળતા જીવિત સમાન **જયદ્રથને** યમરાજના મંદિરે પહોંચાડયો. એટલે અગ્નિજ્વાળાના સમૂહ સરખા બાણોથી આકાશને ભરી દેતો એવો તેમજ દાવાનલની જેવા રક્ત વર્ણવાળો **કર્ણ** અર્જુનને ભસ્મીભૂત કરવાને માટે તેની સામે આવ્યો. તે સમયે યશરૂપી મોતીઓથી વ્યાપ્ત કર્ણના આભૂષણ સરખા કર્ણના જીવિતને હરી લેતાં અર્જુને કૌરવોની સેનાના મુખને શોભા રહિત બનાવ્યું. સિંહ સરખો કર્ણ હણાવાથી કૌરવોએ પોતાની જાતને, નહીં હણાવા છતાં, મૃગલાની માફક હણાયેલી જ માની લીધી. કર્ણ હણાવાથી, ભીમના શ્વાસોશ્વાસના વાયુથી ઊડી જવામાં રૂ સમાન **સુયોધન** (દુર્યોધન) જીવતો હોવા છતાં, 'અર્જુનની જીત થશે' એવા નિર્ણયવાળો થઇ ગયો.

જેમ મૃગ સિંહની સામે થાય તેમ ગજસેનાથી પરિવરેલ ક્રોધી દુર્યોધન સાગરની માફક ગર્જના કરતાં ભીમની સામે લડવા આવ્યો એટલે જેમ સરોવરમાંથી સેવાળ સમૂહને દૂર ફેંકી દેવામાં આવે તેમ ભીમે મહાહસ્તીઓને સુંઢથી પકડી પકડીને યુધ્ધના મેદાનમાંથી બહાર ફેંકી દીધા. પોતાના બંને હસ્તથી સાગરના મોજાં સદૃશ હસ્તીઓને બંને બાજુ ફેંકતો ભીમ સમરાંગણરૂપી સાગરને તરવા લાગ્યો. "યુદ્ધના હિસ્સામાં હું પણ ભીમનો ભાગીદાર જ છું." એમ વિચાર કરતાં અને સજ્જ થયેલા હસ્તિસેનાવાળા નકુલે દુશ્મનો પર આક્રમણ કર્યું ત્યારે પાંડવ તેમજ કૌરવોની સેનાના મહાગર્જના કરતા યમરાજના કિંકર જેવા હસ્તીઓ પરસ્પર શીઘ્ર ભળી ગયા. યુદ્ધને વિષે મજબૂત પ્રહારથી દાંત વિનાના બનેલા કોઈ એક બે હસ્તીઓ, હાથણીની બુદ્ધિથી પરસ્પરને સુંઢથી મંદ-મંદ

સ્પર્શ કરવા લાગ્યા. કોઇએક હસ્તી, પોતાના દાંતથી વીંધી નાખેલ શરીરવાળા પ્રત્યેક શત્રુ હસ્તીને જાણે યમરાજને અર્પણ કરતો હોય તેમ ઊંચે ઊડાડવા લાગ્યો. કોઈ એક હસ્તીએ યુદ્ધ કરવાથી ડગી ગયેલા અને યુધ્ધ કરવાને અસમર્થ બનેલા પોતાના દાંતને પોતાની સુંઢદ્વારા ખેંચી કાઢીને તેના જ વડે તેણે હસ્તીઓને ભેદી નાખ્યા. પરાભવને કારણે પરસ્પર પરાંગમુખ બનેલા અને પાછા સન્મુખ બનેલા કોઇએક બે હસ્તીઓને, પોતાના પક્ષના હસ્તીઓએ, 'પારકા (શત્રુ સદૃશ) હસ્તીઓ છે' એમ વિચારીને ત્યજી દીધા. કોઇએક હસ્તીએ પોતાની સુંઢવડે શત્રુની સાક્ષાત્ કીર્તિ સરખા હસ્તીના દાંતને ક્રોધપૂર્વક ઉખેડી નાખીને રણભૂમિમાં ફેંકી દીધા. કોઇએક હસ્તીએ પોતાની સુંઢવડે કોઇએક હસ્તીને ઊંચકીને ઊંચે ઉડાડયો, પરંતુ 'તેના પડવાથી પૃથ્વીનો ભંગ થશે.' એવા ભયથી પડતા એવા તેને તે હસ્તીએ પોતાના દંતુશૂળ પર ઝાલી લીધો. અંકુશને નહીં ગણકારતાં ને ભયભીત બનેલા કોઇ એક હસ્તીની પાછળ બીજો હાથી ભાગ્યો–દોડ્યો એટલે તે બંને હસ્તીઓએ પોતાના સુભટોને શરમાવ્યા. શત્રુથી પરાભવ પામેલા પોતાના મહાવતના હૃદયને જાણતો હોય તેમ કોઇએક ગભરાયેલા હસ્તીને, દરેક ગજરાજે તિરસ્કાર્યો.

આ બાજુ દુષ્ટબુધ્ધિવાળો દુર્યોધન ઉછળતા કલ્પાંત કાળ સરખા અને શત્રુના વધને માટે આતુર ભીમ પ્રત્યે દોડયો. દ્યૂતક્રીડા સમયના કપટને યાદ કરતા ભીમે દુર્યોધનને ગદાવડે એવી રીતે પીસી નાખ્યો કે જેથી વેરાએલા તેના શરીરના અણુઓ, પવનવડે જ જલ્દી દૂર ચાલ્યા ગયા. સુયોધનના મૃત્યુથી તેનું સૈન્ય સેનાપતિ હિરણ્યનાભને શરણે ગયું, અને યાદવો તેમજ પાંડવો પોતાના સેનાપતિ અનાધૃષ્ટિની ફરતાં વીંટળાઈ વળ્યા. સેનાપતિરૂપી રાત્રિઓને નષ્ટ કરવામાં સૂર્ય સમાન હિરણ્યનાભ સેનાધિપતિએ કિરણ સરખા બાણોથી અનાધૃષ્ટિની સેનાને સુકવી નાખી–નશાડી મૂકી. અતુલ બલશાલી પોતાના મામા હિરણ્યનાભને આવતાં જોઇને **શિવાદેવી**ના પુત્ર (શ્રી **નેમિનાથ**ના બંધુ) અને જયની ઈચ્છાવાળો **જયસેન** તેમની સન્મુખ આવ્યો. હિરણ્યનાભે તેના રથની ધ્વજા છેદી નાખી. જયસેને પણ તેમના રથની ધ્વજા, બખતર, અશ્વ તેમજ સારથીને હણી નાખ્યો ત્યારે, જેમ સિંહ પોતાના બે પંજાના દશ નખોદ્વારા મદોન્મત્ત હસ્તીને હણે તેમ ક્રોધ પામેલા હિરણ્યનાભે મર્મસ્થળને છેદનારા દશ બાણોથી જયસેનને હણી નાખ્યો.

બાદ જયસેનનો બંધુ તલવાર અને બખતરને ધારણ કરનાર **મહીસેન** દોડતો આવ્યો એટલે હિરણ્યનાભે દૂરથી જ **ક્ષુરપ્ર** બાણથી હણી નાખ્યો. પોતાના બે બંધુઓના વધથી મહાપરાક્રમી ને વીર્યવંત અનાધૃષ્ટિ અર્જુન ને ભીમ વિગેરેની સાથે ક્રોધપૂર્વક સંગ્રામ માટે ઊભો થયો. અનાધૃષ્ટિએ હિરણ્યનાભ સાથે ક્રોધપૂર્વક સંગ્રામ ખેલ્યો અને બીજા મહારથીઓ પણ પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. શત્રુના બાણરૂપી ખીલાથી ધનુષ્ય પર રહેલ હસ્ત મૂળમાંથી સ્થિર કરી દેવાથી પ્રહાર કરતો કોઇએક રથી આનંદ પામ્યો. સારથી હણાવા છતાં પોતાના પગના અગ્રભાગથી પકડી રાખેલ છે લગામ જેણે એવા કોઇએક રથીએ શત્રુ સાથે યુદ્ધ કર્યું અને અશ્વોને પણ હાંકયા. શત્રુના બાણથી ડાબા હાથે ઘાયલ થવા છતાં કોઇએક રથિકે ધ્વજના દંડની સાથે ધનુષ્ય બાંધીને આક્રોશપૂર્વક બાણો ફેંકયા. કોઇએક રથીના પોતાના

પ્રાણોથી પણ અધિક અને શત્રુનો નાશ કરનાર બાણો જેમ દ્વેષરૂપી ખડ્ગથી સર્પો નાશ પામે તેમ ભેદાઈ ગયા, અર્થાત્ શત્રુના બાણથી છિન્નભિન્ન થઈ ગયા. હણવાને માટે ઊઠેલો અને અર્ધે રસ્તે શત્રુવડે મસ્તક કપાઈ ગયેલ કોઇએક રથી પુરુષે શત્રુના રથ પ્રત્યે જઇને દુશ્મનના મસ્તકને ભેદી નાખ્યું. યુધ્ધમાં રથ વગરનો તેમજ શસ્ત્ર વગરનો બનેલ તેમજ પોતાના ભાંગી ગયેલા રથના ચક્રને લઇને તેનો શસ્ત્ર તરીકે ઉપયોગ કરતો કોઇએક સુભટ ચક્રવર્તીની માફક શોભવા લાગ્યો. કૌતુકપૂર્વક કોઇએક શત્રુવડે બાણોદ્વારા રથનું જોતરું કપાઈ જવાથી રથમાં બેઠેલા રથીએ બળપૂર્વક ધનુષ્ય ખેંચવાથી, વજન વધી જવાના કારણે રથ ઊંચો થઇ ગયો (ઉછળી ગયો).

આ બાજુ કૃષ્ણના જળરૂપી સાગરને વિષે ચંદ્ર સમાન **સાત્યકીએ ભુરિશ્રવા** નામના રાજાને ગળે જોતર બાંધીને જીતી લીધો. મૂર્ત્તિમાન ક્રોધ સરખા તેમજ પરસ્પર એક બીજાને અટકાવતા અનાધૃષ્ટિ અને હિરણ્યનાભ યુદ્ધ કરવા લાગ્યા. ખડ્ગ તથા ઢાલને ધારણ કરતા તેમજ પરાક્રમી તે બંને રથનો ત્યાગ કરીને ક્રોધપૂર્વક સામ–સામા દોડ્યા. સર્પની માફક આગળ વધતા અનાધૃષ્ટિના ખડ્ગથી હિરણ્યનાભના પ્રાણરૂપી પવનની સાથોસાથ કીર્તિરૂપી દૂધનું પાન કરાયું અર્થાત્ હિરણ્યનાભ મરાયો. આ સમયે યુદ્ધને વિષે ઊડેલી ધૂળથી વ્યાપ્ત બનવાને કારણે સૂર્ય શીઘ્ર સ્નાન કરવાને માટે પશ્ચિમ મહાસાગરમાં ગયો અર્થાત્ સૂર્યાસ્ત થયો ત્યારે કલ્પાંત (ક્ષય) કરવામાં અટકી ગયેલ પૂર્વ અને પશ્ચિમ મહાસાગર સરખા તે બંને સેનાના સૈનિકો સાયંકાળે પોતપોતાના સ્થાને ગયા. બંને વ્યૂહના યુધ્ધતત્પર સૈનિકોએ ચાર પ્રહરવાળી રાત્રિને ચાર યુગ જેવડી માની અર્થાત્ વીર સુભટોને યુધ્ધ વિના રાત્રિ વીતાવવી મુશ્કેલ થઈ પડી.

યુધ્ધમાં વહેતા રુધિરની સરિતાથી રક્તવર્ણા બનેલા સમુદ્રમાંથી જ જાણે પ્રગટયો હોય તેમ, ક્રોધે ભરાયેલા સ્ત્રીના નેત્રના ખૂણા સમાન રક્તવર્ણો સૂર્ય ઉદય પામ્યો. જરાસંધ તથા કૃષ્ણના રણોત્સુક સૈનિકો પોતપોતાનો વ્યૂહ રચીને ગર્જના કરવા લાગ્યા. જરાસંધથી સેનાપતિ તરીકે અભિષેક કરાયેલ **શિશુપાલ** પોતાનું અશ્વસન્ય તૈયાર કરીને શત્રુ સૈન્ય તરફ ચાલ્યો. આ બાજુ પર્વત જેમ નદીના પુરને રોકે તેમ પોતાની સન્મુખ અશ્વસેનાને સ્થાપન કરતાં અનાધૃષ્ટિએ શઠ એવા શિશુપાલને આગળ વધતો અટકાવ્યો. વીરપુરુષોએ ખડ્ગ, ગદા, ભાલુ અને મુદ્ગરને ઉપાડી–ઉપાડીને યુદ્ધ શરૂ કર્યું તેમજ અશ્વો હેષારવ કરવા લાગ્યા. લટકેલા પાઘડાની સાથે બાંધેલ ચામડાની પટીને લેવાને ઉદ્યત થયેલા અને પડી ગયેલ પોતાના સવારને કોઈએક અશ્વે પોતાની પીઠ પર ચડાવી લીધો. છેદાઇ ગયેલા આગળના બે પગ અને મુખવાળા કોઇએક દોડતા અશ્વે પોતાના પાછલા બે ચરણદ્વારા પોતાના સવારને યુદ્ધભૂમિમાંથી બહાર ખેંચી લીધો. શત્રુઓના પ્રહારોથી બહાર નીકળી ગયેલ આંતરડાઓને પોતાની ખરીના અગ્રભાગથી તોડી નાખતો કોઇએક અશ્વ પોતાના સવારના મનની સાથોસાથ યુદ્ધક્ષેત્રમાં દોડવા લાગ્યાં. શત્રુઓથી કપાયેલ મસ્તકવાળા કોઇએક અશ્વ અને તેનો સવાર, જાણે સ્પર્ધાને લીધે જ હોય તેમ અશ્વ દોડવામાં તેમજ ઘોડેસવાર ઘા કરવામાં અટકયા નહીં. વળી કોઇએક અશ્વે પોતાની સમક્ષ રહેલા સવારયુક્ત અશ્વોને પોતાની છાતીપ્રદેશથી

હણીને નીચે પાડી દીધા, અને સાથોસાથ પોતાના સ્વામીને યુધ્ધ કરવાની આવશ્યકતા રહેવા દીધી નહીં. પાઘડામાં પગ નહીં રહેવાને કારણે અશ્વ પરથી નીચે પડેલા અને અધોમુખવાળા કોઈ એક બે ઘોડેસવારો પરસ્પરના કેશ ખેંચવારૂપી શસ્ત્રવડે યુધ્ધ કરવા લાગ્યા. તે સમયે બલરામના નાના ભાઈ શારણકુમારે જરાસંધના યુવરાજ મહાપરાક્રમી જવનકુમારને યુદ્ધમાં હણી નાખ્યો; એટલે પોતાના પુત્રના વધથી ક્રોધે ભરાયેલા જરાસંધે ગરુડ વ્યૂહના ચરણના નખરૂપ બનેલા બલરામના દશ પુત્રોને હણી નાખ્યા.

બાદ કૃષ્ણે પણ, જેમ કુંભાર ચક્ર પર ચડેલા પીંડાને દોરાથી કાપી નાખે તેમ તલવારથી શિશુપાળના મસ્તકને કાપી નાખ્યું. વળી પોતાના પુત્રોનો વધ થવાથી ક્રોધે ભરાએલા બલરામે પણ પોતાના મુશળથી જરાસંધના અઠ્ઠાવીશ પુત્રોને હણી નાખ્યા. એટલે પોતાના પુત્રોના વધથી ક્રોધાંધ બનેલ જરાસંધથી ગદાવડે પ્રહાર કરાએલ અને રુધિરનું વમન કરતાં બલરામ પૃથ્વી પર પડી ગયા. ભાઇના પરાભવને લીધે અત્યંત ક્રોધી બનવાથી દુર્ધર બનેલા કૃષ્ણે જરાસંધના ૬૯ પુત્રોને હણી નાખ્યા. બાદ જેમ સિંહ અષ્ટાપદ પશુ પ્રત્યે જાય તેમ દુશ્મન પ્રત્યેના ક્રોધથી બળતો જરાસંધ કૃષ્ણ તરફ ગયો.

જરાસંધની બાણવૃષ્ટિથી પરાભવ પામેલ યાદવ સૈન્યમાં ' હરિ હણાયો ' એવા પ્રકારનો ઘોષ પ્રગટી નીકળ્યો. તે સમયે યાદવકુળને ગભરાએલ જોઇને શ્રી નેમિનાથે યુદ્ધને વિષે પોતાનો રથ માતલિદ્વારા ચારે બાજુ ફેરવાવ્યો અને જેમ સૂર્ય પોતાના કિરણોદ્વારા નક્ષત્ર સમૂહને આવરી લે તેમ પોતાના ઇંદ્રધનુષથી છોડેલા બાણોવડે શત્રુસમૂહને ઢાંકી દીધો. વિશ્વની રક્ષા તેમજ ક્ષય કરવામાં સમર્થ શ્રી નેમિનાથ એકલાએ જ અઘાતક ( પ્રાણને નહીં હણનાર ) બાણોવડે લાખ શત્રુરાજાઓને રોકી લીધા. શ્રી નેમિનાથના બાણો દુશ્મનોના મુકુટો ઉપર, ધ્વજના અગ્રભાગ ઉપર, ભાલાઓના અગ્રભાગ ઉપર, રથો ઉપર, ઢાલ ઉપર, અને છત્ર ઉપર પડ્યા. આ પ્રમાણે શ્રી નેમિનાથની સહાયથી ઉત્સાહમાં આવી ગયેલ યાદવ-સમૂહ ઉત્તમ બાણોરૂપી પવનથી પ્રેરાયેલ દાવાનળની માફક પ્રજ્વલી ઉઠયો. તે સમયે ભીમે, હાથીઓ જેમ વનને વિષે સલ્લકી જાતિના વૃક્ષોને ઉખેડી નાખે તેમ, રણભૂમિમાં કૌરવોને શોધી-શોધીને હણી નાખ્યા. જેમ પવન પ્રકાશિત તેમજ તેજસ્વી દીપકને વેગથી બુઝવી નાખે તેમ અત્યંત પરાક્રમી ને તેજસ્વી બળરામે સ્વસ્થ થઇને દુશ્મનોને હણી નાખ્યા.

બાદ તીક્ષ્ણ બુદ્ધિવાળા જરાસંધે, પોતાના પુત્રસમૂહના મૃત્યુ પામવાથી તેમજ પૂર્વે થયેલા કંસના વધના સ્મરણથી ક્રોધપૂર્વક કૃષ્ણને કહ્યું કે-“ અરે કૃષ્ણ ! નહીં લડતા અને મલ્લના યુદ્ધને કૌતુકપૂર્વક નીહાળતાં વીરશિરોમણિ કંસને તેં ખરેખર કપટપૂર્વક હણ્યો છે. રણસંગ્રામ કરવાને ઉદ્યત થયેલા કાલ કુમારે પ્રયાણ કર્યું ત્યારે તો તું શીઘ્ર નાશી જઇને, સમુદ્ર જેની ખાઇરૂપ છે તેવી દ્વારિકા નગરીમાં દાખલ થઇ ગયો. હે દુર્મદ ! કયા દૈવે તને આજે દુર્મતિ આપી છે કે જેથી અમારી દષ્ટિપથમાં તું આવ્યો છો ? તું કહે કે-કંસ તારી કઈ કુક્ષીમાં છે, જેથી તને હું ક્રીડામાત્રમાં હણી નાખું. મારી પુત્રી જીવયશાએ લીધેલ પ્રતિજ્ઞા દીર્ઘકાળે પણ હું પૂર્ણ કરું !”

કૃષ્ણે જરાસંધને ઉદ્દેશીને જણાવ્યું કે–"હે મૂર્ખ ! તું શું બકી રહ્યો છે ? કંસરૂપી હસ્તીને હણવામાં સિંહ સમાન મારી પાસે તું ઘરડા બળદ જેવો છે. કંસ મારી ડાબી કુક્ષીમાં છે, અને જમણી કુક્ષી ખાલી છે. તું તે સ્થાને શીઘ્ર દાખલ થઈ જા જેથી સંતોષ પામેલ હું પૃથ્વીપીઠને વિષે ક્રીડા કર્યા કરું. હમણા જીવયશાની તે પ્રતિજ્ઞાને પણ તું જલ્દી પૂર્ણ કર જેથી તારી સ્ત્રીઓની સાથે તે પણ અગ્નિમાં બળી મરે."

આ પ્રમાણે કૃષ્ણના વચનો સાંભળીને રોષયુક્ત બનેલ જરાસંધે બાણો ફેંકવા શરૂ કર્યાં અને જેમ મેઘ આકાશમાં રહેલા સૂર્યના કિરણોને છેદી નાખે તેમ કૃષ્ણના બાણોએ તેના બાણોને તોડી નાખ્યા. મેઘની માફક ગર્જના કરતા અને પરસ્પર તિરસ્કાર કરતાં તે બંને તેજને લીલે પીતવર્ણા બનેલા બે હસ્તીઓની માફક ક્રોધપૂર્વક લડવા લાગ્યા. તેઓ બંનેએ ફેંકેલા બાણોએ આકાશપ્રદેશમાં એક મંડપ રચી દીધો, જેથી દેવીઓનું યુદ્ધ જોવા સંબંધી કૌતુક પૂર્ણ ન થયું. બીજા શસ્ત્રદ્વારા કૃષ્ણને અજેય જાણતા જરાસંધે પોતાના બાણમાં **અગ્ન્યસ્ત્રનું** આરોપણ કર્યું. તે સમયે જાજવલ્યમાન, ધૂમરૂપી શિખાવાળો અગ્નિ શત્રુઓને બાળી નાખવાને જાણે પ્રતિજ્ઞા કરી હોય તેમ છૂટી મૂકેલ ચોટલી(શિખા)વાળા વીરપુરુષની જેવો બન્યો અર્થાત્ અગ્ન્યસ્ત્રે હાહાકાર મચાવી મૂકયો. પોતાના સૈન્યને બાળતા અગ્નિની જ્વાળાથી ગભરાએલ જોઈને મહાપરાક્રમી કૃષ્ણે તેની સામે **મેઘાસ્ત્ર** ફેંકયું; એટલે પોતાના સૈન્યને બાળતા અગ્નિને એકને જ નહીં પરન્તુ જરાસંધના તેજને પણ તે મેઘધારાઓએ શાંત કરી દીધું. બાદ ઈંદ્ર ધનુષને ધારણ કરનાર, નીલ કાંતિવાળા તેમજ તાપ રહિત શ્રી **નેમિનાથે** પોતાની બાણોની વૃષ્ટિદ્વારા શત્રુસૈન્યને ઝકડી લીધું હતું તેમ ઈંદ્ર ધનુષ્યવાળા, નીલકાંતિવાળા તેમજ તાપ રહિત મેઘે પણ પોતાની વૃષ્ટિદ્વારા જરાસંધના સૈન્યને ઝકડી લીધું.

મેઘવૃષ્ટિથી આકુળવ્યાકુળ બનેલા પોતાના સૈન્યને જોતા જરાસંધે પોતાના યશની મલિનતાને ઉડાડી મૂકવાને માટે **વાયવાસ્ત્ર** (પવનાસ્ત્ર) મૂકયું ત્યારે પવનદ્વારા મેઘવ્યાપ્ત આકાશ શીઘ્ર નાશ પામી ગયું અર્થાત્ મેઘવૃષ્ટિ અદૃશ્ય થઇ ગઇ. અને જરાસંધનો પ્રતાપરૂપી સૂર્ય દુસહ્ય બની ગયો–અર્થાત્ જરાસંધના વાયવાસ્ત્ર સામે ટકવું મુશ્કેલ થઈ પડયું. પોતાના સૈન્યમાં સંકોચપણાને પ્રગટાવતા ઝંઝાવાત સરખા વાયુના ઉપદ્રવને કૃષ્ણે **નાગાસ્ત્ર**દ્વારા દૂર કર્યો. જરાસંધના યશરૂપી દૂધને તેમજ વાયુને પી જઇને તેના પ્રતાપરૂપી દીપકને સર્પોએ શાંત કરી દીધો અર્થાત્ પવનાસ્ત્રની અસરને નાબૂદ કરી સર્પની ફેણના પ્રહારથો ભયભીત બનેલી પોતાની સેનાને જોઇને જરાસંધે પ્રબળ ને ધૈર્યવાન **ગરુડાસ્ત્ર** મૂકયું એટલે મેરુપર્વતના વંશમાં ઉત્પન્ન થયેલા પર્વતોની માફક વિશાળ પાંખ-વાળા, ગર્વીષ્ઠ લાખો ગરુડોએ આકાશને ભરી દીધું. ગરુડોએ સર્પાસ્ત્રને નિષ્ફળ બનાવ્યું ત્યારે તેજસ્વી કૃષ્ણે યુદ્ધભૂમિમાં **તિમિરાસ્ત્ર** (અંધકાર–તામસાસ્ત્ર) ફેંકયું. વિશ્વના (પ્રાણીના) નેત્રોને બંદીવાન કરનાર (આવરી લેનાર) અંધકારે સૂર્યમંડળને ઢાંકી દીધું, અર્થાત્ સર્વત્ર અંધકાર પ્રસરી ગયો. અંધકારને કારણે નહી જોઈ શકવાને લીધે જરાસંધના સુભટો દુશ્મનરૂપ બનેલા, વળી ગયેલા તેમજ સ્ખલના પામતા પોતાના અંગોથી જ બંધાઇ જવા લાગ્યા. આ પ્રમાણે પોતાના સૈન્યની સ્થિતિ થવાથી પ્રખર શત્રુત્વ (દુશ્મનાવટ) ધરાવતા

જરાસંઘે **વૈરોચન** (સૂર્યાસ્ત્ર) નામનું અસ્ત્ર ફેંક્યું; જેથી તેના પ્રતાપ સરખા સૂર્ય–કિરણોથી આકાશ ઝળહળી ઊઠ્યું. આ પ્રમાણે વૈરોચન અસ્ત્રના તાપથી આક્રાંત બનેલા કૃષ્ણના લશ્કરનાં અશ્વો, રથીઓ તેમજ પાયદળ સૈનિકો હાથીઓના પગ નીચે ચાલ્યા ગયા, પણ હાથીઓ ક્યાં જાય? પછી કૃષ્ણે **રાહવીયાસ્ત્ર** મૂક્યું એટલે આકાશપથમાં પોતાના કિરણોથી નૃત્ય કરતાં સેંકડો રાહુ વિચરવા લાગ્યા અને ક્ષણ માત્રમાં જેમ પક્ષીઓ વૃક્ષના ફળને ગળી જાય તેમ આકાશરૂપી વૃક્ષના ફળ સરખા હજારો સૂર્યમંડળોને રાહુઓ ગળી જવા લાગ્યા. આ પ્રમાણે ગળી જવાએલ સૂર્યમંડળથી પણ જાણે અતૃપ્ત બન્યા હોય તેમ તે રાહુઓ ચંદ્રની ભ્રાંતિથી (ચંદ્ર માનીને) શત્રુ સુભટોના મુખ પ્રત્યે દોડ્યા. ક્રીડા માત્રમાં સમસ્ત અસ્ત્રોને નિષ્ફળ બનાવતા તેમજ પોતાની સેનાને વિહ્વળ બનાવતા રાહુઓ પ્રત્યે જરાસંધ પ્રતિવાસુદેવે ક્રોધપૂર્વક પોતાનું ચક્ર ફેંક્યું, એટલે પુષ્કળ રાહુઓનો નાશ કરીને સૂર્યના જેવા હજાર કિરણોવાળું તે ચક્ર કૃષ્ણ તરફ ચાલ્યું. તે સમયે યાદવોએ એકત્ર થઈને તે ચક્ર પ્રત્યે છોડેલા સમસ્ત શસ્ત્રોને, દાવાનલના અગ્નિની જેમ ભસ્મીભૂત કરતું ચક્ર કૃષ્ણ પ્રત્યે આવી પહોંચ્યું. સૂર્યના જેવું પ્રખર તે ચક્ર પોતાની નજીક આવી પહોંચવા છતાં, કૃષ્ણનું મુખરૂપી ચંદ્ર લેશ માત્ર કાંતિહીન (ઝાંખું) બન્યું નહીં (ચંદ્ર પાસે સૂર્ય આવે ત્યારે સૂર્યની પ્રભામાં ચંદ્ર અદૃશ્ય બની જતાં ચંદ્ર જોવાય નહીં છતાં અહીં સૂર્ય સરખું ચક્ર કૃષ્ણના મુખ પાસે આવી પહોંચવા છતાં કૃષ્ણના મુખરૂપી ચંદ્રે પોતાની કાંતિ ત્યજી નહીં. કવિએ આ કાવ્ય–ચમત્કાર દર્શાવ્યો છે.)

યાદવસેનાના મહાધ્વનિથી, પરમાર્થને જાણવા છતાં પણ કુળદેવતાઓ અંતઃકરણમાં વ્યાકુળ બની ગયા. તે સમયે ક્રોધી સ્ત્રીએ ફેંકેલા કુંડલની માફક કંઈક કષ્ટ આપતા ચક્રે, પોતાની નાભિના પ્રદેશથી કૃષ્ણની છાતીને સ્પર્શ કર્યો. જેવામાં જરાસંધ કૃષ્ણના મસ્તકના છેદનને જોવાને આતુર બન્યો તેવામાં આકાશમાં સૂર્યની માફક પ્રકાશતા તે ચક્રને કૃષ્ણે પોતાના હાથમાં રહેલું જોયું.

'આ નવમા વાસુદેવ થયા છે' એ પ્રમાણે બોલતા દેવસમૂહે કૃષ્ણ ઉપર સુગંધી જળ તેમજ પુષ્પની વૃષ્ટિ કરી. જેમ પૂર્વ મહાસાગર પોતાના કલ્લોલોને વિષે સૂર્યને ધારણ કરે તેમ હસ્તમાં ચક્રને ધારણ કરતાં દયાળુ કૃષ્ણે જરાસંધને આ પ્રમાણે કહ્યું કે—"હે ભાઈ જરાસંધ! મારા ચરણકમળમાં જીવિત પર્યંત ભ્રમરરૂપ બનીને પુષ્કળ લક્ષ્મીને ભોગવ અને તારા જીવિતને ધારણ કર." એટલે જરાસંધે કહ્યું કે—"હે કૃષ્ણ! છત્રને ધારણ કરનારની માફક મારાથી ફેંકાયેલ ચક્રને ધારણ કરીને તું ફોગટ ગર્વીષ્ઠ ન બન, તો તું હવે મારા પ્રત્યે તે ચક્ર બળપૂર્વક ફેંક. મારું તે ચક્ર મને હણશે નહીં."

બાદ કૃષ્ણે ફેંકેલા અને પોતાના અગ્નિકણિયાઓથી દિશાઓને તેજસ્વી બનાવતા તે ચક્રે જરાસંધના મસ્તકને કાપી નાખ્યું. પોતાના કર્મોને લીધે જરાસંધ મરીને ચોથી નરકમાં ગયો અને જયથી પ્રકાશિત બનેલ કૃષ્ણ, વસુદેવના આગમનની (પ્રતીક્ષા) રાહ જોવા લાગ્યો.

જરાસંધનો વધ થયાનું સાંભળીને તેને આધીન બનેલા વિદ્યાધરોએ યુદ્ધ કરવાનું ત્યજી દઈને વાસુદેવનો આશ્રય લીધો. વિવિધ ભેટણાઓને ધારણ કરતાં શ્રેષ્ઠ વિદ્યાધરોની સાથે વસુદેવ, સાંબ અને પ્રદ્યુમ્ન યુક્ત કૃષ્ણ પાસે આવી પહોંચ્યા. બાદ તુષ્ટ થયેલ અને અતુલ બળશાળી કૃષ્ણે વિદ્યાધર તેમજ મનુષ્યોની સાથે ત્રણ ખંડ પૃથ્વીને સાધી લીધી.

આ પ્રમાણે અર્ધ ભરતક્ષેત્રને સાધી લઇને દ્વારિકા નગરીમાં દાખલ થયેલા તેમનો ઘણા રાજાઓવડે અભિષેક મહોત્સવ કરાયો. બાદ કૃષ્ણે સંબંધીજનોને, સેવકોને તેમજ મિત્રોને ઉચિત રાજ્ય-ભાગ વહેંચી આપ્યો. આવી રીતે સંપૂર્ણ ઉપસર્ગો, કષ્ટ અને યુદ્ધને નષ્ટ કરનાર કૃષ્ણે પૃથ્વીને ન્યાયધર્મદ્વારા સુખી બનાવી.

સમુદ્રને વિષે આ દ્વારિકા નગરી ન્યાય ધર્મરૂપી મકરંદ રસવાળા કમળની લક્ષ્મીને (શોભાને) ધારણ કરે છે; અને તેથી જ તે નગરીને વિષે ચંદ્રની કાંતિ કરતાં પણ અત્યંત ઉજ્જવલ પોતાના ચરિત્રોથી, કંસનો વધ કરનાર કૃષ્ણરૂપી હંસ વિચરી રહ્યો છે.

× × ×

હે વસ્તુપાલ! આ સમસ્ત જગતને વિષે પ્રસરેલી તમારી કીર્તિની તેજસ્વીતાથી, સ્વર્ગલોકના માળીઓનું મુખ ઐરાવણ હસ્તીના જેવું ઉજ્જવળ હોવા છતાં પણ શ્યામ બન્યું છે; કારણ કે તમારી કીર્તિની સુવાસના મદને લીધે દેવસમૂહ કલ્પવૃક્ષો પ્રત્યે મંદ આદરવાળો બન્યો, જેથી તે માળીયો, પોતાનો ધંધો નષ્ટ થવાને કારણે દરિદ્રી બનીને રહ્યા છે અર્થાત્ કલ્પવૃક્ષ કરતાં પણ હે વસ્તુપાલ! તમે મહાદાનેશ્વરી છે.



# સર્ગ ચૌદમો

## શ્રી નેમિનાથ નિર્વાણ

[સર્ગસારાંશ–શ્રી નેમિનાથનું કૃષ્ણની આયુધશાળામાં ગમન–પાંચજન્ય શંખનું ફુંકવું–કૃષ્ણનો ગભરાટ–કૃષ્ણ ને નેમિનાથની બળપરીક્ષામાં કૃષ્ણનું પરાજિત થવું–નેમિનાથને પરણાવવાનો કૃષ્ણનો પ્રયાસ ને ઉદ્યાનક્રીડા–ઉગ્રસેન રાજાની પુત્રી રાજીમતી સાથે કરેલ વેવિશાળ–પરમાત્માનું વિવાહ નિમિત્તે પ્રયાણ–રાજીમતીને પ્રગટેલ અપૂર્વ આનંદ–માર્ગમાં વિવાહ નિમિત્તે પૂરવામાં આવેલ પશુઓનો પોકાર ને શ્રી નેમિનાથનું વિવાહ કાર્ય વિના પાછા ફરી જવું–રાજીમતીનો વિલાપ–પરમાત્માની દીક્ષા–દેવકીના છએ પુત્રોની પણ દીક્ષા–ગજસુકુમાલનો વૃત્તાંત–કૃષ્ણની પત્નીઓ તેમજ રાજીમતી વિ. ની દીક્ષા–સૌધર્મેન્દ્રે કરેલ કૃષ્ણની પ્રશંસા–દેવનું પરીક્ષા નિમિત્તે આગમન–વીર વણકરનું વૃત્તાંત ને દ્રવ્ય વંદન તથા ભાવવંદનનું ફળ– ઢંઢણમુનિનો વૃત્તાંત–સાધ્વી રાજીમતીએ પુનઃ પ્રતિબોધ પમાડેલ રથનેમિ–ભગવંતે જણાવેલ દ્વારિકાના નાશની તેમજ કૃષ્ણના મૃત્યુ સંબંધી હકીકત–દ્વૈપાયન દેવે દ્વારિકાનો કરેલ નાશ–જરાકુમારથી થયેલ કૃષ્ણનું મૃત્યુ–બળદેવની દીક્ષા–શ્રી નેમિનાથ ભગવંતનું રૈવતાચલ પર થયેલ નિર્વાણ]

આ બાજુ ક્રીડા કરતાં શિવાદેવીના પુત્ર **શ્રી નેમિનાથ** કૃષ્ણની આયુધશાળામાં ગયા અને પ્રતિહારીએ નિષેધ કરવા છતાં કૃષ્ણના **પાંચજન્ય** શંખને હાથમાં લીધો. પોતાના મુખરૂપી કમળને વિષે હંસ સરખું આચરણ કરતાં શંખને ગ્રહણ કરીને મહાધ્વનિથી જગતને બધિર કરતાં શ્રી નેમિનાથે તેને ફુંક્યો. તે સમયે 'પોતાના પુત્રરૂપ શંખનું વિશ્વના

સ્વામી શ્રી નેમિનાથે હર્ષપૂર્વક ચુંબન કર્યું (વગાડયો) તેથી સાગર, તે મહાધ્વનિને લીધે વિસ્તરેલા તરંગોરૂપી હસ્તોથી નાચવા લાગ્યો.

'મારા કરતાં અધિક પરાક્રમી કઇ વ્યક્તિએ શંખ વગાડયો ?' એમ વિચારતાં કૃષ્ણને આયુધશાળાના રક્ષકોએ આવીને શ્રી નેમિનાથનું તે પરાક્રમ જણાવ્યું. તેવામાં પોતાની સન્મુખ આવી પહોંચેલા શ્રી નેમિનાથને હર્ષાન્વિત થયેલા કૃષ્ણે કહ્યું કે-"હે ભાઇ! યુદ્ધ-દ્વારા તમે મને તમારું ભુજબળ બતાવો." ત્યારે પરમાત્માએ જણાવ્યું કે-"રણસંગ્રામ કરવો યોગ્ય નથી. બાહુરૂપી લતાને નમાવવાવડે આપણે બળની પરીક્ષા કરીએ." કૃષ્ણે તે કથન સ્વીકારીને પોતાની અતિવિશાળ ભુજાને લંબાવી ત્યારે શ્રી નેમિનાથે કૃષ્ણની વજ્રના આગળિયા સરખી ભુજાને કમળના દાંડલાની જેમ નીચે વાળી દીધી. બાદ શ્રી નેમિનાથે પોતાનો હસ્ત લાંબો કર્યો ત્યારે કૃષ્ણે પોતાના બંને બાહુથી જેમ કૂદેલો વાનર વૃક્ષની ડાળીને વળગી રહે તેમ લટકી રહ્યો અર્થાત્ તે શ્રી નેમિનાથની ભુજાને નમાવી શકયો નહીં.

બાદ શ્રી નેમિનાથની ભુજાને નમાવવાને અશક્ત બનેલા કૃષ્ણે તેમને કહ્યું કે—"મેં તમારા બાહુબલને અંગે જ મહાભિમાની શત્રુઓને જીતેલ છે." બાદ "આવા પ્રકારનાં અતુલ બળવાળા શ્રી નેમિનાથ મારું રાજ્ય ગ્રહણ કરશે." એમ વિચારતાં કૃષ્ણને કુળદેવીએ જણાવ્યું કે—"પૂર્વે શ્રી નમિનાથ તીર્થંકરે જણાવ્યું હતું કે—શ્રી નેમિનાથ નામના બાવીશમા તીર્થંકર થશે, જે કુમારાવસ્થામાં જ વ્રત ગ્રહણ કરશે; માટે તું ભયભીત બન નહીં." કુળદેવીનું આ વચન સ્વીકારીને કૃષ્ણે તેમજ બલરામે પરમાત્માનું અત્યંત સન્માન કર્યું. વિકાર રહિત મનવાળા પરમાત્મા યુવાવસ્થામાં આવવા છતાં બાળકની માફક કૃષ્ણ તેમજ બલરામના અંતઃપુરમાં કોઇપણથી નહીં અટકાવાતા ક્રીડા કરવા લાગ્યા.

**વસંત**ઋતુમાં કૃષ્ણ અંતઃપુર તેમજ નાગરિક લોકોથી યુક્ત બનીને પરમાત્માની સાથે રૈવતાચલ(ગિરનાર)ના ઉદ્યાનમાં ગયા. તે સમયે પુષ્પની માળાઓદ્વારા બદલો લેવા છતાં પણ અવિકારી મનવાળા શ્રી નેમિનાથ કૃષ્ણ યુક્ત સ્ત્રીઓની સાથે ક્રીડા કરવા લાગ્યા. આ પ્રમાણે રાત્રિ-દિવસ ક્રીડા કરીને કૃષ્ણ શ્રી નેમિનાથ સાથે ફરી દ્વારિકા નગરીમાં આવ્યા. જગતને વિષે અદ્દભુત ઋતુઓના રાજા વસંતને જીતીને પ્રચંડ સૂર્યને લીધે તેજસ્વી **ગ્રીષ્મ** ઋતુ આવી પહોંચી. ગ્રીષ્મઋતુના મૂર્તિમાન યશ સરખા ચંદન રસ તેમજ ઉજ્જવળ વસ્ત્રોથી પ્રાણીઓ શોભવા લાગ્યા. સૂર્યના કિરણોવડે નદી તેમજ નદોનું સર્વસ્વ (જળ) હરણ કરવાને લીધે સાગર વૃદ્ધિ પામ્યો. ખરેખર સાગરના આ વર્તનને ધિક્કાર હો! તે સમયે શત્રુ સરખા સૂર્યના મહાન્ પ્રતાપને જોઈને ભયભીત બનેલ **શીતઋતુ**ઓ 'કૂવાઓમાં ઠંડું જળ છે' એમ વિચારીને તેમાં પડી. ઘામને દૂર કરનાર પવનની ઈચ્છાથી આકાશ પણ વિસ્તૃત બન્યું તેમ હું (કવિ) માનું છું અને તેમ થવાથી સૂર્ય લાંબા સમયે તે આકાશને ઓળંગતો હોવાથી દિવસો દીર્ઘ બને છે.

તે ગ્રીષ્મ ઋતુમાં રસિક કૃષ્ણ શ્રી નેમિનાથની સાથે પોતાના અંતઃપુર યુક્ત રૈવતાચલના ઉદ્યાનમાં રહેલ સરોવર ઉપર ક્રીડા કરવા ગયા. ત્યાં જેમ ચંદ્રિકાપૂર્ણ આકાશમાં તારાઓ

સાથે ચંદ્ર શોભે તેમ કૃષ્ણુ નિર્મળ જળવાળા તે સરોવરમાં પોતાની રાણીઓ સાથે શોભવા લાગ્યો. ઉજ્જવળ અંગવાળી સ્ત્રીઓ સાથે ક્રીડાપૂર્વક ખેલતાં કૃષ્ણુ ને શ્રી નેમિનાથ મનોહર ચંપકમાળાઓને વિષે બે ભ્રમર સરખા શોભવા લાગ્યા. સ્ત્રીઓના નિતંબ પ્રદેશથી ઉછળતાં જળવડે ઢંકાયેલ કમળવાળા સરોવરમાં રહેલ ભ્રમરાઓ સ્ત્રીઓના મુખ પર ભમવા લાગ્યા. ઉછળતાં મોજાંઓને વિષે પોતાના સ્તનની પ્રતિકૃતિ જોઇને, કૃષ્ણુની પત્નીઓ, જળહસ્તીના ગંડસ્થળના ભ્રમથી જાણે ભય પામી હોય તેમ કૃષ્ણુને ભેટી પડી. ડોલતાં કમળરૂપી હસ્તવાળા અને જળના ચપળ તરંગો સ્ત્રીઓના સ્તનો પર પડીને નિતરી જવા લાગ્યા. પીચકારી દ્વારા ઉડાડાયેલ પાણીને વારંવાર લૂંછતા હસ્તથી રાગવડે સ્ત્રીઓના નેત્રમાં સંક્રમણુ કરાયું હોય તેમ જણાવા લાગ્યું અર્થાત્ સ્ત્રીઓના નેત્રો રક્ત બની ગયા. સ્ત્રીઓના હસ્તપ્રહારથી સરોવરનું જળ મેઘની માફક ગર્જના કરવા લાગ્યું એટલે નાચી ઉઠેલા મયૂરો ગ્રીષ્મઋતુને વર્ષાઋતુ સમાન ગણુવા લાગ્યા.

બાદ કૃષ્ણુનો ત્યાગ કરીને, માનસિક હર્ષને માટે દિયર શ્રી નેમિનાથ પ્રત્યે મશ્કરી કરવામાં કુશળ કૃષ્ણુપત્નીઓ જળક્રીડા કરવા લાગી એટલે મેઘવૃષ્ટિથી જેમ પર્વત પીડા ન પામે તેમ શ્રી નેમિનાથ તે સ્ત્રીઓના હસ્તથી એકધારા ઉડાડાયેલા જળસમૂહથી ગભરાયા નહીં. પછી સામાના કાર્યનો બદલો લેવામાં હોશિયાર શ્રી નેમિનાથ તેઓની સાથે ચારે બાજુથી જળદ્વારા અદ્ભૂત ક્રીડા કરવા લાગ્યા. આ પ્રમાણે હર્ષપૂર્વક ક્રીડા કરતા શ્રી નેમિનાથને જોઇને કૃતાર્થ દૃષ્ટિવાળા કૃષ્ણુ જળને વિષે લાંબા સમય સુધી ઊભા રહ્યા. બાદ સરોવરમાંથી નીકળી હર્ષિત બનેલ કૃષ્ણુની પત્નીઓ જાણે દેદીપ્યમાન જળદેવીઓ હોય તેમ સરોવરને કાંઠે ઊભી રહી. બાદ હસ્તીની માફક શ્રી નેમિનાથ પણુ સરોવરમાંથી બહાર નીકળીને લતા સરખી તે સ્ત્રીઓદ્વારા વ્યાપ્ત સ્થાનમાં આવી પહોંચ્યા એટલે હર્ષિત બનેલી રુકિમણીએ શ્રી નેમિનાથને સિંહાસન પર બેસાર્યા અને સામાન્ય દાસની માફક તેના અંગને વસ્ત્રવડે લુંછી નાખ્યું. બાદ શ્રી નેમિનાથને રુકિમણીએ મધુર વાણીથી કહ્યું કે—“હે દેવ! ખુશ થયેલ હું દીયર એવા તમને કંઇક કહું છું. કાંતિથી તેમજ પરાક્રમથી તમારા ભાઇ કૃષ્ણુને તમે જીતી લીધા છે, તો હવે લગ્ન કરીને તમે તમારા ભાઈના અંતઃપુરને પણુ જીતી લો; અર્થાત્ તમે અમારા કરતાં પણુ રૂપવાન કન્યા પરણો. શું **ઋષભદેવાદિ** તીર્થંકરો મોક્ષાભિલાષી નહોતા? જેઓએ પરણીને, પુત્રોત્પત્તિ કરીને સંયમ સ્વીકાર્યો હતો. હે કરુણાનિધાન! તો હવે વિવાહ કરીને તમે પિતા, ભાઈ તેમજ મિત્રવર્ગને આનંદ પમાડો. આ ખરેખર દયાનું મહાસ્થાન છે.”

આ પ્રમાણે બોલીને વિવાહ કરવાને માટે આગ્રહવાળી રુકિમણીએ સત્યભામા વિગેરે કૃષ્ણુપત્નીઓની સાથે શ્રી નેમિનાથના બંને ચરણમાં પ્રણામ કર્યા (અર્થાત્ તેમના પગે પડી વિવાહ માટે વિનંતિ કરી). વળી વિવાહ મહોત્સવને માટે પ્રાર્થના કરતા આતુર કૃષ્ણુ પણુ શ્રી નેમિનાથના હસ્તમાં દીન પુરુષની માફક વળગી પડ્યા. વિવાહને માટે આગ્રહવાળા બીજા સર્વ યાદવો શ્રી નેમિનાથની આગળ ચતુર ને કાલીકાલી વાણી બોલવા લાગ્યા અર્થાત્ કાલાવાલા કરવા લાગ્યા. “આ સ્ત્રીઓ તેમજ આ યાદવો મૂઢ છે તો તેઓના આવા પ્રકારના આગ્રહને માટે કાળક્ષેપ કરવાને માટે કંઈક કહેવું યોગ્ય છે. આ સંબંધમાં કોઇપણુ

સમયે હું ઉચ્ચારેલ વચનનો તો ભંગ કરી શકીશ" આ પ્રમાણે વિચારીને શ્રી નેમિનાથે ૐ એવો શબ્દોચ્ચાર કર્યો અને તેઓ સર્વને ખુશ કર્યા. (ૐ એટલે સ્વીકાર) આ શુભ સમાચાર કહેનાર પુરુષને આપવાને માટે અનહદ આનંદવાળા **શિવાદેવી ને સમુદ્રવિજયે** રાજ્યને વિષે કોઇપણ વસ્તુ જોઈ નહીં અર્થાત્ તેઓને એટલો બધો હર્ષ થયો કે તેના અતિરેકમાં વધામણી લાવનારને શું આપવું તેનો નિર્ણય ન થઈ શકયો (અર્થાત્ સમગ્ર રાજ્ય તેને આપી દઇએ તો પણ ઓછું છે એમ તેઓ બંનેને જણાયું.) પોતાના બંધુ શ્રી નેમિનાથને યોગ્ય કન્યાની તપાસ કરતાં કૃષ્ણને સત્યભામાએ કહ્યું કે—"મારી બેન રાજીમતી હજુ કુંવારી છે." એટલે રાજીમતીને યાદ કરીને, પ્રપુલ્લ બનીને યાદવો તેમજ બલરામની સાથે કૃષ્ણ, જેમ સૂર્ય આકાશપ્રદેશમાં આવે તેમ ઉગ્રસેનના મહેલે આવ્યા.

અત્યંત આદરભાવવાળા ઉગ્રસેને સામે જઇને, કૃષ્ણને સિંહાસન પર બેસારીને, તેમનો હુકમ સાંભળવાની ઈચ્છાથી સન્મુખ ઊભા રહ્યા. એટલે શ્રી નેમિનાથને માટે કૃષ્ણથી રાજીમતીની માગણી કરાઈ એટલે ઉગ્રસેને તે માગણી મંજૂર રાખીને હર્ષપૂર્વક કૃષ્ણનું સન્માન કર્યું. પછી કૃષ્ણથી પ્રાર્થના કરાયેલ સમુદ્રવિજયે ક્રોષ્ટુકીને નજીકમાં આવતાં લગ્ન સંબંધી પૃચ્છા કરી. ક્રોષ્ટુકીએ શ્રાવણ શુદિ છઠ્ઠનો લગ્નદિવસ જણાવવાથી ઉગ્રસેન તેમજ સમુદ્રવિજય રાજા તે માટે તૈયારી કરવા લાગ્યા.

લગ્નનો દિવસ નજીક આવ્યો ત્યારે ઉચ્ચસ્વરથી મનોહર ગીત ગાતી યાદવ સ્ત્રીઓએ શ્રી નેમિનાથને પૂર્વદિશા સન્મુખ બેસાર્યા. બાદ બલરામ ને કૃષ્ણે પણ હર્ષપૂર્વક બાણ ધારણ કરનાર તેમજ મીંઢોળ બાંધેલ શ્રી નેમિનાથને સ્નાન કરાવ્યું. પછી કૃષ્ણ ઉગ્રસેનના મહેલે ગયા અને પોતે જ તથાપ્રકારની વિધિથી રાજીમતીને તૈયાર કરી. પછી પોતાના મહેલે આવીને, તે રાત્રિ વ્યતીત કરીને પ્રભુને વિવાહને માટે તૈયાર કર્યા. લોકોની દૃષ્ટિરૂપી કુમુદને વિકસિત કરનાર ચંદ્ર સરખા, શ્વેત વસ્ત્રાભરણને ધારણ કરનાર, શ્વેત અશ્વવાળા રથ પર આરૂઢ થયેલા, વાજિંત્રોના ધ્વનિથી ઇંદ્રાણીઓને આહ્વાન કરતા, ભાટ ચારણોના મુખથી બોલાતા સુંદર શ્લોકોદ્વારા આકાશને ભરી દેતા, હર્ષ પામેલી ભાભીઓથી ગુણગ્રામ (ગીત) ગવાતા, બહેનોના સમૂહથી અત્યંત લૂણ ઉતારાતા, તેમજ સમગ્ર યાદવો અને યાદવનારીઓની સાથે પરમાત્મા શ્રી નેમિનાથ ઉગ્રસેનના મહેલ નજીક આવી પહોંચ્યા.

અભિપ્રાયને જાણનારી સખીઓથી પ્રેરાયેલી રાજીમતી શ્રી નેમિનાથને જોવાની ઇચ્છાથી ઝરુખામાં આવી પહોંચી. વિશ્વની મલિનતાને છિન્નભિન્ન કરનાર શ્રી નેમિનાથ આવ્યા ત્યારે જાણે ભયને લીધે જ હોય તેમ તેણીના મુખરૂપી ચંદ્રના કલંકને વેણીરૂપે પાછળ ધારણ કરતી, સેંથાની વચ્ચે અદ્ભુત સૌંદર્યરૂપી સાગરમાંથી પ્રગટેલ કલંક રહિત નવીન ચંદ્ર સરખા મોતીઓના ઝુમખાઓને ધારણ કરતી, કામદેવરૂપી હસ્તીને બાંધવામાં મણિસ્તંભ સરખા ભાલપ્રદેશમાં રહેલા કેશરના તિલકથી સુશોભિત, રતિ તેમજ પ્રીતિના સ્વામી કામદેવરૂપી આરૂઢ થયેલ નટથી શોભતા અને ભૃકુટીરૂપી દોરડાથી બંધાયેલ નાસિકારૂપી વંશ(વાંસડા)થી શોભતી, અભ્યાસને માટેજ બંને નેત્રથી ફેંકાયેલા અને કર્ણના મધ્યભાગ સુધી પહોંચેલા તેમજ

શીઘ્ર પડનારા બાણુ સરખા કટાક્ષોથી શોભતી, વચ્ચે ઊભી કરેલી ભીંત સરખી નાસિકાથી જુદા પડેલા અને મણિઓના જેવા ઝળહળતા તેમજ રતિ અને પ્રીતિના વસવાટને માટે મંદિર સરખા બે ગાલપ્રદેશને ધારણ કરતી, પોતાના મુખરૂપી ચંદ્રથી ચંદ્રના યશનું પાન કરવાને લીધે જ પોતાના હાસ્ય યુક્ત દાંતની કાંતિના બહાનાથી જાણે અધિક ઓડકારો કરતી, પોતાના મનમાં જાણે નહીં સમાતો હોય તેમ શ્રી નેમિનાથ પ્રત્યેના ઉછળતા પ્રેમને (રક્તપણાને) હોઠની કાંતિના બહાનાથી ધારણ કરતી, શંકરથી બાળી નખાયેલ અને ડૂબી ગયેલ કામદેવને નાભિરૂપી સ્થાનમાંથી ખેંચવાને માટે જ જાણે હોય તેમ મુખરૂપી ચંદ્રથી મુકાયેલ રજ્જુ સરખી મોતીની માળાથી શોભતી (ચંદ્ર એ કામદેવનો મિત્ર મનાય છે; મિત્ર મિત્રનો આફતમાંથી ઉધ્ધાર કરે. કામદેવ ડૂબી ગયો હતો તેને ચંદ્રે બહાર કાઢયો તેવો ભાવાર્થ છે.), કામદેવરૂપી દીપકથી પ્રગટેલ કાજળની રેખા સમાન રોમાવલિથી વિભૂષિત કંદોરાને ધારણ કરતી, મણિના ઝાંઝરની ઘુઘરીઓથી કમળોને જાણે તિરસ્કારી કાઢતી હોય તેમ બંને ચરણોદ્વારા આંગળીઓની શ્રેણિથી પૃથ્વીને રક્તવર્ણી બનાવતી, હર્ષરૂપી અમૃતને વર્ષાવવાથી વિકસિત રોમરાજીવાળી, પરણવાને ઉત્સુક અને લોકોથી જોવાતી રાજીમતી ગવાક્ષમાં ચઢી.

વિશ્વને વિષે ઉત્કૃષ્ટ એવા સૌભાગ્ય, ભાગ્ય અને સૌંદર્યરૂપી સંપત્તિનું પાન કરતી તેમજ ઉઘાડી આંખવાળી રાજીમતી દેવીપણાનો અનુભવ કરવા લાગી. વિવાહને માટે ચાલ્યા આવતા શ્રી નેમિનાથને જોઇને તેણી વિચારવા લાગી કે–" આ શ્રી નેમિનાથની સાથે પાણિગ્રહણ કરવામાં શું મારું ભાગ્ય ઉચિત છે ?"

આ બાજુ વિવિધ પ્રકારના પ્રાણીઓના કરુણ શબ્દને સાંભળતાં અને પોતે જાણતા છતાં પણ પરમાત્મા શ્રી નેમિનાથે સારથિને પૂછયું કે–" આ શું ? " ત્યારે સારથિએ જણાવ્યું કે–" હે સ્વામિન્ ! આપનો સત્કાર કરવા માટે ઉગ્રસેન રાજાએ જળ, સ્થળ અને ખેચર (પંખી) પ્રાણીઓને પકડ્યા છે. હે દયાળુ ! તેથી આ વાડામાં પુરાયેલા પ્રાણીઓ બૂમો પાડી રહ્યાં છે; કારણ કે **પ્રાણનો નાશ એ મહાભય છે.** " એટલે શ્રી નેમિનાથે સારથિને કહ્યું કે–" જયાં આ પ્રાણીઓ રહેલા છે ત્યાં આ રથ લઇ જા " અને સારથિ પણ રથને તે સ્થળે લઇ ગયો. જેમ સંતાનોથી પિતા પ્રાર્થના કરાય તેમ વધ્યપણાને પ્રાપ્ત થયેલા તેમજ દીન મુખવાળા પ્રાણીઓએ પોતાની ભાષાદ્વારા " હે સ્વામિન્ ! તમે અમારું રક્ષણ કરો " એ પ્રમાણે કહ્યું. બાદ કરુણારૂપી હાથણી સાથે ક્રીડા કરવામાં કાનન (જંગલ) સરખા શ્રી નેમિનાથે પોતાના સારથિને હુકમ આપીને જલ્દી બધા પ્રાણીઓને છોડાવી મૂકયા. બધા પ્રાણીઓ મુક્ત થયા બાદ દયારૂપી કલ્લોલના સાગર સમાન તેમજ વિશ્વના સ્વામી શ્રી નેમિનાથે પોતાનો રથ પોતાના આવાસ તરફ પાછો વળાવ્યો તેથી શિવાદેવી, સમુદ્રવિજય, કૃષ્ણ ને બલરામ વિગેરે પોતપોતાના વાહનોનો ત્યાગ કરીને શ્રી નેમિનાથની પાસે ગયા.

બાદ અશ્રુપૂર્ણ લોચનવાળા માત–પિતાએ ભગવંતને કહ્યું કે–" હે પુત્ર ! અમોને અરુચિકર એવું આચરણ તેં શા માટે કર્યું ? " એટલે પરમાત્માએ જવાબ આપ્યો કે–" વિશ્વને

પસંદ પડે તેવું આચરણ મેં કર્યું છે, જેથી પશુઓની માફક હું તમને તથા મારી જાતને બંધનથી મુક્ત કરીશ." શ્રી નેમિનાથનું આ કથન સાંભળીને મૂર્ચ્છા પામેલા તેમના માતા-પિતા પૃથ્વી પર ઢળી પડ્યા અને કૃષ્ણે તેઓ બંનેને ચંદનાદિથી મૂર્ચ્છા રહિત બનાવીને શ્રી નેમિનાથને કહ્યું કે-"તમારા આ વિવેકીપણાને ધિક્કાર હો! કારણ કે પશુઓ પ્રત્યે તમે અનુકંપા દર્શાવો છો અને માતા, પિતા, બંધુ અને મિત્રવર્ગને દુભવી રહ્યા છો." ત્યારે પરમાત્માએ જણાવ્યું કે-"હે કૃષ્ણ! તમારું આ કથન વ્યાજબી નથી, હે ભાઇ! મને કરાતા આગ્રહના પરિણામનો તું દીર્ઘ વિચાર કર. કુપથ્યની માફક સાંસારિક સુખ ભોગવટા પૂરતું જ મધુર હોય છે; જ્યારે પ્રિય વૈરાગ્ય કડવા ઔષધની માફક પ્રિયકર (કલ્યાણકારક) બને છે. જગતના પ્રાણીઓનું કલ્યાણ કરવાને માટે મેં વૈરાગ્ય ધારણ કર્યો છે. ખરેખર જે વસ્તુ **પરિણામે હિતકર હોય તે જ પારમાર્થિક હિતકારક છે."**

આ પ્રમાણે જણાવીને સ્વજનવર્ગ રુદન કરી રહ્યો હતો છતાં પણ લગ્ન કરવાને નહીં ઈચ્છતા પ્રભુ પોતાને આવાસે આવી પહોંચ્યા. તે સમયે યોગ્ય સમય જાણીને લોકાંતિક દેવોએ આવીને પરમાત્માને હર્ષપૂર્વક પ્રાર્થના કરી કે-"હે નાથ! તીર્થ પ્રવર્તાવો." બાદ કરુણાના સાગર તેમજ વ્રત ગ્રહણ કરવાના નિશ્ચયવાળા શ્રી નેમિનાથે **સાંવત્સરિકદાન** દેવું શરૂ કર્યું.

સૂર્ય સરખા પરમાત્મા બીજી બાજુ ચાલ્યા જવાથી કમલિનીના સરખી રાજીમતી મૂર્ચ્છા પામી. ચંદ્રિકા જેવા પુષ્કળ ચંદનરસવડે સખીવર્ગથી સિંચાયેલ રાજીમતી કુમુદિનીની માફક જાગૃત બની મૂર્ચ્છા રહિત બની. કપોળભાગ પર પડતાં કાજળયુક્ત અશ્રુજળથી પોતાના મુખરૂપી કમળને ચંદ્ર સરખું બનાવતી રાજીમતી વિલાપ કરવા લાગી કે-"હે દૈવ! જો મારા લલાટમાં (ભાગ્યમાં) શ્રી નેમિનાથ સ્વામી તરીકે લખાયા નહોતા તો આટલા ઉચ્ચ સ્થાને તેં મને શા માટે સ્થાપી? જો શ્રી નેમિનાથ મારા પતિ થવાના નહોતા તો તેં શા માટે તેમને મારી સન્મુખ હાજર કર્યા? નિધિ પ્રાપ્ત થઇને ચાલ્યા જતા શખ્સને જેવું દુઃખ થાય છે તેવું દુઃખ નિધિ(ભંડાર)ને નહીં પ્રાપ્ત કરનારને થતું નથી. (મળીને ચાલ્યું જાય તેના કરતાં તો ન મળે તે જ વધારે સારું છે.) કયાં હું અને કયાં શ્રી નેમિનાથ? એ પ્રમાણે વિચારીને તમારા સ્વામીપણાને માટે મેં ઈચ્છા કરી નહોતી, પરન્તુ હે નાથ! વિવાહને માટે તમારા કથનથી જ હું છેતરાઇ છું. મારા લગ્નના મનોરથરૂપી વૃક્ષને તમે જ ઉગાડ્યો હતો અને હવે હે નાથ! તેને મૂળમાંથી જ ઉખેડી નાખતા આપ કેમ શરમાતા નથી?" આ પ્રમાણે રુદન કરતી રાજીમતીને સખીઓએ કોઇપણ પ્રકારે અટકાવી ત્યારે તેણીએ નિર્ણય કર્યો કે--શ્રી નેમિનાથ જ મારા શરણભૂત થાઓ.

શ્રી નેમિનાથે વાર્ષિકદાન આપવું શરૂ કર્યું અને સમુદ્રવિજય વિગેરેના નેત્રોએ જળદાન આપવું શરૂ કર્યું અર્થાત્ તેઓ રુદન કરવા લાગ્યા. ચોસઠ ઇંદ્રોથી દીક્ષાભિષેક કરાતા શ્રી નેમિનાથ **ઉત્તરકુરુ** નામની શિબિકા પર ચઢ્યા. દેવ, અસુર, માનવ, માતા, પિતા અને સ્વજન વર્ગથી પરિવરેલા પરમાત્મા હર્ષપૂર્વક રાજમાર્ગ પર ચાલી નીકળ્યા. તે સમયે પોતાના

આવાસની સન્મુખ આવેલ અને પ્રસન્ન મુખવાળા શ્રી નેમિનાથને જોઈને વિહ્વળ બનેલ રાજીમતી વારંવાર મૂર્ચ્છા પામવા લાગી.

ભગવંત શ્રી નેમિનાથ વનલક્ષ્મીના એોટલા સમાન **શ્રી રૈવતાચલ** પર્વતવાળા **સહસ્રાવણ** નામના વનમાં આવી પહોંચ્યા અને શ્રાવણ શુદિ છઠ્ઠને દિવસે ચઢતે પહોરે, છઠ્ઠતપવાળા પરમાત્માએ, જન્મથી ત્રણસો વર્ષ પૂર્ણ થતાં, ચંદ્ર ચિત્રા નક્ષત્રમાં આવ્યે છતે, દીક્ષા સ્વીકારી. સૌધર્મેંદ્રે પ્રભુના વાળ (કેશ) ગ્રહણ કરીને, તેમના સ્કંધ પર દેવદૂષ્ય વસ્ત્ર મૂક્યું અને ક્ષીરસાગરમાં તે કેશોને ફેંકીને લોક-ધ્વનિને શાંત કર્યો. બાદ સામાયિક વ્રત ગ્રહણ કરીને શ્રી નેમિનાથે મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત કર્યું; જે સમયે નારકજીવોએ પણ સુખ પ્રાપ્ત કર્યું, શ્રી નેમિનાથની સાથે એક હજાર રાજાઓએ દીક્ષા લીધી. અતિકાંતિવાળા તે રાજાઓથી પરિવરેલ પરમાત્મા સૂર્ય સરખા શોભવા લાગ્યા.

બાદ લોકો નમસ્કાર કરીને ગયા બાદ પરમાત્માએ બીજે દિવસે **વરદત્ત** નામના બ્રાહ્મણને ઘરે ક્ષીરનું પારણું કર્યું. તે સમયે દેવેંદ્રોએ વિધિપૂર્વક મહોત્સવ કર્યો એટલે કર્મને નષ્ટ કરવાને ઉદ્યત થયેલ પરમાત્મા બીજે સ્થળે વિચરવા લાગ્યા.

શ્રી નેમિનાથના નાનાભાઈ અને કામવિહ્વળ બનેલ **રથનેમિએ** રાજીમતીને પરણવાની ઈચ્છાથી લાંબા સમય સુધી તેણીની સેવા શરૂ કરી. કોઈએક દિવસે પીધેલા દૂધનું સુવર્ણપાત્રમાં પ્રયોગપૂર્વક વમન કરીને રાજીમતીએ રથનેમિને જણાવ્યું કે—"તમે આ દૂધ પી જાઓ." એટલે રથનેમિએ તેને જણાવ્યું કે—"શું હું શ્વાન છું કે જેથી વમેલી વસ્તુને હું પી જઉં?" એટલે રાજીમતીએ કહ્યું કે—"શ્રી નેમિનાથે વમન કરેલ મને તું શા માટે ભોગવવાને ઈચ્છે છે?"

આસો માસની અમાવાસ્યાને દિવસે ચડતે પહોરે ચંદ્ર ચિત્રા નક્ષત્રમાં આવ્યે છતે અઠ્ઠમ તપ કરેલ શ્રી નેમિનાથ ભગવંતે **વેતસ**ના ઝાડ નીચે **કેવળજ્ઞાન** પ્રાપ્ત કર્યું. બાદ દેવોએ વિધિપૂર્વક સમવસરણની રચના કરી ત્યારે, જેમ સિંહ પર્વતને શોભાવે તેમ પરમાત્માએ સિંહાસનને અલંકૃત કર્યું. પછી પરમાત્માને સમવસરેલા જાણીને પરિવાર વર્ગ સાથે કૃષ્ણે આવીને, પરમાત્માને વંદન કરીને, તુષ્ટ બનેલ તે ભૂમિ પર બેઠા. પછી **વરદત્ત** વિગેરે અગિયારેને **ગણધરો** બનાવ્યા તેમજ **યક્ષિણી** નામની રાજપુત્રીને **સાધ્વી** બનાવી. બાદ અનુક્રમે વિહાર કરતાં કરતાં પરમાત્મા **નાગ** શ્રેષ્ઠીના આવાસમાં રહેલા અને બત્રીશ-બત્રીશ પત્નીઓવાળા તેમજ દેવકીના ઉદરથી જન્મેલા છ પુત્રોવાળા ભદ્દિલપુર નગરમાં આવી પહોંચ્યા. શ્રી નેમિનાથથી પ્રતિબોધ પામેલા ચરમશરીરી આ છએ પુત્રોએ દીક્ષા લીધી અને પરમાત્માની સાથે વિહાર કરવા લાગ્યા અને પરમાત્મા પણ અનુક્રમે દ્વારિકા નગરીએ આવી પહોંચ્યા.

દેવકીના તે છએ પુત્રો છઠ્ઠને પારણે બે-બેની જોડી બનીને, પારણાની ઇચ્છાથી દેવકીના મહેલે ગયા. કૃષ્ણ સરખી કાંતિવાળા, પ્રથમ આવેલા મુનિયુગલને જોઈને હર્ષિત બનેલ

દેવકીએ સિંહકેસરિયા લાડુ વહોરાવ્યા. બાદ બીજું મુનિયુગલ આવ્યું ત્યારે તેને પણ પ્રથમ પ્રમાણે આહાર વહોરાવ્યો અને જ્યારે ત્રીજું મુનિયુગલ આવ્યું ત્યારે દેવકીએ તેમને કહ્યું કે—"શું દિશાના ભ્રમથી આપ વારંવાર અત્રે આવો છો? કે શું મારી બુદ્ધિનો વિપર્યાસ થયો છે? અથવા તો શું આ નગરીમાં સાધુઓને અન્ન-પાન મળતું નથી?" ત્યારે ત્રીજા મુનિયુગલે કહ્યું કે—"આ બાબતમાં તમને શંકા કેમ થાય છે? અમે છ સહોદરો છીએ અને બે-બેની જોડી બનીને આહાર માટે તમારા આવાસે વારંવાર આવ્યા છીએ." આ પ્રમાણે કથન સાંભળીને દેવકી વિચારવા લાગી કે—"કૃષ્ણ સરખી આકૃતિવાળા આ છએ શું મારા પુત્રો હશે? કારણ કે—અતિમુક્તક મુનિવરે મને જણાવ્યું હતું કે—તારે આઠ પુત્રો થશે."

આ પ્રમાણે વિચારીને બીજે દિવસે શ્રી નેમિનાથને પૂછવા માટે દેવકી ગઈ અને પરમાત્માએ પણ તેના મનોગત ભાવ જાણીને તેણીને જણાવ્યું કે—"તે છ મુનિવરો તારા જ પુત્રો છે." પરમાત્માના મુખથી તેમનું જીવન-વૃત્તાંત સાંભળીને દેવકીએ ષડ રિપુને જીતનાર તે છએ મુનિવરોને હર્ષપૂર્વક વંદન કર્યું. અને બોલી કે—"મારા પુત્રોને શ્રેષ્ઠ રાજ્ય અથવા ચારિત્ર પ્રાપ્ત થયું છે પરન્તુ કોઈપણ પુત્રને મેં મારા ખોળામાં રમાડયો નહીં તે સંબંધી મને ખરેખર દુઃખ થાય છે." ત્યારે પરમાત્માએ તેણીને કહ્યું કે—"પૂર્વભવમાં તેં તારી શોકના સાત રત્નો ચોરી લીધા હતા અને છેવટે રડતી એવા તેને તેં એક રત્ન પાછું આપ્યું હતું એટલે તે પૂર્વભવના કર્મફલથી આ પુત્રોની તેં લાલનાપાલના કરી નહીં."

પરમાત્માનું આ પ્રમાણે કથન સાંભળીને આઠમા પુત્રની ઇચ્છાથી દેવકી પોતાના મહેલે આવી. માતાનો અભિપ્રાય જાણીને કૃષ્ણે હરિણીગમેષી દેવની આરાધના કરી અને તુષ્ટ થયેલા તે દેવે તેમને નીચે પ્રમાણે જણાવ્યું કે—"તમને એક લઘુબંધુ થશે, પરન્તુ તે યુવાવસ્થામાં જ દીક્ષા લેશે." આ પ્રમાણે કહીને દેવ ગયા બાદ કૃષ્ણે પ્રાતઃકાળમાં તે હકીકત પોતાની માતા દેવકીને જણાવી. પછી શુભ સ્વપ્નથી સૂચિત અદ્‌ભુત વૈભવવાળો કોઈએક દેવ સ્વર્ગથી ચ્યવીને દેવકીના ગર્ભમાં અવતર્યો.

યથાસમયે કામદેવના સરખા રૂપવાળો ગજસુકુમાળ નામનો પુત્ર જન્મ્યો, જેનું દેવકી લાલનપાલન કરવા લાગી. તે ગજસુકુમાલ પ્રભાવતી નામની રાજપુત્રી તેમજ સોમશર્મા નામના બ્રાહ્મણની ક્ષત્રિય પત્નીથી જન્મેલી સોમા નામની કન્યાને પરણ્યો. યુવાવસ્થામાં આવેલા તેમજ બુદ્ધિમાન ગજસુકુમાલે શ્રી નેમિનાથના ઉપદેશથી વૈરાગ્યવાસિત બનીને બંને પત્નીઓ સાથે દીક્ષા લીધી. પછી પરમાત્માને પૂછીને, બુદ્ધિશાળી ગજસુકુમાલ મુનિએ શ્મશાનમાં જઇને કાયોત્સર્ગ કર્યો અને તે સમયે ત્યાંથી નીકળેલા સોમશર્મા નામના તેમના સસરાએ તેમને જોયા, 'આ તે જ મારો જમાઇ છે, જેણે મારી પુત્રી સોમાને પરણીને દુઃખ આપ્યું.' એ પ્રમાણે વિચારીને ક્રોધપૂર્વક તેણે ચિતાના અંગારાથી ભરેલા ઘડાનો કાંઠો તેમના મસ્તક પર મૂકયો. તેમાં ભરેલા અંગારાઓથી જેમના કર્મરૂપી કાષ્ઠ દગ્ધ થઇ ગયા છે તેવા તેમજ અદ્‌ભુત ભાવનાવાળા ગજસુકુમાલે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષપદ પ્રાપ્ત કર્યું.

પ્રાતઃકાળે દીક્ષા લીધેલા પોતાના બંધુ ગજસુકુમાલને જોવાને માટે અને પરમાત્માને વંદન કરવાને માટે કૃષ્ણ પોતાના પરિવાર વર્ગ સાથે ચાલ્યા. માર્ગમાં ચૈત્યને માટે ઇંટો ઉપાડતા કોઇએક વૃદ્ધ બ્રાહ્મણને દયાળુ એવા કૃષ્ણે પોતાના સૈનિક સમૂહવડે સહાય કરવાથી કૃતાર્થ કર્યો અર્થાત્ તેનું કાર્ય કરી આપ્યું.

બાદ પરમાત્મા પાસે ગયેલા કૃષ્ણે તેમને પૂછયું કે–"ગજસુકુમાલ કયાં ગયા?" એટલે પરમાત્માએ સોમશર્માએ કરેલ કદર્થનાથી પ્રારંભીને મોક્ષપ્રાપ્તિ પર્યંતનો વૃત્તાંત કહી સંભળાવ્યો. કૃષ્ણે ક્રોધપૂર્વક પૂછયું કે–"હે સ્વામિન્! તે દુષ્ટ બ્રાહ્મણને મારે કઈ રીતે ઓળખવો?" પ્રભુ શ્રી નેમિનાથે જણાવ્યું કે–"તમને જોઇને જેમનું મસ્તક ફૂટી જશે તે બ્રાહ્મણ તેમના ઘાતક તરીકે જાણવો."

બાદ રુદન કરતાં કૃષ્ણે ગજસુકુમાલનો અગ્નિસંસ્કાર કરીને પોતાની નગરીમાં પ્રવેશ કર્યો અને કૃષ્ણને જોવાથી મૃત્યુ પામેલા સોમશર્મા બ્રાહ્મણને પગે બાંધીને નગરીની બહાર ફેંકી દેવરાવ્યો. ગજસુકુમાલના દુઃખથી ઘણા યાદવોએ દીક્ષા લીધી તેમજ વસુદેવ વિના સમુદ્રવિજય વિગેરે નવ ભાઈઓ, શિવાદેવી, શ્રી નેમિનાથના સાત ભાઇઓ, કૃષ્ણના અન્ય કુમારો, **રાજીમતી, એકનાસા** કુમારી તેમજ બીજી યાદવપત્નીઓએ દીક્ષા લીધી. ઉત્સાહિત બનેલા કૃષ્ણે પણ કન્યાદાન ન દેવાનો નિયમ ગ્રહણ કર્યો એટલે તેમની બધી પુત્રીઓ તેમજ વસુદેવની પત્નીઓ પૈકી દેવકી, કનકવતી તેમજ રોહિણી એ રાણીઓએ દીક્ષા ન લીધી, પરન્તુ કનકવતીને ઘરમાં રહેતાં જ ઉજ્જવળ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

દેવોએ તે સ્થળે આવીને જેનો શ્રેષ્ઠ કેવળજ્ઞાન મહોત્સવ કર્યો છે એવી કનકવતી, પોતાની મેળે દાક્ષિત થઇને શ્રી નેમિનાથને વાંદીને વનમાં ગઇ. બાદ તે સ્થળે એક માસનું અણશણ કરીને, શેષકર્મોનો નાશ કરીને તેણીએ શિવ લક્ષ્મી પ્રાપ્ત કરી.

એકદા સૌધર્મેંદ્રે પોતાની સભામાં જણાવ્યું કે–"કૃષ્ણ કોઇ પણ દિવસ અધમ (અન્યાયી) યુદ્ધ કરતા નથી, તેમજ પારકાના દોષોનો ત્યાગ કરીને માત્ર ગુણ જ ગ્રહણ કરે છે." ઇંદ્રના આવા પ્રકારના કથનને સત્ય નહીં માનતા કોઇએક દેવે, ઇચ્છાપૂર્વક વિચારણ કરતાં કૃષ્ણના માર્ગમાં દુર્ગંધમય અને શ્યામકાંતિવાળું મરેલું કૂતરું વિકુર્વ્યું. તે મરેલા કૂતરાની દુર્ગંધીથી ત્રાસ પામેલા લોકોને તેમજ તે કૂતરાને જોઇને કૃષ્ણે કહ્યું કે—"અહા! કૃષ્ણ કાંતિવાળા આ કૂતરાના મુખમાં તેની દાંતની પંકિત, આકાશમાં રહેલા તારાઓની માફક શોભી રહી છે." બાદ તે દેવે કૃષ્ણનું અશ્વરત્ન હરી લઇને, હરનાર તરીકે તેની સન્મુખ દેખાયો ત્યારે પોતાના સૈન્યને જીતી લેનાર તે દેવને કૃષ્ણે જાતે જઇને કહ્યું કે—"અરે! તું ઊભો રહે. તું કયાં જાય છે? મારા અશ્વને છોડી દે નહીં તો મૃત્યુ પામીશ." આ પ્રમાણે બોલતા ઇંદ્ર સરખા કૃષ્ણને તે દેવે કહ્યું કે—"શુદ્ધ ક્ષત્રિયકુળમાં ઉત્પન્ન થયેલા વીર પુરુષો ઇચ્છિત (માગ્યા પ્રમાણે) યુદ્ધ કરે છે, તો અધમ યુદ્ધથી મને જીતી લઇને તું તારો અશ્વ ગ્રહણ કર." ત્યારે તેવા અધમ યુદ્ધનો કૃષ્ણે નિષેધ કર્યો ત્યારે તુષ્ટમાન થયેલા દેવ પાસેથી કૃષ્ણે ભેરી પ્રાપ્ત કરી, કે જેના ધ્વનિથી છ માસ પર્યંતના રોગો નાશ પામી જશે.

આ પ્રમાણે હર્ષિત બનેલ દેવ ભેરી આપીને ચાલ્યા ગયા બાદ કૃષ્ણે તે ભેરી દ્વારિકા નગરીમાં વગડાવી, જેથી લોકોના રોગો નાશ પામી ગયા. તે ભેરીના રક્ષકે લાખ-લાખ દ્રવ્યથી તે ભેરીનો કટકો કટકો વેચવા માંડયો અને તે કાપેલા કટકાને સ્થાને સુખડના કટકાઓ સાંધી દીધા. તે ભેરીને પ્રભાવહીન જાણીને કૃષ્ણે તેના રક્ષકને હણાવી નાખ્યો અને અઠ્ઠમ તપ કરવાપૂર્વક તે દેવ પાસેથી બીજી ભેરી પ્રાપ્ત કરી. તે ભેરીના વિશાળ ધ્વનિથી કૃષ્ણે પોતાની નગરીને, જેમ મેઘના ધ્વનિથી જગત પીડા રહિત બને તેમ રોગ રહિત બનાવી.

કોઇ એક દિવસે વર્ષાઋતુમાં શ્રી નેમિનાથ દ્વારિકામાં સમવસર્યા એટલે નિષ્કપટી કૃષ્ણ પરમાત્માને વાંદવા માટે ગયા. પછી પ્રણામ કરીને શુશ્રૂષા કરતાં કૃષ્ણે પરમાત્માને પૂછયું કે-"પ્રાણીઓને હર્ષદાયક સાધુપુરુષો વર્ષાઋતુમાં કેમ વિહાર કરતા નથી?" ત્યારે શ્રી નેમિનાથ ભગવંતે ગંભીર વાણીથી જણાવ્યું કે-"વર્ષાઋતુ પુષ્કળ જીવજંતુઓને ઉત્પન્ન કરનારી છે, માટે સાધુઓને આ ઋતુમાં વિહાર કરવો ઉચિત નથી." આ પ્રમાણે ભગવંતનું કથન સાંભળીને કૃષ્ણે નિયમ ગ્રહણ કર્યો કે-"વર્ષાઋતુમાં હું મારા મહેલની બહાર નીકળીશ નહીં." આ પ્રમાણે નિયમ ગ્રહણ કરીને, શ્રી નેમિનાથને નમસ્કાર કરીને, કૃષ્ણ પોતાના આવાસે ગયા અને દ્વારપાળને હુકમ કર્યો કે-"વર્ષાઋતુમાં મારી પાસે કોઇ પણ વ્યક્તિને તારે મોકલવી નહીં."

તે દ્વારિકા નગરીમાં **વીર** નામનો વણકર કૃષ્ણ પ્રત્યે અત્યંત ભક્તિભાવ ધરાવનારો હતો; જે તેનું મુખ જોયા સિવાય કદી ભોજન કરતો નહોતો. તેને મહેલમાં પ્રવેશ ન મળવાથી દરવાજા પાસે રહેલા તેણે ભોજન રહિત જ વિષ્ણુને ઉદ્દેશીને તેની પૂજા શરૂ કરી. બાદ વર્ષાઋતુ પૂર્ણ થતાં, જેમ મેઘમાંથી સૂર્ય બહાર નીકળે તેમ કૃષ્ણ મહેલમાંથી બહાર નીકળ્યા અને નીતિના જાણ કૃષ્ણે વીરને પૂછયું કે-"તું કેમ દુબળો બની ગયો છો?" દ્વારપાળોએ વીર વણકર સંબંધી વૃત્તાંત કહ્યો એટલે તેને મહેલમાં આવવાની છૂટ આપી અને વીરની સાથે કૃષ્ણ શ્રી નેમિનાથ પાસે ગયા. પરમાત્માના મુખથી મનોહર સાધુધર્મ સાંભળીને કૃષ્ણે કહ્યું કે-"હું સાધુ થવાને યોગ્ય નથી, પરન્તુ હું નીચે પ્રમાણે અભિગ્રહ સ્વીકારું છું કે-કોઇ પણ વ્યક્તિને ચારિત્ર લેતાં મારે અટકાવવાં નહીં, પરન્તુ તેના વ્રતનો ઉત્સવ કરવો." આ પ્રમાણે અભિગ્રહ ધારણ કરીને કૃષ્ણ પોતાના આવાસે ગયા.

તેવામાં પોતાને પ્રણામ કરવાને આવેલી તેમજ વિવાહને યોગ્ય પોતાની પુત્રીઓને કૃષ્ણે પૂછયું કે-"તમને હું દાસીપણું કે સ્વામીપણું, તે બેમાંથી કયું આપું?" કન્યાઓએ જણાવ્યું કે-"હે પિતા! અમને સ્વામીપણું આપો." એટલે કૃષ્ણે તે બધી કન્યાઓને પરમાત્મા પાસે દીક્ષા લેવરાવી, પરન્તુ પોતાની માતાથી શિખવવામાં આવેલી **કેતુમંજરી** નામની પુત્રીએ કૃષ્ણને કહ્યું કે-"હે પિતા! હું દાસી થવા માગું છું. મારે સ્વામિની પદ જોતું નથી." એટલે 'મારી બીજી કન્યાઓ આ પ્રમાણે ન બોલે' એમ વિચારીને કૃષ્ણે પોતાની પુત્રી કેતુમંજરીનો વીર વણકર સાથે વિવાહ કરવાની ઇચ્છાથી તેને તેના પરાક્રમ

સંબંધી પૂછ્યું. એટલે પોતાની જાતને વીર માનતા વીર વણુકરે કૃષ્ણને જણાવ્યું કે-"બોરડીના ઝાડ પર રહેલા કાકીડાને મેં પત્થર મારવાથી તે મરી ગયો. ગાડાના પૈડાના માર્ગમાં વહેતા પાણીને મેં મારા ડાબા પગથી રોકી દીધું હતું તેમજ પાણીના ઘડામાં રહેલી માખીઓને મેં તે ઘડાના મોઢા ઉપર હાથ મૂકીને રોકી દીધી હતી."

બીજે દિવસે સભામાં બેઠેલા કૃષ્ણે રાજાઓને ઉદ્દેશીને કહ્યું કે-"અહો ! આ વીર વણુકરની શૂરવીરતા અસાધારણ છે. બોરડીના વનમાં રહેલા લાલ ફણાવાળા સર્પને ભૂમિશસ્ત્ર-(પત્થર)થી જેણે મારી નાખ્યો હતો તે આ **વેમતિ** નામનો ક્ષત્રિય છે. વળી મલિન જળને વહન કરતી અને ચક્રથી (પૈડાથી) કરાયેલી ગંગાને જેણે પોતાના ડાબા પગથી રોકી રાખી હતી તે આ **વેમતિ** નામનો ક્ષત્રિય છે. તેમજ **કલશીપુર**માં વસી રહેલ અને ધ્વનિ કરતી સેનાને (માખીઓને) જેણે પોતાના ડાબા હાથથી રોકી રાખી હતી તે આ **વેમતિ** નામનો ક્ષત્રિય છે." આ પ્રમાણે ક્ષત્રિયો સમક્ષ વીર વણુકરના પરાક્રમનું વર્ણન કરીને કૃષ્ણે પોતાની પુત્રી કેતુમંજરીનો વીરની સાથે વિવાહ કર્યો.

વીરે તેને પોતાના ઘરે લઈ જઇને તેણીના દાસની માફક કાર્ય કરવું શરૂ કર્યું પરન્તુ કેશવની સૂચનાથી તેણે તેણીને પોતાની દાસી બનાવી અર્થાત્ કેતુમંજરી પાસે દાસી માફક કામ કરાવવા લાગ્યો. આ પ્રમાણે વીરથી પરાભવ પામવાથી રુદન કરતી કેતુમંજરીએ કૃષ્ણને જણાવ્યું એટલે કૃષ્ણે તેણીને કહ્યું કે-"સ્વામીપણું છોડી દઇને તેં પોતે જ દાસીપણું માગી લીધું છે." પણ તેણીએ જણાવ્યું કે-"હે પિતા ! હવે મને સ્વામીપણું આપો." એટલે કૃષ્ણે વીર વણુકરની રજા મેળવીને તેને દીક્ષા ગ્રહણ કરાવી.

એકદા કૃષ્ણે પરમાત્માના સમસ્ત સાધુઓને હર્ષપૂર્વક **દ્વાદશાવર્ત** વંદન કર્યું અને વીર વણુકરે પણ કૃષ્ણનું અનુકરણ કર્યું. વંદન કર્યા બાદ કૃષ્ણે પરમાત્માને જણાવ્યું કે-"હે નાથ ! ત્રણ સો સાઠ યુધ્ધ કરવા છતાં જે થાક મને લાગ્યો ન હતો તેવો થાક આજે આ વંદન કરવાથી લાગ્યો છે." ત્યારે પરમાત્માએ કૃષ્ણને જણાવ્યું કે-"હે શ્રીમાન્ ! તેં આ વંદનથી ક્ષાયિક સમકિત ને **તીર્થંકરનામકર્મ** બંને ઉપાર્જન કરેલ છે. વળી સાધુ-વંદનક્રિયાથી સાતમી નરકના દળિયા નષ્ટ કરીને ત્રીજી નરકનું આયુષ્ય બાંધ્યું છે." એટલે કૃષ્ણે કહ્યું કે-"હું આ સાધુઓને ફરી વાર વંદન કરું જેથી મારું સમસ્ત નારકીનું આયુષ્ય તૂટી જાય." તે સમયે પરમાત્માએ જવાબ આપ્યો કે-"દ્રવ્ય વંદન નારકીનું આયુષ્ય છેદવાને સમર્થ નહી થાય." પરમાત્માએ આવો જવાબ આપ્યો ત્યારે કૃષ્ણે પુનઃ પૂછ્યું કે-"સાધુ-વંદનથી વીર વણુકરને શું લાભ પ્રાપ્ત થયો ?" શ્રી નેમિનાથે જણાવ્યું કે-"તેને તો માત્ર કાયકલેશ જ થયો છે. ફક્ત તમારા અનુગામીપણાને લઇને તેણે સાધુઓને વાંદ્યા છે." બાદ કૃષ્ણ પ્રભુને પ્રણામ કરીને પોતાના મહેલે ગયા. કૃષ્ણના **ઢંઢણ** નામના પુત્રે ભગવંત પાસે દીક્ષા લીધી.

દીક્ષા ગ્રહણ કર્યા બાદ ઢંઢણ મુનિને ઉત્કૃષ્ટ અંતરાય કર્મનો ઉદય આવ્યો કે જેથી તે પોતે ગોચરી મેળવી શકતા નથી, તેમજ બીજાને પણ અંતરાયરૂપ બનવા લાગ્યા. અન્ય

સાધુઓએ પરમાત્માને પૂછ્યું કે–" આ ઋદ્ધિશાળી નગરીમાં ઢંઢણ મુનિને કેમ કંઇ પણ ગોચરી મળી શકતી નથી ?" પરમાત્માએ જવાબ આપ્યો કે–" મગધ દેશના **ધાન્યપુર** નામના નગરમાં આ **પરાસર** નામનો બ્રાહ્મણ હતો. રાજાથી નીમાયેલ આ બ્રાહ્મણ ગામડીયા લોકોથી ખેતરોને વવરાવતો હતો. ભોજનાદિ આવી જવા છતાં તે બ્રાહ્મણ દરેક પાસે ખેતરમાં ચાસ દેવરાવતો. નિર્દય એવો તે બ્રાહ્મણ ભૂખ્યા, થાકેલા અને તરસ્યા બનેલા નોકરો તેમજ બળદોને છોડતો નહીં. આ પ્રમાણે અંતરાય કર્મ ઉપાર્જન કરીને, ઘણા ભવોમાં ભ્રમણ કર્યા બાદ કૃષ્ણના પુત્ર **ઢંઢણ** નામના થયા છે. આ અંતરાય પૂર્વ કર્મનું પરિણામ છે." આ પ્રમાણે સાંભળીને વૈરાગ્યવાસિત ઢંઢણ મુનિએ પરમાત્મા પાસે અભિગ્રહ ગ્રહણ કર્યો કે–" પારકાની લબ્ધિથી મળેલ આહારને હું ખાઇશ નહીં." પારકાની લબ્ધિથી મળેલ આહારને જમતા નથી, તેમ પોતે ગોચરી મેળવી શકતા નથી. આ પ્રમાણે દુષ્કર કાર્ય કરનારા ઢંઢણ મુનિ સમય પસાર કરવા લાગ્યા. એકદા કૃષ્ણે પરમાત્માને પૂછ્યું કે–" હે પ્રભુ! સાધુઓને વિષે દુષ્કર કાર્ય કરનાર કોણ છે ?" તે સમયે પરમાત્માએ અલાભ પરિષહને સહન કરનાર ઢંઢણ મુનિને દુષ્કર ક્રિયા કરનાર જણાવ્યા.

પછી શ્રી નેમિનાથને નમસ્કાર કરીને દ્વારિકા નગરી તરફ જતાં કૃષ્ણે માર્ગમાં ઢંઢણ મુનિને જોઇને, હસ્તી પરથી નીચે ઉતરીને વંદન કર્યું. ' કૃષ્ણે આ મુનિવરને વંદન કર્યું ' એમ જાણીને 'આ કોઈ શ્રેષ્ઠ મુનિવર છે' એમ વિચારીને કોઇએક શ્રેષ્ઠીએ તેમને મોદક વહોરાવ્યા. આ પ્રમાણે મળેલ મોદકનો આહાર પરમાત્માને બતાવતા ઢંઢણ મુનિએ તેમને પૂછ્યું કે–" આજે શું મારું અંતરાય કર્મ નાશ પામી ગયું જેથી મને ગોચરીમાં મોદક મળ્યા ?" પ્રભુએ જવાબ આપ્યો કે–" તારું અંતરાય કર્મ ક્ષીણ થયું નથી. તેમ તારી લબ્ધિથી તને આહાર મળ્યો નથી. તને વંદન કરતાં કૃષ્ણને જોઇને તે શ્રેષ્ઠીએ તને આહાર વહોરાવ્યો છે." ત્યારે પારકાની લબ્ધિથી મળેલા આહારને નહીં વાપરતાં ને સ્થંડિલ ( જીવરહિત ) ભૂમિમાં લાડવાઓને પરઠવતાં અત્યંત ભાવનાવાળા તેમણે શીઘ્ર કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. બાદ પ્રભુને પ્રદક્ષિણા આપીને કેવળીની સભામાં બેઠા. પ્રભુ પણ અન્ય સ્થળે વિહાર કરીને ફરી દ્વારિકા નગરીમાં આવ્યા.

કોઇએક દિવસે રથનેમિ દ્વારિકામાંથી ગોચરી લઇને પાછા ફરતા હતા તેવામાં વૃષ્ટિ થવાથી કોઈએક ગુફાને વિષે ગયા. આ બાજુ શ્રી નેમિનાથને વાંદીને, દ્વારિકા નગરી તરફ પાછી વળતી રાજીમતી પણ વૃષ્ટિથી પીડા પામવાને કારણે અંધકારથી વ્યાપ્ત રથનેમિવાળી ગુફામાં દાખલ થયા. તે ગુફામાં અંધકાર સમૂહને લીધે નહીં દેખાતા રથનેમિને નહીં જાણતી તેણીએ સુકવવાને માટે પોતાના વસ્ત્રો ઊંચા મૂકયા. તેને તથાપ્રકારે વસ્ત્ર રહિત અવસ્થામાં જોઇને કામવિહ્વળ બનેલ રથનેમિએ તેણીને કહ્યું કે–" હે રાજીમતી! પૂર્વે પણ મેં તમને પ્રાર્થના કરેલ છે, તો આજે મારા વાંછિતને પૂર્ણ કરો." અવાજ ઉપરથી તે રથનેમિ છે એમ જાણીને રાજીમતી શરમને લીધે શીઘ્ર વસ્ત્રોથી પોતાના અંગને ઢાંકી દઇને નીચે બેસી ગઈ. પછી સાધુધર્મને ઉચિત એવા વચનો બોલતી રાજીમતીએ તુષ્ટ બનેલા રથનેમિ મુનિને

પ્રતિબોધ પમાડ્યા. પછી પરમાત્મા પાસે તે સંબંધી પ્રાયશ્ચિત્ત ( આલોચના ) લઇને ઉગ્ર તપ કરતાં ને નિર્મળ હૃદયવાળા રથનેમિએ એક વર્ષને અંતે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

કોઈએક દિવસે વિહાર કરીને સમતાવાન તેમજ દેવગણથી સેવાયેલ પ્રભુ ફરીવાર રૈવતાચલ પર્વતે સમવસર્યા, તે સમયે કૃષ્ણે પોતાના પુત્રોને કહ્યું કે-" જે કોઈ પ્રાતઃકાળમાં સૌથી પ્રથમ પરમાત્માને વંદન કરશે તેને વેગવાળો ઇચ્છિત અશ્વ હું આપીશ." આ પ્રમાણે સાંભળીને પાલક નામના પુત્રે અશ્વના લોભથી રૈવતાચલ જલ્દી જઇને પ્રાતઃકાળમાં સૌથી પ્રથમ વંદન કર્યું, જ્યારે શાંબે રાત્રિના શેષભાગમાં ચિત્તમાં પરમાત્માનું ધ્યાન ધરીને, પોતાના જ સ્થાનમાં રહીને પરમાત્માને પ્રણામ કર્યો. પ્રાતઃકાળમાં પાલકે આવીને કૃષ્ણ પાસે અશ્વની માગણી કરી ત્યારે કૃષ્ણે કહ્યું કે-" જેણે પરમાત્માને પ્રથમ વંદન કર્યું હશે તેને જ હું અશ્વ આપીશ." પછી કૃષ્ણે પ્રભુ પાસે જઇને પૂછયું ત્યારે શ્રી નેમિનાથે સ્પષ્ટ જણાવ્યું કે- "પાલકે દ્રવ્યથી અને શાંબે ભાવથી મને પ્રથમ વંદન કરેલ છે." ત્યારે ક્રોધે ભરાયેલા કૃષ્ણે પાલકને અભવ્ય જાણીને તિરસ્કારી કાઢ્યો અને શાંબને મંડલેશ બનાવીને અશ્વ આપ્યો.

દેશના પૂર્ણ થયા બાદ કૃષ્ણે પ્રભુ શ્રી નેમિનાથને નમન કરીને પૂછયું કે-" શું આ દ્વારિકા નગરી કોઇપણ સમયે નાશ પામશે ખરી?" જવાબમાં પરમાત્માએ જણાવ્યું કે-" શૌર્યપુરના સીમાડામાં રહેતા પરાસર નામના તાપસે પોતાની પૂર્વાવસ્થામાં કોઇએક નીચ કુળમાં જન્મેલી કન્યાનું સેવન કર્યું હતું. તેનો પુત્ર દ્વૈપાયન થયો છે, જે ઇંદ્રિયોને દમનાર, સમતાવાન અને બ્રહ્મચારીપણે આ વનમાં વસી રહેલ છે. તેને મદિરાથી મત્ત બનેલા શાંબકુમાર વિ. હણશે. ક્રોધી તે તાપસ યાદવો સહિત દ્વારિકા નગરીને બાળી નાખશે. અને જરા રાણીની કુક્ષીથી જન્મેલ તારા ભાઇ જરાકુમારથી તમારું મૃત્યુ થશે."

આ પ્રમાણે પરમાત્માનું કથન સાંભળીને ખેદ પામેલ જરાકુમાર પરમાત્માને વંદન કરીને, ધનુષ્ય તથા બાણના ભાથા લઇને વનમાં ચાલ્યો ગયો. લોક-પરંપરાથી આ હકીકત સાંભળીને દ્વૈપાયન તાપસ ' હું સર્વ ક્ષય કરનાર ન બનું ' એમ વિચારીને વનમાં ચાલ્યો ગયો. બાદ શ્રી કૃષ્ણ પણ શ્રી નેમિનાથને વંદન કરીને દ્વારિકા નગરીમાં ગયા અને ' મદિરાથી અનર્થ થશે ' એમ જાણીને મદિરાપાનનો નિષેધ કર્યો. વળી કૃષ્ણના આદેશથી લોકોએ રૈવતાચલ પર્વતની નજીકમાં રહેલ કાદંબરી નામની ગુફામાં શિલાકુંડને વિષે મદિરા નાખી દીધી.

આ બાજુ દ્વારિકાના નાશથી ભયભીત બનેલ સિદ્ધાર્થ નામના બંધુએ બળરામની રજા લઇને, ' હું દેવ બનીને તમારા પર ઉપકાર કરીશ ' એમ જણાવીને દીક્ષા લીધી. તે સિદ્ધાર્થ મુનિ છ મહિના સુધી તપ તપીને દેવલોકમાં ગયા. શિલાકુંડમાં રહેલ મદિરાનું પાન શાંબના કોઈ અનુચરે કર્યું અને તેણે આવીને મદિરાથી ભરેલ મશક શાંબને ભેટણા તરીકે આપી. બાદ શાંબે પૂછવાથી તે સેવકે કુંડમાં રહેલ મદિરા સંબંધી સમસ્ત હકીકત કહી સંભળાવી.

બીજે દિવસે કેટલાક ઉચ્છૃંખલ કુમારો સાથે શાંબ ત્યાં ગયો અને અતૃપ્ત એવા તેણે મીષ્ટ મદિરાનું પાન કર્યું. તે સમયે સમતાવાન દ્વૈપાયન તે પર્વત પાસે ધ્યાનમગ્ન સ્થિતિમાં

રહ્યો હતો તેને જોઇને ‘ આ દ્વારિકા નગરીને બાળનાર છે. ’ એમ વિચારીને શાંબે ક્રોધપૂર્વક તેને માર્યો. તેને મરણ પામવા જેવો બનાવીને બધા કુમારો પોતાના આવાસે ગયા. અને ‘ ક્રોધી બનેલા દ્વૈપાયને નગરીના નાશનું નિયાણું કર્યું છે ’ એમ કૃષ્ણે સાંભળ્યું, એટલે તેણે તેને મીષ્ટ ને સુંદર શાસ્ત્રવચનોથી ભક્તિપૂર્વક સમજાવ્યો, છતાં પણ તે શાંતિ પામ્યો નહીં. ક્રોધને અંગે ક્રૂર અને રક્ત નેત્રવાળા દ્વૈપાયને કૃષ્ણને જણાવ્યું કે–“ દ્વારિકા નગરી બાળવાના સમયે અત્યંત ભક્તિભાવવાળા તને ફક્ત બલરામ સહિત જવા દઇશ, અર્થાત્ તમને બેને બચાવીશ. તારા ઉધ્ધત કુમારોથી હણાતા મેં, મારા તપના ફળરૂપે દ્વારિકા નગરી બાળી નાખવાનું નિયાણું કર્યું છે.” આ પ્રમાણે દ્વૈપાયનથી કહેવાયેલા કૃષ્ણ બલદેવની સાથે નગરીમાં ગયા અને દ્વૈપાયનના નિયાણા સંબંધી હકીકત પ્રસિધ્ધિ પામી.

કૃષ્ણની આજ્ઞાથી દ્વારિકા નગરીની જનતા ધર્મપરાયણ બની અને તે સમયે પરમાત્મા શ્રી નેમિનાથ રૈવતાચલ પર સમવસર્યા. ત્યાં જઇને પરમાત્માને નમીને કૃષ્ણે પ્રભુજીની દેશના સાંભળી. **પ્રદ્યુમ્ન, શાંબ, નિષધ, ઉલ્મુક** અને **સારણ** વિગેરે કૃષ્ણના કુમારો, તથા **રુક્મિણી,** સત્યભામા, વિગેરે યાદવસ્ત્રીઓએ સંસારથી ઉદ્વિગ્ન બનીને દેશના પૂર્ણ થયે દીક્ષા લીધી. પૂર્વે દીક્ષા લીધેલ સમુદ્રવિજય વિગેરેની સ્તુતિ કરતા અને દીક્ષા નહીં લીધેલ પોતાની જાતને કૃષ્ણ વારંવાર નિંદવા લાગ્યા. કેવળજ્ઞાની પરમાત્માએ કૃષ્ણને જણાવ્યું કે–“ હે કૃષ્ણ ! નિયાણાથી બંધાયેલા વાસુદેવો કદી પણ ચારિત્ર અંગીકાર કરી શકતા નથી; કારણ કે–તેઓ સ્વભાવથી અવશ્ય નરકગામી હોય છે. ”

આ પ્રમાણે સાંભળીને અત્યંત વિલખા બનેલા કૃષ્ણને પરમાત્માએ ફરીથી કહ્યું કે– “ હે કૃષ્ણ ! તું ખેદ ન પામ. તું આ જ ભરતક્ષેત્રમાં તીર્થંકર થઇશ; અને બલરામ મરણ પામીને પાંચમા દેવલોકમાં જશે; જ્યાંથી ચ્યવીને ભરતક્ષેત્રમાં તમારા શાસનમાં મોક્ષ મેળવશે. ” આ પ્રમાણે સાંભળીને, પરમાત્માને નમસ્કાર કરીને કૃષ્ણ પોતાની નગરીમાં ગયા અને પરમાત્મા પણ અન્યત્ર વિહાર કરી ગયા.

કૃષ્ણના આદેશથી લોકો ફરી વાર પણ અત્યંત ધર્મપરાયણ બનીને રહેવા લાગ્યા. દ્વૈપાયન પણ મરીને અગ્નિકુમારદેવ થયો. પૂર્વના વેરને યાદ કરવાથી દ્વારિકાને બાળવાને તે ગર્વીષ્ઠ દેવ આવ્યો પરન્તુ નાગરિક લોકોના તપથી પરાભૂત બનેલ તે પોતાનું મનઇચ્છિત કાર્ય કરવા શક્તિમાન નીવડયો નહીં. આ પ્રમાણે છિદ્ર નહીં મળવાને કારણે દ્વૈપાયન દેવ અગિયાર વર્ષ પર્યન્ત પોતાનું કાર્ય કરી શકયો નહીં, પરન્તુ બારમે વર્ષે લોકો નીચે પ્રમાણે વિચારવા લાગ્યા કે–“ આપણા તપના પ્રભાવને લીધે તે દેવ જરૂર ચાલ્યો ગયો હોવો જોઇએ; તો વિવિધ મહોત્સવો કરીને આપણે સ્વેચ્છાપૂર્વક ક્રીડા કરીએ. ” આ પ્રમાણે વિચારીને યાદવ લોકો માંસભોજન અને મદિરાપાન કરવા લાગ્યા. છિદ્રાન્વેષી દૈવને નિમિત્ત ( છિદ્ર ) મળી ગયું, એટલે દ્વારિકામાં ઉલ્કાપાત, ભયંકર ધ્વનિ, પૃથ્વીનો કંપ, ચિત્રોનું હાસ્ય વિગેરે વિવિધ ઉપદ્રવો શરૂ થયા. પિશાચ, શાકિની, ભૂત અને વેતાલના પરિવારવાળો દ્વૈપાયન દેવ નગરીમાં ચોતરફ ભ્રમણ કરવા લાગ્યો. આ સમયે દ્વારિકામાં લોકોએ સ્વપ્નને વિષે પોતાની જાતને ઉંટ તેમજ પાડા પર ચઢેલ દક્ષિણ દિશામાં જતી, અને રાતા વસ્ત્રથી વીંટળાયેલ જોઈ.

(આવું સ્વપ્ન અશુભ(મૃત્યુ)સૂચક હોય છે.) તે સમયે બલરામના હળ વિગેરે અને કૃષ્ણનું ચક્ર વિગેરે આયુધો નાશ પામ્યા અને સમસ્ત નગરીમાં **સંવર્તક** નામનો વાયુ વાવા લાગ્યો. બાદ તે દેવે સંવર્તક પવનવડે આઠે દિશામાંથી સમસ્ત જંગલોને ઉખેડીને કાષ્ઠ અને તૃણાદિથી તે નગરીને ભરી દીધી.

ભીતિને અંગે નાશી જતાં લોકોને દિશામાંથી પાછા ખેંચી લાવીને દુષ્ટ બુદ્ધિવાળા દ્વૈપાયન અસુરે જલ્દી દ્વારિકામાં ફેંકયા. કલ્પાંત કાળના અગ્નિ સમાન અનલને દ્વૈપાયને પ્રગટાવ્યો એટલે બાળકો તેમજ વૃદ્ધો એકબીજાને ગળે વળગી પડ્યા. આ અગ્નિમાંથી ખેંચી કાઢવા માટે દેવકી તેમજ રોહિણીયુક્ત વસુદેવને રામ તથા કૃષ્ણે રથમાં બેસાર્યા. તે રથને ખેંચવાને અશ્વો, બળદો તેમજ હસ્તીઓ અસમર્થ બન્યા. જાણે તે ચિત્રમાં ચિતરેલા હોય તેમ તે સર્વને દ્વૈપાયન અસુરે સ્તંભિત કરી દીધા. બલરામ ને કૃષ્ણ પોતાના બળથી તે રથને ખેંચીને દ્વારિકાના દરવાજા સુધી લઈ ગયા, એટલે દ્વૈપાયને ક્રોધપૂર્વક નગરીના બંને દરવાજા બંધ કરી દીધા. બલરામે પોતાના પગના પ્રહારથી તે બંને દરવાજાને તોડી નાખ્યા; પરન્તુ ખેંચાતો તે રથ પર્વતના શિખરની માફક અંશ માત્ર પણ ચલિત ન થયો; એટલે તેઓના માતા-પિતાએ તે બંનેને જણાવ્યું કે—"તમે બંને શીઘ્ર ચાલ્યા જાવ; કારણ કે નિયાણું કરતાં તે ઋષિએ તમને બંનેને જ મુક્ત કરેલ છે.—તમને બેને જ બચાવવાનું જણાવ્યું છે. દુષ્ટ બુદ્ધિવાળા અમારા માટે હવે શ્રી નેમિનાથ ભગવંત જ શરણરૂપ હો! અમે કોઇના નથી તેમ અમારું પણ કોઇ નથી; તે વાત નિર્ણીત છે." આ પ્રમાણે ધ્યાન ધરતાં તેઓના મસ્તક પર દ્વૈપાયને અગ્નિની વૃષ્ટિ કરી, જેથી મૃત્યુ પામીને તેઓ સ્વર્ગે ગયા. બલરામ ને કૃષ્ણ ત્યાંથી ચાલી નીકળ્યા. રક્ષા કરવાને લાયક પોતાની નગરીને બાળી નખાતી જોવાને અસમર્થ તે બંને વારંવાર વિચાર કરીને શોકપૂર્વક પાંડવોના નગર તરફ (પાંડુમથુરા) ચાલી નીકળ્યા. નગરી બળી રહી હતી તેવામાં બલદેવના પુત્ર '**કુબ્જવારકે**' 'હું શ્રી નેમિનાથનો શિષ્ય છું અને ભાવથી મેં ચારિત્ર અંગીકાર કર્યું છે' એમ બોલતાં તેને જાંભકદેવોએ ઉપાડીને પરમાત્માના ચરણકમળમાં **પલ્હવ** દેશમાં મૂકયો એટલે તેમણે દીક્ષા લીધી.

આ બાજુ ભૂખ્યા બનેલા કૃષ્ણને હસ્તિનાપુરની બહાર રાખીને બલદેવ નગરમાં જઇને, ભાતુ લઇને પાછા વળ્યા. તે સમયે તે નગરના રાજા ધૃતરાષ્ટ્રના પુત્ર **અચ્છદંતે**, બલદેવને ચોર માનીને નગરના દરવાજા બંધ કરીને રોકયા. સિંહનાદથી બોલાવાયેલ, ક્રીડા માત્રમાં દરવાજાને તોડી નાખનાર તેમજ આગળિયારૂપી હસ્તવાળા કૃષ્ણ સહિત બલરામે દુશ્મનોને જીતી લીધા. પછી તે નગરના ઉદ્યાનમાં ભોજન કરીને તેઓ બંને **કૌશાંબ** નામના વનમાં ગયા. ત્યાં આગળ તૃષાથી પીડિત બનેલા કૃષ્ણ રહ્યા અને બલદેવ પાણી લેવા માટે ગયા.

તેવામાં પીતાંબરથી ઢંકાએલ શરીરવાળા અને કૌશાંબ વનમાં સૂતેલા કૃષ્ણના ગોઠણ પર રાખેલા ચરણના તળિયામાં બાણ વાગ્યું. ત્યારે ઊઠીને, ક્રોધી કૃષ્ણ બોલ્યા કે—"મને આ બાણ મારનાર કોણ છે?" ત્યારે વાણીદ્વારા ઓળખીને, તે સ્થળે આવીને જરાકુમાર મૂર્છા પામ્યો. પછી સચેતન બનેલ અને રુદન કરતાં તેણે કહ્યું કે—"આવા પ્રકારના મારા જન્મને

ધિક્કાર હો ! તે સમયે શ્રી નેમિનાથના વચન સાંભળીને હું મૃત્યુ ન પામ્યો, જેથી મને ધિક્કાર હો ! જંગલમાં ચાલ્યા આવવા છતાં પણુ મારા બાણુથી તમે ઘાયલ થયા છો, તેથી હે કૃષ્ણુ ! હું માનું છું કે—દ્વારિકા બળી ગઈ હશે. પરમાત્માનું વચન કદી પણુ અન્યથા થતું નથી.”

કૃષ્ણે જરાકુમારને જણાવ્યું કે—“ હે બુદ્ધિમાન ! ખેદથી સર્યું. યાદવોને વિષે તું એક જ જીવતો બાકી રહ્યો છે, તો તું તેઓની માફી માગજે. જેવામાં બલરામ ન આવી પહોંચે તેટલામાં તું ચાલ્યો જા; નહીં તો તે તને ક્રોધપૂર્વક હણી નાખશે. ” આ પ્રમાણે કહીને, કૃષ્ણે જરાકુમારને વિદાય કર્યો અને નિશાની માટે પોતાનું કૌસ્તુભ રત્ન ઉખેડીને આપ્યું.

પછી કૃષ્ણુના પગમાંથી બાણુ ખેંચી કાઢીને, પોતાની પાછળ બલરામના આવવાના ભયથી કંઈક આડાઅવળા પગલાં મૂકતો જરાકુમાર ચાલી નીકળ્યો. પછી કૃષ્ણે પણુ ઉત્તર દિશા તરફ મુખ રાખીને, બે હાથ જોડીને **પંચપરમેષ્ઠીને** વિધિપૂર્વક પ્રણામ કર્યો. અગાઉ દીક્ષિત થયેલા પોતાના કુટુંબીજનોની પ્રશંસા કરી. અને આવા પ્રકારની પીડા ભોગવતા પોતાના આત્માની અંતઃકરણપૂર્વક નિંદા કરી. બાદ તીરની પીડાથી ક્રોધાંધ બનેલા અને દ્વૈપાયન પ્રત્યે દ્વેષ ધરતા કૃષ્ણ મૃત્યુ પામીને ત્રીજી નરકે ગયા.

આ બાજુ કમળના પાંદડામાં પાણી લઇને બલરામ કૃષ્ણુ પાસે આવી પહોંચ્યા અને ‘કૃષ્ણુ સુખપૂર્વક સૂતા છે’ એમ વિચારીને ક્ષણુમાત્ર ઊભા રહ્યા. થોડા સમય બાદ વસ્ત્રને લોહીવાળું જોઈને કૃષ્ણુને મૃત્યુ પામેલા જાણીને, મૂર્ચ્છા પામીને પૃથ્વી પર પડી ગયા. પછી ચેતના પ્રાપ્ત થતાં તે રુદન કરવા લાગ્યા. કૃષ્ણુના મુખ પાસે આવીને શોકથી પીડિત બલદેવ બોલવા લાગ્યા કે-“ હે ભાઈ ! આજે તું કેમ બોલતો નથી ? મારાથી કયો અપરાધ કરાયો છે ? મને પાણી લાવવામાં ઢીલ થઇ તેથી જો તું ક્રોધે ભરાયો હો તો તું ક્રોધનો ત્યાગ કર, કારણુ કે **મહાત્મા પુરુષનો ક્રોધ જળમાં કરેલી આંગળીની રેખા જેવો હોય છે.** ” આ પ્રમાણે બોલાવવા છતાં પણુ નહીં બોલતાં કૃષ્ણુને વાત્સલ્યભાવથી મોહિત બનેલા બલરામ તેમને પોતાના ખભા પર ચઢાવીને ભમવા લાગ્યા અને નિરંતર પૂજા કરવા લાગ્યા.

તેવી રીતે છ મહિના વ્યતીત થવા બાદ બલરામે, પર્વત પરથી નીચે ઊતરેલ ને સરખા રસ્તામાં ભાંગી ગયેલ રથને ફરી વાર સરખા કરતાં કોઇએક પુરુષને પૂછયું કે-“ વિષમ માર્ગમાંથી ઊતરીને સરખા રસ્તામાં ભાંગી ગયેલો અને હજાર ખંડવાળો આ રથ, હે મૂઢ ! કઇ રીતે સરખો થશે ? ” ત્યારે તે પુરુષે બલરામને જણાવ્યું કે-“ અનેક યુદ્ધો જીતીને સુખ-પૂર્વક સૂતેલ અને મૃત્યુ પામેલ તારો ભાઈ જો જીવતો થશે તો આ રથ પણુ સરખો થઈ જશે. ” બીજી બાજુ પત્થરને વિષે કમળને ઊગાડતા કોઈએક પુરુષને બલરામે જણાવ્યું કે-“ હે મહામૂઢ ! પત્થર પર કમળ કેવો રીતે ઊગશે ? ” તેણે જવાબમાં જણાવ્યું કે-“ તારો મૃત્યુ પામેલ ભાઈ જો જીવતો થશે તો આ કમળો પણુ પત્થરને વિષે વિકસ્વર બનશે. ” વળી ત્રીજી વાર કોઇએક બળી ગયેલ વૃક્ષને સિંચન કરતાં ( પાણી પાતા ) કોઈએક માણુસને બલરામે પૂછયું કે-“બળી ગયેલ આ વૃક્ષ શું પાછું ઊગશે ? ” એટલે તેણે પણુ હાસ્યપૂર્વક કહ્યું કે—“ ખરેખર મને આશ્ચર્ય થાય છે કે—ખભા પર મૃત્યુ પામેલ માણુસને વહન કરતો

તું મને દગ્ધ વૃક્ષના સિંચન સંબંધી કહી રહ્યો છો." વળી કોઇએક મરી ગયેલ ગાયના મુખમાં ઘાસ ખવરાવતા કોઇએક પુરુષને બલરામે પૂછ્યું કે—"શું મૃત્યુ પામેલ ગાયો ઘાસ ખાય ખરી ?" તેણે જણાવ્યું કે—"જો તમારા ખભા પર રહેલ શબ (મુડદું) જીવતું થશે તો આ ગાય પણ જલ્દી ઘાસ ખાશે."

આ પ્રમાણેના વિવિધ પ્રકારના વચનોથી 'શું મારો ભાઈ મૃત્યુ પામ્યો છે ?' એ પ્રમાણે વિચારતાં બલરામે પોતાની સમક્ષ પોતાના નાના ભાઇ સિદ્ધાર્થ દેવને જોયો. દેવે તેમને જણાવ્યું કે—"વ્રતને ગ્રહણ કરતાં તેં મને પ્રાર્થના કરી હતી તેથી મોહમુગ્ધ એવા તમને બળાત્કારે પ્રતિબોધ કરવાને માટે હું આવ્યો છું. મેં જ રથાદિ સર્વ વિકુર્વ્યું હતું. તમે મોહ મૂકી દો. કૃષ્ણ ખરેખર મૃત્યુ પામ્યા છે." આ પ્રમાણે બોલતાં દેવે તેમને જરાકુમાર સંબંધી વૃત્તાંત કહ્યો. પછી બળરામે દેવને જણાવ્યું કે—"હે ભાઇ! સારું થયું કે—તેં મને પ્રતિબોધ પમાડયો. ભાઈના વિયોગથી હવે હું શું કરું ?" સિદ્ધાર્થ દેવે જણાવ્યું કે—"હે ભાઇ! વિવેકી એવા તમારે દીક્ષા અંગીકાર કરવા સિવાય બીજું કંઇ પણ કરવું યોગ્ય નથી." સિદ્ધાર્થનું કથન સ્વીકારીને બલરામે તેમની સાથે સિંધુ સંગમ પર કૃષ્ણનો અગ્નિ સંસ્કાર કર્યો. શ્રી નેમિનાથ ભગવંતે મોકલેલ ચારણ ઋષિ પાસે બલરામે દીક્ષા લીધી. તુંગિકા નામના પર્વતના શિખર પર રહેનાર સિદ્ધાર્થ દેવ તેમનો રક્ષક બન્યો.

કોઇએક દિવસે કોઇએક નગરમાં બલરામને જોતી કોઇએક કૂવા પર રહેલી સ્ત્રીએ ઘડાના ગળાને બદલે પોતાના પુત્રના ગળામાં દોરડાનો ગાળિયો નાખ્યો. આ પ્રમાણે જોઇને, પોતાના અતિશય રૂપને નિંદતાં બલરામે ત્યારથી પ્રારંભીને નગર તેમજ ગામમાં નહીં વિચરવાનો અભિગ્રહ ગ્રહણ કર્યો. હંમેશા માસખમણ કરનાર તે બુદ્ધિશાળી બલદેવ મુનિ વનમાં જ રહેવા લાગ્યા, અને ઘાસ તથા લાકડા લેવા આવનાર લોકો પાસેથી ભિક્ષાવડે પારણું કરવા લાગ્યા. તે સમયે 'અમારા રાજ્યને ગ્રહણ કરવાની ઇચ્છાથી ધીર એવો આ કોઈ તપશ્ચર્યા કરે છે' એમ વિચારીને કેટલાક રાજાઓ તેમને હણવાને વનને વિષે આવ્યા, એટલે સિદ્ધાર્થે બલદેવ મુનિની નજીકમાં ઘણા સિંહો વિકુર્વ્યા, ત્યારે ભયભીત બનેલ તે સર્વ બલરામ મુનિને નમસ્કાર કરીને પોતાના નગરે ચાલ્યા ગયા.

તે વનમાં બલદેવ મુનિની દેશનાથી સિંહ વગેરે ક્રૂર પ્રાણીઓ પણ માંસભોજનનો ત્યાગ કરીને શ્રાવકપણું પાળવા લાગ્યા. બલદેવ મુનિનો પૂર્વભવનો સંબંધી ને જાતિસ્મરણ જ્ઞાનવાળો કોઇએક મૃગ વનમાં ભોજન સહિત આવેલા લોકોને પોતાના મસ્તકની સંજ્ઞાદ્વારા જણાવતો હતો.

એકદા કોઇએક રથકાર લાકડા લેવા માટે તે વનમાં ગયો અને મૃગ પણ ભિક્ષાને માટે બલરામ મુનિને તેની પાસે તેડી ગયો. તે સમયે ભોજનને માટે બેઠેલા રથકારે બલરામને જોઇને 'હું ધન્ય છું કે અહીં મુનિરાજ પધાર્યા.' એમ વિચારીને તે હર્ષપૂર્વક ઊભો થયો. બાદ સાષ્ટાંગ પ્રણામપૂર્વક નમસ્કાર કરીને મુનિવરને ગોચરી વહોરાવી. એટલે 'આ પણ ભલે ભાગ્યશાળી બને' એમ વિચારીને બલરામ મુનિએ ગોચરી ગ્રહણ કરી. તે સમયે મૃગ

વિચારવા લાગ્યું કે—"મારા તિર્યંચપણાને ધિક્કાર હો ! હું તપ કરવાને શક્તિમાન નથી, તેમજ દાન દેવાને પણ સમર્થ નથી." આ પ્રમાણે શુભ ધ્યાનપરાયણ તે ત્રણે-બલરામ મુનિ, મૃગ ને રથકાર–પવનથી તૂટી પડેલ વૃક્ષના આઘાતથી મૃત્યુ પામીને તે જ સમયે પાંચમા **બ્રહ્મદેવલોક**માં ઉત્પન્ન થયા.

આ બાજુ જરાકુમારના મુખથી કૃષ્ણના મૃત્યુ સંબંધી સમાચાર સાંભળીને ઉચ્ચ સ્વરે રડતા પાંડવોએ કૃષ્ણનું મૃતકાર્ય કર્યું. પછી સૂર્ય સરખા તેજસ્વી જરાકુમારને પોતાના રાજ્ય પર બેસારીને શ્રી નેમિનાથ ભગવંતે મોકલેલ **ધર્મઘોષ** નામના આચાર્ય પાસે પાંડવોએ દીક્ષા લીધી.

પરમાત્મા શ્રી નેમિનાથ ભગવંતે આર્ય અને અનાર્ય દેશોમાં લોકોને પ્રતિબોધ પમાડ્યા ને પોતાનો નિર્વાણ સમય નજીક આવતાં રૈવતાચલ પર્વતે આવ્યા. તે સમયે દેવોએ રચેલા સમવસરણમાં પરમાત્માએ છેલ્લી દેશના આપીને, અનેક લોકોને પ્રતિબોધ પમાડ્યા. પછી પાંચસો છત્રીશ સાધુઓ સાથે ભગવંતે **પાદપોપગમ** નામનું એક માસનું અણશણ સ્વીકાર્યું. અષાઢ શુદિ આઠમને દિવસે ચંદ્ર ચિત્રા નક્ષત્રમાં આવ્યે છતે શુકલધ્યાનપરાયણ પ્રભુ સાયંકાળે તે સાધુવર્યોની સાથે મોક્ષે ગયા.

કુમારાવસ્થામાં ત્રણસો વર્ષ, છદ્મસ્થાવસ્થામાં તેમજ કેવળીપણામાં સાતસો વર્ષ–આ પ્રમાણે પરમાત્મા શ્રી નેમિનાથનું ૧૦૦૦ એક હજાર વર્ષનું આયુષ્ય હતું. સ્વર્ગની લક્ષ્મીને સફળ કરનાર સૌધર્મેંદ્રે મોક્ષકલ્યાણકમાં દેહસંસ્કારાદિ ક્રિયા કરીને સુંદર બુદ્ધિવાળા તેણે નંદીશ્વરદ્વીપે સમસ્ત લોકના કષ્ટને નષ્ટ કરનાર અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. તે નિર્વાણભૂમિ પર શક્રેંદ્રે શિખરસમૂહથી આકાશને ભરી દેતું મણિમય ને અસાધારણ શ્રી નેમિનાથનું ચૈત્ય કરાવ્યું. તે સમયથી પૃથ્વીપીઠને વિષે **રૈવતચલ** મહાતીર્થ તરીકે પ્રસિદ્ધિ પામ્યું; જ્યાં **અંબિકા** નામની દેવી સજ્જન પુરુષોની સુખલક્ષ્મીને સદૈવ વિસ્તારે છે.

× × ×

તીર્થયાત્રાને વિષે ચંદ્ર જેવો ઉજ્જવળ દુશ્મનોનો યશ કરોડો પ્રકારે છિન્નભિન્ન કરીને, સંઘના પ્રતાપરૂપી અગ્નિના તેજમાં તેં હર્ષપૂર્વક ક્રીડામાત્રમાં જ ફેંકી દીધો તેથી હે વસ્તુપાલ ! શ્રેષ્ઠ નગરોમાં પ્રસરવાથી સમસ્ત દિશાઓને સુવાસિત કરતો અને સૌભાગ્યના અસાધારણ સ્થાનભૂત તારો સુવાસ(કીર્તિ) હજુ પણ વિદ્યમાન છે.

હે દારિદ્રય ! તને મેં(બ્રહ્મા) રંકજનોના સ્વામી તરીકે સ્થાપિત કર્યો છે તો તું નિસ્તેજ બનીને શા માટે અત્યારે ખિન્ન દેખાય છે ? ત્યારે દારિદ્રયે બ્રહ્માને જવાબ આપ્યો કે—હે બ્રહ્મા ! તમે સાંભળો. તમે મને આપેલ અને લલાટમાં લખાયેલ યાચકવૃત્તિરૂપી દીનજનોના સ્વામીત્વરૂપ અક્ષરપંક્તિને શ્રી વસ્તુપાલ ક્ષણે ક્ષણે અત્યારે લોપી રહેલ છે અર્થાત્ વસ્તુ-પાલના દાનથી વિશ્વને વિષે કોઈપણ દરિદ્રી જણાતું નથી એટલે મારું સ્વામીપણું નષ્ટ થઈ જવાથી હું ખિન્ન બનેલ છું.



# સર્ગ પંદરમો

## વસ્તુપાલની સંઘયાત્રાનું વર્ણન.

ખળભળેલા ક્ષીરસાગરના નવીન અમૃતરસ સરખા મધુર ગુરુમહારાજના ઉપદેશને ક્ષણે ક્ષણે બંને કર્ણદ્વારા સાંભળીને, જિનેશ્વર ભગવંતની તીર્થયાત્રાના ઉત્સાહવાળા, નિષ્પાપ ને બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ શ્રી **વસ્તુપાલે** તીર્થયાત્રાના પ્રયાણની શાંતિપૂર્વક સંપૂર્ણ તૈયારી કરી. પ્રજાના હિતકારક, ઐશ્વર્યવાન, પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવને વિષે લયલીન ચિત્તવાળા, વાર્તાલાપમાં અપૂર્વ અમૃતસરખી વાણીવાળા તેમજ રથના પૈડાઓનાં ધ્વનિથી આકાશને ભરી દેતા શ્રી વસ્તુપાલ સારા દિવસે સંઘ સહિત ચાલી નીકળ્યા. ભીંતોને રચતા ઘોડાઓના દાબડાથી ઊંચે ઊંચે ઊડેલ ધૂળરૂપી ગાઢ વસ્ત્રોવડે સૂર્યકિરણોને ઢાંકી દેતા પ્રકાશિત માર્ગને વિષે **શ્રીસંઘ** જાણે આવાસના મધ્યભાગને વિષે રહ્યો હોય તેમ ચાલવા લાગ્યો. શ્રી ઋષભદેવને વિષે ભક્તિપરાયણ ચિત્તવાળા, કીર્તિની કાંતિથી આકાશને ઉજ્જવળ બનાવતા વસ્તુપાલે **કાશહૃદ** નામના તીર્થે આવી શ્રી સંઘનો પડાવ કર્યો, તેમજ બ્રહ્મચર્ય વ્રતના પાલનથી ત્રણ જગતની જયલક્ષ્મીના સ્થાનભૂત કામદેવના અભિમાનને નષ્ટ કરનાર તથા પવિત્ર અંતઃકરણવાળા વસ્તુપાલે શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા કરી. વસ્તુપાલથી અત્યંત ભક્તિ કરાવાને લીધે પ્રસન્ન થયેલ તેમજ અજ્ઞાનરૂપી અંધકારસમૂહને નષ્ટ કરનારી **અંબિકાદેવીએ** તેમને શીઘ્ર દર્શન આપીને તેમને સહાય આપવાનું સ્વીકારવાથી તેઓ આગળ વધ્યા.

ગામડે-ગામડે તથા શહેરે-શહેરે કરાયેલ પ્રવેશ મહોત્સવ સમયે આકાશમાં ગોઠવેલ ધ્વજાઓને સાથે ચાલતા શ્રેષ્ઠીવર્યો સાથે જોતો જોતો વસ્તુપાલ તે ધ્વજાઓને, શ્રેષ્ઠ નૃત્યના વિસ્તારથી ઉછળતી મનોહર ભુજલતાવાળી પોતાની સાક્ષાત્ કીર્તિરૂપ માનવા લાગ્યો. પાપ-રૂપી અંધકારસમૂહને નષ્ટ કરવામાં સૂર્યસમાન શ્રી સંઘને **શ્રી વિમળાચલની** તળેટીમાં સ્થાપીને, પવિત્ર કીર્તિવાળો ને **મલ્લદેવનો** નાનો ભાઈ, શ્રી ઋષભદેવ પરમાત્માના દર્શન કરવા માટે અત્યંત આતુર ચિત્તવાળો, મોહને ત્રાસ પમાડતો અને સ્થિર બુદ્ધિવાળો વસ્તુપાલ **સિદ્ધાચલ** તીર્થ પર ચઢયો. ગિરિરાજ પર સ્નાત્ર મહોત્સવ કરવાને માટે ઉત્કંઠિત સમસ્ત સંઘજનોને સૂર્યના પ્રચંડ કિરણોથી શ્રમિત થયેલા જોઇને અત્યંત દયાળુ ચિત્તવાળા, અત્યંત શ્રદ્ધાવાળા તથા નિર્મળ બુદ્ધિવાળા મંત્રીશ્વર વસ્તુપાલે પોતે જલ્દી **ઈંદ્રમંડપ** બનાવવાનું શરૂ કરાવ્યું.

પછી મંત્રીશ્વરે પરમાત્માના મસ્તક પર સુગંધી કેશરમિશ્રિત જળથી ભરેલા કળશોવડે મનોહર ભાવને પ્રગટાવતું સ્નાન કરીને સુંદર કસ્તૂરીના વિલેપનથી, સુવર્ણના અલંકારોથી, પૂજા યોગ્ય મનોહર પુષ્પોથી તથા વસ્ત્રોથી પરમાત્માના દેહને કલ્પવૃક્ષ સમાન બનાવ્યો. બાદ પરમાત્માની સમક્ષ મંત્રીશ્વરે હર્ષપૂર્વક કર્પૂર તેમજ અગરુના ધૂપની અપૂર્વ ધૂમશ્રેણી પ્રગટાવી કે જે તે મંદિરના મહાધ્વજને મળી જવાથી જાણે સ્વર્ગગંગાને યમૂના મળી ગઈ હોય તેમ લોકોથી પ્રત્યક્ષ જોવાઇ રહેલ છે. આ પ્રમાણે નિર્મળ અંતઃકરણવાળા ને કુલને વિષે સૂર્ય સમાન વસ્તુપાલે સન્માન અને દાન વિગેરે ક્રિયાથી આનંદિત કરાયેલ લોકસમૂહના હર્ષથી વ્યાપ્ત તે ગિરિરાજ પર અઠ્ઠાઈ મહોત્સવ કરીને તે મંત્રીશ્વર, વિઘ્નોનો નાશ કરનાર **કપર્દી** યક્ષના સાનિધ્ય(સહાય)વાળા બનીને શ્રદ્ધાને વધારનાર **વિમળાચલ** પર્વત પરથી નીચે ઊતર્યા.

બાદ **અજયપાલ** રાજાએ પૂજેલા **શ્રી પાર્શ્વનાથ**ના ચરણોને **અજાહરા** નામના નગરમાં પૂજીને, **કોડીનાર** નગરમાં સાક્ષાત્ કીર્તિસમૂહવાળી **અંબાદેવીને** પૂજીને, ઇંદ્રથી સ્તુતિ કરાએલ તેમજ ચંદ્રના લાંછનવાળા કામદેવને નષ્ટ કરવાથી નિર્મળ કાંતિવાળા શ્રી **ચંદ્રપ્રભુને દેવપાટણ**(પ્રભાસપાટણ)માં પૂજીને, સ્ત્રીઓના નેત્રોદ્વારા જેમની ઉજ્જવળ કાંતિનું પાન કરાયેલ છે તેવા શ્રી વસ્તુપાલે **વંથળી**માં મનને હર્ષ પમાડનાર પ્રવેશ કરીને અત્યંત ચતુરશિરોમણિ તેમજ બુદ્ધિમાન સંઘપતિ શ્રી વસ્તુપાલ ભાગ્યને પણ આશ્ચર્ય પમાડતાં છતાં, નિર્મળ ધર્મના આચરણથી ઉલ્લાસવાળા સંઘની સાથે **રૈવતાચલ** પર્વત પર ચઢ્યા. રૈવતાચલ પર્વત પર **ગજેંદ્રપદ કુંડને** વિષે અમૃત જેવું મિષ્ટ તેમજ પાપને નષ્ટ કરનાર જળદ્વારા મંત્રીએ સ્નાન કર્યું. બાદ શ્રી જિનેશ્વર ભગવંતને સ્નાન કરાવીને તૈયાર થયેલ સજ્જન વર્ગવાળા, કળશને વિષે ભરેલ ગજેંદ્રપદકુંડના કેશરમિશ્રિત જળવાળા સંઘને (સૂર્યતાપથી તપ્ત) સંકટમાં જોઇને વસ્તુપાલે ત્યાં પણ **ઈંદ્રમંડપ** કરાવવાનું શરૂ કર્યું. તે રૈવતાચલ પર્વત પર વિચક્ષણ, અત્યંત સદ્ભાવનાથી નિર્મળ મનોવૃત્તિવાળા અને વિસ્તરેલ કીર્તિસમૂહથી જેણે દિશાઓને ચુંબન કર્યું છે તેવા શ્રી વસ્તુપાલે, ઉતાવળને કારણે એકત્ર થયેલ સંઘજનોથી જોડાયેલ અઠ્ઠાઇ મહોત્સવ કર્યો.

શ્રી વિજયસેનસૂરિના હસ્તદ્વારા થયેલ વાસક્ષેપથી કુવાસનાને દેશવટો આપવાથી શોભતા, મિથ્યાત્વરૂપી રજને દૂર કરતા તેમજ લોકોના મનને આનંદ પમાડતા વસ્તુપાલે સમકિતના આરોપણને માટે હર્ષપૂર્વક **નંદી**(નાણ) પધરાવી. પછી બંદિજનોને દાનથી આનંદ પમાડીને કોઇને પણ ના નહીં પાડતું એવું આહારદાન(સ્વામીવાત્સલ્ય) કર્યું. સાધુઓનું સન્માન, ઇંદ્રમંડપ ખુલ્લો મૂકવો વિગેરે ક્રિયાઓ કરીને, પૂજારીઓનો સત્કાર કરીને, **અંબાદેવી, પ્રદ્યુમ્ન** તથા **શાંબને** શ્રેષ્ઠ પ્રકારે પૂજીને, પુણ્યોપાર્જન કરતાં માનનીય મંત્રીશ્વર શ્રી રૈવતાચલ પર્વત પરથી નીચે ઊતર્યા. સાધર્મિક બંધુઓને સન્માનપૂર્વક દાન આપીને વસ્તુપાલે વિવિધ કાર્યો કર્યાં તેમજ નિષ્કપટભાવવાળા પ્રાણીઓનું પૂજન કર્યું એટલે પોતાના તિરસ્કારને કારણે માયા ચાલી ગઈ. પ્રયાણમાં આગળ વધતાં, જળને વર્ષાવતા સહાયકારી મેઘવડે કૃતકૃત્ય બનેલ મંત્રીશ્વરે અતિ ભયંકર ગ્રીષ્મઋતુમાં પણ પગલે-પગલે(સ્થળે-સ્થળે) પોતાની કીર્તિ સરખી નવી-નવી વહેતી નદીઓ જોઈ. (તેમના પ્રયાણસમયે અતિ ઉગ્ર ઉનાળો હોવા છતાં મેઘવૃષ્ટિ થવાથી જળસ્થળો જળથી પરિપૂર્ણ બની ગયા હતા અને તેટલે અંશે યાત્રિકસંઘને રાહત મળી હતી.)

આ પ્રમાણે વિવિધ પ્રયાણોદ્વારા પોતાની પ્રતિજ્ઞાની માફક રસ્તો પૂર્ણ કરીને નવીન કીર્તિરૂપી પ્રિયાવાળો, અત્યંત આનંદમગ્ન તેમજ વિધિને જાણનાર વસ્તુપાલ **ધવલકપુર** (ધોળકા) નગરે આવી પહોંચ્યો. **તેજપાલ** અને નાગરિક લોકો સાથે **વીરધવલ** રાજાથી સામૈયું કરાયેલ મંત્રીશ્વર વસ્તુપાલ પોતાના મહેલે આવીને, રથમાંથી શ્રી જિનેશ્વર ભગવંતની મૂર્તિને ઉતારીને પુણ્યશાળી એવા તેણે ભોજન અને વસ્ત્રાદિકથી શ્રી સંઘનું સન્માન કર્યું. બાદ વીરધવલ રાજાની પ્રસન્નતાથી અદ્ભુત વૈભવ પ્રાપ્ત કરીને મંત્રીશ્વરે પોતાના મનોરથરૂપી વૃક્ષને પલ્લવિત કર્યું.

શ્રી **શત્રુંજય** તીર્થ પર મંત્રીશ્વર વસ્તુપાલે નવીન લક્ષ્મીને ક્રીડા કરવાને માટે વેદિકાઓથી ઉત્તમ આશ્ચર્યકારક **ઇંદ્રમંડપ** કરાવ્યો કે જેમાં **સ્તંભન પાર્શ્વનાથ** તથા **શ્રી નેમિનાથ** ભગવંતની તેમજ **શાંબ, અંબાદેવી** અને **પ્રદ્યુમ્ન** વિગેરે શિખરોની સ્થાપના કરી. વળી તે મંડપને વિષે પોતાના ગુરુની, પૂર્વપુરુષોની, કુટુંબીજનોની અને મિત્રોની મૂર્તિઓ પધરાવી તેમજ પોતાની અને પોતાના લઘુબંધુ તેજપાલની અશ્વારોહી મૂર્તિઓ સ્થાપન કરી. આ ઉપરાંત, પાંચ પ્રકારના સુખોની પ્રાપ્તિ કરવા માટે નિધાન-કળશ સરખા સુવર્ણના પાંચ કળશો તે મંડપ પર તેમણે સ્થાપન કર્યાં. વળી કીર્તિરૂપી બે વૃક્ષના નવીન અંકુર સમાન સુવર્ણના બે દંડ ધ્વજોવાળા બે જિનપ્રાસાદો પણ કરાવ્યા. તે જ બે મંદિરોને વિષે **લક્ષ્મી** તેમજ **સરસ્વતી**ને જાણે દાખલ થવાને માટે જ હોય તેમ ડોલર અને ચંદ્ર સરખા ઉજ્જવળ પત્થરથી ભૂષિત બે તોરણ કરાવ્યા. વળી વિચક્ષણ વસ્તુપાલે પૂજાને માટે વીરધવલ રાજવીદ્વારા **અર્કપાલિત** (પાલીતાણા) નામનું ગામ દાનમાં અપાવરાવ્યું. તે શ્રી **પાલિત** નામના નગરમાં પાપસમૂહને નષ્ટ કરનાર મંત્રીશ્વરે વિશાળ તેમજ પોતાના જળ તરંગોથી ઉગ્ર તાપને પણ નષ્ટ કરનાર **લલિત** નામનું સરોવર કરાવ્યું. અમૃત સરખા મધુર ને ગર્જના કરતા જળવાળું તેમજ માર્ગે જતાં મુસાફરોના સંતાપરૂપી પાપને નષ્ટ

કરનાર આ લલિત સરોવર કોને હર્ષદાયક બનતું નથી ? તે સરોવરમાં રહેલ સાક્ષાત્ કમળરૂપી મુખદ્વારા અને ભમરાઓના ઝંકારરૂપી ધ્વનિદ્વારા **જળદેવીઓ** મંત્રીશ્વરની ઉછરતી કીર્તિને ત્રણ જગતને વિષે પ્રસિદ્ધ કરી રહી છે.

વળી યુગાદિજિનેશ્વર શ્રી ઋષભદેવને, જાણે પોતાના તેજના સર્વસ્વ ભંડારરૂપ હોય તેવો સુવર્ણનો કંદોરો અર્પણ કર્યો. જ્ઞાન, દર્શન ને ચારિત્રરૂપી મહારત્નના નિધાન સરખા ત્રણ સુવર્ણકળશો તે જિનપ્રાસાદ પર સ્થાપન કર્યા. તે જિનમંદિરના દ્વાર પર ચંદ્રિકાના તેજના ગર્વને હરનારા પત્થરો દ્વારા નેત્રને આનંદદાયી તોરણ કરાવ્યું. પૂતળીઓના નૃત્યથી રોકાઈ ગયેલ(આકર્ષાયેલ) નેત્રવાળા લોકો આ જિનમંદિરને વિષે ક્ષણમાત્ર દિવ્ય નાટકનો અભિનય કરે છે. શ્રી ઋષભદેવનું આ જિનમંદિર સાક્ષાત્ કૃષ્ણના જેવા અપૂર્વ મહિમાવાળું છે, કે જે મંદિરના દ્વાર પર રહેલ તોરણ, રખેને પોતાનું સ્થાન ચાલ્યું ન જાય તેવા ભયથી હારની શોભાને ધારણ કરી રહ્યું છે. હે મંત્રીશ્વર વસ્તુપાલ ! પૃથ્વી તેમજ આકાશને આલંબનરૂપ તથા જગતને શ્રેષ્ઠ પ્રકારે કૌતુક દર્શાવતું આ મંદિરરૂપી કૃષ્ણ તમારા કલ્યાણને માટે થાઓ ! આ મંદિરને વિષે જતાં ને પ્રવેશ કરતાં યાત્રિક જનોના મસ્તક પર રહેલી લક્ષ્મી, જાણે સન્મુખ જ હોય તેવી રીતે રહેલ છે. 'પુણ્યશાળી પૂર્વ પુરુષોવડે મારા સન્મુખપણા ને વિમુખપણાના દ્વૈતભાવરૂપી જે અપયશને દૂર ન કરી શકાયો તેને મંત્રીશ્વર વસ્તુપાલે મૂળમાંથી ઉખેડી નાંખેલ છે' આ પ્રમાણે વિચારીને અદ્ભુત તોરણને વિષે બે મુખવાળી લક્ષ્મી, શ્રી ઋષભદેવ પરમાત્માની પ્રસન્નતાને વશ બનવાથી મંત્રીશ્વર વસ્તુપાલના સાનિધ્યને હર્ષપૂર્વક ઈચ્છી રહી છે. ( લક્ષ્મીનો સ્વભાવ ચંચળપણાનો છે, પરન્તુ વસ્તુપાલે તેનો તે ભાવ નષ્ટ કર્યો એટલે તે બે મુખવાળી બનીને તોરણને વિષે રહીને પરમાત્માની ઉપાસના કરી રહેલ છે.)

વિશ્વને વિષે પ્રસિદ્ધ, અસાધારણ પરાક્રમને અંગે પ્રાપ્ત કરેલ લક્ષ્મીવાળા તેમજ પૃથ્વીના છેડા પર્યંત પ્રસરેલ કીર્તિવાળા તેમના લઘુબંધુ **તેજપાલ** છે, જે રાજ્યમુદ્રા(પ્રધાનપદ)ને ધારણ કરે છે. મહિમાવાળા ચંદ્ર સરખા આ વસ્તુપાલના મુદ્રાપણા(મંત્રીપણા)ને હું (કવિ) વખાણું છું કારણ કે ભયંકર ગ્રીષ્મઋતુ સરખા વિષમકાલ (કલિકાલ)ને વિષે થયા. જે સમયે અન્ય લોકો દાન દેવામાં ક્ષીણ બન્યા તે વખતે તેમણે ક્ષણમાત્રમાં પોતાની દાનગુણરૂપી લહરીઓને બેવડી બનાવીને પોતે દયાના કિનારારૂપ બન્યા. માર્ગમાં આવતા ગામોનો કબ્જો લઈને વસ્તુપાલે તપસ્વીઓનો(સંન્યાસીઓનો) ગૃહસ્થો પરનો કર(દાણ) દૂર કરીને તેમને દાણ રહિત બનાવ્યા. વળી શ્રી શત્રુંજય પર અધિક પુણ્યની ઇચ્છાથી વસ્તુપાલે જગતને પવિત્ર કરનાર શ્રી નંદીશ્વર તીર્થની રચના કરી અને શ્રેષ્ઠ બંધવાળું તથા ઉછળતા જળતરંગોવડે શ્રમને દૂર કરનાર તે તીર્થ શિલાના સંચયવાળા **અનુપમા** નામના સરોવરના કિનારા પર રહેલું છે. ચંદ્રની કાંતિને નિષ્ફળ બનાવનાર પવિત્ર જળવાળું આ અનુપમા સરોવર, નિર્મળ સ્ફટિકમણિના દર્પણની શોભાને ધારણ કરી રહ્યું છે, કે જે સરોવરને વિષે દિશાઓરૂપી સ્ત્રીઓના વદનોના પ્રતિબિંબો વિકસ્વર લાખો કમળોરૂપે જોવાઇ રહ્યા છે.

શ્રી શત્રુંજયને વિષે **લલિત** તેમજ **અનુપમા** નામના બે સરોવરને કરીને, ગિરનાર

પર સંન્યાસીઓને ગ્રામ-દાન આપીને અને કર (જગાત) નિવારીને મંત્રીશ્વર વસ્તુપાલે શ્રી સંઘને સંતાપ રહિત કર્યો. પૃથ્વીપીઠની મર્યાદા આંકવાનું, ધૂલિના કણિયાની ગણત્રી કરવાનું, જળબિંદુની ગણના કરવાનું, સાગરનું માપ કાઢવાનું, આકાશનું અવગાહન કરવાનું અને કાળ(સમય)નું માપ કાઢવાનું કદાચ કોઇ ત્રણ ભુવનને વિષે કરી શકે, પરન્તુ કવિ કહે છે કે–હું માનું છું કે–તેવી વ્યક્તિ પણ શ્રી વસ્તુપાલે કરાવેલા ધર્મસ્થાનકોની ગણત્રી કરવા શક્તિમાન થાય નહીં. હે સજ્જન પુરુષો! સારા શ્લોકોની રચનાવાળું, વિશ્વના આભૂષણરૂપ, પુષ્કળગુણરૂપી રત્નવાળું અને પાપને નષ્ટ કરનારું આ શ્રી **સંઘપતિ ચરિત્ર** તમારા હૃદયને વિષે સ્થાપન કરો.

## પ્રશસ્તિ

ક્ષમારૂપી અમૃતના નિધાન કળશ જેવા તેમજ સુખ આપવામાં ચંદ્ર સમાન તેમજ શ્રી **નાગેંદ્ર** ગચ્છમાં સૂર્યસમાન **શ્રી મહેંદ્રસૂરિ** થયા. મહામોહને અંગે અતિ ભીરુ બનેલ આ વિશ્વને વિષે પરમાત્માના આગમોએ, અકાટ્ય તર્કશાસ્ત્રના જ્ઞાનને અંગે દુર્ગ (કિલ્લા) સમાન તે સૂરિવરનો આશ્રય લીધો છે. તેમની પાટરૂપી ઉદયાચળ પર આવેલા સૂર્યસમાન, સમસ્ત અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનાર અપૂર્વ એવા શ્રી **શાંતિસૂરિ** થયા, જેનું પ્રફુલ્લ દર્શન ભવ્ય પ્રાણીઓરૂપી કમળસમૂહને વિકસ્વર કરનાર છે તેમજ જ્ઞાન-તેજથી દિગંબરોને પરાભવ પમાડનાર લોકોત્તરપણું વિજયવંત વર્તે છે. તે શ્રી શાંતિસૂરિના પ્રથમ **શ્રી આનંદસૂરિ** નામના શિષ્ય થયા અને બીજા શાંતિવાળા **અમરચંદ્રસૂરિ** થયા કે જેઓ બંને ધર્મરૂપી હસ્તીના બે દંતુશુળ સરખા, પાપરૂપી વૃક્ષને નષ્ટ કરવામાં સમર્થ વિશ્વને વિષે ઉજ્જવળ રીતે શોભી રહ્યા છે. નિષ્પાપ વાઙ્મયરૂપી સાગરને વલોવવામાં મંદરાચળ પર્વત સરખા આ બંનેના મહિમાના અમે કઇ રીતે ગુણગાન કરીએ કે જે બંનેને બાલવયમાં પણ વાદીરૂપી હસ્તીઓને જીતી લેવાથી **સિદ્ધરાજે વાઘ** ને સિંહના શિશુ (બચ્ચા) તરીકે સંબોધ્યા હતા. (બહુમાન કર્યું હતું).

બંનેની પાટે સાધુઓમાં શિરોમણિ, સિદ્ધાન્ત ને ઉપનિષદ(ઉપાંગો)ના સંપૂર્ણ જ્ઞાનવાળા તેમજ અત્યંત બુદ્ધિશાળી **શ્રી હરિભદ્રસૂરિ** થયા. આશ્રય નહીં મળવાને કારણે લાંબા વખત સુધી શૂન્ય રીતે ભ્રમણ કરતા ગુણોએ તે શ્રી હરિભદ્રસૂરિને વિષે સ્થાન મેળવ્યું, એટલે તે ગુણોએ તેમની **કલિકાલગૌતમ** એવા નામની ખ્યાતિ વિસ્તારી. તેમની પાટે મેઘની જેવા ધ્વનિવાળા શ્રી **વિજયસેનસૂરિ** થયા જેની વાણી સંસારરૂપી દાવાનલથી પ્રગટેલ કષ્ટપરંપરાને ભેદવામાં મેઘધારા જેવી શક્તિમાન છે. હિમાચલ જેવા ઉત્તુંગ અને **વનરાજે** બનાવેલ શ્રી **પંચાસરા પાર્શ્વનાથ**ના તીર્થને વિષે જેમની, સંસારને તિરસ્કારી કાઢતી ઉપદેશધારા સાક્ષાત્ ગંગા સરખી શોભી રહી છે. સંસારરૂપી ભયંકર વનભૂમિની ગાઢ કર્મરૂપી વંશશ્રેણિને છેદવાથી બહાર નીકળી આવેલા મૌક્તિક સમાન ઉજ્જવળ કીર્તિથી આકાશને ભરી દેનાર–વ્યાપ્ત કરનાર, અતિ કઠિન અને તલવારની ધાર જેવા તીક્ષ્ણ વ્રતનો જેમણે આશ્રય લીધો હતો તે શ્રી **વિજયસેનસૂરિ** આ પૃથ્વીપીઠને વિષે વિજયવંત વર્તો.

વખાણવા લાયક પ્રશમગુણના ભંડાર શ્રી વિજયસેનસૂરિના શિષ્ય(**ઉદયપ્રભ**)ને દાવાનલની જ્વાળારૂપી જિહ્વા જેવા રક્તવર્ણા અને ભવ્ય પ્રાણીઓની વિપત્તિરૂપી અગ્નિને બુઝાવવામાં **મેઘ સમાન એવા કપર્દી** યક્ષ તેમજ **અંબિકાદેવીએ**, હર્ષાશ્રુની વૃષ્ટિવડે કલ્યાણનો સુકાળ દર્શાવવાપૂર્વક, રાત્રિના મધ્યભાગે, એકી જ વખતે સાથે આવીને ગદ્ગદ્‌વાણીથી કહ્યું કે—"ભૂતકાળમાં આ જગતને વિષે સેંકડો સંઘપતિઓ થઈ ગયા છે, અત્યારે કેટલાય સંઘપતિઓ વિદ્યમાન છે અને ભવિષ્યમાં કેટલાય સંઘપતિઓ થશે, પરન્તુ **વસ્તુપાલ** જેવો સંઘપતિ કોઈપણ સ્થળે કોઇપણ નજરે જોવાતો નથી, કારણ કે આવા પ્રકારની તીર્થયાત્રાને કરતા વસ્તુપાલવડે, સર્વથી ચઢિયાતા બળવાળો અને વિશ્વને સંતાપદાયક **કલિકાલ** જીતાયેલ છે; તે આપ (ઉદયપ્રભ) જુઓ અને આ યશસ્વી વસ્તુપાલનું સુચરિત્ર તમે અમારા મુખદ્વારા સાંભળીને હે શ્રીમાન્ ઉદયપ્રભસૂરિ! અમૃત કરતાં પણ ચઢિયાતા શ્લોકોથી તે ચરિત્રની રચના કરો, કારણ કે આપને સરસ્વતી સાક્ષાત્ વરેલી છે એમ જગતમાં સંભળાય છે."

આ પ્રમાણે કહીને તેઓ બંને કપર્દી યક્ષ ને અંબિકાદેવી ચાલ્યા જવા બાદ પ્રાતઃકાળે મસ્તકને નમાવતા શ્રી ઉદયપ્રભે વિનયપૂર્વક પોતાના ગુરુને તે હકીકત જણાવી એટલે ગુરુનો આદેશ પ્રાપ્ત કરીને હિંમતવાળા શ્રી ઉદયપ્રભે વાણીના રસરૂપ આ શ્રી **સંઘપતિચરિત્ર**ની રચના કરી.

**મલ્લધારી** ગચ્છરૂપી સાગરને ઉલ્લસિત કરવામાં ચંદ્ર સમાન શ્રી **નરચંદ્રસૂરિ** સદ્‌ગુરુના માહાત્મ્યને અમે પ્રશંસીએ છીએ, જેના હસ્તરૂપી વિકસિત કમળની સુવાસવાળા કેશરા(તંતુ)થી સુગંધી બનેલ સાધુપુરુષો પૃથ્વીપીઠને વિષે ભમરી સરખી લક્ષ્મીથી નિરંતર સમાઇ રહેલ છે. **શ્રી ધર્માભ્યુદય** નામના આ **શ્રી સંઘપતિચરિત્ર**માં મેં, ઉત્કૃષ્ટ (બલીષ્ઠ) કર્મોને નષ્ટ કરવાને માટે શ્રેષ્ઠ કાવ્યો(શ્લોકો)ની રચના કરી, પરન્તુ જગતને પવિત્ર કરવામાં સમર્થ ચરણકમળની ધૂલિસમૂહવાળા શ્રી નરચંદ્રસૂરિએ આ શ્રી **સંઘપતિચરિત્રનું** સંશોધન કરીને તેને વિશ્વને વિષે પ્રતિષ્ઠાપાત્ર બનાવ્યું છે.

જ્યાંસુધી નીલકમળના જેવી કાંતિવાળા આકાશપથને વિષે સૂર્ય રહે, દિશાઓરૂપી પર્ણ પંક્તિથી રમણીય પૃથ્વીપીઠને વિષે હિમાલય પર્વત રહે ત્યાંસુધી વિદ્વાનોના હૃદયકમળને વિષે પ્રગટ સુવાસસમૂહવાળું અને કેશરારૂપી લક્ષ્મીવાળું આ શ્રી **સંઘપતિચરિત્ર** હંમેશને માટે વિદ્યમાન રહો—શોભો.

× × ×

પવિત્રતાના સ્થાનરૂપ, તેમજ મુસાફરોના મનના ખેદને નષ્ટ કરનાર દાનશાળારૂપ એવું આ શ્રી **સંઘપતિચરિત્રની** ઉચિત રચના કરવામાં આવી છે. મોક્ષના માર્ગરૂપ આ ચરિત્રને વિષે મોક્ષમાર્ગના મુસાફરો, સુવાસિત અને અસાધારણ રસવાળી સત્કથાને પ્રાપ્ત કરીને (**વાંચીને**) શ્રી વસ્તુપાલ ચરિત્રના શ્રેષ્ઠ નવ રસના સ્વાદને પ્રાપ્ત કરે છે–આપે છે.

આ વિશ્વમાં **શ્રી સરસ્વતીના** સ્થાનરૂપ અને સકળ કલામાં પારંગત ચતુર પુરુષો ઘણા ય થઇ ગયા છે પરન્તુ સુંદર કવિપણાના તત્ત્વબોધને માટે વસ્તુપાલ સિવાય અન્યનો તથાપ્રકારનો બુદ્ધિવૈભવ કોઇપણ સ્થળે જોવામાં આવ્યો નથી અર્થાત્ બુદ્ધિવૈભવમાં વસ્તુપાલ કરતાં કોઇપણ ચઢિયાતું નથી.

કયા વ્યાપારીઓ પોતાના ઇંદ્રિયસમૂહને સ્વાધીન નથી બનાવતા ? (પરદેશગમન કરે ત્યારે માત્ર ધન કમાવાની લાલસામાં તેઓ પોતાનો સંયમ સાચવે છે) પરન્તુ શ્રી **વસ્તુપાલે** તો **તીર્થયાત્રારૂપી** સદ્વ્યાપારનું ફક્ત નિર્મળ જ ફળ પ્રાપ્ત કર્યું. જે વસ્તુપાલનું **ધર્માભ્યુદય** મહાકાવ્ય એ નામનું, યુગાંત કાળસુધી સ્થાયી રહેનાર **યશ અને ધર્મરૂપી શરીર** વિશ્વને આવા પ્રકારની આનંદલક્ષ્મી અર્પી રહેલ છે.

**॥ इतिश्री संघपति चरित्र संपूर्ण ॥**



મુખપૃષ્ઠ તથા જેકેટ ભાવનગર-શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યાં.